ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ પ્રવચન

## (ભાગ-૪)

( પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ભાવપાહુડ ઉપરના ધારાવાહી પ્રવચનો )

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઇ.સ. |
|---|---|---|---|
| ૩૭ | ૨૫૪૩ | ૨૦૭૩ | ૨૦૧૭ |

**પ્રકાશન**
**તા. ૨૩-૩-૨૦૧૭, ફાગણ વદ-૧૦**
**પૂજ્ય બહેનશ્રીની ૮૫મી સમ્યક્ જયંતિ**

- શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
- શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
  ૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
  વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
  ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦
- શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
  યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
  નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭.
  ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯
- શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ
  વિમલાંચલ, હરિનગર, અલીગઢ (યુ.પી.)
  ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**આનંદ લિમયે**
ઈન્ડિયા પ્રિન્ટીંગ વર્ક
વડાલા, મુંબઈ

# પ્રસ્તાવના

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માનું વર્તમાન શાસન પ્રવર્તી રહ્યું છે. તેઓશ્રીની દિવ્યધ્વનિ દ્વારા પ્રકાશિત મોક્ષમાર્ગ, પરંપરામાં થયેલા અનેક આચાર્ય ભગવંતો દ્વારા આજે પણ વિદ્યમાન છે. શ્રી ગૌતમ ગણધર બાદ અનેક આચાર્યો થયા તેમાં શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવનું સ્થાન શ્રી મહાવીરસ્વામી પછી ત્રીજા સ્થાને આવે છે તે જગતવિદિત છે.

શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્ય વિક્રમ સંવત ૪૯માં લગભગ થયા છે. તેઓશ્રીએ સ્વયંની ઋદ્ધિ દ્વારા વર્તમાન વિદેહક્ષેત્રે પ્રત્યક્ષ બિરાજમાન શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં આઠ દિવસ રહી દિવ્યદેશના ગ્રહણ કરી, ત્યાંથી આવીને તેમણે અનેક મહાન પરમાગમોની રચના કરી. તેમાં અષ્ટ પ્રાભૃત ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આચાર્ય ભગવંતની પવિત્ર પરિણતિના દર્શન તેઓશ્રીની પ્રત્યેક કૃતિઓમાં થાય છે. ભવ્યજીવો ઉપર નિષ્કારણ કરુણા કરી તેમણે મોક્ષમાર્ગનું અંતર-બાહ્ય સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આચાર્ય ભગવંતે મોક્ષમાર્ગને થંભાવી રાખ્યો છે એ કથન ખરેખર સત્ય પ્રતીત થાય છે.

ચતુર્થ ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન પર્યંત અંતરંગ મોક્ષમાર્ગ સાથે વર્તતા વિકલ્પની મર્યાદા કેટલી અને કેવી હોય તે તેઓશ્રીએ સ્પષ્ટ કર્યું છે. આમ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કરી અનેક પ્રકારના વિપરીત અભિપ્રાયોમાંથી મુમુક્ષુજીવોને તાર્યા છે. અષ્ટ પ્રાભૃત ગ્રંથમાં મુખ્યત્વે નિર્ગ્રંથ મુનિદશા કેવી હોય અને સાથે કેટલી મર્યાદામાં એ ગુણસ્થાનમાં વિકલ્પની સ્થિતિ હોય છે તે સ્પષ્ટ કર્યું છે.

વર્તમાનમાં દિગંબર સાહિત્ય તો હતું જ પરંતુ સાહિત્યમાં નિહિત મોક્ષમાર્ગનું સ્વરૂપ જો આ કાળમાં કોઈ દિવ્ય શક્તિધારક મહાપુરુષે પ્રકાશિત કર્યું હોય તો તે છે-કાનજીસ્વામી. પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની દિવ્ય શ્રુતની લબ્ધિ દ્વારા સમાજમાં નિર્ભિકતાથી ઉદ્ઘાટન કર્યો. શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું રહસ્ય તો પ્રરૂપિત હતું જ પરંતુ આ કાળના અચંબા સમાન પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય ભગવતી પ્રજ્ઞાએ તે રહસ્યને ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીનો અસિમ ઉપકાર આજે તો ગવાય છે પરંતુ પંચમકાળના અંત સુધી ગવાશે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા અનેક પરમાગમો ઉપર વિસ્તૃત પ્રવચનો થયા છે. તેમાં અષ્ટ પ્રાભૃતનો પણ સમાવેશ થાય છે. પ્રસ્તુત પ્રવચનો પ્રકાશિત થાય તેવી ભાવના મુમુક્ષુ સમાજમાંથી વ્યક્ત થતાં શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ

દ્વારા આ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનો સહર્ષ સ્વીકાર કર્યો. તદ્નુસાર આ પ્રવચનો લગભગ સાત ભાગમાં પ્રકાશિત થવાની ધારણા છે. ચતુર્થ ભાગમાં ભાવપાહુડની ૯૨ ગાથા ઉપરના પ્રવચનો છે.

ભાવપાહુડમાં, અનાદિકાળથી પરિભ્રમણ કરતો જીવ જે અનંત દુઃખ સહન કરે છે, તેનું હૃદયસ્પર્શી વર્ણન આ પ્રાભૃતમાં કરવામાં આવ્યું છે. તથા આ દુઃખોથી છૂટવા માટે શુદ્ધભાવરૂપ પરિણમન કરી ભાવલિંગી મુનિદશા પ્રગટ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી તેનું સ્પષ્ટરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. પરિભ્રમણના દુઃખોથી છૂટવા માટે શુદ્ધભાવથી શૂન્ય દ્રવ્યમુનિલિંગ અકાર્યકારી છે તેમ સ્પષ્ટપણે દર્શાવ્યું છે. આ પ્રાભૃત અતી વૈરાગ્યપ્રેરક અને ભાવવાહી છે. તથા શુદ્ધભાવ પ્રગટ કરવાવાળા સમ્યક્ પુરુષાર્થ પ્રતિ જીવને જાગૃત કરનારું છે.

ઉપરોક્ત વિષયોની સંપૂર્ણ છણાવટ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પડખાઓથી પ્રસ્તુત પ્રવચનોમાં કરેલ છે. આચાર્ય ભગવાનના હૃદયમાં પેસીને તેમના ભાવોને ખોલવાના અલૌકિક સામર્થ્યના દર્શન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં થાય છે. સમ્યક્ત્વ સહિત ચારિત્રનું સ્વરૂપ કેવું હોય તેનું વિશદ્ વર્ણન પ્રસ્તુત પ્રવચનોમાં થયું છે.

આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળીને શબ્દશઃ તૈયાર કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવગનર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારબાદ આ પ્રવચનોને ફરીવાર શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા તપાસી જવામાં આવ્યા છે. ઘણા પ્રવચનો બેટરીવાળા હોવાથી જ્યાં અવાજ બરાબર નથી સંભળાતો ત્યાં ડોટ કરીને છોડી દેવામાં આવ્યું છે. વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. પ્રવચનોને પુસ્તકારૂઢ કરવામાં જાગિતૃપૂર્વક ચીવટ રાખવામાં આવેલ છે તેમ છતાં ક્યાંય ક્ષતિ રહી જવા પામી હોય તો વાચકવર્ગને વિનંતી કે તેઓ જાણ કરે. જિનવાણીનું કાર્ય અતિ ગંભીર છે. તેથી ક્યાંય પ્રમાદવશ ક્ષતિ રહી હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની વિનમ્રતાપૂર્વક ક્ષમાયાચના કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતાના ચરણોમાં કોટિ કોટિ વંદના! તેઓશ્રીની સાતિશય દેશના જયવંત વર્તો! જયવંત વર્તો!

પ્રસ્તુત પુસ્તક **www.vitragvani.com** ઉપર મુકવામાં આવેલ છે.

અંતતઃ પ્રસ્તુત પ્રવચનોના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુજીવ આત્મહિત સાધે તેવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

લિ. ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
મુંબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી. તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતા સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના

સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો

માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષદેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર

જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યા, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.
૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.
૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.
૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.
૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.
૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.
૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.
૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.
૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ પાડવા તે અન્યવશપણું છે.
૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો ! તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો ! સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભ ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧૦૪ | ૦૩-૧૦-૧૯૭૦ | ૧ - ૨ | ૦૦૧ |
| ૧૦૫ | ૦૪-૧૦-૧૯૭૦ | ૨ | ૦૧૯ |
| ૧૦૬ | ૦૫-૧૦-૧૯૭૦ | ૨ થી ૪ | ૦૩૫ |
| ૧૦૭ B | ૧૧-૦૧-૧૯૭૪ | ૩ થી ૫ | ૦૫૦ |
| ૧૦૭ A | ૧૨-૦૧-૧૯૭૪ | ૬ થી ૮ | ૦૬૨ |
| ૧૦૮ | ૧૩-૦૧-૧૯૭૪ | ૯ થી ૧૨ | ૦૭૫ |
| ૧૦૯ | ૧૫-૦૧-૧૯૭૪ | ૧૩ થી ૧૮ | ૦૮૮ |
| ૧૧૦ | ૧૬-૦૧-૧૯૭૪ | ૧૯ થી ૨૭ | ૧૦૫ |
| ૧૧૧ | ૧૭-૦૧-૧૯૭૪ | ૨૫ થી ૩૧ | ૧૨૨ |
| ૧૧૨ | ૧૮-૦૧-૧૯૭૪ | ૩૨ થી ૩૪ | ૧૩૮ |
| ૧૧૩ | ૧૩-૧૦-૧૯૭૦ | ૩૭ થી ૪૪ | ૧૫૨ |
| ૧૧૪ | ૧૫-૧૦-૧૯૭૦ | ૪૫ થી ૫૧ | ૧૭૨ |
| ૧૧૫ | ૧૬-૧૦-૧૯૭૦ | ૫૨ થી ૫૫ | ૧૯૩ |
| ૧૧૬ | ૧૭-૧૦-૧૯૭૦ | ૫૬ થી ૫૮ | ૨૧૧ |
| ૧૧૭ | ૨૨-૦૧-૧૯૭૪ | ૫૮ - ૫૯ | ૨૨૬ |
| ૧૧૮ | ૨૪-૦૧-૧૯૭૪ | ૫૯ થી ૬૨ | ૨૫૨ |
| ૧૧૯ A | ૨૫-૦૧-૧૯૭૪ | ૬૨ થી ૬૪ | ૨૫૨ |
| ૧૧૯ B | ૨૬-૦૧-૧૯૭૪ | ૬૪ થી ૬૭ | ૨૬૫ |
| ૧૨૦ | ૨૧-૦૧-૧૯૭૦ | ૬૬ થી ૬૯ | ૨૭૮ |
| ૧૨૧ | ૨૩-૧૦-૧૯૭૦ | ૬૯ થી ૭૨ | ૨૯૩ |
| ૧૨૨ | ૨૪-૧૦-૧૯૭૦ | ૭૩ થી ૭૭ | ૩૦૯ |
| ૧૨૩ | ૨૫-૧૦-૧૯૭૦ | ૭૮-૭૯ | ૩૨૭ |
| ૧૨૪ | ૨૬-૧૦-૧૯૭૦ | ૭૯ થી ૮૨ | ૩૪૧ |
| ૧૨૫ | ૨૭-૧૦-૧૯૭૦ | ૮૩ થી ૮૬ | ૩૫૯ |
| ૧૨૬ | ૨૮-૧૦-૧૯૭૦ | ૮૬-૮૭ | ૩૭૪ |
| ૧૨૭ | ૩૦-૧૦-૧૯૭૦ | ૮૮-૮૯ | ૩૯૦ |
| ૧૨૮ | ૦૧-૧૧-૧૯૭૦ | ૯૦ થી ૯૨ | ૪૦૪ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ

# અષ્ટપાહુડ પ્રવચન

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી 'અષ્ટપાહુડ' ઉપર પ્રવચન)

(ભાગ-૪)

## ભાવપાહુડ

### ગાથા-૧

आगे भावपाहुडकी वचनिका लिखते हैं :-

परमात्मकूं बंदिकरि शुद्धभावकरतार।
करूँ भावपाहुडतणीं देशवचनीका सार।।१।।

इसप्रकार मंगलपूर्वक प्रतिज्ञा करके श्रीकुन्दकुन्दाचार्यकृत भावपाहुडकी गाथाबद्ध देशभाषामय वचनिका लिखते हैं। प्रथम आचार्य इष्टके नमस्काररूप मंगल करके ग्रन्थ करनेकी प्रतिज्ञाका सूत्र कहते हैं :-

णमिऊण जिणवरिंदे णरसुरभवणिंदवंदिए सिद्धे।
वोच्छामि भावपाहुडमवसेसे संजदे सिरका।।१।।
नमस्कृत्य जिनवरेन्द्रान् नरसुरभवनेन्द्रवंदितान् सिद्धान्।
वक्ष्यामि भावप्राभृतवशेषान् संयतान् सिरसा।।१।।
सुर-असुर-नरपतिवंद्य જિનવર-ઈન્દ્રને, શ્રી સિદ્ધને,
મુનિ શેષને શિરસા નમી કહું ભાવપ્રાભૃત-શાસ્ત્રને. ૧.

अर्थ :- आचार्य कहते हैं कि मैं भावपाहुड नामक ग्रन्थको कहूँगा। पहिले क्या करके?

जिनवरेन्द्र अर्थात् तीर्थंकर परमदेव तथा सिद्ध अर्थात् अष्टकर्मका नाश करके सिद्धपदको प्राप्त हुए और अवशेष संयत अर्थात् आचार्य, उपाध्याय और सर्वसाधु इसप्रकार पंचपरमेष्ठीको मस्तकसे वंदना करके कहूँगा। कैसे हैं पंचपरमेष्ठी? नर अर्थात् मनुष्य, सुर अर्थात् स्वर्गवासी देव, भवनेन्द्र अर्थात् पातालासी देव, इनके इन्द्रोंके द्वारा वंदने योग्य हैं।

भावार्थ :-आचार्य 'भावपाहुड' ग्रन्थ बनाते हैं; वह भावप्रधान पंचपरमेष्ठी हैं, उनको आदिमें नमस्कारयुक्त है, क्योंकि जिनवरेन्द्र तो इसप्रकार हैं – जिन अर्थात् गुणश्रेणी निर्जरायुक्त इसप्रकारके अविरतसम्यग्दृष्टि आदिकोमें वर अर्थात् श्रेष्ठ ऐसे गणधरादिकोमें इन्द्र तीर्थंकर परमदेव हैं, वह गुणश्रेणीनिर्जरा शुद्धभावसे ही होती है। वे तीर्थंकरभावके फलको प्राप्त हुए, घातिकर्मका नाश कर केवलज्ञानको प्राप्त किया, उसीप्रकार सर्व कर्मोंका नाश कर, परम शुद्धभावको प्राप्त कर सिद्ध हुए, आचार्य, उपाध्याय शुद्धभावके एकदेशको प्राप्त कर पूर्णताको स्वयं साधते हैं तथा अन्यको शुद्धभावकी दीक्षा-शिक्षा देते हैं, इसीप्रकार साधु हैं वे भी शुद्धभावको स्वयं साधते हैं और शुद्धभावकी ही महिमासे तीनलोकके प्राणियों द्वारा पूजने योग्य वंदने योग्य कहें हैं, इसलिये 'भावप्राभृत'की आदिमें इनको नमस्कार युक्त हैं। मस्तक द्वारा नमस्कार करनेमें सब अंग आ गये, क्योंकि मस्तक सब अंगोमें उत्तम है। स्वयं नमस्कार किया तब अपने भावपूर्वक ही हुआ, तब 'मन-वचन-काय' तीनों ही आ गये, इसप्रकार जानना चाहिये।।१।।

## પ્રવચન નં. ૧૦૪, ગાથા-૧-૨, શનિવાર, આસો સુદ ૩, તા.૦૩-૧૦-૭૦

'અષ્ટપાહુડ'માં 'ભાવપાહુડ'. પહેલી ગાથા. ૧૬૫ ગાથા છે. આઠ પાહુડમેં ભાવપાહુડ બડા હૈ. ૧૬૫ ગાથા (હૈ). ઉસમેં પહલી ગાથા. 'આગે ભાવપાહુડકી વચનિકા લિખતે હૈં :-'

**परमात्मकूं बंदिकरि शुद्धभावकरतार।**
**करूँ भावपाहुडतणीं देशवचनीका सार।।१।।**

'જયચંદ્ર પંડિત' ચલતી ભાષામેં દેશવચનિકા લિખતે હૈં. ઉસમેં પહલે માંગલિક કરતે હૈં. '**परमात्मकूं बंदिकरि**' પરમાત્મા અરિહંતાદિ સિદ્ધ, ઉસકો વંદન કરકે '**शुद्धभावकरतार**' ભાવપાહુડ હૈ ન? શુદ્ધભાવ કે પરિણમન કરનેવાલે ભગવાન, ઉસકો મૈં ભાવપાહુડ કી આદિ મેં નમસ્કાર કરતા હૂં. '**शुद्धभावकरतार**' અપના આત્મા શુદ્ધ ચૈતન્ય આત્મદળ, ઉસકા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વહ શુદ્ધભાવ હૈ. ઉસકો કરનેવાલે અરિહંત પરમાત્મા હૈં. શુદ્ધભાવ કર્તા. ભાવપાહુડ હૈ ન? શુદ્ધભાવ કી પ્રધાનતા સે વહાં કથન આયેગા. જો આત્મા કે આશ્રય સે પવિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (પ્રગટ

હુઆ) વહ શુદ્ધભાવ હૈ. પુણ્ય-પાપ ભાવ હૈ વહ અશુદ્ધભાવ હૈ. અશુદ્ધભાવ બંધકા કારણ હૈ ઔર શુદ્ધભાવ મોક્ષકા કારણ હૈ. કહતે હૈં કિ શુદ્ધભાવ કો કરનેવાલે પરમાત્મા ઔર કહનેવાલે. કરનેવાલે હૈં ઔર કહનેવાલે, દોનોં શુદ્ધભાવ ... '**करूँ भावपाहुडतणीं**' ભાવપ્રાભૃત, ભાવસાર કી '**देशवचनिका**' ચલતી ભાષા મેં મૈં ઉસકા સાર લિખતા હૂં.

'**ઈસપ્રકાર મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરકે શ્રીકુંદકુંદાચાર્યકૃત ભાવપાહુડકી ગાથાબદ્ધ દેશભાષામય વચનિકા લિખતે હૈં. પ્રથમ આચાર્ય ઈષ્ટકે નમસ્કારરૂપ મંગલ કરકે ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞાકા સૂત્ર કહતે હૈં :-**' પહલી ગાથામેં સૂત્ર કહતે હૈં. સૂત્ર કહતે હૈં.

**णमिऊण जिणवरिं दे णरसुरभवणिंदवंदिए सिद्धे।**
**वोच्छामि भावपाहुडमवसेसे संजदे सिरका।।१।।**

**અર્થ :-** '**આચાર્ય કહતે હૈં કિ મૈં ભાવપાહુડ નામક ગ્રંથકો કહૂંગા. પહલે ક્યા કરકે? જિનવરેન્દ્ર અર્થાત્ તીર્થંકર પરમદેવ...**' ઉસકો વંદન કરતે હૈં. '**તથા સિદ્ધ અર્થાત્ અષ્ટકર્મકા નાશ કરકે સિદ્ધપદકો પ્રાપ્ત હુએ...**' ઐસે સિદ્ધકો નમસ્કાર કરકે. '**ઔર અવશેષ સંયત...**' ચૌથા પદ. '**वसेसे संजदे सिरका**' '**આચાર્ય, ઉપાધ્યાય ઔર સર્વસાધુ ઈસપ્રકાર પંચપરમેષ્ઠીકો મસ્તકસે વંદના કરકે કહૂંગા.**' મસ્તક સે વંદના કરકે કહૂંગા. મન-વચન-કાયા તીનોં આ ગયે. '**કૈસે હૈં પંચપરમેષ્ઠી? નર અર્થાત્ મનુષ્ય, સુર અર્થાત્ સ્વર્ગવાસી દેવ, ભવનેન્દ્ર અર્થાત્ પાતાલવાસી દેવ, ઈનકે ઈન્દ્રોંકે દ્વારા વંદને યોગ્ય હૈં.**' પંચપરમેષ્ઠી, તીનલોક કે જો ઈન્દ્ર હૈં, ઉનસે પૂજનિક હૈં. તીનલોક કે ઈન્દ્ર સે પૂજનિક. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષિ, વૈમાનિક, ... ઈનસે પૂજને યોગ્ય હૈં. વહ શબ્દાર્થ કિયા.

**ભાવાર્થ :-** '**આચાર્ય 'ભાવપાહુડ' ગ્રંથ બનાતે હૈં; વહ ભાવપ્રધાન પંચપરમેષ્ઠી હૈ,...**' ભાવશુદ્ધ પરમાત્મ દશા, સિદ્ધ દશા, આચાર્ય, ઉપાધ્યાય સબ વીતરાગી દશા હૈ. પાંચ પદ હૈ વહ વીતરાગી દશા ભાવપ્રધાન હૈ. સમજમેં આયા? પાંચો પદ. વીતરાગી દશા પાંચો પદ કી હૈ. '**વહ ભાવપ્રધાન પંચપરમેષ્ઠી હૈં, ઉનકો આદિમેં નમસ્કાર યુક્ત હૈ,...**' યહ ભાવપાહુડ કહનેમેં પહલે ઉનકો નમસ્કાર કરના વ્યાજબી હૈ. ક્યોં વ્યાજબી હૈ? '**ક્યોંકિ જિનવરેન્દ્ર તો ઈસપ્રકાર હૈં - જિન અર્થાત્ ગુણશ્રેણી નિર્જરાયુક્ત ઈસપ્રકારકે અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિકોમેં...**' ચૌથે ગુણસ્થાન સે જિન કહનેમેં આતા હૈ. જિસને સાત પ્રકૃતિ નાશ કરકે અથવા ઉપશમ કરકે, ક્ષયોપશમ કરકે સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાનમેં પ્રગટ હુઆ, ઉસકો યહાં જિન સે શુરૂ કિયા હૈ. સમજમેં આયા?

'**અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિકોમેં...**' પાંચવે ગુણસ્થાનવાલે, છઠે ગુણસ્થાનવાલે આદિ. ઉનમેં '**વર અર્થાત્ શ્રેષ્ઠ ઐસે ગણધરાદિકોમેં...**' જિન-વર ઈન્દ્ર, ચોથે ગુણસ્થાનસે પાંચવે-છઠવે આદિ. ઔર ઉસમેં ભી શ્રેષ્ઠ ગણધરાદિ, ઉસમેં ભી '**ઈન્દ્ર તીર્થંકર...**'

જિનવરેન્દ્ર. જિન-વર-ઈન્દ્ર. જિન-ચોથે ગુણસ્થાનસે લેકર ઔર વર-ગણધરાદિસે ઉત્કૃષ્ટ ઔર ઉસકે ઈન્દ્ર-તીર્થંકર.

મુમુક્ષુ :- સામાન્ય કેવલી નહીં લેંગે?

ઉત્તર :-વહ સબ આ ગયે. તીર્થંકર મેં સામાન્ય કેવલી આ ગયે. સમજમેં આયા?

'**વહ ગુણશ્રેણી નિર્જરા શુદ્ધભાવસે હી હોતી હૈ.**' દેખો! કર્મ કે નાશ કી ધારા અર્થાત્ ગુણશ્રેણી કી પવિત્ર પર્યાય કા પ્રગટ હોના, વહ ચોથે ગુણસ્થાનસે હોતા હૈ. '**શુદ્ધભાવસે હી હોતી હૈ.**' સમ્યગ્દર્શનમેં અપના આત્મા પરમાનંદસ્વરૂપ, ઉસકી અંતર્મુખ નિર્વિકલ્પ શ્રદ્ધા (હુઈ), વહ શુદ્ધભાવ હૈ. મૈં એક હૂં, શુદ્ધ હૂં વહ તો વિકલ્પ હૈ, આસ્રવ હૈ. ઉસસે રહિત શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્માકા, ઉસકા અનુભવ, શ્રદ્ધા, જ્ઞાન વહ શુદ્ધભાવ હૈ. દ્રવ્ય શુદ્ધ હૈ, ગુણ શુદ્ધ હૈ ઐસે સમ્યગ્દર્શન પર્યાય ભી શુદ્ધ હૈ. શુદ્ધભાવસે નિર્જરા હોતી હૈ. બીચમેં કોઈ ભક્તિ, પૂજા, દાન, દયા કા ભાવ આતા હૈ ઉસસે પુણ્યબંધ હોતા હૈ, નિર્જરારૂપ ધર્મ હોતા નહીં. સમજમેં આયા?

'**ગુણશ્રેણીનિર્જરા શુદ્ધભાવસે હી હોતી હૈ.**' ભાવસે હી હોતી હૈ. ઐસા કહા હૈ, ભાઈ! કથંચિત્ શુભભાવસે ભી નિર્જરા હોતી હૈ ઐસા નહીં કહા. કુછ લોગ કહતે હૈં કિ શુભમેં શુદ્ધ કા અંશ હૈ. ઐસા હૈ હી નહીં. 'ધવલ' કી ગાથાકા આધાર દેકર કહતે હૈં ન? શુદ્ધ ઔર શુભ, દોનોં નિર્જરા કા કારણ હૈ. હૈ નહિ, લેકિન નિમિત્ત હૈ તો ઉપચારસે કથન કિયા હૈ. શુદ્ધભાવસે હી નિર્જરા હોતી હૈ. ક્યા કહા? દેખો! '**ગુણશ્રેણી નિર્જરા શુદ્ધભાવસે હી હોતી હૈ.**' પુણ્ય-પાપ કે ભાવ તો આસ્રવ, વિકલ્પ ઔર બંધકા કારણ હૈ. પુણ્ય-પાપકા ભાવ વહ તો ભાવબંધ હૈ.

મુમુક્ષુ :- પુણ્ય ભી બંધ કા કારણ હૈ?

ઉત્તર :- પુણ્ય બંધ કા કારણ હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- સાતિશય પુણ્ય?

ઉત્તર :- સાતિશય પુણ્ય સમકિતીકો બંધતા હૈ. અજ્ઞાનીકો સાતિશય કહાંસે આયા? સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિમેં શુદ્ધભાવ, વસ્તુ ચૈતન્યદલ, આનંદકંદ, ઉસકી અનુભવદૃષ્ટિ હુઈ તો શુદ્ધભાવ હુઆ. શુદ્ધભાવકે સાથ રાગાદિ હૈ. દયા, દાન, વ્રત આદિ, ભક્તિ આદિકા (ભાવ) હૈ તો ઉસમેં સાતિશય પુણ્યબંધ હુઆ. પરંતુ પુણ્યબંધ હૈ. સમજમેં આયા? પુણ્યબંધ કા ભાવ વહ અપરાધ હૈ. જિસ ભાવસે તીર્થંકર ગોત્ર બંધે વહ ભાવ અપરાધ હૈ, અપરાધ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉસકા ફલ આવે. તો આયે કેવલજ્ઞાની આદિ. પ્રકૃતિ કા ફલ ઐસા સમવસરણ હૈ વૈસા બતાયે. ઉસમેં ક્યા હુઆ? આત્મા અંદર શુદ્ધભાવસે પવિત્રપના

પ્રગટ કરે, વહી શુદ્ધ નિર્જરા ઔર ધર્મ હૈ. આહાહા..! સમજમેં આયા?

**'વે તીર્થંકરભાવકે ફલકો પ્રાપ્ત હુએ,...'** તીર્થંકરભાવકે ફલકો પ્રાપ્ત હુએ. ક્યા કહતે હૈં? શુદ્ધભાવસે શુદ્ધતા બઢતી હૈ, કર્મ કી નિર્જરા હોતી હૈ ઔર શુદ્ધભાવકે ફલકો પ્રાપ્ત હુએ. તીર્થંકર તો શુદ્ધભાવકે ફલકો પ્રાપ્ત હુએ. કેવલજ્ઞાન (પ્રાપ્ત કિયા). સમજમેં આયા? શુદ્ધભાવ તો **'તીર્થંકરભાવકે ફલકો પ્રાપ્ત હુએ,...'** સમજમેં આયા? અપના ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય, ઉસકા શુદ્ધભાવ પ્રગટ કરકે જો કર્મકી નિર્જરા હોતી હૈ, ઉસ શુદ્ધભાવકા ફલ કેવલજ્ઞાન હૈ. શુદ્ધભાવકા ફલ કેવલજ્ઞાન હૈ. બીચમેં શુભ આતા હૈ ઉસકા ફલ કેવલજ્ઞાન નહીં. ઉસકા તો બંધ ફલ હૈ. સમજમેં આયા? તીર્થંકર ભી જબ કેવલજ્ઞાન પાતે હૈં તો શુદ્ધભાવકે ફલરૂપ કેવલજ્ઞાન હૈ. જિસ ભાવસે તીર્થંકરગોત્ર બાંધે ઉસ ભાવકા ફલ તીર્થંકરપના નહીં, કેવલજ્ઞાનપના નહીં હૈ. જિસ ભાવસે તીર્થંકર ગોત્ર બંધતા હૈ વહ ભાવ તો શુભ હૈ. ઉસ શુભભાવકા ફલ તીર્થંકર-કેવલજ્ઞાન નહીં હૈ. સમજમેં આયા? શુદ્ધભાવકા ફલ કેવલજ્ઞાન હૈ. શુભભાવકા ભી અભાવ કરકે શુદ્ધભાવકી પરિણતિ ઉગ્ર કરેગા તબ કેવલજ્ઞાન હોગા. જિસ ભાવસે તીર્થંકર ગોત્ર બંધતા હૈ ઉસ ભાવસે ભી કેવલજ્ઞાન પ્રાપ્ત નહીં હોતા. કહતે હૈ ન કિ, દેખો! તીર્થંકર પ્રકૃતિ કા બંધ હુઆ તો નિયમસે કેવલજ્ઞાન પ્રાપ્ત કરેગા. પ્રકૃતિકે કારણ પાયેગા? ઐસા હૈ હી નહીં. ઐસા કહતે હૈં કિ તીર્થંકર પ્રકૃતિ જિસકો બંધ ગઈ વહ નિયમ સે કેવલજ્ઞાન પાયેગા. તીર્થંકર પ્રકૃતિકે કારણસે કેવળજ્ઞાન પાયેગા. ઐસા હૈ હી નહીં. સમજમેં આયા? કેવલજ્ઞાન પાતે હૈં વહ શુદ્ધભવસે પાતે હૈં. સમજમેં આયા? પૂર્ણ શુદ્ધ કેવલજ્ઞાન, પૂર્ણ શુદ્ધ કેવલજ્ઞાન શુદ્ધભાવસે પ્રાપ્ત હોતા હૈ. શુભભાવસે જૈસે તીર્થંકરગોત્ર બંધા ઉસ ભાવસે કેવલજ્ઞાન નહીં હોતા ઔર પ્રકૃતિબંધ હુઆ તો ઉસસે કેવલજ્ઞાન નહીં હોતા. સમજમેં આયા?

મુમુક્ષુ :- વહ બંધ હૈ.

ઉત્તર :- હાં. વહ તો બંધ હૈ. સમજમેં આયા? દેખો!

પહલે તો શુદ્ધભાવ ગુણશ્રેણીકા કારણ કહા. બાદમેં શુદ્ધભાવકે **'ફલકો પ્રાપ્ત હુએ, ઘાતિકર્મકા નાશ કર કેવલજ્ઞાનકો પ્રાપ્ત કિયા,...'** અરિહંત કૈસે હુએ, ઉસકી ખબર નહીં. સમજમેં આયા? ઘાતિકર્મકા નાશ કરકે હુઆ, વહ ભી અસદ્‌ભુત વ્યવહારનયકા વચન હૈ. અશુદ્ધતાકા નાશ હો ગયા. શુદ્ધતાકે ઉગ્રપનેસે અશુદ્ધતાકા નાશ હો ગયા. વહ ભી વ્યવહારનયકા વચન હૈ કિ ભગવાનને અશુદ્ધતાકા નાશ કિયા. અશુદ્ધતાકા ભી નાશ કિયા નહીં. અપને શુદ્ધભાવકી ઉગ્રતા હુઈ તો અશુદ્ધતા ઉત્પન્ન હુઈ નહીં તો ઉસકો નાશ કિયા ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? યહાં તો ચાર ઘાતિકા નાશ કિયા ઐસા કહા. કર્મ કા નાશ આત્મા કર સકતા હૈ? વહ તો જડ હૈ. વહાં અપને શુદ્ધભાવકી

ઉગ્રતાસે જબ કેવલજ્ઞાન પાયા તો અશુદ્ધતાકા નાશ હુઆ, અશુદ્ધતા ઉત્પન્ન હુઈ નહીં તો કર્મ કે રજકણ કી પર્યાય ઉસકે કારણ બદલ ગઈ. ઘાતિકર્મકી પર્યાય ઘાતિકર્મકે કારણસે બદલ ગઈ, આત્માકે કારણસે બદલ ગઈ ઐસા નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ તો ઉસકે કારણ સે હુઈ. કહતે હૈં.. ભાષા સમજાની (હો તો) ભાષામેં સંક્ષેપ કૈસે કરના? ઘાતિ કર્મકા નાશ (કિયા). દેખો!

**'તીર્થંકરભાવકે ફલકો પ્રાપ્ત હુએ, ઘાતિકર્મકા નાશકર કેવલજ્ઞાનકો પ્રાપ્ત કિયા, ઉસીપ્રકાર...'** અબ વહ કહતે હૈં કિ, ઘાતિકર્મકા નાશ હો તો કેવલજ્ઞાન હોતા હૈ, ઐસા કહો. લેકિન કેવલજ્ઞાન પ્રાપ્ત કિયા તો ઘાતિકર્મકા નાશ હુઆ ઐસા નહીં, ઐસા કહતે હૈં. આત્માને અપને પુરુષાર્થસે કેવલજ્ઞાન પાયા તો ઘાતિકર્મ કા નાશ ઉસકે કારણસે હોતા હૈ. ઘાતિકર્મ કા નાશ હો તો કેવલજ્ઞાન પ્રાપ્ત હુઆ, ઐસા હૈ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- 'રતનચંદજી' ઐસા કહતે હૈં. વહ 'તત્ત્વાર્થસૂત્ર'મેં આતા હૈ કિ નહીં? ચાર ઘાતિકા નાશ હોનેસે કેવલજ્ઞાન (પ્રાપ્ત હોતા હૈ). લેકિન વહ તો નિમિત્તકા કથન હૈ. ઘાતિકર્મ તો સ્વતંત્ર જડકી પર્યાય હૈ. જડકી પર્યાયકા આત્મા સ્વામી હૈ? નાશ કરે, બાંધે, આત્મા ઉસકા સ્વામી હૈ?

મુમુક્ષુ :- .. બાંધતા હૈ?

ઉત્તર :- નહીં બાંધતા હૈ, નહીં છોડતા હૈ. વહ તો અજ્ઞાનપનેસે અશુદ્ધભાવ ઉત્પન્ન કરતા હૈ, ભાનપને સે શુદ્ધભાવ ઉત્પન્ન કરતા હૈ. બસ ઈતના. સમજમેં આયા? પ્રોફેસરજી! સમજમેં આતા હૈ ન? હિન્દી તુમ્હારે લિયે કિયા. કલ દોપહરકો આયા થા. .... સમજમેં આયા?

કહતે હૈં કિ, ઘાતિકર્મકા નાશ, આત્મા અપને શુદ્ધભાવકે ફલકો-કેવલજ્ઞાનકો પ્રાપ્ત હુઆ, તબ ઘાતિકર્મકા નાશ ઉસકે કારણ-કર્મકે કારણસે નાશ હુઆ. નાશકા અર્થ? કર્મકી પર્યાય થી વહ અકર્મરૂપ હુઈ. નાશ કા અર્થ દૂસરા ક્યા? જો કર્મ કી પર્યાય થી, યહાં જબ અપને સ્વભાવકે શુદ્ધભાવકે ફલરૂપ કેવલજ્ઞાન હુઆ તો ઘાતિકર્મકી પર્યાય કર્મરૂપ થી વહ દૂસરે સમય અકર્મરૂપ હો ગઈ. ઉસકા નામ નાશ. નાશકા અર્થ ક્યા હૈ?

મુમુક્ષુ :- નાશ હોતા હી નહીં?

ઉત્તર :- નાશ કિસકા હોતા હૈ? સમજમેં આયા? નાશ કૈસે કરે? નાશ યાની વ્યય. ઘાતિકર્મકી પર્યાય વ્યય હુઈ. વ્યયકા અર્થ કિ જો કર્મરૂપ પર્યાય થી વહ અકર્મરૂપ પર્યાય હુઈ. પુદ્ગલકી અકર્મરૂપ પર્યાય ઉત્પન્ન હુઈ. કર્મરૂપ ઉત્પાદ થા. ઉસ ઉત્પાદકા વ્યય કર અકર્મરૂપ ઉત્પાદ હુઆ.

મુમુક્ષુ :- કાર્માણવર્ગણા કી હુઈ યા કોઈ ઔર પર્યાય?

ઉત્તર :- .. કર્મશક્તિ થી. વો વર્ગણા નહીં. ઘાતિકર્મકી પરમાણુ પર્યાય બંધ થી વહ. કાર્મણવર્ગણા ભિન્ન. વહ નહિ. બંધી હૈ ઉસકી બાત નહીં. વહ તો ઘાતિકર્મરૂપ પરમાણુ કી પર્યાય બંધી હૈ વહી યહાં પુરુષાર્થસે શુદ્ધભાવકે ફલરૂપ કેવલજ્ઞાન હુઆ, ઉસ સમય ઘાતિકર્મકી પર્યાય અકર્મરૂપ હો ગઈ. કર્મરૂપ પર્યાય થી વહ અકર્મ હો ગઈ ઉસકા નામ ઘાતિકર્મકા નાશ ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ.

મુમુક્ષુ :- ...ઉસકી પર્યાય ફિર ક્યા હો ગઈ?

ઉત્તર :- અકર્મ, કહા ન, અકર્મ. દૂસરે પુદ્ગલકી પર્યાય હો ગઈ. અકર્મરૂપ હુઈ વહ દૂસરી પર્યાય હુઈ.

મુમુક્ષુ :- ઉનકા કહના હૈ કિ, કાર્મણવર્ગણારૂપ (રહ ગઈ).

ઉત્તર :- નહીં, નહીં. ઐસા નહીં. કાર્મણવર્ગણા નહીં હુઈ, વહ તો દૂસરી પર્યાય હો ગઈ. કાર્મણરૂપ હો ઐસા કુછ નહીં. સમજમેં આયા?

**'ઉસીપ્રકાર સર્વ કર્મોંકા નાશકર, પરમ શુદ્ધભાવ કો પ્રાપ્ત કર સિદ્ધ હુએ,...'** અંદર દો પાઠ હૈ ન? પહલે અરિહંતકો નમસ્કાર કિયા હૈ, દૂસરા સિદ્ધકો નમસ્કાર કિયા હૈ. **'जिणवरिंदे'** કહા, ફિર સિદ્ધકો નમસ્કાર કિયા હૈ. સિદ્ધ કૈસે હુએ, વહ કહતે હૈં. **'સર્વ કર્મોંકા નાશકર, પરમશુદ્ધભાવકો પ્રાપ્ત કર સિદ્ધ હુએ,...'** વહ ભી પરમશુદ્ધભાવ સિદ્ધ હૈ. અપની પૂર્ણ નિર્મલ પર્યાયકો સિદ્ધ કહતે હૈં. મલિન પર્યાયકો સંસારી કહતે હૈં. કુછ નિર્મલ ઔર થોડી મલિન હો તો ઉસે સાધકભાવ કહતે હૈં. સમજમેં આયા? દો બાત કહી. એક અરિહંત ઔર સિદ્ધ. અબ, તીસરા આચાર્ય.

**'આચાર્ય, ઉપાધ્યાય શુદ્ધભાવકે એકદેશકો પ્રાપ્ત કર પૂર્ણતાકો સ્વયં સાધતે હૈં...'** ક્યા કહતે હૈં? આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કિસકો કહીએ? કિ જિસને અપની શુદ્ધ વીતરાગી પર્યાયકો પ્રાપ્ત કી હૈ. તીનોંને અપને શુદ્ધ સ્વભાવકે આશ્રયસે શુદ્ધપર્યાય પુણ્ય-પાપ કે વિકલ્પસે રહિત નિર્વિકલ્પ શુદ્ધપર્યાયકો પ્રાપ્તકી હૈ ઔર ઉસ શુદ્ધપર્યાયકે પ્રાપ્તિ સે સિદ્ધપદકા સાધન કરતે હૈં. ફિર સે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુદ્ધપર્યાય આચાર્ય, ઉપાધ્યાય, સાધુમેં શુદ્ધપર્યાય હૈ ન? આચાર્ય, ઉપાધ્યાય, સાધુમેં શુદ્ધ પર્યાય હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પૂર્ણ નહીં. સાધતે હૈં. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઉસકો કહતે હૈં કિ જિસને અપને શુદ્ધ ચૈતન્ય આનંદકે આશ્રયસે શુદ્ધ વીતરાગી પર્યાય અપૂર્ણ પ્રાપ્ત કી હૈ. વહ શુદ્ધ ભાવકી પર્યાયકે જોરસે સિદ્ધપદકો સાધતે હૈં. શુદ્ધ પર્યાયકે સાધનસે સિદ્ધપદકો

સાધતે હૈં. વ્યવહારનયસે ... આદિ આતે હૈં ઉસસે સિદ્ધપદ સાધતે હૈ ઐસા નહીં. સમજમેં આયા? દેખો! કિતના સ્પષ્ટ કિયા હૈ.

**'આચાર્ય, ઉપાધ્યાય...'** સાધુ. આચાર્ય, ઉપાધ્યાય દો. **'શુદ્ધભાવકે એકદેશકો...'** દોકી બાત પહલે કરતે હૈં. **'એકદેશકો પ્રાપ્ત કર પૂર્ણતાકો સ્વયં સાધતે હૈં...'** દેખો! અભીતો આચાર્ય, ઉપાધ્યાય કિસકો કહના ઉસકા પતા નહીં. આચાર્ય, ઉપાધ્યાય ઈસકો કહતે હૈં કિ અપના શુદ્ધભાવ પ્રગટ કિયા હૈ. લેકિન અપૂર્ણ હૈ. તો શુદ્ધભાવ કે સાધનસે સિદ્ધપદકો સાધતે હૈં. પુણ્ય-પાપ, મહાવ્રતાદિ આતે હૈં ઉસસે સિદ્ધપદકો સાધતે હૈં ઐસા હૈ નહીં. કહો, સમજમેં આયા? 'જયચંદ્ર પંડિત' ને ઈતના તો અર્થ કિયા હૈ.

**'આચાર્ય, ઉપાધ્યાય શુદ્ધભાવકે એકદેશકો પ્રાપ્ત કર...'** એક અંશકો પ્રાપ્ત કર **'પૂર્ણતાકો સ્વયં સાધતે હૈં...'** ભાષા દેખો! સમજમેં આયા? આત્મા આનંદસ્વરૂપ હૈ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ, ઉસકા એક અંશ શુદ્ધતા પર્યાય-અવસ્થામેં પ્રગટ કી. છઠવે ગુણસ્થાન મેં. વહ શુદ્ધતાકી પર્યાય હુઈ, ઉસસે પૂર્ણ શુદ્ધકો સાધતે હૈં. શુદ્ધતાકી દશા પ્રાપ્ત હુઈ ઉસસે પૂર્ણ શુદ્ધતાકો સાધતે હૈં. બીચમેં પંચ મહાવ્રતાદિ આતે હૈં ઉસસે સિદ્ધપદકો સાધતે હૈં, ઐસા હૈ નહીં. આહાહા..! કિતની સ્પષ્ટ લિખાવટ કી હૈ, દેખો! સમજમેં આયા?

**'શુદ્ધભાવકે એકદેશકો પ્રાપ્ત કર પૂર્ણતાકો સ્વયં સાધતે હૈં...'** સ્વયં સાધતે હૈં. અપને કારણસે પુરુષાર્થ કરકે સાધતે હૈં. આહા..! સમજમેં આયા? **'અન્યકો શુદ્ધભાવકી દીક્ષા-શિક્ષા દેતે હૈં,...'** દેખો! ક્યા કહતે હૈં? આચાર્ય, ઉપાધ્યાય ઈસકો કહીએ કિ દૂસરેકો શુદ્ધભાવકી શિક્ષા-દીક્ષા દે. પુણ્યકી ક્રિયા કી બાત નહીં. વહ બીચમેં આતા હૈ ઉસકી બાત નહીં કરતે હૈં. આહા..! પંડિતજી! ક્યા હૈ, દેખો! વહ 'દીપચંદજી' મેં આતા હૈ. 'આત્માવલોકન' હૈ ન 'દીપચંદજી'કા? 'ચિદ્‌વિલાસ'કે કર્તા. 'આત્માવલોકન'મેં આતા હૈ કિ મુનિ તો વીતરાગભાવકા હી ઉપદેશ દેતે હૈં. **'मुहु मुहु'** બારંબાર વીતરાગભાવકા હી ઉપદેશ દેતે હૈં. હૈ ન 'આત્માવલોકન'? 'દીપચંદજી' નહીં?

મુમુક્ષુ :- 'અનુભવપ્રકાશ' બનાયા.

ઉત્તર :- હાં, વહ. 'ચિદ્વિલાસ' આત્માનુભવ.

આચાર્ય ઔર ઉપાધ્યાય ઉસકો કહીએકિ જો અપને પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત, અપને શુદ્ધ સ્વભાવમેં સે શુદ્ધતા એકદેશ પ્રગટ કી હૈ. ઔર એકદેશ શુદ્ધતાસે પૂર્ણકો સાધતે હૈં. એક બાત. અબ દૂસરેકો ઉપદેશ ક્યા દેતે હૈં, વહ બાત હૈ. સમજમેં આયા? **'અન્યકો શુદ્ધભાવકી દીક્ષા-શિક્ષા દેતે હૈં,...'**

**वियरायं वियरायं, जियस्स णिय ससरूओ वियरायं।**
**मुहु मुहु गणदि वियरायं सो गुरुपयं भासदि सया।।२।।**

**'જીવકા નિજસ્વરૂપ જો વીતરાગ હૈ ઐસા બારંબાર જો કહે વહી ગુરુપદવીકો સદા શોભતે હૈં,...'** 'આત્માવલોકન'. 'આત્માવલોકન' 'દીપચંદજી'કા હૈ.

મુમુક્ષુ :- 'આત્માવલોકન'?

ઉત્તર :- હાં. 'આત્માવલોકન'મેં. દેખો ફિરસે.

**'જીવકા નિજસ્વરૂપ જો હૈ વહ વીતરાગ હૈ ઐસા બારંબાર જો કહે...'** વીતરાગકો હી કહે. વીતરાગભાવ પ્રગટ કરો, વીતરાગભાવ ધર્મ હૈ, વીતરાગભાવ મોક્ષકા માર્ગ હૈ, વીતરાગભાવ શુદ્ધભાવ હૈ, શુદ્ધભાવ મોક્ષકા ઉપાય હૈ, **'ઐસા બારંબાર જો કહે વહી ગુરુપદવી પર સદા શોભતે હૈં.'** વહી ગુરુપદવીકો શોભતે હૈં. બાકી શુભભાવસે હોતા હૈ (ઐસા કહે) વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ, ઐસા કહતે હૈં. કહો, સમજમેં આયા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દૂસરા શ્લોક હૈ. નહિ નહિ. **'मुहु'** અર્થાત્ બારંબાર. આપકો નહીં આયેગા વહ. **'मुहु'** કા અર્થ બારંબાર. **'मुहु'** અર્થાત્. બારંબાર વીતરાગકા હી ઉપદેશ સાધુ જગત કો દે. વીતરાગભાવ વહ ધર્મ હૈ, વીતરાગભાવ મોક્ષકા ઉપાય હૈ, વીતરાગભાવ વહી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ, વીતરાગભાવ હી આત્માકા, જૈનદર્શનકા સાર હૈ. ઐસા બારંબાર... **'मुहु मुहु'** અર્થાત્ બારંબાર વહી ઉપદેશ દેતે હૈં. બારંબાર વહી ઉપદેશ દેતે હૈં. બારંબાર અર્થાત્ એક બાર કહે ફિર દૂસરી બાત કરે ઐસા નહીં. બારંબાર વહી ઉપદેશ દે. સમજમેં આયા? એય..! 'દેવીલાલજી'! 'આત્માવલોકન' હૈ ન? દેખા હૈ કિ નહીં?

**वियरायं वियरायं, जियस्स णिय ससरूओ वियरायं।**
**मुहु मुहु गणदि वियरायं सो गुरुपयं भासदि सया।।२।।**

**'જીવકા નિજસ્વરૂપ જો હૈ વહ વીતરાગ હૈ...'** યહાં ઐસા કહા. **'जियस्स णिय ससरूओ'** ઐસા કહતે હૈં. ભગવાનઆત્મા-જિન સો હી આત્મા. વીતરાગકા સ્વભાવ અવિકારી રસકંદ વહી આત્મા ઔર ઉસકી પ્રાપ્તિ કરનેમેં વીતરાગભાવકા હી ઉપદેશ દેતે હૈં. **'मुहु मुहु गणदि वियरायं सो गुरुपयं भासदि सया'** **'વહ ગુરુપદવીપર સદા શોભતે હૈં,...'** બાકી પુણ્ય-પાપકી ક્રિયા બતાનેવાલે ઔર ઉસસે લાભ હૈ ઐસા કહે વહ ગુરુપદ હૈ નહીં. ગુરુપદ હૈ નહીં. સમજમેં આયા? **'भासदि सया'** પાઠમેં ક્યા કહા? સદા શોભતે હૈં. ઉસકે સિવા દૂસરે શોભતે નહીં. અસ્તિ-નાસ્તિ નીકલતી હૈ કિ નહીં? એય..! 'નવલચંદભાઈ'! યહ શુભભાવ તો આતા હૈ ન, શુભભાવમેં આયે હૈ ન? ઐસા કહતે હૈં. ધૂલમેં ભી આયે નહીં. મિથ્યાત્વ મેં હૈં. દૂસરી ગાથા હૈ.

મુમુક્ષુ :- .. આત્માકી ભાવના..

ઉત્તર :- બારંબાર આત્મા વીતરાગસ્વરૂપ જિનસ્વરૂપ હૈ, ઉસકી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર

વીતરાગસ્વરૂપ હૈ, વહી વીતરાભાવકા ઉપદેશ આચાર્ય, ઉપાધ્યાય દેતે હૈં. સમજમેં આયા? સારે જૈનદર્શનકે શાસ્ત્રકા સાર વીતરાગ હૈ. સૂત્રકા તાત્પર્ય વીતરાગ હૈ. સારે શાસ્ત્રકા તાત્પર્ય વીતરાગ હૈ. પંડિતજી! શાસ્ત્રકા તાત્પર્ય વીતરાગ હૈ.

મુમુક્ષુ :- .. કારણ હૈ.

ઉત્તર :- હાં, લેકિન સારે શાસ્ત્ર કા તાત્પર્ય વીતરાગ હૈ. તો વીતરાગભાવ કહો. ક્યોંકિ આત્મા વીતરાગસ્વભાવ હૈ. શક્તિમેં સે વીતરાગ કી પર્યાય પ્રગટ કરના વહ શુદ્ધભાવ હૈ. ઉસકે સન્મુખ (હોકર) શુદ્ધભાવ પ્રગટ કરના વહી જૈનદર્શન હૈ, વહી જૈનધર્મ હૈ ઔર વહી મોક્ષકા માર્ગ હૈ. દૂસરે કહતે હૈં, નહીં. ચૌથેસે લેકર છઠવે ગુણસ્થાન તક શુભભાવ હી હોતા હૈ. શુભભાવ મેં શુદ્ધ કા અંશ હૈ વહ નિર્જરા હૈ. એમ શુભભાવ. આહા..! ગજબ કિયા હૈ. પૂરે માર્ગકો ઉલટા ફિરાકર ચક્કર ઘુમા દિયા. ઉસકો માનનેવાલે ભી ઐસે મિલે.

મુમુક્ષુ :-

ઉત્તર :- સબકો મિલે. .. બૈઠી હો તો ભી મિલે. એક બાર હમ વહાં ગયે થે. 'જુનાગઢ'મેં. બીચમેં બૈઠે. .. કોઈ આયે. જિસકો સર ફોડના હૈ વહ કહીં ભી ફોડે. ધર્મ તો વીતરાગ પરમાત્મા ને જો કહા વહ વીતરાગસ્વરૂપ હી આત્મા હૈ. વીતરાગસ્વરૂપ ન હો તો વીતરાગતા કહાંસે આયેગી? વીતરાગતા કોઈ રાગમેં સે, નિમિત્તમેં સે આતી હૈ? બરાબર હૈ? વીતરાગ-રાગ રહિત આત્માકા સ્વભાવ શાંતરસ, અકષાય સ્વભાવ વહ સ્વભાવ આત્મા હૈ. ઉસ આત્મામેં શક્તિરૂપ-સ્વભાવરૂપ વીતરાગતા હૈ, ઉસકા આશ્રય કરનેસે વીતરાગતા પ્રગટ હોગી. વહ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનોં વીતરાગી પયાર્ય હૈં. લેકિન વહ એકદેશ પર્યાય આચાર્ય, ઉપાધ્યાય કો હૈ. ઉસસે સર્વદેશકો સાધતે હૈં-પૂર્ણ કો સાધતે હૈં. ઔર ઉપદેશ ભી વહી દેતે હૈં. સમજમેં આયા? આપ ભી પૂર્ણ વીતરાગતા ઔર શુદ્ધતા કો સાધતે હૈં ઔર શુદ્ધતા પ્રગટ કી હૈ ઔર શુદ્ધતા કા ઉપદેશ દેતે હૈં. આહાહા..! 'ભગવાનજીભાઈ'! ઐસા માર્ગ હૈ. આહાહા..! યહ માર્ગ હૈ. બાકી સબ હો બીચ મેં. જ્ઞાન કરાવે. ભાવ હોતા હૈ, (ઉસકા) જ્ઞાન કરાયે.

શુદ્ધભાવ દીક્ષા-શિક્ષા. દેખો! દીક્ષા ભી શુદ્ધભાવ કી ઔર શિક્ષા-સમજ ભી શુદ્ધભાવકી. દીક્ષા પંચ મહાવ્રતકી ક્રિયા વહ નહીં, ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- વ્યવહારસે સમજાયે...

ઉત્તર :- વહ તો વ્યવહારકે કથન તો ઐસે હી આયે ન. વ્યવહાર નિમિત્ત કિસકો બતાતે હૈં? કિ નૈમિત્તિક શુદ્ધતાકો બતાતે હૈં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બાહરમેં ક્યા બતાયે? બાહર નિમિત્ત સે કથન તો વહી આયે ન. અંદર

દીક્ષા દેનેકા ભાવ હૈ વહ વીતરાગભાવ હૈ. વીતરાગભાવકી દીક્ષા વહ દીક્ષા હૈ. ઐસા આચાર્ય, ઉપાધ્યાય મોક્ષમાર્ગમેં વીતરાગભાવકી દીક્ષા દેતે હૈં. બાકી પંચ મહાવ્રતકા વિકલ્પ આયે વહ જાનનેલાયક હૈ.

શિક્ષા ભી વહ દે, દેખો! ઉપદેશ ભી વહી દે. ભૈયા! વીતરાગતા પ્રગટ કરની હૈ. વીતરાગતા શક્તિમેં સે વ્યક્ત કરની હૈ. વહ માર્ગ વીતરાગ કા હૈ. બરાબર હૈ? સમજમેં આયા? 'જયચંદ્ર પંડિત' ઈતના સ્પષ્ટીકરણ કરતે હૈં. પહલે કે પંડિત ભી કૈસા હૈ. સ્પષ્ટ-જૈસા હૈ વૈસા માર્ગ યહ હૈ. આપકો રુચે, ન રુચે ઈસસે માર્ગ દૂસરા હોતા નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પહલે ઉસકો સમજમેં તો લેના પડેગા ન? સમજમેં માર્ગ તો યહ હૈ. દૂસરા કોઈ માર્ગ હૈ નહીં.

**'ઈસપ્રકાર સાધુ હૈં...'** પહલે દોકી બાત કહી. સંધિ આતી હૈ ન? **'વે ભી શુદ્ધભાવકો સ્વયં સાધતે હૈં...'** દેખો! સાધુ ભી શુદ્ધભાવકો સાધતે હૈં. રાગ કો સાધે વહ સાધુ ઐસા નહીં. હૈ ભૈયા! ઉસમેં હૈં? શુદ્ધભાવકો સાધે. સમજમેં આયા? સાધુ ઉસકો કહે કિ વહ ભી કહે કિ શુદ્ધભાવકો આપ સાધે. વીતરાગી પર્યાય પ્રગટ કરકે ઉસકી સાધના કરે. આહાહા..! યહ સાધન, દેખો! સમજમેં આયા? પૂર્ણાનંદ પ્રભુ, સહજાનંદમૂર્તિ આત્મા, ચિદ્‌ઘન, ચિદ્‌ઘન વીતરાગી બિંબ આત્મા, ઉસમેં સે શુદ્ધતા સાધનેકા સાધક ઉપદેશ દેતે હૈં. ઔર સાધુ ભી શુદ્ધતાકો સાધતે હૈં. બીચ મેં પંચ મહાવ્રત આતે હૈં લેકિન ઉસકો સાધતે નહીં, દેખો! યહાં કહા. વ્યવહારનયકે કથનમેં ઐસા આયે કિ પંચ મહાવ્રત પાલતે હૈં, અઠ્ઠાઈસ મૂલગુણ પાલતે હૈં. વહ તો વ્યવહારનયકા કથન હૈ.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય'ને પૂરી જિંદગી પાલે થે.

ઉત્તર :- પાલા કુછ ધૂલ ભી નહીં. રાગ પાલે? અભી કહતે હૈં, દેખો! આપ અઠ્ઠાઈસ મૂલગુણ કો હેય બતાતે હો, તો 'કુંદકુંદાચાર્ય'ને ભી અઠ્ઠાઈસ મૂલગુણ પાલે. પૂરી જિંદગી પાલે. રાગ કો પાલતે હૈં? રાગ કી રક્ષા કરતે હૈં મુનિ? ... પંડિતજી! કુછ લોગ કહતે હૈં કિ 'કુંદકુંદાચાર્ય'ને ભી પંચ મહાવ્રત પાલે ઔર આપ કહતે હૈં કિ વહ આસ્રવ હૈ. કહાં પાલે? વહ તો ઉસમેં આયા થા ઉસકો જાના. ઐસા લિખા હૈ ઉસમેં.

મુમુક્ષુ :- પાલા હૈ તો બાહર સે થોડા આયા હૈ?

ઉત્તર :- પાલા હી નહીં હૈ. રાગ કો પાલતે હી નહીં.

મુમુક્ષુ :- મહાવ્રત પાલન કરતે હૈં.

ઉત્તર :- મહાવ્રતકા પાલન કરતે હૈં ઐસા કહતે હૈં ન? નહીં નહીં, ઐસા નહીં

કહતે. વહ તો અપને શુદ્ધભાવકા પાલન કરતે હૈં. આહાહા...! બહુત ફર્ક હૈ. બાત બાત મેં ફર્ક હૈ. દુનિયા ઔર વીતરાગમાર્ગમેં (બહુત ફર્ક હૈ).

દેખો! 'ઈસીપ્રકાર સાધુ હૈં...' જૈસે આચાર્ય-ઉપાધ્યાય કો કહા વૈસે '**સાધુ હૈં વે ભી શુદ્ધભાવકો સ્વયં સાધતે હૈં ઔર શુદ્ધભાવકી હી મહિમાસે તીનલોકકે પ્રાણિયોં દ્વારા પૂજને યોગ્ય વંદને યોગ્ય હૈં,...**' સાધુ હૈ વહ શુદ્ધભાવકા ઉપદેશ નહીં દેતે. ક્યોંકિ સાધુ અપને શુદ્ધભાવકો સાધતે હૈં. બસ, ઈતના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ આચાર્ય-ઉપાધ્યાય. સમજમેં આયા?

મુમુક્ષુ :- સાધુકો ઉપદેશ દેનેકા અધિકાર નહીં હૈ?

ઉત્તર :- નહીં. કહતે હૈ કિ અધિકારી આચાર્ય-ઉપાધ્યાય હૈં.

મુમુક્ષુ :- ... મુખ્ય અધિકારી આચાર્ય-ઉપાધ્યાય હૈં.

ઉત્તર :- ઉસકા મુખ્ય અધિકારી. ગૌણ તો સમ્યગ્દૃષ્ટિ ભી ઉપદેશ કરતે હૈં ન, લેકિન ગૌણપને.

મુમુક્ષુ :- ...એકલ વિહારી હોતે હૈં ન?

ઉત્તર :- નહીં. અકેલે હો. સમ્યગ્દૃષ્ટિ ભી ઉપદેશ તો કરતે હૈં ન. લેકિન વહ ઉસકે મુખ્ય અધિકારી નહીં હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં કરે. સમજમેં આયા? અહો..! આચાર્ય-ઉપાધ્યાય કી પદવી તો શુદ્ધ વીતરાગદશા હૈ. અતીન્દ્રિય આનંદ કે અનુભવ મેં મશગુલ હૈ.

મુમુક્ષુ :- ... ઉપદેશ દેતે હૈં.

ઉત્તર :- વહ ઉપદેશ દેતે નહીં. ઉપદેશ હોતા હૈ ઉસે જાને. ભાષા તો ઉપદેશ ... ભાષા તો ઐસી હૈ, દેખો! દિક્ષા-શિક્ષા દે. વાણી દે? લેકિન ભાષા સમઝાની કૈસે? ભાવ મેં વીતરાગભાવ કા ભાવ પ્રગટ હો, ઐસા ભાવ હૈ. વિકલ્પ ઐસા આયા તો વિકલ્પ કો ભી જાનતે હૈં. ભાષા વ્યવહાર મેં કથન કૈસે કરના? શુદ્ધભાવ કા ઉપદેશ દેતે હૈં. ઉપદેશ તો વાણી કી ક્રિયા હૈ. આત્મા કી ક્રિયા હૈ ક્યા? 'દેવીલાલજી'! બહુત કઠિન બાત.

મુમુક્ષુ :- ઉપદેશ દેના વહ તો વ્યભિચારી ભાવ હૈ.

ઉત્તર :- વિકલ્પ હી વ્યભિચાર હૈ ન. રાગ કી ક્રિયા હૈ હી નહીં. લેકિન આતા હૈ ઉસકો જાનતે હૈં તો ઐસા કહને મેં આતા હૈ કિ ઐસા ઉપદેશ દિયા. કથન કી - જડ કી પદ્ધતિ ઐસી હૈ. ભગવાન તો શુદ્ધ વિકલ્પ રહિત પડા હૈ. ઉસમેં ક્યા હૈ? ઉસકો તો વિકલ્પ ભી નહીં હૈ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવ-બાવ કુછ નહીં. ... અપના તિરનેકા ઉપાય સાધતે હૈં. ઐસા હૈ. દૂસરે તિરે, ના તિરે, વહ ઉસકે કારણ હૈ. ઐસે કર્તાકી ચર્ચાકા કર્તા નહીં. કરુણા આયે વહ વિકલ્પ હૈ, વહ ભી રાગ હૈ. ઈસમેં કુછ મેલ ખાતા નહીં, ઐસા કહતે હૈં. એય..! ઉપદેશ દે ઔર કહે દૂસરા તિરે, ના તિરે ઉસકે કોઈ સંબંધ નહીં હૈ.

મુમુક્ષુ :- તરણ તારણ લખે છે ને?

ઉત્તર :- વહ સબ ભાષાકી કથની હી ઐસી હૈ. તરણ-તારણ કૌન? અપનેકો તારતે હૈં. ઔર ઉપદેશ નિકલ ગયા ઔર દૂસરેકો નિમિત્ત હુઆ, ઉપાદાન .. લાયક હો તો તારતે હૈં, ઐસા ઉપચાર સે કથન કહનેમેં આતા હૈ. કિસકો તારે? 'બંધ અધિકાર' મેં લિયા હૈ 'બંધ અધિકાર'મેં. 'બંધ અધિકાર' મેં લિયા હૈ 'સમયસાર'મેં. કિ દૂસરાકા બંધ મેં હોતા હૈ, મોક્ષ હોતા હૈ, તેરે વિકલ્પસે કોઈ ઉસકો બંધ-મોક્ષ નહીં હોતા. તુમ વિકલ્પ કરો કિ ઉસકો બંધ કરાઉં, ઉસકો મોક્ષ કરાઉં તો તેરે અધ્યવસાય સે બંધ-મોક્ષ નહીં હોતા. ઉસકે રાગકે આશ્રયસે બંધ કરતા હૈ ઔર વીતરાગકે આશ્રયસે મોક્ષ કરતા હૈ. વહ તો ઉસકે આશ્રયસે હૈ. 'બંધ અધિકાર'મેં હૈ, 'સમયસાર'. બંધ-બંધ. .. ફિર બંધ હૈ ન? ૨૬૭ ગાથા. ૨૬૭.

**अज्झवसाणणिमित्तं जीवा बज्झंति कम्मणा जदि हि।**
**मुच्चंति मोक्खमग्गे ठिदा य ता किं करेसि तुमं।।२६७।।**

ઉસકે અધ્યવસાયકે આશ્રયસે અજ્ઞાનકે કારણસે બંધ હોતા હૈ તો તુમ ક્યા કરતે હો ઉસકે બંધ મેં? ઔર ઉસકા અધ્યવસાય નામ શુદ્ધભાવસે મુક્તિ હોતી હૈ તો તુમ ક્યા કરતે હો ઉસકા મોક્ષ? ૨૬૭.

મુમુક્ષુ :- હિન્દીમેં હૈ.

ઉત્તર :- યહ ગુજરાતી હૈ.

મુમુક્ષુ :- બંધ મોક્ષ કરું ઐસા.

ઉત્તર :- હા. મોક્ષ કરું. લે લેના.

સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં
ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા? ૨૬૭.

તુમ દૂસરેકા ક્યા કરતે હો? ૨૬૭ ગાથા હૈ. હિન્દી મેં હૈ. હિન્દી દોપહરકો ચલતી હૈ. વહ મુકત હોતા હૈ તો ભી વીતરાગભાવસે મુક્ત હોતા હૈ. તેરી કલ્પનાસે ઉસકો મુક્તિ હોતી હૈ? ઔર બંધતા હૈ તો અજ્ઞાનભાવસે વહ બંધતા હૈ. તેરી કલ્પનાસે વહ બંધ જાતા હૈ ઐસા કભી હૈ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, વહી. ૨૬૭. કૌન બંધ-મોક્ષ કરે? કથનમેં ઐસા આતા હૈ. તરણતારણ. તીર્થંકર કિસીકો તારતે નહીં. અપને આત્માકો તારતે હૈં, બસ. અકેલે અપનેકો તારતે હૈં. .. કરે નહીં. આચાર્ય-ઉપાધ્યાય હુઆ તો અપના શુદ્ધભાવ પ્રગટ કિયા ઔર શુદ્ધભાવસે પૂર્ણ શુદ્ધતા કો પ્રાપ્ત કરે. બસ, વહ કરતે હૈં. તીર્થંકરને ભી ઐસા કિયા. શુદ્ધભાવ એકદેશ પ્રગટ કિયા ઔર એકદેશ શુદ્ધસે પૂર્ણ શુદ્ધકો સાધતે હૈં. વહ કાર્ય કરતે હૈં. વિકલ્પ ઔર વાણી-બાણી કા કર્તા-ફર્તા આત્મા હૈ નહીં. સુનો-સુનો, અબ. કહો, સમજમેં આયા કુછ?

**'શુદ્ધભાવકી હી મહિમાસે તીનલોકકે પ્રાણિયોં દ્વારા પૂજને યોગ્ય વંદને યોગ્ય હૈં,...'** દેખો! શુદ્ધભાવકો લેકર પંચ પરમેષ્ઠી વંદનિક હૈ. શુભભાવ સે વંદનિક હૈ ઔર દેહકો નગ્ન કરે ઈસસે વંદનિક હૈ નહીં. સમજમેં આયા? પંચ મહાવ્રત કા વિકલ્પ, નગ્ન દશા વહ વંદનિક હૈ? નગ્ન દશા જડ કી હૈ, વિકલ્પ તો આસ્રવ હૈ. વહ વંદનિક હૈ? ભાષા બતાવે તો ક્યા બતાવે? વ્યવહાર ઉસકે પાસ હોતા હૈ ઐસા બતાવે. જ્ઞાન કરાયે. વંદનિક તો યહ હૈ.

વહ તો અપને 'મોક્ષપાહુડ'મેં આ ગયા. પંચ પરમેષ્ઠી આત્મામેં બસતે હૈં. પંચ પરમેષ્ઠી વીતરાગી દશા હૈ. આત્મામેં અંદરમેં પાંચોં પદ પડે હૈં. આહાહા..! આત્મા હી અરિહંત હૈ, આત્મા હી સિદ્ધ હૈ, આચાર્ય, ઉપાધ્યાય આત્મા હૈ. ક્યોંકિ પાંચોં પદ વીતરાગ દશા હૈ. વીતરાગ દશાકા સ્વભાવ તો અપનેમેં પડા હૈ. જિનસ્વરૂપ હી આત્મા હૈ. પાંચોં પદકી અનંતી પર્યાયકા પિંડ ભગવાનઆત્મા અપને નિજ સ્વરૂપ મેં હૈ. પાંચોં પદ અપને દ્રવ્ય સે ભિન્ન હૈ નહીં. આહાહા..! ઐસી ચીજ ... વ્યવહાર કા કથન હી ઐસા હૈ. ભાષા સમજાનેમેં વ્યવહાર આતા હૈ. લેકિન વ્યવહાર અનુસણ કરને લાયક નહીં. ઐસી બાત હૈ. ... ક્યોં કિયા આપને? હમ તો અપને કારણસે સમજેગેં. આપ ઐસા ક્યોં કહતે હો? અરે..! સુન તો સહી! એય...! 'દેવીલાલજી'!

'દેવલાલી' એક મંદિર હૈ. 'દેવલાલી' જાતે હૈં ભક્તિ કરનેકો. વહાં હૈ ન? ... કરે. ભક્તિ કરે. હમ 'શ્રીમદ્'કી ભક્તિ કરતેં હૈં તો ધર્મ હો જાયેગા. ધૂલમેં ભી ધર્મ નહીં હૈ. ધૂલમેં ભી કરતે-કરતે નહીં હોતા. આત્માકા જ્ઞાયકભાવકા આશ્રય કરને સે પહલી મુક્તિ મિથ્યાત્વસે હોતી હૈ. વ્યવહાર-ફ્યવહાર આતા હૈ ઉસસે ક્યા હોતા હૈ? .. ચલો ભક્તિ કરો... ભક્તિ કરો. ભક્તિ તો વિકલ્પ હૈ. પરકે આશ્રયમેં ઉસસે વિકલ્પ ઉઠતે હૈં. ક્યા નિર્વિકલ્પતા આતી હૈ પર કે આશ્રય સે? સમજમેં આયા?

કહતે હૈં કિ, **'શુદ્ધભાવકી હી મહિમાસે તીનલોકકે પ્રાણિયોં દ્વારા પૂજને યોગ્ય વંદને યોગ્ હૈં, ઈસલિયે 'ભાવપ્રાભૃત'કી આદિમેં ઈનકો નમસ્કાર યુક્ત હૈ.'** જિસને શુદ્ધભાવ પૂર્ણ પ્રાપ્ત કિયા, અરિહંત-સિદ્ધ ઔર આચાર્ય-ઉપાધ્યાય શુદ્ધભાવ કો પ્રગટ

કરકે એકદેશકો પૂર્ણ કો સાધતે હૈં ઔર આચાર્ય-ઉપાધ્યાય શુદ્ધકા ઉપદેશ દેતે હૈં. સાધુ તો અપને શુદ્ધકા હી સાધન કરતે હૈં. ઈસલિયે પંચ પરમેષ્ઠી વંદન ઔર નમસ્કાર યોગ્ય હૈ. સમજમેં આયા? નિરાલંબી વસ્તુ તદ્દન ભિન્ન વર્તતી હૈ. શરીર, વિકલ્પસે ભી ભિન્ન. વિકલ્પકા ભી તત્ત્વકો સ્પર્શ નહીં. આસ્રવકા સ્પર્શ આત્મા કો કૈસા? એક તત્ત્વકો દૂસરે તત્ત્વકા સ્પર્શ કૈસા? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જો હૈ વહ હૈ. ઉસમેં કુછ ફિરે ઐસા નહીં હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૂસરી ચીજ હૈ કહાં? વસ્તુ હી ઐસી હૈ.

ભગવાનઆત્મા કર્મ ઔર શરીરકે રજકણ કભી છુતા નહીં, લેકિન વિકલ્પ જો પંચ મહાવ્રત કા વિકલ્પ હૈ ઉસકો ભી આત્મા કભી છુતા નહીં. દોનોં તત્ત્વ ભિન્ન હૈ. એક તત્ત્વ દૂસરેકો છુએ તો દો તત્ત્વ એક હો જાતે હૈં. સમજમેં આયા? દેખો! કિતના અચ્છા અર્થ કિયા હૈ! ભાવપાહુડ લિખા. મંગળિક. પંચ પરમેષ્ઠી કો વંદને ઔર પૂજને યોગ્ય ક્યોં કહતે હૈં? પંચ પરમેષ્ઠીકો વંદન ઔર નમસ્કાર યોગ્ય ઈસલિયે કહતે હૈં કિ, અરિહંત ઔર સિદ્ધ તો પૂર્ણ શુદ્ધતાકો પ્રાપ્ત હુએ હૈં. ભલે અરિહંત .. શુદ્ધતાકો પ્રાપ્ત (હુએ હૈં), સિદ્ધ પૂર્ણ શુદ્ધતાકો (પ્રાપ્ત હુએ હૈં). સમજમેં આયા? વહ શુદ્ધતા કે કારણ વંદન ઔર નમસ્કાર યોગ્ય હૈ. આચાર્ય, ઉપાધ્યાય ભી શુદ્ધતા કે કારણ વંદન-નમસ્કાર યોગ્ય હૈ. સાધુ ભી અપને શુદ્ધ સ્વરૂપકો સાધતે હૈં ઈસ કારણ વંદન ઔર નમસ્કાર યોગ્ય હૈ. મહાન મંગલિક હૈ. સમજમેં આયા?

**'ભાવપ્રાભૃત કી આદિમેં ઈનકો નમસ્કાર યુક્ત હૈ. મસ્તક દ્વારા નમસ્કાર કરનેમેં...'** પાઠ આયા ન ઐસા? ક્યા આયા? **'सिरसा'** **'सिरसा'** બોલ હૈ ન? **'सिरसा'** વંદન કરતા હૂં. જડ સે વંદન કરતા હૂં. લેકિન વહાં વિનયભાવ આયા હૈ તો સિર નમન હોતા હૈ તો **'सिरसा'** વંદન કરતા હૂં ઐસા કહનેમેં આતા હૈ. દેખો!

મુમુક્ષુ :- **'सिरसा'** માને સિર નમાતા હૈ?

ઉત્તર :- સિર નમાતા હૈ. સિર તો જડ હૈ. ભાષા ક્યા કરે? ભાવ (હૈ), બસ. ભાષા ઐસી આતી હૈ.

નમસ્તક દ્વારા નમસ્કાર કરનેમેં સબ અંગ આગયે, ક્યોંકિ મસ્તક સબ અંગોમેં ઉત્તમ હૈ.' સારે શરીરમેં મસ્તક ઉત્તમ અંગ હૈ. સમજમેં આયા? **'સબ અંગ આ ગયે...'** એક તો યહ બાત. **'મસ્તક દ્વારા નમસ્કાર કરનેમેં સબ અંગ આ ગયે, ક્યોંકિ મસ્તક સબ અંગોમેં ઉત્તમ હૈ. સ્વયં નમસ્કાર કિયા તબ અપને ભાવપૂર્વક હી હુઆ,...'** નમસ્કાર કરને મેં ભાવ ભી આયા. આયા? **'તબ 'મન-વચન-કાય' તીનોં હી આ**

**ગયે,...**' લો! નમસ્કાર કિયા તો વાણી ભી આયી, વચન આયા, ભાવ આ ગયા. મન-વચન-કાયા તીનોં આ ગયે. સમજમેં આયા?

'**અપને ભાવપૂર્વક હી હુઆ,...**' ભાવ બિના ઐસી વંદન કી ક્રિયા હોતી હૈ. ઐસા બતાયા યહાં પાઠમેં. વાણી આતી હૈ, શરીર ... હૈ, ઉસમેં ભાવ ભી સાથ મેં નિમિત્તસે હૈ. '**તબ મન-વચન-કાયા તીનોં હી આ ગયે, ઈસપ્રકાર જાનના ચાહિયે.**' તીનોં આ ગયે. યહ પહલી ગાથા કહી. ભાવપાહુડ. ૧૬૫ ગાથા હૈ. દશેય પાહુડમેં યહ પાહુડ સબસે બડા હૈ. અપનેસે વહ છૂટ ગયા હૈ. ... આહાહા..!

---

आगे कहते हैं कि लिंग द्रव्य-भावके भेदसे दो प्रकारका है, इनमें भावलिंग परमार्थ है :-

**भावो हि पढमलिंगं, ण दव्वलिंगं च जाण परमत्थं।**
**भावो कारणभूदो, गुणदोसाणं जिणा [1]बेन्ति।।२।।**

भावः हि प्रथमलिंगं न द्रव्यलिंगं च जानीहि परमार्थम्।
भावो कारणभूतः गुणदोषाणां जिना [2]ब्रुवन्ति।।२।।

છે ભાવ પરથમ લિંગ, દ્રવમય લિંગ નહિ પરમાર્થ છે;
ગુણદોષનું કારણ કહ્યો છે ભાવને શ્રી જિનવરે. ૨.

अर्थ :- भाव प्रथम लिंग है, इसीलिए हे भव्य! तू द्रव्यलिंग है उसको परमार्थरूप मत जान, क्योंकि गुण और दोषोंका कारणभूत भाव ही है, इसप्रकार जिन भगवान कहते हैं।

ઉત્તર :- ધૂલમેં ભી વ્યવહારચારિત્ર હોતા નહીં. મિથ્યાત્વ હોતા હૈ. વ્યવહારચારિત્ર તો વિભાવભાવ હૈ. વિભાવભાવ હૈ તો શુદ્ધ ઉત્પન્ન હોતા હૈ? સમજમેં આયા? અંતરકી શ્રદ્ધાકા માર્ગ સમજના મહા અપૂર્વ બાત હૈ. દૂસરી બાત તો સબ ભ્રમ હૈ. સમજમેં આયા? યહાં તો વ્યવહારચારિત્રકા અર્થ? રાગ કી મંદતાકા પરિણામ. વહ તો વિભાવ હૈ. ઔર વિભાવકી ઉત્પત્તિકા કારણ તો મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? ઔર વિભાવ સમકિતદષ્ટિકા કારણ? ભાઈ! ગજબ બાત કરતે હૈં ન. પ્રભુ! ક્યા કરતે હો? જો વિભાવભાવ હૈ ઉસકી ઉત્પત્તિ કા કારણ મિથ્યાત્વભાવ હૈ. ઔર વહી વિભાવભાવ સમ્યગ્દર્શનકા કારણ હૈ. કિતની ઊલટી પ્રતીતિ ઔર અંદર મેં શલ્ય બડા પડા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા નિમિત્ત હૈ? હૈ હી નહીં. ક્યા મિલે? અપને સ્વભાવકી દષ્ટિ કરે તો નિમિત્ત ઉનકો હૈ ઐસા કહનેમેં આતા હૈ. નહિંતર નિમિત્ત કોઈ સુખકા કારણ... દ્રવ્યલિંગ સુખકા કારણ નહીં ઐસા કહા કિ નહીં? .. સમ્યગ્દર્શનકા કારણ નહીં. ભાઈ!

યહાં તો ક્યા કહા? કિ દ્રવ્યલિંગ સુખકા, દુઃખકા કારણ નહીં. ક્યોંકિ વહ તો જડકી શરીરકી અવસ્થા ... સમજમેં આયા? તો જડકી અવસ્થા દુઃખકા કારણ નહીં, સુખકા કારણ નહીં. વિભાવ દુઃખકા કારણ ઔર સ્વભાવ સુખકા કારણ. ઔર સ્વભાવમેં ભી દ્રવ્યલિંગ જડકી દશા ઉસકા કારણ નહીં. ક્યોંકિ વહ તો દુઃખકા કારણ ભી નહીં ઔર સુખકા ભી કારણ નહીં. સમકિતકા કારણ નહીં ઔર દુઃખ વિભાવકા કારણ ભી નહીં. સમજમેં આયા? મૂલ બાત ઐસી હૈ કિ ચૈતન્યકી દષ્ટિકે વિષયકી મુખ્યતા-પ્રધાનતા

દૃષ્ટિમેં આતી નહીં. પ્રધાનતા દૂસરી ચીજકી લગતી હૈ. ઐસી બાત હૈ.

કિસી ભી તરહ દૃષ્ટિમેં યા તો રાગકી મંદતા યા તો દ્રવ્યલિંગકી ક્રિયા, (ઉસકી) મહત્તા હૈ. અંદર ઉસસે કુછ-કુછ લાભ હોગા. સમજમેં આયા? વહી મિથ્યાત્વભાવ હૈ. આહાહા..! મહામિથ્યા શલ્ય હૈ. બડા કઠિન જગત કો. અર્થ કૈસા સુંદર કિયા હૈ, દેખા ન? ભાઈને અર્થ કિયા હૈ. 'જયચંદ્ર પંડિત'ને યહ અર્થ તો કિયા હૈ. ગૃહસ્થાશ્રમમેં પંડિત થે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉસકે ઘર રહા. તુમ ભી તો પંડિત હો. છોટા પંડિત હૈ. આહાહા..! ધવલકા અર્થ. યહ સ્વભાવભાવ મિલા ઉસકો સારા ધવલ મિલ ગયા. બડે બડે ... 'લાખ બાત કી બાત નિશ્ચય ઉર આણો...' આતા હૈ કિ નહીં? 'છહ ઢાલા'મેં. 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર આણો' તેરે લાખ શાસ્ત્ર ઔર કરોડ શાસ્ત્ર હો. આગમ મેં કહાં સમ્યગ્દર્શન હૈ? આગમમેં-શાસ્ત્રમેં સમ્યગ્દર્શન હૈ?

મુમુક્ષુ :- ઉસમેં તો જ્ઞાન નહીં હૈ, ઐસા આયે.

ઉત્તર :- વહાં તો જ્ઞાન ભી નહીં. શાસ્ત્રમેં તો જ્ઞાનભી નહીં. ઔર શાસ્ત્ર તો જડકી પર્યાય વિભાવિક પર્યાય હૈ. વિભાવિક પર્યાયકો સુખ-દુઃખ નહીં ઔર વિભાવિક પર્યાય જીવમેં સુખ-દુઃખ કા કારણ નહીં. સમજમેં આયા? આહાહા..! મિથ્યાત્વકી ચીજ ક્યા હૈ ઔર મિથ્યાત્વ કૈસે ઉત્પન્ન હોતા હૈ ઉસકા પતા નહીં. મહાપાપ તો યહ હૈ. કસાઈખાના ઔર સાત વ્યસનકે પાપસે ભી બડા પાપ મિથ્યાત્વ હૈ. મિથ્યાત્વકે પાપકી તો કાંઈ ખબર નહીં. આહાહા..! ઐસી બાત ચલી થી. પહલેસે ઈસ પ્રકારકે અભ્યાસમેં માન્યતા ચલી. ઉસમેં આત્મા કા ખૂન હોતા હૈ. ખબર નહીં કિ મૈં ક્યા કરતા હૂં? ક્યું માનતા હૂં?

યહાં તો સ્પષ્ટ કર દિયા, દેખો! જીવમેં સ્વભાવભાવ જો ત્રિકાલી હૈ, ઉસકી શ્રદ્ધા-જ્ઞાન ઔર શાંતિ પ્રગટ કરના, પરકે અવલંબનકે બિના, નિમિત્તકે આશ્રય બિના દ્રવ્યકે આશ્રયસે પ્રગટ કરના વહ સુખરૂપ હૈ. ઈસ સુખરૂપમેં દૂસરી કોઈ ચીજ સુખરૂપ નહીં. ઔર અપના સ્વભાવ ભૂલકર પરસે કોઈ લાભ હોગા ઐસા મિથ્યાત્વભાવ ઔર શુભ-અશુભ ભાવ (હોના) વહ વિભાવભાવ (હૈ), વહ દુઃખરૂપ હૈ. ઉસ દુઃખરૂપમેં બાહ્યલિંગ કોઈ કારણ હૈ નહીં. નિમિત્તમેં કહનેમેં આતા હૈ. કબ? કિ ઉપાદાનમેં ઐસા હો તો નિમિત્ત કહનેમેં આતા હૈ. યહ બાત તો આ ગઈ.

**'ઈસકે બિના સબ બાહ્યક્રિયા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર હૈં...'** કિસકે બિના? સમ્યગ્દર્શનભાવ પ્રધાન હૈ. સમજમેં આયા? 'શ્રેણિક' રાજા, 'ભરત' ચક્રવર્તી સમકિત થા. છિયાનવે હજાર સ્ત્રી થી. છિયાનવે કરોડ પાયદલ થા, છિયાનવે કરોડ ગાંવ થે.

તો ક્યા વહ ચીજ દોષ કરતી હૈ? વહ તો વિભાવિક પર્યાય પરકી હૈ. સમજમેં આયા? ક્યા આત્માકો વહ દોષ ઉત્પન્ન કરાતે હૈં? ઔર સમકિતમેં વિઘ્ન કરતી હૈ વહ ચીજ? યહ શ્રદ્ધા. ઐસા કહતે હૈ કિ યહ તો બડે લોગોં કી બાત હૈ. હમારે જૈસે સાધારણકી બાત નહીં. સાધારણકી બાત ક્યા. સિદ્ધાંતતો એક હૈ યા દો સિદ્ધાંત હૈ? સિદ્ધાંતતો એક હી બાત હૈ. ચાહે તો ઈતની ઋદ્ધિ હો, ચાહે તો નગ્ન મુનિ હો ઔર બાહ્ય મેં વસ્ત્ર કા ધાગા ભી ન હો. લેકિન વહ બાહ્યલિંગ હૈ વહ જડકી પર્યાય હૈ, ઉસસે મુજે લાભ હોગા વહ મિથ્યાત્વ હૈ. આહાહા..! સમજમેં આયા? સૂક્ષ્મ હૈ. મૂલ તત્ત્વ ઐસા હૈ. ઈસમેં કિસીકી સિફારીશ ચલે નહીં. સિફારીશ કહતે હૈં ન? સિફારીશ. નહીં ચલતા માર્ગ તો ઐસા હૈ. ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર યહ માર્ગ કહતે હૈં. સમજમેં આયા? ઈસકે સિવા દૂસરા માર્ગ માને તો મિથ્યાત્વ હૈ.

'**ઈસકે બિના સબ બાહ્ય ક્રિયા મિથ્યાદર્શન...**' દેખો! અપના શુદ્ધ સ્વરૂપ, ઉસકી સમ્યગ્દૃષ્ટિ બિના બાહ્ય ક્રિયા મિથ્યાદર્શન કહતે હૈં. ક્યોં? ક્યોંકિ બાહ્ય ક્રિયા અપની હૈ ઔર ઉસસે મુજે લાભ હોગા ઐસા ભાવ પડા હૈ ઉસમેં. '**મિથ્યાજ્ઞાન, ચારિત્ર હૈં, યે વિભાવ હૈં...**' વહ સંસારકા કારણ હૈ. '**ઈસ પ્રકાર જાનના ચાહિયે.**' બહુત અચ્છા કહા હૈ. '**भावो हि पढमलिंगं**'કી પરિભાષાકી, હાં! '**भावो हि पढमलिंगं**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હી મુખ્ય ભાવપ્રધાન હૈ. ઉસમેં ભી સમ્યગ્દર્શન મુખ્ય લેના.

કોઈ ઐસા કહે કિ, ભાઈ! દર્શન-જ્ઞાન-ચારિત્ર ભાવલિંગ પહલે પ્રગટ હો. બાદમેં નગ્ન મુનિ વસ્ત્ર-પાત્ર છોડ દેના. ઉસકા નિષેધ કરને કો કહા હૈ. ઉસમેં સમ્યગ્દર્શન ભાવપ્રધાન હૈ. તીનોં ભાવ આયા ઔર બાદમેં દ્રવ્યલિંગ કરના ઐસા હૈ નહીં. સમજ મેં આયા?

---

**आगे कहते हैं कि बाह्यद्रव्य निमित्तमात्र है इसका 'अभाव' जीवके भावकी विशुद्धताका निमित्त जान बाह्यद्रव्यका त्याग करते हैं :-**

**भावविसुद्धिणिमित्तं, बाहिरगंथस्स कीरए चाओ।**
**बाहिरचाओ विहलो, अब्भंतरगंथजुत्तस्स।।३।।**

भावविशुद्धिनिमित्तं बाह्यग्रंथस्य क्रियते त्यागः।
बाह्यत्यागः विफलः अभ्यन्तरग्रन्थयुक्तस्य।।३।।

**રે! ભાવશુદ્ધિનિમિત્ત બાહિર-ગ્રંથ ત્યાગ કરાય છે,**
**છે વિફલ[1] બાહિર-ત્યાગ [2]આંતર-ગ્રંથથી સંયુક્તને. ૩.**

**अर्थ :- बाह्य परिग्रहका त्याग भावोंकी विशुद्धिके लिए किया जाता है, परन्तु**

---

**૧. વિફલ = નિષ્ફળ, ૨. આંતર-ગ્રંથ = અભ્યંતર પરિગ્રહ.**

अभ्यन्तर परिग्रह जो रागादिक हैं, उनसे युक्तके बाह्य परिग्रहका त्याग निष्फल है।

भावार्थ :- अन्तरंग भाव विना बाह्य त्यागादिककी प्रवृत्ति निष्फल है, यह प्रसिद्ध है।।३।।

## ગાથા-૩ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ બાહ્યદ્રવ્ય નિમિત્તમાત્ર હૈ...**' બાહ્ય તો નિમિત્તમાત્ર હૈ. યદિ અપનેસે શુદ્ધ ઉપાદાન પ્રગટ કરે તો. '**ઈસકા 'અભાવ' જીવકે ભાવકી વિશુદ્ધતાકા નિમિત્ત...**' હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો પ્રગટ કિયા હો તો બાહ્ય ચીજ હૈ ઉસકો નિમિત્ત કહનેમેં આતા હૈ. ઐસા કારણ '**જાન બાહ્યદ્રવ્યકા ત્યાગ કરતે હૈં :-**' ઈસ કારણસે પરકા લક્ષ્ય છોડનેકા ઉપદેશ કહનેમેં આતા હૈ.

**भावविसुद्धिणिमित्तं, बाहिरगंथस्स कीरए चाओ।**
**बाहिरचाओ विहलो, अब्भंतरगंथजुत्तस्स।।३।।**

**અર્થ :-** '**બાહ્ય પરિગ્રહકા ત્યાગ ભાવોંકી વિશુદ્ધિકે લિયે કિયા જાતા હૈ,...**' અંદર શુદ્ધભાવ પ્રગટ કરનેમેં ઉસ બાહ્ય ચીજકો નિમિત્ત કહનેમેં આતા હૈ. તો લક્ષ્ય છોડ દે. નિમિત્તકા લક્ષ્ય છોડ દે ઔર સ્વભાવકા લક્ષ્ય કર. સમજમેં આયા? '**ઔર અભ્યંતર પરિગ્રહ જો રાગાદિક હૈં, ઉનસે યુક્ત...**' હૈ. અભ્યંતર પરિગ્રહ તો મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ સહિત હૈ. '**ઉનસે યુક્તકે બાહ્ય પરિગ્રહકા ત્યાગ નિષ્ફલ હૈ.**' અંદરમેં અજ્ઞાનમેં રાગ-દ્વેષકા ત્યાગ ન હુઆ તો બાહ્ય ત્યાગ તો નિષ્ફલ હૈ. કુછ લાભદાયક હૈ નહીં. સમજમેં આયા? 'ભાવપાહુડ' ચલતા હૈ. સમજમેં આયા?

કહતે હૈં ન. અબ આગે કહેંગે. યું તો અનંત બાર દ્રવ્યલિંગ ધારણ કિયા. ક્યોં ઉસસે લાભ ન હુઆ? ઉપાદાન અંતર દ્રવ્યકી દૃષ્ટિ હો તો બાહ્યકા ત્યાગ કરના ઐસા નિમિત્તકા કથન હૈ. છોડ દે બાહરકા. ઐસે. ઐસે તો બાહ્ય અનંત બાર છોડા. લેકિન ભાવ પ્રગટ કિયા નહીં તો ઉસકા સબ નિષ્ફલ હૈ. આહાહા..!

**ભાવાર્થ :-** '**અંતરંગ ભાવ બિના બાહ્ય ત્યાગાદિકકી પ્રવૃત્તિ નિષ્ફલ હૈ, યહ પ્રસિદ્ધ હૈ.**' યહ તો પ્રસિદ્ધ હૈ કહતે હૈં. અનંત બાર હુઆ. ફિર ભી સમ્યગ્દર્શન બિના ઉસકા કોઈ સફલપના હુઆ નહીં. ગૃહસ્થાશ્રમ મેં સમ્યગ્દર્શન પ્રગટ કિયા, આ પ્રતિભાવકા ભાવકા ત્યાગ નહીં, નિમિત્તકા ત્યાગ નહીં. ફિરભી ઉસકા સમ્યગ્દર્શન સફલ હૈ. વહ મોક્ષ કે માર્ગમેં ચઢ ગયા. મોક્ષમાર્ગી જીવ હૈ. સમજમેં આયા?

आगे कहते हैं कि करोड़ों भवोंमें तप करे तो भी भाव विना सिद्धि नहीं है :-

भावरहिओ ण सिज्झइ जइ वि तवं चरइ कोडिकोडीओ।
जम्मंतराइ बहुसो लंबियहत्थो गलियवत्थो।।४।।
भावरहितः न सिद्धयति यद्यपि तपश्चरति कोटिकोटि।
जन्मान्तराणि बहुशः लंबितहस्तः गलितवस्त्रः।।४।।
છો કોટિકોટિ ભવો વિષે નિર્વસ્ત્ર [1]લંબિતકર રહી,
પુષ્કલ કરે તપ, તોય ભાવવિહીનને સિદ્ધિ નહીં. ૪.

अर्थ :- यदि कई जन्मान्तरों तक कोडाकोडि संख्या काल तक हाथ लम्बे लटकाकर, वस्त्रादिकका त्याग करके तपश्चरण करे, तो भी भावरहितको सिद्धि नहीं होती है।

भावार्थ :- भावमें मिथ्यादर्शन, मिथ्याज्ञान, मिथ्याचारित्ररूप विभाव रहित सम्यग्दर्शन-ज्ञान-चारित्रस्वरूप स्वभावमें प्रवृत्ति न हो, तो क्रोड़ाक्रोड़ी भव तक कायोत्सर्गपूर्वक नग्नमुद्रा धारणकर तपश्चरण करे तो भी मुक्तिकी प्राप्ति नहीं होती है, इसप्रकार भावोंमें सम्यग्दर्शन-ज्ञान-चारित्ररूप भाव प्रधान हैं, और इनमें भी सम्यग्दर्शन प्रधान है, क्योंकि इसके बिना ज्ञान-चारित्र मिथ्या कहे हैं, इसप्रकार जानना चाहिये।।४।।

## ગાથા-૪ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ કરોડોં ભવોંમેં તપ કરે તો ભી ભાવ વિના સિદ્ધી નહીં હૈ.'** ભાવલિંગ કી પરિભાષા હૈ ન?

**भावरहिओ ण सिज्झइ जइ वि तवं चरइ कोडिकोडीओ।**
**जम्मंतराइ बहुसो लंवियहत्थो गलियवत्थो।।४।।**

**'लंवियहत्थो गलियवत्थो'** લંબે હાથ કરકે ઔર વસ્ત્ર બિના નગ્ન હોકર ખડા રહે. ઐસા કહતે હૈં. લેકિન સમ્યગ્દર્શન બિના યહ સબ નિરર્થક હૈ. સમજમેં આયા કુછ? ભાષા કૈસી કહી હૈ, દેખો! **'लंवियहत्थो गलियवत्थो'** **'गलिय'** અર્થાત્ વસ્ત્ર બિના કા. **'गलिय'** અર્થાત્ નાશ. નગ્ન દશા.

**અર્થ :- 'યદિ કઈ જન્માન્તરોં તક...'** 'કઈ' **અર્થાત્ અનંતાઅનંત જન્મ તક. 'ક્રોડાક્રોડિ સંખ્યા કાલ તક...'** ક્રોડાક્રોડી તો સંખ્યા શબ્દ લિયા હૈ. અનંત બાર **'હાથ**

[1] લંબિત કર = નીચે લટકાવેલા હાથવાળા, કાયોત્સર્ગ મુદ્રા

**લમ્બે લટકાકર, વસ્ત્રાદિકકા ત્યાગ કરકે...'** **'गलिय'** નો અર્થ કર્યો. **'गलिय'** અર્થાત્ પીઘલ ગયા અર્થાત્ નાશ હો ગયા. **'વસ્ત્રાદિકકા ત્યાગ કરકે તપશ્ચરણ કરે, તો ભી ભાવરહિતકો સિદ્ધિ નહીં હોતી હૈ.'** સમ્યગ્દર્શનકી સિદ્ધિ બિના ઉસકો જન્મ-મરણકા લાભ મિટેગા નહીં. લાભ હોગા જન્મ-મરણ કા.

મુમુક્ષુ :- દેહ પર ભાવ હૈ.

ઉત્તર :- દેહ પરકા ભાવ નહીં. સમ્યગ્દર્શનકે ભાવ બિના બાહ્યલિંગકી ક્રિયાસે આત્માકો કુછ લાભ નહીં. બસ, ઇતના. દેહ પર તો બહુત મમતા હોતી હૈ. લેકિન અંદરમેં રાગકી એક્તાબુદ્ધિ પડી હૈ. ઉસ એક્તાસે છૂટકર સ્વભાવ કી એક્તા કરતા નહીં. તો બાહ્યલિંગ કુછ લાભકારી હૈ નહીં. શરીરસે બ્રહ્મચર્ય લેકર તો નૌંવી ગ્રૈવેયક ગયે, શરીરકો ખંડ ખંડ કરે ફિરભી ક્રોધ ન કરે. સમજમેં આયા? લેકિન અભ્યંતરમેં સ્વભાવકી ઓર કે આશ્રયસે સમ્યગ્દર્શન નહીં હૈ તો પરકે આશ્રયમેં બુદ્ધિ પડી હૈ ઉસકી. શરીર આશ્રિત ક્રિયા, રાગાદિ ક્રિયા વહ મેરી (ચીજ) હૈ, મુજસે ઉત્પન્ન હોતી હૈ ઐસી મિથ્યાદૃષ્ટિ પડી હૈ. સમજમેં આયા?

જીવ ભગવાનઆત્મા દ્રવ્ય, ઉસકા આશ્રય નહીં હૈ તો ઉસકો અજીવકા આશ્રય, જડકી ક્રિયામેં આશ્રય બુદ્ધિ પડી હૈ. ઔર જબ ચૈતન્યકા આશ્રય નહીં હૈ તો સમ્યગ્દર્શન-પર્યાય નહીં હૈ તો ઉસસે ઊલટી રાગકી પર્યાયમેં અપનાપના પડા હૈ. દો બોલ લિયા હૈ ન? દ્રવ્યલિંગીકો શરીરાશ્રિત ક્રિયા ઔર રાગાદિમેં મમતા રહતી હૈ. 'મોક્ષમાર્ગ પ્રકાશક' મેં લિયા હૈ. વહાં ભી બહુત અચ્છી બાત ન્યાયસે કહી હૈ. જીવદ્રવ્ય ભગવાનઆત્મા, ઐસી દૃષ્ટિ નહીં હૈ તો શરીરાદિ કી ક્રિયા મેરી હૈ, મૈં કરતા હૂં... મૈં કરતા હૂં... બરાબર ધ્યાન રખકર શરીર ઐસા ચલાતા હૂં, ઐસી દૃષ્ટિ ઉસકી રહતી હૈ. ઔર સમ્યગ્દર્શનકા પરિણામ નહીં તો આસ્રવમેં અપનેપને કી બુદ્ધિ હોતી હૈ. આહાહા..! સમજમેં આયા? માર્ગ તો ઐસા હૈ. દુનિયા અપની કલ્પનાસે ઉસકો ખતાયે. વહ તો અનાદિસે કિયા હૈ ઉસને. ક્યા કહતે હૈં? **'ભાવરહિતકો સિદ્ધિ નહીં હોતી હૈ.'**

**ભાવાર્થ :- 'ભાવમેં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રરૂપ વિભાવ રહિત...'** દેખો! તીન વિભાવરહિત. મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન-મિથ્યાઆચરણ રાગ-દ્વેષ કા, વહ વિભાવ હૈ. મિથ્યાદર્શન, મિથ્યાશ્રદ્ધા. દ્રવ્યલિંગસે મુજે લાભ હોગા, રાગ-કષાય મંદ હૈ ઉસસે મુજે લાભ હોગા ઐસા મિથ્યાત્વભાવ, ઉસકે સાથ રાગ-દ્વેષભાવ. વહ તો વિભાવભાવ હૈ. મિથ્યાજ્ઞાન. ક્યોંકિ રાગમેં અપને જ્ઞાનકો રોકા હૈ. જ્ઞાન સ્વપરપ્રકાશક હૈ ઉસકી દૃષ્ટિ તો કી નહીં. ઔર મિથ્યાચારિત્ર. રાગકા પરિણામ ભલે શુભ હો, લેકિન વહ મિથ્યા ચારિત્ર હૈ. સમજમેં આયા? સ્વભાવકે આશ્રયસે સમ્યગ્દર્શન ઔર પરમેં લાભ હૈ ઐસા મિથ્યાદર્શન. વહ વિભાવભાવ (હૈ). સ્વભાવ કે આશ્રયસે સમ્યક્જ્ઞાન,

માત્ર રાગકા જ્ઞાન ઔર પરકા જ્ઞાન વહ મિથ્યાત્વજ્ઞાન હૈ. સ્વભાવ કે આશ્રય સે સ્થિરતા વહ ચારિત્ર, પરકે લક્ષ્યસે ઐસે શુભભાવકા આચરણ વહ મિથ્યાચારિત્ર હૈ. સમજમેં આયા? પંડિતજી! ઐસા કઠિન લગે. દૂસરા કોઈ આસાન માર્ગ હોગા કિ નહીં? માર્ગ હી યહી હૈ ફિર આસાન-કઠિન માર્ગકા પ્રશ્ન હી કહાં હૈ? માર્ગ હી યહ હૈ. સમજમેં આયા?

'**ભાવમેં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રરૂપ વિભાવ રહિત...**' તીનોં વિભાવભાવ દુઃખરૂપ હૈ. ઉસસે રહિત. '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વભાવમેં પ્રવૃત્તિ ન હો,...**' ઈસકે બિના ઈન તીનોંમેં પ્રવૃત્તિ નહીં હોતી. સમજમેં આયા? જબ તક મિથ્યાદર્શન હૈ, પુણ્ય પરિણામસે ધર્મ, પુણ્ય પરિણામ ધર્મ કા કારણ (હૈ), ઐસી બુદ્ધિ પર ઉપર પડી હૈ તો મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન ઔર મિથ્યા આચરણ હૈ. ઉસસે રહિત '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ સ્વભાવમેં પ્રવૃત્તિ ન હોં,...**' મિથ્યાદર્શન આદિકા અભાવ ન કરે તો સ્વભાવકી પ્રવૃત્તિ ન હો. સ્વભાવમેં પ્રવૃત્તિ ન હો તો વિભાવમેં પ્રવૃત્તિ હો. ઐસા કહતે હૈં. ક્યા કહા?

ફિર સે, કહતે હૈં કિ જબ તક પુણ્ય પરિણામ ઔર દેહકી ક્રિયા ઉસમેં લક્ષ્ય હૈ ઔર ધ્યેયમેં વહ હૈ તબતક તો મિથ્યાદર્શન હૈ. ઉસ ઓર જ્ઞાનકા જુકાવ હૈ વહ મિથ્યાજ્ઞાન હૈ. રાગાદિકા પરિણામ શુભ-અશુભ આદિ મિથ્યાચારિત્ર હૈ. તીનસે રહિત હુએ બિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રવૃત્તિ નહીં હોતી. આહાહા..! ક્યોંકિ યહાં પ્રવૃત્તિમેં પડા હૈ ઉસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રવૃત્તિ નહીં હોતી. સમજમેં આયા? પુણ્યભાવમેં હી સબ પ્રવૃત્તિ પડી હૈ. મિથ્યાદર્શન હૈ, મિથ્યાજ્ઞાન હૈ, મિથ્યા ચારિત્ર હૈ તીનોં. ઉસસે રહિત હુએ બિના સમ્યગ્દર્શન આદિમેં પ્રવૃત્તિ નહીં હોતી. મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રકે અભાવ બિના સ્વલક્ષી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રવૃત્તિ નહીં હોતી. ઐસા કહતે હૈં. નહીં હોતી.

'**ક્રોડાક્રોડે ભવ તક કાયોત્સર્ગપૂર્વક નગ્નમુદ્રા ધારણકર...**' દેખો! ક્રોડાક્રોડી તો શબ્દ લિયા હૈ. ચાહે જિતના કાલ. અનંતાઅનંત ભવ. '**કાયોત્સર્ગપૂર્વક નગ્નમુદ્રા ધારણકર તપશ્ચરણ કરે...**' મહિને-મહિનેકે ઉપવાસ કરે. સમજમેં આયા? '**તો ભી મુક્તિકી પ્રાપ્તિ નહીં હોતી હૈ,...**' તો સમ્યગ્દર્શન ઔર મુક્તિકી પ્રાપ્તિ ઉસકો હોતી નહીં. .. બહુત કડક હૈ, ઐસા કહતે હૈં. કડક કહો યા જૈસી હૈ વૈસી કહો, વસ્તુ તો યહ હૈ. તુમ્હેં રુચે નહીં ઈસલિયે કડ઼ક લગે. ઐસે તો અનંત ભવમેં નગ્નપના ધારણ કિયા કહતે હૈં. ઔર કાયોત્સર્ગ લિયા. ધ્યાનમુદ્રા. કાયોત્સર્ગ હૈ ન? નગ્ન મુદ્રા. બિલકૂલ વસ્રકા ધાગા નહીં. ગલિત વસ્ર ઔર લંબે હાથ. ઔર તપશ્ચરણ કિયા. બાહ્યકી ક્રિયા મુનિવ્રતકા ભાવ લિયા. '**તો ભી મુક્તિકી પ્રાપ્તિ નહીં હોતી હૈ,...**' ઐસા કરે તો મુક્તિકા થોડા તો લાભ હોતા હોગા ન? બેકાર હૈ. મજદૂરી હૈ. ... કષ્ટ બહુત, લાભમેં મહાપાપકા લાભ. આહાહા..! કષ્ટકા ભાવ વહ દુઃખરૂપ વિભાવભાવ (હૈ), ઉસકા જિસને આશ્રય

લિયા હૈ વહ અનંત ભવ કરકે ઉસમેં રહે ફિરભી મુક્તિ નહીં હોગી. સમજમેં આયા?

**'ઈસપ્રકાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવ પ્રધાન હૈં,...'** દેખો! ઐસી ક્રિયામેં જબ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ, ઉસ ભાવસે જીવકો લાભ હોતા હૈ. સ્વદ્રવ્ય આશ્રયસે સમ્યગ્દર્શન (હોતા હૈ), ઉસમેં કોઈ વિકલ્પ યા પરકી અપેક્ષા હી નહીં હૈ. સમજમેં આયા? સમ્યગ્જ્ઞાન. અપને સ્વરૂપકા જ્ઞાન. ઉસમેં કોઈ શાસ્ત્ર કી અપેક્ષા ભી નહીં. ઔર ચારિત્ર-જિસમેં શુભભાવ કી ભી અપેક્ષા નહીં. ઐસે ભાવમેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભાવપ્રધાન હૈ. **'ઈનમેં ભી સમ્યગ્દર્શન પ્રધાન હૈ,...'** ફિર ઐસા કહા. ... **'ઈસમેં સમ્યગ્દર્શન ભાવ પ્રધાન હૈ.'** દૂસરી ગાથા મેં. સમજમેં આયા? તીસરી ગાથામેં ભી વહ લિયા. દૂસરી ગાથામેં ભી વહ આયા. આહાહા..! દર્શન હૈ વહ આત્માકા અનુભવ, નિર્વિકલ્પ અનુભવ, વહ મુખ્ય-પ્રધાન હૈ. ઉસકે બિના સબ એક કે બિના કે શૂન્ય હૈં. અંક બિના કે શૂન્ય. આહાહા..! બાહ્ય ત્યાગકી, રાગકી.. દૂસરા ભી બાહ્ય ત્યાગ કરે તો ઉસકે ઐસા હો જાય.. આહાહા..! મહિમા આતી હૈ મિથ્યાદષ્ટિકો. સમજમેં આયા?

યહાં તો કહતે હૈં કિ મિથ્યાત્વ કે ત્યાગ કી ચીજ જબતક નહીં હૈ, તબ તક ઉસકો મિથ્યાત્વભાવ કી પ્રવૃત્તિ પડી હૈ. ઉસમેં અનંત ભવ કરે, તપસ્યા કરે, ત્યાગ કરે, મર જાયે ફિર ભી સમ્યગ્દર્શન નહીં હોતા. .. ક્રોડાક્રોડી તો નામ લિયા હૈ. બાકી અનંત. અનંત ભવ કિયા. 'શ્રીમદ્'ને કહા હૈ, અનંત બાર દીક્ષા લી. 'શ્રીમદ્ રાજચંદ્ર'. નગ્નપના અનંત બાર ધારણ કિયા, પંચ મહાવ્રત અનંત બાર લિયે. 'શ્રીમદ્' લિખતે હૈ, હાં! ઉન્હોંને તો ઐસા લિયા હૈ કિ અનંત બાર જૈનકા આચાર્ય હુઆ. બાહ્ય વ્યવહાર. લેકિન અપને સમ્યક્ ચૈતન્યમૂર્તિ ભગવાન કી દૃષ્ટિ બિના સબ નિષ્ફલ હૈ તેરા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ તો અભવી કે લિયે હૈં, ઐસા કહતે હૈં. ઐસા અર્થ કિયા હૈ.

ભાઈ! યહ સમય મિલા હૈ, બાપૂ! ઐસા ફિરસે નહીં મિલેગા. .. આ ગયા ન? ઉસકે બિના મિથ્યાત્વકા મિલાન કૈસે હો? ઐસા કહતે હૈં. ... કહતે હૈં કિ ભગવાન...!

મુમુક્ષુ :- બાહ્ય ત્યાગ...

ઉત્તર :- હા. સ્થાનકવાસીમેં કહતે હૈં. આપ ત્યાગ તો કરો. બાહ્ય ત્યાગ કરકે તો દેખો. અરે..! બાહ્ય ત્યાગ તો અનંત બાર હુઆ. સુન ન.

મુમુક્ષુ :- બાહ્ય ત્યાગ તો કિયા હૈ ન.

ઉત્તર :- કિયા હૈ ન. બાહ્ય ત્યાગ તો પરવસ્તુકા ત્યાગ હી હૈ. ઉસમેં કહાં ઘુસ ગયા હૈ? છોડના વહભી મિથ્યાત્વભાવ હૈ. પર જડ છોડું. તો જડ ક્યા અંદર ઘુસ ગયા હૈ તો છોડું? તેરા અધિકાર હૈ ઉસ પર? બહુત સૂક્ષ્મ હૈ. ઉસકો વહ હજમ

હોના બહુત કઠિન હૈ.

યહાં કહતે હૈં કિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી પ્રવૃત્તિ... જબ તક મિથ્યાદર્શન-જ્ઞાનકી પ્રવૃત્તિમેં અંદર પડા હૈ, તબ તક અંતરકી પ્રવૃત્તિ કહાંસે આયેગી? ઔર અંતરકી પ્રવૃત્તિમેં ભી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીન પ્રધાન હૈ. ઉસમેં ભી પ્રધાન સમ્યગ્દર્શન હૈ. મૂલ હૈ. સમ્યગ્દર્શનકા મૂલ હૈ દ્રવ્ય. કારણપરમાત્મા. ઉસમેં કોઈ પર્યાય ભી નહીં, રાગ ભી નહીં, નિમિત્ત-ફિમિત્ત કુછ ભી નહીં. ત્રિકાલી ભગવાન જ્ઞાયકભાવ કારણપ્રભુ, વહી સમ્યગ્દર્શન કા કારણ હૈ. પર્યાય ભી કારણ નહીં, રાગ ભી કારણ નહીં, નિમિત્ત કારણ નહીં, દેવ-ગુરુ-શાસ્ત્ર ભી કારણ નહીં, પ્રતિમા નહીં ઔર ભગવાન પૂજા, જાત્રા વહ ભી કારણ નહીં. ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- નિમિત્તકી બાત હૈ.

ઉત્તર :- યહાં કરે તો નિમિત્ત કહતે હૈં. સમજમેં આયા?

**'ઈનમેં ભી સમ્યગ્દર્શન પ્રધાન હૈં, ક્યોંકિ ઈસકે બિના જ્ઞાન-ચારિત્ર મિથ્યા કહે હૈં, ઈસપ્રકાર જાનના ચાહિયે.'**

---

## પ્રવચન નં. ૧૦૭ B, ગાથા–૩ થી ૫, શુક્રવાર, પોષ વદ ૩, તા.૧૧–૦૧–૭૪

ભાવપાહુડ. બે ગાથા પૂરી થઈ. ત્રીજી ગાથા.

**'આગે કહતે હૈં કિ બાહ્યદ્રવ્ય નિમિત્તમાત્ર હૈ...'** ૧૩૧ પાને છે ને? **'ઈસકા 'અભાવ' જીવકે ભાવકી વિશુદ્ધતાકા નિમિત્ત જાન બાહ્યદ્રવ્ય કા ત્યાગ કરતે હૈં :-'** અર્થમાં (સ્પષ્ટ) કરશે. ત્રીજી ગાથા.

**भावविसुद्धिणिमित्तं, बाहिरगंथस्स कीरए चाओ।**
**बाहिरचाओ विहलो, अब्भंतरगंथजुत्तस्स।।३।।**

કહે છે કે બાહ્ય સ્ત્રી, પુત્ર, પરિવાર, ધંધો છોડી દે અને સાધુ થાય પણ અભ્યંતરમાં મિથ્યાત્વ ન છોડે અને સમ્યગ્દર્શન ન હોય તો એ બધું નિષ્ફળ છે. સમજાણું કાંઈ?

**અર્થ :- 'બાહ્ય પરિગ્રહકા ત્યાગ ભાવોંકી વિશુદ્ધિકે લિયે કિયા જાતા હૈ,...'** નિમિત્ત. **'પરંતુ અભ્યંતર પરિગ્રહ જો રાગાદિક હૈં, ઉનસે યુક્તકે...'** અંતરમાં રાગના પરિણામ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ એવા શુભભાવ એ મારા છે અને મને એનાથી લાભ છે, એવી જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી બાહ્યનો ત્યાગ એને કાંઈ લાભદાયક નથી. આહાહા..! ભાવનો અધિકાર છે ને આ? ભાવમાં પણ આત્મા... પરદ્રવ્યના ત્યાગમાં તો નિમિત્તપણું છે. એમાં કોઈ આત્માનો લાભ નથી. એ તો ભાવમાં રાગના ત્યાગ માટે એ નિમિત્તનો ત્યાગ કરે છે. પણ રાગનો ત્યાગ જેને નથી અંદરમાં (તેને તે

ત્યાગ કાંઈ લાભદાયક નથી). આહાહા..! અહીં વીતરાગભાવ છે ને? ચાહે તો એ દયા, દાન, ભક્તિ, ભગવાનની પૂજા આદિનો ભાવ (હોય), એ રાગની જ્યાં સુધી અંદર એક્તાબુદ્ધિ છે ત્યાં સુધીનો બધો બાહ્ય ત્યાગ એને નિષ્ફળ છે. કહો, સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિ કરો અને ખુબ કરો તો કલ્યાણ થઈ જશે. એ વાત તદ્દન જુઠી છે.

મુમુક્ષુ :- ભાવયુક્ત પૂજા કરે.

ઉત્તર :- ભાવ શું છે? રાગ છે. અશુદ્ધ રાગ છે, અશુદ્ધ રાગ છે. અશુદ્ધ રાગમાં લાભ માને છે તો મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ જગતથી જુદી જાતનો છે. .. દયા, દાન, વ્રત, તપમાં ધર્મ મનાવે એ પણ શુભભાવ છે. ક્યાંય દાનમાં ને ભક્તિ (કરવામાં), આ મંદિર બનાવવાના અને ભક્તિ કરવી, ખુબ ધૂન લગાવવી ભગવાનની એ બધો રાગભાવ છે.

ચૈતન્ય વસ્તુ ભગવાનઆત્મા જે પુણ્ય અને પાપના ભાવથી રહિત અને શુદ્ધભાવનો પિંડ પ્રભુ આત્મા, એની દૃષ્ટિમાં રાગરહિતપણું જ્યાં ન આવે અને સમ્યગ્દર્શનની શુદ્ધિ ચૈતન્યને આશ્રયે ન થાય, ત્યાં સુધીનો બધો ત્યાગ, ભક્તિ એ બધું સંસાર ખાતે છે. સમજાય છે કાંઈ? બાયડી, છોકરા છોડ્યા, સાધુ થયા, જંગલમાં રહ્યા એથી શું થયું? જે છોડવાનું છે એ તો છોડ્યું નહિ. અંદરમાં જે શુભભાવ છે એની એક્તા છોડવાની છે. એ તો છોડી નહિ. બાહ્ય ત્યાગમાં શું રહ્યું? એમાં એને લાભ શું થયો? જન્મ-મરણના અંત એમાં આવવાના નથી કાંઈ. ભાવ...

કહે છે કે '**રાગાદિક હૈં, ઉનસે યુક્તકે બાહ્ય પરિગ્રહકા ત્યાગ નિષ્ફલ હૈ.**' અંદરમાં રાગનો પ્રેમ છે. ચાહે તો ભગવાનની ભક્તિ હો, નામસ્મરણ હો, ધૂન લગાવે ભગવાનની. ધૂન લગાવો, ધૂન લગાવો. ભુલી જાવ. શું ભુલી જાવ? ભગવાનને પોતાને. પોતાને ભૂલીને ભગવાનની ભક્તિની ધૂન. એવી રાગની જ્યાં સુધી બુદ્ધિ પ્રેમ છે (ત્યાં સુધી તો સંસાર છે). આહાહા..! ઝીણી વાતું છે, પ્રભુ! આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એનો માર્ગ તો દુનિયાથી જુદી જાતનો છે.

કહે છે કે '**બાહ્ય પરિગ્રહકા ત્યાગ ભાવોંકી વિશુદ્ધિકે લિયે કિયા જાતા હૈ, પરંતુ અભ્યંતર પરિગ્રહ જો રાગાદિક હૈં,...**' જેને અંદર રાગના ભાવની રુચિ છે, પ્રેમ છે... આહાહા..! એ તો મિથ્યાત્વ પરિગ્રહ છે. ઝીણી વાતું ભારે, ભાઈ! ભગવાનની ભક્તિ અને પંચમહાવ્રતના પરિણામ એ બધો રાગ છે. અને રાગનો જ્યાં સુધી પ્રેમ છે ત્યારે એને આત્માના શુદ્ધ સ્વભાવનો પ્રેમ નથી. એક મ્યાનમાં બે તલવાર રહી નહિ શકે. આહાહા..! જેને રાગનો પ્રેમ (છે) તેને પ્રભુનો-પોતાનો પ્રેમ નથી. આહાહા..! અને જેને પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા એની જેને દૃષ્ટિ અને પ્રેમ થયો

એને રાગનો પ્રેમ રહેતો નથી. રાગ હોય ખરો. સમજાણું કાંઈ? આહાહા..!

દૃષ્ટિ ફેરે શુદ્ધિ ન થઈ, એમ કહે છે. બાહ્ય ત્યાગ કર્યા, ભક્તિ કરી, વ્રત પાળ્યા. આહાહા..! પણ અંતર વસ્તુની શુદ્ધિ ભૂતાર્થ, સત્યાર્થ પ્રભુ ત્રિકાળ, એનો આશ્રય લઈને શુદ્ધિ કરવી જોઈએ તે શુદ્ધિ કરી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'ભગવાનજીભાઈ'! માંડ બિચારા કરતા હોય ને ભક્તિ, પૂજા, દાન, વ્રત ને તપ એમાં માનતા હોય કે આ કરતા કરતા એમાં ધર્મ થઈ જશે. હળવે-હળવે થાય. હમણા કહેતા હતા ને. આસ્તે-આસ્તે. પણ શેનો આસ્તે-આસ્તે? રાગ કરતા કરતા આસ્તે-આસ્તે સમ્યગ્દર્શન થાય? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ! આ તો વીતરાગનો માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર. આમ તો ઘણીવાર બોલે છે મંગળિકમાં. કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલં. નથી આવતું? બોલે છે ને? મંગળિકમાં બોલે, કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલં. પણ કહેવો કોને? જેને જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણાદિનો ભાવ રાગ છે એ, એ રાગની જેને રુચિ છે એને મિથ્યાત્વનો પરિગ્રહ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભારે આકરી વાતું છે.

ભગવાન ચૈતન્યસ્વરૂપ રાગ-પુણ્યના વિકલ્પથી રહિત પ્રભુનુ સ્વરૂપ છે આખું. પ્રભુ પોતે, હોં! ભગવાન છે એ તો બીજા રહ્યા, બહાર રહી ગયા. એવા ભગવાનઆત્મા પ્રત્યેની શુદ્ધિની રુચિની દૃષ્ટિ વિના રાગની એકતાની બુદ્ધિ હો, ત્યાં સર્વ ત્યાગ કરે, મુનિપણું લે, ભગવાનની ભક્તિ કરે, શરીર અર્પણ કરી દે. બધું નિષ્ફળ છે. નિષ્ફળ એટલે? ધર્મને માટે નિષ્ફળ છે. રખડવા માટે સફળ છે. આહાહા..!

એ આવ્યું છે ને? 'પ્રવચનસાર'માં. ... જે કોઈ મહાપુરુષાર્થભક્તિનો, વ્રતનો, તપનો, દાનનો, દયાનો ભાવ પુરુષાર્થકરે છે. અબુદ્ધા. પણ સમ્યગ્દર્શન વિનાના. કારણ કે રાગની ક્રિયા એ મારો ધર્મ છે અને રાગ કરતાં કરતાં મને ધર્મ થશે. એ વ્યવહાર કરતાં કરતાં શુદ્ધિ થશે. એવા જે અબુદ્ધા, મહાભાગા પુણ્યવંત હોય, દુનિયા કરોડો માને. આહાહા..! ... વીર હોય પણ મિથ્યાદર્શન સહિત છે. ... પરાક્રમ સફળ છે. જે ચાર ગતિ ફળે છે તે એને ફળશે. ...

એની સામે જેને તત્ત્વદૃષ્ટિ થઈ છે, સમ્યગ્દર્શનની શુદ્ધિ થઈ છે... આહાહા..! રાગ હો, પણ રાગથી પૃથક્ જેને આત્મા ચિદાનંદ પ્રભુ, અનંત આનંદનો સાગર જ્યાં ડોલી રહ્યો છે અંદર, એવા પરમાત્મસ્વરૂપની જેને અંતર્મુખ થઈને દૃષ્ટિ, અનુભવ થઈને જ્ઞાન થયું છે એ બુદ્ધા છે, જ્ઞાની છે, મહાભાગા છે. પુણ્યવંત પણ હોય, જેને લાખો માણસો નમે પણ ખરા. ... એ વીર છે. પોતાના આનંદના સ્વભાવમાં પુરુષાર્થ કરવાને વીર છે. આહાહા..! ભારે આકરું, ભાઈ! ... એનું જે સ્વભાવસન્મુખનું પરાક્રમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું. ... એ પરિણામનું ફળ સંસાર નહિ આવે હવે. આહાહા..! ભવભ્રમણ

એને અટકી ગયા. અને મિથ્યાદૃષ્ટિ અબુદ્ધા (જેને) રાગની રુચિ (છે), આ તો ભાવપાહુડ છે ને? એને શુદ્ધભાવ જે આત્માનો, ચૈતન્યમૂર્તિ પ્રભુ, એમાં અશુદ્ધભાવનો જે પ્રેમ છે તે મિથ્યાત્વભાવ છે, એમ કહે છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ!

શુદ્ધ ચૈતન્યઘન પવિત્ર પિંડ પ્રભુ છે. એની જેને અંતરદૃષ્ટિ થઈ છે, એને રાગની એક્તા તૂટી ગઈ છે. એકત્વ નિશ્ચયગત સમય. પોતે પોતાનું સ્વરૂપ અંદર શક્તિ આખું સત્ત્વ છે, આનંદનો નાથ છે. જ્ઞાનનો તો ભંડાર છે. શ્રદ્ધાની શક્તિનો સાગર છે. આનંદથી ભરેલું તત્ત્વ છે. વીતરાગમૂર્તિ આત્મા છે. આહાહા..! એની જેને દૃષ્ટિ અને શુદ્ધિ પ્રગટી છે એનું બધું સફળ છે. સફળ એટલે ધર્મ માટે સફળ, સંસાર માટે અફળ છે. આહાહા..! બહુ માર્ગ ભાઈ એવો. લોકોને એવું આપ્યું છે ને. જૈનને નામે અજૈનપણું આપ્યું છે. અજૈન એટલે રાગ. રાગને પીરસ્યો છે. રાગ કરો.. આ રાગ કરો.. આ રાગ કરો અને રાગ કરતાં થાય. એ તો અજૈનપણું છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે, અહો..! જે રાગાદિથી યુક્ત છે. '**બાહ્ય પરિગ્રહકા ત્યાગ નિષ્ફલ હૈ.**' ભગવાનઆત્મા ચૈતન્યબિંબ પ્રભુ, એવી સિદ્ધિ જેને સમ્યગ્દર્શન નથી અને રાગની એક્તાબુદ્ધિ પડી છે એ બધાનો ત્યાગ ને ભક્તિ ને પૂજા રણમાં પોક મૂકવા જેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાગ એનો નિષ્ફળ છે.

**ભાવાર્થ :-** '**અંતરંગ ભાવ વિના...**' અંતર-અંગ. શુદ્ધ ચૈતન્યઘનનું અંગ એટલે નિર્મળ દૃષ્ટિ-જ્ઞાન ને ચારિત્ર. એવા '**અંતરંગ ભાવ વિના બાહ્ય ત્યાગાદિકકી પ્રવૃત્તિ નિષ્ફલ હૈ,...**' એટલે કે એનું ફળ સંસાર છે. એનું ફળ કંઈ મોક્ષ ને ધર્મ છે નહિ. આહાહા..! '**યહ પ્રસિદ્ધ હૈ.**' એ તો પ્રસિદ્ધ છે કહે છે એમ. આહાહા..!

ચોથી ગાથા.

'**આગે કહતે હૈં કિ કરોડોં ભવોમેં તપ કરે તો ભી ભાવ બિના સિદ્ધિ નહીં હૈ :-**' કરોડો ભવમાં મુનિપણું લે, તપસ્યા કરે, મહિના-મહિનાના અપવાસ કરે. શરીરને જીર્ણ કરી નાખે, અપવાસ કરીને, આહારના ત્યાગ કરીને, રસના ત્યાગ કરીને. પણ શુદ્ધભાવ સમ્યગ્દર્શન વિના એ બધાની સિદ્ધિ નથી. એને ધર્મ નથી અને એને મુક્તિ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**भावरहिओ ण सिज्झइ जइ वि तवं चरइ कोडिकोडीओ।**
**जम्मंतराइ बहुसो लंबियहत्थो गलियवत्थो।।४।।**

આહાહા..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' ભગવાન વીતરાગદેવનો સંદેશ આપે છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવનો સંદેશ આપે (છે કે) પરમાત્મા આમ કહે છે, ભાઈ!

**અર્થ :-** '**યદિ કઈ જન્માંતરોં તક...**' જન્માંતરો એટલે જન્મથી જન્મ... જન્મથી

જન્મ... કરોડો. જોકે મનુષ્યભવ તો એકસાથે કરોડ ન હોય. કારણ કે વચમાં વચમાં ઢોર આવે, વળી કોઈ મનુષ્ય થાય. ઉપરાઉપર આઠ ભવ પણ મનુષ્ય થાય અને આઠેય ભવમાં મુનિપણું લઈને ક્રિયા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરે. '**જન્માંતરોં તક કોડાકોડી સંખ્યાકાલ તક...**' ક્રોડાક્રોડ. ઓહોહો..! કરોડને કરોડ ગુણા ગુણે એટલા કાળ સુધી એ અપવાસ કરે, વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, તપસ્યા કરે અને '**હાથ લંબે લટકાકર,...**' એટલે કાંઈ પરિગ્રહ નથી હાથમાં. અને '**વસ્ત્રાદિકકા ત્યાગ કરકે...**' વસ્ત્રનો ધાગો ન રાખે. નગ્ન મુનિ થાય. કરોડો ભવ સુધી, કરોડો વર્ષ સુધી. આહાહા..! '**તો ભી ભાવરહિતકો સિદ્ધિ નહીં હોતી હૈ.**' પણ અંતરમાં ચૈતન્યમૂર્તિ ભગવાનનું સમ્યગ્દર્શન, પરમાત્મા પોતે શુદ્ધનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર-એ ત્રણ ભાવ. એમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય. આહાહા..! એવા ભાવ વિના આવા કરોડો ભવ કરતાં કરતાં થાશે, શું થાશે? ધૂળ? લસણ ખાતાં ખાતાં કસ્તુરીનો ઓડકાર આવશે. એમ આ રાગની ક્રિયા કરતાં કરતાં સમ્યગ્દર્શન થાશે. મૂંઢ છે. 'ભગવાનજીભાઈ'!

મુમુક્ષુ :- ઘણી આકરી વાત પડશે.

ઉત્તર :- એમાં આગળમાં તો અનંતા ભવ કર્યા. આગળ આવશે હજી. આગળ આવશે. એવા નિર્ગ્રંથરૂપ તો અનંતવાર તેં ગ્રહણ કર્યા અને છોડ્યા. દ્રવ્યલિંગી. સાતમી ગાથામાં છે. '**गहिरउज्झियाइं बहुसो बाहिरणिग्गंथरूवाइं**' અનંત સંસારમાં શું કર્યું? આહાહા..! અનંતા નગ્નમુનિ, હોં! આ વસ્ત્રસહિતવાળા તો દ્રવ્યલિંગી પણ નથી. વસ્ત્રસહિત જે મુનિપણું માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે તો એ દ્રવ્યલિંગ પણ નથી. આહાહા..! ગજબ વાત છે, બાપુ! માર્ગ વીતરાગનો ઝીરવવો...

પણ કોઈ નગ્નમુનિ થઈ, વસ્ત્રને છોડીને નગ્ન થાય એવા પણ જો જંગલમાં નગ્નપણે કરોડો ભવો રહે, પણ જેને આત્મદ્રવ્ય ચિદાનંદપ્રભુનો આશ્રય અને સિદ્ધિ પ્રગટી નથી, '**भूदत्थम**' ભૂતાર્થ એવો ભગવાન સત્યાર્થ એવો નિત્યાનંદ પ્રભુ, એને જેણે જ્ઞાનની પર્યાયે પકડ્યો નથી, એની સમ્યગ્દર્શન શુદ્ધિ થઈ નથી, એની મુક્તિ નથી. આહાહા..! લોકોને .. એવા ચડાવી દીધા છે ને. આવી વાત સાંભળતા એને એવું લાગે અરર..! વ્યવહારનો તો નાશ કરી નાખે છે. ઓલા વ્રત ને તપમાં ધર્મ મનાવે. ત્યારે ઓલા વળી ભગવાનની ભક્તિમાં ધર્મ મનાવે. ગુરુની ભક્તિ કરો. ગુરુની ભક્તિ, દેવની ભક્તિ કરો તમારું કલ્યાણ થાશે. બેય જૂઠા છે. 'નવનીતભાઈ'! શરીરના બળિયા એ અપવાસ આદિમાં ઉતરી ગયા. મનના બળિયા જરી વિચારમાં એ વાતુંમાં ઉતરી ગયા કે આવો આત્મા. સમજ્યા વિના... આહાહા..! અને કોઈ દાન ને દયામાં ઉતરી ગયા. કારણ કે નામ આવે ને ઓલામાં. ધર્મના ચાર પ્રકાર. દાન સેવત .. ભાવના. એય...! 'ચેતનજી' કહેતા નહિ ચાર બોલ. દાન સેવત તદ્ભાવ. એ દાન ને સેવા ને સદ્ભાવ ચારેય રાગ

છે. વ્યવહારની વાતું છે. આહાહા..! દાન કરે કરોડોના, અબજોના, પણ એ શુભરાગ છે. શીયળ શરીરથી પાળે એ પણ શુભરાગ છે. આહાહા..! દાન, શીલ, તપ. અપવાસાદિ કરે એ પણ શુભરાગ છે. ભાવ એ શુભભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? બાપા! તારા જન્મ-મરણના આંટા. ચોર્યાશીના અવતારમાં ડોલી રહ્યો છે, ભાઈ! એક અવતાર પછી એક... એક અવતાર પછી એક... અનંતકાળમાં આ આત્માની દૃષ્ટિ ને સિદ્ધિ વિના. આવું અનંતવાર કર્યું છે પણ જન્મ-મરણ મટ્યા નહિ. આહાહા..!

**ભાવાર્થ :- 'ભાવમેં મિથ્યાદર્શન,...'** દેખો! .. લીધા છે ને. મિથ્યાદર્શન એટલે? એ શુભરાગનો કણ પણ મને ધર્મ છે અને એ ધર્મનું કારણ છે એવું મિથ્યાદર્શન. આહાહા..! '**મિથ્યાજ્ઞાન,...**' સ્વસ્વરૂપનું જ્ઞાન છોડીને એ રાગનું અને પરનું, શાસ્ત્રનું જ્ઞાન એ બધું મિથ્યાજ્ઞાન છે. આહાહા..! ભગવાનઆત્મા...

મુમુક્ષુ :- શાસ્ત્રનું જ્ઞાન 'સમયસારજી'નું જે જ્ઞાન થાય...

ઉત્તર :- 'સમયસાર'નું જ્ઞાન થાય એ પણ પરલક્ષી જ્ઞાન. બાપુ! આ તો મારગડા જુદા, બાપુ! ભાઈ! આહાહા..! પર તરફના લક્ષવાળું શાસ્ત્રનું ભણતર, અરે..! ભગવાનની વાણી સાંભળે. ત્રણલોકના નાથ તીર્થંકર સમવસરણમાં બિરાજતા હોય અને એની દિવ્યધ્વનિ સાંભળે તો એ સાંભળવામાં રાગ છે. અને એ તરફનો જે ક્ષયોપશમ થાય એ પરલક્ષી જ્ઞાન છે. એ સ્વલક્ષી જ્ઞાન નહિ. આહાહા..! માર્ગ એવો આકરો, બાપા! દુનિયાને, સંપ્રદાયવાળાને તો આ એવું આકરું લાગે. સંપ્રદાયમાં હોય તો તો રહેવા ન દે. કાઢી નાખે. અહીં જંગલમાં છીએ. અહીં ક્યાં સંપ્રદાય છે. 'નવનીતભાઈ'! આહાહા..!

આ જુઓને! 'કુંદકુંદાચાર્ય' તો પોકાર કરીને કહે છે, કાંઈ ખાનગી રાખતા નથી. કરોડો કરોડો વર્ષ સુધી અપવાસ કર, કરોડો કરોડો વર્ષ સુધી તારા બ્રહ્મચર્ય શીલ પાળ અને મહાવ્રત આદિ પાળ છતાં ભગવાનઆત્મા, એનો શુદ્ધભાવ જે ચૈતન્યમૂર્તિની પ્રતીત અને સમ્યગ્દર્શન શુદ્ધભાવ, એ વિના બધું નિરર્થક છે. દુનિયાને પચે, ન પચે, સમાજ સમતોલ રહે, ન રહે એની કાંઈ દરકાર નથી આમાં. કે આ સમાજને ઠીક નહિ પડે, સમાજ વિંખાઈ જશે. વિખાવ તો વિખાવ, રહો તો રહો. માર્ગ તો આ છે. કહો, 'જાદવજીભાઈ'! આ બધા અગ્રેસરો ત્યાં સ્થાનકવાસીના. 'કલકત્તા'માં. આ છોકરો જાગ્યો એક એમાં.

મુમુક્ષુ :- ભારે જાગ્યો.

ઉત્તર :- ભારે જાગ્યો. હજી તો પંદર વર્ષ થયા છે. જોર અંદરનું છે. અવ્યક્તપણે પણ.. માર્ગ આ છે, બાપા! એને આત્મામાંથી એનો પોકાર આવવો જોઈએ. સમજાણું કાંઈ? જેટલી પરાશ્રિત ક્રિયાઓ જેટલી પર વ્યવહાર, એ અનંતકાળ કર તોપણ કરોડો ભવમાં એમાં જન્મ-મરણ મટે એવું નથી.

ભગવાનઆત્મા, જુઓ! '**भावमें मिथ्यादर्शन,...**' રાગની એક્તાબુદ્ધિ, રાગ શુભભાવ ભક્તિ કરતાં કરતાં કલ્યાણ થશે, વ્રત પાળતા પાળતા કલ્યાણ થશે, એવો જે ભાવ તેને મિથ્યાદર્શન કહે છે. આહાહા..! '**હરિનો માર્ગ છે શૂરાનો. કાયરના નહિ કામ જોને. પ્રથમ પહેલા મસ્તક મૂકી, પછી હરિ...**' હરિ એટલે આત્મા. હરિ-આત્મા. હરિ કીધો છે ને આમાં 'પંચાધ્યાયી'માં. આત્મા પોતે હરિ છે. રાગ-દ્વેષ અને અજ્ઞાનનો હરનાર એવો પ્રભુ ચૈતન્ય હરિ છે. રાગ-દ્વેષ ને અજ્ઞાનનો રક્ષક એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ આત્મા નહિ. આહાહા..!

કહે છે કે, '**मिथ्यादर्शन,...**' જેને એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ-પરમાત્માની ભક્તિ, હોં! તીર્થંકર ત્રિલોકનાથ દેવની ભક્તિનો ભાવ, એમાં પ્રેમ છે કે આ મને ધર્મ થશે તો એ મિથ્યાદર્શન છે. આવી વાત સાંભળતા પરસેવા ઉતરી જાય એવું છે. ઓલા બધા હમણાં (એમ કહે છે), ધૂન કરાવો ભગવાનની ભક્તિની. શું કહેવાય એ? તબલા. તબલા નહિ, ઝાંઝર. લાખ કર ને ઝાંઝર તારા. સાંભળને! એ તો પર તરફનો વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ? ભગવાન એમ પોતે કહે છે. આ ભગવાનનો સંદેશ છે ને. કોનો છે આ?

'**मिथ्याज्ञान,...**' આત્માનું જ્ઞાન મૂકી દઈને રાગને જાણવું, પુણ્યને જાણવું, ભગવાનને એકલા જાણવા એ જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહે છે. પોતાનો ભગવાન એમાં રહી ગયો. આહાહા..! અને '**मिथ्याचारित्ररूप...**' એટલે મિથ્યાદર્શન-જ્ઞાન સહિત રાગમાં એકાકાર (થવું), રાગમાં લીનતા એ મિથ્યાચારિત્ર. એ '**विभाव...**' એ વિભાવભાવ. એનાથી '**रहित सम्यग्दर्शन-ज्ञान-चारित्रस्वरूप स्वभावमें...**' આ ત્રણ છે તે વિભાવભાવ, વિપરીતભાવ (છે). એનાથી રહિત '**सम्यग्दर्शन-ज्ञान-चारित्रस्वरूप स्वभावमें प्रवृत्ति न हो,...**' આહાહા..! આવા ત્રણ ભાવથી રહિત અને ભગવાન ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ સ્વભાવ જેનો સ્વ-ભાવ, ચિદ્ ચૈતન્યઘન, એમાં જેની પ્રવૃત્તિ ન હોય '**तो क्रोडाक्रोडी भव तक कायोत्सर्गपूर्वक नग्नमुद्रा धारणकर...**' કાયોત્સર્ગ લગાવે આમ. 'બાહુબલીજી' આમ બાર મહિના રહ્યા ને. રાગની અસ્થિરતા થોડી હતી તો કેવળ ન થયું. સમ્યગ્દૃષ્ટિ હતા, મુનિ હતા. જરીક ખટક રહી ગઈ. આ ભૂમિ 'ભરત'ની છે, 'ભરત' ને ખરાબ લાગ્યું હશે. એ ખટકથી કેવળજ્ઞાન અટક્યું. આહાહા..! એ તો ચારિત્રદોષ, હોં! અહીં તો મિથ્યાત્વનો દોષ છે. આહાહા..!

'**क्रोडाक्रोडी भव तक कायोत्सर्गपूर्वक...**' છે ને પાઠમાં? '**गलियवत्थो**' હાથ છૂટા મૂકી, શરીરે નગ્નપણું, વસ્ત્રનો ધાગો નહિ. આહાહા..! નગ્નમુદ્રા. માતાએ જન્મ્યો એવો દેહ '**धारणकर तपश्चरण करे तो भी मुक्तिकी प्राप्ति नहीं होती है,...**' નહાયું એટલું પુણ્ય, માણસ નથી કહેતા? '..ભાઈ'! નહાયા એટલું પુણ્ય. નહાયો નથી, આ તો

મેલો કર્યો છે. આહાહા..! રાગની ક્રિયાને પોતાની માની તો આત્માને મેલો કર્યો છે. આહા..! નહાયો છે કે દિ'? પણ એવા દાખલા વળગાડી દે કે નહાયો એટલું પુણ્ય.

'**ઈસપ્રકાર ભાવોંમેં...**' ભાવ નામ નિર્મળ પર્યાય શુદ્ધમાં '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવ પ્રધાન હૈં,...**' આહાહા..! એ બધા ભક્તિના, વ્રતના, તપના ભાવમાં પણ શુદ્ધતા નથી. એમાં આત્માનું સમ્યગ્દર્શન, શુદ્ધ ચૈતન્યના-ભગવાનઆત્માના પવિત્ર દર્શન, પ્રતીતિ, જ્ઞાન ને રમણતા એ ભાવની પ્રધાનતા છે. '**ઔર ઈનમેં ભી સમ્યગ્દર્શન પ્રધાન હૈં,...**' મુખ્ય તો આ છે. ચારિત્ર પછી અને જ્ઞાન પછી. પણ સમ્યગ્દર્શનના જ જ્યાં ઠેકાણા નથી (ત્યાં ચારિત્ર કેવા?) આહાહા..! દુનિયાને મજૂરીએ ચડાવી દીધા બિચારાને. ગુરુની ભક્તિવાળાને ગુરુની ભક્તિમાં ચડાવી દીધા. વ્રત અને તપ કરનારાને ક્રિયાકાંડમાં ચડાવી દીધા, પૈસાવાળાને દાન-દયામાં ચડાવી દીધા. કરો દાન આમાં, ધર્મ થાશે. ધૂળેય ધર્મ નથી, સાંભળને. તારા પુણ્યના પણ ઠેકાણા નથી. આહાહા..! એને શુદ્ધ સમ્યગ્દર્શનની ખબર નથી હજી તો.

અત્યારે આ ભગવાનને ૨૫૦૦ વર્ષ (થયા). વીસ લાખનો જંબુદ્વીપ કરે છે, ફલાણું કોઈ આમ કરે છે ને કોઈ આમ કરે છે. જાણે ઓહો..હો...! શું કરે છે જાણે! કોણ કરે? બાપુ! બહારની ચીજ કોણ કરે? ભાઈ! તને ખબર નથી. રાગનો કર્તા થાય તો જ્યાં મૂઢ છે, એને ઠેકાણે આ બાહ્ય વસ્તુને કોણ કરે? એ તો એને કારણે થાય. આહાહા..! અમે આ કરાવીએ, અમે આ કરીએ. કહે છે કે, ભાઈ! તારા સમ્યગ્દર્શનની શુદ્ધિ વિના એ બધા શુભભાવો (છે) અને બધી બહારની ક્રિયા તો સ્વતંત્ર જડની થઈ છે. એ શુભભાવ કાંઈ સંસારથી (છોડાવે) એવી ચીજ નથી. સમ્યગ્દર્શન એ મુખ્ય છે.

'**ક્યોંકિ ઈસકે બિના જ્ઞાન-ચારિત્ર મિથ્યા કહે હૈં,...**' જેને આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિની પ્રતીતિ સમ્યગ્દર્શન નથી, એના શાસ્ત્રના ભણતર પણ બધા અજ્ઞાન છે. સમજાણું કાંઈ? '**સમ્યગ્દર્શન પ્રધાન હૈં, ક્યોકિ ઈસકે બિના જ્ઞાન-**' સમ્યક્ ચૈતન્યમૂર્તિની અંતર પ્રતીતિ સમ્યક્ શુદ્ધતાના લક્ષના ભાન સહિત, એ વિનાના જ્ઞાન તે જ્ઞાન જ નથી. ભલે હજારો-લાખો માણસને સમજાવતા આવડતું હોય. એવી ભાષા હોય, ક્ષયોપશમ હોય, પણ એ જ્ઞાન નહિ. આહાહા..! કહો, 'રસિકભાઈ'! આવી વાતું બહુ આકરી ભારે. એમ કહે કે આ 'સોનગઢ'ની વાત છે. આ 'સોનગઢ'ની છે કે ભગવાનના ઘરની છે? આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનના ઘરની છે.

ઉત્તર :- જઈ આવ્યા? ઠીક! કરે છે? કો'ક કહેતું હતું કે બે કડી આવી અને બે કડી આવી ... છે એમ કહેતા હતા. વચ્ચે આવું સોનાનું હોય અને વચ્ચે બે કડી નક્કી કરી ને? ... કહેતા હતા. એ થવા કાળે થાય, બાપા! એવી વાતું છે, ભાઈ!

અહીં તો આત્માને કોતરી નાખવાની વાત છે. જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્માને ચીતર્યો એ લેખે લાગ્યું. થઈ રહ્યું, ખલાસ. બાકી બધી વાતું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન. ભગવાનઆત્મા જેને વ્યવહારના રાગની અપેક્ષા વિનાનું એક ચૈતન્યવસ્તુમાં ભગવાનઆત્માની અપેક્ષાવાળી દૃષ્ટિ અંતર શુદ્ધ, એ વિનાના જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. એ વિનાના ચારિત્રના વર્તનને ચારિત્ર કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ લોકો એમ કહે કે, આહાહા..! ફલાણા બાળ બ્રહ્મચારી છે.બાપુ! એમાં શું થયું? શરીરથી કાંઈ વિષય ન લીધો તો તે શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. આહાહા..!

બ્રહ્માનંદ ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ, એ બ્રહ્માનંદનું આનંદનું સેવન (થવું), એનું નામ યથાર્થમાં તો બ્રહ્મચર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? કાયા વડે શીયળ પાળે છતાં એ શુભભાવ છે, ધર્મ નહિ. આત્માના આનંદ દ્વારા જેણે બ્રહ્મને સેવ્યો... આહાહા..! એણે બ્રહ્મચર્ય પાળ્યું. આહાહા..! ભાઈ! આવી વાતું છે, ભગવાન! અને એ બ્રહ્મચર્ય તેને મુક્તિનું કારણ થાય. સમજાણું કાંઈ? ઓલા જુઓને! સ્ત્રી સામું જોવે નહિ તો આવા મોટા બ્રહ્મચારી કહેવાય. સ્વામિનારાયણમાં બહુ એવું હોય. .. આમ જોવે નહિ. આહાહા..! અમારે ત્યાં ઘર પાસે સ્વામિનારાયણનું મંદિર હતું.

મુમુક્ષુ :- આડો પડદો નાખે.

ઉત્તર :- પડદો નહિ, એ બહાર ઊભો રહે. સ્ત્રી હોય તો સાધુ અંદર હોય તો આમ જોઈને વઈ આવે. ઘર આગળ જોડે જ છે. અરે..! બાપા! એમાં શું થયું? વસ્તુની ખબર વિના તારા... આહાહા..! અને સમ્યક્ વૃત્તિ તો કદાચિત રાગની આસક્તિ એને હો, પણ સુખબુદ્ધિ તેને ઊડી ગઈ છે અંદરથી. એને છન્નું હજાર સ્ત્રીનો વિષય પણ હો, પણ ઝેર જેવું દેખે છે એને. આહાહા..! એ છન્નું હજાર સ્ત્રીનો ભોગ હોય. ચક્રવર્તી તીર્થંકરને છદ્મસ્થમાં, હોં! ગૃહસ્થાશ્રમમાં 'શાંતિનાથ', 'કુંથુંનાથ', 'અરનાથ', પણ એ રાગને ઝેર દેખે છે. આહાહા..! કાળો નાગ. સ્ત્રીનો પ્રેમ ને આસક્તિના ભાવને કાળો નાગ દેખે છે. એ ઝેરના ઘૂંટડા છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ આત્માના આનંદ આગળ એને ઝેર જાણે છે. મિથ્યાદૃષ્ટિ એ શુભભાવને અમૃત જાણે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઝેરને અમૃત જાણે છે.

ઉત્તર :- શુભભાવ ઝેર છે. આહાહા..! વાતુંમાં બહુ ફેર, બાપુ! દૃષ્ટિ અને જ્ઞાનના કારણમાં મોટા ફેર. આહાહા..! અમારે 'હીરાજી મહારાજ' બિચારા ... ગયા. છોડીને વયા ગયા પછી, (સંવત) ૧૯૭૨ ની સાલ. બહુ નરમ. આ 'પાળિયાદ'માં. દશાશ્રીમાળી. વીતરાગનો માર્ગ છે એ કેવળજ્ઞાન જેને બેસે એને ભવ હોય નહિ. મેં કહ્યું આવી વાતું કરે એ આપણને બેસતી નથી. છોડી દીધો સંપ્રદાય. ૧૯૭૨. ફાગણ મહિનો હતો. ફાગણ સુદ-૧૩. ૫૮ વર્ષ. કેટલા થયા? ૫૮ વર્ષ થયા. બહુ નરમ. મહારાજ!

હું તો આમાં રહી શકું નહિ. મને આ વાત અંદર બેસે નહિ એનું શું કરવું? એટલું બોલ્યા. કષાય મંદ, નરમ બહુ હતા. દૃષ્ટિ આ હતી નહિ. વસ્તુ તો હતી જ ક્યાં. કાનજી! ઉતાવળો થાય છે. આ ભૂલ નહિ નડે. એટલું કહ્યું. આ ભૂલ નહિ નડે. મેં કીધું, મહારાજ! એ મૂર્તિ-બૂર્તિની પૂજા એ ભૂલ નહિ, આ તો મોટી ભૂલ છે. આહાહા..! આ તો ૧૯૭૨ની વાત છે, હોં! આ મોટી ભૂલ છે, કીધું. શલ્ય છે એનું. આહા..!

ભગવાનનું જ્ઞાન જેને બેસે અને એને મિથ્યાત્વ રહે અને સંસાર રહે એમ બને નહિ, કીધું. અરિહંત સર્વજ્ઞ પરમાત્મા જેના જ્ઞાનમાં બેઠા એને ભવ હોય તો આને ભવ હોય. અને તમે તો એમ કહો છો, કેવળીએ દીઠું તે દિ' ભવ ઘટશે, અત્યારે કાંઈ ન થાય. આ વાણી જ નથી તમારી. વીતરાગની આ વાણી નથી. આગમની આ વાણી નથી, કીધું. તે દિ' તો એ શાસ્ત્ર માનતા ને. તે દિ' ક્યાં આ દિગંબર હતું. શ્વેતાંબર શાસ્ત્રને.. પણ ઓલું અંદરનું હતું ને. પણ બધા ... ભાઈ! આ ભૂલ નહિ નડે. મૂર્તિને માનતા હો તો એ તો ભૂલ ખરી. બહુ નરમ માણસ હતા. અરે..! આ વસ્તુની તો ખબર નહોતી. આહાહા..! એની કષાયની મંદતા 'હીરાજી મહારાજ' ... આ નહિ. મહારાજ! નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. એ શલ્ય બીજું રહી ગયું છે. અનંતવાર જૈન સાધુ થઈને ગયો, ભાઈ! ત્યારે તો નગ્નની ખબરેય ક્યાં હતી. ૧૯૭૨ની વાત છે. ૧૯૭૦માં દીક્ષા. બે વર્ષની દીક્ષા. ૨૫ વર્ષની ઉંમર. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે દીઠું તેમ થાય. પણ એ સર્વજ્ઞ પરમેશ્વર જગતમાં છે એવી જેની સત્તાનો સ્વીકાર જેને થાય... આહાહા..! બાપુ! એને ભવ હોય નહિ. સમજાણું કાંઈ? એને જગતમાં ભગવાન છે એમ બેઠા કહેવાય. એમની વાતો માને, ભગવાન છે, એમાં શું થયું?

આ દૃષ્ટાંત જુઓને. સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન અને ચારિત્ર મિથ્યાત્વ છે, ભાઈ! જેમાં સત્ સત્પણે રહીને ટકે નહિ તે ધર્મ શું? સચ્ચિદાનંદ પ્રભુ, એના સત્‌ના નિવડ ભાવને જેણે પકડ્યો એનું જ્ઞાન અને સ્થિરતા એ મોક્ષનો માર્ગ છે. બાકી આ બધી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ બધા અસત્ અસત્ અસત્ જૂઠા છે. સમજાણું કાંઈ? આવું. અજર પ્યાલા છે આ તો, ભાઈ! તેથી બિચારા એમ કહે છે, 'સોનગઢ'વાળાએ તો આમ કરી નાખ્યું. એકાંત નિશ્ચય છે. વ્યવહાર એને છે નહિ. અરે..! ભગવાન! સાંભળને, ભાઈ! વ્યવહાર આવે ખરો, હોય ખરો. પણ એ ધર્મ નહિ. આહાહા..!

સમ્યગ્દર્શન ધ્રુવનું દર્શન. જ્ઞાયકભાવ, એવો પ્રભુ, એને જેણે જ્ઞાનની વર્તમાન પર્યાય દ્વારા જ્ઞાયકને પકડ્યો નથી, એવા સમ્યગ્દર્શન વિના બધું જ્ઞાન ને ચારિત્ર ને વ્રત ને બધું મિથ્યાત્વ. એની ભક્તિ કરી કરીને ધૂનમાં ચડે ને મરી જાય. 'ભગવાનજીભાઈ'! એવી ભક્તિ લગાવો, ધૂન લગાવો, ધૂન લગાવો. અમારે કહેતા એ. 'મોતીલાલ'. 'બોટાદ'. મૌનમાંથી ધૂન ને ધૂનમાંથી.. એમ એવું કહેતા. શબ્દ ઉઠ્યો અને એમાંથી આ જગત

(થયું). આમ જૈન હતા પણ. મૌન હતું પહેલું. એમાંથી ઊઠી ધૂન, ધૂનમાંથી આ બધું થયું. એવા ગપ્પા મારે. અને આમ 'શ્રીમદ્'ના ભગત કહેવાય એ. આહાહા..!

ભગવાન તો મૌનસ્વરૂપે બિરાજે છે અંદર. એમાં વિકલ્પ, શુભ રાગ, દયા, દાનનો રાગ પણ નથી. એવી ચીજની દૃષ્ટિ વિના, એવી ચીજના ભાન વિના જ્ઞાન ને ચારિત્ર સાચા હોઈ શકે નહિ. '**ઈસપ્રકાર જાનના ચાહિયે.**' આહાહા..!

---

आगे इस ही अर्थको दृढ़ करते हैं :-

**परिणामम्मि असुद्धे गंथे मुज्चेइ बाहिरे य जई।**
**बाहिरगंथच्चाओ भावविहूणस्स किं कुणइ।।५।।**

परिणामे अशुद्धे ग्रन्थान् मुञ्चति बाह्यान च यदि।
बाह्यग्रन्थत्यागः भावविहीनस्य किं करोति।।५।।

**પરિણામ હોય અશુદ્ધ ને જો બાહ્ય ગ્રંથ પરિત્યજે,**
**તો શું કરે એ બાહ્યનો પરિત્યાગ ભાવવિહીનને? ૫.**

अर्थ :- यदि मुनि बनकर परिणाम अशुद्ध होते हुए बाह्य परिग्रहको छोड़े तो बाह्य परिग्रहका त्याग उस भावरहित मुनिको क्या करे? अर्थात् कुछ भी लाभ नहीं करता है।

भावार्थ :- जो बाह्य परिग्रहको छोड़कर मुनि बन जावे और परिणाम परिग्रहरूप अशुद्ध हों, अभ्यन्तर परिग्रह न छोड़े तो बाह्यत्याग कुछ कल्याणरूप फल नहीं कर सकता। सम्यग्दर्शनादिभाव बिना कर्मनिर्जरारूप कार्य नहीं होता है।।५।।

---

## ગાથા-૫ ઉપર પ્રવચન

'આગે ઈસ હી અર્થકો દૃઢ કરતે હૈં :-...'

**परिणामम्मि असुद्धे गंथे मुज्चेइ बाहिरे य जई।**
**बाहिरगंथच्चाओ भावविहूणस्स किं कुणइ।।५।।**

અર્થ :- '**યદિ મુનિ બનકર પરિણામ અશુદ્ધ હોતે હુએ...**' મુનિ થયો, નગ્નમુનિ થયો, વસ્ત્ર છોડી દીધા. દિગંબર મુનિમાં તો નગ્નમુનિને જ મુનિ કહે છે. બીજા મુનિ હોય નહિ ત્રણકાળમાં. આ બધા શ્વેતાંબરાદિ જે વસ્ત્ર સહિત માને છે એ જૈનદર્શન નથી. એ જૈનધર્મ નથી, એ જૈનદર્શન નથી. માને, ન માને જગતની સ્વતંત્રતા છે. સમજાણું કાંઈ? એ ચૌદમી ગાથા ત્યાં વંચાણી હતી. કાલે. નહિ? ... દર્શનપાહુડની. ચૌદમી. નીચે હતી ને ત્યાં નજર ગઈ. ત્યાં લખી છે ને ત્યાં? દર્શનપાહુડની. ... ઓહોહો..!

'**મુનિ બનકર...**' મુનિની વ્યાખ્યા આ. સ્ત્રી, કુટુંબ, પરિવાર છોડે, વસ્ત્ર પણ છૂટી

જાય, પાત્ર પણ છૂટી જાય એને બાહ્ય મુનિ-વ્યવહાર કહેવામાં આવે. સમજાણું કાંઈ? જે આ વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને છે એ તો જૈનદર્શનથી તદ્દન વિરૂદ્ધ વાત છે. મિથ્યાદર્શનના પોષક છે. ગ્રાહ્ય વાત આ છે. આ તો નગ્નમુનિ જે થાય, વસ્ત્ર છોડીને. એ '**અશુદ્ધ હોતે હુએ...**' પણ એને જો અંદર રાગનો પ્રેમ છે, એ વ્રત પાળવાનો રાગ થાય એનો એને પ્રેમ અને રુચિ છે, એ અશુદ્ધ છે. આહાહા..! મિથ્યાત્વભાવ છે. અવ્વલદોમની વાતું છે આ તો, ભાઈ! આહાહા..! એ કહેશે, તરત જ કહેશે. ભાવ વિનાના પ્રભુ, શુદ્ધ વિનાના તેં નગ્નપણા અનંતવાર લીધાં અને અનંતવાર છોડ્યા એમાં શું થયું? ભાઈ! જે સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ, મિથ્યાત્વ છોડવું જોઈએ, જે હતું એ તો કર્યું નહિ મૂળમાં. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે બિચારાને જુઓને! બાયુંને મુંઝવે. તમે બાળ બ્રહ્મચારી થાવ, તમને બહુ લાભ થાશે. ત્યાં એકલાની કોણ સેવા કરશે. તમારે .. મરી જાય તો રાંડશો. ત્યારે એ કોઈનું સામું જોવા કરતા અહીં આવો તો અમારી આર્જિકાઓ સેવા કરશે, ફલાણું કરશે. એ મુંડાવો માથા. અહીં ધ્યાન રાખનારા ઘણા હોય, ત્યાં કોણ હોય? અરર..! મારી નાખે બિચારાને.

કહે છે કે અહીં તો નગ્નપણું લઈને બેસે. જે જૈનદર્શનમાં વ્યવહાર કહેવાય છે. પણ એને જો અશુદ્ધ હોય-પાંચ મહાવ્રત પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, એને માટે કરેલા આહાર પ્રાણ જાય તો પણ લેતો ન હોય. આહાહા..! એવી ઠંડીમાં હિમ પડે તો વસ્ત્રનો કટકો રાખે નહિ. તાપણી તાપે નહિ. કોઈ તાપણી કરીને બેઠું હોય ત્યાં જઈને તાપે નહિ, બેસે નહિ. એથી શું થયું? કહે છે. અંતરમાં શુદ્ધ ચૈતન્ય ભગવાન, એની સમ્યગ્દૃષ્ટિ પ્રગટ કરી નથી અને રાગની એક્તાબુદ્ધિમાં પડ્યો, એ તો અશુદ્ધતાના ભાવમાં પડ્યો છે. આહાહા..! હજારો રાણી છોડે, હજારો દુકાનના ધંધા છોડે, અબજો રૂપિયાના પૈસા છોડે, પણ ઓલી રાગની એક્તા છોડે નહિ ત્યાં સુધી અશુદ્ધતા છે, એમ કહે છે. આહાહા..!

'**અશુદ્ધ હોતે હુએ બાહ્ય પરિગ્રહકો છોડે...**' અશુદ્ધનો અર્થ રાગ, શરીર છે તે જ હું છું. પુણ્યના પરિણામ છે તે હું અને એ મને કલ્યાણનું કારણ. એ રાગથી '**અશુદ્ધ હોતે હુએ...**' બહિર્ દૃષ્ટિવાળો બાહ્ય ત્યાગ ગમે તેટલો કરે '**તો બાહ્ય પરિગ્રહકકા ત્યાગ ઉસ ભાવરહિત મુનિકો ક્યા કરે?**' આહાહા..! શુદ્ધભાવની દૃષ્ટિ તો થઈ નથી. આહાહા..! '**બાહ્ય પરિગ્રહકા ત્યાગ ઉસ ભાવરહિત મુનિકો ક્યા કરે? કુછ ભી લાભ નહીં કરતા હૈ.**' જરીએ લાભ નથી. સ્વર્ગમાં તો જાશે ને બિચારો, આ નરકમાં ન જતાં. સ્વર્ગ અને નરક બેયમાં દુઃખના અંગારા સળગે છે. સ્વર્ગમાં પણ ધૂળમાં અગ્નિ છે ત્યાં. સમજાણું કાંઈ? પુણ્યના ફળ ભોગવે છે એ રાગ અને કષાય અગ્નિ છે. સ્વર્ગમાં સુખ નથી. સ્વર્ગમાં રાગનું દુઃખ છે. સમજાણું કાંઈ? આત્માના આનંદમાં

સુખ છે એની તો ખબરું ન મળે. '**कुछ भी लाभ नहीं** કરતા है.' ધર્મમાં.

**ભાવાર્થ :- 'जो बाह्य परिग्रहको छोडकर मुनि बन जावे और परिणाम परिग्रहरूप अशुद्ध हों,...'** પરિગ્રહ એટલે રાગની પક્કડ હોય અંદર. શુભરાગ મારો. રાગ ઉપર દૃષ્ટિ છે. તત્ત્વ ઉપર દૃષ્ટિ છે નહીં, એની ખબર નથી. પુણ્યની ક્રિયાના દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, વ્રતાદિના ભાવમાં પ્રેમ છે. આહાહા..! '**अभ्यंतर परिग्रह न छोडे...**' એ રાગની એક્તા ન છોડે '**तो बाह्यत्याग कुछ कल्याणरूप फल नहीं कर सकता. सम्यग्दर्शनादि भाव बिना कर्मनिर्जरारूप कार्य नहीं होता है.**' લ્યો! સમ્યગ્દર્શન વિના એને કર્મની નિર્જરા થતી નથી. મિથ્યાદર્શનમાં તો બંધ છે. રાગની એક્તાબુદ્ધિમાં તો મિથ્યાત્વનો બંધ અને સંસારનું બંધન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे उपदेश करते हैं कि - भावको परमार्थ जानकर इसीको अंगीकार करो :-

**जाणहि भावं पढमं किं ते लिंगेण भावरहिएण।**
**पंथिय सिवपुरिपंथं जिणउवइट्ठं पयत्तेण।।६।।**

जानीहि भावं प्रथमं किं ते लिंगेन भावरहितेन।
पथिक शिवपुरीपंथाः जिनोपदिष्टः प्रयत्नेन।।६।।

**છે ભાવ પરથમ,ભાવવિરહિત લિંગથી શું કાર્ય છે?**
**હે પથિક! શિવનગરી તણો પથ [1]યત્નપ્રાપ્ય કહ્યો જિને. ૬.**

**अर्थ :-** हे शिवपुरीके पथिक! प्रथम भावको जान, भावरहित लिंगसे तुझे क्या प्रयोजन है? शिवपुरीका पंथ जिनभगवंतोने प्रयत्नसाध्य कहा है।

**भावार्थ :-** मोक्षमार्ग जिनेश्वरदेवने सम्यग्दर्शन - ज्ञान - चारित्र आत्मभावस्वरूप परमार्थसे कहा है, इसलिये इसीको परमार्थ जानकर सर्व उद्यमसे अंगीकार करो, केवल द्रव्यमात्र लिंगसे क्या साध्य है? इसप्रकार उपदेश है ।।६।।

---

## પ્રવચન નં. ૧૦૭ A, ગાથા-૬ થી ૮, શનિવાર, પોષ વદ ૪, તા.૧૨-૦૧-૭૪

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ગાથા-૫ થઈ. ગાથા પહેલા મૂકીને ... સાધુ થાય પણ જિન ભાવના, દ્રવ્ય સ્વભાવના પ્રયત્નની ભાવના ન હોય તો એ સાધુપણું કાંઈ લાભદાયક નથી. જિનભાવના. વસ્તુ સ્વભાવ છે એ વીતરાગસ્વરૂપ છે અને એની ભાવના સમ્યગ્દર્શન-

---

૧. યત્ન = પ્રયત્ન (શુદ્ધભાવરૂપ)ઉદ્યમ

જ્ઞાન-ચારિત્ર એ જિનભાવના છે. એમાં પણ સમ્યગ્દર્શન જિનભાવના છે. જેને સ્વદ્રવ્યના આશ્રયની ભાવના નથી એ બધા પુણ્ય ને દયા, દાન અને વ્રતના પરિણામની ભાવનાવાળા, એ કહે છે કે એ મિથ્યાદૃષ્ટિ અને સંસારને ... નથી.

**'આગે ઉપદેશ કરતે હૈં કિ - ભાવકો પરમાર્થ જાનકર ઈસીકો અંગીકાર કરો :-'** ભાવનો અર્થ અહીંયાં શુદ્ધભાવ.

**जाणहि भावं पढमं किं ते लिंगेण भावरहिएण।**
**पंथिय सिवपुरिपंथं जिणउवइट्ठं पयत्तेण।।६।।**

આનો અર્થ કર્યો .. કર્યું. ... ઈ કર્યો છે ને? અર્થ નથી. ઓલામાં કર્યું છે, જૂનામાં.

**અર્થ :- 'હે શિવપુરીકે પથિક!'** આહાહા..! આત્માના પરમાનંદના સ્વરૂપને પ્રાપ્ત કરનારો પથિક. પરમાનંદ પૂર્ણ સ્વરૂપ એવી જે મોક્ષદશા, એ શિવપુરી. જેમાં કાંઈ ઉપદ્રવ નથી. પરમાનંદની મૂર્તિ આત્મા પ્રગટ થાય એવા શિવપુરીના પથિક. આહાહા..! સંબોધન જુઓ! હે મોક્ષપુરીના પથિક! આહાહા..! તારો પંથ તો શિવપુરીનો પંથ છે, ભાઈ! **'પ્રથમ ભાવકો જાન,...'** પહેલામાં પહેલું ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકભાવ, શુદ્ધ ભાવ, પવિત્ર ભાવ, એને જાણ. પહેલામાં પહેલું આ જાણ એમ કહે છે. પ્રથમ કહ્યું ને? **'पढमं'** આહાહા..!

ભગવાનઆત્મા પૂર્ણ વીતરાગસ્વરૂપી બિરાજમાન પ્રભુ છે. એની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ અથવા સમ્યગ્દર્શન, એ પ્રથમ ભાવના છે. એ પ્રથમ ભાવ છે. આહાહા..! લ્યો! આ કહે છે ને કે પહેલા વ્યવહાર કરવો, વ્યવહાર (કરતાં) પછી સમ્યગ્દર્શન થાય. વ્યવહાર તો રાગ છે, વિકલ્પ છે, પરાશ્રિત પ્રવૃત્તિ છે. હેય છે. અહીં તો પ્રભુ આત્મા શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદ, એની અંતર સન્મુખ થઈને જે શ્રદ્ધા-જ્ઞાન થાય એ પ્રથમ **'पढमं'** લિંગ છે. આહાહા..! ધર્મનું ચિહ્ન, લિંગ અને એંધાણ, આ છે પહેલું.

**'પ્રથમ ભાવકો જાન,...'** શુદ્ધ ભાવ ત્રિકાળી ચૈતન્યમૂર્તિ પ્રભુ, વસ્તુ સ્વભાવ, એને જાણ. આહાહા..! **'ભાવરહિત લિંગસે તુઝે ક્યા પ્રયોજન હૈ?'** અંતર ચૈતન્ય દ્રવ્ય જે વસ્તુ છે, એની શ્રદ્ધા-જ્ઞાનની ભાવના વિના એ વીતરાગ સ્વરૂપી પ્રભુ એની વીતરાગી પર્યાય વિના બાહ્ય લિંગથી પ્રયોજન શું છે? જુઓ! વીતરાગમાર્ગ. આહાહા..! એ પંચમહાવ્રત ને નગ્નપણા, એ વ્યવહાર સમિતિ, ગુપ્તિ. એ શું છે? એ ચીજ શું છે? આહાહા..! ઓલા કહે છે ને કે નિવૃત્તિવાળાને પ્રવૃત્તિ પણ કરવી. આહાહા..! નિવૃત્તિવાળાએ પ્રવૃત્તિ કરવીનો અર્થ શું? રાગ કરવો? અને બીજાને સુખ-દુઃખમાં મદદ કરવી. સાધકને એટલું તો હોવું જોઈએ ને. બીજાને પણ કાંઈ કરવું. કોણ કરે? ભાઈ!

આહાહા..! રાગનું થવું અને કરવું એ જ જ્યાં સ્વરૂપને વિઘ્નકારક છે. આહાહા..! પરનું કરવું તો જીવમાં નથી, રાગનું કરવું નથી. અને દ્રવ્યમાં પર્યાયનું કરવું પણ નથી. આવો શિવપુરીનો પંથ છે. આહા..!

કહે છે કે '**ભાવરહિત...**' ભાવનો અર્થ આ દ્રવ્ય સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય, એની શ્રદ્ધા અને ભાવ. જિનભાવ. આહાહા..! ત્રિકાળી વસ્તુના આશ્રયવાળો ભાવ. એને અહીંયાં ભાવ કહે છે. એ '**ભાવરહિત લિંગસે તુઝે ક્યા પ્રયોજન હૈ? શિવપુરીકા પંથ...**' શિવપુરી, મોક્ષદશા, પૂર્ણ મોક્ષદશારૂપી શિવપુરી. એનો પંથ તો '**જિનભગવંતોને પ્રયત્નસાધ્ય કહા હૈ.**' ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં પ્રયત્ન કરવો એ પ્રયત્નથી સ્વભાવ સાધ્ય થાય છે. સમજાણું કાંઈ? આ તો પ્રયત્ન ... વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવ, એકલો અનાકુળ આનંદનો કંદ પ્રભુ, એમાં સ્વભાવ પ્રત્યેનો પ્રયત્ન, જિનવરે તો એ કહ્યું છે.

ત્રિકાળી ચૈતન્ય જ્ઞાયકપિંડ પ્રભુ દ્રવ્યસ્વભાવ, એને '**શિવપુરીકા પંથ જિનભવંતોને પ્રયત્નસાધ્ય કહા હૈ.**' સ્વરૂપમાં પ્રયત્ન કરવો એનાથી તે સાધ્ય થાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? જે પ્રયત્ન અનાદિથી પુણ્ય અને પાપમાં ભ્રાંતિમાં વર્તી રહ્યો છે, એ પ્રયત્નને સ્વભાવમાં જોડી દે. આહાહા..! અહીં તો મોક્ષમાર્ગી તરીકે જ એને સંબોધ્યો. હે મોક્ષમાર્ગના પથિક! શિવનગરીમાં જનારો તું. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' કેટલી કરુણાથી આનો ઉપદેશ કહે છે. શિવપુરીના પથિક પ્રભુ! તારો નિત્યાનંદ ભગવાન સ્વભાવ છે, એને તું પ્રયત્નથી સાધ. એની મેળાએ કોઈ પુરુષાર્થ વિના મળી જાય એવી ચીજ નથી. એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**શિવપુરીકા પંથ...**' મોક્ષનો પંથ પરમાત્માએ, જિનેશ્વરદેવે, વીતરાગી પર્યાયમાં સર્વજ્ઞ થઈને પ્રગટેલી દશાવાળા પ્રભુએ તો આ કહ્યું છે. આહાહા..! જેની દશામાં વીતરાગ અને સર્વજ્ઞતા પ્રગટી છે, એણે શિવપુરીનો પંથ અંતર સ્વભાવમાં પ્રયત્ન કરવો એ ભગવાને કહ્યું છે. સમજાય છે આમાં? અંતર્મુખ પ્રયત્ન કરવો એ ભગવાને કહ્યું છે, એમ કહે છે. '**હે શિવપુરીકે પથિક!**' વીતરાગ દેવોએ, કેવળીઓએ, પરમાત્માએ.. આહાહા..! એ પંથને પ્રયત્ન સાધ્ય કર્યો છે. એમ કહ્યું ને? '**जिणउवइट्ठं पयत्तेण**' આહાહા..! આમ તારું જે વલણ પર તરફ છે... એમ કહે, એને ત્રિકાળી ભગવાન આનંદનો નાથ એના તરફનો પ્રયત્ન ફેરવી નાખ. આહાહા..! અને પ્રયત્નથી જ સાધ્ય છે. પરમાત્મા પોતે પ્રયત્નથી સાધ્ય થાય છે. સમજાણું કાંઈ? લ્યો! આમાં તો કાળલબ્ધિ ને બધું કાઢી નાખ્યું ને પ્રયત્નસાધ્ય કહ્યું. આહાહા..! કાળલબ્ધિનો અર્થ? એ જે સમયે સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરે, એનું ભાન થયું ત્યારે આ કાળલબ્ધિ છે એમ જ્ઞાન થયું. ... કાળલબ્ધિ લઈ પંથનો.. એ આ .. આનંદ.. એ જિનજી જાણજો. કાંઈ જિજ્ઞાસુ છે એ કાળલબ્ધિની આશાએ પડ્યા છે. ત્યારે જિનનો માર્ગ પામશું.

કો'ક કહે છે ને કાળલબ્ધિ. પણ કાળલબ્ધિ,.. એણે કરવાનું છે એ પર્યાય ઉપર જોવાનું છે? એને જોવાનું તો અંતર ચૈતન્યમૂર્તિ વીતરાગબિંબ પ્રભુ, અકષાય સ્વભાવનો એકલો રસ એ આત્મા. એમાં પ્રયત્ન કરવો એમ જિનવરદેવે કહ્યું છે. એમ કહીને પુણ્ય-પાપમાં પ્રયત્ન કરવો કે પરમાં પ્રયત્ન કરવો એ કાંઈ વસ્તુનુ સ્વરૂપ નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વીતરાગ મારગડા ભારે જુદા, ભાઈ! દુનિયાની સાથે મેળ ખાય નહિ. વાંધાવચકા તકરારું કરે.

અહીં તો (કહે છે), પથિક. આહાહા..! શિવપુરીનો પંથ. પથિક. શિવપુરીનો પંથ. એમ બેવાર લીધું. શિવપુરીને પંથે ચાલનારો, પણ તારો પંથ કેવો છે? '**जिणउवइट्ठं पयत्तेण**' ત્રિલોકનાથ પરમાત્માએ તો પુરુષાર્થથી સાધ્ય થાય છે એમ કીધું છે. થવાનું હશે તે થશે, બનવાનું હશે તે બનશે. આપણે શું કામ? એમ નથી કહ્યું અહીં. આહાહા..! ભગવાને જોયું છે એનો પ્રયત્ન શું? તારા સ્વભાવમાં એનું બહુમાન આવે. આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા વીતરાગરસે રેલમછેલમ થઈ ગઈ દશા જેની. આહાહા..! જેની વીતરાગી પર્યાય અને સર્વજ્ઞ પર્યાય એટલે જ્ઞાન અને ચારિત્રની પર્યાય ત્યાં પૂરી થઈ ગઈ. દર્શન તો છે જ.

એવા ભગવાને શિવપુરીનો પંથ, શિવપુરીના પથિકને. એમ. શિવપુરીનો પંથ. નમોત્થુણંમા આવે છે ને શિવમયમ નમોત્થુણંમાં આવે છે શિવમયમ. આહાહા..! '**हे शिवपुरीके पथिक!**' શિવપુરનો પંથ તો જિનેશ્વરદેવે પ્રયત્ન સાધ્ય કહ્યો. જુઓ! આવા ... આહાહા..! એનો અર્થ કે જિનેશ્વરદેવે સ્વભાવસન્મુખના પ્રયત્નની વાત કરી છે. સમજાણું કાંઈ? શિવપુરીના પથિકને શિવપુરીનો પંથ સ્વભાવ તરફના પ્રયત્નની વાત કરી છે પરમાત્માએ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભગવાને દીઠું હશે તે દિ' થાશે. એવું વેદન કરી કરીને ભૂલી ગયો છે.

મુમુક્ષુ :- ભગવાને જાણ્યા...

ઉત્તર :- ભગવાને તો આ કહ્યું. તારો પરમાત્મા અંદર ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદ છે એ પ્રયત્નથી સાધ્ય છે. સ્વભાવના પુરુષાર્થથી સાધ્ય છે. એ રાગના પુરુષાર્થથી, નિમિત્તના પુરુષાર્થથી સાધ્ય છે નહિ. આહાહા..! બીજી રીતે કહીએ કે વ્યવહારના પુરુષાર્થથી તે પ્રાપ્ત છે નહિ. આહાહા..! શું થાય? લોકોએ બહારના વ્યવહારને એટલી મહિમા આપી દીધી કે જે વસ્તુનું મહાત્મ્ય જ નથી એટલું.

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય શાંતિરસનો સાગર આત્મા, એનો પંથ તો અંદર પ્રયત્ન સાધ્ય કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલામાં નથી કહ્યું? એમાં આવે છે નહિ? 'અધ્યાત્મપંચસંગ્રહ' જ્ઞાનદર્પણમાં. એમાં નાખ્યું છે કે હોનહાર હોનહાર તું કહે છે, ભગવાને ઉપદેશ પુરુષાર્થનો કર્યો એ શું છે? ભગવાને કહ્યું છે,

આ પુરુષાર્થકર. એ વાત ક્યાં રહી તારી? ભલે તું હોનહારને ... પણ એનો અર્થ એ પર્યાયમાં પુરુષાર્થતે વ્યવહાર છે. ત્રિકાળ દ્રવ્ય ઉપર જાવું ... દ્રવ્ય તે નિશ્ચય છે. આહાહા..! બહુ ટૂંકી વાત અને બહુ મજબુત વાત. મજબુત દઢ એવો ભગવાનઆત્મા, દઢ નિત્ય ધ્રુવ એવો પ્રભુ આત્મા, એનો પંથ તો પ્રયત્ન સાધ્ય છે, કહે છે. આવે છે .. જ્ઞાનીની ભૂમિકા પુરુષાર્થસાધ્ય છે. આહાહા..! એ પુરુષાર્થ ક્યો? પુણ્ય-પાપનો નહિ. આહાહા..! જિનવરે કહેલો ઉપદેશ એટલે કે જિનભાવના, ત્રિકાળી જિનસ્વરૂપ જે છે એની ભાવના, એનું નામ પ્રયત્ન અને પુરુષાર્થ છે. વ્યવહાર-બ્યવહારનો પુરુષાર્થ એ બધો રખડવાનો પુરુષાર્થ છે, એમ કહે છે. આહાહા..!

અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એનો પુરુષાર્થ પણ રાગ છે, નપુંસકતા છે કહે છે. આહાહા..! પ્રયત્ન તો એને (કહીએ), પ્ર-યત્ન. પ્ર-વિશેષે, યત્ન-જત્ન, જોડાઈ જાય ચૈતન્યના સ્વરૂપમાં એને અમે પ્રયત્ન કહીએ છીએ. આહાહા..! એમ જિનવરદેવે સમવસરણમાં પરમાત્માએ આમ કહ્યું, એ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે પરમાત્મા તો આમ કહે છે. શિવપુરીના પંથ. પહેલાં પથિક કહ્યું. પણ હે શિવપુરીના પથિક! તારી નગરી તો શિવપુરી છે, બાપુ! ત્યાં તારે તો વસવાનું છે. તારું નગર અને રાજ તો ત્યાં છે. આહાહા..!

શિવપુરીનો પંથ.. ભારે ગાથા આવી, ભાઈ! જિનેશ્વરદેવે પ્રયત્નસાધ્ય કહ્યો છે. એનો અર્થ કે સ્વસન્મુખ થવાનો પુરુષાર્થ એમાંથી પ્રાપ્ત થાય છે. આહાહા..! પરસન્મુખના પ્રયત્નથી તે પ્રાપ્ત થતો નથી. આહાહા..! આવી સ્પષ્ટ વાત છે છતાં ગોટા વાળે. આહાહા..! હજી એની શ્રદ્ધામાં એ વાત બેસે નહિ. આહાહા..! ભાઈ! તારા જન્મ-મરણના ઉદ્ધારનો પંથ તો આ છે. આહાહા..!

જોયું ને કાલે સાંભળ્યું. આ 'ઉમેદભાઈ'એ કીધું. 'અનોપચંદ'નો દીકરાનો દીકરો. ઓહોહો..! કુંડલાવાળા અનોપચંદનો. ... કર્યો છે. .. સોળ દિ'થી હાથ આવતો નથી. 'મુંબઈ'માં. આહાહા..! ... ... યુવાનજોધ છે. હમણા અહીં આવ્યો હતો મહિના પહેલા. પહેલા ... પડી ગયા. પછી એમ થયું કે સોળ દિ' થયા હાથ નથી આવતો આ. સત્તર દિ' થયા. ઓહોહો..! આ સંસાર! .. લઈ ગયા છે. ... એને જ ભાળે, એમ કહે છે. આ ... ગયો ને ... પાછળ પાછળ જાય એની વાત છે આ તો. આહાહા..! બાપુ! ભગવાન છે અંદર. એની પાછળ જાને, એની સામું જાને. આહાહા..! ભાઈ! તને જિનવરનો માર્ગ ત્યાં પ્રાપ્ત થશે. એ કંઈ બહાર નથી કે બહારથી મળે એવો છે. પણ જેને ચાર ગતિના દુઃખનું દુઃખ લાગ્યું હોય એને માટે આ છે. સ્વર્ગમાં પણ જેને સુખ લાગતું હોય તો એને આ રીતે નહિ થાય. ચારે ગતિ... આવે છે ને? ચારે ગતિ દુઃખથી ભરી. યોગસારમાં.

ચારે ગતિમાં ઊપજવું એ દુઃખી-દુઃખી થવું છે. શિવપુરીમાં ઉપજવું એ સુખી થવું છે. આહાહા..! એ શિવપુરીનો પંથ ઉપર હે પથિક! જિનવરદેવે તે તો અંતર સ્વભાવસન્મુખના પ્રયત્નને સાધ્ય કહ્યો છે. આહાહા..! એની મેળાએ માર્ગ મળી જાય એવી ચીજ નથી. પુરુષાર્થ સાધ્ય છે. આહાહા..! ભારે આકરું પડે જગતને. વ્રત પાળ્યા, તપસ્યા કરી માટે ... અનંતવાર દ્રવ્યલિંગી થયો. ભગવાન તે તારો આત્મા એક એક શક્તિ વીતરાગી શક્તિથી ભરેલું તત્ત્વ છે. એવી અનંતી શક્તિનો સાગર પ્રભુ ઉછળે છે અંદર. આહાહા..! એના તરફના પ્રયત્ન સાધ્યથી તેને પ્રાપ્ત થાય છે. પ્રભુ! તારો પંથ તો અંતરમાં જવાનો પ્રયત્ન સાધ્ય છે એ પંથ છે. આહાહા..! હવે આ કહે કે વચ્ચે વ્યવહાર જોઈએ, વ્યવહાર પણ ત્યાં .. પોતાનું સાધવું? એ તો નિષ્ક્રિય જડ થઈ ગયો, એમ કહે છે. અરર..! પ્રભુ! આહાહા..! અંતરમાં સાધન કરે છે એ તો.. ક્રિયાવાળો રાગની અપેક્ષાએ કહો, પણ સ્વભાવની પરિણતિ અપેક્ષાએ સક્રિય અને ચૈતન્ય જાગૃત છે એ તો. જડ નથી. આહાહા..! બહુ ફેરવી નાખ્યું. ચોર કોટવળાને દંડે, એવું કર્યું. ઓહોહો..! પ્રભુ! માર્ગ તો આવો છે, ભાઈ! બીજી રીતે કંઈપણ ફેરવીશ બાપુ! ફરી જઈશ તું. ચાર ગતિના ફેરામાં પડીશ. આહાહા..! જોયું ને આવો કાળ કલકત્તામાં લઈ જાય છે, જુઓને! માણસને ઉપાડી જાય, એના હાથ ને પગ કાપી નાખે. અને ભીખ મંગાવે. નજરે જોયું છે 'કલકત્તા'માં. ઓલી રેકડી હોય ને? ... હોસ્પિટલમાં.. આહાહા..! આવા પરાધીન મિથ્યા અને રાગ-દ્વેષમાં દુઃખી...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. દાક્તરો અને એના માણસો એવું કરે કે અમને તો કંઈ... આહાહા..! સો રૂપિયા હોય. એ પછી એને .. બધા વેચી નાખે. અરર..! શું કર્યું પ્રભુ! તેં? ક્યાં જાવું છે? તારો પંથ તો આ છે, ભાઈ! રેકડીમાં નાખે, જોયું છે. વડોદરાની. મા-દીકરી મુંબઈમાં જતા. થોડી દૂર પડી. આઘી થોડી. .. આવી, ઉપાડી ગઈ. એણે લઈને આંખ ફોડી નાખી. ... માગવા. ત્યાં એની મા વળી આવી પાછી ફરીને. ત્યાં એ માગતી દેખી. અરે..! આ તો મારી દીકરી છે. એમ કીધું તો ઓલા .. ભાગી ગયો. અરર..! આવા .. શું કરે છે, પ્રભુ! તું આ? ક્યાં જાવું છે ભાઈ! તારે? આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, તું પ્રભુ ભવ્યજીવ છો. શિવપુરીનો પથિક છો. આહાહા..! તારે તો એ પંથે જવાની વાત છે. અને એ પંથ તો વીતરાગ સર્વજ્ઞદેવોએ ગણધરો અને ઈન્દ્રોની વચ્ચે તો આ કહ્યો છે. અંતર્મુખના પ્રયત્ન સાધ્યે અંતર ભગવાન મળે એવો છે. સમજાણું કાંઈ? ભારે આકરું (પડે) લોકોને. ભાઈ! માર્ગ તો આ છે. કીધું ને એ **'पुरिपंथं'** હે પથિક! તારો પંથ તો આ છે, પ્રભુ! બીજો ગોતવા જાઈશ તો નહિ મળે. એ આત્મા ત્યાં નહિ મળે. વ્યવહારના દયા, દાન, વ્રત, તપસ્યાના ભાવ,

ભક્તિ, જાત્રાના ભાવ, બાપુ! ત્યાં એમાં આત્મા નહિ મળે. એમાં તો ગતિ મળશે. રખડવાના દુઃખની ગતિ ઘણી કરી. આહાહા..!

**ભાવાર્થ :- 'મોક્ષમાર્ગ જિનેશ્વરદેવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મભાવસ્વરૂપ પરમાર્થસે કહા હૈ,...'** આહાહા..! ભગવાનઆત્મા, જેનો સ્વભાવ ચૈતન્ય આનંદાદિ સ્વભાવ, એવું આત્મભાવ સ્વરૂપ, એની દૃષ્ટિ-જ્ઞાન અને શાંતિ એ આત્મસ્વભાવ સ્વરૂપ મોક્ષમાર્ગ છે. એ રાગાદિ કોઈ મોક્ષમાર્ગ નથી, આત્મસ્વરૂપ ભાવ નથી. આહાહા..! મોક્ષનો માર્ગ જિનેશ્વરદેવે .. હિન્દી ભાષા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે આત્મભાવસ્વરૂપ. એમ. એ આત્મભાવસ્વરૂપ (છે). આહાહા..! શુદ્ધ ચૈતન્ય ભગવાનની સમ્યગ્દષ્ટિ, એનું જ્ઞાન અને એની રમણતા એ આત્મભાવરૂપ છે. વ્યવહારનો શુભભાવ આદિ તે આત્મભાવરૂપ નહિ. આહાહા..! ઓલા નથી ...માં નથી આવતું? ...નું... એના દિકરાને ડાકુ લઈ ગયા હતા. ડાકુ લઈ ગયા. એટલે છોકરાએ એમ કહેવરાવ્યું, બાપુજી! દસ હજાર રૂપિયા આપો. હું રહીશ ... ન આપ્યા. એ ડાકુએ મારી નાખીને ગામને પાદર મૂકી ગયા. આહાહા..! .. આવે છે ને. વાત આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પંદર-વીસ? આવે છે. ... દસ હજારનું કીધું. પછી મોટી .. મૂકી, હોં! એટલે ડાકુએ કહ્યું કે દસ હજાર તારો બાપ આપે તો છોડી દઉં. એણે લખ્યું, બાપુ! દસ હજાર આપો. હું આવીશ તો રળીશ. ન આપ્યા. મારી નાખીને મૂકી ગયા. આહાહા..! શું આ દશાઓ જન્મ-મરણની! બાપુ! એનાથી છૂટવું હોય તો આ પંથ છે.

ભગવાન અંદરમાં પૂર્ણ વીતરાગ સ્વભાવે ભરેલો પ્રભુ છે. આહાહા..! એનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મભાવસ્વરૂપ છે. પરમાર્થથી એને મોક્ષમાર્ગ કહ્યો છે. છે ને? **'આત્મભાવસ્વરૂપ પરમાર્થસે કહા હૈ,...'** આહાહા..! વસ્તુ ત્રિકાળી ભગવાનની શ્રદ્ધા અંતર સન્મુખની નિર્વિકલ્પ શ્રદ્ધા. નિર્વિકલ્પ એટલે વીતરાગી શ્રદ્ધા, વીતરાગી વેદનનું જ્ઞાન. આહાહા..! અને વીતરાગી રમણતારૂપ ચારિત્ર, એ આત્મભાવસ્વરૂપ ભગવાને કહ્યું છે. એ આત્મભાવરૂપ છે. આહાહા..! પચ્ચીસ વર્ષનો જુવાન છોકરો, બે વર્ષના પરણેતરે મરી ગયો. .. પરમાં દેખાય. દિકરો ...આહાહા..! એ વખતે જુઓ કાળો કકળાટ કરે અંદર. પણ એને ખબર નથી, બાપુ એ તો સંયોગી ચીજ છે એટલે એમ જ થાય ત્યાં. આહાહા..! એ તારી સ્વભાવિક ચીજ (નથી).

મુમુક્ષુ :- દસ હજાર રૂપિયા એના બાપે ન આપ્યા અને પેલાએ મારી નાખ્યો, એ બેમાં આકરા પરિણામ કોના?

ઉત્તર :- એ તો કાંઈ.. એને બિચારાને એમ કે .. એમ કે દસ હજાર વગર એમ ને એમ લઈ જાય? મારી નાખશે એને ખબર નહિ. સંસારમાં તો એવું બને

છે, બાપુ! આહાહા..! જીવતા આંખમાં મરચા ભરે, જીવતા તેજાબ છાંટે શરીરમાં. આહાહા..! નરકમાં આવા દુઃખ ભોગવ્યા બાપા તેં, ભાઈ! તને ખબર નથી. અહીં આવ્યો, જ્યાં જન્મ્યો, પચ્ચીસ-પચાસ વર્ષની ઉંમર ને શરીર કાંઈક ઠીક ને, બાયડી-છોકરા ને પાંચ-પચાસ લાખ પૈસા થયા.. ત્યાં આહાહા..! ભાઈ! એ બધી ચીજો ભૂતાવળની જાળ છે બધી, ભાઈ! એ બધી ભૂતાવળ છે. આહાહા..! એ તારી ચીજ નહિ. પ્રભુ! તારી ચીજ તો અંતર આત્મસ્વભાવ છે પૂર્ણાનંદ. એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, એને આત્મભાવસ્વરૂપ કહ્યો. પર્યાયની વાત છે, હોં!

**'ઈસલિયે ઈસીકો પરમાર્થ જાનકર સર્વ ઉદ્યમસે અંગીકાર કરો,...'** પહેલો એ ભગવાનઆત્મા કેવડો અને કેમ છે એનું જ્ઞાન કરીને એમાં ઠરો. આહાહા..! ત્યાં જાવ.. ત્યાં જાવ.. ભાઈ! આહાહા..! ભારે માર્ગ. દુનિયાથી.. આહાહા..! એક તો આવા સાધુ નામ ધરાવીને જગતને કહે, પ્રવૃત્તિ કરવી એ સાધુ જીવનું કર્તવ્ય છે. એ પણ એક માર્ગ છે. અરે..! ભગવાન! પ્રભુ! આ શું કહે છે? ભાઈ! જિનવરદેવે તો આ કહ્યું છે. ત્રિલોકનાથ પરમાત્મા, એની ઈચ્છા વિનાની વાણીમાં આ આવ્યું. પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ કરવા જેવું એ કાર્ય છે. એ પરમાર્થ છે. પરમાર્થમાં પરની મદદગીરી થવી પરમાર્થ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આકરી વાતું, બાપા!

કીધું ને? **'ઈસીકો પરમાર્થ જાનકર સર્વ ઉદ્યમસે અંગીકાર કરો,...'** આહાહા..! આ પરમાર્થ. ઓલો પરમાર્થ બીજાને દુઃખી દેખીને દુઃખ ટાળવા, પૈસા આપવા, અનાજ આપવા.. બાપુ! એ તો પરની ચીજ છે. એ લેવા-દેવાની ક્રિયામાં તારો અધિકાર નથી. તારા પરિણામ થાય ત્યાં શુભ. બીજાને આહાર-પાણી દેવા ને... એ શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે. ભગવાન અબંધ સ્વરૂપમાં તો બંધનું કારણ થયું એ તો. આહાહા..! એ કાંઈ પરમાત્મમાર્ગ નથી. આહાહા..!

**'કેવલ દ્રવ્યમાત્ર લિંગસે ક્યા સાધ્ય હૈ?'** ભગવાન! એકલું દ્રવ્યપણું, પંચમહાવ્રત ને નગ્નપણું, બાર વ્રત ને લંગોટી ને ક્ષુલ્લક આદિ... આહાહા..! એને શું સાધ્ય છે? એમાં તને સાધ્ય શું? પ્રાપ્ત શું થાય? **'ઈસપ્રકાર ઉપદેશ હૈ.'** ભગવાન તીર્થંકરોનો સર્વજ્ઞદેવોનો આ ઉપદેશ છે. બહારના સુખના સાધન દેખીને ન લલચા, પ્રભુ! એ સુખનું સાધન તો પ્રભુ તારી અંદરમાં છે. આહાહા..! 'રસિકભાઈ'! બે-પાંચ-દસ લાખની મૂડી હોય, દીકરા સારા થયા હોય. સુખના સાધનમાં ખેંચાઈ જાય. આહાહા..! ભાઈ! ત્યાં સુખ નથી. એ સુખના સાધન નથી. ભાઈ! તારા સુખનું સાધન તો અંતર્મુખમાં પરિણતિ થવી તે છે. આહાહા..! આવો માર્ગ ભારે કઠણ પડે. પછી કહે, આ નિશ્ચય-નિશ્ચય .. વ્યવહાર. અમે તો બેય વાતું કરીએ. આ 'પૂનમભાઈ' કહેતા હતા કે આપણામાં ને એનામાં ફેર શું? એકલી નિશ્ચયની વાતું કરે છે. વાતું નહિ, બાપા! નિશ્ચયના ભાવની

વાત છે. આહાહા..! અહીં તો નિશ્ચય અને વ્યવહાર બેય અમે કહીએ છીએ. એટલે શું? આહાહા..! વ્યવહાર, વ્યવહારના સ્થાનમાં હોય પણ એ કોઈ માર્ગ નથી.

आगे कहते हैं कि द्रव्यलिंग आदि तूने बहुत धारण किये, परन्तु उससे कुछ भी सिद्धि नहीं हुई :-

**भावरहिएण सपुरिस अणाइकालं अणंतसंसारे।**
**गहिउज्झियाइं बहुसो बाहिरणिग्गंथरूवाइं।।७।।**

भावरहितेन सत्पुरुष! अनादिकालं अनंतसंसारे।
गृहीतोज्झितानि बहुशः बाह्यनिर्ग्रंथरूपाणि।।७।।

**સત્પુરુષ! કાલ અનાદિથી નિઃસીમ આ સંસારમાં,**
**બહુ વાર ભાવ વિના બહિર્નિર્ગ્રંથરૂપ ગ્રહ્યાં-તજ્યાં. ૭.**

अर्थ :- हे सत्पुरुष! अनादिकालसे लगाकर इस इनन्त संसारमें तूने भावरहित निर्ग्रन्थरुप बहुतबार ग्रहण किये और छोड़े।

भावार्थ :- भाव जो निश्चय सम्यग्दर्शन-ज्ञान-चारित्र उनके बिना बाह्य निर्ग्रन्थरुप द्रव्यलिंग संसारमें अनन्तकालसे लगाकर बहुत बार धारण किये और छोड़े तो भी कुछ सिद्धि न हुई । चारों गतियोंमें भ्रमण ही करता रहा ।।७।।

## ગાથા-૭ ઉપર પ્રવચન

'આગે કહતે હૈં કિ દ્રવ્યલિંગ આદિ તૂને બહુત ધારણ કિયે, પરંતુ ઉસસે કુછ ભી સિદ્ધિ નહીં હુઈ :'

**भावरहिएण सपुरिस अणाइकालं अणंतसंसारे।**
**गहिउज्झियाइं बहुसो बाहिरणिग्गंथरूवाइं।।७।।**

**अर्थ :-** '**હે સત્પુરુષ!**' આહાહા..! પાઠમાં છે. '**सपुरिस**' ઓલામાં પથિક લખ્યું. '**હે સત્પુરુષ!**' આને કહીએ. આહાહા..! '**અનાદિકાલસે લગાકર...**' બાપુ! અનાદિથી થઈને અનંત સંસારમાં, અનંતકાળમાં પૂર્વ '**તૂને ભાવરહિત...**' સમ્યગ્દર્શન એવો જે શુદ્ધભાવ, સ્વભાવને આશ્રયે પ્રગટ થયો જે શુદ્ધભાવ, એના વિના '**નિર્ગ્રંથરૂપ બહુતબાર ગ્રહણ કિયે...**' એકલા વસ્ત્રવાળાની તો અહીં વાત પણ નથી. વસ્ત્રસહિત એ તો દ્રવ્ય નિર્ગ્રંથ પણ નથી. આ તો નિર્ગ્રંથ નગ્ન મુનિપણું તેં અનંતવાર લીધું. આહાહા..! હજારો રાણીને છોડી, રાજને છોડ્યા, દુકાનો છોડી, વેપાર છોડ્યા અને નગ્નપણું, માતાએ જન્મ્યો એવો મુનિપણાનો વેષ અનંતવાર લીધો. આહાહા..! '**ઔર છોડે.**' એવા દ્રવ્યલિંગ

અનંતવાર આવ્યા અને ગયા. એમાં કાંઈ આત્માની વીતરાગી દૃષ્ટિ વિના એને દ્રવ્યલિંગ પણ વ્યવહારે કહેવામાં આવતું નથી. આહાહા..! છે ને પાઠ? '**गहिउज्झियाइं**'. એ મુનિપણા જેને.. કીધું ને? 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' નગ્નમુનિ, દિગંબર, પંચમહાવ્રતનો પાળનાર અનંતવાર (થયો). બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાવવા આવે તો રૂવાંટુ ફરે નહિ. એવી જેની શરીરની ક્રિયા અને બ્રહ્મચર્યની ક્રિયા. પણ એ સમ્યગ્દર્શન વિના થોથા છે બધા. સમજાણું કાંઈ? જૈનમાર્ગ એટલે વીતરાગભાવ જ્યાં ન આવ્યો, એ વિના આ બધી રાગની ક્રિયાઓ અનંતવાર ગ્રહી અને છોડી, એથી કાંઈ જીવને સંસારનો અંત આવતો નથી.

'**તૂને ભાવરહિત...**' ભાવ એટલે આ શુદ્ધભાવ. ચૈતન્ય જિનભાવના. વીતરાગી સ્વરૂપની અંતરમાં ચૈતન્ય દ્રવ્યને સ્પર્શીને થતી એકાગ્રતા. આહાહા..! એવા ભાવ વિના તેં આવા મુનિપણા અનંતવાર લીધા અને છૂટી ગયા. એથી તને શું લાભ છે? ભાઈ!

**ભાવાર્થ :- 'ભાવ જો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર...'** એ વ્યાખ્યા કરી. સ્વરૂપ ભગવાનઆત્માનું, એની દૃષ્ટિ અને જ્ઞાન અને એની રમણતા એવું જે પરમાર્થ એનું સ્વરૂપ. નિશ્ચય. 'ઉનકે બિના બાહ્ય નિર્ગ્રંથરૂપ દ્રવ્યલિંગ સંસારમેં અનંતકાલસે લગાકર બહુત બાર ધારણ કિયે...' ઓહોહો..! અનંતવાર જૈન સાધુ દિગંબર થયો અને છૂટી ગયું. વીતરાગમૂર્તિ પ્રભુને તેં પકડ્યો નહિ. આવી ક્રિયાકાંડમાં રાગને પકડીને અનંતકાળ ગાળ્યો. આહાહા...! એવા '**નિર્ગ્રંથરૂપ દ્રવ્યલિંગ સંસારમેં અનંતકાલ લગાકર બહુત બાર ધારણ કિયે...**' અનંતવાર ધારણ કર્યા. આહાહા..! '**ઔર છોડે...**' છૂટી ગયું. વસ્તુ કાંઈ હતી નહિ. વીતરાગભાવ પ્રગટ્યો નહિ. સમ્યગ્દર્શન જિનભાવના એ તો આવી નહિ. એ કરી નહિ-પ્રગટ કરી નહિ. આવા ભાવમાં રહીને રખડી મર્યો. એમાં પછી આવા પણ ભવ થાય. કોઈ ઉપાડી જાય ને મારી નાખે ને.. આહાહા..! ઓલા નહોતા લઈ ગયા ત્રણ-ચાર જણા? દિગંબર. છૂટી ગયા. ચાર જણા જાત્રામાં જતા હતા. પકડી ગયા. ... આહાહા..! પકડીને લઈ જાય ત્યાં .. આહાહા..! ગૃહસ્થના દીકરા હોય પૈસાવાળા, ટાઈમસર ચા, ટાઈમસર ટીકડી, ટાઈમસર રોટલી, ટાઈમસર સૂવું. એ આ ડોક્ટર-વૈદ્ય ત્યાં શું કરે? ઊંઘેય ક્યાં આવે. આ આત્માના સમ્યગ્દર્શન વિના આવા ભવ અનંતવાર કર્યા, એમ કહે છે. આહાહા..! એના .. પણા જ્યારે અનંતવાર થયા બાહ્ય, આવા ભવ તો અનંતવાર થયા. એથી અનંતગુણા.

'**ચારોં ગતિયોંમેં ભ્રમણ હી કરતા રહા.**' આહાહા..! ચાર ગતિમાં રખડ્યો. અહીં મોટો શેઠિયો અબજોપતિ કહેવાય. મોટા ડોક્ટરો ઊભા હોય, આમ ... ખમા ખમા ઢોલીયામાં એ મરીને નરકે જાય. આહાહા..! એ વાત કરે છે. ચાર ગતિમાં તેં ભ્રમણ કર્યું, ભાઈ! બહારની ચીજમાં બહિરાત્મપણાનું સાધન એટલે ચાર ગતિ મળેલ છે. બાહ્ય

નિર્ગ્રંથપણું છે એ રાગ છે. બહારની ક્રિયા છે. એના પ્રેમમાં તો બહિરાત્મપણું છે. એ આત્મામાં નહિ આવી શકે. બહારમાં રખડશે ચાર ગતિમાં. આહાહા..! અરે..! આવો વીતરાગ માર્ગ અરિહંત સર્વજ્ઞએ કહ્યો એ સાંભળવા ન મળે. આહાહા..! એનું શું થાશે?

'શ્રીમદ્દે' કહ્યું ને? 'બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઈ, જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહીં.' કરુણા ઉપજે જોઈ. 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ; માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.' તારા સરવાળા શું આવશે? પ્રભુ! અહીંયાંથી ક્યાં જઈશ? બાપુ! જ્યાં અનંત કાળ રહેવું છે. એ રાગના પ્રેમમાં પડ્યો જઈશ ક્યાં? ભાઈ! ચાર ગતિમાં અનંતકાળ રહીશ. આહાહા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ... એ વીતરાગ આત્મા, હોં! એ વીતરાગ આત્માની શ્રદ્ધા, એનું જ્ઞાન ને ચારિત્ર એ પરમાર્થ મોક્ષમાર્ગ (છે). એના વિના આવા દ્રવ્યલિંગો ગ્રહ્યા અને છૂટ્યા. ચાર ગતિમાં રખડ્યો. એ હવે દુઃખની વ્યાખ્યા કરે છે.

---

आगे कहते हैं :-

**भीसणणरयगईए तिरियगईए कुदेवमणुगइए।**
**पत्तो सि तिव्वदुक्खं भावहि जिणभावणा जीव!।।८।।**

भीषणनरकगतौ तिर्यग्गतौ कुदेवमनुष्यगत्योः।
प्राप्तोऽसि तीव्रदुःखं भावय जिनभावनां जीव!।।८।।

**ભીષણ નરક, તિર્યંચ તેમ કુદેવ-માનવજન્મમાં,**
**તે જીવ! તીવ્ર દુઃખો સહ્યાં; તું ભાવ રે! જિનભાવના. ૮.**

अर्थ :- हे जीव! तूने भीषण (भयंकर) नरकगति तथा तिर्यंचगतिमें और कुदेव, कुमनुष्यगतिमें तीव्र दुःख पाये हैं, अतः अब तू जिनभावना अर्थात् शुद्ध आत्मतत्त्वकी भावना भा इससे तेरे संसारका भ्रमण मिटेगा।

भावार्थ :- आत्माकी भावना बिना चार गतिके दुःख अनादि कालसे संसारमें प्राप्त किये, इसलिये अब हे जीव! तू जिनेश्वरदेवका शरण ले और शुद्धस्वरूपका बारबार भावनारूप अभ्यास कर, इससे संसारके भ्रमणसे रहित मोक्षको प्राप्त करेगा, यह उपदेश है।।८।।

---

## ગાથા-૮ ઉપર પ્રવચન

'વહી કહતે હૈં :-'

**भीसणणरयगईए तिरियगईए कुदेवमणुगइए।**
**पत्तो सि तिव्वदुक्खं भावहि जिणभावणा जीव!।।८।।**

જિનભાવના. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જિનભાવના. 'હે જીવ!'

મુમુક્ષુ :-...

ઉત્તર :- છે ને. છેલ્લું.

'**તૂને ભીષણ (ભયંકર) નરકગતિ...**' ભગવાન નરકગતિ ભયંકર, બાપુ! સાંભળવું કઠણ પડે. હજારો વીંછીના કરડ, એની કરતાં અનંતગુણી પિડા જ્યાં થાય. આહાહા..! એક વીંછી કરડે ત્યાં રાડેરાડ નાખે છે. આ છોડીને વીંછી કરડ્યો નહોતો તમારે? 'ગોકળશીભાઈ'. ... નાની છોકરીને. રાડે રાડ (નાખે). આહાહા..! કહે છે કે ભીષણ નરકગતિ. આહાહા..! '**(ભયંકર)...**' બાપુ! નરકમાં તું અનંતવાર ગયો, ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ ગયા કાળના વેણલા ભૂલી ગયો પ્રભુ તું. વર્તમાનમાં મોહ્યો. ગયા કાળમાં ક્યાં રહ્યો તું? પ્રભુ! ભયંકર-ભયંકર નરક ગતિ. ઓહો...! એમ શબ્દ વાપર્યો છે.

'**તથા તિર્યંચગતિમેં...**' પશુ. આહાહા..! ચકલા, ચકલી. મારી નાખે. મોરને મારે. આહાહા..! રસ્તે ... ખલાસ. આહાહા..! 'ભાવનગર' મોર બહુ ઊડી શકે નહિ. પીછા ઘણા. આહાહા..! એવા તિર્યંચમાં બાપુ! તેં દુઃખ અનંતવાર વેઠ્યા. તને શેના વિસામા લાગ્યા? આહાહા..! તિર્યંચગતિ. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય બધી. નિગોદમાં... આહાહા..! તારી હયાતી કબુલવી કઠણ પડે. એવા નિગોદમાં બાપુ! અનંતવાર ગયો, ભાઈ! 'કુદેવ,...' વ્યંતર અને ભૂતડા એવા કુદેવ થયો. બીજાને ... અહીં પોતાનો નોકર હોય એ ત્યાં એનાથી મોટો દેવ થયો હોય. પોતે વળી વ્યંતર ભૂતડો થયો હોય. આહાહા..! અહીં એનો નોકર હોય. ગરીબ માણસ. હવે ... સ્વર્ગનો દેવ મોટો થયો. અને આ મરીને વ્યંતર ભૂતડું થયું. જોઈને હાય..હાય! શ્વેતાંબરમાં એક આવે છે. 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા' એ .. ભૂલી ગયા. .. માણસ સાધારણ હતો .. અને એનો જે શેઠ હતો એ ... ઈન્દ્ર છે એ મોટી ઋદ્ધિ લઈને ભગવાનના દર્શન કરવા જાય છે. ત્યાં આણે જોયું છે કે આ તો ... છે. એવું આવે છે. 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'નું છે આ. ... આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ. આ તો ઉપરનો દેવ. ઉપરનો છે. ... મોટો આમ હેઠે ઊતરે છે. બીજા દેવો વચમાં આવે ખરું ને. વાત તો બધી વાંચી છે. સત્તર વાર તો 'ભગવતીસૂત્ર'

સોળ હજાર શ્લોક અને લાખ.. ટીકા. સત્તર વાર વાંચ્યું છે. પણ આ વસ્તુ નહિ. આ તો એક ધડાકે અગિયારમી ગાથા '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवा**' આહાહા..! .. ફાડી નાખ્યા અંદરથી. એક શબ્દે! ભૂતાર્થ ભગવાનઆત્મા સત્યાર્થ પ્રભુ સત્ય વસ્તુ ધ્રુવ ત્રિકાળ. આહાહા..! એનો આશ્રય કર, તને સમકિત થશે. આવી વાત છે ક્યાં? સમજાણું કાંઈ?

'**કુદેવ, કુમનુષ્યગતિમેં...**' કુમનુષ્યમાં હલકા માણસ થાય, ..., વાઘરી.. '**તીવ્ર દુઃખ પાયે હૈં, અતઃ અબ તૂ જિનભાવના...**' પ્રભુ! હવે તું કર કાંઈક નવું. 'શુદ્ધ આત્મતત્ત્વકી ભાવના...' શુદ્ધભાવની વ્યાખ્યા કરી. જિનભાવના ઘણે ઠેકાણે આવે છે. આમાં આવે છે. આહાહા..! વીતરાગ સ્વરૂપી પ્રભુ આત્મા એની ભાવના કર, એની એકાગ્રતા કર. એનાથી જન્મ-મરણના અંત આવે એવું છે. આહાહા..!

'**જિન ભાવના અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વકી ભાવના...**' ભાવ. અંતર દ્રવ્ય સ્વભાવની એકાગ્રતાની ભાવના કર. ભાવના શબ્દે વિકલ્પ નહિ. અંતરમાં એકાગ્ર થા. જ્યાં પ્રભુ પૂર્ણ બિરાજે ત્યાં એકાગ્ર થા. આહાહા..! '**ઈસસે તેરે સંસારકા ભ્રમણ મિટેગા.**' આનાથી ચાર ગતિનું રખડવું મટશે. જુઓ! ચાર ગતિ લીધી હતી ને? આહાહા..! ચાર ગતિ એ સંસાર પરિભ્રમણ, દુઃખ છે. આહાહા..!

**ભાવાર્થ :-** '**આત્માકી ભાવના બિના ચાર ગતિકે દુઃખ અનાદિ કાલસે સંસારમેં પ્રાપ્ત કિયે, ઈસલિયે અબ હે જીવ!**' આત્માની ભાવના એમ કીધું ને? 'શ્રીમદ્'માં આવે છે, 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' '**તૂ જિનેશ્વરદેવકા શરણ લે ઔર શુદ્ધસ્વરૂપકા બારબાર ભાવનારૂપ અભ્યાસ કર, ઈસસે સંસારકે ભ્રમણસે રહિત મોક્ષકો પ્રાપ્ત કરેગા, યહ ઉપદેશ હૈ.**' લ્યો! વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे चार गतिके दुःखोंको विशेषरूपसे कहते हैं, पहिले नरकगतिके दुःखोंको कहते हैं :-

**सत्तसु णरयावासे दारुणभीमाइं असहणीयाइं।**
**भुताइं सुइरकालं दुःक्खाइं णिरंतरं सहियं।।९।।**

[1]सप्तसु नरकावासेषु दारुणभीषणानि अशहनीयानि।
भुक्तानि सुचिरकालं दुःखानि निरंतरं सोढानि[2]।।९।।

---

१. मुद्रित संस्कृत प्रतिमें 'सप्तसु नरकावासे' ऐसा पाठ है।
२. मुद्रित संस्कृत प्रतिमें 'स्वहित' ऐसा पाठ है। 'सहिय' इसकी छाया में।

ભીષણ સુતીવ્ર અસહ્ય દુઃખો સપ્ત નરકાવાસમાં,
બહુ દીર્ઘ કાલપ્રમાણ તેં વેદ્યાં, [૧]અછિન્નપણે સહ્યાં. ૯.

अर्थ :- हे जीव! तूने सात नरकभूमियोंके नरक-आवास बिलोंमें दारुण अर्थात् तीव्र तथा भयानक और असहनीय अर्थात् सहे न जावें इसप्रकारके दुःखोंको बहुत दीर्घ कालतक निरन्तर ही भोगे और सहे।

भावार्थ :- नरककी पृथ्वी सात हैं, उनमें बिल बहुत हैं, उनमें दस हजार वर्षोंसे लगाकर तथा एक सागरसे लगाकर तेतीस सागर तक आयु है जहाँ आयुपर्यन्त अति तीव्र दुःख यह जीव अनन्तकालसे सहता आया है।।९।।

---

**પ્રવચન નં. ૧૦૮, ગાથા-૯ થી ૧૨, રવિવાર, પોષ વદ ૬, તા.૧૩-૦૧-૭૪**

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ છે. નવમી ગાથા.

'**આગે ચાર ગતિકે દુઃખોંકો વિશેષરૂપસે કહતે હૈં, પહિલે નરકગતિકે દુઃખોંકો કહતે હૈં :-**' 'છ ઢાળા'માં આવે છે પહેલા. પહેલી ઢાળમાં આવે છે.

**सत्तसु णरयावासे दारुणभीमाइं असहणीयाइं।**
**भुताइं सुइरकालं दुःक्खाइं णिरंतरं सहियं।।९।।**

**अर्थ :-** '**હે જીવ! તૂને સાત નરકભૂમિયોંકે...**' સાત નરક છે નીચે. એમાં '**નરક-આવાસ બિલોમેં...**' એમાં નારકીને રહેવાના બિલ છે. આહાહા..! '**દારુણ...**' તીવ્ર દુઃખ સહન કર્યાં. એ જિનભાવના, સમ્યગ્દર્શનની ભાવના વિના. એણે આવી પુણ્ય-પાપની ભાવના અનંતવાર કરી. જેના ફળમાં નરકગતિમાં પાપના ફળ તરીકે વયો જાય. '**દારુણ...**' આકરા દુઃખ, ભાઈ! ... ભૂલી ગયો. વર્તમાન ભાળીને ભૂતને ભૂલ્યો. વર્તમાન આ બધું દેખે. ભૂત-ગયા કાળમાં શું થયું એ ભૂલી ગયો. કહે છે કે આવા દુઃખો તેં સહન કર્યાં. કેવા? આકરા. એક વાત.

'**ભયાનક...**' દારુણ અને દુઃખાદિ. ભયાનક દુઃખ. ઓહોહો..! નરકની પીડા કરોડો વીંછી કરડે એના કરતાં અનંતગુણી ભયાનક પીડા હતી, ભાઈ! તને. અહીં જરી ઠીક અનુકૂળ પડે ત્યાં... થઈ રહ્યું. દુનિયાની દેખા-દેખી કે આને આટલું મળ્યું, આ આટલા સુખી છે. ધૂળેય નથી, ભાઈ! વીતરાગસ્વભાવ ભગવાનઆત્મા, એની અંતરમાં ભાવના વિના, એની ભિન્ન ભાવના એટલે વીતરાગી પર્યાય વિના આવા દુઃખો તેં અનંતવાર નરકમાં સહન કર્યાં છે. બે. તીવ્ર અને ભયાનક. બે.

---

૧. અછિન્ન = સતત; નિરંતર

ત્રણ. '**અસહનીય...**' ભાઈ! તારાથી સહન ન થાય એવા અનંતા દુઃખો સહન કર્યા છે. સહન ન થાય છતાં સહન કર્યા. આહાહા..! '**સહે ન જાવેં ઈસપ્રકારકે દુઃખોંકો...**' બહારથી વાત કરે છે. મૂળ તો અંદર મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ ભાવનું દુઃખ છે. જિનભાવના આત્મા સ્વભાવ ચૈતન્યપ્રભુ વીતરાગમૂર્તિ એવો ભગવાન પોતે આત્મા, એની શ્રદ્ધાની ભાવના, નિર્વિકલ્પ દૃષ્ટિની ભાવના કર્યા વિના આવી સ્થિતિમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી દુઃખી થયો. નિમિત્તથી સમજાવે છે.

'**ઈસપ્રકારકે દુઃખોંકો બહુત દીર્ઘકાલ...**' એ શબ્દ વાપર્યો છે. એક તો તીવ્ર, આકરા, ભયાનક, અસહનીય, ઘણો કાળ. ઓહો..! ક્ષણ, બે ક્ષણ કે વર્ષ બે વર્ષ નહિ, અસંખ્ય અસંખ્ય અબજ. અને તે પણ '**નિરંતર...**' આ શબ્દ વાપર્યો છે. અસંખ્ય અબજ વર્ષ સુધી આવા દુઃખો ભાઈ! તેં તીવ્ર, ભયાનક અને સહન ન થાય એવા (સહન કર્યા). શું કરે? ક્યાં જાય? જ્યાં જવાની ચીજ છે એની તો એને ખબર નથી. બહારની જગતની મીઠાશ, એમાં પડ્યો એને આવા મિથ્યાત્વ અને રાગ-દ્વેષના દુઃખો સહન કરવા પડશે.

'**ભોગે...**' '**નિરંતર હી ભોગે...**' અંતર પડ્યા વિના આકરાં, ભયાનક, સહન ન થાય એવા, ઘણો કાળ, નિરંતર (ભોગવ્યા). આહાહા..! એના ખ્યાલમાં તો એ વાત લે. આવા દુઃખો પ્રભુ! તેં અનંતવાર સહન કર્યા. તારી પ્રભુતાને ભૂલીને. તારી પ્રભુતા અનંતગુણી અંદર છે, મહાપ્રભુ છે. ચૈતન્ય આનંદ છે. જ્ઞાનસ્વભાવ અને શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગ સ્વભાવ ... એવી એની મોટપ છે. એને ન જાણતાં, એને બહારથી જ એણે મોટપ આપી. એથી એણે આવા અનંતવાર દુઃખો સહન કર્યા છે. એના રોવાથી પણ દુઃખ ન ગયા એટલા તો દુઃખ એને. દેખનારને રુદન આવે. ભાઈ! તેં આવા દુઃખો સહન કર્યા છે. ભૂલી ગયો છો તું. ભુલભુલામણી આવે છે ને? 'વડોદરા'માં. બીજે ઘણે ઠેકાણે હોય છે. 'વડોદરા'માં ગયા હતા.

મુમુક્ષુ :- 'ગોંડલ'માં .. પાસે છે.

ઉત્તર :- 'ગોંડલ'? 'વડોદરા'માં .. ભૂલભૂલામણી છે અને ગર્યા અંદર. નીકળવું શી રીતે? માણસ ઊભો છે. લે, આ બે આના. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો ભૂલ કાઢે તો જાય એવું છે. આહાહા..!

ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ, એના અંતર રસ્તે જાવું જોઈએ. એને ઠેકાણે એ પુણ્ય અને પાપ, બાહ્ય સામગ્રીના અધિકપણાના મહાત્મ્ય આગળ દોરાઈ ગયો. એથી એને આવા નરકના અસહનીય, નિરંતર, ઘણો કાળ સહ્યાં. આહાહા..! આચાર્યદેવ કહે છે. ભાઈ! હજી તારી ઊંઘ ઉડતી નથી? આહાહા..!

**ભાવાર્થ :-** '**નરકકી પૃથ્વી સાત હૈં, ઉનમેં બિલ બહુત હૈં,...**' રહેવાના સ્થાન ઘણા છે. આહાહા..! '**ઉનમેં દસ હજાર વર્ષસે લગાકર...**' એની સ્થિતિ નાનામાં નાની દસ હજાર વર્ષની. '**એક સાગરસે લગાકર તેતીસ સાગર તક...**' આ એક માથું આકરું દુખે તો રાત મોટી પડે એને. એવા માથાના સડાકા આવે. સહ્યા ન જાય. રાતે ઉંઘ આવે નહિ, પડખાં ફેરવ્યા કરે. એ તો એક અનંતમાં ભાગની વ્યાધિ છે. એથી અનંતગુણી નરકમાં સાગરોપમ સુધી (સહન કરી). ઓહોહો..! એક સાગરના દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ભાઈ! નિરંતર આવા કાળમાં તું રહ્યો, પ્રભુ! આહાહા..! શેની તને મોટપ જોઈએ છે? શેમાં તારે અધિકપણે બીજામાં દેખાવું છે? અધિકપણું તો ચૈતન્યમૂર્તિનું અંદર જુદું છે. આહાહા..! '**णाणसहावाधियं मुणदि आदं**'.

ભગવાનઆત્મા જ્ઞાનના, આનંદના સ્વભાવથી (એકત્વ છે), રાગથી અને સંયોગથી અને એક સમયની પર્યાયથી જુદો છે. એની મોટપ ન ભાસતાં જગતની બહારની ચીજમાં, એક સમયની દશામાં, રાગમાં કે સંયોગમાં અધિકપણું ભાસતાં ત્યાં મિથ્યાત્વનું મહા દુઃખ છે. સંયોગથી તો વાત કરી છે. જિનભાવના આમ નથી કરી એટલે મિથ્યાત્વભાવના ભાવી છે. આહાહા..! અજિનભાવના. આહાહા..! આચાર્યો પણ ભૂલેલાને ભાન કરાવે છે. ભૂલી ગયો પ્રભુ તું ક્યાં હતો. કેવા દુઃખો સહન કર્યા એ તને ખબર નથી. આહાહા..! આ બતાવીને જિનભાવના કરાવવાની વાત બતાવવી છે. બાપુ! પ્રભુ! પરમાત્મા પૂર્ણાનંદનો નાથ છે ને. તારી એક સમયની પર્યાય ત્યાં વળી ગઈ છે. એ મહામિથ્યાત્વ છે અને રાગ-દ્વેષ છે અને એને કારણે બાહ્યના પ્રતિકૂળ સંયોગો આવે છે. એ કાંઈ પ્રતિકૂળ સંયોગમાં દુઃખ નથી. શરીરમાં દુઃખ નથી. એ પ્રતિકૂળ સંયોગો તરફની દૃષ્ટિ ને રાગ-દ્વેષનો ભાવ, એ દુઃખ છે.

આવા સાગરોપમ સુધી '**તીવ્ર દુઃખ યહ જીવ અનંતકાલસે સહતા આયા હૈ.**'

---

**आगे तिर्यंचगतिके दुःखोको कहते हैं :-**

**खणणुत्तावणवालण, वेयणविच्छेयणाणिरोहं च।**
**पत्तो सि भावरहिओ, तिरियगईए चिरं कालं।।१०।।**

खननोत्तापनज्वालन [१]वेदनविच्छेदनानिरोधं च।
प्राप्तोऽसि भावरहितः तिर्यग्गतौ चिरं कालं।।१०।।

---

१ मुद्रित संस्कृत प्रतिमा '**वेयण**' એનું સંસ્કૃત '**व्यंजन**' છે.

રે! [2]ખનન-[3]ઉત્તાપન-[4]પ્રજાલન-[5]વીજન-[6]છેદ-[7]નિરોધનાં,
ચિરકાળ પામ્યો દુઃખ ભાવવિહીન તું તિર્યંચમાં. ૧૦.

अर्थ :- हे जीव! तूने तिर्यंचगतिमें खनन, उत्तापन, ज्वलन, वेदन, व्युच्छेदन, निरोधन इत्यादि दुःख सम्यग्दर्शन आदि भावरहित होकर बहुत कालपर्यन्त प्राप्त किये।

भावार्थ :- इस जीवने सम्यग्दर्शनादि भाव बिना तिर्यंच गतिमें चिरकाल तक दुःख पाये – पृथ्वीकायमें कुदाल आदि खोदने द्वारा दुःख पाये, जलकायमें अग्निसे तपना, ढोलना इत्यादि द्वारा दुःख पाये, अग्निकायमें जलाना, बुझाना आदि द्वारा दुःख पाये, पवनकायमें भारेसे हलका चलना, फटना आदि द्वारा दुःख पाये, वनस्पतिकायमें फाड़ना, छेदना, राँधना आदि द्वारा दुःख पाये, विकलत्रयमें दूसरेसे रुकना, अल्प आयुसे मरना इत्यादि राग दुःख पाये, पंचेन्द्रिय पशु-पक्षी-जलचर आदिमें परस्पर घात तथा मनुष्यादि द्वारा वेदना, भूख, तृषा, रोकना, वध-बंधन इत्यादि द्वारा दुःख पाये। इसप्रकार तिर्यंचगतिमें असंख्यात अनन्तकालपर्यन्त दुःख पाये*।।१०।।

## ગાથા-૧૦ ઉપર પ્રવચન

'આગે તિર્યંચગતિકે દુઃખોંકો કહતે હૈં :-'

खणणुत्तावणवालण, वेयणविच्छेयणाणिरोहं च।
पत्तो सि भावरहिओ, तिरियगईए चिरं कालं।।१०।।

**अर्थ :- 'हे जीव! तूने तिर्यंचगतिमें...'** એકેન્દ્રિય જીવ, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય એમાં અનંતવાર ગયો. આહાહા..! **'તિર્યંચગતિમેં ખનન,...'** પૃથ્વીકાયને ખણી નાખી. એકેન્દ્રિય છે ને પૃથ્વીકાય? ભાઈ! એ જીવ છે. આ ઝાડવું કરવા ધૂળ બહાર ખોદીને લાવે છે ને? દિવાળીમાં બહારથી ભરી ભરીને (લાવે). એક કણમાં કણમાં અસંખ્ય જીવ છે. આહાહા..! દેખાય છે એ તો એનું શરીર દેખાય છે. એમાં જીવ શરીરથી જુદો છે. એને એ કોશું મારે ખોદવા ખનન એકેન્દ્રિય જીવ.

**૨. ખનન = ખોદવાની ક્રિયા, ૩. પ્રજાલન-ગ્રંથ = પ્રજાળવાની ક્રિયા, ૪. ઉત્તાપન = તપાસવાની ક્રિયા, ૫. વીજન = પંખાથી પવન નાખવાની ક્રિયા, ૬. છેદન = કાપવાની ક્રિયા, ૭. નિરોધ = બંધનમાં રાખવાની ક્રિયા.**

* देहादिमें या बाह्य संयोगोंसे दुःख नहीं है किन्तु अपनी मूलरूप मिथ्यात्व रागादि दोषसे ही दुःख होता है, यहाँ निमित्त द्वारा उपादानका-योग्यताका ज्ञान करनेके लिये यह उपचरित व्यवहारनयसे कथन है।

આહાહા..! બાપુ! એવા ખનનની પીડા તેં અનંતવાર સહન કરી.

**'ઉત્તાપન,...'** સૂર્યના તડકા એવા પડ્યા. પાણી ઊના થઈ ગયા. દરિયો ઊનો થઈ જાય છે. માછલા મરી જાય અંદર. એવી તડકાની ગરમી. દરિયો ઊનો થઈ જાય. માછલા મરે અને ગંધાય દરિયો. ઉત્તાપન એટલે પાણી ઊના થઈ ગયા. આહાહા..! સચેત એકેન્દ્રિય જીવ છે. એને અગ્નિનું નિમિત્ત અને પછી ઉષ્ણતા (સહન કરી). આહાહા..! અરેરે..! એ જીવ છે અને એને દુઃખ છે એ કોણ માને? એ પાણીના જીવને **'ઉત્તાપન,...'** સૂર્યના તડકાના તાપમાં ઊના પાણી થઈ બળે, દુઃખી થાય. ભાઈ! આવી વાત ... આહાહા..! ઇન્દ્રિયથી ભળાય નહિ એવી ચીજોમાં આત્મા છે ક્યાં? ભાઈ! અને એના શરીરની આ તો શરીરથી વાત કરી છે, એને તડકા લાગીને સુકાઈ છે, ભાઈ! એનું દુઃખ તો એને ભ્રમણા અને રાગ-દ્વેષનું છે. પણ સંયોગથી કથન કરીને સમજાવે છે.

નીચે લખ્યું છે. નીચે નોટ. **'દેહાદિમેં યા બાહ્ય સંયોગોંસે દુઃખ નહીં હૈ...'** નીચે છે ને? દેહાદિ આ તો જડ છે. એમાં દુઃખ શું હોય? **'બાહ્ય સંયોગોંસે દુઃખ નહીં હૈ...'** એ તાપ પડ્યો એ દુઃખ નથી. **'કિન્તુ અપની ભૂલરૂપ મિથ્યાત્વ રાગાદિ દોષસે હી દુઃખ હોતા હૈ,...'** મૂળ તો ભ્રમણા... આહાહા..! આનંદનો નાથ અતીન્દ્રિય રસનો કંદ પ્રભુ, એ પરમાં સુખ છે અને પરમાં ઠીક છે એવી માન્યતાથી દુઃખી થયો છે. એ દુઃખની જ્વાળામાં સળગી રહ્યો છે. સમજાણું કાંઈ? આમ કહીને પ્રભુ! તું હવે પાછો વળ એમ કહે છે. એ આત્મા આનંદનો નાથ પ્રભુ છે, એની તરફ જાને, આવને. એ વિના તારા દુઃખ નહિ મટે, પ્રભુ! આહાહા..! અહીં તો જરી પાંચ-પચાસ લાખ પૈસા થાય, શરીર ઠીક હોય, છોકરા

ઠીક (હોય) ને કાંઈક ધંધો ચાલતો હોય પાંચ-પચ્ચીસ નોકરો મોટા છે. હજાર-હજાર, બબ્બે-બબ્બે હજારના પગારદાર. મોટું કારખાનું ચાલતું હોય પાંચ કરોડનું અને .. આહાહા..! ભૂલી ગયો છે. દુઃખી છો તું ત્યાં. મનની સંકલ્પ-વિકલ્પની જ્વાળે સળગી રહ્યો છો. તને એનું ભાન નથી. આહાહા..! કહો, 'ભગવાનજીભાઈ'!

આ બહારની મીઠાશ .. શરીર ઠીક હોય ને આ હોય. આહાહા..! ડોક્ટર બિચારા કહેતા હતા ને. બહુ વૈરાગ્યથી કહેતા હતા. છોડી તો વીસ વર્ષની હતી. કૂવામાં નાખી દીધી. .. ત્રણ દિવસે તો બહાર નીકળ્યા. ... કોઈ સગું નહિ, વહાલુ નહિ. કોઈ સગું-વહાલું થયું નહિ. કોઈ કાઢવા આવ્યું નહિ ... આ તરફ કહે ત્રણ દિવસનું સડેલું શરીર. આમ જોતા એવું થઈ જાય કે... આહાહા..! એ શરીરના ભોગ લેવા અને એમાં રાજીપો (લાગવો) એ દુઃખ છે. આહાહા..! ... અહીં કહે છે ... આહાહા..! એવા દુઃખો કેટલી વાર સહ્યા હશે? છોકરાઓ છે ને બધા? આવા અનંતવાર દુઃખ સહન કર્યા. તોય તને હરખ આવે છે, પ્રભુ! એમ કહે છે. જ્યાં હરખ કરવા જેવી ચીજ છે ત્યાં આવતો

નથી અને જ્યાં હરખ નથી, ઝેરના પ્યાલા છે ત્યાં... આહાહા..! એને તું ગળે આમ ઘટક-ઘટક કરીને પીવે છે, ભાઈ! એ રાગ અને દ્વેષ અને મિથ્યાભ્રાંતિ, એના પ્યાલા દુઃખ છે પણ તને સુખ લાગે છે. અરે..! એને ભગવાનઆત્માની ભાવના (ભાવી નહિ). જિન ભાવના. ભાવપાહુડ છે ને? એટલે વીતરાગી પ્રભુ એની વીતરાગી પર્યાયની ભાવના કોઈ દિ' કરી નહિ એણે. આ રાગ ને દ્વેષ ને પુણ્ય અને પાપ એણે ભાવ્યા. એ તો આસ્રવની ભાવના, સંસારની ભાવના, રખડવાની ભાવના (છે). આહાહા..!

'**ઉત્તાપન, જ્વલન,...**' અગ્નિથી સળગે. અગ્નિથી. પડખાં ફરે, બાળે, અગ્નિ ... પાણી છાંટે અગ્નિને. આહાહા..! .. એ અગ્નિના જીવ છે, પ્રભુ! એમાં તું અનંતવાર હતો. દીર્ઘ દૃષ્ટિએ પણ રહ્યો ક્યાં અત્યાર સુધી ત્યારે? તું તો ત્રિકાળી ચીજ છો. તો ક્યાં રહ્યો? કે આવે ઠેકાણે રહ્યો. હવે તને આવું મનુષ્યપણું મળ્યું, પ્રભુ! જે કરવાનું છે ત્યાં આવને, ત્યાં આવ. ચૈતન્યપ્રભુ આનંદનું ધામ, ત્યાં વસવા જેવું છે. ત્યાં દૃષ્ટિ કરીને ઠરવા જેવું છે. આહાહા..! ન દૃષ્ટિ કરી એટલે આ દૃષ્ટિ કરીને ત્યાં ઠર્યો. ભ્રમણા અને રાગ-દ્વેષમાં પડ્યો. આહાહા..! આ બાહ્યથી દુઃખોનું વર્ણન કરે છે.

'**વેદન,...**' વેદવું. .. આદિનું દુઃખ. એ શરીરને કાપી નાખે. '**વ્યુચ્છેદન,...**' છેદી નાખે. આ વનસ્પતિ જુઓને! આહાહા..! વનસ્પતિ. લીલોતરી, દૂધી, કારેલા, શાક. આ ઘીસોડાની ઉપરની રગ કાઢે ને? સમારીને પછી કટકા કરીને ખાય. આહાહા..! રગ કાઢવા જાય છે ત્યાં રગમાં અનંતા અસંખ્ય જીવ (છે) એનો ઘાત થઈ જાય છે. વિચ્છેદ થઈ જાય છે. આહાહા..! વનસ્પતિ આદિ.

'**નિરોધન...**' રોકવું. આગળ જાય એને રોકવું. આહાહા..! લોઢાની મોટી કોઠી હોય, એક માણસ રહે એટલી. પચ્ચીસ હાથની લાંબી. એમાં .. નાખીને અંદર રાખે. તિર્યંચની વાત છે. કપાટ હોય. ભીતને કપાટની જરૂર નથી. ઉંદર આવે, અંદર જ્યાં ગરે ત્યાં .. ન થાય ઉંચો, પગ લટકે. નિરોધન. ત્યાં ને ત્યાં મરે. આહાહા..! આહાર નહિ, પાણી નહિ, હવા નહિ. કપાટમાં. .. અંદર ગરવા જાય. ગરવા જાય ત્યાં થઈ રહ્યું. સલવાય ત્યાં અને મરી જાય. ભાઈ કહેતા હતા ને. ભૂંડને ભૂંડ. ભૂંડના હાથ-પગ સરિયા વડે બાંધી, જેમ શક્કરકંદ સેકે એમ અગ્નિમાં નાખતો હતો. 'નારણભાઈ' કહેતા હતા. એક પારસી. આહાહા..! ભૂંડના પગ સરિયા વડે બાંધી અને જેમ અગ્નિમાં શક્કરિયું નાખે એમ નાખી દીધું અંદર. આહાહા..! એવા તો નરક અને તિર્યંચમાં બહુ દુઃખ સહ્યા છે. એ દુઃખને ભાંગવાનો અવસર છે ને પ્રભુ તારો. આહાહા..! એમાં નજર નાખ્યે ભવ ન રહે. એવી ચીજમાં નજર નાખને, એમ કહે છે. આહાહા..!

'**ઈત્યાદિ દુઃખ સમ્યગ્દર્શન આદિ ભાવરહિત...**' જોયું! ભાવરહિત એટલે ઈ. સમ્યગ્દર્શન-ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની દૃષ્ટિ અને એની ભાવના. એના

વિના '**બહુત કાલપર્યંત પ્રાપ્ત કિયે.**' ઘણો કાળ પ્રાપ્ત (થયો). આ તિર્યંચની વાત છે. પશુમાં. આહાહા..!

**ભાવાર્થ :-** '**ઈસ જીવને સમ્યગ્દર્શનાદિ ભાવ બિના....**' આત્મા નિર્મળાનંદ પ્રભુ નિશ્ચય સમ્યગ્દર્શન. એનું આત્મજ્ઞાન અને આત્માની રમણતા, એવા ભાવ એટલે પર્યાય વિના '**તિર્યંચ ગતિમેં ચિરકાલ તક દુઃખ પાયે-**' જુઓ! આ ખુલાસો કરે છે. '**પૃથ્વીકાયમેં કુદાલ આદિ ખોદને દ્વારા...**' દુઃખ. પૃથ્વીમાં ખોદે-ખોદે. હાથથી આ કરે... આ કરે.. ખોદતા ખોદતા ઊંડો જાય અને ઉપર પડે તો એ બાઈ મરી જાય. અહીં મરી ગઈ હતી બાઈ. પૃથ્વીમાં ઊંડું ઊંડું ધોળું લેવા જાય ત્યાં. ઉપર ઘણો ભાર હોય તો પડે હેઠે અને મરી જાય. અહીં મરી ગઈ હતી બાઈ. આહાહા..!

'**જલકાયમેં અગ્નિસે તપના,...**' જોયું! એ બધું એની સાથે લેવું. અગ્નિથી પાણી ઊનું થાય. ધગધગતું પાણી. એમાં જીવ અંદર મરે. '**ઢોલના...**' પાણી ઢોળે. આહાહા..! ઉનાળાના દિ'એ શેઠિયો બેઠો હોય, રાત્રે પાણી આમ નાખે હવા માટે. આહાહા..! એમ કરતા હોય. '**અગ્નિકાયમેં જલાના,...**' જોયું! એક પછી એક શબ્દ લીધા પાછા એના. અગ્નિકાયથી બાળે. '**બુજાના...**' અગ્નિને ઓલવે. એ દુઃખ છે એને. '**પવનકાયમેં ભારેસે હલકા ચલના,...**' લ્યો! વાયુ. '**ફટના આદિ દ્વારા દુઃખ પાયે, વનસ્પતિકાયમેં ફાડના,...**' વિચ્છેદ આવ્યું હતું ને? વનસ્પતિકાયને ફાડવું, કટકા કરવા, '**છેદના, રાંધના આદિ દ્વારા દુઃખ પાયે, વિકલત્રયમેં દૂસરેસે રુકના,...**' રૂંધન આવ્યું હતું ને? નિરોધન. ઓહોહો..! ... લીધું છે. '**દૂસરેસે રુકના..**' સામે આવે એને મારે. લોઢાનો ... આહાહા..!

'**મનુષ્યાદિ દ્વારા વેદના,...**' વેદન... મનુષ્યાદિ મારે, કાપે. ઉંદરને ઉંદરિયામાં પૂરી અને ઊના ઊના ધગધગતા પાણી માથે નાખે. એક ફેરી 'પાલેજ'માં નીકળ્યો હતો. ... ઉંદરિયામાં ઉંદર, ધગધગતું પાણી રેડે. અરે..! આ શું કરે છે ભાઈ તું? આહાહા..! આ તો ઉંદર મારવાની. ઉંદરિયામાં ઉંદર હતા. ઉંદરિયું આવે ને લોઢાનું? અનાજની દુકાન હોય, ઘણી મોટી દુકાન હોય. ... એ ખલાસ થઈ જાય. ઉંદરિયામાં ઉંદર ઘણા હતા તો એમાં ઉપર ઊનું ઊનું પાણી માથે નાખે, ધગધગતું. આહાહા..! અહીં જરી ગાળ આપે ત્યાં એને થઈ જાય, અમારું અપમાન! અરે..! બાપા! શું કર્યું તેં? શેમાં અપમાન? ભાઈ! આવા દુઃખ તો તેં અનંતવાર સહન કર્યા છે. એમાં અનંતકાળ ગયો છે. આહાહા..!

'**અલ્પ આયુસે મરના...**' એકેન્દ્રિય, આ બે ઇન્દ્રિય. .. મરે, દુઃખ પામે. '**પંચેન્દ્રિય પશુ-પક્ષી - જલચર આદિમેં પરસ્પર ઘાત...**' મચ્છ .. મોટો મગરમચ્છ નાના મગરમચ્છને ગળે આખા. આહાહા..! આખા ઉંદરને ગળે, નોળકોળ. '**મનુષ્યાદિ વેદના, ભૂખ, ક્ષુધા,...**' પાણી મળે નહિ, આહાર મળે નહિ. '**તૃષા, રોકના, વધ-બંધન ઈત્યાદિ દ્વારા દુઃખ**

**પાયે. ઈસપ્રકાર તિર્યંચગતિમેં અસંખ્યાત અનન્તકાલપર્યંત દુઃખ પાયે.**' એનો ખુલાસો મૂક્યો છે. દુઃખ તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું છે.

---

आगे मनुष्यगतिके दुःखोंको कहते हैं :-

आगंतुक माणसियं सहजं सारीरियं च चत्तारि।
दुक्खाइं मणुयजम्मे पत्तो सि अणंतयं कालं।।११।।
आगंतुकं मानसिकं सहजे शारीरिकं च चत्वारि।
दुःखानि मनुजजन्मनि प्राप्तोऽसि अनन्तकं कालं।।११।।
તેં સહજ, કાયિક, માનસિક, [1]આગંતુ-ચાર પ્રકારનાં,
દુઃખો લહ્યાં નિઃસીમ કાલ મનુષ્ય કેરા જન્મમાં. ૧૧.

अर्थ :- हे जीव! तूने मनुष्यगतिमें अनन्तकाल तक आगन्तुक अर्थात् अकस्मात् वज्रपातादिकका आ-गिरना, मानसिक अर्थात् मनमें ही होनेवाले विषयोंकी वांछाका होना और तदनुसार न मिलना, सहज अर्थात् माता, पितादि द्वारा सहजसे ही उत्पन्न हुआ तथा राग-द्वेषादिकसे वस्तुके इष्ट-अनिष्ट माननेसे दुःखका होना, शारीरिक अर्थात् व्याधि, रोगादिक तथा परकृत छेदन, भेदन आदिसे हुए दुःख ये चार प्रकारके और चकारसे इनको आदि लेकर अनेक प्रकारके दुख पाये।।११।।

---

## ગાથા-૧૧ ઉપર પ્રવચન

'આગે મનુષ્યગતિકે દુઃખોંકો કહતે હૈં :-'

आगंतुक माणसियं सहजं सारीरियं च चत्तारि।
दुक्खाइं मणुयजम्मे पत्तो सि अणंतयं कालं।।११।।

**અર્થ :- 'હે જીવ! તૂને મનુષ્યગતિમેં અનંતકાલ તક આગંતુક અર્થાત્ અકસ્માત વજ્રપાતાદિકકા આ-ગિરના,...'** આહાહા..! બેઠો હોય ત્યાં પડે મોટું વજ્ર માથે. ઉપરથી પડે મોટું મણિકું. આહાહા..! આ જુઓને 'અમરેલી'માં પાસડો પડ્યો માથે. અશેષભાઈ મરી ગયા. 'અશેષભાઈ' કામ કરતા હતા. અને એના બે મિસ્ત્રી હતા. પાસડા હતા તો પાસડામાં બેઠા. પાસડો પડ્યો માથે. બે-ત્રણ મણનો સિમેન્ટનો. મરી ગયા બેય. આવા તો અનંતવાર છે, એકવાર નહિ, ભાઈ! કાળ અનંત ગયો છે. અનંતકાળમાં કઈ વાત અનંતવાર નથી થઈ? આદિ વિનાના કાળમાં જેની આદિ નહિ એવા અનંતકાળમાં

૧. આગંતુ = આગંતુક; બહારથી આવી પડેલ.

આવા દુઃખો મનુષ્યપણાના અનંતવાર થયા. એને યાદ કરે તો બહારમાં અભિમાન કરવાનો અવસર રહેતો નથી. આ મારા એનું ગુમાન રહે નહિ. આહાહા..! એ અકસ્માત.

**'માનસિક અર્થાત્ મનમેં હી હોનેવાલે વિષયોંકી વાંછાકા હોના...'** વિષયની વાંછના હોય અને મળે નહિ ને બળે પછી. ધાર્યા પ્રમાણે ઈચ્છા થાય અને ધાર્યા પ્રમાણે મળે નહિ. આહાહા..! એની કલ્પનાની જાળમાં સળગતો હોય છે. આહાહા..! બે ભાઈમાં આ ભાઈને આવું અને મારે નહિ. બે જુદા પડ્યા ત્યારે સરખા હતા. નાનો વધી ગયો અને હું ઘટી ગયો. છે ને? .. પાંચ પદાર્થની. **'વાંછાકા હોના ઔર તદનુસાર ન મિલના,...'** ધાર્યા પ્રમાણે ન મળે એટલે કલ્પના (કરે). આહા..!

**'સહજ અર્થાત્ માતા, પિતાદિ દ્વારા સહજસે હી ઉત્પન્ન હુઆ...'** ... દુઃખ આપે. માતા-પિતા એવા મળ્યા હોય. **'રાગ-દ્વેષાદિકસે વસ્તુકે ઈષ્ટ-અનિષ્ટ માનનેકે દુઃખકા હોના,...'** એ બે સહજમાં નાખ્યું. ઈષ્ટ-અનિષ્ટ માનવાથી દુઃખ થવું. આહાહા..! અનુકૂળમાં રાગ અને પ્રતિકૂળમાં દ્વેષ એવા ઈષ્ટ-અનિષ્ટમાં દુઃખી થવું. આહાહા..! ચોથું. **'શારીરિક અર્થાત્ વ્યાધિ, રોગાદિક તથા પરકૃત છેદન,...'** શરીરમાં વ્યાધિ આકરી આવવી. આહાહા..! જુઓને! આ શું કહેવાય? ... ...

મુમુક્ષુ :- ..કાય છે.

ઉત્તર :- .. પીડા, પીડા, પીડા... બહુ પીડા. અહીંયાં પડ્યું હોય. નાના નાના છોકરાઓને છે તમારે. આહાહા..!

**'પરકૃત છેદન,...'** આંગળા કાપે, હાથ કાપે. આહાહા..! એ 'કલકત્તા'માં જોયેલું છે ને એક. આંગળીને. વ્યવસ્થિત એક મંડળી છે. આહાહા..! માણસને ઉપાડી લાવે. જુવાન છોકરાને ક્યાંકથી. એના બે હાથ કાપી નાખે અહીંથી. પગ કાપી નાખે અહીંથી. ઈ મંગાવે. આહાહા..! પ્રભુ-પ્રભુ એની વેદના, એની કલ્પનામાં આવું થાય. આ માખ્યું બેસે. હાથ-પગ તો ન મળે કાંઈ. આહાહા..! એવા દુઃખો સમ્યગ્દર્શન વિના, વીતરાગી પ્રભુની ભાવના વિના આવા દુઃખો સહન કર્યા.

**'છેદન, ભેદન આદિ હુએ દુઃખ યે ચાર પ્રકારકે ઔર ચકારસે ઈનકો આદિ લેકર અનેક પ્રકારકે દુઃખ પાયે.'** મનુષ્યપણામાં આવા દુઃખો મળ્યા. દેખાય છે ને પ્રત્યક્ષ. વિષય લેવા ગયો હોય અને એને કાંઈ ખબર પડે કે આ તો ધણી આવ્યો. એને નાખે પાયખાનામાં. આહાહા..! અહીંથી ક્યારે પાછું નીકળવાનું ટાણાની ખબર ન હોય. મુંઝાય... મુંઝાયને મરી જાય એમાં. આહાહા..! જગતમાં શું ન થાય? પ્રતિકૂળતાના સંયોગો અપાર. એની ભીડમાં ભીડાય જાય. આવા દુઃખો તેં મનુષ્યપણામાં સહન કર્યા. એ ન યાદ કરે. આ પૈસા મળ્યા, બાયડી મળી, આ થયું.. આ થયું.. અમે સુખી છીએ ને. એક જણ કહેતો હતો, અમે સુખી છીએ ને. મહારાજ કહે છે, દુઃખી છે

પણ અમે તો સુખી છીએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- 'વડોદ'માં. 'ઉમરાળા' પાસે 'વડોદ' છે ને. ગામના નગરશેઠ. આહાહા..! અમે સુખી છીએ. ભાઈ! તને ખબર નથી. આહાહા..! પાંચ હજાર-દસ હજાર પેદા થાય મહિને, છોકરા ઠીક હોય, પૈસા-મૂડી હોય. .. બાપુ! તને ખબર નથી. એ દુઃખની જ્વાળામાં સળગી રહ્યો છે તું. આહાહા..! પેદાશ હોય લાખની, બે લાખની. એક લાખ રૂપિયા પેદા કર્યા. બે લાખ કર્યા, પાંચ લાખ કર્યા. એનો હરખ આવે. એ કષાય અગ્નિ છે. આહાહા..! કષાયમાં કીડો સળગે છે ત્યાં કષાયનો.

શાંતિનો નાથ, શાંતિનાથ આત્મા છે. આહાહા..! એવો અકષાય સ્વભાવી ભગવાન, એની તેં ભાવના ન કરી અને આ બધી ભાવના કરીને આવા દુઃખ વેઠ્યા. એમ ભગવાન 'કુંદકુંદાચાર્ય' મુનિ છે, આચાર્ય છે. શાસ્ત્રના પોકાર છે. જગતને આમ જાહેર કરે છે. પર તરફનું વીર્ય ઢીલું પાડ, ભાઈ! એમ કહે છે. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ, એના પ્રત્યેની રુચિનો ભાવ ઢીલો કર, ભાઈ! નહિતર આવા દુઃખો સહ્યા. સાંભળતા ત્રાસ થાય તને. એ તેં જીવતા સહ્યા છે. પણ આ દુઃખ .. આહાહા..! ક્યાં માને આમાં? કારખાના અત્યારે બે છે. બે-પાંચ લાખના કારખાના ચાલે. પચાસ-પચાસ હજાર, લાખ પેદા થાય. આહાહા..! હવે આમાં દુઃખી હતો ગયા કાળમાં કોણ યાદ કરે આમાં?

મુમુક્ષુ :- વર્તમાન દુઃખી છે...

ઉત્તર :- વર્તમાન પણ દુઃખી છે એનું તો ભાન જ ક્યાં છે. આહાહા..!

---

आगे देवगतिके दुःखोंको कहते हैं :-

**सुरणिलयेसु सुरच्छरविओयकाले य माणसं तिव्वं।**
**संपत्तो सि महाजस दुःखं सुहभावणारहिओ।।१२।।**

सुरनिलयेषु सुराप्सरावियोगकाले च मानसं तीव्रम्।
संप्राप्तोऽसि महाशय! दुःखं शुभभावनारहितः।।१२।।

**સુર - અપ્સરાના વિરહકાલે હે મહાયશ! સ્વર્ગમાં,**
**શુભભાવનાવિરહિતપણે તેં તીવ્ર માનસ દુઃખ સહ્યાં. ૧૨.**

अर्थ :- हे महायश! तूने सुरनिलयेषु अर्थात् देवलोकमें सुराप्सरा अर्थात् प्यारे देव तथा प्यारी अप्सराके वियोगकालमें उसके वियोग सम्बन्धी दुःख तथा इन्द्रादिक बड़े ऋद्धिधारियोंको देखकर अपनेको हीन माननेके मानसिक तीव्र दुःखोंको शुभभावनासे

रहित होकर पाये हैं।

भावार्थ :- यहाँ 'महायश' इसप्रकार सम्बोधन किया। उसका आशय यह है कि जो मुनि निर्ग्रंथलिंग धारण करे और द्रव्यलिंगी मुनिकी समस्त क्रिया करे, परन्तु आत्माके स्वरूप शुद्धोपयोगके सन्मुख न हो उसको प्रधानतया उपदेश है कि मुनि हुआ वह तो बड़ा कार्य किया, तेरा यश लोकमे प्रसिद्ध हुआ, परन्तु भली भावना अर्थात् शुद्धात्मतत्त्वका अभ्यास उसके बिना तपश्चरणादि करके स्वर्गमें देव भी हुआ तो वहाँ भी विषयोंका लोभी होकर मानसिक दुःखसे ही तप्तायमान हुआ।।१२।।

## ગાથા-૧૨ ઉપર પ્રવચન

'**આગે દેવગતિકે દુઃખોંકો કહતે હૈં :-**' નરકનું કહ્યું, તિર્યંચનું કહ્યું, મનુષ્યનું કહ્યું. (હવે) દેવ.

**सुरणिलयेसु सुरच्छरविओयकाले य माणसं तिव्वं।**
**संपत्तो सि महाजस दुःखं सुहभावणारहिओ।।१२।।**

લ્યો! શુભભાવના, જોયું! બે વખત. શુભભાવના જ એ છે. સમ્યગ્દર્શનની ભાવના એ જ શુભભાવના છે. ઓલો શુભભાવ એ તો અશુભભાવ છે, અશુદ્ધભાવ છે. આહાહા..!

**અર્થ :-** '**હે મહાયશ!**' 'કુંદકુંદાચાર્ય' કહે છે, હોં! '**હે મહાયશ!**' છે ને પાઠ? એમ કહે છે, તેં મુનિપણું લીધું, સ્ત્રી, કુટુંબ છોડ્યા, મહા ત્યાગ કર્યો પણ પ્રભુ! તું દ્રવ્યલિંગમાં ખુશી થઈ ગયો. '**તૂને સુરનિલયેષુ અર્થાત્ દેવલોકમેં સુરાપ્સરા અર્થાત્ પ્યારે દેવ...**' બાપુ! જ્યારે તું સ્વર્ગમાં ગયો ત્યાં એ પુણ્યભાવ નામ અશુદ્ધભાવથી સ્વર્ગ મળ્યું. એમાં તારા વહાલા દેવ અને વહાલી અપ્સરા, એના વિયોગકાળમાં અસહ્ય દુઃખ તને આવ્યા, ભાઈ! વહાલામાં વહાલી અપ્સરા, વહાલામાં વહાલા દેવો, એ દેવ જાય, ક્ષણમાં ઊડી જાય. ફૂ.. જાઓ.એના વિયોગકાળે તને બહુ દુઃખ થયા, બાપુ!

'**ઉસકે વિયોગ સંબંધી દુઃખ તથા ઈન્દ્રાદિક બડે ઋદ્ધિધારિયોંકો દેખકર અપનેકો હીન માનનેકે માનસિક તીવ્ર દુઃખ...**' ઓહોહો..! પોતા કરતાં વધારે બહારના ઈન્દ્રાદિ, મહાઋદ્ધિવાળા દેવ દુઃખી, પોતે હલકો દેવ હોય. આહાહા..! અપમાન-અપમાન, અનાદર-અનાદર. એના દુઃખો તને થયા, ભાઈ! સમજાણું કાંઈ? સ્વર્ગમાં પણ તારા પુણ્ય હીન-ઓછામાં મિથ્યાદૃષ્ટિપણે દ્રવ્યલિંગ ધારણ કરીને સમ્યગ્દર્શનની ભાવના વિના એવી મુનિપણાની ક્રિયાકાંડ કરી સ્વર્ગમાં ગયો. પણ ત્યાં સમ્યગ્દૃષ્ટિ જીવો બધા ઘણા, ઈન્દ્રપદને પામેલા એ દેખીને તને બળતરા થઈ અંદર. આહાહા..! ત્યાં હું મનુષ્યપણે સાધારણ

જીવ કરતા અધિક ગણાતો, અહીંયાં હું અધિક નહિ, હું હીણો થઈ ગયો. .. દેવમાં જાય નહિ, શાસ્ત્રમાં એવો લેખ છે. સભામાં બેઠા હોય ને બોલવા માગે. ...દેવા! મા ભાષ. બોલીશ નહિ બાપુ! તારું. આહાહા..! .. ... .. .. આ તો કેટલા ત્રણ લાખ, ચાર લાખ જેટલા ખર્ચ્યા હતા. એ જાણ કે .. બધા રાજાઓ ભેગા થયા અને કાંઈક બોલવા માંડ્યું. .. બેસી જાવ. આહાહા..! ... બેસી જાવ. એને એમ કે આવું ત્યાં તો પાયખાનું બનાવ્યું તું. કેટલા ખર્ચ્યા હતા? લાખો, કરોડ રૂપિયા. એમ કે મને રાજમાં .. માનતો થયો. બોલવા માંડ્યો, બેસી જાવ. ...

મુમુક્ષુ :- મહેરબાની કરીને બેસી જાવ.

ઉત્તર :- મહેરબાની કરીને બેસી જાવ. આહાહા..! મહેરબાની કરીને બેસી જાવ. ગજબ છે ને! અપમાન-અપમાન. કરોડનો તાલુકો. ... અંગ્રેજ સરકારે. ... આ જગતના જુઓને. એને કહેવા ગયા બિચારા સાધારણ. આવા પાપ કરવા રહેવા દો. અમે આ હાથે કરશું અને આ હાથે ભોગવશું. અમે રાજા છીએ. .. અત્યારે નરકમાં રાંક થઈને રોતા હશે. ... આહાહા..! એની પીડા રુદનનો પાર ન મળે. એવી પીડામાં પડ્યા હશે અત્યારે. પડદા બંધ થઈ ગયા અહીંના અને એ પડદો ખુલી ગયો બહાર નરકનો. ભાઈ! ટાણા આવ્યા અને તેં કર્યા નહિ કાંઈ અને કર્યા તો આ ઊંધા બધા રાગ-દ્વેષની ભાવના, એમ કહે છે. એના ફળમાં સ્વર્ગમાં ગયો તો ત્યાં અપમાનના દુઃખ સહ્યા તેં. આહાહા..!

**'માનસિક તીવ્ર દુઃખોંકો શુભભાવનાસે રહિત હોકર પાયે હૈં.'** શુભ એટલે એ શુભ જ એ શુદ્ધ છે. પુણ્ય-પાપમાં આવે છે ને? 'સમયસાર'માં. એને જ શુદ્ધ કહ્યું. આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા અને વિકલ્પ રહિતની નિર્વિકલ્પ દશા, એને અહીંયાં શુભ કહેવામાં આવે છે. બાકી તો વ્રત, નિયમ ને તપના વિકલ્પ એ બધા અશુદ્ધ છે. આહાહા..! જેના ફળમાં ગતિ મળે એ ભાવ અશુદ્ધ છે. જેના ફળમાં મુક્તિ મળે તે ભાવ શુદ્ધ છે. બહારની આ બધી જંજાળમાં આ ક્યાં... નવરાશ ક્યાં છે એને? નવરાશ મને નથી. મરવાની નવરાશ નથી અમને. એવા ધંધા (ચાલે છે) અમને. આહાહા..! મરવા પડીશ તો પડીશ ટાંગે હેઠો, ભાઈ! હાય..હાય..રે... મારે ન કરાણું .. ચાલ્યા આવે. ક્યાં જઈને ઉતારા કરશે? રોતો હતો. માણસ નથી ખુશાલભાઈનો 'દામનગર'ના વાણિયા. ... એના બાપા. હોશિયાર માણસ. આ સંસારનું ઓલું ... છે. મરતા માણસો જોવા આવે અને આંખમાંથી આંસુ ચાલ્યા જાય. બધા માણસ જોવા આવે ને આંખમાંથી આંસુ ચાલ્યા જાય. શું છે? ભાઈ! કાંઈ મેં કર્યું નહિ, બધો મારો કાળ આમાં ગયો. આંખમાંથી આંસુની ધારા. ...'ખુશાલ પ્રેમચંદ'. 'દામનગર'. આહાહા..! ઢીલો પાડ્યા વિના એ આગળ જઈ નહિ શકે. આહાહા..! બહારની અધિકાઈ અને માન-અપમાન મૂકને. આહાહા..!

**ભાવાર્થ :-** '**યહાં 'મહાયશ' ઈસપ્રકાર સંબોધન કિયા. ઉસકા આશય યહ હૈ કિ જો મુનિ નિર્ગ્રંથલિંગ ધારણ કરે...**' એમ કહે છે. નગ્નમુનિ તું થયો. દિગંબર મુનિ. આ વસ્ત્રવાળા તો મુનિ નથી, વ્યવહારે મુનિ નથી. જૈનદર્શનમાં તો નિર્ગ્રંથ મુનિ, નગ્નમુનિને દ્રવ્યલિંગ કહેવામાં આવે. એવું તેં ધારણ કર્યું. '**સમસ્ત ક્રિયા કરે,...**' છે તું. દ્રવ્યલિંગીની. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, નિર્દોષ આહાર, પાણી... આહાહા..! '**પરંતુ આત્માકે સ્વરૂપ શુદ્ધોપયોગકે સન્મુખ ન હો...**' આહાહા..! પણ એ શુભની ક્રિયાનો રસ તો રાગ છે. ભગવાનઆત્મા તરફનો ભાવ જે શુદ્ધઉપયોગ છે એની તો સન્મુખ થયો નહિ, એની ભાવના કરી નહિ. આહાહા..! એ ધર્મ તો શુદ્ધ ઉપયોગ છે. એ પંચમહાવ્રત ને એ બધા શુભઉપયોગ છે. એ બધો ધર્મ નથી. આહાહા..! એ તો અધર્મ છે.

'**આત્માકે સ્વરૂપ શુદ્ધોપયોગકે સન્મુખ...**' શુદ્ધોપયોગ એ આત્માની સન્મુખનો ભાવ છે. શુભભાવ એ પરસન્મુખનો ભાવ છે. શુભઉપયોગ દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, પૂજા એ તો પરલક્ષીભાવ છે. આ તો '**આત્માકે સ્વરૂપ શુદ્ધોપયોગકે સન્મુખ ન હો ઉસકો પ્રધાનતયા ઉપદેશ હૈ...**' એને ઉપદેશ કહે છે અહીં. દ્રવ્યલિંગી સાધુ થયો. હજારો રાણી છોડી, રાજપાટ છોડ્યા, પંચમહાવ્રત પાળે પણ એ બધી બાહ્ય લક્ષવાળી ક્રિયાઓ પણ પ્રભુ અંતર સન્મુખ થવાનો જે ઉપયોગ, એની તો તેં દૃષ્ટિ કરી નહિ. આહાહા..! બહિર્મુખની જે આ બધી શુભક્રિયાઓ, એ તો સંસારખાતાની છે.

'**આત્માકે સ્વરૂપ શુદ્ધોપયોગકે સન્મુખ ન હો ઉસકો પ્રધાનતયા ઉપદેશ હૈ...**' મુખ્ય એને કહેવામાં આવે છે. મહાયશ કીધો છે ને એટલે. મહાયશ. તારી આબરૂ તો વધી બહારમાં. એમાં દાળિયા શું થયા? આહાહા..! આવો નગ્નમુનિ, દિગંબર મુનિ થાય, પંચમહાવ્રત પાળે, સમિતિ, ગુપ્તિ પાળે. એમાં શું થયું? એ તો સંસાર છે. એ તો સંસારની દિશા તરફનો ભાવ છે. આત્માનો સ્વરૂપ સન્મુખનો ભાવ તો શુદ્ધોપયોગ છે. એ સંસારપંથ છે, આ મોક્ષપંથ છે. આહાહા..! જગતને બેઠું નથી. મૂળ ચીજ અને એનો ભાવ અને એની ભાવના. મૂળ ચીજ આત્મા અને એનો ભાવ શુદ્ધ ત્રિકાળ અને એની ભાવના વીતરાગી નિર્મળ પર્યાય. એની સામું તો તેં જોયું નહિ કોઈ દિ'. આહાહા..! શું કર્યું તેં?

'**મુનિ હુઆ વહ તો બડા કાર્ય કિયા,...**' આ વ્યવહારથી વાત કરી. '**તેરા યશ લોકમેં પ્રસિદ્ધ હુઆ,...**' મહાયશ કીધું ને? '**પરંતુ ભલી ભાવના અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વકા અભ્યાસ...**' આહાહા..! ભગવાન પવિત્ર વિકલ્પ રાગ, દયા, દાનના વિકલ્પથી રહિત પ્રભુ આત્મા, એવો જે આત્મા, એની '**ભલી ભાવના અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વકા અભ્યાસ ઉસકે બિના...**' અંતર ચૈતન્ય દ્રવ્યની દૃષ્ટિ અને અનુભવ વિના... આહાહા..! '**તપશ્ચરણાદિ કરકે સ્વર્ગમેં દેવ ભી હુઆ...**' તપસ્યા કરી, વ્રત પાળ્યા. આહાહા..! અને એના ફળમાં

સ્વર્ગ ગયો. '**તો વહાં ભી વિષયોંકા લોભી હોકર...**' કેમકે શુભભાવ એ તો વિષય છે. એના પ્રેમમાં, મહાવ્રતના પ્રેમમાં પડ્યો વિષયનો લોલૂપી છે, કહે છે. આહાહા..! સ્વવિષય એણે ન કર્યો. પોતાના અભ્યાસ વિના. વસ્તુ જે ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદનો નાથ, એના સન્મુખની દૃષ્ટિ અને અભ્યાસ વિના '**તપશ્ચરણાદિ કરકે સ્વર્ગમેં દેવ ભી હુઆ તો વહાં ભી વિષયોંકા લોભી હોકર માનસિક દુઃખસે હી તપ્તાયમાન હુઆ.**' ત્યાં માનસિક દુઃખમાં તપતા બળતરા-બળતરા (ભોગવી). આહાહા..! અરે..! આ બધા મારાથી મોટા. ત્યાં મારાથી નાના હતા. અહીં તો મોટા થઈ ગયા. હું ઉણો રહ્યો. એવી માનસિક કલ્પનાથી દુઃખી થયો. સ્વર્ગમાં પણ દુઃખને વેદ્યા. એક સમ્યક્ ચૈતન્યની દૃષ્ટિ ને ભાવના વિના. માટે કોઈપણ પ્રકારે પ્રભુ તું આત્મદ્રવ્ય તરફ આવ. આહાહા..! અંતરમાં જા.. અંતરમાં જા... અંતરમાં જો કે જેથી તને નિધાન પ્રાપ્ત થશે. આહાહા..! અને એને લઈને તને મુક્તિ, શરીરનો નાશ થઈ જશે. સ્વર્ગાદિ ગતિનો નાશ અને મુક્તિ થાશે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे शुभभावनासे रहित अशुभ भावनाका निरूपण करते हैं :-

**कंदप्पमाइयाओ पंच वि असुहादिभावणाइ य।**
**भाऊण दव्वलिंगी पहीणदेवो दिवे जाओ।।१३।।**
**कांदर्पीत्यादीः पंचापि अशुभादिभावनाः च।**
**भावयित्वा द्रव्यलिंगी प्रहीणदेवः दिवि जातः।।१३।।**
**તું સ્વર્ગલોકે હીન દેવ થયો, દરવલિંગીપણે,**
**કાંદર્પી-આદિક પાંચ બૂરી ભાવનાને ભાવીને. ૧૩.**

**अर्थ :-** हे जीव! तू द्रव्यलिंगी मुनि होकर कान्दर्पी आदि पाँच अशुभ भावना भाकर प्रहीणदेव अर्थात् नीच देव होकर स्वर्गमें उत्पन्न हुआ।

**भावार्थ :-** कान्दर्पी, किल्विषिकी, संमोही, दानवी और अभियोगिकी - ये पाँच अशुभ भावना हैं। निर्ग्रंथ मुनि होकर सम्यक्त्व-भावना बिना इन अशुभ भावनाओंको भावें तब किल्विष आदि नीच देव होकर मानसिक दुःखको प्राप्त होता है।।१३।।

---

**પ્રવચન નં. ૧૦૯, ગાથા-૧૩ થી ૧૮, મંગળવાર, પોષ વદ ૮, તા.૧૫-૦૧-૭૪**

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ગાથા-૧૩. આ ભાવપાહુડ છે એટલે આત્મા ચૈતન્ય શુદ્ધ વીતરાગસ્વરૂપ છે એવી દૃષ્ટિ અને એવો શુદ્ધભાવ કોઈ દિ' કર્યો નથી. અને એ શુદ્ધભાવ વિના અનંતવાર નરકમાં ગયો, પશુની યોનિમાં રહ્યો, મનુષ્યમાં રહ્યો અને

દેવમાં રહ્યો. બધે ઈ દુઃખી હતો. દેવમાં પણ હીન દેવ થાય. એ વાત હવે લ્યે છે. દેવ થાય. હવે અહીં સાધુ સુધીની વાત છે કે જૈનનો સાધુ થયો, દિગંબર મુનિ થયો તોપણ એણે કુભાવના છોડી નહિ. અને આત્મતત્ત્વ જે શુદ્ધ ચૈતન્ય ભગવાન, એવા પવિત્ર પરમાત્માનું સ્વરૂપ એની એણે ભાવના, જિનભાવના કરી નહિ. ચાર ગતિમાં તો રખડ્યો. દેવ થયો અને સાધુ પણ આવો અનંતવાર થયો એમ કહે છે. એમ કહેવું છે અહીં.

**कंदप्पमाइयाओ पंच वि असुहादिभावणाइ य।**
**भाऊण दव्वलिंगी पहीणदेवो दिवे जाओ।।१३।।**

સમ્યગ્દર્શનની ભાવના વિના બીજા ભવ તો અંગીકાર કર્યા. જિનભાવના (કરી નહિ). પણ કહે છે કે આવા સાધુપણા લીધા એમાં પણ એણે જિનભાવના ભાવી નહિ, કુભાવના ભાવી. સંસારમાં તો બાયડી, છોકરા, કુટુંબમાં, ધંધામાં તો પાપ કર્યા અને વીતરાગભાવના ભાવી નહિ. અને પુણ્ય પણ કર્યા પણ વીતરાગભાવની ભાવના વિના એ સ્વર્ગાદિમાં પણ દુઃખી છે. અહીં તો ત્યાં સુધી લેવું છે હવે કે એવા તો ભવ કર્યા, પણ જૈન સાધુના ભવમાં પણ તેં જિનભાવના ભાવિ નહિ. આહાહા..!

**અર્થ :- 'હે જીવ! તૂ દ્રવ્યલિંગી મુનિ હોકર...'** નગ્નમુનિ દિગંબર સંત થયો બાહ્યથી. ઓહો...! ગૃહસ્થાશ્રમમાં પડ્યા એને તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ભાવના હતી એટલે રખડ્યા, પણ મુનિ થઈને પણ જેણે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, જેમાં રાગનો અંશ નથી એવી ચીજની દૃષ્ટિ ન કરી એટલે **'હે જીવ તૂ દ્રવ્યલિંગી મુનિ હોકર કાન્દર્પી આદિ પાંચ અશુભ ભાવના ભાકર...'** પાઠમાં **'असुहादि'** છે. અહીં **'અશુભ ભાવના ભાકર...'** એટલે કોઈ વખતે અશુભ ભાવનામાં શુભ પણ હોય. દેવ થાય છે ને? પણ એ બધી જિનભાવના વિનાની. પુણ્ય અને પાપના ભાવ એ રાગભાવ છે. રાગ છે, ભાઈ! રાગની ભાવના તો મિથ્યાત્વભાવ છે.

મુનિ થઈને **'અશુભ ભાવના ભાકર પ્રહીણદેવ અર્થાત્ નીચ દેવ...'** થયો. એમાં હીણા દેવમાં પણ અપમાન આદિમાં દુઃખને સેવ્યા. પોતા કરતા વધારે પુણ્યવંત પ્રાણી દેખી શુભભાવને વશ સ્વર્ગમાં ગયો, એને દેખીને અંદર દ્વેષ થાય. સહન ન થાય. અરે..! આ શું? બાપુ! એવી ભાવના સાધુ થઈને પણ મિથ્યાત્વની ભાવના અને રાગની ભાવના ભાતા, સ્વર્ગમાં ગયો કોઈ શુભભાવ હતો એટલે. પણ એ શુભ પણ અશુભ જ છે. સમજાણું? એ જીવ **'નીચ દેવ હોકર સ્વર્ગમેં ઉત્પન્ન હુઆ.'** આ એનો ઈતિહાસ કહે છે. જીવનો ઈતિહાસ. આહાહા..! ચાર ગતિમાં કઈ રીતે રખડ્યો? ભાઈ! તને આત્મા, નિર્વિકલ્પ આનંદનો નાથ કંદ પ્રભુ, એને છોડીને તેં શુભાશુભ ભાવના અનંતવાર કરી. આહાહા..!

ચૈતન્યદ્રવ્ય વસ્તુ પરમાનંદ અને જ્ઞાનની મૂર્તિ છે, એવી તેં દૃષ્ટિની ભાવના કદી કરી નથી. એથી એના જન્મ-મરણના અંત ન આવ્યા. સંસારમાં પાપ કર્યા અને નરકમાં ગયો, ઢોરમાં ગયો એ તો એકકોર રહો, કહે છે. પણ આ તો ગૃહસ્થાશ્રમ છોડીને સાધુ થયો તોપણ જિનભાવના ન ભાવી. ત્યાં પણ અશુભ-શુભભાવમાં રહ્યો. આહાહા..! આ તો વીતરાગ પરમ સ્વભાવી, વીતરાગ માર્ગ છે. એ રાગ વિનાની અંતર ચીજ પ્રભુ, એના મહાત્મ્ય લાવીને એની એકાગ્રતા કરવી એવી દૃષ્ટિ એણે અનંતકાળમાં ન કરી. સાધુ થયો તોપણ.

**ભાવાર્થ :- 'કાન્દર્પી,...'** કાન્દર્પી એટલે કુચેષ્ટાઓ એવી કરે અને સાધુ થઈને વિકથાઓ કરે. ત્યાગી ન હોય એને તો કહે છે ભલે એ પાપ કર્યા ને નરકે ગયો અને ઢોરમાં ગયો. પણ આ તો સાધુ થઈને પણ આવી વિકથાઓ કરે. **'કિલ્વિષિકી,...'** હલકા દેવ થાય. ઢેઢ. એમાં પણ હલકા જીવ હોય છે ને? એમ દેવમાં કિલ્વિષિકી ઢેઢ જેવા, હરિજન-હલકા દેવ થાય. એમાં ગયો અનંતવાર. **'સંમોહી,...'** મોહ. રાગ અને દ્વેષના મોહમાં સાધુ થઈને પણ એ મોહની જ ભાવના ભાવી. આહાહા..! એથી ત્યાં દેવ થયો. **'દાનવી...'** અસુર જેવો થયો. દાનવી એટલે અસુર. અસુર જેવી પ્રકૃતિ રાખી. કુતૂહલની, મશ્કરીની રાગની.. એને લઈને અસુરમાં ગયો. આ એનો અનાદિનો ઈતિહાસ છે. કહો, સમજાણું કાંઈ?

**'ઔર અભિયોગિકી-...'** ત્યાં સેવક થયો સ્વર્ગમાં. અભિયોગ એટલે સેવક. અહીં સાધુ થયો પણ સમ્યગ્દર્શન નહિ. આહાહા..! બહારના વ્રતાદિ પાળ્યા પણ એમાં વિકથા આદિનો અશુભભાવ પણ આવ્યો. સેવક થયો સ્વર્ગમાં. દેવનો સેવક થયો. એ બધા દુઃખી છે. આહાહા..! દેવમાં આવ્યા તોપણ એની ઉપરના પાછા સેવક. ઈન્દ્રો અને મોટા દેવોની સેવા કરવી. **'યે પાંચ અશુભ ભાવના હૈ. નિર્ગ્રંથ મુનિ હોકર...'** એમ કહે છે, જુઓ! **'સમ્યક્ત્વ-ભાવના બિના...'** હેતુ તો આ છે. આહાહા..! સંસારની પળોજણમાં પડ્યો અને આત્માને ભૂલ્યો એથી તો રખડ્યો, પણ આ સંસાર, બાયડી, છોકરા, કુટુંબ છોડી દીધું તેં, એવા નગ્નપણે પણ નિર્ગ્રંથ દશામાં અનંતવાર આવ્યો, પણ સમ્યગ્દર્શન વિના... આહાહા..! પૂર્ણ પરમાત્મસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યઘન આત્મા, એને એણે વિશ્વાસમાં, પ્રતીતમાં ભરોંસે ન લઈને, એકલા વિકલ્પની ભાવનાઓ ભાવી. આહાહા..!

**'અશુભ ભાવનાઓંકો ભાવે તબ કિલ્વિષ આદિ નીચ દેવ હોકર...'** હલકા દેવ થાય, હલકા. **'માનસિક દુઃખકો પ્રાપ્ત હોતા હૈ.'** મનમાં દુઃખ... દુઃખ... દુઃખ... ઓહોહો..! દેવમાં આવ્યા એ તો ઢેઢ જેવા .. સભામાં જાય તો બોલવા ન દે. આહાહા..! વીતરાગી આત્મા પ્રભુ, એવા જિનભાવના, સમ્યગ્દર્શન કહો કે જિનભાવના કહો. સમ્યગ્દર્શન કહો

કે ત્રિકાળી ચીજની એકાગ્રતા અંદરમાં-શ્રદ્ધામાં, એવી ચીજ વિના આવી ભાવના કરી, મરીને સ્વર્ગમાં ગયો. અપમાનના દુઃખો સહન કર્યા. મનમાં માનસિક દુઃખ (સહન કર્યા). આહાહા..!

---

आगे द्रव्यलिंगी पार्श्वस्थ आदि होते हैं उनको कहते हैं :-

**पासत्थभावणाओ अणाइकालं अणेयवाराओ।**
**भाऊण दुहं पत्तो कुभावणाभावबीएहिं।।१४।।**

पार्श्वस्थभावनाः अनादिकालं अनेकवारान्।
भावयित्वा दुःखं प्राप्तः कुभावनाभावबीजैः।।१४।।

**બહુવાર કાળ અનાદિથી પાર્શ્વસ્થ-આદિક રૂભાવના,**
**તેં ભાવીને દુર્ભાવનાત્મક બીજથી દુઃખો લહ્યાં. ૧૪.**

अर्थ :- हे जीव! तू पार्श्वस्थ भावनासे अनादिकालसे लेकर अनन्तबार भाकर दुःखको प्राप्त हुआ। किससे दुःख पाया? कुभावना अर्थात् खोटी भावना, उसका भाव वे ही हुए दुःखके बीज, उनसे दुःख पाया।

भावार्थ :- जो मुनि कहलावे और वस्तिका बाँधकर आजीविका करे उसे 'पार्श्वस्थ' वेषधारी कहते हैं। जो कषायी होकर व्रतादिकसे भ्रष्ट रहे, संघका अविनय करे, इस प्रकारके वेषधारीको 'कुशील' कहते हैं। जो वैद्यक ज्योतिषविद्या मंत्रकी आजीविका करे, राजादिकका सेवक होवे इसप्रकारके वेषधारीको 'संसक्त' कहते हैं। जो जिनसूत्रसे प्रतिकूल, चारित्रसे भ्रष्ट आलसी, इसप्रकार वेषधारीको 'अवसन्न' कहते हैं। गुरुका आश्रय छोड़कर एकाकी स्वच्छन्द प्रवर्ते, जिन आज्ञाका लोप करे, ऐसे वेषधारीको 'मृगचारी' कहते हैं। इनकी भावना भावे वह दुःख ही को प्राप्त होता है।।१४।।

---

## ગાથા-૧૪ ઉપર પ્રવચન

**'આગે દ્રવ્યલિંગી પાર્શ્વસ્થ આદિ હોતે હૈં ઉનકો કહતે હૈં :-'** પાર્શ્વસ્થ સાધુ થાય છે. કહે છે કે સાધુમાં પણ ઘણા ભેદ છે. એ પણ મિથ્યાદષ્ટિ હોયને... આહાહા..! ગૃહસ્થાશ્રમમાં નરકમાં જવાના ભાવ કર્યા, પશુના કર્યા, સ્વર્ગના કર્યા અને મનુષ્યપણાના કર્યા. પણ આ તો સાધુ થઈને પણ ચાર ગતિના રખડવાના ભાવ કર્યા એમ કહે. આ તો દેવનો ભાવ છે. આહાહા..!

**पासत्थभावणाओ अणाइकालं अणेयवाराओ।**
**भाऊण दुहं पत्तो कुभावणाभावबीएहिं।।१४।।**

**અર્થ :- 'હે જીવ!'** ભગવાન 'કુંદકુંદાચાર્ય' જગતને સંબોધીને કહે છે, હે આત્મા! આહાહા..! '**તૂ પાર્શ્વસ્થ ભાવનાસે અનાદિકાલસે લેકર અનંતબાર ભાકર...**' પાર્શ્વસ્થ સાધુ. સાધુ પાસે રહે ખરો પણ ક્રિયા બધી કલુષિત. અશુભભાવના, રાજાને ખુશી કરવા, રાજા મોટા કરોડોપતિ, અબજોપતિ હોય એની સાથે સંપર્ક કરવો, એને વખાણવા, આ બધા પાર્શ્વસ્થ સાધુ કહેવાય. સમજાણું કાંઈ? આહા..!

'**અનંતબાર ભાકર દુઃખકો પ્રાપ્ત હુઆ. કિસસે દુઃખ પાયા? કુભાવના અર્થાત્ ખોટી ભાવના,...**' રાગની ભાવના, અશુભની ભાવના, કુતુહલની ભાવના. આહાહા..! રાજા આદિ મોટા સભામાં આવે. ... કથામાં. તો એને માખણ ચોપડે, વખાણ કરે, સંપર્ક કરે. આહાહા..! મરી ગયો કહે છે એમાં તો. કહો, સમજાણું કાંઈ? અહીં કહ્યું ને સાધુ રાજાને વશ કરીને રાજનું માન મેળવે. ત્યાં શું રાજનું માન જોઈતું હતું. અનંતવાર ભાવના ભાવી. '**દુઃખકે બીજ,...**' એ વીતરાગ દૃષ્ટિ વિના રાગની બધી ભાવનાઓ દુઃખનું બીજ છે. 'ઉનસે દુઃખ પાયા.'

**ભાવાર્થ :- 'જો મુનિ કહલાવે ઔર વસ્તિકા બાંધકર...'** મકાન બાંધીને રહે. '**ઉસે 'પાર્શ્વસ્થ' વેષધારી કહતે હૈં.**' સાધુ પાસે રહે છતાં વેષધારી છે. '**ઔર કષાયી હોકર વ્રતાદિકસે ભ્રષ્ટ રહે,...**' કષાય માન... માન.. માન... લોભ ને રાગ ને માયામાં કુટીલતા, કપટતાના રસમાં પડ્યો વ્રતાદિકથી ભ્રષ્ટ થઈ જાય. હોય નગ્નમુનિ દિગંબર. આહાહા..! આમાં પણ તેં ભાવના ન ભાવિ એમ કહે છે. જે કરવા જેવું હતું એ ત્યાં પણ ન કર્યું. સાધુ થઈને, મુનિ થઈને. આહાહા..! આચાર્ય મહારાજ તો આમ ... ગૃહસ્થાશ્રમમાં તો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષની સેવા કરી અને ચાર ગતિમાં રખડ્યો... આહાહા..! પણ ત્યાગી થઈને પણ તેં એની એ જાતને સેવી. અશુભભાવના આદિની ભાવના કરી મરીને અંતે તો દેવાદિ થયો.

'**સંઘકા અવિનય કરે,...**' કો'ક એવી શક્તિ પુણ્યની હોય, રાજા આદિ માનતા હોય, અબજોપતિ માનતા હોય, મંત્ર-તંત્ર આપ્યા હોય. સંઘનો અવિનય કરે. કોણ સંઘ? સાચા સંત, સાચા સાધુ એને ગણે નહિ. આહાહા..! '**ઈસપ્રકારકે વેષધારીકો 'કુશીલ' કહતે હૈં.**' પાંચ છે એની વ્યાખ્યા. પાર્શ્વસ્થ, .. આ કોટિની. '**જો વૈદ્યક જ્યોતિષવિદ્યા મંત્રકી આજીવિકા કરે,...**' વૈદા કરે, દવાઓ બતાવે, જ્યોતિષ બતાવે. મંત્ર આપે. આ મંત્રથી આમ થાશે તમારું. પદ્માવતીનો મંત્ર. આહાહા..! ચક્રેશ્વરીનો મંત્ર. ચક્રેશ્વરી છે ને? ક્યાં? 'પાલિતાણા' છે ને? નીચે નથી? ચક્રેશ્વરી દેવી છે. ભોંયરામાં

છે. એવા મંત્રો આપે. આ શું છે? ઓલા એને માને. એને નામે પૈસા ખર્ચે અને રાજી થાય. આહાહા..! '**વૈદ્યક જ્યોતિષવિદ્યા મંત્રકી આજીવિકા કરે,...**' લ્યો! આહાહા..! પૈસા ઉઘરાવે. ભંડાર ભરે પોતાના નામના. ગૃહસ્થને ત્યાં... શું કહેવાય ઈ? થાપણ મૂકે. લાખ, બે લાખ, પાંચ લાખ. એના નામના રહે. આહાહા..! એલા! સાધુ થઈને પણ આ કર્યું તેં! એવું અનંતવાર કર્યું છે. એકવાર નથી કર્યું. આદિ વિનાનો કાળ. અનંતકાળનો આ એનો ઈતિહાસ છે. આહાહા..!

'**રાજાદિકકા સેવક હોવે...**' જોયું! માખણ ચોપડે, રાજના વખાણ કરે, કરોડપતિ, અબજપતિને પણ પંપાળે. ઓહો..! તમે તો ભારે ધર્મી, તમે તો આવા. રાજા–લક્ષ્મીવાળાના સેવક થઈને. '**ઈસ પ્રકારકે વેષધારીકો સંસક્ત કહતે હૈં.**' પરિચય કરનારા. મોટા રાજા હોય અને કરોડોપતિના પરિચય કરનારા. ભાઈ! એનો પરિચય છે શું? ભગવાનઆત્મા અંદર મૂકીને આ શું? આહાહા..! ધર્મીનો પરિચય નહિ તો આવા બધા ફાટેલા પ્યાલા રાજા. આહાહા..! માંસ ખાતા હોય, લંપટિ હોય. અબજોની ઊપજ હોય. એવા રાજાઓને રાજી રાખે. મરીને ઢોરમાં જાઈશ. દેવમાં જાઈશ તો હલકો દેવ થાઈશ. આહાહા..! અહીંયાં તો ચૈતન્ય ભગવાનઆત્માનું મહાત્મ્ય જેને નથી આવતું, એને આ બીજા બાહ્ય પદાર્થનું મહાત્મ્ય છૂટતું નથી. એ પણ ત્યાં ને ત્યાં રખડીને મરે ચાર ગતિમાં. આહાહા..! સાધુ થઈને પણ ઢેઢ જેવા દેવમાં જાય.

'**જો જિનસૂત્રસે પ્રતિકૂલ,...**' હૈ. વીતરાગદષ્ટિ. આહાહા..! વીતરાગભાવ જિનસૂત્ર બતાવે છે એનાથી પ્રતિકૂળ. એને તો વ્યવહારની રુચિ, પુણ્ય અને પાપની. એના પ્રેમમાં ફસાણા એ જિનસૂત્રની આજ્ઞાનો અવિનય કરે છે. ભગવાનની આજ્ઞા તો વીતરાગભાવ કરવાની છે. જિનસૂત્રમાં વીતરાગભાવનું પોષણ છે. એ વીતરાગભાવ તો કાઢ્યો નહિ અને રાગના પોષણની વાતું કાઢી એ જિનસૂત્રથી પ્રતિકૂળ છે. આહાહા..! '**ચારિત્રસે ભ્રષ્ટ આલસી,...**' સ્વરૂપની ચારિત્ર દશા નથી અને વ્યવહારના વ્રતના ઠેકાણા નથી એમ કહે છે. '**ઈસપ્રકાર વેષધારીકો 'અવસન્ન' કહતે હૈં.**' અવસન્ન કહેવાય છે.

'**ગુરુકા આશ્રય છોડકર એકાકી સ્વચ્છંદ પ્રવર્તે,...**' ગુરુની ભેગા રહે તો વિનય કરવો પડે, નિર્માન રહેવું પડે. છોડીને એકલા સ્વચ્છંદે પ્રવર્તે. '**જિન આજ્ઞાકા લોપ કરે,...**' આહાહા..! '**ઐસે વેષધારીકો 'મૃગાચારી' કહતે હૈં.**' હરણિયા જેમ ચાલે એમ એ બધા ચાલનારા. આહાહા..! '**ઈનકી ભાવના ભાવે વહ દુઃખ હી કો પ્રાપ્ત હોતા હૈ.**' લ્યો! એવી રાગની ભાવના આ પ્રકારની એ દુઃખને જ પ્રાપ્ત થાય.

ऐसे देव होकर मानसिक दुःख पाये इस प्रकार कहते हैं :-

देवाण गुण विहूई इड्ढी माहप्प बहुविहं दट्ठुं।
होऊण हीणदेवो पत्तो बहु माणसं दुक्खं।।१५।।
देवानां गुणान् विभूतीः ऋद्धीः माहात्म्यं बहुविधं दृष्ट्वा।
भूत्वा हीनदेवः प्राप्तः बहु मानसं दुःखम्।।१५।।
સુર - અપ્સરાના વિરહકાલે હે મહાયશ! સ્વર્ગમાં,
શુભભાવનાવિરહિતપણે તેં તીવ્ર માનસ દુઃખ સહ્યાં. ૧૫.

अर्थ :- हे जीव! तू हीन देव होकर अन्य महर्द्धिक देवोंके गुण, विभूति और ऋद्धिका अनेक प्रकारका माहात्म्य देखकर बहुत मानसिक दुःखको प्राप्त हुआ।

भावार्थ :- स्वर्गमें हीन देव होकर बड़े ऋद्धिधारी देवके अणिमादि गुणकी विभूति देखे तथा देवांगना आदिका बहुत परिवार देखे और आज्ञा, ऐश्वर्य आदिका माहात्म्य देखे तब मनमें इसप्रकार विचारे कि मैं पुण्यरहित हूँ, ये बड़े पुण्यवान् हैं, इनके ऐसी विभूति माहात्म्य ऋद्धि है, इसप्रकार विचार करनेसे मानसिक दुःख होता है।।१५।।

## ગાથા-૧૫ ઉપર પ્રવચન

**'ऐसे દેવ હોકર માનસિક દુઃખ પાયે ઈસ પ્રકાર કહતે હૈં :-'** એવો દેવ થાય અને માનસિક પીડાનો પાર ન હોય. આહાહા..! મારું હૃદય બળે છે. અંદર હળાહળ સળગે છે એમ કહે છે. આહાહા..!

देवाण गुण विहूई इड्ढी माहप्प बहुविहं दट्ठुं।
होऊण हीणदेवो पत्तो बहु माणसं दुक्खं।।१५।।

**અર્થ :- 'હે જીવ! તૂ હીન દેવ હોકર...'** હલકો દેવ થયો. **'અન્ય મહર્દ્ધિક દેવોંકે...'** મોટા મહર્દ્ધિક દેવોના ગુણો, પુણ્ય અને આબરૂ મોટી દેખી. **'વિભૂતિ...'** મોટા દેવની વિભૂતિ દેખીને મનમાં બળ્યો. માનસિક ચિંતામાં સળગી ગયો. આવા આવા મોટા દેવ. અમે જૈન સાધુ હતા. આ વળી આવા મોટા થયા. માનસિક પીડા (ભોગવે). બહુમાન આપે નહિ. અપમાન જ્યાં હોય ત્યાં થાય. **'ઔર ઋદ્ધિકા અનેક પ્રકારકા માહાત્મ્ય દેખકર...'** દેવની બહારની ઋદ્ધિ, ગુણ, વિભૂતિનું માહાત્મ્ય દેખીને **'બહુત માનસિક દુઃખકો પ્રાપ્ત હુઆ.'** આહાહા..!

**ભાવાર્થ :- 'સ્વર્ગમેં હીન દેવ હોકર બડે ઋદ્ધિધારી દેવકે...'** ઘણી મોટી ઋદ્ધિવાળા

દેવ દેખીને '**અણિમાદિ ગુણકી વિભૂતિ...**' ગુણની. અણિમા એટલે નાનું રૂપ કરવું હોય તો થાય, મોટું રૂપ કરવું હોય તો થાય. નાનુ-મોટું. અણિમા, મહિમા આવે છે ને? '**દેવાંગના આદિકા બહુત પરિવાર દેખે...**' પોતા કરતાં દેવને ઘણી ઈન્દ્રાણીઓ, દેવીઓ દેખે તો દુઃખ થાય. આહાહા..! માનસિક જ્વાળાથી સળગે. આ 'કુંદકુંદાચાર્ય' મહારાજ એમ કહે છે, કે ભાઈ! તેં આત્માની દૃષ્ટિ કરી નહિ અને આવા સાધુપણામાં પણ જ્યારે ગયો, એમાં દેવમાં પણ તને માનસિક દુઃખ થયું. મનમાં ચિંતાના દુઃખનો પાર ન રહે. મરે ત્યાં સુધી એનો કોઈ ભવ ફરે એવો નથી. આહાહા..! હવે તો આ ટાણા આવ્યા, બાપુ! એમ કહે છે. હવે તો દૃષ્ટિ ફેરવ. એ રાગનો પ્રેમ અને રાગની રુચિ, જૈનદર્શનમાં એને મિથ્યાત્વ કહે છે. ચાહે તો શુભરાગ હો, એની પણ પ્રેમ અને રુચિને મિથ્યાત્વ કહે છે. એ અજૈનભાવના છે. આહાહા..!

મુમુક્ષુ :- અમારા માટે તો નથી.

ઉત્તર :- જેને હોય એને માટે છે.

મુમુક્ષુ :- સાધુ માટે છે.

ઉત્તર :- સાધુની વાત કરી ત્યારે ઓલો આવી ગયો વચમાં. આ તો સાધુ આવો થયો છતાં એણે રાગની ભાવના ભાવી અને મરીને દુઃખી થયો એમ કહે છે. આહાહા..! અને એમાં ગૃહસ્થાશ્રમમાં ગૂંચવાણો એ બાયડી, છોકરા, આબરૂ, કીર્તિ અને ભોગમાં મરી ગયો એમ ને એમ. ચાલ્યો ગયો. ઢોર જેવા અવતાર એના. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! પોતાનું જે કરવું એ કર્યું નહિ. અને બહારથી માંડી બધી. આહાહા..! છોકરા ભણે, હોંશિયાર થાય, અમારા જેવા થાય, હજાર-હજાર, બે હજારના પગારવાળા થાય, સારા ઘરની વહુ મળે. સુખી થાય. મરી ગયો હવે, સાંભળને. ધૂળમાંય નથી. ત્યાં તો રાગ અને વિકારનું પોષણ છે એકલું. આહાહા..! કહો, 'ભગવાનજીભાઈ'! આહાહા..! ભાઈ! આ તો બધા તેં દુઃખના સાધન ઊભા કર્યા. તારી જિંદગી ગાળી પોતે ભણે, છોકરાઓને ભણાવે. પોતે ડોક્ટર હોય, એ છોકરાઓને ડોક્ટર કરે એટલે રાજી થાય અને એની વહુ પણ ડોક્ટર થયેલી હોય એને રાખે. છોકરીઓ ડોક્ટર થાય છે ને અત્યારે? છોકરાની વહુ એટલે બેય ડોક્ટર થાય. એટલે ખુશ થાય કે આપણે છોકરાઓ...

મુમુક્ષુ :- એક ઘરમાં બેય કમાય ને.

ઉત્તર :- કમાય બેય જણા. અરેરે..! 'સ્વરૂપચંદભાઈ'! કાલે કહ્યું હતું, નહિ? ઓલા ડોક્ટર, મહેતા ડોક્ટર કાલે આવ્યા હતા બિચારા. માણસ નરમ. ફોટો લીધો ને? એણે કીધું, મહારાજ આવે તો મને બોલાવજો. બહુ મોટો ડોક્ટોર. મહેતા. હું આફિસ.. આવ્યા હતા મળવા. આમ નરમ છે. પોતાથી આ બધું કર્યું છે. .. ન હોય. થાય છે શું મહારાજને? મેં કીધું તાવ આવે છે. બીજું કાંઈ નહિ. તાવ મટતો નથી.

બીજું કાંઈ નથી. ... હવે એનું સાંભળ્યું તો એક છોકરો ૨૯ વર્ષનો કેન્સરમાં મરી ગયો. ડોક્ટર થઈને. જુઓ! આ જગતના સખ-કેન્સર. 'સ્વરૂપચંદભાઈ'! ચાર છોકરા છે. એક ડોક્ટર છે. અને આ બિચારો ડોક્ટર હતો. કેન્સર થયું. કોણ કહેતું હતું? 'કાંતિભાઈ' આપણા. 'કુંડલા'વાળા, એ આવ્યા હતા. 'કુંડલાવાળા' છે ને બે જણા? એ આવ્યા હતા. ... આહાહા..! જુઓ! આ ધૂળમાં છે નહિ. પુનર્જન્મની થોડી વાત કરી. 'રાજુલ'ની. પુનર્જન્મ છે ક્યાં? ઈ નક્કી (કરવાના) ઠેકાણા ન મળે. ક્યાં ગયા તમે? આહાહા..!

કીધું ને આ તમારો 'જેઠાભાઈ'! કોણ તમારો ઓલો? 'શિવલાલ'. 'શિવલાલ પાનાચંદ' કલેક્ટર છે. આઈપીએસ. સાડા ત્રણ હજારનો પ્રકાર છે. ... જુવાન. વીસાશ્રીમાળી વાણિયો હતો. આવ્યો એકવાર. (સંવત) ૧૯૭૭ની સાલમાં 'બોટાદ'. .. નોકરી કરી. સાતસોનો પગાર. પછી તો સાડા ત્રણ હજાર વધી ગયો. મેં કીધું, ભાઈ! 'શિવલાલભાઈ' આ આત્મા છે એનું કાંઈ વાંચ્યું છે આત્માનું? કહે, હા, વાંચ્યું છે. બહુ મગજ! બહુ મગજ! આખા કબાટના કબાટ વાંચે અને યાદ રહે એવો માણસ. .. સાથે ભણેલા. પહેલો નંબર એનો આવ્યો હતો. બીજો નંબર .. નો આવ્યો હતો. એટલે સરકાર આપેને નંબર? એને બીજો નંબર આપ્યો હતો, ક્લાસમાં. એ એને પૂછ્યું, એ કહે, વાંચ્યું છે પણ આત્મા છે કે નહિ મેં નિર્ણય નથી કર્યો. આહાહા..! તમારા બાપા સાથે હતા. .. એનું મોસાળ ત્યાં હતું ને. શિવલાલભાઈનું મોસાળ ત્યાં. 'નાગરભાઈ' સાથે હતા. વ્યાખ્યાન પૂરું થયું. (સંવત) ૧૯૭૭ની વાત છે. બરાબર આવ્યા અને બેઠા. મેં પૂછ્યું. કીધું, હજી નક્કી કર્યું નથી. ઓય..! આ ભણ્યા બધા. હજી આત્મા છે કે નહિ એ નક્કી કર્યું નથી. કેવો છે અને કેમ છે એ વળી એકકોર રાખો. અરરર..! શું કર્યું પણ તેં આ? એ ૪૮ વર્ષની ઉંમરે મરી ગયો. સાડા ત્રણ હજારનો પગાર મહિને. કલેક્ટર અને ત્યાંનો દિવાન. અહીં કોણીએ કાંઈક દર્દ થયું. .. ૪૮ વર્ષની ઉંમરે ખલાસ. ૪૮ હજી. જાવ દુનિયામાં .. જાવ. આહાહા..! એના ઉતારા ક્યાં હોય, બાપા! આહાહા..!

અહીં તો કહે છે કે એવા ભવ તો અનંત કર્યા પણ આ સાધુપણા લઈને તેં ગોટા વાળ્યા. આહાહા..! ગોટાળાના ધંધામાં પડ્યો એ તો ગોટા જ હતા ત્યાં. પણ ત્યાગી થઈને પણ તેં કર્યું શું? આહાહા..! એ શુભરસ અને રાગ કરી અને એમાં ને એમાં જિંદગી ગાળી. રાગ વિનાનો મારો નાથ ચૈતન્ય પ્રભુ કોણ છે? હું જે કહેવાઉં છું એ ચીજ શું છે? એની એણે દૃષ્ટિ અને જ્ઞાન કર્યા વિના આવા પાર્શ્વસ્થ આદિ સાધુ થઈ સ્વર્ગમાં અપમાન સહન કર્યા, માનસિક દુઃખ સહન કર્યા. આહાહા..! અબજો વર્ષ રહ્યા. અને ઓલા દેવને ઋદ્ધિ મોટી. દેખી જાય નહિ, સહી જાય નહિ. આહાહા..! મરણ નજીકમાં થાય નહિ. દેવનું તો આયુષ્ય છૂટે નહીં. દેવ તો જેટલું આયુષ્ય લઈને

આવ્યો એટલા રહેવાના. આહાહા..! પ્રભુ! અનાદિઅનંત તારો નાથ આત્મા... આહાહા..! જેમાં સંસારની કળાનો, વિકલ્પનો પણ જેમાં અવકાશ નથી. આહાહા..! એવો વિજ્ઞાનઘન વીતરાગ સ્વરૂપી પ્રભુ, એની સામું તેં જોયું નહિ. અને એનાથી વિમુખ, સન્મુખને મૂકીને વિમુખ તેં કામ કર્યા બધા. સાધુ થઈને પણ આવા કર્યા, ભાઈ! આહાહા..! જુઓને! 'કુંદકુંદાચાર્ય'ને. એને ... સાધુ થયો તોપણ તેં આવું કર્યું. આહાહા..!

**'સ્વર્ગમેં હીન દેવ હોકર બડે ઋદ્ધિધારી દેવકે અણિમાદિ ગુણકી વિભૂતિ દેખે તથા દેવાંગના આધિકા બહુત પરિવાર દેખે...'** ઓહોહો..! આની આટલી આટલી દેવીઓ, મારે તો એકેય દેવી ન મળે. દેવી હોય તો સાધારણ હોય. આહાહા..! **'આજ્ઞા,...'** કરે તો, હુકમ કરે તો હજાર દેવ હાજર થાય. અહીં આજ્ઞા કરે તો કોઈ સાંભળે નહિ. દેવ થાય તોપણ. આહાહા..! અને આજ્ઞા કરવા જાય તો ઓલા ... આવું સાંભળીને દુઃખી થાય બિચારા. આહાહા..!

**'આજ્ઞા, ઐશ્વર્ય...'** મોટપ દેખીને. આહાહા..! આની મોટપ, એના શરીર, એની આબરૂ, એની દેવાંગના, એના દેવો, એના સામાન્ય દેવો. ઓહોહો..! આપણે તો દેવ થયા એટલે પાછા ઢેઢ જેવા હલકા. આહાહા..! 'માહાત્મ્ય દેખે તબ મનમેં ઈસપ્રકાર વિચારે કિ મૈં પુણ્યરહિત હૂં,...' દેવ-દેવ વિચારે. અરે..! હું પુણ્યરહિત. 'યે બડે પુણ્યયવાન હૈં,...' મોટા પુણ્યવાન છે. આહાહા..! **'ઈનકે ઐસી વિભૂતિ માહાત્મ્ય ઋદ્ધિ હૈ, ઈસપ્રકાર વિચાર કરનેસે માનસિક દુઃખ હોતા હૈ.'** મનમાં કલ્પનાના દુઃખનો પાર ન મળે. આહાહા..!

તમારા દિકરા .. 'મગનભાઈ' ને એ નથી? 'રાણપુર'. આ રહેતા ને ત્યાં 'જયચંદભાઈ'ને એ. 'જયચંદભાઈ' .. એમાં એને .. લેતા એનું એને નામ નક્કી થયું તો ન ફાવ્યું. મેં કીધું આ 'મૂળચંદજી' છે મોટા એને ઠરાવો નામ. પછી બળે... બળે... બળે... કહેતા હતા. ... જ્વાળા સળગે છે. શું છે પણ? આ બધા ત્રણે શિષ્યોમાં મારું નામ પણ નહિ. આ બધા મૂળચંદજીના નામના. હવે શું હોળી છે? (સંવત) ૧૯૭૪ની વાત છે. ૧૯૭૫ની. આહાહા..! મહા વદ. ઓહોહો..! કેટલા વર્ષ થઈ ગયા? લ્યો, ૫૫ વર્ષ થયા. ઈ કહેતા હતા, હોં! બળતરા થાય... બળતરા થાય... મને બહુ થાય છે. શું છે પણ? આ બધા 'મૂળચંદજી'નું નામ લે, મારું નામ (નહિ). એને એમ કે કુમાર છે ને 'રાયચંદકુમાર' 'ખસ'નો. એનું નામ ... ... 'મૂળચંદ'નું નામ રાખે. મેં કીધું, ... આ બળતરા. એમ દેવમાં બળતરાનો પાર ન મળે. મોટા પુણ્યવંત ઋદ્ધિવાળા દેખી બાપુ! દાઝી ગયો, બળી ગયો તું ત્યાં. ભાઈ! તને આત્માના વીતરાગભાવની ખબર ન મળે. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગ રહિત પ્રભુ, એની શ્રદ્ધા-જ્ઞાનની મહિમાનો પાર ન મળે. એ મહિમા તેં કરી નહિ અને રાગના ફળ અને રાગની મહિમામાં ઘૂંચવાઈ ગયો તું. આહાહા..!

'**માનસિક દુઃખ હોતા હૈ.**' આહાહા..! આચાર્યની કેવી શૈલી છે! સાધુ થયો તોપણ આવી ભાવના ભાવી, સ્વર્ગમાં ગયો ત્યાં પણ દુઃખી થયો પ્રભુ તું. આહાહા..! તારા કરતાં વધારે ભાવવાળા, વીતરાગી વૃત્તિવાળા, શુભભાવવાળા, પુણ્યવાળા સ્વર્ગમાં જાય તો મોટી ઋદ્ધિને પામે એ તો. આહાહા..! અને તું ત્યાં જઈને હલકો દેવ થઈશ. દુઃખી થઈશ. જોઈ નહિ શકે તું. એની વિભૂતિ, એની ઈશ્વરતા, એની આજ્ઞા, એની ઈન્દ્રાણીનો પરિવાર... આહાહા..! માટે કહે છે કે ટાણા આવ્યા, ભાઈ! હવે તો કર. એમ કહે છે. આહાહા..! મૂક ને પડતી બધી હોળી. પ્રભુ પોતે ચૈતન્યસ્વભાવ, ભગવાન વીતરાગમૂર્તિ (છે) એની સામું જો ને. આહાહા..! ત્યાં તારા કલ્યાણના પંથ પડ્યા છે. આહાહા..! જન્મ-જરા મરણના ઉદ્ધારનો પંથ ત્યાં છે. '**ઐસી વિભૂતિ માહાત્મ્ય ઋદ્ધિ હૈ, ઈસપ્રકાર વિચાર કરનેસે માનસિક દુઃખ હોતા હૈ.**'

---

आगे कहते हैं कि अशुभ भावनासे नीच देव होकर ऐसे दुःख पाते हैं, ऐसा कहकर इस कथनका संकोच करते हैं :-

**चउविहविकहासत्तो मयमत्तो असुहभावपयडत्थो।**
**होऊण कुदेवत्तं पत्तो सि अणेयवाराओ।।१६।।**

चतुर्विधविकथासक्तः मदमत्तः अशुभभावप्रकटार्थः।
भूत्वा कुदेवत्वं प्राप्तः असि अनेकवारान्।।१६।।

**મદમત્ત ને આસક્ત ચાર પ્રકારની વિકથા મહીં,**
**બહુશઃ કુદેવપણું લહ્યું તેં, અશુભ ભાવે પરિણમી. ૧૬.**

अर्थ :- हे जीव! तू चार प्रकारकी विकथामें आसक्त होकर, मदसे मत्त और जिसके अशुभ भावनाका ही प्रकट प्रयोजन है इसप्रकार होकर अनेकबार कुदेवपनेको प्राप्त हुआ।

भावार्थ :- स्त्रीकथा, भोजनकथा, देशकथा और राजकथा, इन चार विकथाओंमें आसक्त होकर वहाँ परिणामको लगाया तथा जाति आदि आठ मदोंसे उन्मत्त हुआ, ऐसी अशुभ भावना ही का प्रयोजन धारण कर अनेकबार नीच देवपनेको प्राप्त हुआ, वहाँ मानसिक दुःख पाया।

यहाँ यह विशेष जानने योग्य है कि विकथादिकसे तो नीच देव भी नहीं होता है, परन्तु यहाँ मुनिको उपदेश है, वह मुनिपद धारण कर कुछ तपश्चरणादिक भी करे और वेषमें विकथादिकमें रक्त हो तब नीच देव होता है, इसप्रकार जानना चाहिये।।१६।।

## ગાથા-૧૬ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ અશુભ ભાવનાસે નીચ દેવ હોકર ઐસે દુઃખ પાતે હૈં, ઐસા કહકર ઈસ કથનકા સંકોચ કરતે હૈં :-**'

**चउविहविकहासत्तो मयमत्तो असुहभावपयडत्थो।**
**होऊण कुदेवत्तं पत्तो सि अणेयवाराओ।।१६।।**

**અર્થ :-** '**હે જીવ! તુ ચાર પ્રકારકી વિકથામેં આસક્ત હોકર,...**' આહાહા..! '**સ્ત્રીકથા,...**' સ્ત્રી આવી હોય.. સ્ત્રી આવી હોય.. સ્ત્રી આવી હોય.. એ વિકથા-પાપકથા (છે). એમાં મશગુલ રહ્યો તું. આહાહા..! '**ભોજનકથા...**' ભોજન આવા હોય, લાપસી આવી થાય, લાડવા આવા થાય. ફલાણું આવું થાય, ઢીંકણું આવું. એમાં ઈ રાજી રાજી થાય. આહાહા..! એ '**સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા,...**' દેશમાં આવું થયું, આ દેશમાં આવું.. આ દેશમાં આવું. હવે એ દેશમાં (રહ્યું), તારે શું કામ? અને '**રાજકથા,...**' એ ચાર વિકથામાં પડ્યો.

'**તૂ ચાર વિકથાઓંમેં આસક્ત હોકર, મદસે મત્ત...**' અમને એ કથા કરતા આવડે છે, અમને આ આવડે. આ બધા નમાલાને બોલતા પણ આવડતું નથી. એને શું આવડે? કેટલાક હોય ને? વાતું કરતા એવી આવડે.. એવી આવડે... આમ જાણે ઓહોહો...! '**મદસે મત્ત ઔર જિસકે અશુભ ભાવનાકા હી પ્રકટ પ્રયોજન હૈ...**' એને તો અશુભ ભાવનાનું જ પ્રયોજન છે, કહે છે. '**ઈસપ્રકાર અનેકવાર કુદેવપનેકો પ્રાપ્ત હુઆ.**' એવા ભાવથી કુદેવ થયો ખરો. અંદર શુભભાવ થોડો હોય. આહાહા..! મિથ્યાદૃષ્ટિ વિરાધક થઈ અને સ્વર્ગમાં ગયો એ માનસિક દુઃખે પીડિત છે. એક વીતરાગ દૃષ્ટિ વિના, સમ્યગ્દર્શન વિના, જિનભાવના વિના.

**ભાવાર્થ :-** '**સ્ત્રીકથા, ભોજકથા, દેશકથા ઔર રાજકથા, ઈન ચાર વિકથાઓંમેં આસક્ત હોકર વહાં પરિણામકો લગાયા...**' મશગુલ... વાતું કરે.. આહાહા..! સ્ત્રીની વાતું, ભોજનની વાતું, જાણે દેવનો દીકરો ઉતર્યો. એય બધી વાતું કરે. આનું આમ થાય.. આનું આમ થાય.. શું છે પણ હવે? આવા આનંદના ભોજન મૂકીને આ વાતું શેની તેં માંડી આ બધી? આહાહા..! અતીન્દ્રિય આનંદનું ભોજન પ્રભુ તારી ચીજ છે. આહાહા..! એ જિનભાવના છે. અતીન્દ્રિય આનંદ એવો નાથ આત્મા, એનો અનુભવ એ આનંદનું ભોજન છે. એને મૂકીને આવી બધી વાતું (કરે), સ્ત્રી ને ભોજન ને રાગ ને દ્વેષની.

'**લગાયા તથા જાતિ આદિ આઠ મદોંસે ઉન્મત્ત હુઆ,...**' મોટા ઘરના છીએ.

અમારી માતા મોટા ઘરની દીકરાની દીકરી એના અમે દીકરા. શું છે પણ હવે? આહાહા..! મોટા રાજાના કુંવર છીએ અમે. ગર્ભશ્રીમંત છીએ અમે. અમે ગર્ભમાં આવ્યા ત્યારથી અમારા પિતાશ્રી પૈસાવાળા-કરોડોપતિ, અબજોપતિ હતા. એટલે શું થયું પણ હવે તને? તારે શું થયું? આહાહા..! કહો, સમજાણું કાંઈ? એવા જાતિ, કુળ, મદ, ઐશ્વર્ય '**મતસે ઉન્મત્ત હુઆ,...**' પોતાની જાણેલી વિદ્યાના ભણતરના મદમાં ગાંડા થઈ ગયા છે- ઉન્મત્ત થઈ ગયા. આહાહા..! '**ઐસી અશુભ ભાવના હી કા પ્રયોજન ધારણ કર અનેકવાર નીચ દેવપનેકો પ્રાપ્ત હુઆ, વહાં માનસિક દુઃખ પાયા.**' માનસિક દુઃખ. અહીંનું પોકળ ત્યાં ખુલ્લું થઈ ગયું, કહે છે. હલકા દેવ થઈ મોટા દેવને દેખીને માનસિક દુઃખી થયા. આહાહા..!

'**યહાં યહ વિશેષ જાનને યોગ્ય હૈ કિ વિકથાદિકસે તો નીચ દેવ ભી નહીં હોતા હૈ,...**' અહીં તો વિકથા પામીને દેવ થયા એમ કીધું ને? '**પરંતુ યહાં મુનિકો ઉપદેશ હૈ, વહ મુનિપદ ધારણકર કુછ તપશ્ચરણાદિક ભી કરે...**' કાંઈ વ્રત પાળે, થોડી તપસ્યા, અપવાસ આદિ કરે. '**ઔર વેષમેં વિકથાદિકમેં રક્ત હો...**' એકલી વિકથાથી કાંઈ સ્વર્ગમાં ન જવાય. પણ એ વેષમાં વર્તન કાંઈ બ્રહ્મચર્ય હોય, એની તપસ્યા હોય અને એની સાથે આ બધી વિકથા હોય.

'**ઔર વેષમેં વિકથાદિકમેં રક્ત હો તબ નીચ દેવ હોતા હૈ, ઈસપ્રકાર જાનના ચાહિયે.**' લ્યો! આહાહા..! આ જીવનો ઈતિહાસ બધો અજ્ઞાનનો. આહાહા..! તારા ઘરમાં ઋદ્ધિ, સમૃદ્ધિ પડી છે એની તો તને ખબર ન મળે. એનું જ્ઞાન નહિ, એની રુચિ નહિ, એનો આશ્રય નહિ, એનો આદર નહિ. અને આવા મુનિપણા લઈને પણ આવી વિકથાદિમાં પડ્યો, ભલે દેવ થાય, કંઈક શુભભાવ હોય તો ખરો. આહાહા..! દુઃખી થઈશ પ્રભુ! ત્યાં. માટે સમ્યગ્દર્શનને પ્રગટ કર. આહાહા..! એના સંસ્કાર તો કર કે આ ચિદાનંદ ભગવાન વીતરાગી મૂર્તિ પ્રભુ, એ હું છું. મારામાં રાગ અને સંસારની કોઈ ચીજ છે જ નહિ. આહાહા..! એવી પ્રતીતિના સંસ્કાર તો નાખ કે જેથી તને સમ્યગ્દર્શન, અનુભવ થઈને મુક્તિ થશે. કરવાનું તો આ છે. કહો, સમજાણું કાંઈ? આ પૈસા ખર્ચ્યા, આ કર્યા ને તે કર્યા બધી વાતું, બાપા! શેના અભિમાન? '**ઈસપ્રકાર જાનના ચાહિયે.**' લ્યો!

आगे कहते हैं कि ऐसी कुदेवयोनि पाकर वहाँसे चय जो मनुष्य तिर्यंच होवे, वहाँ गर्भमें आवे उसकी इसप्रकार व्यवस्था है :-

**असुईबीहत्थेहि य कलिमलबहुलाहि गब्भवसहीहि।**
**वसिओ सि चिरं कालं अणेयजणणीण मुणिपवर।।१७।।**

अशुचिवीभत्सासु य कलिमलबहुलासु गर्भवसतिषु।
उषितोऽसि चिरं कालं अनेकजननीनां मुनिप्रवर!।।१७।।

સુર - અપ્સરાના વિરહકાલે હે મહાયશ! સ્વર્ગમાં,
શુભભાવનાવિરહિતપણે તેં તીવ્ર માનસ દુઃખ સહ્યાં. ૧૭.

अर्थ :- हे मुनिप्रवर! तू कुदेवयोनिसे चयकर अनेक माताओंकी गर्भकी बस्तीमें बहुत काल रहा। कैसी हैं वह बस्ती? अशुचि अर्थात् अपवित्र है, बीभत्स (धिनावनी) है और उसमें कलिमल बहुत है अर्थात् पापरूप मलिन मलकी अधिकता है।

भावार्थ :- यहाँ 'मुनिप्रवर' ऐसा सम्बोधन है सो प्रधानरूपसे मुनियोंको उपदेश है। जो मुनिपद लेकर मुनियोंमें प्रधान कहलावे और शुद्धात्मरूप निश्चयचारित्रके सन्मुख न हो, उसको कहते हैं कि बाह्य द्रव्यलिंग तो बहुतबार धारणकर चार गतियोंमें ही भ्रमण किया, देव भी हुआ तो वहाँसे यचकर इसप्रकारके मलिन गर्भवासमें आया, वहाँ भी बहुतबार रहा।।१७।।

## ગાથા-૧૭ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ ઐસી કુદેવયોનિ પાકર...**' કુદેવની યોનિમાં અનંતવાર ઉત્પન્ન થયો. '**વહાંસે ચય જો મનુષ્ય તિર્યંચ હોવે,...**' ત્યાંથી આવીને મનુષ્ય ને તિર્યંચ '**વહાં ગર્ભમેં આવે ઉસકી ઈસપ્રકાર વ્યવસ્થા હૈ :-**' લ્યો! દેવ આવો થયો અને મરીને પાછો માણસમાં આવ્યો. આહાહા..!

'**હે મુનિપ્રવર!**' એમ કહ્યું ને? જુઓ!

**असुईबीहत्थेहि य कलिमलबहुलाहि गब्भवसहीहि।**
**वसिओ सि चिरं कालं अणेयजणणीण मुणिपवर।।१७।।**

**અર્થ :-** '**હે મુનિપ્રવર!**' સંબોધીને (કહે છે). દ્રવ્યલિંગી છે ને? '**તૂ કુદેવયોનિસે ચયકર...**' એવા કુદેવમાં અપમાનમાં રહ્યો. ત્યાંથી ચ્યવીને આવ્યો. '**અનેક માતાઓંકી ગર્ભકી વસ્તીમેં બહુત કાલ રહા.**' આહાહા..! માતાના પેટમાં ઊંધે માથે... આહાહા..! ભૂલી ગયો પણ. બહાર જ્યાં આવે ત્યાં થઈ રહ્યું. એમાં વળી અવયવો મોટા થાય, શરીર પાંચ ઈન્દ્રિય કંઈક ... થાય, થઈ રહ્યું... ભૂલ્યો. આહાહા..!

**'ગર્ભકી વસ્તીમેં...'** ગર્ભની વસ્તી એટલે પેટમાં અંદર. **'બહુત કાલ રહા.'** શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે કોઈ કોઈ વખત તો બાર-બાર વર્ષ સુધી ગર્ભમાં રહે. છોડ-છોડ કહે એને. સવા નવ મહિને જન્મે એ તો વળી ... કોઈ બે વર્ષ, ત્રણ વર્ષ, બાર વર્ષ સુધી પેટમાં, ગર્ભમાં છોડ રહે, એવો પાઠ છે. અને ત્યાં મરીને વળી ફરીને જાય ત્યાં બાર વર્ષ. ચોવીસ વર્ષની વાત છે કાયસ્થિતિની. ગર્ભમાં રહેવાની ચોવીસ વર્ષની (સ્થિતિ છે). બે ભવ થઈને. આહાહા..! એવું અનંતવાર થયું છે તને. અહીં જરી સગવડતા બહારની ભાળી, બસ! થઈ રહ્યું. ઓહોહો..! જાણે હું તો શું ફાવ્યો! બાપુ! હારી ગયો છે, ભાઈ!

ભગવાનઆત્માના અનંત ગુણની મહિમાની તને ખબર ન મળે. જેની પ્રભુતાની પર્યાય પાસે ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા તરણા લાગે એવો તારો નાથ આત્મા. આહાહા..! જેની એક ક્ષણની શાંતિ અને શ્રદ્ધા આગળ ઈન્દ્રના હજારો, કરોડો ઈન્દ્રાણીના ભોગ સડેલા મીંદડા, કૂતરા જેમ હોય એમ દેખે. આહાહા..! એવો તારો નાથ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ મહિમા કરવા લાયક, એની તો તેં મહિમા કરી નહિ અને બહારની મહિમામાં ઘૂંચાઈ ગયો.

**'કૈસી હૈ વહ બસ્તી?'** આ તો ઘણો કાળ રહ્યો એમ કહ્યું છે ને? સવા નવ મહિના તો બરાબર છે. કોઈ સાત મહિને જન્મે છે. **'અશુચિ અર્થાત્ અપવિત્ર હૈ,...'** અહીં તો એકલું અપવિત્ર સ્થાન છે ત્યાં રહ્યો. આહાહા..! **'બીભત્સ (ઘિનાવની) હૈ...'** જેમાં ઘૃણા ઊપજે એવી સ્થિતિ છે આખી. જેમાં રહ્યો એ તો ઘૃણા ઊપજે એવી. આહાહા..! એમાં સવા નવ મહિના રહ્યો. એ દેવમાંથી આવ્યો હતો તો અહીં આવ્યો પાછો. **'ઔર ઉસમેં કલિમલ બહુત હૈ અર્થાત્ પાપરૂપ મલિન મલકી અધિકતા હૈ...'** આહાહા..! ત્યાં પરિણામ પણ મલિન છે અને મલિનતાના ઘેરાવામાં શરીર પડ્યું રહ્યું.

**ભાવાર્થ :- 'યહાં 'મુનિપ્રવર' ઐસા સંબોધન હૈ સો પ્રધાનરૂપસે મુનિયોંકો ઉપદેશ હૈ.'** મુનિ હોય એને ઉપદેશ છે. મુખ્યપણું એ છે. **'જો મુનિપદ લેકર મુનિયોંમેં પ્રધાન કહલાવે...'** **'મુનિપ્રવર'** શબ્દ છે ને? મોટા મુનિ કહેવડાવે, લાખો માણસો જેની સભામાં આવે, એથી શું થયું? ભાઈ! આહાહા..! **'મુનિયોંમેં પ્રધાન કહલાવે ઔર શુદ્ધાત્મરૂપ નિશ્ચયચારિત્રકે સન્મુખ ન હો,...'** લ્યો! શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્માની સન્મુખ તો થયો નહિ. આહાહા..! શુદ્ધ ભગવાન ચિદાનંદમૂર્તિ પ્રભુ, એવું એનું નિશ્ચય ચારિત્રની સન્મુખ તો છે નહિ. આહાહા..! અંતરના સન્મુખથી તો વિમુખ છે બહારમાં.

**'ઉસકો કહતે હૈં કિ બાહ્ય દ્રવ્યલિંગ તો બહુતબાર ધારણકર ચાર ગતિયોંમેં હી ભ્રમણ કિયા,...'** જોયું! **'બાહ્ય દ્રવ્યલિંગ...'** જૈન મુનિપણું. **'બહુતબાર...'** અનંતવાર **'ધારણકર...'** 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' ન્યાં વળી બીજો અર્થ કરે

છે, એ તો અભવિને માટે કહ્યું છે. એમ કહે છે. આહાહા..! ગજબ કરે છે ને! એ તો અભવિને માટે કહ્યું છે, ભવિ નહિ. ભવિને તો ચારિત્ર હોય એના પરિણામ થાય જ. ક્યું ચારિત્ર? અણુવ્રત અને મહાવ્રત. આહાહા..! અણુવ્રત અને મહાવ્રત તો બધો વિકલ્પ રાગ છે. અંદરમાં સન્મુખ થઈને દૃષ્ટિમાં ઠર્યો છે. સ્વભાવની ચૈતન્ય દૃષ્ટિ થઈ, એમાં લીનતા થઈ છે. એને ચારિત્ર કહેવામાં આવે છે. એ કાંઈ બાહ્ય ભેખ ને વ્રત એ ચારિત્ર નથી. આહાહા..! આ તો ચારિત્ર લઈને પણ મુંઝાણો છે. આહાહા..!

'દેવ **भी हुआ...**' '**द्रव्यलिंग तो बहुतबार धारणकर चार गतियोंमें ही भ्रमण किया,...**' લ્યો! જોયું! આમાં ચાર ગતિ લીધી. કારણ કે સ્વર્ગમાં ગયો પણ પાછો મનુષ્ય થઈ, ઢોર થઈ ચાર ગતિમાં રખડે. '**देव भी हुआ तो वहांसे चयकर ईसप्रकारके मलिन गर्भवासमें आया, वहां भी बहुतबार रहा.**' ગર્ભમાં પણ ઘણીવાર રહ્યો, અનંતવાર રહ્યો. તિર્યંચ અને મનુષ્યપણે અવતાર ધારણ જ્યારે કર્યા ત્યારે ગર્ભમાં અનંતવાર રહ્યો છે તું. આહાહા..! આ તારો ઈતિહાસ છે. આહાહા..! એક સમ્યગ્દર્શન અને જિનભાવના વિના કંઈ પણ ઊંડે-ઊંડે-ઊંડે રાગનો પ્રેમ અને રાગનો રસ (રહી ગયો). આહાહા..! રાગમાં કંઈ ઠીક છે અને એનાથી મને કલ્યાણ થશે એવી જે મિથ્યાત્વ રુચિ, એને લઈને મુનિપણું લીધું છતાં ચાર ગતિના દુઃખો રહ્યા. 'मलिन गर्भवासमें आया, वहां भी बहुतबार रहा.' આહાહા..!

---

आगे फिर कहते हैं कि इसप्रकारके गर्भवाससे निकलकर जन्म लेकर माताओंका दूध पिया :-

**पीओ सि थणच्छीरं अणंतजम्मंतराइं जणणीणं।**
**अण्णाण्णाण महाजस सायरसलिलादु अहिययरं।।१८।।**
पीतोऽसि स्तनक्षीरं अनंतजन्मांतराणि जननीनाम्।
अन्यासामन्यासां महायश! सागरलिलात् अधिकतरम्।।१८।।
**જન્મો અનંત વિષે અરે! જનની અનેરી અનેરીનું,**
**સ્તનદૂધ તેં પીધું મહાયશ! ઉદધિજલથી અતિ ઘણું. ૧૮.**

अर्थ :- हे महायश! उस पूर्वोक्त गर्भवासमें अन्य-अन्य जन्ममें अन्य-अन्य माताके स्तनका दूध तूने समुद्रके जलसे भी अतिशयकर अधिक पिया है।

भावार्थ :- जन्म-जन्ममें अन्य-अन्य माताके स्तनका दूध इतना पिया कि उसको एकत्र करें तो समुद्रके जलसे भी अतिशयकर अधिक हो जावे। यहाँ अतिशयका अर्थ अनन्तगुणा जानना, क्योंकि अनन्तकालका एकत्र किया हुआ दूध अनन्तगुणा हो जाता है।।१८।।

## ગાથા-૧૮ ઉપર પ્રવચન

**'આગે ફિર કહતે હૈં કિ ઈસપ્રકારકે ગર્ભવાસસે નિકલકર જન્મ લેકર માતાઓંકા દૂધ પિયા :-'** લ્યો! આહાહા..!

**पीओ सि थणच्छीरं अणंतजम्मंतराइं जणणीणं।**
**अण्णाण्णाण महाजस सायरसलिलादु अहिययरं।।१८।।**

**અર્થ :- 'હે મહાયશ! ઉસ પૂર્વોક્ત ગર્ભવાસમેં અન્ય-અન્ય જન્મમેં અન્ય-અન્ય માતાકે સ્તનકા દૂધ તૂને સમુદ્રકે જલસે ભી અતિશયકર અધિક પિયા હૈ.'** તેં માતાના દૂધ પીધા એના અનંતા દરિયા ભરાય. આહાહા..! એવી અનંતી માતાઓ, (એની કૂંખે) જન્મીને તેં દૂધ પીધા. આહાહા..! ભાઈ! તને તારી ખબરું ન મળે. એ દૂધના અનંતા દરિયા ભરાય. એટલી વાર માતાના દૂધ પીધા તેં. આહાહા..!

મુમુક્ષુ :- લાંબો કાળ આવો ગયો.

ઉત્તર :- ગયો ને અનંત કાળ ગયો. અનંત અનંતકાળ. આહાહા..! અનંત ને અનંતગુણા ગુણે વર્ગે એવો અનંતકાળ ગયો. અનંત વર્ષનો એક ભવ ગણો તોપણ અનંત ભવ થાય. અનંત વર્ષનો એક ભવ ગણો તો એવા અનંત ભવ. આ તો ૨૫-૫૦ વર્ષ અને ૬૦ વર્ષ. આહાહા..! માતાના પેટમાં પણ તેં આ રીતે ... એટલે દૂધ પીધા. એ જનનીના-માતાના દૂધ તેં પીધા. એ અનંતા દરિયા ભરાય. પ્રભુ! હવે તું બસ કર, એમ કહે છે. આહાહા..! છે ને? અતિશયકર-અધિકતર. દરિયાથી પણ અધિકતર પીધા.આહાહા..!

**ભાવાર્થ :- 'જન્મ-જન્મમેં અન્ય-અન્ય માતાકે સ્તનકા દૂધ ઈતના પિયા કિ ઉસકો એકત્ર કરેં તો સમુદ્રકે જલસે ભી અતિશયકર અદિક હો જાવે. યહાં અતિશયકર અર્થ અનંતગુણા જાનના,...'** જુઓ! એ તો અતિશય શબ્દ (કહ્યો છે, બાકી તો) અનંત ગુણો-અનંત ગુણો, બાપુ! આહાહા..! માતાનું એક સમયનું દૂધ પીધું એવા એવા અનંતા ભવના દૂધ, અનંતા દરિયા ભરાય. આહાહા..! **'અનંતકાલકા એકત્ર કિયા હુઆ દૂધ અનંતગુણા હો જાતા હૈ.'** લ્યો! આવો તારો ઈતિહાસ (છે). પ્રભુ! હવે તો ફરી જાને, એમ કહે છે. આહાહા..! તારા ઘરમાં હવે તો આવ. બહાર ઘર તો આવા ફર્યો અનંતવાર દુઃખી થઈને. શુદ્ધ ભાવનાની પ્રતીતિ અને રુચિ અને અનુભવ કરાવવા આ વાત કરી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे फिर कहते हैं कि जन्म लेकर मरण किया तब माताके रोनेके अश्रुपातका जल भी इतना हुआ :-

तुह मरणे दुक्खेण अण्णण्णाणं अणेयजणणीणं।
रुण्णाण णयणणीर सायरसलिलादु अहिययरं।।१९।।
तब मरणे दुःखेन अन्यासामन्यासां अनेकजननीनाम्।
रुदितानां नयननीरं सागरसलितात् अधिकतरम्।।१९।।
તુજ મરણથી દુઃખાર્ત બહુ જનની અનેરી અનેરીનાં,
નયનો થકી જલ જે વહ્યાં તે ઉદધિજલથી અતિ ઘણાં. ૧૯.

अर्थ :- हे मुने! तूने माताके गर्भमें रहकर जन्म लेकर मरण किया, वह तेरे मरणसे अन्य-अन्य जन्ममें अन्य-अन्य माताके रुदनके नयनोंका नीर एकत्र करें तब समुद्रके जलसे भी अतिशयकर अधिकगुणा हो जावे अर्थात् अनन्तगुणा हो जावे ।

---

**પ્રવચન નં. ૧૧૦, ગાથા-૧૯ થી ૨૭, બુધવાર, પોષ વદ ૯, તા.૧૬-૦૧-૭૪**

આ 'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ૧૯મી ગાથા છે ને? આચાર્ય મહારાજ અનંત સંસારમાં અત્યાર સુધી એવો દુઃખી (થયો) અને કઈ રીતે આ ભવભ્રમણ કર્યા એને સમજાવે છે. ભાઈ! તું અનંતકાળનો છો. તું તારી ચીજની યાદગીરી અને સ્મરણ વિના અનંતા એવા ભવ તેં કર્યા એનો પાર નથી, ...

**तुह मरणे दुक्खेण अण्णण्णाणं अणेयजणणीणं।**
**रुण्णाण णयणणीर सायरसलिलादु अहिययरं।।१९।।**

**अर्थ :-** '**हे मुने!**' મુનિ અહીંયાં કહ્યું છે. મુનિને સંબોધીને છે ને. દ્રવ્યલિંગી સાધુ થયો તોપણ આત્મા શું ચીજ છે એના ઉપર એણે દૃષ્ટિ કરી નહિ. તો કહે છે, '**हे मुनि! तूने माताके गर्भमें रहकर...**' માતાના પેટમાં ગર્ભમાં રહીને '**जन्म लेकर...**' વળી જન્મ લીધો. અને '**मरण किया, वह तेरे मरणसे अन्य-अन्य जन्ममें...**' તારા મરણથી અનેરા અનેરા જન્મમાં '**अन्य-अन्य माताके रुदनके...**' અનેરી અનેરી માતાના રુદન થયા. આહાહા..! પાંચ-પાંચ વર્ષ, આઠ-આઠ-દસ-દસ વર્ષનો છોકરો થઈ મરી ગયો. અનેરી અનેરી માતાના ... ભાઈ! તારી માતાના રુદન એટલા થયા કે એ નીર ભેગાં કરે, એ '**रुदनके नयनोंका नीर एकत्र करें तब समुद्रके जलसे भी अतिशयकर अधिकगुणा हो जावे...**' અનંતા જન્મ-મરણમાં ભૂલી ગયો. યુવાન ૨૫-૨૫ વર્ષનો છોકરો પરણીને મરે. ફરી જન્મે અને મરે. એ અનેરી અનેરી માતાના

રુદન-રુદન... આહાહા..! આંખમાં (આંસુની) ધારા ચાલે. એ નીરના અનંતા સમુદ્ર ભરાય એટલા તો રુદનના આંખુંના નીર થયા. આહાહા..! શેમાં તને પરમાં હોંશ અને ઉત્સાહ આવે છે? આવા અનંતવાર જન્મ-મરણ કરી ચૂક્યો છો. અને એના આંખના પાણીથી અનંતા દરિયા ભરાય એટલા (આંસુ વહાવ્યા). આહાહા..!

તેં આ સમ્યગ્દર્શન એટલે આત્મદર્શન. અભેદ સત્યાર્થ વસ્તુ. પોતાની અપેક્ષાએ તો આ બધું-બાહ્ય ચીજો અસત્ય છે. અને પોતાની ત્રિકાળ અપેક્ષાએ તો પર્યાય પણ અભૂતાર્થ અને અસત્યાર્થ છે. પોતાના ત્રિકાળ અભેદ અપેક્ષાએ તો એમાં ગુણનો ભેદ પણ અસત્યાર્થ છે. આહાહા..! એવા સત્યાર્થ ભગવાનઆત્મામાં તું દૃષ્ટિ નાખ. આવા જન્મ-મરણ કરી દુઃખી-દુઃખી (થઈ ગયો). શેના તને હરખ આવે છે? ભાઈ! .. અનુકૂળતામાં સુખ અને હરખ આવે છે. પ્રતિકૂળતામાં શેના તને દ્વેષ આવે છે? ભગવાનઆત્મા સત્યાર્થ પ્રભુ, ચૈતન્ય સત્યસાહેબ પૂર્ણાનંદ પ્રભુ, એને તો તેં નજરે કર્યો નહિ, દૃષ્ટિમાં લીધો નહિ, આશ્રય કર્યો નહિ, મારા તરીકે એ સત્યાર્થને માન્યો નહિ. સમજાણું કાંઈ? અને જે ચીજ એની નથી એને મારા તરીકે માની રખડ્યો.

---

**आगे फिर कहते हैं कि जितने संसारमें जन्म लिए उनमें, केश, नख, नाल कटे, उनका पुंज करें तो मेरुसे भी अधिक राशि हो जाय :-**

**भवसायरे अणंते छिण्णुज्झिय केसणहरणालट्ठी।**
**पुञ्जइ जइ को वि जए हवदि य गिरिसमधिया रासी।।२०।।**

भवसागरे अनन्ते छिन्नोज्झितानि केशनखरनालास्थीनि।
पुञ्जयति यदि कोऽपि देवः भवति च गिरिसमाधिकः राशिः।।२०।।

**નિઃસીમ ભવમાં ત્યક્ત તુજ નખ-નાળ-અસ્થિ-કેશને,**
**સુર કોઈ એકત્રિત કરે તો ગિરિઅધિક રાશિ બને. ૨૦.**

**अर्थ :- हे मुने! इस अनन्त संसारसागरमें तूने जन्म लिये उनमें केश, नख, नाल और अस्थि कटे, टूटे उनका यदि कोई देव पुंज करे तो मेरु पर्वतसे भी अधिक राशि हो जावे, अनन्तगुणा हो जावे।।२०।।**

---

## ગાથા-૨૦ ઉપર પ્રવચન

**'આગે ફિર કહતે હૈં કિ જિતને સંસારમેં જન્મ લિયે...'** એટલા પ્રભુ તે શરીર તરીકે જન્મ લીધા અને **'ઉનમેં કેશ, નખ, નાલ...'** નાળ-નાળ. નાભીમાં નાળ કાપે છે ને. **'નાલ કટે,...'** એનો કટકો કરીને એક એક નાળનો, કેશનો, નખનો **'ઉનકા**

પુંજ કરે તો મેરુસે ભી અધિક રાશિ હો જાય.'

**भवसायरे अणंते छिण्णुज्झिय केसणहरणालट्ठी।**
**पुञ्जइ जइ को वि जए हवदि य गिरिसमधिया रासी।।२०।।**

**અર્થ :- 'હે મુને! ઈસ અનંત સંસારસાગરમેં તૂને જન્મ લિયે...'** આવા જન્મ ધારણ કર્યા, નાથ! મુનિને સંબોધીને કહે છે, જુઓને! આહાહા..! '**ઉનમેં કેશ, નખ, નાલ...**' જન્મે ત્યારે આ નાભિ ને નાળ કાપે છે ને અંદર? એનો એક કટકો કરીને કરે તો અનંતા મેરુ ભરાય, ભાઈ! આહાહા..! એટલા તો તેં જન્મ-મરણ કર્યા. એમાં એક શરીર કાંઈક ઠીક મળે એટલે એમાં ને એમાં આખો દિ' રાચે. આહાહા..! શરીરની સંભાળ કરતાં કરતાં જિંદગી અનંત ગઈ તારી, ભાઈ! આ એમ કહે છે. એવા અનંતા ભવ કર્યા. પોતાનો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એ અસ્તિ, શાશ્વત ચૈતન્ય બિરાજે છે એના ઉપર નજર કરવાનો અવસર પણ લીધો નહિ. આહાહા..! એમ કહે છે. આવા આવા અવતાર પ્રભુ! તેં કર્યા.

'કુંદકુંદાચાર્યદેવ' જુઓ! 'ભાવપાહુડ'માં (કહે છે), અશુદ્ધ ભાવ પુણ્ય અને પાપ કરીને એના ફળ તરીકે અનંતા જન્મ-મરણ કર્યા તેં. તારી તેં દયા ન કરી. જેવડો અને જેવો આત્મા છે એવો એને શ્રદ્ધામાં લેવો ત્યારે એને દયા કહેવાય. પૂર્ણ આનંદ અને અભેદ સત્યાર્થ પ્રભુ, એ સત્યાર્થ વસ્તુ ત્રિકાળ, એને શ્રદ્ધામાં-જ્ઞાનમાં લે ત્યારે એને જે જીવન જીવનું પૂર્ણ હતું, એનો એને શ્રદ્ધા અને સ્વીકાર થયો ત્યારે એણે પોતાની દયા પાળી. એ આવડો છે એવું એણે માન્યું. એ સિવાય રાગવાળો, પુણ્યવાળો, શરીરવાળો... આહાહા..! આ શરીરના અવયવો જરી ઠીક હોય તો એને એમ માને કે, અમારે (બધું ઠીક છે). અરે..! ભગવાન! શું કરે છે તું આ? આહાહા..! આ અસંખ્ય પ્રદેશ અવયવમાં તો અનંતો આનંદ અને અનંતી શાંતિ તારા ધામમાં પડી છે ને. એની સામું જોવાને, એને માનવાને, આવી મહાપ્રભુ ચીજ તારી એને અનુભવવાનો તને વખત ન મળે? એમ કહેવા માગે છે. આવા બધા વખત ગાળ્યા છે તેં નાથ. પણ તારી તને દયા ન આવી. આહાહા..! પરની દયા કરવા નીકળી ગયો. વિકલ્પ છે.

મુમુક્ષુ :- પાળી તો શકે નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પરની દયા ક્યાં પાળી શકે છે? આહાહા..! આચાર્ય તો જુઓને વર્ણન કરે છે ભાવપાહુડમાં!

તારા એક એક જન્મ-મરણનો એક એક કટકો લઈએ આવડો તો અનંતા મેરુ ભરાય એટલા ઢગલા થયા, પ્રભુ! શેમાં તને રાજીપો આવે છે? કઈ ચીજમાં તારું વીર્ય ઉલ્લસિત થાય છે? એ પરમાં તારું વીર્ય ઉલ્લસિત થાય એમાં પ્રભુ! તેં આવા અનંતા

ભવ કર્યા છે ને. આહાહા...! એકનો નાની ઉંમરનો છોકરી મરી ગયો. પગમાં વળી ગયો હતો. પગની આ શું કહેવાય? પગની નાળ. એમાં ક્ષય થયો, ક્ષય. પગનું હોય ને હાડકુ ઉપરનું? પગમાં ઉપર નહિ આ? એમાં ક્ષય થયો, ક્ષય. સમજ્યા કે નહિ? 'સાસ' જોયું છે, નજરે જોયું છે. વ્હોરવા ગયા હતા. યુવાન છોકરો. એના બાપનો બાપ હતો. એનો બાપ મરી ગયેલો. આહાહા..! 'દામનગર'માં છે. એ છોકરો મરી ગયો અને મડદુ કાઢ્યું બહાર. એ પાછળ એની મા (રોવે). અમે અપાસરામાં બેઠેલા. અપાસરો હતો આની કોર. ધડાક... ધડાક... પાછી પડે. આહાહા..! છાતી કૂટે. અરે..! ભાઈ! થોડું બે ડગલા ઊઠે આમ ચાલે ત્યાં પાછી પડે.. ધડાક. આવા મરણ પણ અનંતવાર કર્યા, ભાઈ! આહાહા..! તારી મા આમ પછાડિયા ખાઈને મરી પાછળ. આહાહા..! 'દામોદરશેઠ'નો દીકરો. જુવાન દીકરો હતો. પૈસાવાળા માણસ. તે દિ' દસ લાખ એટલે પૈસાવાળા. હવે તમારે પાંચ-દસ લાખની, વીસ લાખની કાંઈ કિંમત નથી. તે દિ' તો... એય..! 'ચીમનભાઈ'! તમારા સગાની કિંમત હતી તે દિ'. પૈસાવાળા. દસ લાખ.

છોકરો જુવાન, છ મહિનાના લગને મરી ગયો. છ મહિનાનું લગન. પંજાદાર છોકરો. પૂનામાં ભણેલો. ગૃહસ્થ માણસ એટલે પૈસા તો મહિનાના ખર્ચના દે. પુસ્તકો દે. આપતા બિચારા. મહિને ગુંજાનો ખર્ચ કાંઈક ઓછો આપતા. એટલે એક વાર.. બહુ હોશિયાર છોકરો હતો. બાપુજી! મહિને બસ્સો રૂપિયા તો મારે ખર્ચના જોઈશે. અમે ગૃહસ્થને ઘરે અવતર્યા છીએ, હોં! મહિને બસ્સો રૂપિયા ગુંજાના ખર્ચના જોઈશે. કાકાને પાલવે તો આપો, નહિતર તમારે નામે લખો. આપ્યા બસ્સો-બસ્સો ખર્ચના. પણ પરણાવ્યો. બે મહિનાથી તૈયારી. એના મકાન, એના ઢોલિયા, એના .. નવી બનાવી. બબ્બે મહિના. આ નથી આપણે કલકત્તા લાડકા લાડુ કરે છે? એ વાતું ચાલે છે. એ બધું ત્યાં કરેલું.

મુમુક્ષુ :- સીધું...

ઉત્તર :- હા. ... સાંભળ્યું હતું. બબ્બે મહિનાની તૈયારી હતી, ભાઈ! લગન કર્યા. પૈસા.. આસો મહિને ઊડી ગયો. આહાહા..! ... મરી ગયો ત્યારે અમને બહુ નહોતું લાગતું પણ પછી એના મોસાળિયા આવ્યા ગૃહસ્થ 'લીંબડી'થી. કેવા? કોઠારી? 'ચંદુલાલ' દિવાન હતા. એ .. લઈને આવ્યા. બાયુ ..ની. રોવરાવે. ઓહોહો..! અને બજારમાં કાળાકેરમાં નીકળી અને આમ પોકાર લાવે. 'દામોદર' શેઠ તે દિ' મને ... હતા. .. મરી ગયો. પણ આ એવી સેવા કરે બાઈ. આહાહા..! અરે..! બાપુ! શેના મરણ? ભાઈ! એવા મરણ તો તેં અનંતવાર કર્યા. એની મા ભાઈ રાત્રે રોતી રોતી.. એક તો વીર્યવાળો માણસ હતો. રાતે જરી બહાર .. જોવે. ખાટલામાં રોતી હોય.

પૈસા, હોં! દસ લાખ. તે દિ' સાંઈઠ વર્ષ પહેલા. મરી ગઈ. જુરી જુરીને મરી બિચારી. શેના બાપા તને સુખ છે? આહાહા..! આ તો નજરે જોયેલી વાતું છે. (સંવત) ૧૯૭૫ની વાત છે, લ્યો! ૭૫, ૧૯૭૫ના વૈશાખમાં લગન, ૧૯૭૫ના આસો મહિનામાં આયુષ્ય પૂરું. જુવાનજોધ પંજાદાર. એના મહિનાના બસ્સો રૂપિયાના તો ગુંજાના ખર્ચ. 'બાબુભાઈ'! પુસ્તકના ને ઓલાના જુદા, એ નહિ. આહાહા..! એવા મરણ પાછળ એની ... મોદીની દીકરી. તમારા 'સુખલાલ' નહિ? તમારા વેવાણના ભાઈ 'સુખલાલ'. એના ઘર પાસે ઘર હતું. પહેલા 'સુખલાલભાઈ'નું હતું. .. ખબર છે.

મુમુક્ષુ :- તે વખતે લગન થયા ત્યારે ...

ઉત્તર :- એ વિધવા બાઈ જીવે છે હજી.

અરે..! આવા દુઃખો સહન કર્યા પ્રભુ! તેં. માણસપણું પામીને પણ આવા અનંતા અવતાર થયા, નાથ તારા. આહાહા..! પણ તારા સ્વભાવની રક્ષા કરવાને નવરો ન થયો. આહાહા..! એ અહીંયાં આચાર્ય મહારાજ કહેવા માગે છે. ભાઈ! તારા આવા અવતારમાં આવા અનંતા થયા. અનંતા મેરુ ભરાય. આહાહા..!

---

आगे कहते हैं कि हे आत्मन्! तू जल थल आदि स्थानोंमें सब जगह रहा है :-

**जलथलसिहिपवणंबरगिरिसरिदरितरुवणाइ* सव्वत्थ।**
**वसिओ सि चिरं कालं तिहुवणमज्झे अणप्पवसो।।२१।।**

जलस्थलशिखिपवनांबरगिरिसरिद्दरीतरुवनादिषु सर्वत्र।
उचितोऽपि चिरं कालं त्रिभुवनमध्ये अनात्मवशः।।२१।।

**જલ-થલ-અનલ-પવને, નદી-ગિરિ-આભ-વન-વૃક્ષાદિમાં,**
**વણ આત્મવશતા ચિર વસ્યો સર્વત્ર તું ત્રણ ભુવનમાં. ૨૧.**

**अर्थ** :- हे जीव! तू जलमें, थल अर्थात् भूमिमें, शिखि अर्थात् अग्निमें, पवनमें, अम्बर अर्थात् आकाशमें, गिरि अर्थात् पर्वतमें, सरित् अर्थात् नदीमें, दरी अर्थात् पर्वतकी गुफामें, तरु अर्थात् वृक्षोंमें, वनोमें और अधिक क्या कहें सब ही स्थानोंमें, तीन लोकमें अनात्मवश अर्थात् पराधीन होकर बहुत काल तक रहा अर्थात् निवास किया।

**भावार्थ** :- निज शुद्धात्माकी भावना बिना कर्मके आधीन होकर तीन लोकमें सर्व दुःखसहित सर्वत्र निवास किया।।२१।।

---

* पाठान्तर 'वणाई', 'वणाई' ।

## ગાથા-૨૧ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ હે આત્મન્! તૂ જલ થલ આદિ સ્થાનોંમેં સબ જગહ રહા હૈ :-'** આહાહા..! ભાઈ! તેં કોઈ સ્થાન બાકી રાખ્યું નથી. ક્યાં જન્મ્યો ન હોય અને ક્યાં મર્યો ન હોય એવું કોઈ ચૌદ બ્રહ્માંડમાં સ્થાન નથી, ભાઈ! ચૌદ બ્રહ્માંડ તો અસંખ્ય યોજનમાં છે. એક એક ક્ષેત્રમાં તું અનંતવાર જન્મ્યો અને અનંતવાર મર્યો. આહાહા..! આ એનો ઇતિહાસ બતાવે છે.

**जलथलसिहिपवणंबरगिरिसरिदरितरुवणाइ* सव्वत्थ।**
**वसिओ सि चिरं कालं तिहुवणमज्झे अणप्पवसो।।२१।।**

**અર્થ :- 'હે જીવ! તૂ જલમેં,...'** અનંતવાર રહ્યો. આહાહા..! એ જળમાં જળના જીવ થઈને અનંતવાર રહ્યો. એ નદીના પાણી, દરિયાના પાણી, પીવાના પાણી, વરસાદ ઉપરથી પડે એમાં જીવ છે. એ એકેન્દ્રિય જીવ છે. આહાહા..! એવા જળમાં અનંતવાર જન્મ્યો. આહા..! **'થલ અર્થાત્ ભૂમિમેં,...'** પૃથ્વીમાં. આ સચેત કણ આ પથ્થર કાઢે છે ને ચણવા માટે? એ એક એક કણમાં અસંખ્ય જીવ છે. એક કોદાળી આમ મારે ને ભૂક્કો (થઈ જાય). આહાહા..! એમાં જન્મ્યો. **'શિખિ અર્થાત્ અગ્નિમેં,...'** આ દિવાસળી આમ ઘસે ને એમાં જે ભડકો થાય એમાં અસંખ્ય જીવ છે. એકેન્દ્રિય અસંખ્ય જીવ. ભાઈ! એમાં મરી ગયો. અનંતવાર જન્મ્યો ત્યાં જઈને. આહાહા..!

વળી, **'પવનમેં,...'** આ વાયુ છે એ જીવ છે. એમાં અનંતવાર તેં જન્મ ધારણ કર્યા. **'અંબર અર્થાત્ આકાશમેં, ગિરિ અર્થાત્ પર્વતમેં, સરિત્ અર્થાત્ નદીમેં, દરી અર્થાત્ પર્વતકી ગુફામેં, તરુ અર્થાત્ વૃક્ષોમેં, વનોંમેં ઔર અધિક ક્યા કહે સબ હી સ્થાનોંમેં...'** પ્રભુ! તેં અનંતવાર જન્મી અને મરણ કર્યા છે, ભાઈ! આહાહા..! પહેલા મરણ થાતા ને તો એવો રીવાજ આપણે હતો. હવે કોઈને નથી. સાંજે બાયુ ભેગી થાય રોવા માટે. ચાર વાગે. રાંધવા પહેલાં ... અમારે ઘરે આ બધું થયેલું ને. અમારે 'દીપચંદભાઈ' મોટા ભાઈ ગુજરી ગયા હતા. નાની ઉંમરમાં, હોં! આઠ વર્ષના પરણેતર. એક જ છોકરો. બહુ રૂપાળા હતા. હોંશિયાર બહુ હતા. 'ખુશાલભાઈ'થી મોટા. ગુજરી ગયા. અમે છોકરાઓ નાના તે દિ' તો અગિયાર વર્ષની ઉંમર. કાઢી મૂક્યા, અહીં બેસતા નહિ. ... ચાર વાગે રાંધવા પહેલા. અને બપોરે નવરા થાય ત્યારે બધા સગાવહાલા ભેગા થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તિથી અમુક ન હોય ત્યાં સુધી. હવે તો બધું ઘટી ગયું. તે દિ' હતું.

સાત-સાત, દસ-દસ, બાર-બાર દિ' સુધી બધા ભેગા થાય અને રોવે.. રોવે.. રોવે. આહાહા..! હું બેઠો હોઉં. અમારી નાની ઉંમર ને. અગિયાર વર્ષની ઉંમર. ૧૯૫૭ની સાલની વાત છે. ૫૭. સંવત્ ૧૯૫૭. બધું સાંભળેલું હોં, ભાઈ! ઘરના માણસ હોય એ પાછળથી રોવે. ઓલા બધા રોતા રોતા બંધ થતા જાય. છેલ્લે એની મા હોય કે એની વહુ હોય એ છેલ્લે બંધ કરે. 'ભગવાનજીભાઈ'! તમારે ગામડામાં રિવાજ હશે એવો. હતો, આ તો બધું નજરે જોયેલું. ગામડામાં વધારે. એ વખતના એ રોણા. આમ બધા આવે બહુ. કીધું, આ શું કરે છે?

એવા મરણની પાછળ, તારી પાછળ આવા મો અનંતવાર વાળ્યા, ભાઈ! પણ તેં મો ન વાળ્યું. તારું મોઢું એની સન્મુખ ન કર્યું. આહાહા..! જ્યાં પ્રભુ બિરાજે છે પૂર્ણ આનંદનો નાથ, ત્યાં એની સામું તેં ન જોયું. આહાહા..! આવા બધા અવતાર કરી કરી ... પાંચ-પચાસ લાખ રૂપિયા થાય, આબરૂ હોય, છોકરા હોય તો આહાહા..! જુઓ એ તમારે. આહાહા..! એની ચાલ ને એના કપડાના પહેરવેશમાં ... ઓહોહો..! શું છે? ભાઈ! ક્યાં જાવું છે તારે? આહાહા..! એમ કહીને ચૈતન્યમાં વાળવા માગે છે, હોં! પછી આ છે. અહીં જા. પ્રભુ! તું અહીં જા. આવા આવા અવતાર .. સામું જોઈ અને બહિરાત્મપણે તેં આવા અવતાર કર્યા ને, નાથ! એ તને શોભે છે? આહાહા..!

કહે છે કે એવા ભવમાં '**તીન લોકમેં અનાત્મવશ અર્થાત્ પરાધીન હોકર...**' આહાહા..! કર્મને તાબે થઈને. પોતે તાબે થાય, હોં! આહાહા..! શુદ્ધ ચૈતન્યઘનનો નાથ પ્રભુ પોતે ભૂલીને રાગને, કર્મને વશ થાય અને ચાર ગતિમાં રખડે. આહાહા..! '**પરાધીન હોકર બહુત કાલ તક રહા અર્થાત્ નિવાસ કિયા.**' ઘણો નિવાસ કર્યો નાથ તેં. આવા આવા ભવોમાં નિવાસ કર્યો. નાની નાની ઉંમરના છોકરાઓ મરે છે ને. એક દિ'નો જન્મીને મરે, બે દિ'નો જન્મીને મરે. આહાહા..! ગર્ભમાં કાઢતા મરીને કાઢે. કાપીને કાઢે. આહાહા..! ભાઈ! તારા શું અવતાર! 'ચાર ભવના દુઃખથી ડરી...' એમ આવે છે ને? ચાર ગતિના દુઃખથી ડરીને પ્રભુ! હવે જા અંદર. ચારે ગતિના દુઃખ, હોં! દેવમાં પણ દુઃખ છે, ભાઈ! આહાહા..! એમાં પણ માનવપણામાં કાંઈક બે-પાંચ લાખની ઊપજ હોય એને એમ ને એમ સારી ચાલી જાતી હોય. આહાહા..! ઘરમાં ને કુટુંબની પેદાશ સારી ચાલતી હોય મકાન હોય સારા અને કપડા-દાગીના સારા હોય. એય..! મજા માણતો હોય. દુઃખનો કીડો દુઃખમાં દુઃખી થઈને હોંશ કરે છે. આહાહા..! ભાઈ! તારી તને ખબર નથી.

અતીન્દ્રિય આનંદનું ચોસલું પ્રભુ તું છો. આહાહા..! અને આવા ભવમાં રખડવું એ તારી ચીજ છે પ્રભુ! એમ કહે છે. એ તારો સ્વભાવ કહેવાય? ભાઈ! શરમજનક ભવ, નથી આવતું? શરમજનક જન્મો ટળે. આહાહા..! ...એ જગતની રીત. આહાહા..!

ભવ કરવા એ તો કલંક ને શરમ છે, શરમ છે. અને એ કલંક ટાળે ત્યારે એને જન્મનું દુઃખ, જનનીનું ... અથવા જનનીને કૂખે અવતરવું પડે નહિ.

**ભાવાર્થ :-** '**નિજ શુદ્ધાત્માકી...**' જુઓ! લખાણ જોયું! '**નિજ શુદ્ધાત્માકી ભાવના બિના...**' મારો ભગવાન નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય. એકલો આનંદનો નાથ પૂર્ણ પરમાત્મ સ્વરૂપ મારું સ્વરૂપ છે. એવા '**નિજ શુદ્ધાત્માકી ભાવના બિના...**' એના તરફની એકાગ્રતા નહિ, લક્ષ નહિ, સન્મુખતા નહિ. આહાહા..! '**કર્મકે આધીન હોકર...**' જડકર્મને તાબે તું થયો. એણે તને તાબે કર્યો નથી. આહાહા..! કેમકે અહીં સ્વભાવના સાધનમાં તાબે ન થયો સ્વભાવમાં. અહીં તાબે થઈ ગયો.

'**કર્મકે આધીન હોકર તીન લોકમેં સર્વ દુઃખસહિત સર્વત્ર નિવાસ કિયા.**' સર્વ દુઃખસહિત નિવાસ કિયા, એમ કહે છે. આહાહા..! '**સર્વ દુઃખસહિત સર્વત્ર...**' સર્વ દુઃખ અને સર્વત્ર. સર્વ દુઃખ અને સર્વત્ર. આહાહા..! સમજાણું કાંઈ?

---

आगे फिर कहते हैं कि हे जीव! तूने इस लोकमें सर्व पुद्‌गल भक्षण किये तो भी तृप्त नहीं हुआ :-

गसियाइं पुग्गलाई भुवणोदरवत्तियाइं सव्वाइं।
पत्तो सि तो ण तित्तिं [१]पुणरुत्तं ताइं भुज्जंतो।।२२।।
ग्रसिताः पुद्गलाः भुवनोदरवर्तिनः सर्वे।
प्राप्तोऽसि तन्न तृप्ति पुनरुक्तान् तान् भुंजानः।।२२।।
ભક્ષણ કર્યાં તેં લોકવર્તી પુદ્‌ગલોને સર્વને,
ફરી ફરી કર્યાં ભક્ષણ છતાં પામ્યો નહીં તું તૃપ્તિને. ૨૨.

अर्थ :- हे जीव! तूने इस लोकके उदरमें वर्तते जो पुद्गल स्कन्ध, उन सबको ग्रसे अर्थात् भक्षण किये और उनहीको पुनरुक्त अर्थात् बारबार भोगता हुआ भी तृप्तिको प्राप्त न हुआ।

---

## ગાથા-૨૨ ઉપર પ્રવચન

'**આગે ફિર કહતે હૈં કિ હે જીવ! તૂને ઈસ લોકમેં સર્વ પુદ્‌ગલ ભક્ષણ કિયે તો ભી તૃપ્ત નહીં હુઆ :-**' આહાહા..!

---

१ मुद्रित संस्कृत प्रतिमें 'पुणरूवं' पाठ है जिसकी संस्कृतमें 'पुनरूप' छाया है।

गसियाइं पुग्गलाई भुवणोदरवत्तियाइं सव्वाइं।
पत्तो सि तो ण तित्तिं [1]पुणरुत्तं ताइं भुज्जंतो।।२२।।

**અર્થ :- 'હે જીવ! તૂને ઈસ લોકકે ઉદરમેં વર્તતે...'** લોકના ઉદર. ... ચૌદ બ્રહ્માંડમાં અંદર વર્તતો. જેમ માતાના પેટમાં-ગર્ભમાં વર્તે ને? એમ આ ત્રણલોકના ગર્ભમાં અંદરમાં વર્તે છે. આહાહા..! ત્રણ લોકના ઉદરમાં '**વર્તતે જો પુદ્ગલ સ્કંધ, ઉન સબકો ગ્રસે અર્થાત્ ભક્ષણ કિયે...**' આહાહા..! દુનિયાના પુદ્ગલો બાકી ન રાખ્યા. આમ તો કેટલાક બાકી છે પણ એની શક્તિમાં અનંતવાર ગ્રહણ કર્યા એવું બતાવવું છે. સમજાણું કાંઈ? '**ઉન સબકો ગ્રસે અર્થાત્ ભક્ષણ કિયે ઔર ઉનહીકો પુનરુક્ત અર્થાત્ બારબાર ભોગતા હુઆ...**' આહાહા..! દાળ, ભાત, શાક, મોસંબીનું પાણી એવા પુદ્ગલો પ્રભુ! તારામાં નથી. એ ચીજના સંયોગમાં તુ અનંતવાર આવી ગયો એમ કહે છે. એને ભક્ષણ કર્યા પણ તૃપ્તિ થઈ નહિ. આહાહા..! '**બારબાર ભોગતા હુઆ ભી તૃપ્તિકો પ્રાપ્ત ન હુઆ.**' શેની તૃપ્તિ થાય? બહારને લઈને અગ્નિના લાકડા નાખે એટલે તૃપ્તિ થાય અગ્નિને? આહાહા..!

---

फिर कहते हैं :-

तिहुयणसलिलं सयलं पीयं तिण्हाए पीडिएण तुमे।
तो वि ण तण्हाछेओ जाओ चिंतेह भवमहणं।।२३।।
त्रिभुवनसलिलं सकलं पीतं तृष्णाया पीडितेन त्वया।
तदपि न तृष्णाछेदः जातः चिन्तय भवमथनम्।।२३।।
પીડિત તૃષાથી તેં પીધાં છે સર્વ ત્રિભુવનનીરને,
તોપણ તૃષા છેદાઈ ના; ચિંતવ અરે! ભવછેદને. ૨૩.

अर्थ :- हे जीव! तूने इस लोकमें तृष्णासे पीड़ित होकर तीन लोकका समस्त जल पिया, तो भी तृषाका व्युच्छेद न हुआ अर्थात् प्यास न बुझी, इसलिये तू इस संसारका मंथन अर्थात् तेरे संसारका नाश हो, इसप्रकार निश्चय रत्नत्रयकर चिन्तन कर।

भावार्थ :- संसारमें किसी भी तरह तृप्ति नहीं है, जैसे अपने संसारका अभाव हो वैसे चिन्तन करना, अर्थात् निश्चय सम्यग्दर्शन, ज्ञान, चारित्रको धारण करना, सेवन करना यह उपदेश है।।२३।।

## ગાથા-૨૩ ઉપર પ્રવચન

'फिर कहते हैं :-'

तिहुयणसलिलं सयलं पीयं तिण्हाए पीडिएण तुमे।
तो वि ण तण्हाछेओ जाओ चिंतेह भवमहणं।।२३।।

આ પુદ્ગલનું હતું, હવે પાણીનું કહે છે. આહાહા..!

**અર્થ :- 'હે જીવ! તૂને ઈસ લોકમેં તૃષ્ણાસે પીડિત હોકર તીન લોકકા સમસ્ત જલ પિયા,...'** તૃષા-તૃષા. એકલી તૃષા. આહાહા..! નરકમાં, સાતમી નરકમાં તૃષા.. પહેલી નરકે જળનું બિંદુ મળે નહિ અને અનંતા દરિયા પાણીના આપે તો તૃપ્તિ થાય નહિ, એવી તૃષા, ભાઈ! આહાહા...! અહીં જરી ગળુ સુકાય અને જરી પાણી લાવતા વાર લાગે ત્યાં ભાઈ રાડ નાખે. પાણી લાવ! કેમ વાર લાગે છે? કોઈ મર્યું છે કે નહિ? મરી ગયું છે? મરી ગયું એટલે? ... એમ કે કોઈ છે ઘરમાં કે મરી ગયું? આહાહા..! પ્યાલા ફાટે છે ને. મરી ગયો કે નહિ? કેમ લાવતા નથી? સાંભળ, સાંભળ, બાપા!

એવી તૃષા... એવી તૃષા... **'તીન લોકકા સમસ્ત જલ પિયા, તો ભી તૃષાકા વ્યુચ્છેદ ન હુઆ...'** આહાહા..! .. અનંતી... અનંતી... નરકની પીડામાં તૃષા. આહાહા..! ૩૩-૩૩ સાગર સુધી, હોં! એક સાગરમાં ૧૦ ક્રોડા ક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમમાં અસંખ્ય અબજ વર્ષ અસંખ્યમા ભાગમાં જાય. ભગવાન! તેં ત્યાં અનંતવાર આવી તૃષા સહી છે. પણ તેં આત્માના નિર્વિકલ્પ જળ પીધા નહિ. આહાહા..! ચૈતન્ય ભગવાન નિર્વિકલ્પ આનંદનો રસ છે. 'આશા ઔરન કી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે.' આત્મા આનંદનો નાથ નિર્વિકલ્પરસથી ભરેલો પ્રભુ છે. આહાહા..! એના પીણા પીધા વિના, આવા પીણા તેં અનંતવાર લીધા પણ તૃપ્તિ થઈ નહિ. આહાહા..!

**'ઈસલિયે તૂ ઈસ સંસારકા મથન અર્થાત્ તેરે સંસારકા નાશ હો,...'** દેખો! **'પ્યાસ ન બુઝી, ઈસલિયે તૂ ઈસ સંસારકા...'** નિશ્ચય રત્નત્રયનું ચિંતવન કર. આહાહા..! **'चिंतेह'** આવ્યું ને? શું ચિંતવન કરવું? **'भवमहणं'** જેનાથી ભવનો નાશ થાય. આહાહા..! એવું સ્વરૂપ ભગવાનઆત્મા, એના રત્નત્રય દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવના કર. આહાહા..! આવું તો મારી નાખે. આહાહા..! એક તો નવરો (થાય નહિ). બાળક હોય ત્યારે ભણે, ભણ્યા પછી નોકરી ગોતે. એમાં ડોક્ટર હોય કે વકીલ, વકીલ અને ડોક્ટરનું ચાલ્યું કાંઈક. એમાં વળી કાંઈક પેદાશ-બેદાશ સરખી હોય અને છોકરા સારા પાક્યા હોય, એ પાછા બે-બે હજારની નોકરીએ ચડ્યા હોય. 'નવલચંદભાઈ'! આ કીધું હતું, આ ડોક્ટરનું, નહિ? આ ડોક્ટર. મોટા ડોક્ટર હતા. પરમ દિ'. એને એક દીકરી અને ચાર

છોકરા. એક દીકરો ૨૯ વર્ષની ઉંમરનો. કેન્સર. કેન્સરમાં મરી ગયો. ઈ તો ડોક્ટર છે. છોકરો પોતે ડોક્ટર છે. ડોક્ટર શું કરે? આહાહા..! એ છોકરો ડોક્ટર હતો. ૨૯ વર્ષનો. કેન્સર થયું. બહુ આઘાત લાગ્યો. 'શાંતિભાઈ' કહેતા હતા. એ વખતે અમે જોવા ગયા હતા. 'કુંડલા'વાળા. .. છે ને .. ઉપર. પ્રેમ છે, આવે છે. અરેરે..!

કહે છે કે, ભાઈ! આવા પાણી પીધા અનંતવાર તોપણ તૃપ્તિ ન થઈ. હવે જળનિધિ ભગવાન નિર્વિકલ્પ આનંદરસ, એની ચિંતવના કર ને, નાથ! આહાહા..! ચિંતવના એટલે? એની એકાગ્રતા. આનંદસ્વરૂપ ભગવાન, એની એકાગ્રતા કર. કરવાનું તો આ છે. બાકી બધું એકડા વિનાના મીંડા રણમાં પોક છે. આહાહા..! '**चिंतेह भवमहणं**' એમ કહે છે ને? ભવનો નાશ હો અને ભવનું મંથન થાય એવું કર, નાથ! એમ કહે છે. જેમાં ભવનો અભાવ થાય એવું કર. આવા ભવ તો તેં અનંતવાર કર્યા, ભાઈ! આહાહા..! બાયું ગાય ને? પરણે ત્યારે ગાય છે ને? વરના બાપ કે વરનો ભાઈ સામું જોવે નહિ. એવું નથી ગાતા? એવું કાંઈક ગાય છે.

મુમુક્ષુ :- લળી લળી...

ઉત્તર :- લળી લળી સામું જોવે. પરણે ત્યારે બાયું ગાય. નવરીયું હોય ને. એનાથી મોટા ભાઈ લળી લળી સામું જોવે ને એનું આમ ને... આહાહા..! 'સ્વરૂપચંદભાઈ'! આ તો બધું જોયું છે ને. આહાહા..! બાપા! શેના સામું જોવે? ભાઈ! સામું તો અંદર ચૈતન્ય છે એની સામું જોને. લળી લળીને ત્યાં જો. આહાહા..! જુઓને! આચાર્ય. '**चिंतेह भवमहणं**' આવા ભવ અનંતવાર કર્યા. હવે એ ભવના નાશને માટે પ્રભુ તું ચિંતવ તારી ચીજને. આહાહા..! જેમાં ભવ અને ભવનો ભાવ નથી, એવો ત્રણલોકનો નાથ તું પરમાત્મા પોતે. આહાહા..! એનું મહાત્મ્ય લાવીને પ્રભુ! તું ત્યાં એકાગ્ર થા. તો ભવનો નાશ થશે. બાકી કોઈ બીજો ઉપાય નથી. આહાહા..!

**ભાવાર્થ :-** '**સંસારમેં કિસી ભી તરહ તૃપ્તિ નહીં હૈ, જૈસે અપને સંસારકા અભાવ હો વૈસે ચિંતવન કરના,...**' આહાહા..! જુઓ! અહીંયાં તો એ નિશ્ચય નાખ્યું જોયું? નિશ્ચય રત્નત્રય. વ્યવહારરત્નત્રય ભવમંથનનું નાશનું કારણ નથી. વ્યવહારરત્નત્રય પોતે સંસાર છે. આહાહા..! લોકોને એવું લાગે કે વ્યવહારથી આમ થાય ને વ્યવહારથી આમ થાય. ભાઈ! સ્વરૂપ આનંદનો નાથ નિર્વિકલ્પરસથી ભરેલો છે ને, ભાઈ! જેના એક ક્ષણના આનંદ આગળ દુનિયાના ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા તરણા જેવો લાગે, એવો તું આવો આત્મા! એની ચિંતવના કરને. એનું કરને કાંઈક, એનું કાંઈક કરને. આહાહા..!

'**સંસારકા અભાવ હો વૈસે ચિંતવન કરના,...**' એટલે કે ચૈતન્ય ભગવાનનું '**નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન,...**' અંતર આત્માનું. અને આત્માનું વેદન સ્થિરતા. એ કર. કરવા જેવું હોય તો આ છે. નિશ્ચય ચિંતવન કર. '**નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકો ધારણ**

**કરના, સેવન કરના, યહ ઉપદેશ હૈ.'** ભગવાનનો. 'કુંદકુંદાચાર્ય'નો આ ઉપદેશ જગત પાસે જાહેર કરે છે.

---

आगे फिर कहते हैं :-

**गहिउज्झियाइं मुणिवर कलेवराइं तुमे अणेयाइं।**
**ताणं णत्थि पमाणं अणंतभवसायरे धीर।।२४।।**

**गृहीतोज्झितानि मुनिवर कलेवराणि त्वया अनेकानि।**
**तेषां नास्ति प्रमाणं अनन्तभवसागरे धीर!।।२४।।**

**હે ધીર! હે મુનિવર! ગ્રહ્યાં-છોડ્યાં શરીર અનેક તે,**
**તેનું નથી પરિમાણ કંઈ નિઃસીમ ભવસાગર વિષે. ૨૪.**

अर्थ :- हे मुनिवर! हे धीर! तूने इस अनन्त भवसागरमें क्लेवर अर्थात् शरीर अनेक ग्रहण किये और छोड़े, उनका परिमाण नहीं है ।

भावार्थ :- हे मुनिप्रधान! तू इस शरीरसे कुछ स्नेह करना चाहता है तो इस संसारमें इतने शरीर छोड़े और ग्रहण किये कि उनका कुछ परिमाण भी नहीं किया जा सकता है।

---

## ગાથા-૨૪ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :-'

**गहिउज्झियाइं मुणिवर कलेवराइं तुमे अणेयाइं।**
**ताणं णत्थि पमाणं अणंतभवसायरे धीर।।२४।।**

**अर्थ :- 'હે ધીર!' 'હે મુનિવર!'** આહાહા..! ધીર કહ્યું ને? અને મુનિવર બેય નાખ્યું. મુનિવર શબ્દ પણ છે. '**गहिउज्झियाइं मुणिवर**' આહાહા..! '**धीर**' તું નગ્નમુનિ દિગંબર થયો એથી તને ધીર કહીએ છીએ. હે મુનિધર! આહાહા..! ભાઈ! તારા આત્માની સંભાળ કર હવે તું. આ પાંચ મહાવ્રતને પાળીએ છીએ, આમ કરીએ છીએ, (ઈર્યા) સમિતિ-જોઈને ચાલીએ છીએ. બાપુ! એ તો બધો રાગ છે, સાંભળ! આહાહા..!

'**હે મુનિવર!**' અને '**હે ધીર!**' બે લીધું છે ને? '**તૂને ઈસ અનંત ભવસાગરમેં ક્લેવર અર્થાત્ શરીર અનેક ગ્રહણ કિયે...**' આ હાડકાના શરીર અનેકવાર ગ્રહણ કર્યા. અને અનંતવાર એવા શરીર ગ્રહણ કર્યા '**ઔર છોડે,...**' નાથ! પણ તેં તારો નાથ ન કર્યો તેને. આહાહા..! '**ઔર છોડે, ઉસકા પરિમાણ નહીં હૈ.**' માપ નથી, માપ નથી. અનંતવાર શરીરો ધારણ કરી અનંતવાર શરીર છોડ્યા. આહાહા..!

**ભાવાર્થ :-** **'હે મુનિપ્રધાન! તૂ ઈસ શરીરસે કુછ સ્નેહ કરના ચાહતા હૈ...'** આ શરીરની સંભાળ, આ કરો... આ કરો... ખાવા ટાણે આ ને પીવા ટાણે આ, ઢીકણા ટાણે આમ. સાધુને તો તેલ ચોપડે, આ કરે, તે કરે. આ ટાઢ હોય ને. લૂગડું ન રખાય તો તેલ ચોપડે. હવે એ તો લૂગડાનો બાપ થયો. તેલ ચોળે. ઓલા અન્યમતિના બાવા રાખ ચોળે. સાધુ થઈને તેલ ચીકણા ચોપડે. કેટલી જાતના તેલ આવે છે, એવું સાંભળ્યું છે. આપણે તો ક્યાં ચોપડ્યું છે. ત્રણ જાતના તેલ છે એની પાસે. સવારે આ ચોળે, બપોરે આ ચોળે, સાંજે આ ચોળે, અરેરે..! તો વસ્ત્ર છોડ્યા શું કરવા તેં? આહાહા..! મૂળ ચીજ દૃષ્ટિમાં આવ્યા વિના એનું મહાત્મ્ય આવે નહિ અને પરનું મહાત્મ્ય ખસે નહિ. આહાહા..!

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ અંદર બિરાજે પોતે. એની એને ખબરું ન મળે. આહાહા..! અને બહારમાં મોહીને મુંઝાણો. આહાહા..! એટલા શરીર લીધા કે જેનું માપ નથી. આહાહા..! આવા શરીરમાં અનંતવાર અવતર્યો. હવે તો કલેવર ન મળે એવું કરને. એમ કહે છે. આહાહા..! આ શરીરમાં સ્નેહ કરવા (રહેવા દે). ભાઈ! આ તો માંસ, હાડકા, ચામડા છે. એનો તું પ્રેમ કરીને સાંજ-સવાર ચોવીસ કલાક ધ્યાન રાખે છે. સવારે ચા (પીવે). સાધુ થઈને બે-બે, ચાર-ચાર વાર (પીવે). દિગંબરને તો ... હોય નહિ. શ્વેતાંબરમાં તો સવારે ઊઠીને ચા, દસ વાગે આહાર, બપોરે વળી કો'ક એવા કાજુ-દ્રાક્ષ હોય (તો) નાસ્તા, સાંજના વળી ખીચડી, કઢી ને પાપડ. અરેરે..! કેટલી સંભાળ બાપા! તારી.

હમણા એક સાધુ ગુજરી ગયા ને? 'અમૃતવિજય' ગુજરી ગયા ને. આઠ દિ' અસાધ્ય. આઠ દિ' અસાધ્ય નહિ, શું કીધું? સનેપાત. આઠ દિ' સનેપાત અને ત્રણ દિ' અસાધ્ય. 'બોટાદ'ના હતા. આહાહા..! શું આ સરવાળા પ્રભુ! તારા! સનેપાત. આ શરીરની દશા, ભાઈ! તેં શરીરની સંભાળ બહુ કરી. અંતે નીકળ્યું પોકળ. આહાહા...! હાથ ન રહે એટલે સનેપાત થાય. લવારો કરે. આ લાવો... આ કરો... આ કરો... ભાન ભૂલી જાય. આહાહા..! કહે છે કે એવા કલેવર એટલા કર્યા કે જેનું માપ નથી. આહાહા..!

---

**आगे कहते हैं कि जो पर्याय स्थिर नहीं है, आयुकर्मके आधीन है वह अनेक प्रकारसे क्षीण हो जाती हैः-**

**विसवेयणरत्तक्खयभयसत्थग्गहणसंकिलेसेणं।**
**आहारुस्सासाणं णिरोहणा खिज्जए आऊ।।२५।।**

हिमजलणसलिलगुरुयरपव्वयतरुरुहणपडणभंगेहिं।
रसविज्जजोयधारण अणयपसंगेहिं विविहेहिं।।२६।।
इय तिरियमणुयजम्मे सुइरं उववज्जिऊण बहुवारं।
अवमिच्चुमहादुक्खं तिव्वं पत्तो सि तं मित्त।।२७।।
विषवेदनारक्तक्षयभयशस्त्रग्रहणसंक्लेशैः।
आहारोच्छ्वासानां निरोधनात क्षीयते आयु।।२५।।
हिमज्वलनसलिलगुरुतरपर्वततरुरोहणपतनभङ्गैः।
रसविद्यायोगधारणानयप्रसंगैः विविधैः।।२६।।
इति तिर्यग्मनुष्यजन्मनि सुचिरं उत्पद्य बहुवारम्।
अपमृत्युमहादुःखं तीव्रं प्राप्तोऽसि त्वं मित्र!।।२७।।
વિષ-વેદનાથી, રક્તક્ષય-ભય-શસ્રથી, સંક્લેશથી,
આયુષ્યનો ક્ષય થાય છે આહાર-શ્વાસનિરોધથી; ૨૫.
હિમ-અગ્નિ-જલથી, ઉચ્ચ-પર્વતવૃક્ષરોહણપતનથી,
અન્યાય-રસવિજ્ઞાન-યોગપ્રધારણાદિ પ્રસંગથી. ૨૬.
હે મિત્ર! એ રીત જન્મીને ચિર કાલ નર-તિર્યંચમાં,
બહુ વાર તું પામ્યો મહાદુઃખ આકરાં અપમૃત્યુનાં. ૨૭.

अर्थ :- विषभक्षणसे, वेदनाकी पीड़ाके निमित्तसे, रक्त अर्थात् रुधिरके क्षयसे, भयसे, शस्त्रके घातसे, संक्लेश परिणामसे, आहार तथा श्वासके निरोधसे इन कारणोंसे आयुका क्षय होता है।

हिम अर्थात् शीत पालेसे, अग्निसे, जलसे, बड़े पर्वतपर चढ़कर पड़नेसे, बड़े वृक्षपर चढ़कर गिरनेसे, शरीरका भंग होनेसे, रस अर्थात् पारा आदिकी विद्या उसके संयोगसे धारण करके भक्षण करे, इससे और अन्याय कार्य, चोरी, व्यभिचार आदिके निमित्तसे - इसप्रकार अनेकप्रकारके कारणोंसे आयुका व्युच्छेद (नाश) होकर कुमरण होता है।

इसलिये कहते हैं कि हे मित्र! इसप्रकार तिर्यंच, मनुष्य जन्ममें बहुतकाल बहुतबार उत्पन्न होकर अपमृत्यु अर्थात् कुमरण सम्बन्धी तीव्र महादुःखको प्राप्त हुआ।

भावार्थ :- इस लोकमें प्राणीकी आयु (जहाँ सोपक्रम आयु बँधी है उसी नियमके अनुसार) तिर्यंच-मनुष्य पर्यायमें अनेक कारणोंसे छिदती है, इससे कुमरण होता है। इससे मरते समय तीव्र दुःख होता है तथा खोटे परिणामोंसे मरण कर फिर दुर्गति ही में पड़ता है; इसप्रकार यह जीव संसारमें महादुःख पाता है। इसलिये

आचार्य दयालु होकर उन दुःखोको बारबार दिखाते हैं और संसारसे मुक्त होनेका उपदेश करते हैं, इसप्रकार जानना चाहिये।।२५-२६-२७।।

## ગાથા-૨૫ થી ૨૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો પર્યાય સ્થિર નહીં હૈ,...'** આ શરીર કાંઈ સ્થિર નથી. નિત્ય તો પ્રભુ આત્મા છે. **'આયુકર્મકે આધીન હૈ વહ અનેક પ્રકારસે ક્ષીણ હો જાતી હૈ :-'** શરીર તો નાશ થઈ જશે અનેક પ્રકારના ... ભગવાન અવિનાશી છે એની સંભાળ કરને. આની લાખ સંભાળ કરીશ તોપણ પડ્યે છૂટકો. આહાહા..! દવાઓ રાખશે, આ કરે, ટાણે-ટાણે દવાઓ, કપાટમાં તૈયાર દવાઓ. વીંછી કરડે તો આ, ઢીંકણું કરડે તો આ. એવું સાંભળ્યું છે... રેકડ નથી આવતું રેકડ? ખાલી રેકડ્યું. એના કટકા રાખે છે. ... એવું સાંભળ્યું છે. આપણને ક્યાં ખબર છે? એ બધું રાખે કબાટમાં. એ સંભાળ કરવા રહેવા દે. મરી જઈશ. ત્યાં કટકા કામ નહિ આવે. આહાહા..! અનંતનો ચૈતન્ય નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ તું છો ને, નાથ! એની સંભાળ કરને. સત્યાર્થને જોને, ભૂતાર્થને જોને. આહાહા..! ૧૧મી ગાથા કહી છે ને? **'भूदत्थम'** **'ववहारोऽभूदत्थो'** વ્યવહાર અભૂતાર્થ છે. આહાહા..! પરવસ્તુ તો અભૂતાર્થ છે, પોતાની અપેક્ષાએ એ પરવસ્તુ છે જ નહિ. પાછા નિર્મળ પર્યાય અપેક્ષાએ રાગ પર્યાય છે નહિ. અસદ્‌ભૂતમાં જાય છે. પોતાની અપેક્ષાએ બીજા દ્રવ્યો અસદ્‌ભુત છે અને પોતાની નિર્મળ પર્યાયની અપેક્ષાએ રાગ અસદ્‌ભુત છે. આહાહા..! અને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર્યાયનો ભેદ છે એ ત્રિકાળમાં નથી એ અપેક્ષાએ અસદ્‌ભુતમાં જાય છે. આહાહા..! સદ્‌ભુતમાં તો એક નાથ આત્મા રહે છે.

જેની નજરું કરે સંસારનો નાશ થાય, જેની સામું જોયે સંસારનો અભાવ થાય. એવો પ્રભુ તારો અંદર છે, એની સામું જોને, ભાઈ! આહાહા..! આ તો દુનિયા અમને કેમ ગણે છે? દુનિયામાં કંઈ ગણતરીમાં આવ્યા કે નહિ? દુનિયા અમને કાંઈ મોટામાં ખતવે છે કે નહિ? મરી જઈશ હવે સાંભળને. આહાહા..! દુનિયામાં બહાર તો પડ્યા. બહાર પડ્યો એ તો દુનિયામાં.

મુમુક્ષુ :- પડ્યો.

ઉત્તર :- હા. પડ્યો કૂદીને. આહાહા..! અહીં તારો નાથ અંદર પૂર્ણાનંદ પ્રભુ, એ તારી પૂંજી અને એ તારી મૂડી છે. એવા સત્યાર્થને લક્ષમાં અને દષ્ટિમાં લે ને. આહાહા..! કે જેથી આવા શરીર ધારણ કરવા ન પડે. હવે આ શરીરની અસ્થિરતા બતાવે છે.

**विसवेयणरत्तक्खयभयसत्थग्गहणसंकिलेसेणं।**
**आहारुस्सासाणं णिरोहणा खिज्जए आऊ।।२५।।**
**हिमजलणसलिलगुरुयरपव्वयतरुरुहणपडणभंगेहिं।**
**रसविज्जजोयधारण अणयपसंगेहिं विविहेहिं।।२६।।**
**इय तिरियमणुयजम्मे सुइरं उववज्जिऊण बहुवारं।**
**अवमिच्चुमहादुक्खं तिव्वं पत्तो सि तं मित्त।।२७।।**

આહાહા..! 'કુંદકુંદાચાર્ય' મુનિને મિત્ર તરીકે બોલાવે છે. દ્રવ્યલિંગી સાધુ. હે મિત્ર! આહાહા..! અમારી જાતના નગ્નપણામાં તો તું આવ્યો પણ અમારું અંદર સ્વરૂપ જે નિર્વિકલ્પ નગ્નદશા છે એમાં તું ન આવ્યો. આહાહા..! હે મિત્ર! છે ને? એ ઝેર ખાવાથી શરીરનો નાશ થયો. આયુષ્ય નાશ થયું કહે છે. ઝેર-ઝેર. વેદનાની પીડાના નિમિત્તથી. એવી વેદના.. એવી વેદના.. કે દેહ છૂટી જાય, આયુષ્ય ખલાસ થઈ જાય.

મુમુક્ષુ :- એવો પહેલા કદી સાંભળ્યો?

ઉત્તર :- સાંભળ્યો અનંતવાર પણ અંદર મારું કરીને સાંભળ્યું નહિ. એક વેશ તરીકે સાંભળવું જોઈએ આપણે. આહાહા..!

**'રક્ત અર્થાત્ રુધિરકે ક્ષયસે, ભયસે,...'** રુધિરનો ક્ષય થઈ જાય. આ લોહી. દેહ છૂટી જાય. સુકાઈ જાય લોહી. આ શું કહેવાય તમારે? પીળું પડી જાય શરીર? પીળીયો-પીળીયો રોગ. એને પાણી ન પીવા દે. નહિ? એવો રોગ થાય છે. 'ધ્રાંગધ્રા'માં એક જુવાન છોકરો. 'ગોપાણી'નો જમાઈ. (સંવત) ૧૯૭૬ની વાત છે. ૫૪ વર્ષ થયા.

મુમુક્ષુ :- જલંધર.

ઉત્તર :- જલંધર નહિ. શરીરનું પાણી ... પીળું આખું શરીર. 'ગોપાણી'ના જમાઈ હતા. 'હરગોવિંદ ગોપાણી' નહિ ઓલા? 'હરગોવિંદ'ના બાપ 'ઉજમશી'. .. આ તો ૧૯૭૬ની વાત છે. જુવાનજોધ જુવાન છોકરો હતો. 'ધ્રાંગધ્રા'માં. પીળું થઈ ગયેલું અને પાણી માટે રાડ નાખે. પાણી આપે નહિ. જંગલનું પાણી ન આપે એને. એને ... હોય એવું. અમે ત્યાં હતા. મરી ગયો. ૧૯૭૬ની વાત છે, ૭૬. જુવાન છોકરો હતો. લોહીનું પાણી થઈ ગયું. અને તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... 'ધ્રાંગધ્રા.. ધ્રાંગધ્રા' 'ધ્રાંગધ્રા'વાળા નથી કોઈ? દરવાજો છે ઓલી કોર બહાર અને... આહાહા..! કુટુંબ બધું આવ્યું હતું. કાણે આવ્યા હતા. ત્યારે અમે ત્યાં હતા. આહાહા..! વિશાશ્રીમાળી. એ લોહી ક્ષય થઈ જાય. .. આવે એકદમ. દેહ છૂટી જાય.

**'શસ્ત્રકે ઘાતસે,...'** તલવાર. **'સંક્લેશ પરિણામસે,...'** દેહ છૂટી જાય. એવા પરિણામ .. નાશ થઈ જાય. **'આહાર...'** રોકવાથી નાશ થઈ જાય. **'શ્વાસકે નિરોધસે ઈન કારણોંસે**

**આયુકા ક્ષય હોતા હૈ.**' લ્યો! આયુનો ક્ષયનો અર્થ? કે તે સમયે તે .. થવાનો છે. એમ નથી કે આ થયું માટે થયું. આહાહા..! '**હિમ અર્થાત્ શીત પાલેસે,...**' બરફ પડે ને, બરફ? એમાં આવીને દેહ છૂટી જાય. બરફમાં. આહાહા..! શરીર ઓગળે આખું બધું. '**અગ્નિસે,...**' બળીને મરે અગ્નિમાં. ઓહોહો..! 'લીંબડી'માં નહોતું થયું? મોટી આગ લાગી હતી. ધોકડા મોટા ધોકડા રૂના. એ બારણામાં જવાય નહિ. પછી બિચારા ભાગ્યા. ચારે કોર અગ્નિ સળગી. કેટલા માણસો મરી ગયેલા, એકસાથે ઠાઠડી કાઢી હતી. ૩૮-૩૯. એક માણસ બિચારો જુવાન નીકળવા ગયો. આ ધોકડું છે ને એના ઉપર પગ મૂકીને બહાર નીકળું. ત્યાં ધોકડામાં અંદર અગ્નિ હતી. જ્યાં પગ મૂક્યો ત્યાં અંદર ગરી ગયો. ધોકડા, મોટા ધોકડા. ધોકડા સમજાય છે ને? રૂના સળગ્યા હતા. 'લીંબડી'ની વાત છે. જિનમાં. ખબર છે? 'જેઠાભાઈ'! આમ બિચારો બહાર નીકળવા જાય છે ત્યાં ધોકડા ઉપર રૂ અંદર સળગતું હશે. ઉપર પગ મૂકે તો ગરી ગયો અંદર. ત્યાં બળી ગયો. આહાહા..! આયુષ્યની પૂર્ણતા આ રીતે પણ તારી થઈ, એમ કહે છે. આહાહા..!

'**જલસે,...**' પાણીમાં તણાણા. પાણીમાં પડે છે ને? હરણીયા, કીડા હોય, પાણીનો વરસાદ બધો તણાયને મરી જાય. આ રીતે પણ આયુષ્ય તારા અનંતવાર પૂરા થયા. '**પર્વતપર ચઢકર પડનેસે, બડે વૃક્ષપર ચઢકર ગિરનેસે,...**' મોટા મોટા વૃક્ષ ઉપર ચડીને પડ્યો. '**શરીરકા ભંગ હોનેસે,...**' શરીરના કટકા થયા. '**પારા આદિકી વિદ્યા ઉસકે સંયોગસે ધારણ કરકે ભક્ષણ કરે...**' એવો પારો આદિ પીધો મરવા માટે. પારો આવે છે ને, પારો? પીવે એટલે મરી જાય. આહા..! એ ચૈતન્ય રસાયણ કર હવે. એવા પારા કરીને મરી ગયો અનંતવાર. આહાહા..!

'**ઈસસે ઔર અન્યાય કાર્ય, ચોરી, વ્યભિચાર આદિકે નિમિત્તસે - ઈસપ્રકાર અનેકપ્રકારકે કારણોંસે આયુકા વ્યુચ્છેદ (નાશ)...**' થયો, લ્યો! અન્યાયના કારણે બળીને મરી જાય, ચોરી કરીને મરી જાય, વ્યભિચાર કરીને મારી નાખે. આહાહા..! એ કુમરણ આવું તારે થયું. '**ઈસલિયે કહતે હૈં કિ હે મિત્ર! ઈસપ્રકાર તિર્યંચ, મનુષ્ય જન્મમેં...**' એની વાત છે ને? '**બહુતકાલ બહુતબાર ઉત્પન્ન હોકર અપમૃત્યુ અર્થાત્ કુમરણ સંબંધી તીવ્ર મહાદુઃખકો પ્રાપ્ત હુઆ.**' આહાહા..! ૨૫-૨૬-૨૭. આવા મરણો અનંતવાર તારા થયા. આમાં કેટલાક કહે કે જુઓ! આમાં 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે આયુષ્યનો આ કારણે નાશ થાય છે. પાઠ છે ખરો ને ઓલો. '**खिज्जए आऊ**' આયુષ્ય ત્યાં પૂર્ણ થાય છે એમ કહે છે. એનાથી આયુષ્ય છૂટી જાય, નહિતર ન છૂટત અને રહેત. એની અહીં વાત છે જ નહિ. આવા આવા મરણમાં તારા આયુષ્ય પૂર્ણ થયા, પ્રભુ હવે તું ચેત. એ કરવા માટે આ વાત છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૧૧૧, ગાથા-૨૫ થી ૩૧, ગુરુવાર, પોષ વદ ૧૦, તા.૧૭-૦૧-૭૪**

૨૫ થઈ. ૨૭નો ભાવાર્થ છે.

**ભાવાર્થ :-** '**ઈસ લોકમેં પ્રાણીકી આયુ (જહાં સોપક્રમ આયુ બંધી હૈ ઉસી નિયમકે અનુસાર)...**' એ આપણે અહીંથી લીધું. '**તિર્યંચ - મનુષ્ય પર્યાયમેં અનેક કારણોંસે છિદતી હૈ,...**' એના અર્થમાં નાખ્યા છે, જુઓ! કેટલાક છે કહે કે કેવળજ્ઞાની ... અકાળ મરણ છે. ... એટલે આયુષ્ય છે એ એની રીતે બંધાયેલું હતું. એ રીતે તે કાળે જ છૂટે. એથી એને અકાળ કહેવાય. બાકી એનો સમય છે એ ફરે છે એમ નથી કાંઈ. આહાહા..! અહીંની ટીકા કરી છે.

'**મનુષ્ય પર્યાયમેં અનેક કારણોંસે છિદતી હૈ,...**' છિદે એટલે ક્ષય થાય છે. '**ઈસસે કુમરણ હોતા હૈ. ઈસસે મરતે સમય તીવ્ર દુઃખ હોતા હૈ તથા ખોટે પરિણામોંસે મરણ કર ફિર દુર્ગતિ હી મેં પડતા હૈ; ઈસપ્રકાર યહ જીવ સંસારમેં મહાદુઃખ પાતા હૈ. ઈસલિયે આચાર્ય દયાલુ હોકર બારબાર દિખાતે હૈં ઔર સંસારસે મુક્ત હોનેકા ઉપદેશ કરતે હૈં,...**' ભાઈ! સંસારથી છૂટ, સંસારમાં દુઃખ જ છે. કાંઈક થોડીક સગવડતા દેખીને માને કે અમે સુખી છીએ એ દુઃખના અંગારે સળગી રહ્યો છે. ભગવાનઆત્માનો શાંતરસ, વીતરાગરસ, આનંદરસ, એના વેદન વિના એટલે કે સમ્યગ્દર્શન વિના એણે આવા અનંતા જન્મ-મરણ કર્યા. આચાર્ય વારંવાર .. કહીને ઉપદેશ કરે છે. 'ઈસપ્રકાર જાનના ચાહિયે.'

---

आगे निगोदके दुःखोंको कहते हैं :-

छत्तीस तिण्णि सया छावट्ठिसहस्सवारमरणाणि।
अंतोमुहुत्तमज्झे पत्तो सि निगोयवासम्मि।।२८।।
षट्त्रिंशत् त्रीणि शतानि षट्षष्टिसहस्रवारमरणानि।
अन्तर्मुहूर्तमध्ये प्राप्तोऽसि निकोतवासे।।२८।।
છાસઠ હજાર ત્રિશત અદિક છત્રીશ તેં મરણો કર્યાં,
અંતર્મુહૂર્ત પ્રમાણ કાલ વિષે નિગોદનિવાસમાં. ૨૮.

अर्थ :- हे आत्मन! तू निगोदके वासमें एक अंतर्मुहूर्तमें छयासठ हजार तीनसो छत्तीस वारमरणको प्राप्त हुआ।

भावार्थ :- निगोदमें एक श्वासके अठारहवें भाग प्रमाण आयु पाता है। वहाँ एक मुहूर्तके सैंतीससौ तिहत्तर श्वासोच्छ्वास गिनते हैं। उनमें छत्तीससौ पिच्यासी

श्वासोच्छ्वास और एक श्वासके तीसरे भागके छयासठ हजार तीनसौ छत्तीस बार निगोदमें जन्म-मरण होता है। इसका दुःख यह प्राणी सम्यग्दर्शनभाव पाये बिना मिथ्यात्वके उदयके वशीभूत होकर सहता है। भावार्थ :- अंतर्मुहूर्तमें छयासठ हजार तीनसौ छत्तीस बार जन्म-मरण कहा, वह अठ्यासी श्वास कम मुहूर्त इसप्रकार अन्तर्मुहूर्तमें जानना चाहिये।।२८।।

(विशेषार्थ :- गाथामें आये हुए 'निगोद वासम्मि' शब्दकी संस्कृत छायामें 'निगोत वासे' है। निगोद शब्द एकेन्द्रिय वनस्पति कायिक जीवोंके साधारण भेदमें रूढ़ है, जबकि निगोत शब्द पांचों इन्द्रियोंके सम्मूर्च्छन जन्मसे उत्पन्न होनेवाले लब्ध्यपर्याप्तक जीवोंके लिये प्रयुक्त होता है। अतः यहाँ जो ६६३३६ वार मरणकी संख्या है वह पांचों इन्द्रियोंको सम्मिलित समझना चाहिये।।२८।।)

## ગાથા-૨૮ ઉપર પ્રવચન

**'આગે નિગોદકે દુઃખકો કહતે હૈં :-'** નિગોદના દુઃખ કહે છે.

**छत्तीस तिण्णि सया छावट्ठिसहस्सवारमरणाणि।**
**अंतोमुहुत्तमज्झे पत्तो सि निगोयवासम्मि।।२८।।**

**અર્થ :- 'હે આત્મન! તૂ નિગોદકે વાસમેં એક અંતર્મુહૂર્તમેં છયાસઠ હજાર તીનસૌ છત્તીસબાર મરણકો પ્રાપ્ત હુઆ.'**

**ભાવાર્થ :- 'નિગોદમેં એક શ્વાસકે અઠારહવેં ભાગ પ્રમાણ આયુ પાતા હૈ.'** એક શ્વાસના અઢારમા ભાગનું આયુષ્ય. આહાહા..! એક શ્વાસમાં તો અઢાર ભવ કરે. ભૂલી ગયો બધું. પોતાનો આનંદ ભૂલી, પોતે આનંદસ્વરૂપ પરમાનંદની મૂર્તિ પ્રભુ છે, એને ભૂલીને મિથ્યાત્વભાવ સેવ્યા, એના ફળમાં એક શ્વાસમાં અઢાર અઢાર ભવ કરે. આહાહા..! અહીં થોડું આયુષ્ય લાંબુ મળે ૨૫-૫૦-૧૦૦ વર્ષ ત્યાં એમ થઈ જાય... ઓહોહો..!

**'વહાં એક મુહૂર્તકિ સૈંતીસસો તિહત્તર શ્વાસોચ્છ્વાસ ગિનતે હૈં.'** ૩૬૮૫ શ્વાસોચ્છ્વાસ અને **'એક શ્વાસકે તીસરે ભાગકે છયાસઠ હજાર તીનસૌ છત્તીસ બાર નિગોદમેં જન્મ-મરણ હોતા હૈ.'** ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ એના પરિભ્રમણના દુઃખો જોયા. એ આત્માના સમ્યગ્દર્શન વિના એટલે કે આત્માની જે સંપદા, ઋદ્ધિ પૂર્ણ આનંદ, એની દૃષ્ટિ નહિ, એની ઋદ્ધિ નહિ, એનું પોસાણ નહિ અને રાગ તે હું, પુણ્ય તે હું. આહાહા..! પુણ્યના ફળ બહાર આવે તે હું, એમ મિથ્યાત્વભાવમાં એ કચડાઈ ગયો. એના દુઃખ એને ન લાગ્યા ત્યાં. પણ છે તો દુઃખ.

**'ઈસકા દુઃખ યહ પ્રાણી સમ્યગ્દર્શનભાવ પાયે બિના...'** લ્યો! ઓહોહો..! ચૈતન્ય

ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, એની સન્મુખની દૃષ્ટિ વિના, એનાથી વિમુખના ભાવને સેવી આવા જન્મ-મરણમાં દુઃખી થયો, પ્રભુ! આહાહા..! આચાર્ય કરુણાથી જગતને સંબોધે છે. ભાઈ! તારા રાજીપાનું સ્થાન તો અંતર આનંદ છે. તારો રાજીપો, હરખ અને હરખના સ્થાન તો પ્રભુ પોતે છો. અરે..! તને બહારમાં શેનો હરખ અને રાજીપો આવે છે? આહાહા..! મિથ્યાત્વભાવને લઈને સ્વસ્વરૂપમાં વાસની દૃષ્ટિ છોડી અને પરના વાસનો ભાવ કર્યો.

'**સમ્યગ્દર્શનભાવ પાયે બિના...**' પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન નિવાસસ્થાન પોતાનું છે. એવી દૃષ્ટિના અભાવે '**મિથ્યાત્વકે ઉદયકે વશીભૂત હોકર...**' વિપરીત માન્યતા. આ રાગ તે હું, શરીર તે હું, વાણી તે હું. બહારની અનેક ચીજો એ મારી અને અલ્પજ્ઞપણું તેટલો હું. એવા મિથ્યાત્વને વશ થઈ... આહાહા..! આવા દુઃખો સહન કર્યા. '**અંતર્મુહૂર્તમેં છયાસઠ હજાર તીનસૌ છત્તીસબાર જન્મ-મરણ કહા, વહ અઠ્યાસી શ્વાસ કમ મુહૂર્ત ઈસપ્રકાર અંતર્મુહૂર્તમેં જાનના ચાહિયે.**' લ્યો! એક અંતર્મુહૂર્તમાં એટલા ભવ. આહાહા..! જુઓને! અહીં છોકરો ખોવાણો તો હાથ નથી આવતો. વળી આ બીજો છોકરો ખોવાણો. 'અનૂપચંદ'નો. બીજો છોકરો એન્જિનિયર છે. બેને ઉપાડી ગયા કો'ક. ..

મુમુક્ષુ :- બીજો એક છોકરા...

ઉત્તર :- ... એવા અનંતવાર... આહાહા..! જીવતા દાટ્યા, જીવતા કાઢ્યા. આત્માની જે દૃષ્ટિ જોઈએ તેના અભાવમાં, એને દૃષ્ટિ કરવાનો અવસર પણ મળતો નથી. આહાહા..! ૨૫-૨૫ વર્ષના જુવાન માણસ ૨૨-૨૨ દિવસથી હાથ નથી આવતા. લોકોને ... બહુ રોતા. શું થાય? એ તો અનંતવાર... આહાહા..!

'ધંધુકા'માં નહોતું થયું એકવાર? મુસલમાને એક ગાયને પકડીને શણગાર કરાવી ગામમાં ફેરવી. આખા ગામમાં. ગાયને ફેરવીને છોકરા આમ લઈ ગયા એના મસ્જિદમાં. પછી એને બાંધી અને ઝીણા ઝીણા કટકા કર્યા ગાયના. આ 'ધંધુકા'માં થયું. આહાહા..! હિન્દુઓને દુઃખ કરાવવા માટે. આ તમારી ગાય, જુઓ! ગામમાં ફેરવીને પછી કાપી. કટકા ઝીણા... ઝીણા... ઝીણા... અને પોતાની નાતમાં વહેંચ્યા. અરે..! આ શું કરે છે તું? આહાહા..! ... નરકમાં જવાની તૈયારી, ભાઈ! તને દુઃખ આકરા પડશે. અને હોંશે-હોંશે આવા ભાવ કરે છો, ભાઈ! તને દુઃખ આકરા પડશે. આહાહા..! પણ કોણ સાંભળે? વર્તમાનમાં કાંઈક પાંચ ઈન્દ્રિય અને કાંઈ .. આયુષ્ય ને નિરોગતા ને કુટુંબ ને એમાં આ વાત કરે. ... બાપુ! આવા દુઃખ તેં અનંતવાર સહ્યા, ભાઈ! અત્યારે પણ એ તરફના વલણવાળા દુઃખભાવથી દુઃખી છો તું. પણ પ્રતિકૂળ સંયોગ આવે ત્યારે એ દુઃખી છે એમ માને છે. આહાહા..!

ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુનું સ્વરૂપ, એનાથી વિરુદ્ધ ભાવ એ જ પ્રતિકૂળ

છે, એ જ દુઃખ છે અને એ જ આકુળતા છે. આહાહા..! વીસ વર્ષનો છોકરો મરી ગયો હોય અને રાતના આઠ વાગી ગયા હોય, ઘરમાં મડદું હોય, સવારે કાઢવું હોય. ઊંઘ આવે એને? આહાહા..! એ તૃષા, પાણી પીવાના ભાવ ભૂલી જાય, બધું ભૂલી જાય. આહાહા..! આઠ-નવ વાગે મરી જાય તો એ વખતે તો કઢાય નહિ. સવાર સુધી જાગ્યા એની મા ને બાપ ઝુરે. ભાઈ! કોને માટે આ? શું છે આ? તારી દૃષ્ટિમાં પ્રભુ! તને તારું તત્ત્વ નથી આવ્યું. આ તત્ત્વ તો એ રીતે સંયોગ આવે અને વિયોગે જાય એવું તો અનંતવાર થયું છે. અસંયોગી ચીજ એવો આત્મા, જેને રાગનો પણ સંયોગ સંબંધ છે નહિ. આ પરના સંબંધની તો વાત પણ શી કરવી? ચૈતન્યમૂર્તિને રાગની સાથે સંબંધ, સં-બંધ સંસર્ગ તરીકે એ વસ્તુ નથી. આહાહા..! એવા ભગવાનને આવા મિથ્યા ભ્રમ સેવી સેવીને આવા દુઃખો કર્યા. ટાણા આવે ત્યારે (કહે), નહિ, અમે આમ છીએ, અમે આમ છીએ.

**'ગાથામેં આયે હુએ 'નિગોદ વાસમ્મિ' શબ્દકી સંસ્કૃત છાયામેં 'નિગોત વાસે' હૈ. નિગોદ શબ્દ એકેન્દ્રિય વનસ્પતિ કાયિક જીવોંકે સાધરણ ભેદમેં રૂઢ હૈ,...'** આ નિગોદ તો. **'જબકિ નિગોત શબ્દ પાંચો ઇન્દ્રિયોંકે સમ્મુર્ચ્છન જન્મસે ઉત્પન્ન હોનેવાલે લબ્ધપર્યાપ્તક જીવોંકે લિયે પ્રયુક્ત હોતા હૈ.'** બીજી રીતે પણ ત્યાં નિગોદ કહેવાય. **'અતઃ યહાં ૬૬૩૩૬ વાર મરણકી સંખ્યા હૈ વહ પાંચોં ઇન્દ્રિયોંકો સમ્મિલિત સમજના ચાહિયે.'** પાંચેય ઇન્દ્રિયની બધી થઈને એટલી. આહાહા..! જેને ભવ પ્રિય (છે) એટલે વારંવાર ભવ કર્યા જ કરે. બાયડીના સાડલા હોય ને પચ્ચીસ જાતના, તો સવારથી સાંજ સુધી એને ફેરવ્યા જ કરે. દિશાએ જાય ત્યારે બીજો, બાયું સાથે બેસવા અને વાત કરવા વખતે બીજો, રસ્તામાં ચાલવા વખતે બીજો. ફેરવ્યા ફેરવ. કેમકે પ્રેમ એના ઉપર છે. એવી જે આ ભાત અને જાતના ભિન્ન ભિન્ન સાડલા હોય ને? સાડલા સમજતે હૈં? સાડી. આહાહા..! ફેરવ્યા ફેરવ કરે. આદમી શું? દરબાર હતા ને 'ભાવનગર'? એ મરી ગયા પછી ત્રણસો જોડ જોડા નીકળ્યા. ત્રણસો જોડ જોડા.

મુમુક્ષુ :- ધોતી જોડા.

ઉત્તર :- જુતા. રાજા ધોતી પહેરે નહિ. વાણિયા હોય એ ઢીલાઢબ જેવા ધોતિયા પહેરે. ત્રણસો જૂતા નીકળ્યા. રાત્રે ફરવા જાય ત્યારે બીજા, દિવસે બીજા, સાંજે બીજા. એટલા-એટલા. બહુ પ્રેમ હોય એ વસ્તુ ભિન્ન-ભિન્નમાં જાય. એમ જેને ભવનો પ્રેમ એ ભવ ફેરવ્યા જ કરે. આહાહા..! તીવ્ર પ્રેમ છે.

ભગવાનઆત્માનો પ્રેમ ભૂલી ગયો ઈ. 'પ્રતિ...' ત્યાં રાત્રે આવ્યું હતું ને? ૨૦૬. પ્રભુ તું આત્મામાં પ્રેમ કરને, નાથ! આહાહા..! તારી પ્રેમાળ ચીજ તો એ છે. એમાં રતિ કર, એમાં સંતોષ પામ અને એમાં તૃપ્ત રહે, ભાઈ! એ તારી ચીજ છે. આહાહા..!

એને ભૂલીને ભગવાનને ભૂલ્યો. આહાહા..! એ રાગ થયો શુભ અને પુણ્ય (થાય) ત્યાં રાજી રાજી થઈ જાય. પૂર્વના કોઈ પુણ્યના બહાર ગંજ દેખાય. એકદમ કરોડ, બે કરોડ, પાંચ કરોડની પેદાશ દેખાય ત્યાં રાજી રાજી થઈ જાય. શું છે ભગવાન! તને? આહાહા..! તારા નિધાન ખોવાઈ ગયા અને બહારના નિધાને રાજી! એવા ભવના પ્રેમીઓ ભવ ફેરવ્યા જ કરે છે, કહે છે.

જેને આત્માના પ્રેમ લાગ્યા એને નિર્મળ પરિણતિ ફેરવ્યા કરે છે. આહાહા..! કારણ કે એ દરકાર કરી નહિ. ટાણા આવ્યા ત્યારે કાંઈક... કાંઈક.. કાંઈક... એવા શલ્ય રાખ્યા. અંદર જવા માટે દરકાર જ કરી નહિ. આહાહા..! એ ઓજલમાં ભગવાન પડ્યો છે અંદર. એ ૬૬૩૩૬ વાર મરણ કર્યા.

---

इस ही अंतर्मुहूर्तके जन्म-मरणमें क्षुद्रभवका विशेष कहते हैं :-

**वियलिंदए असीदी सट्ठी चालीसमेव जाणेह।**
**पंचिंदिय चउवीसं खुद्दभवंतोमुहुत्तस्स।।२९।।**

विकलेंद्रियाणामशीति षष्टिं चत्वारिंशतमेव जानीहि।
पंचेन्द्रियाणां चतुर्विंशतिं क्षुद्रभवान् अन्तर्मुहूर्त्तस्य।।२९।।

**રે! જાણ એંશી સાઠ ચાલીશ ક્ષુદ્રભવ વિકલેંદ્રિના,**
**અંતર્મુહૂર્તે ક્ષુદ્રભવ ચોબીશ પંચેન્દ્રિય તણા. २९.**

**अर्थ :- इस अन्तर्मुहूर्त्तके भवोंमें दो इन्द्रियके क्षुद्रभव अस्सी, तेइन्द्रियके साठ, चौइन्द्रियके चालीस और पंचेन्द्रियके चौबीस, इसप्रकार हे आत्मन्! तू क्षुद्रभव जान।**

**भावार्थ :- क्षुद्रभव अन्य शास्त्रोंमें इसप्रकार गिने हैं। पृथ्वी, अप्, तेज, वायु और साधारण निगोदके सूक्ष्म वादरसे दस और सप्रतिष्ठित वनस्पति एक इसप्रकार ग्यारह स्थानोंके भव तो एक-एकके छह हजार बार उसके छयासठ हजार एकसौ बत्तीस हुए और इस गाथामें कहे वे भव दो इन्द्रिय आदिके दो सौ चार, ऐसे ६६३३६ एक अन्तर्मुहूर्त्तमें क्षुद्रभव हैं।।२९।।**

---

## ગાથા-૨૯ ઉપર પ્રવચન

'**ઇસ હી અંતર્મુહૂર્તકે જન્મ-મરણમેં ક્ષુદ્રભવકા વિશેષ કહતે હૈં :-**' હવે બીજી ઇન્દ્રિય. બે ઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઇન્દ્રિય.

**वियलिंदए असीदी सट्ठी चालीसमेव जाणेह।**
**पंचिंदिय चउवीसं खुद्दभवंतोमुहुत्तस्स।।२९।।**

**અર્થ :-** '**ઈસ અંતર્મુહૂર્તકે ભવોંમેં દો ઈન્દ્રિયકે ક્ષુદ્રભવ અસ્સી,...**' આ ઈયળ આદિના અંકર્મુહૂર્તમાં ૮૦ ભવ. આહાહા..! એ મરે એની કાણ કોણ માંડે? આહાહા..! એણે માંડી પોતાની કાણ દુઃખમાં. કહે છે કે ૮૦ ભવ તો બે ઈન્દ્રિયના કરે, એક અંતર્મુહૂર્તમાં. '**તેઈન્દ્રિયકે સાઠ,...**' ભવ કરે. કીડી, મકોડા એ ત્રણ ઈન્દ્રિય છે. અંતર્મુહૂર્તમાં સાંઈઠ ભવ કરે છે. આહાહા..! '**ચૌઈન્દ્રિયકે ચાલિસ ઔર પંચેન્દ્રિયકે ચૌબીસ,...**' પંચેન્દ્રિયના એક અંતર્મુહૂર્તમાં ચોવીસ ભવ કરે. '**ઈસપ્રકાર હે આત્મન્! તૂ ક્ષુદ્રભવ જાન.**' આહાહા..! '**जाणेह**' છે ને? 'કુંદકુંદાચાર્યે' કીધું ને? '**जाणेह**' બીજા પદનો છેલ્લો શબ્દ છે. એને ભાઈ! તું જાણ. આવા આવા તેં ભવ કર્યા. ભવના અભાવનો સ્વભાવ શું છે એને તેં ન જાણ્યો. આહાહા..! '**તોયે અરે! ભયચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.**' બહુ અપૂર્વ વાત છે અંદરમાં, બાપુ! એ અપૂર્વ સ્વભાવ સામું જોયું નહીં અને પૂર્વાપર જે અનંતવાર વર્તન .. એ ભાવને તેં સેવ્યો. સેવવા લાયક ચીજ હતી એને સેવી નહિ. આહાહા..!

**ભાવાર્થ :-** '**ક્ષુદ્રભવ અન્ય શાસ્ત્રોંમેં ઈસપ્રકાર ગિને હૈં. પૃથ્વી,..**'કાય. એકેન્દ્રિય પૃથ્વી. '**અપ્,...**' એટલે પાણી. '**તેજ (અગ્નિ), વાયુ ઔર સાધારણ નિગોદકે સૂક્ષ્મ બાદરસે દસ ઔર સપ્રતિષ્ઠિત વનસ્પતિ એક, ઈસપ્રકાર ગ્યારહ સ્થાનોંકે ભવ તો એક-એકકે છહ હજાર બાર ઉસકે છયાસઠ હજાર એકસૌ બત્તીસ હુએ. ઈસ ગાથામેં કહે વે ભવ દો ઈન્દ્રિય આદિકે દો સૌ ચાર, ઐસે ૬૬૩૩૬ એક અંતર્મુહૂર્તમેં ક્ષુદ્રભવ હૈં.**' આટલા ભવ કર્યા. ભગવાન કેવળજ્ઞાન સિવાય કોણ આ જાણે? આહાહા..!

---

आगे कहते हैं कि हे आत्मन्! तूने इस दीर्घसंसारमें पूर्वोक्त प्रकार सम्यग्दर्शनादि रत्नत्रयकी प्राप्ति बिना भ्रमण किया, इसलिये अब रत्नत्रय धारण करः-

**रयणत्तये अलब्धे एवं भमिओ सि दीहसंसारे।**
**इय जिणवरेहिं भणियं तं रयणत्तय समायरह।।३०।।**

रत्नत्रयें अलब्धे एवं भ्रमितोऽसि दीर्घसंसारे।
इति जिनवरैर्भणितं तत् रत्नत्रयं समाचर।।३०।।

વણ રત્નત્રયપ્રાપ્તિ તું એ રીત દીર્ઘ સંસારે ભમ્યો,
- ભાખ્યું જિનોએ આમ; તેથી રત્નત્રયને આચરો. ૩૦.

अर्थ :- हे जीव! तूने सम्यग्दर्शन - ज्ञान - चारित्ररूप रत्नत्रयको नहीं पाया, इसलिये इस दीर्घकालसे - अनादि संसारमें पहिले कहे अनुसार भ्रमण किया, इसप्रकार जानकर अब तू उस रत्नत्रयका आचरण कर, इसप्रकार जिनेश्वरदेवने कहा है।

भावार्थ :- निश्चय रत्नत्रय पाये बिना यह जीव मिथ्यात्वके उदयसे संसारमें भ्रमण करता है, इसलिये रत्नत्रयके आचरणका उपदेश है।।३०।।

## ગાથા-૩૦ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ હે આત્મન્! તૂને ઈસ દીર્ઘસંસારમેં...'** દીર્ઘસંસાર. આહાહા..! ચોરાશીની અટવી અનંત-અનંત ભવનો સંસાર .. **'પૂર્વોક્ત પ્રકાર સમ્યગ્દર્શનાદિ રત્નત્રયકી પ્રાપ્તિ બિના ભ્રમણ કિયા, ઈસલિયે અબ રત્નત્રય ધારણ કર :-'** આહાહા..!

**रयणत्तये अलब्धे एवं भमिओ सि दीहसंसारे।**
**इय जिणवरेहिं भणियं तं रयणत्तय समायरह।।३०।।**

**અર્થ :- 'હે જીવ! તૂને સમ્યગ્દર્શન...'** આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્મરમણતા એ **'રત્નત્રયકો નહીં પાયા,...'** આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો વિશ્વાસ તને ન આવ્યો, ભાઈ! અનંતગુણનું નિધાન તેનું તેં જ્ઞાન ન કર્યું. પારકી બધી માંડી અને પોતાનું ઘર પડ્યું રહ્યું. પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન એની તને રમણતા ન થઈ. દર્શન નહિ, જ્ઞાન નહિ એટલે રમણતા ક્યાંથી હોય પછી? કરવા જેવું હોય તો એ હતું, એ તો તેં ન કર્યું. આહાહા..!

**'ઈસલિયે ઈસ દીર્ઘકાલસે - અનાદિ સંસારમેં પહિલે કહે અનુસાર ભ્રમણ કિયા,...'** ભવ, આ કીધા ને બધા ભવ? **'ઈસ પ્રકાર જાનકર અબ તૂ ઉસ રત્નત્રયકા આચરણ કર,...'** લ્યો, આ વાત કરી. આહાહા..! નિશ્ચયરત્નત્રયની વાત છે, હોં! વ્યવહારરત્નત્રય તો એવા ભાવ પણ અનંતવાર કર્યા. આહાહા..! અહીંયાં અર્થમાં પણ એવું લખ્યું છે. પણ આમાં ગોટા વાળ્યા. વ્યવહારરત્નત્રયના ભાવ એ તો શુભભાવ છે. એ તો અનંતવાર કર્યું છે. જે કહેવામાત્ર રત્નત્રય એવા તો વ્યવહાર અનંતવાર કર્યા. 'નિયમસાર'માં આવે છે. આહાહા..! આ તો આત્મા અખંડ પ્રભુ પૂર્ણ આનંદ, એની રુચિનું પરિણમન જે નિશ્ચય સમ્યગ્દર્શન એ કર્યું નથી. એ કહે છે. આ ભાવ્યું નથી એને ભાવ. આહાહા..!

**'ઉસ રત્નત્રયકા આચરણ કર,...'** એ પણ આચરણ છે. ઠીક! **'रयणत्तय समायरह'** છે ને? **'समायरह'** આહાહા..! પરમાત્મા અનંત ગુણનો નાથ પ્રભુ પોતે અનંત શાંતિથી બિરાજમાન બાદશાહ છે. આ એનું સમ્યગ્દર્શનનું આચરણ કર એમ કહે છે. એ આચરણ નથી? બહારના આચરણો એ તો જડના છે. રાગની ક્રિયાના આચરણ એ તો વિભાવના છે. આહાહા..! આકરું જગતને બહુ. બાહ્ય નગ્નપણા અનંતવાર લીધા અને પંચમહાવ્રતના ભાવ પણ અનંતવાર લીધા. એ કોઈ ચીજ નવી નથી.

પૂર્ણ અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ, દળ છે, આનંદનું દળ છે એ ચૈતન્યનો એકલો કંદ છે. એનું સમ્યગ્દર્શન, એની અંતરની રુચિ અને દૃષ્ટિનું થવું એ આચરણ કર. આહા..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' જગતને કરુણા કરીને કહે છે, ભાઈ! તું આ કરને. આહાહા..! એ વનમાં ચાલી નીકળ્યા રાજકુમારો. જેને આહાર વખતે સીધી ઊની રોટલી તવામાંથી

પાધરી પડતી જેના ભાણામાં. અને એને ખાવા-પીવાની સામગ્રીનો તો પાર ન હોય. ચક્રવર્તી લ્યો ને ચક્રવર્તી. આહા..! જેના બત્રીસ કવળનો એક કવળ છન્નું કરોડ (પાયદળ) પચાવી ન શકે. આહાહા..! એવી ભસ્મોથી બનાવેલું અનાજ હોય. હીરા, માણેક, મોતીની ભસ્મો. આહાહા..! ઘીમાં હીરાથી તળે અને એવી ઔષધિ એમાં નાખે કે હીરો એમાં ગળી જાય. એ ઘીમાં તળેલા ઘઉં, એના લોટની કરેલી રોટલી. આહાહા..! અને તાજી તાજી ઊની જે (ખાતા), એ ચક્રવર્તી ચાલી નીકળ્યા. આહાહા..! આ સ્વનું આચરણ કરવા ચાલી નીકળ્યા. આહાહા..!

'**रयणत्तय समायरह**' આહાહા..! '**जिणवरेहिं भणियं**' ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, સો ઈન્દ્રોના પૂજનિકનો પોકાર આ છે. શરીરની જરી અનુકૂળતા દેખે ત્યાં આખો અરખાઈ ગયો, મરી ગયો. આહાહા..! જાણે શું કરું આ શરીરનું. આહાહા..! મહાણની રાખ થઈ ઊડી જશે, ભાઈ! ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ છે એનું આચરણ કરને. આહાહા..! એ.. આ ઘડી પળ ચાલ્યા જાય છે. આવા પળ ને ઘડીઓ ફરીને મળવી મુશ્કેલ છે. 'સમય વર્તે સાવધાન' નથી કહેતા તમારે? લગન કરે ત્યારે લગનને વખતે બોલે. છે ને તમારે ત્યાં લખ્યું હોય ને? ટાઈમ થઈ ગયો. લાવો કન્યાને. સમય વર્તે સાવધાન. ધૂળમાં પણ નથી કાંઈ. ... આહાહા..! .. ગરવા જાય તો નીચે સર્પ કરડ્યો અને ત્યાં ને ત્યાં મરી જાય. આ થયા છે ને. એવા અનંતવાર થાય છે. અનંતવાર થયા છે. આહાહા..! હોશું હરખમાં હેઠે પગ ને હાથમાં ... નીચે મોટો નાગ આવ્યો તો ફટ કરડ્યો. આમ ઘડીકમાં... શું થયું? ઊડી ગયું શરીર. આહાહા..! જિનેશ્વરદેવ કહે છે કે તેં આવા સંસારમાં આવા ભવ કર્યા, પ્રભુ! આહાહા..! હવે તો આ રત્નત્રયનું આચરણ કર એમ કહે છે. એમ જિનેશ્વરદેવે કહ્યું છે. આહાહા..!

**ભાવાર્થ :- 'નિશ્ચય રત્નત્રય પાયે બિના...'** જોયું! ખુલાસો કર્યો છે. '**યહ જીવ મિથ્યાત્વકે ઉદયસે સંસારમેં ભ્રમણ કરતા હૈ, ઈસલિયે રત્નત્રયકે આચરણકા ઉપદેશ હૈ.**' આ રત્નત્રય આ નિશ્ચય, હોં! વ્યવહારની અહીં વાત નથી. આહાહા..! '**जिणवरेहिं भणियं रयणत्तय समायरह**' '**ઈસલિયે રત્નત્રયકે આચરણકા ઉપદેશ હૈ.**' જોયું! ... આહાહા..! પૂર્ણ અનાકુળ શાંતરસનો કંદ-દળ પ્રભુ ચૈતન્ય. આહાહા..! એની સન્મુખની દૃષ્ટિ, એના સન્મુખનું જ્ઞાન, એની સન્મુખમાં રમણતા-આવા '**रयणत्तय**'ને આચર ને. આચરણમાં આ લેને, એમ કહે છે. બીજા આચરણ તો કર્યા અનંતવાર.

નાની ઉંમરમાં 'બાળપણ ખેલમાં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા.' યુવાન શરીર લઠ જેવું. સ્ત્રી જરી સુંદર અને રૂપાળી હોય. થઈ રહ્યું. મરી ગયો એમાં. 'ઘડપણ દેખ કે રોયા.' ઘડપણ આવે ત્યારે હાય.. હાય.. બેસાતું નથી. ઓશિકા વિના બેસાતું નથી, શરીરમાં આમ થાય છે. પગ ધ્રુજે છે, પગમાં દુઃખ થાય છે, ખાલી ચડી જાય છે,

ચલાતું નથી. ચાલે ત્યાં રાડ નખાય છે અંદર. આવામાં મંડ્યો અનાદિથી. પણ પ્રભુ! તારી ચીજ નિધાન છે ત્યાં તું આવ્યો નહિ. આહાહા..! તારી સંપદાની સંભાળ કરવા તો આવ હવે. '**ઈસલિયે રત્નત્રયકે આચરણકા ઉપદેશ હૈ.**' લ્યો!

---

आगे शिष्य पूछता है कि वह रत्नत्रय कैसा है? उसका समाधान करते हैं कि रत्नत्रय इसप्रकार हैः-

**अप्पा अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ फुडु जीवो।**
**जाणइ तं सण्णाणं चरदिहं चारित्त मग्गो त्ति।।३१।।**

आत्मा आत्मनि रतः सम्यग्दृष्टिः भवति स्फुटं जीवः।
जानाति तत् संज्ञानं चरतीह चारित्रं मार्ग इति।।३१।।

निज આત્મમાં રત જીવ જે તે પ્રગટ સમ્યગ્દષ્ટિ છે,
તદ્બોધ છે સુજ્ઞાન, ત્યાં ચરવું ચરણ છે;-માર્ગ એ. ૩૧.

अर्थ :- जो आत्मा आत्मामें रत होकर यथार्थरूपका अनुभव कर तद्रूप होकर श्रद्धान करे वह प्रगट सम्यग्दृष्टि होता है, उस आत्माको जानना सम्यग्ज्ञान है, उस आत्मामें आचरण करके रागद्वेषरूप न परिणमना सम्यक्चारित्र है। इसप्रकार यह निश्चयरत्नत्रय है, मोक्षमार्ग है।

भावार्थ :- आत्माका श्रद्धान-ज्ञान-आचरण निश्चयरत्नत्रय है और बाह्यमें इसका व्यवहार - जीव अजीवादि तत्त्वोंका श्रद्धान, तथा जानना और परद्रव्य परभावका त्याग करना इसप्रकार निश्चय - व्यवहारस्वरूप रत्नत्रय मोक्षका मार्ग है। वहां निश्चय तो प्रधान है, इसके बिना व्यवहार संसारस्वरूप ही है। *व्यवहार है वह निश्चयका साधनस्वरूप है, इसके बिना निश्चय की प्राप्ति नहीं है और निश्चयकी प्राप्ति हो जानेके बाद व्यवहार कुछ नहीं है इसप्रकार जानना चाहिये।।३१।।

---

## ગાથા-૩૧ ઉપર પ્રવચન

'**આગે શિષ્ય પૂછતા હૈ કિ વહ રત્નત્રય કૈસા હૈ? ઉસકા સમાધાન કરતે હૈં કિ રત્નત્રય ઈસપ્રકાર હૈ :-**' અહીંયાં તો રત્નત્રય આચરણ કર્યું ને? પણ રત્નત્રય એ ચીજ શું છે? આહાહા..!

---

नोंध -* यहाँ ऐसा नहीं समझना कि प्रथम व्यवहार हो और पश्चात् निश्चय हो - किन्तु भूमिकानुसार प्रारम्भसे ही निश्चय-व्यवहार साथमें होता है। निमित्तके बिना अर्थ शास्त्रमें जो कहा है उससे विरुद्ध निमित्त नहीं होता ऐसा समझना।

**अप्पा अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ फुडु जीवो।**
**जाणइ तं सण्णाणं चरदिहं चारित्त मग्गो त्ति।।३१।।**

**અર્થ :- 'જો આત્મા આત્મામેં રત હોકર...'** ભગવાનઆત્મા જે અનાદિથી રાગમાં રત છે એ તો મિથ્યાત્વભાવ છે. રાગમાં રંગાયેલા જીવને જોઈને એમાં લીન થાય એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! **'આત્મા આત્મામેં રત હોકર...'** આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગસ્વરૂપ (છે) એવા આત્મામાં, નિર્મળ સ્વભાવમાં રત થા. આહાહા..! જુઓ! આ સમ્યગ્દર્શન-જ્ઞાનની વ્યાખ્યા કરી. કોઈ વળી એમ કહે કે એમાં રત્નત્રય આચરણ વ્યવહાર કહ્યો હશે તો? એ વ્યવહાર તો અનંતવાર કર્યો એની આ વાત છે નહિ. આહાહા..! **'अप्पा अप्पम्मि रओ' 'યથાર્થ(સ્વ)રૂપકા અનુભવ કર...'** ભગવાન પૂર્ણ ગુણનો નાથ, એનો પ્રેમ કરીને એમાં લીન થા. તારી વ્હાલી ચીજ તો એ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કાલે આવ્યું હતું, નહિ? વિદ્યમાન. ભાવમાં વિદ્યમાન અવસ્થારૂપ. આહાહા..! પ્રભુ! તારા ગુણ તને વ્હાલા લાગ્યા. એ વ્હાલાના વિયોગ ને વિરહ તને નહિ રહે હવે. આહાહા..! એની વિદ્યમાન અવસ્થા આનંદની કાયમ થયા જ કરશે તને. આહાહા..! ભાવ નામનો ગુણ છે ને? એ ગુણનો ધરનાર ગુણી પ્રભુ છે ને? એવા આત્મા પ્રત્યેના પ્રેમ અને વ્હાલપ જો તેં કરી... આહાહા..! ભગવાન! તને એ વ્હાલપના વિરહ નહિ રહે. અનાદિકાળના તેં એના વિરહ સેવ્યા. એની વ્હાલપને વ્હાલપ તરીકે જાણી નહિ.

ભાવશક્તિ. ભાવશક્તિ આવ્યું હતું ને? એને લઈને નિર્મળ અવસ્થા વિદ્યમાન-વિદ્યમાન હોય જ. આહાહા..! જેણે આવો આત્મા ભાવસંપન્ન શક્તિવાળો અનંત, એને જેણે લીન કરીને સેવ્યો... આહાહા..! એને એની આનંદની દશાની અવસ્થા કદી મટે એવી નથી. આહાહા..! એની આનંદ અને શાંતિની અવસ્થા ભાવની, વિદ્યમાન પર્યાયમાં કાયમ થયા કરશે. આહાહા..! એ જિનેશ્વરદેવે કહેલો આત્મા આવો છે. એવો આત્મા બીજે ક્યાંય થયો નથી, જાણ્યો નથી. આહાહા..!

જેની વ્હાલપું કરી એ વ્હાલાની નિર્મળ દશા, એનો વિરહ અને દુઃખ તને નહિ રહે હવે. આહાહા..! એની સેવા કરને, કહે છે. એક રાજાની સેવા કરે તો કાંઈક આપે. .. ખુશી થાય. આ તો ભગવાન ત્રણલોકનો નાથ, એની સેવા કરતાં તને શું નહિ મળે? આહાહા..! વાત એવી છે. આ અંતરની વાતું બહારથી કાંઈ દેખાય નહિ, મળે નહિ. હવે એને આવા નિરાલંબ તત્ત્વની વાતું (કરવી) આહાહા..! ભગવાન! પણ આ જ કર્યે છૂટકો છે, હોં! એય..! '...ભાઈ'! છૂટી વસ્તુને દૃષ્ટિમાં, અનુભવમાં લીધા વિના તારા છૂટકારા થાય એવા નથી, ભાઈ! જુઓ! આહાહા..!

'**યથાર્થસ્વરૂપકા અનુભવ કર...**' એ પૂર્ણ ગુણનો નાથ, એનો અનુભવ કર, એને અનુસરીને અનુભવ કર. રાગ અને પુણ્યના પરિણામને અનુસરીને એવા તો અનંતવાર વેદયા. એ બધા દુઃખના દરિયામાં ડૂબકી મારી. હવે આ આનંદનો નાથ સરોવર એમાં તો ડૂબકી માર એકવાર. આહાહા..! ભાઈ! તને આનંદ આવશે એમાં. ઓલામાં આવે છે ને? પછી બીજાને નહિ પૂછવું પડે. નિર્જરા. એ ૨૦૬માં છે. ૨૦૬માં. તૃપ્ત થા... તૃપ્ત થા. આહાહા..! એ તૃપ્તિ ત્યાં થશે. બહારના વિષય ને ભોગ ને ધૂળમાં ક્યાંય તૃપ્તિ નહિ થાય. આહાહા..! વિષય સેવી લઈએ પછી તૃપ્તિ થશે. બાપુ! ત્યાં ક્યાં તૃપ્તો હતો. આહાહા..! તૃપ્તિ થયેલું નાથ તો પ્રભુ તારું સ્વરૂપ છે. એનો અનુભવ કર.

'**તદ્રૂપ હોકર શ્રદ્ધાન કરે...**' ભાષા જોઈ! ભગવાનઆત્મા જેવો છે તેવી અંતર દૃષ્ટિ કરી, તદ્રૂપ થઈ અને શ્રદ્ધા કર. આહાહા..! સમજાણું કાંઈ? આ માર્ગને સાંભળનારા જ થોડા હોય, હોં! આહાહા..! 'વિરલા જાણે તત્ત્વને વિરલા સાંભળે કોઈ...' નથી આવતું? સ્વામી કાર્તક. 'વિરલા શ્રદ્ધે કોઈ વિરલા ધારે કોઈ.' આહાહા..! બહારમાં એનો કાંઈ દેખાવ ન થાય, બહારનું પુણ્ય ન હોય એટલે લોકો કહે, આ શું? અહીં તો વીતરાગ પરમેશ્વરની વાતું, 'કુંદકુંદાચાર્ય' કહે છે, ભગવાન આમ કહે છે, ભાઈ! .. ના પાડે? '**जिणवरेहिं भणिय**' જિનવરદેવ કહે છે, ભાઈ! હવે રત્નત્રયને આચરને. આહાહા..!

'**વહ પ્રગટ સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ,...**' આહાહા..! ચૈતન્ય પરમાત્મા પોતે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, પૂર્ણ શાંતસ્વરૂપ, પૂર્ણ સ્વચ્છસ્વરૂપ, પૂર્ણ પ્રભુત્વસ્વરૂપ, એમાં તદ્રૂપ થતાં તને સમ્યગ્દર્શન થશે. આ કરવા જેવું છે એવી હા તો પાડ. ડૉક્ટર ગયા? આહાહા..! માણસને એવું લાગે.. આમ કરો, આ વ્રત કરો, તપ કરો. આ કરો. એ તો બાપુ! રાગ છે. અનંતવાર કર્યા. જન્મના, મરણના આરા મટે એ તો આ એક ચીજ છે આત્મા. આહાહા..! જુઓ! છે ને?

'**अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ फुडु**' એમ છે ને પાઠ? '**अप्पा अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ फुडु जीवो।**' જીવ પ્રગટ છે. આહાહા..! આ બધા દુઃખનું વર્ણન કર્યું. હજી પણ કેટલુંક કરશે. પણ એનો કહેવાનો આશય એમાં તો (એ છે કે) આ આત્મામાં એકાગ્ર થા. એ માટે આ બધું કહીએ છીએ. સમજાણું? એનો સાર શું? આહાહા..! જગતને ભૂલી જા અને ભગવાનમાં ભળી જા. આહાહા..! રાગાદિ, ભગવાન એ બધું તો જગત છે. વિકલ્પ પુણ્ય, દયા, દાન, વ્રતાદિ એ બધું જગત છે. જગતને ભૂલી જા. આહાહા..! અને ભગવાનમાં ભળી જા. ગમે તે શરીરમાં હો એ એને કારણે હો. બહારના સંયોગો પ્રતિકૂળ હો, અનુકૂળ હો. દુનિયા પ્રશંસે, નિંદે, એની સાથે તને શું કામ છે? પરના સંબંધ વિનાની ચીજ અને સ્વભાવના સંબંધવાળી ચીજ... આહાહા..!

એમાં ભળ, જા. એમ કીધું ને? એકાગ્ર-તદ્રૂપ થા. આહાહા..! તદ્રૂપ થા. એ રાગરૂપ છે એ તદ્રૂપ થા. એ તારું સ્વરૂપ છે. આહાહા..!

આ ઓલા રોજાના દિવસો હોય છે ને? રોજાના નહિ? લોટીયા વોરા રોવે બહુ એની બાયું. 'રાણપુર'માં અપાસરો જોડે છે ને? મેં કીધું કે રોવે છે કેમ? લોટીયાની સામે છે. સામે છે ને? એ એના .. અંદર વાંચે તો રોવે. ત્યાં તો સામેના ઘર.. ઓલી કોર બેઠા હતા .. બારણા બંધ કરી દીધા. વિરહમાં રોવે. રોજાના દિવસ.

અહીં કહે છે કે પ્રભુ! તેં આંસુ ન નાખ્યા દુઃખના. અરેરે..! મેં આવા દુઃખ સહન કર્યા. હવે મારે નથી જોતા. મારો ભગવાન ભૂલીને હું બહારમાં રખડ્યો. બહિરાત્મા-બહારચલો. એ ભગવાન પણ દે એવું નથી અને કોઈ ગુરુ પણ આપે એવું નથી, એમ કહે છે. તારો ભગવાન તારી પાસે પડ્યો છે ને નાથ. એની રક્ષા કરને, ભાઈ! આહાહા..! '**सम्माइट्ठी हवेइ**' પ્રગટ. આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન, હોં! એ. વ્યવહાર સમ્યગ્દર્શન એ સમ્યગ્દર્શન જ ક્યાં છે, બાપુ! નહિ. બે નયનું કથન છે. બેય નય સાચા છે. સાચા છે એટલે એ છે એ પણે સાચા. પણ સમ્યગ્દર્શન વ્યવહાર એ સાચું છે? આહાહા..!

જુઓને! કેટલી બધી વાત (કરી છે)! '**अप्पा अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ फुडु जीवो। जाणइ तं सण्णाणं**' '**उस आत्माको जानना सम्यग्ज्ञान है,...**' ભાષા દેખો! જે ભગવાન પૂર્ણાનંદ જ્ઞાનસ્વરૂપી વસ્તુ, એનું જ્ઞાન તેને જ્ઞાન કહીએ. જ્ઞાની એવો આત્મા એનું જ્ઞાન. સંયોગ ને રાગ ને એના જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? '**उस आत्माको जानना...**' '**तं**' છે ને? '**जाणइ तं सण्णाणं**' ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, ભાઈ! તને તારા ભરોસે તને દેખાતો નથી. ભરોસા બીજે ઢળી ગયા છે. આહાહા..! એવો જે ભગવાન ચૈતન્યમૂર્તિ, એનું જ્ઞાન. એમ કીધું ને? '**उस आत्माको जानना...**' '**तं सण्णाणं**' તે જ્ઞાન. આ નિશ્ચયરત્નત્રયની વ્યાખ્યા કરે છે.

'**उस आत्मामें आचरण करके...**' '**चरदिहं चारित्त मग्गो त्ति**' એ આત્મામાં ચરવું અંદર. આનંદનો નાથ પરમાત્મા પોતે તેમાં ઠરવું, રમવું, જમવું. એવી ચીજમાં જામી જાવું. આહાહા..! '**उस आत्मामें आचरण करके रागद्वेषरूप न परिणमना सम्यक्चारित्र है.**' પાંચ મહાવ્રતના ભાવ ને બાપુ! એ તો રાગ છે, ભાઈ! એ ચારિત્ર નથી. પણ માણસને એવું લાગે, નિશ્ચય અને વ્યવહાર બેય લાભદાયક છે. લાભદાયક શું, જ્ઞાન કરવા માટે છે. એ ક્યાં લખ્યું છે? ઓલામાં. ('સમયસાર')બારમી ગાથામાં આવ્યું. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..! અને પછી આમ જોયું, '..' જવાબ આપ્યો હતો. વ્યવહારને વચ્ચે જાણવા માટે કહ્યો. છે એમ જાણ. એવું ક્યાં લખ્યું છે? આહાહા..! નિમિત્ત છે અને વ્યવહાર છે તે જાણવા માટે એનું જ્ઞાન કરાવ્યું. પણ તું સ્વપરપ્રકાશક

ચૈતન્ય છો અને સ્વને પ્રકાશે એ તો નિશ્ચય પણ વ્યવહારને જાણે એ વ્યવહાર. એને જાણે. એનું નામ સ્વપરપ્રકાશકનું જ્ઞાન અને એનું નામ પરને જાણે એમ જણાવવા માટે વાત કરી છે. એમાં એ રાગ ક્યાં છે?

**'રાગદ્વેષરૂપ ન પરિણમના...'** ન પરિણમવું, ન થવું. અહીં તો એ વાત છે ને? પુણ્ય અને પાપના ભાવરૂપે, વ્રતના ભાવરૂપે તો ન થવું, એ **'सम्यक्‌चारित्र है.'** **'चारित्त मग्गो त्ति'** ચારિત્ર માર્ગ છે. ચારિત્ર માર્ગ છે. આહાહા..! માર્ગ છે. આહાહા..! બહારથી સમેટીને અંદરમાં સમા, એમ કહે છે. આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચયની વાતું. ભગવાન નિશ્ચય એટલે સાચું, સત્યસ્વરૂપી છે. એવો ચૈતન્યઘન ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, પૂર્ણ બળસ્વરૂપ, પૂર્ણ પ્રભુતાસ્વરૂપ એ પ્રભુતામાં એકાગ્ર થવું એ ચારિત્ર છે. આહાહા..! ત્યારે ઓલા કહે કે પણ એના કાંઈક સાધન હશે કે નહિ? 'અગાસ' માં મારવાડી રાત્રે આવ્યો. વ્યાખ્યાન સાંભળ્યું. અમે લોકો આ ભક્તિ કરીએ એ બધા સાધન. 'અગાસ' ગયા હતા ને એક ફેરી, 'અગાસ'. ... સાંભળવા, બધા બેઠેલા. એક મારવાડી રાત્રે આવ્યો. વાત બરાબર છે પણ એનું કાંઈ સાધન હશે કે નહિ? કહો, આ વાંધા હતા. તારું સ્વરૂપ સાધવું એ જ સાધન છે. આહાહા..! પ્રજ્ઞા વડે એકાગ્ર થવું, આનંદ વડે એકાગ્ર થવું એ જ એનું સાધન છે. આ ભક્તિ કરીએ છીએ, પૂજા કરીએ છીએ એ સાધન હોય. એ સાધન જ ક્યાં છે? આવે, હોય જુદી વાત છે. પણ એ કોઈ અંતરમાં જવાની એકાગ્રતાના મદદગાર છે, એમ નથી. આ ભક્તિવાળાના આ બધા વાંધા. 'શિવલાલભાઈ'!

મુમુક્ષુ :- સાધક અને બાધક ...

ઉત્તર :- બાધક જ છે. આહાહા..!

ભગવાન પોતે અહીં તો કહે છે કે તું તારી શ્રદ્ધા-જ્ઞાન અને તારામાં રમણતા કર. અમારી સામું જોવું રહેવા દે, એ તો એમ કહે છે. 'સ્વરૂપચંદભાઈ'! આહાહા..! ભાઈ! તને તારા સામું જોવાનું કહીએ અને તને ગોઠે નહિ? અહીં કાંઈક બહાર સામુ જોવે તો ઠીક પડે આ શી વાત તારી આ? બધાનો દિ' ફર્યો. આહાહા..! તને અંતરમાં જવાનું જ્યારે કહીએ ત્યારે તને રુચે નહિ અને એના સાધન તરીકે બહારમાં જાય એ એના સાધન. બાપુ! તને .. વસ્તુમાં વાસ કરવો તેનું લક્ષ કર્યું નથી. વાદવિવાદે નહિ પાર પડે, બાપા! આ સાધન કહ્યા છે, વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય. 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે. 'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું છે ને. એક ફેરી ક્યાંક નાખ્યું હતું. આહાહા..! ઓલા કહે, નહિ. આમ છે. એનો અર્થ આમ છે, ભૂલ છે ને એમ ...

**'ઈસપ્રકાર યહ નિશ્ચયરત્નત્રય હૈ, મોક્ષમાર્ગ હૈ.'** લ્યો! બહુ સારી વાત છે.

**ભાવાર્થ :- 'આત્માકા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ...'** આત્માનું શ્રદ્ધાન, આત્માનું જ્ઞાન,

આત્માનું આચરણ, એ '**નિશ્ચયરત્નત્રય હૈ ઔર બાહ્યમેં ઈસકા વ્યવહાર-જીવ અજીવાદિ તત્ત્વોંકા શ્રદ્ધાન,...**' ઠીક! બાહ્ય મેં. '**તથા જાનના ઔર પરદ્રવ્ય પરભાવકા ત્યાગ કરના ઈસપ્રકાર નિશ્ચય-વ્યવહારસ્વરૂપ રત્નત્રય મોક્ષકા માર્ગ હૈ. વહાં નિશ્ચય તો પ્રધાન હૈ,...**' મુખ્ય એ છે. '**ઈસકે બિના વ્યવહાર સંસારસ્વરૂપ હી હૈ.**' જુઓ! વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન એ બધો સંસારસ્વરૂપ છે. '**વ્યવહાર હૈ વહ નિશ્ચયકા સાધનસ્વરૂપ હૈ,...**' આ જોયું પાછું? '**યહાં ઐસા નહી સમજના કિ પ્રથમ વ્યવહાર હો ઔર પશ્ચાત્ નિશ્ચય હો - કિન્તુ ભૂમિકાનુસાર પ્રારંભસે હી નિશ્ચય-વ્યવહાર સાથમેં હોતા હૈ. નિમિત્તકે બિના અર્થ શાસ્ત્રમેં જો કહા હૈ ઉસસે વિરૂદ્ધ નિમિત્ત નહીં હોતા ઐસા સમજના.**' એ બતાવવા માટે કહ્યું છે. આવું એને નિમિત્ત હોય એ બતાવવા માટે (કહ્યું છે). એથી બીજું વિરૂદ્ધ નિમિત્ત હોય નહિ. એ માટે અમે વ્યવહાર કહ્યો છે, એમ કહે છે. આહાહા..!

નિશ્ચયદર્શન-જ્ઞાન-ચારિત્રમાં વ્યવહાર આવો હોય એ કેમ કહ્યું? કે એ વખતે એ જાતનો જ વ્યવહાર હોય, એવું જ એનું નિમિત્ત, એ જાતનું નિમિત્ત હોય એ જણાવવા એણે વ્યવહાર કહ્યો છે. આહાહા..! '**ઈસકે બિના નિશ્ચય કી પ્રાપ્તિ નહીં હૈ...**' પાછું નાખ્યું. 'ઔર નિશ્ચયકી પ્રાપ્તિ હો જાનેકે બાદ વ્યવહાર કુછ નહીં હૈ...' એટલે વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય છે એમ નથી.

મુમુક્ષુ :- એનો અર્થ વ્યવહારનો અભાવ થયો.

ઉત્તર :- અભાવ કરે છે. .. ભાષા આવે છે. 'વ્યવહાર એ નિશ્ચયને સાધનસ્વરૂપ' આવે ને શાસત્રમાં? વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. એ તો ત્યાં હોય છે એને એ જાતનું સાધન કહેવામાં આવે. આરોપથી કહેવામાં આવે છે. વાસ્તવિક તો એ સાધન-ફાધન છે જ નહિ. આહાહા..! આ એકાંત લાગે માણસને, હોં! વ્યવહાર મિથ્યાત્વ નથી. વ્યવહાર એ કંઈ મિથ્યાત્વ નથી. રાગની મંદતાએ એવો રાગભાવ (આવે) એને વ્યવહાર કહીએ. એને સાધન વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર એ સાધન છે નહિ. એ વ્યવહાર કાંઈ મિથ્યાત્વ નથી. મિથ્યાત્વ નથી. એ વ્યવહારને ધર્મ માનવો, પરમાર્થ ધર્મ માનવો એ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- મિથ્યાદર્શનની વાત છે?

ઉત્તર :- મિથ્યાદષ્ટિની અહીં ક્યાં વાત છે? અત્યારે તો નિશ્ચયવાળાનો વ્યવહાર એની વાત ચાલે છે.

'**નિશ્ચયકી પ્રાપ્તિ હો જાનેકે બાદ વ્યવહાર કુછ નહીં હૈ...**' પહેલો હોય છે એનું જ્ઞાન કરાવ્યું. થઈ ગયું પછી વ્યવહાર રહેતો નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे संसारमें इस जीवने जन्म-मरण किये हैं वे कुमरण किये, अब सुमरणका उपदेश करते हैं :-

**अण्णेकुमरणमरणं अणेयजम्मंतराइं मरिओ सि।**
**भावहि सुमरणमरणं जरमरणविणासणं जीव!।।३२।।**

अन्यस्मिन् कुमरणमरणं अनेकजन्मान्तरेषु मृतः असि।
भावय सुमरणमरणं जन्ममरणविनाशनं जीवः।।३२।।

હે જીવ! કુમરણમરણથી તું મર્યો અનેક ભવો વિષે;
તું ભાવ સુમરણમરણને જર-મરણના હરનારને. ૩૨.

अर्थ :- हे जीव! इस संसारमें अनेक जन्मान्तरोंमें अन्य कुमरण मरण जैसे होते हैं, वैसे तू मरा। अब तू जिस मरणका नाश हो जाय इसप्रकार सुमरण भा अर्थात् समाधिमरणकी भावना कर।

भावार्थ :- मरण संक्षेपसे अन्य शास्त्रोंमें सत्रह प्रकारके कहे हैं। वे इसप्रकार हैं - १ - आवीचिकामरण, २-तद्भवमरण, ३ - अवधिमरण, ४-आद्यान्तमरण, ५ - बालमरण, ६ - पंडितमरण, ७ - आसन्नमरण, ८ - बालपंडितमरण, ९ - सशल्यमरण, १० - पलायमरण, ११ - वशार्त्तमरण, १२ - विप्राणसमरण, १३ - गृध्रपृष्ठमरण, १४ - भक्तप्रत्याख्यानमरण, १५ - इंगिनीमरण, १६ - प्रायोपगमनमरण और १७ - केवलिमरण, इसप्रकार सतरह है।

इनका स्वरूप इसप्रकार है - आयुकर्मका उदय समय-समयमें घटता है वह समय-समय मरण है, यह आवीचिकामरण है ।।१।।

वर्तमान पर्यायका अभाव तद्भवमरण है ।।२।।

जैसा मरण वर्तमान पर्यायका हो वैसा ही अगली पर्यायका होगा वह अवधिमरण है। इसके दो भेद हैं - जैसा प्रकृति, स्थिति, अनुभाग वर्तमानका उदय आया वैसा ही अगलीका उदय आवे वह (१) सर्वावधिमरण है और एकदेश बंध-उदय हो तो (२) देशावधिमरण कहलाता है ।।३।।

वर्तमान पर्यायका स्थिति आदि जैसा उदय था वैसा अगलीका सर्वतो वा देशतो बंध-उदय न हो वह आद्यन्तमरण है ।।४।।

पाँचवाँ बालमरण है, यह पाँच प्रकारका है - १ अव्यक्तबाल, २ व्यवहारबाल, ३ ज्ञानबाल, ४ दर्शनबाल, ५ चारित्रबाल। जो धर्म, अर्थ, काम इन कामोंको न जाने, जिसका शरीर इनके आचरणके लिये समर्थ न हो वह 'अव्यक्तबाल' है। जो लोकके और शास्त्रके व्यवहारको न जाने तथा बालक अवस्था हो वह 'व्यवहारबाल'

है। वस्तुके यथार्थ ज्ञानरहित 'ज्ञानबाल' है। तत्त्वश्रद्धानरहित मिथ्यादृष्टि 'दर्शनबाल' है। चारित्ररहित प्राणी 'चारित्रबाल' है। इनका मरना सो बालमरण है। यहाँ प्रधानरूपसे दर्शनबालका ही ग्रहण है, क्योंकि सम्यग्दृष्टिको अन्य बालपना होते हुए भी दर्शनपंडितताके सद्भावसे पंडितमरणमें ही गिनते हैं। दर्शनबालका मरण संक्षेपसे दो प्रकारका कहा है - इच्छाप्रवृत्त और अनिच्छाप्रवृत्त। अग्निसे, धूमसे, शस्त्रसे, विषसे, जलसे, पर्वतके किनारे परसे गिरनेसे, अति शीत-उष्णकी बाधासे, बंधनसे, क्षुधा-तृषाके रोकनेसे, जीभ उखाड़नेसे और विरुद्ध आङार करनेसे बाल (अज्ञानी) इच्छापूर्वक मरे सो 'इच्छाप्रवृत्त' है तथा जीनेका इच्छुक हो और मर जावे सो 'अनिच्छाप्रवृत्त' है।।५।।

पंडितमरण चार प्रकारका है - १ - व्यवहार पंडित, २ - सम्यक्त्वपंडित, ३ - ज्ञानपंडित, ४ - चारित्रपंडित। लोकशास्त्रके व्यवहारमें प्रवीण हो वह 'व्यवहारपंडित' है। सम्यक्त्व सहित हो 'सम्यक्त्वपंडित' है। सम्यग्ज्ञान सहित हो 'ज्ञानपंडित' है। सम्यक्चारित्रसहित हो 'चारित्रपंडित' है। यहाँ दर्शन-ज्ञान-चारित्र सहित पंडितका ग्रहण है, क्योंकि व्यवहारपंडित मिथ्यादृष्टि बालमरणमें आ गया ।।६।।

मोक्षमार्गमें प्रवर्तनेवाला साधु संघसे छूटा उसको 'आसन्न' कहते हैं। इसमें पार्श्वस्थ, स्वच्छन्द, कुशील, संसक्त भी लेने; इसप्रकारके पंचप्रकार भ्रष्ट साधुओंका मरण 'आसन्नमरण' है।।७।।

सम्यग्दृष्टि श्रावकका मरण 'बालपंडितमरण' है।।८।।

सशल्यमरण दो प्रकारका है - मिथ्यादर्शन, माया, निदान ये तीन शल्य तो 'भावशल्य' हैं और पंच स्थावर तथा त्रसमें असैनी ये 'द्रव्यशल्य' सहित हैं, इसप्रकार 'सशल्यमरण' है।।९।।

जो प्रशस्तक्रियामें आलसी हो, व्रतादिकमें शक्तिको छिपावे, ध्यानादिकसे दूर भागे, इसप्रकारका मरण 'पलायमरण' है।।१०।।

वशार्त्तमरण चार प्रकारका है - वह आर्त्त - रौद्र ध्यानसहित मरण है, पाँच इन्द्रियोंके विषयोंमें रागद्वेष सहित मरण 'इन्द्रियवशार्त्तमरण' है साता-असाताकी वेदनासहित मरे 'वेदनावशार्त्तमरण' है। क्रोध, मान, माया, लोभ, कषायके वशसे मरे 'कषायवशार्त्तमरण' है। हास्य विनोद कषायके वशसे मरे 'नोकषायवशार्त्तमरण' है।।११।।

जो अपने व्रत क्रिया चारित्रमें उपसर्ग आवे वह सहा भी न जावे और भ्रष्ट होनेका भय आवे तब अशक्त होकर अन्न-पानीका त्यागकर मरे 'विप्राणसमरण' है।।१२।।

शस्त्र ग्रहण कर मरण हो 'गृध्रपृष्ठमरण' है।।१३।।

अनुक्रमसे अन्न-पानीका यथाविधि त्याग कर मरे 'भक्तप्रत्याख्यानमरण' है।।१४।।

संन्यास करे और अन्यसे वैयावृत्य करावे 'इंगिनीमरण' है।।१५।।

प्रायोपगमन संन्यास करे और किसीसे वैयावृत्य न करावे, तथा अपने आप भी न करे, प्रतिमायोग रहे 'प्रायोपगमनमरण' है।।१६।।

केवली मुक्तिप्राप्त हो 'केवलीमरण' है।।१७।।

इसप्रकार सत्रह प्रकार कहे। इनका संक्षेप इसप्रकार है - मरण पाँच प्रकारके हैं - १. पंडितपंडित, २. पंडित, ३. बालपंडित, ४. बाल, ५. बालबाल। जो दर्शन ज्ञान चारित्रके अतिशय सहित हो वह पंडितपंडित है और इनकी प्रकर्षता जिसके न हो वह पंडित है, सम्यग्दृष्टि श्रावक वह बालपंडित और पहिले चार प्रकारके पंडित कहे उनमेंसे एक भी भाव जिसके नहीं हो वह बाल है तथा जो सबसे न्यून हो वह बालबाल है। इनमें पंडितपंडितमरण, पंडितमरण और बालपंडितमरण ये तीन प्रशस्त सुमरण कहे हैं, अन्य रीति होवे वह कुमरण है। इसप्रकार जो सम्यग्दर्शन-ज्ञान-चारित्र एकदेश सहित मरे वह 'सुमरण' है, इस प्रकार सुमरण करनेका उपदेश है।।३२।।

## પ્રવચન નં. ૧૧૨, ગાથા-૩૨ થી ૩૪, શુક્રવાર, પોષ વદ ૧૧, તા.૧૮-૦૧-૭૪

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ૩૨મી ગાથા છે.

**'આગે સંસારમેં ઈસ જીવને જન્મ-મરણ કિયે હૈં વે કુમરણ કિયે, અબ સુમરણકા ઉપદેશ કરતે હૈં :-'**

**अण्णेकुमरणमरणं अणेयजम्मंतराइं मरिओ सि।**
**भावहि सुमरणमरणं जरमरणविणासणं जीव!।।३२।।**

**अर्थ :-** **'હે જીવ ઈસ સંસારમેં અનેક જન્માન્તરોંમે...'** અનેક ભવોમાં, જન્માંતરમાં અનેરા અનેરા જન્મમાં **'અન્ય કુમરણ મરણ જૈસે હોતે હૈં વૈસે તૂ મરા.'** અનેક વાર. **'અબ તૂ જિસ મરણસે જન્મ-મરણકા નાશ હો જાય...'** આહાહા..! જેમાંથી આત્મ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ સહિત મૃત્યુ હોય એ જન્મ-મરણના અંત લાવવાનું મૃત્યુ છે. આહાહા..! **'જિસ મરણ સે જન્મ-મરણકા નાશ હો જાય...'** સમ્યગ્દર્શન મરણ, સમ્યગ્જ્ઞાન મરણ, સમ્યક્ચારિત્ર મરણ, એનાથી જન્મ-મરણનો નાશ છે.

**'ઈસપ્રકાર સુમરણ ભા અર્થાત્ સમાધિમરણકી ભાવના કર.'** આત્માની શાંતિ. પુણ્ય-પાપના રાગને વશ થઈને દેહ છૂટે એ તો બધા કુમરણ છે. પોતાનો સ્વભાવ જે વીતરાગ ચૈતન્યજ્યોત, એનું ભાન અને પ્રતીત અને રમણતાથી દેહ છૂટે એ સુમરણ

છે, એ જન્મ-મરણના નાશનું એ મરણ છે. આહાહા..! એની વ્યાખ્યા કરશે. મરણના કેટલા પ્રકાર વર્ણવ્યા છે. જાણવા જેવી વાત છે. સત્તર નામ.. નામ (છે). હવે એનું સ્વરૂપ.

‘**ઈનકા સ્વરૂપ ઈસપ્રકાર હૈ – આયુકર્મકા ઉદય સમય-સમયમેં ઘટતા હૈ...**’ જે આયુષ્ય લઈને આવ્યો એ સમયે સમયે ઘટે છે. ‘**વહ સમય-સમય મરણ હૈ,...**’ એ સમયે-સમયે મૃત્યુ ... ‘**આબીચિ...**’ કલ્લોલ. પાણીના કલ્લોલ જેમ ઉઠે. એમ સમયે સમયે એના આયુષ્યના પરમાણુઓ છૂટી જાય છે. એને આબિચી મરણ કહેવાય. ‘**વર્તમાન પર્યાયિકા અભાવ તદ્ભવમરણ હૈ.**’ એ ભવનો અભાવ. એટલું. એ તદ્ભવમરણ. ‘**જૈસા મરણ વર્તમાન પર્યાયિકા હો વૈસા હી અગલી પર્યાયિકા હોગા વહ અવધિમરણ હૈ.**’ એ તો વસ્તુની સ્થિતિ બતાવે છે કે આવા જે ભાવે દેહ છૂટે એવા ને એ ભાવમાં ભવિષ્યમાં દેહ છૂટે એ અવધિમરણ. ‘**ઈસકે દો ભેદ હૈં – જૈસા પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ વર્તમાનકા ઉદય આયા...**’ કર્મની પ્રકૃતિ, .. રસ, વર્તમાનમેં આયા, માન, માયા ‘**વૈસા હી અગલીકા ઉદય આવે વહ (૧) સર્વાવધિમરણ હૈ ઔર એકદેશ બંધ-ઉદય હો તો (૨) દેશાવધિરણ કહલાતા હૈ.**’ એ વર્ણન કર્યું છે.

‘**વર્તમાન પર્યાયિકા સ્થિતિ આદિ જૈસા ઉદય થા વૈસા અગલીકા સર્વતો વા દેશતો...**’ ઓલામાં આવ્યું હતું ને સર્વાવધિદેશ? એમ આ સ્થિતિમરણ છે. ‘**દેશતો બંધ-ઉદય ન હો વહ આદ્યન્તરમરણ હૈ.**’ એ તો એક જાણવાની વાત છે. ‘**પાંચવાં બાલમરણ હૈ, યહ પાંચ પ્રકાર હૈ – ૧ અવ્યક્તબાલ, ૨ વ્યવહારબાલ, ૩ જ્ઞાનબાલ, ૪ દર્શનબાલ, ૫ ચારિત્રબાલ. જો ધર્મ, અર્થ, કામ ઈન કામોંકો ન જાને,...**’ ન જાણે પુણ્ય, ન જાણે લક્ષ્મી, ન જાણે ભોગ. ‘**જિસકા શરીર ઈનકે આચરણ કે લિયે સમર્થ ન હો...**’ પુણ્ય, લક્ષ્મી અને ભોગને માટે જેનું શરીર આચરવાને લાયક ન હોય એને અવ્યક્તબાલ બાળકમરણ (કહે છે). મરે છે ને બાળક બિચારા. પુણ્યની ખબર ન મળે, લક્ષ્મીની ખબર ન મળે. કામ-ભોગની ખબર ન મળે. એવા બાળક મરે. આહાહા..! એને અહીંયાં અવ્યક્તબાળ એટલે ભાન વિનાના.

‘**જો લોકકે ઔર શાસ્ત્રકે વ્યવહારકો ન જાને...**’ લોકનો વ્યવહાર અને શાસ્ત્રનું ... ‘**તથા બાલક અવસ્થા હો...**’ અને બાળકની અવસ્થા હો. ‘**એ વ્યવહારબાલ હૈ. વસ્તુકે યથાર્થ જ્ઞાનરહિત ‘જ્ઞાનબાલ’ હૈ.**’ તત્ત્વજ્ઞાનનું ભાન ન મળે એ બાળ, જ્ઞાનબાળ છે. ‘**તત્ત્વશ્રદ્ધાનરહિત મિથ્યાદૃષ્ટિ ‘દર્શનબાલ’ હૈ.**’ મિથ્યાદર્શન સહિત મરવું એ દર્શનબાળ. આહાહા..! ‘**ચારિત્રરહિત પ્રાણી ‘ચારિત્રબાલ’ હૈ.**’ દર્શન-જ્ઞાન હોય પણ ચારિત્ર ન હોય એ અપેક્ષાએ પણ ચારિત્રબાળ (કહેવાય છે). સમકિત હોવા છતાં. સમકિતની અપેક્ષાએ પંડિત છે. પણ ચારિત્ર ન હોય એ અપેક્ષા તે બાળ છે. આહા..! એવા

અનંતા અનંતા આત્મજ્ઞાન વિના, આત્મ અનુભવ વિના, આત્માના આચરણ વિના એવા અનંતા કુમરણ કર્યા. હવે તો છોડ ને, એમ કહે છે. એવું મરણ કર કે જેથી ભવિષ્યમાં ભવ ન રહે. દેહ તો છોડશે પણ તું એને-રાગને છોડ. આહાહા..! વીતરાગમૂર્તિ પ્રભુ ચૈતન્યનો-એનો આદર કર. એને જ્ઞાન પંડિતમરણ, સમકિત પંડિતમરણ કહે છે.

'**ઈનકા મરના સો બાલમરણ હૈ.**' છે ને? '**યહાં પ્રધાનરૂપસે દર્શનબાલકા હી ગ્રહણ હૈ,...**' મિથ્યાદષ્ટિ. આહાહા..! જેને આત્મા આનંદઘનની સાથે... રાગની એક્તાથી દેહ છૂટે એ બાળમરણ છે. ચાહે તો બાહ્યથી સંથારા કર્યા હોય. બે-બે મહિનાના. બહારની .. પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ જેને દષ્ટિમાં આવ્યો નથી અને એનાથી વિરૂદ્ધ રાગની એક્તા છૂટી નથી. એ બધા મરનારા બાળમરણ છે. આહાહા..!

'**ક્યોંકિ સમ્યગ્દષ્ટિકો અન્ય બાલપના હોતે હુએ ભી...**' આત્મદર્શન અનુભવ હોવા છતાં '**અન્ય બાલપના હોતે હુએ ભી દર્શનપંડિતતાકે સદ્ભાવસે પંડિતમરણમેં હી ગિનતે હૈં.**' કહે છે કે ચારિત્ર ન હોય. સમ્યગ્દર્શન એકલું હોય, ચારિત્ર ન હોય તો એ અપેક્ષાએ બાળ કહેવાય એને. પણ સમકિત સહિતને દર્શનપંડિત કહેવાય. એ ... ભાવે પંડિત મરણમાં ગણવામાં આવે છે. આહાહા..! 'શ્રેણિક' રાજા. આમ તો દેહ છોડ્યો હીરો ચૂસીને. એ અપેક્ષાએ તો બાળ છે. પણ સમ્યગ્દર્શન થાય છે એ અપેક્ષાએ એ પંડિત છે. આહાહા..! અને અજ્ઞાની આમ બે-બે મહિનાના સંથારા કરે અને શુભભાવ ને શુક્લલેશ્યા કરે, પણ જેને એ લેશ્યા વિનાનો ભગવાન દષ્ટિમાં આવ્યો નથી એના બધા મરણ બાળમરણ છે. આહાહા..! બધા ણમો અરિહંતાણં એમ કરતા દેહ છોડે. ભગવાનનું સ્મરણ કરતાં દેહ છોડે પણ છે બાળમરણ. કેમકે 'ઊ઼્ળરુઅપ્રગ઼ઉંડળજ્ઞ' સ્વભાવથી એકત્વ છે અને રાગથી પૃથક્ છે એનું અંતરમાં ભાન નથી એ બધા બાળમરણે મરનારા છે. સાધુ-દિગંબર હો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજે.' એ બાળમરણ હતું. આહાહા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એવા મુનિપણાના પંચમહાવ્રત લઈને દેહ છોડે એ પણ બાળમરણ છે. આહાહા..! જ્યાં આત્મદર્શન, આત્મજ્ઞાન નથી ત્યાં એ બધી ક્રિયાકાંડમાં દેહ છોડે એ બધા બાળમરણ છે.

'**દર્શનબાલકા મરણ સંક્ષેપસે દો પ્રકારકા કહા હૈ - ઈચ્છાપ્રવૃત્ત ઔર અનિચ્છાપ્રવૃત્ત.**' મિથ્યાદષ્ટિ. '**અગ્નિસે, ધૂમસે, શસ્ત્રસે, વિષસે, જલસે, પર્વતકે કિનારે પરસે ગિરનેસે,...**' પર્વત ઉપરથી પડવું. '**અતિ શીત-ઉષ્ણકી બાધાસે,...**' એવી ઠંડી હોય છે ને? ઓલા શું કહેવાય આ? સાંતી-સાંતી. સાંતીડા નથી કાઢતા? બહાર ખેતરમાં જાય ત્યારે. સાંતીએ બેઠો બેઠો એક ..ઠંડમાં મરી જાય આમ. અને તે પણ એટલી ઠંડી પડેલી કે દરવાજા સુધી આવ્યો. દરવાજો બંધ. ઓલામાં, હોં! સાંતીમાં. એવા

મરણ. ગામને ... આકરી ગરમીમાં મરે. .. અને 'ભાવનગર' વચ્ચે બહુ આકરો ગરમીનો વખત. એક સાધુ એમાં મરી ગયા. એવી ગરમી, પાણી સાથે નહિ અને ચલાય નહિ. .. એક ઠેકાણે બેસી ગયા. ... 'ભાવનગર' થી 'ચમારડી'. ... જાજા છે ત્યાં. ... 'ભાવનગર'થી.. (સંવત) ૨૦૧૭ની સાલ. 'ભાવનગર' ચોમાસુ.. .. એકલું ઝાડ નહિ, પાન નહિ, દરિયો આ બાજુ. ખારી જમીન અને તડકા. ગળું સુકાઈ ગયું. પાણી ન મળે... એ બાળમરણ છે.

'**શીત-ઉષ્ણકી બાધાસે,...**' શીત-ઉષ્ણની ક્રિયા. '**બંધનસે,...**' એવું કોઈ બંધન બાંધે. ગળે ફાંસો (ખાય) એમાં મુંઝાઈને મરે છે. '**ક્ષુધા-તૃષાકે રોકનેસે,...**' ક્ષુધા-તૃષા રોકવાથી દેહ છૂટી જાય. 'જીભ ઉખાડનેસે...' જીભ ખેંચે. '**ઔર વિરૂદ્ધ આહાર કરનેસે...**' ઝેર આદિ કે આહાર વિરૂદ્ધ હોય. આ દૂધપાક ... હોય ને એમાં પડ્યું હોય ને ઓલું, શું કહેવાય? ઝેર-ઝેર. દૂધપાક હોય અને એમાં .. આવીને ઝેર નાખી દે, કોઈને ખબર ન હોય. એ બધા બાળમરણ. આહાહા..! '(**અજ્ઞાની**) **ઈચ્છાપૂર્વક મરે...**' આવી રીતે ઈચ્છા કરીને મરે. સો '**ઈચ્છાપ્રવૃત્ત' હૈ તથા જીનેકા ઈચ્છુક...**' પણ એ મરી જાય એને અનિચ્છાપ્રવૃત્ત કહે. છે બેય બાળમરણ.

'**પંડિતમરણ ચાર પ્રકારકા હૈ - ૧ વ્યવહારપંડિત, ૨-સમ્યક્ત્વપંડિત, ૩ - જ્ઞાનપંડિત, ૪-ચારિત્રપંડિત. લોકશાસ્ત્રકે વ્યવહારમેં પ્રવીણ હો વહ 'વ્યવહારપંડિત' હૈ.**' દુનિયાના ડાહ્યા. 'ભગવાનજીભાઈ'! દુનિયાના ડાહ્યા મરે જ્યારે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ લૌકિક લાઈન. ... આ બધું બહારનું આવડે. મકાનનું આવડે, ઘોડાને પરખવાની આવડત ને ઢોરને પરખવાની આવડત ને.. હોય છે ને એવા ઘણા હોંશિયાર? અમારે 'દામોદરશેઠ' બહુ હોંશિયાર હતા. ઘોડાની પરખમાં... ... ઘોડા ઊભા હોય અને બજારમાં જોવે તો... એ હોય છે સંસારના ડાહ્યા હોય છે ને દરેક વાતે. 'ચીમનભાઈ'! આહાહા..!

'**લોકશાસ્ત્રકે વ્યવહારમેં પ્રવીણ...**' દુનિયાની જે કળાઓ બધી એમાં જાણનાર હોંશિયાર એ વ્યવહારપંડિત. પરમાર્થે અજ્ઞાની છે, મૂઢ છે. '**સમ્યક્ત્વ સહિત હો 'સમ્યક્ત્વપંડિત' હૈ.**' આ ખરો. જેને ભગવાનઆત્મા રાગના વિકલ્પથી ભિન્ન તત્ત્વ જ્યાં પ્રાપ્ત થયું છે એવા જીવને સમકિતમરણ હોય છે. આહાહા..! એ મરણ અનંતકાળમાં કોઈ દિ' કર્યું નથી. એ માટે આ કહે છે. મરણ તો આવશે જ. આહાહા..! સમ્યગ્દર્શન સહિત દેહ છૂટે એ સમ્યક્ત્વ પંડિતમરણ ગણવામાં આવે છે. '**સમ્યગ્જ્ઞાનસહિત હો 'જ્ઞાનપંડિત' હૈ.**' ઓલી દર્શનની પ્રધાનતાથી વાત હતી. આ જ્ઞાન-સમ્યગ્જ્ઞાન-સ્વસંવેદન. જ્ઞાનનું અંતર વેદનસહિત મરણ. આહાહા..! રાગ અને દ્વેષનું વેદન નહિ. આત્મા જ્ઞાનમૂર્તિ

પ્રભુ, એનું સ્વસંવેદન. એ દેહ છૂટે એને જ્ઞાન પંડિતમરણ કહેવામાં આવે છે. લોકનો વ્યવહારપંડિત છે, આ જ્ઞાનપંડિત છે. આહાહા..! સંસારમાં હોય છે ને એવા? પાંચમાં પૂછાય. ભાઈ શું કહે છે આને માટે? મકાન હોય કોઈ, ... કરે બધા. શું કહેવાય આને? ... હોય ને? ... છે. ... મૂઢ છે. આહાહા..!ભગવાન તારો આત્મા કોણ છે? ક્યાં છે? કેમ છે એને જાણ્યો, એનું જ્ઞાન પંડિતમરણ છે. બીજું ભલે ન આવડતું હોય એમ કહે છે. લૌકિકશાસ્ત્ર અને લૌકિકના જ્ઞાન ન હોય.

'**સમ્યક્ચારિત્રસહિત હો 'ચારિત્રપંડિત' હૈ.**' સમ્યગ્દર્શન સહિત સ્વરૂપની અંતર રમણતામાં મશગુલ (હોય), એ દેહ છૂટે એ ચારિત્રપંડિત છે. આહાહા..! '**યહાં દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત પંડિતકા ગ્રહણ હૈ,...**' બધામાં આ મરણને ગણવામાં આવ્યું છે. '**ક્યોંકિ વ્યવહાર-પંડિત મિથ્યાદૃષ્ટિ બાલમરણમેં આ ગયા.**' ઉપર આવ્યું હતું ને? '**લૌકશાસ્ત્રકે વ્યવહારમેં પ્રવીણ...**' એ તો બધા (બાળમરણમાં ગયા).

'**મોક્ષમાર્ગમેં પ્રવર્તનેવાલા સાધુ સંઘસે છૂટા ઉસકો 'આસન્ન' કહતે હૈં.**' .. સાધુ કહેવાય. આસન્ન .. કહ્યું. '**ઈસમેં પાશ્વર્વ,...**' પાર્શ્વતતા હોય. મુનિ પાસે રહે પણ ઠેકાણા વિનાની શ્રદ્ધા અને જ્ઞાન આદિ હોય. 'સ્વચ્છંદ,...' હોય. એ બધા બાળમરણ. '**કુશીલ,...**' હોય. કષાયના સેવન એકલા છે-કુશીલ. કષાયનું સેવન એ કુશીલ. કષાયરહિત ભગવાનઆત્માનું સેવન ન હોય. '**સંસ્કત ભી લેને;...**' આસક્ત હોય. મોટા રાજા કરોડોપતિ, અબજોપતિમાં પરિચય ધારણ કરતો હોય, એમાં અર્પાય ગયો હોય, એના માનમાં, એની મોટપમાં. એ બધા ભ્રષ્ટ સાધુ છે. આહાહા..! જેને પોતાના આનંદનું સ્વરૂપ સાધવું છે એમાં આવા રાજા મોટા અબજોપતિ (હોય) એમાં એ દબાઈ જાય. કહે છે કે એ સાધુ નહિ. એ સંસક્ત-ભ્રષ્ટ છે. આવ્યું ને? '**ઈસપ્રકારકે પંચપ્રકાર ભ્રષ્ટ સાધુઓંકા મરણ 'આસન્નમરણ' હૈ.**' '**સમ્યગ્દૃષ્ટિ શ્રાવકકા મરણ 'બાલપંડિતમરણ' હૈ.**' કારણ કે ચારિત્ર નથી એ અપેક્ષાએ બાળ, પણ સમ્યગ્દર્શન છે એ અપેક્ષાએ પંડિત. આહાહા..!

'**સશલ્યમરણ દો પ્રકારકા હૈ - મિથ્યાદર્શન, માયા નિદાન યે તીન શલ્ય તો 'ભાવશલ્ય' હૈં ઔર પંચ સ્થાવર તથા ત્રસમેં અસૈની યે 'દ્રવ્યશલ્ય'...**' કારણ કે એને તો કાંઈ છે નહિ ભાન, એમ કહે છે. '**પંચ સ્થાવર તથા ત્રસમેં અસૈની યે દ્રવ્યશલ્ય સહિત હૈ, ઈસપ્રકાર સશલ્યમરણ હૈ.**' અસંજ્ઞી, મન વિનાના પ્રાણી મરે એ બધા સશલ્યમરણ છે. દ્રવ્યસશલ્ય છે, ભાવશલ્ય તો પડ્યું જ છે.

'**જો પ્રશસ્તક્રિયામેં આલસી હો, વ્રતાદિકમેં શક્તિકો છિપાવે, ધ્યાનાદિકસે દૂર ભાગે,...**' અંતરના આનંદસ્વરૂપમાં ધ્યાન કરવું હોય, તો ઈ મારું કામ નહિ, એ મારું કામ નથી. મારું કામ તો આ બધા બહારના. આહાહા..! એ પલાયમરણ. સ્વરૂપથી

પલાયન થઈ ગયો. આહાહા..! પોતાનો ભગવાન શુદ્ધ આનંદનો નાથ ત્યાંથી પલાયન થઈ ગયો. રાગમાં રોકાઈ ગયો, એમ કહે છે. 'વશાર્ત્તમરણ ચાર પ્રકારકા હૈ - વહ આર્ત - રૌદ્ર ધ્યાનસહિત મરણ હૈ,...' લ્યો! આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સહિત દેહ છૂટે. 'પાંચ ઈન્દ્રિયોંકે વિષયોંમેં રાગ-દ્વેષ સહિત મરણ 'ઈન્દ્રિયવશાર્ત્તમરણ' હૈ.' ઈન્દ્રિયને વશ થઈને. આહાહા..! **'સાતા-અસાતાકી વેદનાસહિત મરે 'વેદનાવશાર્ત્તમરણ' હૈ.'** સાતાના અનુકૂળ સાતાનું (વેદન) હોય. આમ બરાબર ચા પીતા પીતા મરે. ક્યાંય દુઃખ નહિ ત્યાં દેહ છૂટે. એથી કોઈ એમ માને કે આ સમાધિમરણ છે. આહાહા..! ક્યાંય વળી મરતા વાર લાગી? જુઓને! આહાહા..! સંસારમાં નથી કહેવાતું? રાત્રે ડોસો એ રીતે મર્યો હોય .. સાંજનું વાળુ કર્યું ન હોય, બપોરનો આહાર કર્યો ન હોય, ટાણે એવી રીતે મર્યો કે.. શેઠિયાઓ! ડોસા જીવતા ગયા નહીં ને મરતા ગયા નહિ. એને તકલીફ ન આપી ને. આહાર-પાણી કર્યા પછી મરે એટલે પછી સાંજ પહેલા ... પહેલા નવરો થઈ જાય નાહીને પાછો. આહાહા..! કહે છે એવી વાતું, હોં! એક પાવડુ (થોડું) પાણી પણ માગ્યું નહિ, એમ કહે. અમારી પાસે કાંઈ સેવા પણ ન માગી. આંખ મિંચાઈ ગઈ. પણ એમાં શું થયું? આહાહા..! ઈન્દ્રિયવશાર્તમરણ એ તો. એમ સાતા-અસાતાને વશ થઈને મરે. મહા રોગને વશ ટળવળતો મરે અને એક સાતાની અનુકૂળતામાં મરે. એવી અનુકૂળતા કે જેને માથે સૂંઠ ચોપડવાની પણ જરૂર ન પડી હોય. એવી નીરોગતા. એમાં શું થયું પણ? આત્માની નીરોગતાને સંભારી નહિ અને બહારની નીરોગતા કાંઈ.. આહાહા..! કહે છે ને કે ભાઈ! આ એંશી વર્ષ થયા પણ કોઈ દિ' સૂંઠ ચોપડી નથી. માથાનો દુઃખાવો આવ્યો નથી. એમાં શું થયું પણ હવે?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન વગર ખાલી છે.

ઉત્તર :- એ બધા થોથે થોથા. અહીં વશ થઈને મર્યો, ભગવાનને વશ થઈને મર્યો નહિ. એવી સાતા એવી સાતા કે મરતા પણ એક જરી પાણીનું ટીપું આમ ગયું ત્યાં દેહ છૂટી ગયો. એથી શું? મરીને નરકે જાય ત્યાં. એવી સ્થિતિમાં મરીને સાતમી નરકે જાય. અસાતાનો ઉદય ન હોય તો શું થયું એમાં?

ધર્માત્મા મુનિને શિયાળીયા ખાતા હોય, કટકા કરતા હોય છતાં આનંદના મરણમાં દેહ છૂટી જાય છે એ પંડિતમરણ. આહાહા..! સાતા-અસાતાને વશ થયો નથી. આહાહા..! આરોગ્ય બોધિ લાભમ્. પોતાની નીરોગદશાના લાભમાં પડ્યો છે એ તો. આહાહા..! લ્યો, આ પૈસાની કમાણી આ. **'ક્રોધ, માન, માયા, લોભ કષાયકે વશસે મરે...'** એવો ક્રોધ થાય.. મરી જાય, દેહ છૂટી જાય. માનમાં-એવો માનમાં ચડે.. માનના રસમાં મરી જાય. માયાના રસમાં મરી જાય. કપટ, કુટીલતા. અને લોભના ઓલામાં મરે. એ કષાયવશાતમરણ. કુમરણ છે. આહાહા..!

'**હાસ્ય વિનોદ કષાયકે વશસે મરે...**' વિનોદ કરતાં કરતાં દેહ છૂટી જાય. કેટલાક એવા હોય ને કે દાત કાઢે અને વિનોદ કરે અને દેહ છૂટી જાય. કુમરણ છે, બાળમરણ છે. અનંત જન્મમરણમાં રખડશે એવું એ મરણ છે. એ '**નોકષાયવશાર્ત્તમરણ હૈ.**'

'**જો અપને વ્રત ક્રિયા ચારિત્રમેં ઉપસર્ગ આવે વહ સહા ભી ન જાવે ઔર ભ્રષ્ટ હોનેકા ભય આવે તબ અશક્ત હોકર અન્ન-પાનીકા ત્યાગકર મરે 'વિપ્રાણસમરણ' હૈ.**' જીરવ્યું જાય નહિ અને ભ્રષ્ટ થવાનો ભય થાય, અશક્ત હોય અને પછી પાણી ને આહાર છોડી દીધા હોય. આહાર-પાણી લેવાશે નહિ, મૂકી દે. એ તો પરાધીનમરણ છે. '**શસ્ત્ર ગ્રહણ કર મરણ હો...**' તરવારથી મરે, ..થી મરે. 'ગૃધ્રપૃષ્ઠમરણ હૈ.'

'અનુક્રમસે અન્ન-પાનીકા યથાવિધિ ત્યાગ કર મરે એ સમકિત મરણ. '**ભક્તપ્રત્યાખ્યાનમરણ' હૈ.**' ભક્ત આહાર અને પાણીનો ત્યાગ કરી અને આત્માની શાંતિથી દેહ છોડે. '**સંન્યાસ કરે ઔર અન્યસે વૈયાવૃત્ય કરાવે 'ઈંગિનીમરણ' હૈ.**' એ પંડિતમરણમાં જાય છે, હોં! આ. '**પ્રાયોપગમન સંન્યાસ કરે ઔર કિસીસે વૈયાવૃત્ય ન કરાવે, તથા અપને આપ ભી ન કરે, પ્રતિમાયોગ ધારણ કરીને રહે 'પ્રાયોપગમનમરણ' હૈ.**' ઝાડની ડાળી પડે એમ પડ્યા રહે, અંદર આનંદસ્વરૂપમાં. '**કેવલી મુક્તિપ્રાપ્ત હો 'કેવલીમરણ' હૈ.**' લ્યો! કેવળજ્ઞાની ભગવાનનો દેહ છૂટે એ કેવળીમરણ.

'**ઈસપ્રકાર સત્રહ પ્રકાર કહે. ઈનકા સંક્ષેપ ઈસપ્રકાર હૈ - મરણ પાંચ પ્રકારકે હૈં - ૧. પંડિત-પિંડિત, ૨ પંડિત, ૩ બાલપંડિત, ૪ બાલ, ૫ બાલબાલ. જો દર્શન જ્ઞાન ચારિત્રકે અતિશય સહિત હો...**' જેને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર સહિત હો એ તો પંડિતપંડિત છે. '**ઈનકી પ્રકર્ષતા જિસકે ન હો વહ પંડિત હૈ,...**' ચારિત્રાદિ ન હોય. '**સમ્યગ્દૃષ્ટિ શ્રાવક વહ બાલપંડિત ઔહ પહિલે ચાર પ્રકારકે પંડિત કહે ઉનમેંસે એક ભી ભાવ જિસકે નહીં હો વહ બાલ હૈ તથા જો સબસે ન્યૂન હો વહ બાલબાલ હૈ. ઈનમેં પંડિતપંડિતરણ, પંડિતમરણ ઔર બાલપંડિતમરણ યે તીન પ્રશસ્ત સુમરણ કહે હૈં, અન્ય રીતિ હોવે વહ કુમરણ હૈ. ઈસપ્રકાર જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એકદેશ સહિત મરે...**' એકદેશ અંશે પૂર્ણ થાય તો કેવળ થઈ જાય. '**વહ 'સુમરણ' હૈ; ઈસ પ્રકાર સુમરણ કરનેકા ઉપદેશ હૈ.**' લ્યો!

---

आगे यह जीव संसारमें भ्रमण करता है, उस भ्रमणके परावर्तनका स्वरूप मनमें धारणकर निरूपण करते हैं। प्रथम ही सामान्यरूपसे लोकके प्रदेशोंकी अपेक्षासे कहते हैं :-

**सो णत्थि दव्वसवणो परमाणुपमाणमेत्तओ णिलओ।**
**जत्थ ण जाओ ण मओ तियलोयपमाणिओ सव्वो।।३३।।**

सः नास्ति द्रव्यश्रमणः परमाणुप्रमाणमात्रो निलयः।
यत्र न जातः न मृतः त्रिलोकप्रमाणकः सर्वः।।३३।।
**ત્રણલોકમાં પરમાણુ સરખું સ્થાન કોઈ રહ્યું નથી,**
**જ્યાં દ્રવ્યશ્રમણ થયેલ જીવ મર્યો નથી, જન્મ્યો નથી. ૩૩.**

अर्थ :- यह जीव द्रव्यलिंगका धारक मुनिपना होते हुए भी जो तीनलोक प्रमाण सर्व स्थान हैं उनमें एक परमाणुपरिमाण एक प्रदेशमात्र भी ऐसा स्थान नहीं है कि जहाँ जन्म-मरण न किया हो।

भावार्थ :- द्रव्यलिंग धारण करके भी इस जीवने सर्व लोकमें अनन्तबार जन्म और मरण किये, किन्तु ऐसा कोई प्रदेश शेष न रहा कि जिसमें जन्म और मरण न किये हों। इसप्रकार भावलिंगके बिना द्रव्यलिंगसे मोक्षकी (-निज परमात्मदशाकी) प्राप्ति नहीं हुई - ऐसा जानना।।३३।।

## ગાથા-૩૩ ઉપર પ્રવચન

**'આગે યહ જીવ સંસારમેં ભ્રમણ કરતા હૈ, ઉસ ભ્રમણકે પરાવર્તનકા સ્વરૂપ મનમેં ધારણકર નિરૂપણ કરતે હૈં. પ્રથમ હી સામાન્યરૂપસે લોકકે પ્રદેશોંકી અપેક્ષાસે કહતે હૈં :-'**

**सो णत्थि दव्वसवणो परमाणुपमाणमेत्तओ णिलओ।**
**जत्थ ण जाओ ण मओ तियलोयपमाणिओ सव्वो।।३३।।**

**અર્થ :- 'યહ જીવ દ્રવ્યલિંગકા ધારક મુનિપના હોતે હુએ...'** સમ્યગ્દર્શન વિના, સમ્યગ્જ્ઞાન વિના જેમાં દિગંબર દ્રવ્યલિંગને ધાર્યા અનંતવાર **'તીનલોક પ્રમાણ સર્વ સ્થાન હૈં ઉનમેં એક પરમાણુપરિમાણ એક પ્રદેશમાત્ર ભી ઐસા સ્થાન નહીં હૈ...'** આહાહા..! બીજી રીતે તો ભલે જન્મ-મરણ કર્યા અને મર્યો, પણ જૈનનો સાધુ થઈને એટલી વાર મર્યો. આહાહા..! દિગંબર મુનિ થઈને. **'તીનલોક પ્રમાણ સર્વ સ્થાન હૈં ઉનમેં એક પરમાણુપરિમાણ એક પ્રદેશમાત્ર ભી ઐસા સ્થાન નહીં હૈ કિ જહાં જન્મ-મરણ ન કિયા હો.'** પાંચ મહાવ્રતધારી સાધુ થયો, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા પણ કહે છે કે સમ્યગ્દર્શન વિના આવા જે મરણો (કર્યા), એના પ્રદેશનો એક પ્રદેશ ખાલી નથી કે જ્યાં એ જન્મ્યો ન હોય અને જ્યાં મર્યો ન હોય. ઓહોહો..! એક તો આવો સાધુ અને એ પાછો આવા કુમરણે લોકના ૩૪૩ રાજૂના પ્રદેશ ખાલી નથી કે જ્યાં અનંતવાર જન્મ્યો-મર્યો ન હોય. ઓહોહો..!

બીજી રીતે મર્યો એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય

અજ્ઞાનપર્યાયે, એ જુદી વસ્તુ છે. આ તો દ્રવ્યસાધુ થઈને ૩૪૩ રાજૂમાં એક પ્રદેશ ખાલી નથી, જેમાં અનંતવાર એ જન્મ્યો અને મર્યો ન હોય. આહાહા..! આત્માના સમ્યક્ ભાન વિના, અનુભવ વિના એવા દ્રવ્યલિંગીપણા ધારણ કર્યા. ૩૪૩ રાજૂ... છે ને? આહાહા..! '**તીનલોક પ્રમાણ...**' એક પ્રદેશ ખાલી નથી કે જેમાં અનંતવાર જન્મ્યો અને મર્યો ન હોય. ઓહોહો..! આ સુમરણ કરવા માટે વાત કરે છે. સમજાણું કાંઈ? 'કુંદાકુંદાચાર્ય' જગતને કરુણાથી કહે છે, ભાઈ!

'**સર્વ લોકમેં અનંતવાર જન્મ ઔર મરણ કિયે, કિન્તુ ઐસા કોઈ પ્રદેશ શેષ ન રહા...**' કોઈ પ્રદેશ બાકી નથી રાખ્યો એણે. '**જિસમેં જન્મ ઔર મરણ ન કિયે હોં. ઈસપ્રકાર ભાવલિંગકે બિના...**' અહો..! આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ભાવલિંગ (છે). અંતર આનંદસ્વરૂપ ભગવાન, એનો અનુભવ, એનું જ્ઞાન અને એની રમણતા, એના વિના એણે દ્રવ્યલિંગમાં... આ તો દ્રવ્યલિંગી પંચમહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે છતાં એવા મરણો એણે તો અનંતવાર કર્યા, ભાઈ! '**(-નિજ પરમાત્મદશાકી) પ્રાપ્તિ નહીં હુઈ.**' દ્રવ્યલિંગથી કાંઈ મોક્ષ મળે નહિ. પણ પાળે તો દ્રવ્યલિંગ ઓલા વખાણ કરે. પણ હવે અભવિ દ્રવ્યલિંગ પાળે તોપણ નવમી ગ્રૈવેયકમાં સુખ તો પામે. લ્યો! આહાહા..! ... ... અરે..! ભાઈ! એ નવમી ગ્રૈવેયક સુખ ક્યાં હતું? બાપા! આત્માના આનંદના સ્વાદની તો ખબર ન મળે. આહાહા..! આનંદનો રસીલો તો થયો નથી અને રાગના રસીલામાં મરણ (થાય) એ દુઃખ છે. નવમી ગ્રૈવેયકે જાય તોપણ ત્યાં દુઃખી છે એ તો. એમ ન કીધું, નવમી ગ્રૈવેયક? 'આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' સુખી નથી ત્યાં. જેમાં ભગવાનઆત્મા ભળ્યો નથી, એ બધા મરણો બધા દુઃખના અને કુમરણ છે. દુનિયામાં પ્રસિદ્ધિ હો, ન હો. દુનિયા વખાણ કરે, ન કરે .. એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! દુનિયામાં બહારમાં એ ગણવામાં ન આવ્યો. પણ બાહ્યમાંથી નીકળીને અંદરમાં ગયો છે એ મોઢાઆગળ પડી ગયો એ. સમજાણું કાંઈ? આહાહા..! મરણ મહોત્સવ છે એ તો. આહાહા..!

જેને આત્મા આનંદના ભાનવાળું મૃત્યુ (થાય)... આહાહા..! અતીન્દ્રિય સુખનો સાગર જેણે ખોલ્યો છે, એના મરણના મહોત્સવ તો જ્ઞાની જેના વખાણ કરે. આહાહા..! ભલે એ જંગલમાં પડ્યો હોય અને કોઈ સાધુ એવો હોય. ગિરિગુફામાં જઈને ધ્યાનમાં રહીને દેહ છોડે. મરતા કોઈ પાછળ ન હોય જાણનાર. આહાહા..! પણ એ પંડિતમરણે મરે છે. આહાહા..! પાછળના દેહને શિયાળિયા ખાતા હોય અને અહીં મોટો અબજોપતિ કે સાધુ બહારનો દ્રવ્યલિંગી હોય, પાલખીએ કાઢે. મોટે. ધમધમાટ. પાંચ-પાંચ હજાર માણસો, હજાર-હજાર માણસની વચ્ચે એક એક બેન્ડ.

મુમુક્ષુ :- એ બધી બહારની ધમાલ.

ઉત્તર :- બહારની ધમાલ. આહાહા..! કહો, 'ચીમનભાઈ'! આવી વાતું છે. બાપુ! તારો તને સ્પર્શ ન થયો. તારો તને સ્પર્શ ન થયો અને આવા દ્રવ્યલિંગના સ્પર્શમાં અનંતવાર આવ્યો અને દુનિયાએ કદાચિત્ વખાણ્યો... ઓહો..! આવા પુરુષો પાક્યા, કોઈ સિદ્ધપુરુષ છે. એમાં શું થયું?

કહે છે, જેમાં ભાવલિંગ વિના નિજ પરમાત્મા દશાની પ્રાપ્તિ ન થઈ... આહાહા..! બહારમાં પચ્ચખાણ કરે કે મારે ખાવાનો ત્યાગ છે, નીકળવાનો ત્યાગ છે, ચાલવાનો ત્યાગ છે પણ અંદરમાં રાગમાં એકતામાં પડ્યો. બધું તારી પાસે છે. આહાહા..! મિથ્યાત્વ છે.

---

आगे इसी अर्थको दृढ़ करनेके लिये भावलिंगको प्रधान कर कहते हैं :-

**कालमणंतं जीवो जम्मजरामरणपीडिओ दुक्खं।**
**जिणलिंगेण वि पत्तो परंपराभावरहिएण।।३४।।**

कालमनंतं जीवः जन्मजरामरणपीडितः दुःखम्।
जिनलिंगेन अपि प्राप्तः परम्पराभावरहितेन।।३४।।

**જીવ જનિ-જરા-મૃતતપ્ત કાલ અનંત પામ્યો દુઃખને,**
**જિનલિંગને પણ ધારી પારંપર્યભાવવિહીનને. ૩૪.**

अर्थ :- यह जीव इस संसारमें जिसमें परम्परा भावलिंग न होनेसे अनंतकाल पर्यन्त जन्म-जरा-मरणसे पीड़ित दुःखको ही प्राप्त हुआ।

भावार्थ :- द्रव्यलिंग धारण किया और उसमें परम्परासे भी भावलिंगकी प्राप्ति न हुई इसलिये द्रव्यलिंग निष्फल गया, मुक्तिकी प्राप्ति नहीं हुई, संसारमें ही भ्रमण किया।

यहाँ आशय इसप्रकार है कि - द्रव्यलिंग है वह भावलिंगका साधन है, परन्तु [1]काललब्धि बिना द्रव्यलिंग धारण करने पर भी भावलिंगकी प्राप्ति नहीं होती है,

१. (१) काललब्धि = स्वसमय - निजस्वरूप परिणामकी प्राप्ति. (आत्मवलोकन गा.९)

(२) काललब्धि का अर्थ स्वकालकी प्राप्ति है। (३) ''यदायं जीवः आगमभाषया कालादि लब्धिरूपमध्यात्मभाषया शुदधात्माभिमुखं परिणामरूपं स्वसंवेदनज्ञानं लभते...''

अर्थ :- जब यह जीव आगमभाषासे कालादि लब्धिको प्राप्त करता है तथा अध्यात्मभाषासे शुद्धात्माके सन्मुख परिणामरूप स्वसंवेदन ज्ञानको प्राप्त करता है।'' (पंचास्तिकाय गा.१५०-१५१ जयसेनाचार्य टीका) (४) विशेष देखो मोक्षमार्ग प्रकाशक अ.९।।

इसलिये द्रव्यलिंग निष्फल जाता है। इसप्रकार मोक्षमार्गमें प्रधान भावलिंग ही है। यहाँ कोई कहे कि इसप्रकार है तो द्रव्यलिंग पहिले क्यों धारण करें? उसको कहते हैं कि – इसप्रकार माने तो व्यवहारका लोप होता है, इसलिये इसप्रकार मानना जो द्रव्यलिंग पहिले धारण करना, इसप्रकार न जानना कि इसीसे सिद्धि है। भावलिंगको प्रधान मानकर उसके सन्मुख उपयोग रखना, द्रव्यलिंगको यत्नपूर्वक साधना, इसप्रकारका श्रद्धान भला है।।३४।।

## ગાથા-૩૪ ઉપર પ્રવચન

**'આગે ઈસી અર્થકો દૃઢ કરનેકે લિયે ભાવલિંગકો પ્રધાન કર કહતે હૈં :-'**

**कालमणंतं जीवो जम्मजरामरणपीडिओ दुक्खं।**
**जिणलिंगेण वि पत्तो परंपराभावरहिएण।।३४।।**

જુઓ! અહીં તો અત્યારે આચાર્ય એ કહે છે, જિનલિંગ ધારણ કર્યા પણ જિનભાવ પ્રતીત આવ્યો નથી. આહાહા..!

**અર્થ :- 'યહ જીવ ઈસ સંસારમેં જિસમેં પરંપરા ભાવલિંગ ન હોનેસે...'** જેમાં ભાવલિંગ પ્રગટ જ કર્યું નહિ. આવા દ્રવ્યલિંગ ધારણ કર્યા. આહાહા..! તેથી કહે છે ને ભાઈ! પહેલું દ્રવ્યલિંગ આવે. પંચમહાવ્રત લે, આ કરે, આ કરે. એમાં પછી આ લે આવ્યું એમાં તેં કર્યું શું? એમ કહે છે. એમ કે પહેલાં દ્રવ્યલિંગ જ આવે. નહિતર તો પહેલું ભાવલિંગ આવે સાતમું અને પછી વસ્ત્રાદિક છૂટે. એમ તર્ક કરે. જુઓ! એમાં પહેલું દ્રવ્યલિંગ આવ્યું કે નહિ? વસ્ત્ર છોડ્યા,... ધ્યાનમાં આત્મા આવ્યો નહિ.

કહે છે, પરંપરાથી વાત કરે છે ને? એનો અર્થ એ કે દ્રવ્યલિંગ આવા ધારણ કર્યા, એના પછી જે ભાવલિંગ આવવું જોઈએ એ આવ્યું નહિ. આહાહા..! જિનલિંગ ધારણ કર્યાં છતાં **'परंपराभावरहिएण' 'અનંતકાલપર્યંત જન્મ-જરા-મરણસે પીડિત દુઃખકો હી પ્રાપ્ત હુઆ.'** ઓહોહો..! ભગવાનઆત્મા નિર્વિકલ્પ ચૈતન્યબિંબ પ્રભુ, એનો સ્પર્શ અને આદર વિના આવા દ્રવ્યલિંગમાં પરંપરામાં પણ વસ્તુ તો તેં પ્રાપ્ત ન કરી. એ બધા તારા દ્રવ્યલિંગ નિરર્થક ગયા, ભવના અભાવને માટે. ભવના રખડવા માટે સાર્થક થયા. આહાહા..! જુઓ! આચાર્ય મહારાજ જિનલિંગને નાખીને... આવા જિનલિંગ ધારણ કર્યા. જિનલિંગ એટલે દ્રવ્યલિંગ, મુનિપણું, હોં! નગ્નપણું, પંચમહાવ્રત એ બધું દ્રવ્યલિંગ. આહાહા..! છતાં એના રહિત અંતર આનંદસ્વરૂપને સ્પર્શ્યો નહિ. દ્રવ્યલિંગ ગ્રહ્યા અને પછી આ આવ્યું નહિ તો તારું બધું ફોગટ ગયું. આહાહા..!

**ભાવાર્થ :- 'દ્રવ્યલિંગ ધારણ કિયા ઔર ઉસમેં પરંપરાસે ભી ભાવલિંગકી પ્રાપ્તિ**

**ન હુઈ...**' આમ વાત કરે છે હવે. પરંપરા એટલે મહાવ્રત આદિ ધારણ કર્યા પણ પછી એને છોડીને આત્માના આનંદમાં આવવું જોઈએ એ તો આવ્યો નથી. પરંપરા શબ્દ મુક્યો છે અહીંયાં. એમ કે પહેલું દ્રવ્યલિંગ આવે પછી ભાવલિંગ આવે. પણ એ દ્રવ્યલિંગ આવ્યું ને પછી ભાવલિંગ ગ્રહણ ન કર્યું, અંતર આનંદમાં આવ્યો નહિ તો તારા દ્રવ્યલિંગના થોથા નીકળ્યા. આહાહા..! પરંપરા શબ્દ વાપર્યો છે ને? 'ઈસલિયે દ્રવ્યલિંગ નિષ્ફલ ગયા, મુક્તિકી પ્રાપ્તિ નહીં હુઈ, સંસારમેં હી ભ્રમણ કિયા.' લ્યો!

'**યહાં આશય ઈસપ્રકાર હૈ કિ – દ્રવ્યલિંગ હૈ વહ ભાવલિંગકા સાધન હૈ,...**' દ્રવ્યલિંગ પહેલું આવે છે એમ કહે છે. '**પરંતુ કાલલબ્ધિ વિના દ્રવ્યલિંગ ધારણ કરને પર ભી ભાવલિંગકી પ્રાપ્તિ નહીં હોતી હૈ,...**' અંતરના સ્વભાવના પુરુષાર્થની જાગૃતિ વિના સમ્યગ્દર્શન-જ્ઞાન ભાવલિંગ પ્રગટ ન કર્યું. નીચે કહ્યું છે ને કાળલબ્ધિનું? '**કાલલબ્ધિ = સ્વસમય-નિજસ્વરૂપ પરિણામકી પ્રાપ્તિ.**' આ કાળલબ્ધિની વ્યાખ્યા. કાળ એટલે સ્વસમય પોતે આત્મા. એવા નિજ સ્વરૂપના પરિણમનની પ્રાપ્તિ તે કાળલબ્ધિ. 'આત્મઅવલોકન'માં ગાથા મૂકી છે.

શું કીધું ઈ? પંચમહાવ્રત દ્રવ્યલિંગ ધારણ કર્યા પણ એમાં નિજ સ્વસમયની લબ્ધિ પ્રાપ્ત ન કરી તો એની કાળલબ્ધિ ન પાકી. ન પાકી એટલે નિજ સ્વરૂપની પ્રાપ્તિમાં ન આવ્યો. '**કાળલબ્ધિકા અર્થ સ્વકાલકી પ્રાપ્તિ હૈ. (૧) 'વિદાયં જીવઃ આગમભાષયા કાલાદિ લબ્ધિરૂપમધ્યાત્મભાષયા શુદ્ધાત્માભિમુખં પરિણામરૂપં સ્વસંવેદજ્ઞાનં લભતે.. અર્થ : જબ યહ જીવ આગમભાષાસે કાલાદિ લબ્ધિકો પ્રાપ્ત કરતા હૈ તથા અધ્યાત્મભાષાસે શુદ્ધાત્માકે સન્મુખ પરિણામરૂપ...**' આખી દિશાને ગુલાંટ ખાઈ ગયો. જે પર્યાય ઉપર લક્ષ રાગ ઉપર નિમિત્ત હતું, એ લક્ષે બધું ફરી ગયું. શુદ્ધાત્મ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એના સન્મુખ પરિણામ એટલે 'સ્વસંવેદન જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ.' એ કાળલબ્ધિ છે.

... 'રાણપુર'માં ચોમાસુ હતું ને ... 'રાણપુર'. (સંવત) ૧૯૮૪ની સાલ. ૧૯૮૪ના જેઠ મહિને 'દામનગર'માં. એની સાથે વાત થઈ હતી 'દામનગર'. જુઓ! આ કાળલબ્ધિ આમ છે. એ વખતે મારું 'દ્રવ્યસંગ્રહ' વાંચતો હતો બરાબર. એમાં એ આવ્યું. કાળ કોઈ વસ્તુ નિમિત્ત છે એ હેય છે. આવે છે ને? ભાઈ! 'દ્રવ્યસંગ્રહ'માં. કાળ હેય છે. આહાહા..! ત્યારે એ બરાબર હતો. ૧૯૮૪ની વાત છે. ૪૩ વર્ષ થયા.

મુમુક્ષુ :- પોતાની આરાધનાથી થાય છે

ઉત્તર :- આરાધનાથી થાય છે. નિમિત્ત કાળને આરાધવો છે? કાળ હેય છે એમ ત્યાં લીધું છે. આવે એ કાળપણે પણ છે હેયપણું. ઉપાદેયપણું તો ભગવાનઆત્મા આનંદના સ્વકાળને પ્રાપ્ત કરે તે પ્રાપ્તિ છે. આહાહા..! ભલે બીજી રીતે કહીએ કે કાળલબ્ધિ ભલે છે પણ એનું જ્ઞાન ક્યારે થાય? એ ચૈતન્યના આનંદના અનુભવને પકડે ત્યારે

આ પર્યાય થઈ, એનું જ્ઞાન થાય. ત્યારે જ્ઞાન થાય. એ વિના કાળલબ્ધિનું જ્ઞાન ક્યાંથી હતું? આહાહા..! 'શ્રીમદ્'માં પણ કહ્યું છે ને? 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' આવે છે ને? પહેલા શું આવ્યું?

મુમુક્ષુ :- 'જો ઈચ્છો પરમાર્થ તો...'

ઉત્તર :- હા. એ. 'જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ. ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' આહાહા..!

મુમુક્ષુ :- કાળલબ્ધિ ...

ઉત્તર :- કાળલબ્ધિ-આત્માના અનુભવની પર્યાય પ્રાપ્ત કરવી એ કાળલબ્ધિ.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ...

ઉત્તર :- ક્રમબદ્ધ જ આવ્યું એમાં. કાળલબ્ધિમાં જ ક્રમબદ્ધ આવ્યું. સ્વકાળે તેની પ્રાપ્તિ થાય, બીજી પર્યાયના સ્વકાળે, ત્રીજે પર્યાયને સ્વકાળે (તેની પ્રાપ્તિ થાય) એ ક્રમબદ્ધ થઈ ગયું. એમાં જ ક્રમબદ્ધ સિદ્ધ થયું. આહાહા..! 'પંચાસ્તિકાય'ની ૧૫૦ ગાથા છે ને.

**'ભાવલિંગકી પ્રાપ્તિ નહીં હોતી હૈ, ઈસલિયે દ્રવ્યલિંગ નિષ્ફલ જાતા હૈ. ઈસપ્રકાર મોક્ષમાર્ગમેં પ્રધાન ભાવલિંગ હી હૈ.'** પંચમહાવ્રત પાળ્યા ને નગ્ન થયો એ શું થયું? હવે એવું અનંતવાર કર્યું છે. આહાહા...! 'યહાં કોઈ કહે કિ ઈસપ્રકાર હૈ તો દ્રવ્યલિંગ પહિલે ક્યોં ધારણ કરે?' એ પરંપરા સિદ્ધ કરે છે ને. તો પહેલા કેમ પંચમહાવ્રત લેવા? ભાવલિંગ આવ્યા પછી લેશું. 'ઉસકો કહતે હૈ કિ – ઈસપ્રકાર માને તો વ્યવહારકા લોપ હોતા હૈ,...' સમ્યગ્દૃષ્ટિ આત્માનો અનુભવ થવા છતાં એને પ્રથમ તો ભાવલિંગ ચારિત્ર ન હોય. છતાં પંચમહાવ્રત આદિ તો પહેલા અંગીકાર કરે. ચોથે ગુણસ્થાને છે, પાંચમે ગુણસ્થાને છે અને મુનિવ્રત ધારણ કરે તો પહેલા તો પંચ મહાવ્રત ધારણ કરે, .. એ વખતે તો છઠ્ઠું ગુણસ્થાન છે નહિ, ચારિત્ર છે નહિ. એટલે એ આવે પહેલું.

**'ઈસલિયે ઈસપ્રકાર માનના જો દ્રવ્યલિંગ પહિલે ધારણ કરના,...'** એનો અર્થ કે પહેલા મહાવ્રતના પરિણામ આવે. ભારે અટપટી વાત. મુનિપણું અંગીકાર કરે ત્યારે ચારિત્ર અંદર પ્રગટ્યું નથી અને પંચ મહાવ્રત આદિ દ્રવ્યલિંગ પહેલા ધારણ કરે. **'ઈસપ્રકાર ન જાનના કિ ઈસીસે સિદ્ધિ હૈ.'** એને છોડીને અંદરમાં આત્માના ધ્યાનમાં જાવું જોઈએ. **'ભાવલિંગ કો પ્રધાન માનકર...'** જોયું! અંતરના અનુભવમાં જાવું છે મારે તો. એમાં આ પાંચમહાવ્રત દ્રવ્યલિંગની ક્રિયાઓ પહેલી આવશે. **'ઉસકે સન્મુખ ઉપયોગ રખના,...'** આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન પ્રત્યે ઉપયોગ રખના. અરે..! આવી વાતું! કોઈ એમ કહે કે ભાવલિંગ પહેલું આવે પછી દ્રવ્યલિંગ. એમ બને નહિ કોઈ દિ'. ભાવલિંગ સાતમું

આવ્યું અને પછી છઠ્ઠે વસ્ત્ર, પાત્ર ઉતારે અને પંચમહાવ્રત લે એમ હોય? સમજાણું કાંઈ? પહેલું એ છૂટી જાય. નવ નવ કોટીએ. હજી એને વ્યવહાર કહેવાને લાયક નિશ્ચય આવ્યો નથી પણ દ્રવ્યલિંગ એવું આવે પણ એનાથી એમ ન માનવું કે આનાથી લાભ થશે. એમ કહે છે.

'**ઈસપ્રકાર ન જાનના કિ ઈસીસે સિદ્ધિ હૈ.**' એટલી વાત છે. આહાહા..! પંચમહાવ્રત, નગ્નપણું પહેલા આવે પણ એનાથી સિદ્ધિ છે એમ માનવું નહિ. આહાહા..! '**ભાવલિંગકો પ્રધાન માનકર ઉસકે સન્મુખ ઉપયોગ રખના, દ્રવ્યલિંગકો યત્નપૂર્વક સાધના,...**' લ્યો! ત્યારે એને પંચ મહાવ્રત આદિ હોય છે. યત્નપૂર્વક એને વ્યવહાર હોય છે. 'ઈસપ્રકારકા શ્રદ્ધાન ભલા હૈ.' સમજાણું? આમાં એમ સિદ્ધ થયું કે દ્રવ્યલિંગ પહેલું ન હોય અને પાધરું ભાવલિંગ હોય, એમ ન બને. પણ દ્રવ્યલિંગ ધારણ કર્યું માટે આનાથી સિદ્ધિ થશે, એમ પણ નથી. આહાહા..! ભારે વાતું, ભાઈ! શ્વેતાંબરમાં તો ભલે સમકિત ધારો છો, જાવ. એમ છે ને? શું છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આરોપણ કરવું દ્રવ્યલિંગનું. વાંચ્યું છે ઈ. આહાહા..! ભારે માર્ગ, બાપુ! અનેકાંત માર્ગ.

સમ્યગ્દષ્ટિને પણ પહેલું સાતમું ભાવલિંગ આવે અને પછી દ્રવ્યલિંગ હોય, એમ નહિ. આહાહા..! એને પણ પહેલા તો દ્રવ્યલિંગ આવે, પણ આવે એમાં એમ ન માનવું કે આવ્યું માટે મને ભાવલિંગ આને લઈને થશે. આ આવે છે, હોય છે પણ ઉપયોગ ત્યાં રાખવાની વાત છે. અંદરમાં જવા માટે મેં આ તો બહારનો વ્યવહાર ધારણ કર્યો. આહાહા..! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન એહ.' આહાહા..! આખો સંસાર જ્યાં ઉથલાવી નાખવો છે. આહાહા..!

અહીં તો પરંપરા શબ્દ પડ્યો છે ને એટલે ખુલાસો કરે છે. એટલે કે દ્રવ્યલિંગ આવ્યું છતાં જો ભાવલિંગ ન આવ્યું તો એ બધું નિષ્ફળ છે. એથી એમ કોઈ માને કે દ્રવ્યલિંગ પહેલું ધારણ ન કરવું એમ પણ નથી.

મુમુક્ષુ :- ખુલાસો ઘણો આવ્યો.

ઉત્તર :- એ નહિ. ધ્યાન રાખતા હોય સમજવામાં તોપણ ... કહો, સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યગ્દષ્ટિને પણ સ્થિરતા થાય એને થાય. એ પાછું તમે બોલ બોલ કરો એમાં કાંઈ માલ નથી. સમ્યગ્દષ્ટિ પણ દ્રવ્યલિંગ ધારણ કરે અને જો ભાવલિંગ

ન આવે તો એ દ્રવ્યલિંગી કહેવાય છે. શું કહ્યું વળી? સમ્યગ્દૃષ્ટિ જીવ દ્રવ્યલિંગ પહેલું ધારણ કરે અને પછી ધ્યાનમાં જો ભાવલિંગ ન આવે તો એને દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. આવી વાતું ભારે, ભાઈ! વિશેષ પુદ્‌ગલની વ્યાખ્યા કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे यह जीव शरीरसहित उत्पन्न होता है और मरता है, उस शरीरमें रोग होते हैं, उनकी संख्या दिखाते हैं :-**

**एक्केक्कंगुलि वाही छण्णवदी होंति जाण मणुयाणं।**
**अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया।।३७।।**

एकेकांगुलौ व्याधयः पण्णवतिः भवंति जानीहि मनुष्यानां।
अवशेषे च शरीरे रोगाः भण कियन्तः भणिताः।।३७।।

પ્રત્યેક અંગુલ છન્નું જાણો રોગ માનવદેહમાં;
તો કેટલા રોગો, કહો, આ અખિલ દેહ વિષે, ભલા! ૩૭.

**अर्थ :- इस मनुष्यके शरीरमें एक-एक अंगुलमें छयानवे छयानवे रोग होते हैं, तब कहो, अवशेष समस्त शरीरमें कितने रोग कहें।।३७।।**

**પ્રવચન નં. ૧૧૩, ગાથા-૩૭ થી ૪૪, મંગળવાર, આસો સુદ ૧૪, તા.૧૩-૧૦-૭૦**

‘અષ્ટપાહુડ’ ભાવપાહુડની ૩૭મી ગાથા. ‘**આગે યહ જીવ શરીરસહિત ઉત્પન્ન હોતા હૈ ઔર મરતા હૈ, ઉસ શરીરમેં રોગ હોતે હૈં, ઉનકી સંખ્યા દિખાતે હૈં :-**’

**एक्केक्कंगुलि वाही छण्णवदी होंति जाण मणुयाणं।**
**अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया।।३७।।**

**અર્થ :-** ‘**ઈસ મનુષ્યકે શરીરમેં...**’ મનુષ્યની વ્યાખ્યા છે, હોં! અત્યારે. મનુષ્યના શરીર વિષે ‘**એક-એક અંગુલમેં છયાનવે છયાનવે રોગ હોતે હૈં,...**’ છન્નું-છન્નું. ‘ભગવતી આરાધના’માં એક આંખમાં છન્નું કહ્યા છે પણ આંખનું પ્રમાણ નહિ ને. કોઈને નાની આંખ હોય, કોઈને મોટી આંખ હોય. આ ‘કુંદકુંદાચાર્ય’નું પ્રમાણસર છે. એક તસુમાં ૯૬ રોગ હોય. ‘**છયાનવે રોગ હોતે હૈં, તબ કહો, અવશેષ સમસ્ત શરીરમેં કિતને રોગ કહેં.**’ આવા રોગ શરીરમાં ભર્યા છે. રોગની મૂર્તિ છે આ. ‘શ્રીમદ્’માં કહ્યું છે, વેદનાની મૂર્તિ. આત્મા આનંદની મૂર્તિ, આ રોગની વેદનાની મૂર્તિ માટી.

મુમુક્ષુ :- શરીરં વ્યાધિ મંદિરં.

ઉત્તર :- વ્યાધિ મંદિરં. સંસ્કૃતના પ્રોફેસર છે ને. વ્યાધિ મંદિરં સાચું છે. એમ

છે. 'શ્રીમદ્'માં એમ છે. પહેલી તો વેદનાની મૂર્તિ છે, જડ-માટી-ધૂળ.

**'એક-એક અંગુલમેં છયાનવે-છયાનવે રોગ...'** .. આખા શરીરમાં કેટલા? 'ભગવતી આરાધના'માં એક આંખમાં છન્નું રોગ ગણ્યા છે. પણ આંખ તો કોઈની નાની હોય, કોઈની મોટી હોય. .. મોટી હોય. એટલે આ સાચું પ્રમાણ 'કુંદકુંદાચાર્યે' એક એક તસુ એટલે આ. છન્નું રોગ છે.

---

आगे कहते हैं कि जीव! उन रोगोंको दुःख तूने सहा :-

**ते रोया वि य सयला सहिया ते परवसेण पुव्वभवे।**
**एवं सहसि महाजस किं वा बहुएहिं लविएहिं।।३८।।**

ते रोगा अपि च सकलाः सोढास्तवया परवशेण पूर्वभवे।
एवं सहसे महायशः! किं वा बहुभिः लपितैः।।३८।।

એ રોગ પણ સઘળા સહ્યા તેં પૂર્વભવમાં પરવશે;
તું સહી રહ્યો છે આમ, યશધર;, અધિક શું કહીએ તને? ૩૭.

अर्थ :- हे महायश! हे मुने! तूने पूर्वोक्त रोगोंको पूर्वभवोंमें तो परवश सहे, इसप्रकार ही फिर सहेगा, बहुत कहनेसे क्या?

भावार्थ :- यह जीव पराधीन होकर सब दुःख सहता है। यदि ज्ञानभावना करे और दुःख आने पर उससे चलायमान न हो, इस तरह स्ववश होकर सहे तो कर्मका नाश कर मुक्त हो जावे, इसप्रकार जानना चाहिये।।३८।।

---

## ગાથા-૩૮ ઉપર પ્રવચન

'આગે કહતે હૈં કિ જીવ! ઉન રોગોંકો દુઃખ તૂને સહા :-'

**ते रोया वि य सयला सहिया ते परवसेण पुव्वभवे।**
**एवं सहसि महाजस किं वा बहुएहिं लविएहिं।।३८।।**

**अर्थ :- 'હે મહાયશ!'** મુનિને કહે છે. **'હે મુને! તૂને પૂર્વોક્ત રોગોંકો પૂર્વભવોમેં તો પરવશ સહે,...'** અનંતવાર સ્વરૂપના અનુભવની દૃષ્ટિ વિના (આવા રોગ સહ્યાં). સમજાણું કાંઈ? **'ફિર સહેગા,...'** પાછું એ લીધું છે. હજી પણ જો સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એનો આશ્રય કરીને અનુભવ, સમ્યગ્દર્શન ન કર્યું (તો) ભવિષ્યમાં પણ એ રીતે જ સહન કરવું પડશે. સમજાય છે કાંઈ? **'બહુત કહનેસે ક્યા?'** પાઠ છે ને? **'बहुएहिं लविएहिं'** બહુ કહેવાથી શું કહેવું તને? ટૂંકામાં સમજી જા. મનુષ્યના

શરીરમાં કેટલા રોગ આવે છે, ફાટે તો ક્યાંય...

**ભાવાર્થ :-** **'યહ જીવ પરાધીન હોકર સબ દુઃખ સહતા હૈ. યદિ જ્ઞાનભાવના કરે...'** જુઓ! આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે. એ જ્ઞાનની ભાવના કરે, વિકલ્પ રાગાદિની ભાવના છોડે એ ભાવના તો અનંતવાર કરી છે. જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રભુ, જાણન-દેખન અનંત અનંત જ્ઞાનનું બળ જેમાં પડ્યું છે. અનંત આનંદનું બળ જેમાં છે, એવું સામર્થ્યવાળું તત્ત્વ અનંતજ્ઞાનના સ્વભાવવાળું, એની જ્ઞાનની ભાવના કર. **'જ્ઞાનભાવના કરે ઔર દુઃખ આને પર ઉસમેં ચલાયમાન ન હો,...'** જ્ઞાતા-દૃષ્ટા તરીકે, શરીરમાં રોગ હોવા છતાં અને રાગ હોવા છતાં જ્ઞાનની ભાવનામાં જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ થાય એને જન્મ-મરણ ન રહે. **'ઈસ તરહ સ્વવશ હોકર સહે તો કર્મકા નાશ કર મુક્ત હો જાવે,...'** આનંદમૂર્તિ ભગવાન એ જ્ઞાનમાં, આનંદમાં રહે અને આનંદથી રાગ અને પરચીજમાં આવતો રોગાદિ, રાગ અને રોગ બેયને પોતાનું ન જાણતાં જ્ઞાનની ભાવના કરે તો કર્મથી મુક્ત થાય. લ્યો! મુક્તિનો ઉપાય આ.

ભગવાન ચૈતન્ય તો જ્ઞાનસ્વરૂપ છે. કાલે આવ્યું હતું, નહિ? અતુલ અવલોકન. શું (આવ્યું હતું)? અતુલ અવલોકન. છ બોલ આવ્યા હતા. ઉપમા વિનાનું જેનું જ્ઞાન છે, નિત્ય ઉદ્યોતમય છે, અખંડ છે, એક છે. જ્ઞાનના પ્રવાહથી ભરેલો ભગવાન છે અને અમર છે. એ પુણ્ય-પાપના રાગથી રહિત છે. આહાહા..! એવો જ્ઞાનસ્વભાવ એનો પ્રેમ કરીને એની રુચિ કર અને એનો અનુભવ કર તો કર્મથી મૂકાય, બાકી કર્મથી મુકાવાનો બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! 'ઈસ તરહ સ્વવશ હોકર સહે તો કર્મકા નાશ કર મુક્ત હોજાવે, ઈસપ્રકાર જાનના ચાહિયે.'

---

आगे कहते हैं कि अपवित्र गर्भवासमें भी रहाः-

**पित्तंतमुत्तफेफसकालिज्जयरुहिरखरिसकिमिजाले।**
**उयरे वसिओ सि चिरं णवदसमासेहिं पत्तेहिं।।३९।।**
पित्तांत्रमूत्रफेफसयकृद्रुधिरखरिसकृमिजाले।
उदरे उषितोऽसि चिरं नवदशमासैः प्राप्तैः।।३९।।
**મલ-મૂત્ર-શોણિત-પિત્ત, કરમ, બરોળ, યકૃત, આંત્ર જ્યાં,**
**ત્યાં માસ નવ-દશ તું વસ્યો બહુ વાર જનની-ઉદરમાં. ૩૯.**

**अर्थ :- हे मुने! तूने इस प्रकाके मलिन अपवित्र उदरमें नव मास तथा दस मास प्राप्त कर रहा। कैसा है उदर? जिसमें पित्त और आंतोंसे वेष्टित, मूत्रका स्रवण, फेफस अर्थात् जो रुधिर बिना मेद फूल जावे, कलिज्ज अर्थात् कलेजा, खून, खरिस अर्थात् अपक्व मलसे मिला हुआ रुधिर श्लेष्म और कृमिजाल अर्थात् लट आदि**

जीवोंके समूह ये सब पाये जाते हैं - इसप्रकार स्त्रीके उदरमें बहुत बार रहा।।३९।।

## ગાથા-૩૯ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ અપવિત્ર ગર્ભવાસમેં ભી રહા :-**' આહાહા..! માતાના પેટમાં-ગર્ભમાં નવ-નવ, સવા નવ મહિના વસ્યો.

**पित्तंतमुत्तफेफसकालिज्जयरुहिरखरिसकिमिजाले।**
**उयरे वसिओ सि चिरं णवदसमासेहिं पत्तेहिं।।३९।।**

**અર્થ :-** '**હે મુને! તૂને ઈસ પ્રકારકે મલિન અપવિત્ર ઉદરમેં નવ માસ તથા દસ માસ પ્રાપ્ત કર રહા.**' સવા નવ મહિના જે હોય એ. '**કૈસા હૈ ઉદર? જિસમેં પિત્ત ઔર આંતોંસે વેષ્ટિત, મૂત્રકા સ્રવણ, ફેફસા અર્થાત્ જો રુધિર બિના મેદ ફૂલ જાવે, કાલિજ્જ...**' માંસ-પિંડની થેલી, માંસનો વિકાર કાલિજ્જ. '**ખૂન, ખરિસ અર્થાત્ અપક્વ મલસે મિલા હુઆ રુધિર શ્લેષ્મ ઔર કૃમિજાલ અર્થાત્ લટ આદિ જીવોંકે સમૂહ યે સબ પાયે જાતે હૈં - ઈસપ્રકાર સ્ત્રીકે ઉદરમેં બહુત બાર રહા.**' આહાહા..! એનો નિવાસ પેટમાં સવા નવ મહિના રહ્યો. એવા અનંતવાર. એક આત્માના સમ્યગ્દર્શન વિના. બાકી દ્રવ્યલિંગ તો અનંતવાર (લીધાં). એ માટે તો દ્રવ્યલિંગીને જ કહે છે. એકે એક ગાથા એને માટે છે, ભાઈ! એવા તો વ્યવહારના રાગાદિ વિકલ્પો તો અનંતવાર અભવિએ પણ કર્યા અને તેં પણ કર્યા. એમાં કાંઈ જન્મ-મરણ મટે એવો ઉપાય નથી. આહાહા..!

---

फिर इसीको कहते हैं :-

**दियसंगट्ठियमसणं आहारिय मायभुत्तमण्णांते।**
**छद्दिखरिसाण मज्झे जढरे वसिओ सि जणणीए।।४०।।**

द्विजसंगस्थितमशनं आहृत्य मातृभुक्तमन्नान्ते।
छर्दिखरिसयोर्मध्ये जठरे उषितोऽसि जनन्याः।।४०।।

**જનની તણું ચાવેલ ને ખાધેલ એઠું ખાઈને,**
**તું જનની કેરા જઠરમાં વમનાદિમધ્ય વસ્યો અરે! ૪૦.**

अर्थ :- हे जीव! तू जननी (माता) के उदर (गर्भ) में रहा, वहाँ माताके और पिताके भोगके अन्त, छर्दि (वमन) का अन्न, खरिस (रुधिरसे मिला हुआ अपक्व मल) के बीचमें रहा, कैसा रहा? माता के दाँतोसे चवाया हुआ और उन दाँतोके लगा हुआ (रुका हुआ) झूठा भोजन माताके खानेके पीछे जो उदरमें गया उसके रसरूपी आहारसे रहा।।४०।।

## ગાથા-૪૦ ઉપર પ્રવચન

'ફિર ઈસીકો કહતે હૈં :-'

दियसंगट्ठियमसणं आहारिय मायभुत्तमण्णांते।
छद्दिखरिसाण मज्झे जढरे वसिओ सि जणणीए।।४०।।

**અર્થ :- 'હે જીવ! તૂ જનની (માતા) કે ઉદર (ગર્ભ) મેં રહા, વહાં માતાકે ઔર પિતાકે ભોગકે અન્ત, છર્દિ (વમન) કા અન્ન, ખરિસ (રુધિરસે મિલા હુઆ અપક્વ મલ) કે બીચમેં રહા,...'** એમાં વસ્યો અંદર. આહાહા..! આ એના દુઃખનો ઈતિહાસ કહે છે. આવા દુઃખ ભાઈ! તેં સહન કર્યા, તને ખબર નથી. ભૂલી ગયો, ભૂલી. **'કૈસા રહા? માતાકે દાંતોંસે ચવાયા હુઆ ઔર ઉન દાંતોંકે લગા હુઆ (રુકા હુઆ) જુઠા ભોજન માતાકે ખાનેકે પીછે જો ઉદરમેં ગયા ઉસકે રસરૂપી આહારસે રહા.'** આહાહા..!

---

आगे कहते हैं कि गर्भसे निकलकर इसप्रकार बालकपन भोगा :-

सिसुकाले च अयाणे असुईमज्झम्मि लोलिओ सि तुमं।
असुई असिया बहुसो मुणिवर बालत्तपत्तेण।।४१।।
शिशुकाले च अज्ञाने अशुचिमध्ये लोलितोऽसित्वम्।
अशुचिः अशिता बहुशः मुनिवर! बालत्वप्राप्तेन।।४१।।
તું અશુચિમાં લોટ્યો ઘણું શિશુકાલમાં અણસમજમાં,
મુનિવર! અશુચિ આરોગી છે બહુ વાર તેં બાલત્વમાં. ૪૧.

अर्थ :- हे मुनिवर! तू बचपनके समयमें अज्ञान अवस्थामें अशुचि (अपवित्र) स्थानोंमें अशुचिके बीच लेटा और बहुतबार अशुचि वस्तु ही खाई, बचपनको पाकर इसप्रकार चेष्टायें की।

भावार्थ :- यहाँ 'मुनिवर' इसप्रकार सम्बोधन है वह पहिलेके समान जानना; बाह्य आचरण सहित मुनि हो उसीको यहाँ प्रधानरूपसे उपदेश है कि बाह्य आचरण किया वह तो बड़ा कार्य किया, परन्तु भावोंके बिना यह निष्फल है इसलिये भावके सन्मुख रहना, भावोंके बिना ही ये अपवित्र स्थान मिले हैं।।४१।।

## ગાથા-૪૧ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ગર્ભસે નિકલકર ઈસપ્રકાર બાલકપન ભોગા :-'** હવે બહારની વાત આવી. આહાહા..!

**सिसुकाले च अयाणे असुईमज्झम्मि लोलिओ सि तुमं।**
**असुई असिया बहुसो मुणिवर बालत्तपत्तेण।।४१।।**

બાળતપ તો તે બહુ કર્યા, અનંતવાર. આહાહા..! મહિના-મહિના અપવાસ, છ-છ મહિનાના અપવાસ. બબ્બે મહિનાની સંલેખના, એવા અનંતવાર કર્યા એ બાળતપ કર્યા. પણ આત્માનું જ્ઞાન અને અનુભવ દર્શન કર્યા નહિ.

**અર્થ :- 'હે મુનિવર!'** દ્રવ્યલિંગીને જ વારંવાર કહે છે. અનંતવાર તારા વ્યવહાર થયા પણ નિશ્ચયના ભાન વિના જન્મ-મરણ કોઈ દિ' મટે એવું નથી. સમજાણું કાંઈ? આહાહા..! **'बालत्तपत्तेण' 'તૂ બચપનકે સમયમેં અજ્ઞાન અવસ્થામેં અશુચિ (અપવિત્ર) સ્થાનોંમેં અશુચિકે બીચ લેટા ઔર બહુતબાર અશુચિ વસ્તુ હી ખાઈ, બચપનકો પાકર ઈસપ્રકાર ચેષ્ટાયેં કી.'** લ્યો! અહીં તો બાળપણાની વાત છે. બાળપણે. 'બચપન ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધપના દેખ કે રોયા.' એવું ગાતા અમે ત્યાં. ઓલા મુસલમાન નીકળેને રોજામાં? 'પાલેજ'માં મુસલમાન વોરા ઘણા ને? રોજાના દિ' હોય ને રોજા? રોજા સમજો છો ને? ત્યારે ફકીર સવારે આવું ગાય. ચાર વાગે ઉઠાડે ને ખાવા? 'બાલપન ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, બુઢાપા દેખકે રોયા.' આહાહા..! પણ આત્મા શું ચીજ છે એનો અનુભવ-દૃષ્ટિ કરી નહિ. આહાહા..! 'બહુતબાર અશુચિ વસ્તુ હી ખાઈ, બચપનકો પાકર ઈસપ્રકાર ચેષ્ટાયેં કી.' લ્યો!

**ભાવાર્થ :- 'યહાં 'મુનિવર' ઈસપ્રકાર સમ્બોધન હૈ વહ પહિલેકે સમાન જાનના; બાહ્ય આચરણ સહિત મુનિ હો ઉસીકો યહાં પ્રધાનરૂપસે ઉપદેશ હૈ...'** દેખો! જેને પંચમહાવ્રત ચોખ્ખા છે, અઠ્યાવીશ મૂળગુણ બરાબર પાળે છે, હજારો રાણી આદિનો ત્યાગ કરીને વૈરાગ્ય સહિત જેણે મુનિપણું લીધું છે, પણ **'બાહ્ય આચરણ કિયા વહ તો બડા કાર્ય કિયા,...'** ઠીક છે, પુણ્ય છે, સ્વર્ગમાં જશે. **'પરંતુ ભાવોંકે બિના યહ નિષ્ફલ હૈ...'** આત્માના સમ્યગ્દર્શન વિના એનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- બડા કાર્યનું ફળ સંસાર?

ઉત્તર :- આ તો લોકની અપેક્ષાએ વાત કરી. બાયડી, છોકરામાં પડ્યા છે એ કરતા છોડ્યું છે તો પુણ્ય બાંધીશ. પુણ્ય બાંધીશ કાંઈક. બાકી જાશે સ્વર્ગાદિમાં ભૂતડા-બૂતડામાં. પણ આ ભાવ વિના નિષ્ફળ નિષ્ફળ (છે). કાંઈ પણ એનું ફળ આત્માને

લાભદાયક છે નહિ.

**'ઈસલિયે ભાવકે સન્મુખ રહના, ભાવોંકે વિના હી યે અપવિત્ર સ્થાન મિલે હૈં.'** લ્યો! શુદ્ધ સ્વભાવની સન્મુખ દૃષ્ટિ કરવી. ભગવાનઆત્મા પવિત્ર, એની દૃષ્ટિ રાખવી બાકી એ સિવાય 'અપવિત્ર સ્થાન મિલે હૈં.' લ્યો!

---

आगे कहते हैं कि यह देह इस प्रकार है उसका विचार करो :-

**मंसट्ठिसुक्कसोणियपित्तंतसवत्तकुणिमदुग्गंधं।**
**खरिसवसापूय [1]खिब्भिस भरियं चिंतेहि देहउडं।।४२।।**

मांसस्थिशुक्रश्रेणितपित्तांसस्रवत्कुणिमर्दुगन्धम्।
खरिसवसापूयकिल्विषभरितं चिन्तय देहकुटम्।।४२।।

**પલ-પિત્ત-શોણિત-આંત્રથી દુર્ગંધ શબ સમ જ્યાં સ્રવે,**
**ચિંતવ તું પીપ-વસાદિ-અશુચિભરેલ કાયાકુંભને. ૪૨.**

अर्थ :- हे मुने! तू देहरूप घटको इसप्रकार विचार, कैसा है देहघट? मांस, हाड़, शुक्र (वीर्य), श्रोणित (रुधिर), पित्त (उष्ण विकार) और अंत्र (अँतड़ियाँ) आदि द्वारा तत्काल मृतककी तरह दुर्गंध है तथा खरिस (रुधिरसे मिला अपक्कमल), वसा (मेद), पूय (खराब खून) और राध, इन सब मलिन वस्तुओंसे पूरा भरा है, इसप्रकार देहरूप घटका विचार करो।

भावार्थ :- यह जीव तो पवित्र है, शुद्धज्ञानमयी है और यह देह इसप्रकार है, इसमें रहना अयोग्य है - ऐसा बताया है।।४२।।

---

## ગાથા-૪૨ ઉપર પ્રવચન

'આગે કહતે હૈં કિ યહ દેહ ઈસ પ્રકાર હૈ ઉસકા વિચાર કરો :-' ઓહોહો...! આચાર્યે પણ કેટલી વૈરાગ્યની વાત જંગલમાં રહીને કરી છે!

**मंसट्ठिसुक्कसोणियपित्तंतसवत्तकुणिमदुग्गंधं।**
**खरिसवसापूय [1]खिब्भिस भरियं चिंतेहि देहउडं।।४२।।**

**અર્થ :- 'હે મુને! તૂ દેહરૂપ ઘટકો ઈસપ્રકાર વિચાર, કૈસા હૈ દેહઘટ? માંસ, હાડ, શુક્ર (વીર્ય), શ્રોણિત (રુધિર), પિત્ત (ઉષ્ણ વિકાર) ઔર અંત્ર (અંતડિયાં) આદિ દ્વારા તત્કાલ મૃતકકી તરહ દુર્ગંધ હૈ...'** મરેલું જેમ હોય એવું દુર્ગંધ સહિત

---

१ पाठान्तर :- ''खिब्मिस''

છે આ. આહાહા..! જુવાની હોય, શરીર-બરીર સરખું હોય સાંઢડા જેવું. થઈ રહ્યું, ભૂલી ગયો કે હું કોણ છું અને આ શું છે? આ તો જડ-માટી-ધૂળ છે. લાકડાનો ઓલો દાખલો આવે છે ને? 'અનુભવપ્રકાશ'માં. એ રાજા હતા. લાકાડાની રાણી હતી તો એને આખી રાત સંભાળ કરે. સવારે જોવે તો કહે, અરે..! આ તો લાકડાની છે. 'અનુભવપ્રકાશ'માં છે. લકડી સમજતે હૈ? લકડી કી રાની થી ઈસકી. કિસીને બનાઈ થી. ઉસકો લગા કિ યહ હમારી સ્ત્રી હૈ. સારી રાત સંભાલ કી. સવારે જ્યાં જુઓ તો કહે, અરે..! આ તો લાકડી. એમ અનાદિ આ જડને સંભાળ કરી જોવે ત્યાં તો કહે અરે..! આ તો જડ-માટી (છે). આહાહા..! એની સંભાળમાં ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એની સંભાળ ભૂલી ગયો. એમ કહે છે. સમજાણું?

અપક્વ મળ. '**કૈસા હૈ દેહઘટ? માંસ, હાડ, શુક્ર (વીર્ય), શ્રોણિત (રુધિર), પિત્ત (ઉષ્ણ વિકાર) ઔર અંત્ર (અંતડીયાં) આદિ દ્વારા તત્કાલ મૃતકકી તરહ દુર્ગંધ હૈ. તથા ખરિસ (રુધિરસે મિલા અપક્વમલ), વસા (ભેદ), પૂય (ખરાબ ખૂન) ઔર રાધ,...**' પરુ કહે છે ને અમારે. '**ઈન સબ મલિન વસ્તુઓંસે પૂરા ભરા હૈ, ઈસપ્રકાર દેહરૂપ ઘટકા વિચાર કરો.**' આહાહા..! '**વસ્તુઓંસે પૂરા ભરા હૈ, ઈસ દેહરૂપ ઘટકા વિચાર કરો.**' એના પાંચ ભાગ કરીને જો તપેલામાં મૂકે એકમાં આંતરડા, એકમાં માંસ, એકમાં લોહી. પાંચ ભાગ કરીને પાંચ તપેલામાં મૂકે તો સૂંઘવા પણ ન જાય. આ માથે લપેટ છે એ ગાર છે. ચામડીની ગાર માથે. અંદર હાડકા, માંસમાં ગારો, માથે ગાર. આહાહા..! ભાઈ! તારું સ્વરૂપ અનંત આનંદનો બળનો ધણિ તું છો. અનંત આનંદ અને અનંત જ્ઞાનનું બળ તારામાં સામર્થ્ય અનંતુ છે. આ ભૂલીને આ ક્યાં મથ્યો તું આમાં? કહે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**યહ જીવ તો પવિત્ર હૈ,...**' મહા અનંત જ્ઞાનનો ધણી, અનંત જ્ઞાનબળ, અનંતબળ છે. આત્મામાં તો જ્ઞાનનું અનંત બળ છે. આનંદનું અનંત બળ છે. શાંતિ એટલે વીતરાગતા-ચારિત્ર. સ્વભાવમાં અનંત ચારિત્રનું બળ છે. આહાહા..! એવા સામર્થ્યવાનને મૂકી, છોડી, આ પામર હાડકામાં સંભાળ કરવા રહી ગયો. '**ઈસમેં રહના અયોગ્ય હૈ,...**' અરે..! ભગવાન! તું તો શુદ્ધ જ્ઞાનમય પવિત્ર આનંદનું ધામ અને આ મેલા શરીરમાં રહેવું, શરમ જનક અવતાર. આવે છે ને? 'યોગસાર'માં આવે છે. ભાઈ! આ શરીરમાં રહેવું (શરમજનક છે). આહાહા..! વિષ્ટામાં કોઈ દારૂ પીને સૂતો હોય તો એને કહે એલા અહીંથી ખસ આ તારું સ્થાન નહિ. આ દારૂ કરતાં આ તો મહા માંસના હાડકા, ચામડા, લોહી, વિષ્ટા, ભાઈ! આમાં તું પવિત્રનો નાથ, તારા આમાં વસવું! 'ઐસા બતાયા હૈ.' આહાહા..!

आगे कहेत हैं कि जो कुटुम्बसे छूटा वह नहीं छूटा, भावसे छूटे हुएको ही छूटा कहते हैं :-

भावविमुत्तो मुत्तो ण य मुत्तो बंधवाइमित्तेण।
इय भाविऊण उज्झसु गंधं अब्भंतरं धीर।।४३।।
भावविमुक्तः मुक्तः न च मुक्तः बांधवादिमित्रेण।
इति भावयित्वा उज्झय गन्धमाभ्यन्तरं धीर!।।४३।।
રે! ભાવમુક્ત વિમુક્ત છે, સ્વજનાદિમુક્ત ન મુક્ત છે,
ઈમ ભાવીને હે ધીર! તું પરિત્યાગ આંતર ગ્રંથને. ૪૩.

अर्थ :- जो मुनि भावोंसे मुक्त हुआ उसीको मुक्त कहते हैं और बांधव आदि कुटुम्ब तथा मित्र आदिसे मुक्त हुआ उसको मुक्त नहीं कहते हैं, इसलिये हे धीर मुनि! तू इसप्रकार जानकर अभ्यन्तरकी वासनाको छोड़।

भावार्थ :- जो बाह्य बांधव, कुटुम्ब तथा मित्र इनको छोड़कर निर्ग्रंथ हुआ और अभ्यन्तरकी ममत्वभावरूप वासना तथा एष्ट-अनिष्टमें रागद्वेष वासना न छूटी तो उसको निर्ग्रंथ नहीं कहते हैं। अभ्यन्तर वासना छूटने पर निर्ग्रन्थ होता है, इसलिये यह उपदेश है कि अभ्यन्तर मिथ्यात्व कषाय छोड़कर भावमुनि बनना चाहिये।।४३।।

---

## ગાથા-૪૩ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો કુટુંબસે છૂટા વહ નહીં છૂટા, ભાવસે છૂટે હુએકો હી છૂટા કહતે હૈં :-'** બાયડી છોડી, છોકરા છોડી ને બધું છોડી, દુકાન છોડીને, ધંધો છોડીને દિગંબર સાધુ થયો. પણ ભાવ અંદર રાગની ભાવના ન છોડી અને રાગની ગંધ રહી, રાગની ગંધ-ગંધ કહે છે. આહાહા..! **'ભાવસે છૂટે હુએકો હી છૂટા કહતે હૈં :-'**

**भावविमुत्तो मुत्तो ण य मुत्तो बंधवाइमित्तेण।**
**इय भाविऊण उज्झसु गंधं अब्भंतरं धीर।।४३।।**

આહાહા..! કેટલી વાત કરી છે, જુઓ તો ખરા! હે ધીર! ધીર! બુદ્ધિમાં પ્રેરે આત્મા તરફ તેને ધીર કહીએ. શુદ્ધ આનંદ પ્રત્યે ધી-બુદ્ધિને પ્રેરે. રાગ-પુણ્ય-પાપમાં નહિ, દેહમાં નહિ, વ્યવહારમાં નહિ. ધીર એનો અર્થ છે. ધીર. બુદ્ધિને સ્વરૂપ આનંદમાં પ્રેરે એને ધીર અને બુદ્ધિવંત કહીએ. સમજાણું કાંઈ?

**અર્થ :- 'જો મુનિ ભાવોંસે મુક્ત હુઆ ઉસીકો મુક્ત કહતે હૈં...'** રાગની ગંધ, પ્રેમ છૂટે અને સ્વભાવની દૃષ્ટિ થાય તેને મુક્ત કહીએ. સમકિત થયે મુક્ત થયો દ્રવ્યથી.

આહાહા..! વિકલ્પથી મુક્ત થયો. '**ભાવોંસે મુક્ત હુઆ ઉસીકો મુક્ત કહતે હૈં...**' રાગાદિ વિકલ્પથી છૂટ્યો અને નિર્વિકલ્પ ભગવાનઆત્માના અનુભવમાં આવ્યો એને અહીંયાં મુક્ત કહીએ. '**ઔર બાંધવ આદિ કુટુંબ તથા મિત્ર આદિસે મુક્ત હુઆ ઉસકો મુક્ત નહીં કહતે હૈં, ઈસલિયે હે ધીર મુનિ! તૂ ઈસપ્રકાર જાનકર અભ્યંતરકી વાસનાકો છોડ.**' ગંધ છોડ. એ અભ્યંતરની ગંધ-ગંધ છે. પાઠમાં ગંધ છે ને? શુભ કે અશુભ રાગનો પ્રેમ છે એ મિથ્યાત્વની ગંધ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે અંદરની ગંધ છોડ. સમજાણું કાંઈ? એનો અર્થ કર્યો અહીં વાસના. પાઠમાં ગંધ છે. આહાહા..! કહે છે કે તને રાગની ગંધ બેઠી છે, હોં! પુણ્ય-પાપ અધિકારમાં કહ્યું ને? કે જે કુશીલ છે પુણ્યભાવ, શુભભાવ સંસારમાં પ્રવેશ કરે એને તું ભલો શી રીતે માને છે? સારો શી રીતે તું કહે છે એને? પુણ્ય-પાપના અધિકારમાં શરૂઆતમાં લીધું છે. એ શુભભાવ એ પુણ્યભાવ એ કુશીલ છે, આત્માના સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. આહાહા..! એને તું સુશીલ માનીને, સંસારમાં પ્રવેશ કરાવે એને સુશીલ શી રીતે કહે? ભલો શી રીતે તું કહે છે? આહાહા..! સમજાય છે કાંઈ?

ભાવલિંગી મુનિ હોય છે એને આવા પંચમહાવ્રતના વિકલ્પ તો આવે છે, હોય છે. હો. હો. પણ એ આદરણીય નથી. એ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ, ઝેરભાવ છે. ભગવાન અમૃતસ્વરૂપ છે, એના અમૃતના અનુભવ આગળ એ રાગની વૃત્તિઓ જેટલી પંચમહાવ્રત, વ્યવહાર રત્નત્રય (છે) એ બધા ઝેર છે. અમૃત અને ઝેરનો વિરોધ છે. આહાહા..! ભારે વાત આખી. સમજાણું કાંઈ? કહે છે કે ગંધને છોડને, ભાઈ! ગંધ બેઠી છે તને. આ શીશા હોય ને ઘાસતેલના શીશા? શીશા સમજતે હૈં? બોટલ. અંદર હોય ... ઘાસતેલ હોય એને કાઢે તોપણ અંદર ગંધ રહી જાય. એવી ગંધ ઊંડી રહે એને તો પાણી અને તેજાબ નાખે બરાબર ત્યારે સાફ થાય. એમ (અહીંયાં) કહે છે, અનાદિ તને વિકલ્પ, દયા, દાન, વ્રત અને રાગાદિની ગંધ એવી બેઠી છે, એવી ગંધ બેઠી છે કે એ ગંધમાં મિથ્યાત્વભાવનું સેવન છે. હવે તો છોડ ગંધ. એમ કહે છે. શુદ્ધભાવ બતાવવા માગે છે ને. શુદ્ધભાવ દર્શનશુદ્ધિ, શુદ્ધભાવ. એ શુભભાવની ગંધ તને બેઠી છે, એમ કહે છે. દ્રવ્યલિંગી મુનિ થયો છે ને?

'હે ધીર મુનિ! તૂ ઈસપ્રકાર જાનકર અભ્યંતરકી વાસનાકો છોડ.' છેને? પાઠમાં છે ને? '**गंधं अब्भंतरं धीर उज्झसु**' એમ છે. '**गंधं अब्भंतरं धीर उज्झसु**' છોડ-છોડ આહાહા..! બાયડી, છોકરા તેં અનંતવાર છોડ્યા. એ તો સંયોગી ચીજ છે. પણ ઓલો સંયોગીભાવ જે છે, એ ખરેખરો સંયોગી ઉપાધિભાવ છે, પુણ્ય-પાપનો કુશીલભાવ છે, એની તને ગંધ બેઠી છે. આ કંઈક કંઈક લાભદાયક છે, કંઈક લાભદાયક છે, કંઈક લાભદાયક છે. હવે છોડ ગંધ, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એ તો બંધનું કારણ

છે. મુનિને પણ વિકલ્પાદિ રાગ હોય છે પણ એ તો બંધનું કારણ છે. સમજાણું કાંઈ? પણ સાથે હોય છે એથી એને વ્યવહાર છે એમ જણાવ્યો છે. બસ એટલું. હોય છે. પણ એ લાભદાયક છે, ધર્મનું કારણ છે એમ નથી. આહાહા..! ભારે વાત આકરી. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'જો બાહ્ય બાંધવ, કુટુંબ તથા મિત્ર ઈનકો છોડકર નિર્ગ્રંથ હુઆ...'** નગ્ન-દિગંબર મુનિ થયો. એની વાત છે, હોં! **'અભ્યંતરકી મમત્વભાવરૂપ વાસના...'** અભ્યંતરની મમત્વભાવરૂપ વાસના. મમત્વ નામ અહં રાગ તે હું. એ મને લાભ કરશે, એ મારી ચીજ છે. આહાહા..! **'ઈષ્ટ-અનિષ્ટમેં રાગદ્વેષ વાસના ન છૂટી...'** આ ઠીક છે અને અઠીક છે. શરીરની અનુકૂળતા ક્રિયા ઠીક છે અને પ્રતિકૂળતા અઠીક છે. **'ઉસકો નિર્ગ્રંથ નહીં કહતે હૈં.'** આહાહા..! ગ્રંથ છે ને? ગ્રંથ છે ને? રાગની ગાંઠ. રાગની ગાંઠ છૂટે તો નિર્ગ્રંથ કહીએ. રાગની એકત્વબુદ્ધિની ગંધ હોય તે નિર્ગ્રંથ નથી, અનિર્ગ્રંથ છે-સગ્રંથ છે. આહાહા..! નિર્ગ્રંથો. ભગવાન તો નિર્ગ્રંથસ્વરૂપ છે. આવે છે ને? 'નિયમસાર'. 'નિયમસાર'માં શુદ્ધભાવ અધિકારમાં આવે છે. નિદંડો-નિગંથો. ઘણા બોલ આવે છે. ત્યાં નિર્ગ્રંથ લીધું છે. આત્મા તો નિર્ગ્રંથ સ્વરૂપ છે. શુદ્ધભાવ અધિકારે. રાગ, વ્યવહાર, નિશ્ચયના જે વિકલ્પો બાહ્ય પર્યાયના, એ બધા વિનાનો નિર્ગ્રંથ છે. આહાહા..! આ બાહ્યથી છોડ્યું એ નિર્ગ્રંથ નહિ.

**'નિર્ગ્રંથ હુઆ ઔર અભ્યંતરકી મમત્વભાવરૂપ વાસના તથા ઈષ્ટ-અનિષ્ટમેં રાગદ્વેષ વાસના ન છૂટી તો ઉસકો નિર્ગ્રંથ ન કહતે હૈં.'** લ્યો! **'અભ્યંતર વાસના છૂટને પર નિર્ગ્રંથ હોતા હૈ,...'** આહાહા..! શુદ્ધ ચૈતન્ય આનંદની દૃષ્ટિ થયે, એનો અનુભવ થયે નિર્ગ્રંથ કહીએ. **'ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ અભ્યંતર મિથ્યાત્વ કષાય છોડકર...'** એમ વાત છે, લ્યો, ઠીક! બહુ સારો અર્થ કર્યો છે. 'જયચંદ્ર પંડિત' પણ.. **'મિથ્યાત્વ કષાય છોડકર ભાવમુનિ બનના ચાહિયે.'** સમ્યગ્દર્શન અને અકષાય પરિણમન વિના ભાવમુનિ હોતા નથી. કહો, સમજાણું કાંઈ? પાઠમાં લીધું છે ને? **'इय भाविऊण उज्झसु गंधं अब्भंतरं धीर'** અભ્યંતરમાં ઊંડે.. ઊંડે.. ઊંડે તને રાગનો રુચિનો પ્રેમ છે. આ ગંધ બેઠી છે તને ઊંડી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખબર નહિ પડતી હોય?

ઉત્તર :- ખબર પડે તો છોડે નહિ?

મુમુક્ષુ :- ... છૂટે કે નહિ?

ઉત્તર :- ના, ના. અંદર ગરી ગઈ છે અંદરમાં ઊંડી. બીજો કહે એટલે નીકળતી હશે?

મુમુક્ષુ :- ... ભાવ બેસી જાય..

ઉત્તર :- પણ બેસવું જોઈએ ને એને? ક્યાં બેસાડે છે? ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે... કાંઈ રાગથી લાભ થાય, નિમિત્તથી લાભ થાય એ રાગનો-રુચિનો પ્રેમ છે, મિથ્યાત્વ છે. કેટલું સાંભળે અનંતવાર અગિયાર અંગ કર્યા તોપણ. એવો થઈ ગયો છે ઈ.

જુઓને! આ તો સાધુ થયો એને કહે છે. બધું છોડ્યું. શું છોડ્યું? કાંઈ છોડ્યું નથી. રાગ-પુણ્યના પરિણામનો પ્રેમ અને રુચિ રહી છે ત્યાં સુધી મિથ્યાત્વ અને કષાયનું પોષણ છે. એમ કહે છે. પંડિતજી! આહાહા..! આ લાખ વાત સાંભળે તોપણ ઓલી ગંધ અંદર બેઠી હોય ને એમાંથી એને નીકળવું કઠણ પડે. પણ આ કાંઈક છે... કાંઈક છે... કાંઈક રાગની મંદતામાં કાંઈક છે. ઝેર છે. એને ઠેકાણે કાંઈક એમાંથી છે... કાંઈક લાભ છે... કાંઈક છે... કાંઈક છે...

મુમુક્ષુ :- એમ કરતા કરતા થાય ને.

ઉત્તર :- એ જ વાત છે. એ જ કહે છે. કરતા કરતા થાય એ જ ઝેર છે, કહે છે. એ તો મિથ્યાત્વનું ઝેર છે. આહાહા..! એ વાત આકરી છે. વ્યવહાર, રાગ પણ અપેક્ષા, વ્યવહાર ધર્મ અને રાગની અપેક્ષા વિનાનું તત્ત્વ છે. એવું તત્ત્વ છે. પોતાના સ્વભાવથી જણાય એવું નિજ તત્ત્વ છે. એ રાગથી જણાય કે પરથી જણાય એવું એ તત્ત્વ નથી. હો, રાગ હો તો ઝેર છે. શાસ્ત્રમાં આવે છે. એટલે શાસ્ત્રમાં વ્યવહાર હોય છે. જો વ્યવહાર ન હોય તો તો વીતરાગ થઈ જાય. પણ વ્યવહાર હોય માટે લાભદાયક છે (એમ નથી.) રાગ છે એ તો. સમજાણું કાંઈ? આકરી વાત છે, ભાઈ! હજી તો એને શ્રદ્ધામાં (વાત) બેસવી, વ્યવહાર શ્રદ્ધા, હોં! હા પાડવી કે એ રાગનો લાભ જરીએ નથી. લાભ તો સ્વભાવની દૃષ્ટિ થયે, નિર્ગ્રંથ થયે લાભ છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ પણ રાગની એક્તા તૂટી એ અપેક્ષાએ નિર્ગ્રંથ છે. અહીં તો મુનિની વાત છે. ત્રણ કષાયનો અભાવ થઈને વીતરાગતા જેણે પ્રગટ કરી છે એ નિર્ગ્રંથ મુનિ કહેવાય છે. શું થાય? સમજાણું કાંઈ?

અહીં તો હજી વ્યવહારથી ધર્મ થાય, લાભ થાય એવી પ્રરૂપણા કરે. અને સાધક કહે છે કે અમે તો વીતરાગભાવથી લાભ થાય એવી વાત કરી છે અને તું આ નવું ક્યાંથી લાવ્યો તારા ઘરનું? સમજાણું કાંઈ? 'આત્મઅવલકોન'માં 'દીપચંદજી'એ કહ્યું છે ને? ગૃહસ્થાશ્રમમાં. ધર્માત્મા તો વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ ધર્મની વાત કરે. મૂહૂ-મૂહૂ વારંવાર વીતરાગ સ્વરૂપથી આત્મલાભ. રાગથી લાભ એ વાત મુનિ કરે નહિ, ધર્માત્મા સમકિતી કરે નહિ. સમજાણું કાંઈ? ગાથા બતાવી કે નહિ? 'આત્મઅવલકોન'. ભાઈ સાધર્મી 'દીપચંદજી' મૂહૂ-મૂહૂ વીતરાગ-વીતરાગ. મૂહૂ એટલે? એય..! પંડિતજી! મૂહૂ-મૂહૂ એટલે? વારંવાર. વારંવાર એવો પાઠ છે, હોં! 'આત્મઅવલોકન'માં.

વીતરાગ-વીતરાગ. કેમકે આત્મા વીતરાગ સ્વરૂપ જ છે ત્રિકાળ. એની વીતરાગ દૃષ્ટિ વડે જ એનું ભાન થાય છે. રાગ વડે બિલકુલ આત્માનો લાભ થતો નથી. હેય છે તેને ઉપાદેય માને, લાભદાયક માને. એ ગંધ બેઠી છે તને. અભ્યંતર ગંધ બેઠી છે. ઊંડે-ઊંડે બેઠેલી નથી નીકળતી. અને એ નીકળ્યા વિના તું ત્યાગી રાગનો થતો નથી. ત્યાં સુધી સમકિતી નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. નિમિત્તથી લાભ માને છે ત્યાં સુધી પણ એ મિથ્યાત્વભાવ છે. તો રાગ એ નિમિત્ત છે. છૂટે કેમ હવે એ? પણ કહ્યું નહિ? એ છોડે તો છૂટે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉપદેશ આપે તો ઉપદેશ... ઉપદેશ વાણી પર છે. સાંભળવાનો વિકલ્પ ઊઠે એ પર છે.

અહીં તો રાગના લક્ષે જે જાણપણું થાય ને પોતાથી, એ પણ પર છે. એ આત્માનું ક્યાં છે? એ તો પરાવલંબી જ્ઞાન છે. એ આત્માનું જ્ઞાન નથી. ઝીણી વાત છે. 'અમરચંદભાઈ'! આહાહા..! રાગ જે છે એ એનું જીવ જ્ઞાન કરે, પણ એ પરલક્ષી જ્ઞાન એ જ્ઞાન આત્માનું નહિ. આહાહા..! ભારે વાતું, ભાઈ! એવું રાગનું જ્ઞાન તો અનંતવાર કર્યું. નવમી ગ્રૈવેયક ગયો તો કેટલી ક્રિયા જેની. ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. પણ એથી શું? એથી શું? આવે છે ને ઓલામાં? ભાઈ! કર્તા-કર્મમાં. અમે શુદ્ધ છીએ, અબદ્ધ છીએ, આવા છીએ, આવા છીએ. એથી શું? એ વિકલ્પ છે. ૧૪૨ ગાથામાં છે. એથી શું? અહીં સુધી આવ્યો. અમે અબદ્ધ છીએ, અવિકારી છીએ, શુદ્ધ છીએ પણ એ પણ વિકલ્પ છે.

મુમુક્ષુ :- અંદર ધ્રુવને..

ઉત્તર :- પકડ્યો જ નથી. પકડ્યો હોય તો અમે અબદ્ધ છીએ એવો વિકલ્પ ઊઠે નહિ. સમજાણું કાંઈ? છે કે નહિ આમાં? ૧૪૨ (ગાથા) છે. આ તો 'સમયસાર' તો સેંકડો વાર વંચાઈ ગયું છે. વ્યાખ્યાનમાં સત્તરમી વાર વંચાય છે. એકે એક શ્લોક અને ગાથા પદેપદના ટૂકડા થઈ ગયા છે બધા. કેટલામું કીધું? શું કીધું? ૧૪૨. જુઓ!

**'પણ તેથી શું? જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે,...'** નિશ્ચયથી હું આવો છું, આવો છું, નિર્મળ છું, અભેદ છું, એકરૂપ છે એ પણ વિકલ્પ છે. અને વિકલ્પ છે એનો કર્તા થાય છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. ઝીણી વાત છે. વસ્તુસ્થિતિ એવી છે. વિકલ્પ શું? આ શું? જુઓ! 'તેથી શું?' છે ને? જુઓ! **'જીવના અને પુદ્ગલકર્મના અનેકદ્રવ્યપણાથી જોતાં તેમને અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે.'** જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે. કર્મ બદ્ધસ્પૃષ્ટ છે જ નહિ. રાગ આત્મામાં છે જ નહિ. **'એવો નિશ્ચયનો પક્ષ**

**છે. પણ તેથી શું?**' આહાહા..! એય..! 'અમરચંદભાઈ'! સંસ્કૃત છે, હોં! 'મોહનભાઈ'! આ તો રાડ નખાવે એવું છે. રાડ નાખતો નથી માળો. એમ ને એમ પોતાની પક્કડ કાંઈક રાખીને અને શાસ્ત્રમાંથી ગોતીને પોતાનો વાંક કાઢે. દૃષ્ટિફેર છે ને.

અહીં તો કહે છે કે અબદ્ધસ્પૃષ્ટ છું, એ પણ એક વિકલ્પ છે, રાગ છે, એ કર્તા છે. કર્તા અજ્ઞાની, રાગનો કર્તા અને વિકલ્પ એ કર્મ. ત્યાં સુધી એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! એય...! અહીં તો ભાઈ 'રણે ચડયા રજપૂત છૂપે નહિ.' ઈ વાત છે. એ વીતરાગનો માર્ગ એવો છે કે એણે સાંભળ્યો ગયો નથી. સાંભળે તો અંદરમાં ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે... ઠીક બરાબર છે. પણ આ તો હોય, આવું તો હોય.

અહીં તો એ કહે છે કે, જુઓ! નિશ્ચયનયનો પક્ષ કર્યો. અબદ્ધસ્પૃષ્ટ છે, શુદ્ધ છે, એક છે, અખંડ છે. એથી શું? એ વિકલ્પની પાર થઈને આત્માનો અનુભવ કરે ત્યારે તેને ધર્મની પહેલી દૃષ્ટિ, સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. બીજાને સમજાવતા આવડ્યું તેથી શું? કોણ સમજાવે? ધૂળ, એ વાણી તો જડની છે. વિકલ્પ થયો એ રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલું સમજાવતા આવડે એ તો વળી વ્યવહારમાં ગયું. આ તો રાગ જ અમે નહિ. હું તો વીતરાગ મારું સ્વરૂપ છે. એવો પણ વિકલ્પ જે છે એથી શું? એથી તને લાભ શું? આહાહા..! એય..! પંડીતજી! કર્તા-કર્મ અધિકાર.

**'અભ્યંતર વાસના છૂટને પર નિર્ગ્રંથ હોતા હૈ, ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ અભ્યંતર મિથ્યાત્વ કષાય છોડકર ભાવમુનિ બનના ચાહિયે.'** મિથ્યાત્વ પહેલો, પછી કષાય છોડવાનો. પહેલો તો કષાય અને હું એક છું, એવો મિથ્યાત્વભાવ છોડ. એ રાગથી અને વિકલ્પથી તદ્દન ભિન્ન ચીજ છે. એવી ચીજની શ્રદ્ધા-જ્ઞાન કર અને કષાય છોડ અને સ્થિર થા, મુનિ થા. '**ભાવ મુનિ બનના ચાહિયે.**' લ્યો!

---

**आगे कहते हैं कि जो पहिले मुनि हुए उन्होंने भावशुद्धि बिना सिद्धि नहीं पाई है। उनका उदाहरणमात्र नाम कहते हैं। प्रथम ही बाहुबलीका उदाहरण कहते हैं :-**

**देहादिचत्तसंगो माणकसाएण कलुसिओ धीर!**
**अत्तावणेण जादो बाहुबली कित्तियं[१] कालं।।४४।।**

देहादित्यक्तसंगः मानकषायेन कलुषितः धीरः।
आतापनेन जातः बाहुबली यिन्तं कालम्।।४४।।

**દેહાદિસંગ તજ્યો અહો! પણ મલિન માનકષાયથી,**
**આતાપના કરતા રહ્યા બાહુબલી મુનિ ક્યાં લગી? ૪૪.**

---

૧. कित्तियं = પાઠાન્તર कितियं

अर्थ :- देखो, बाहुबली श्री ऋषभदेवका पुत्र देहादिक परिग्रहको छोड़कर निर्ग्रन्थ मुनि बन गया, तो भी मानकषायसे कलुष परिणामरूप होकर कुछ समय तक आतापन योग धारणकर स्थित हो गया, फिर भी सिद्धि नहीं पाई।

भावार्थ :- बाहुबलीसे भरतचक्रवीर्ने विरोधकर युद्ध आरंभ किया, भरतका अपमान हुआ। उसके बाद बाहुबली विरक्त होकर निर्ग्रन्थ मुनि बन गये, परन्तु कुछ मानकषायकी कलुषता रही कि भरतकी भूमिपर मैं कैसे रहूं? तब कायोत्सर्ग योगसे एक वर्ष तक खड़े रहे परन्तु केवलज्ञान नहीं पाया। पीछे कलुषता मिटी तब केवलज्ञान उत्पन्न हुआ। इसलिये कहते हैं कि ऐसे महान पुरुष बड़ी शक्तिके धारकने भी भावशुद्धिके बिना सिद्धि नहीं पाई तब अन्यकी क्या बात? इसलिये भावोंको शुद्ध करना चाहिये, यह उपदेश है।।४४।।

## ગાથા-૪૪ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો પહિલે મુનિ હુએ ઉન્હોંને ભાવશુદ્ધિ બિના સિદ્ધિ નહીં પાઈ હૈ.'** જુઓ! દાખલો કેવો આપે છે, જુઓ! 'બાહુબલી' મુનિ હતા, ભાવલિંગી સંત હતા. પણ એ સંજ્વલનો જરી કષાય અંશ રહી ગયો, બાર બાર મહિના સુધી સુકાણા ઊભા ઊભા પણ કેવળ ન થયું. આહાહા..! સમજાણું કાંઈ? **'બાહુબલીકા ઉદાહરણ કહતે હૈં.'**

**देहादिचत्तसंगो माणकसाएण कलुसिओ धीर!**
**अत्तावणेण जादो बाहुबली कित्तियं१ कालं।।४४।।**

**અર્થ :- 'દેખો, બાહુબલી શ્રી ઋષભદેવકા પુત્ર દેહાદિક પરિગ્રહકો છોડકર નિર્ગ્રંથ મુનિ બન ગયા,...'** નિર્ગ્રંથ મુનિ, ભાવલિંગી સંત છઠ્ઠે ગુણસ્થાને. આહાહા..! દાખલો ઉત્કૃષ્ટનો લીધો. **'તો ભી માનકષાયસે કલુષ પરિણામરૂપ હોકર...'** અરે..! આ 'ભરત'ની ભૂમિ છે. હું અહીંયાં ઊભો છું. એટલો સંજ્વલનનું ઊંડું માન રહી ગયું. કેવળજ્ઞાન ન થયું. બાર બાર મહિના સુધી વેલડીયુંએ વીંટ્યાં. સમજાણું કાંઈ? **'તો ભી માનકષાયસે કલુષ પરિણામરૂપ હોકર...'** મુનિ, હોં! ભાવલિંગી સંત છે પણ સંજ્વલનનો લોભ જરી (રહી ગયો). **'કુછ સમય તક આતાપન યોગ ધારણકર સ્થિત હો ગયા,...'** દેખો! બાર મહિના સુધી આમ (ઊભા રહ્યા). **'ફિર ભી સિદ્ધિ નહીં પાઈ.'** કેવળજ્ઞાન ન મળ્યું. આહાહા..! એટલી ખટક રહી ગઈ થોડી.

**ભાવાર્થ :- 'બાહુબલીસે ભરતચક્રવર્તીને વિરોધ કર યુદ્ધ આરંભ કિયા,...'** વિરોધ કર્યો. **'બાહુબલીસે ભરતચક્રવર્તીને વિરોધ કર યુદ્ધ આરંભ કિયા, ભરતકા અપમાન**

**હુઆ. ઉસકે બાદ બાહુબલી વિરક્ત હોકર નિર્ગ્રંથ મુનિ બન ગયે, પરંતુ કુછ માનકષાયકી કલુષતા રહી...'** સંજ્વલનની, હોં! સંજ્વલન. ચોથો કષાય. આહાહા..! આ જુઓને! **'ભરતકી ભૂમિપર મૈં કૈસે રહું? તબ કાયોત્સર્ગ યોગસે એક વર્ષ તક ખડે રહે પરંતુ કેવલજ્ઞાન નહીં પાયા.'** કોની ભૂમિ? ભાઈને જરી ખરાબ લાગ્યું હશે. ... આ નહિ બને. સમજાણું? અહીં એ દાખલો નાખ્યો છે આમાં. 'બાહુબલી' ધ્યાનમાં રહ્યા. એમ કે હું જો ભગવાન પાસે જાઉં તો મારાથી નાના ૯૮ ભાઈ છે એને વંદન કરવું પડશે. એવું નથી. એવું 'શ્રીમદ્'માં આવે છે ને એટલે આમાં અર્થમાં નાખ્યું છે. 'અગાસ'વાળાએ. એ છે ને? .. પાઠમાં છે. 'બાહુબલ'નો પાઠ છે ને? 'મોક્ષમાળા', એમાં એ લખ્યું છે. એમ કે મેં દીક્ષા લીધેલી પણ મારાથી નાના છે બીજા. એને મારે વંદન કેમ કરાય? એવું નથી. અહીં તો ફક્ત ચક્ર માર્યું હતું 'બાહુબલ' ઉપર અને એ ચક્ર પાછું ગયું એટલે વૈરાગ્ય (આવ્યો). આહાહા..! આ સંસાર! સમકિતી તો હતા. આત્મભાનવાળા તો હતા. બેય સમકિતી છે. 'ભરત' ચક્રવર્તીએ ચક્ર માર્યું એ પણ સમકિતી છે. પાછું આવ્યું 'ભરત' ચક્રવર્તીના હાથમાં. આહાહા..! વૈરાગ્ય થયો. આ સંસાર! સગા ભાઈ, એને મારવા! અને આ તો ચરમશરીરી અને એક કુળના માણસને મારી શકે નહિ. પછી ધ્યાનમાં ઊભા રહ્યા એવું છે ત્યાં શ્વેતાંબરમાં. બ્રાહ્મી, સુંદરી છે ને એમની દીકરીયું? એમણે કહ્યું કે જા ભાઈ! સમજાવ. એવી વાત આવે છે. પણ એ વાત નથી. એ વાત પહેલી મેં કરી હતી ત્યારે એ લોકોને સારી ન લાગી. (સંવત) ૧૯૯૯માં. ભાઈ! એ વાત નથી. ફક્ત આ 'ભરત' ચક્રવર્તીનું રાજ છે એમાં ઊભા (છીએ), એટલો રાગ રહી ગયો, બસ. એની જમીનમાં. એને ખોટું લાગ્યું હશે? એ વાત નથી. જાશું તો ૯૮ ને નમવું પડશે. નાના સાધુ છે. એવું હોય નહિ. પછી બ્રાહ્મી સુંદરીને ભગવાને મોકલ્યા ત્યાં, એમ કહે છે. આમ ધ્યાનમાં ઊભા છે ને, બાહુબલી?

'વીરા મોરા ગજ થકી ઉતરો.' માનરૂપી ગજમાં ચડ્યા છે ને? બ્રાહ્મી સુંદરી કહે છે. 'વીરા મોરા ગજ થકી ઉતરો. એ ગજ ચડે કેવળ ન હોય રે, ગજ ચડ્યે કેવળ ન હોય રે. વીરા મોરા ગજ થકી ઉતરો.' આ શું કહે છે? હું તો કાંઈ ગજ-હાથી ઉપર ચડ્યો નથી. અને આ કહે છે શું? એને ... ઓહો..! કાંઈક કષાયના અંશ ઉપર હું ચડ્યો છું. એમ કરીને છોડે છે અને કેવળજ્ઞાન એક અંતર્મુહૂર્તમાં. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન. આહાહા..!

મુમુક્ષુ :- 'ભરત' ચક્રવર્તીએ બાહ્મી સુંદરીને કહ્યું?

ઉત્તર :- ના. 'ઋષભદેવે' કહ્યું. 'ઋષભદેવ' ભગવાને બ્રાહ્મી સુંદરીને કહ્યું કે તમે જાવ ત્યાં બાહુબલીની પાસે. એ વાત શ્વેતાંબરમાં આવે છે. પણ એ વાત પ્રમાણવાળી નથી. વાત આ સુસંગતવાળી છે. કારણ કે બ્રાહ્મી સુંદરી સ્ત્રી જાય ત્યાં અને એ બધી

વાત ભગવાન મોકલે ને.. પણ એ લોકોમાં એવી આવે છે વાત. લોકોને સારી લાગે ને આમ ઝટ. 'વીરા મોરા ગજ થકી ઉતરો.' ઓલાને તો એમ લાગે કે આહાહા..! બહેનો ભાઈને સમજાવા જાય છે, તમે ગજ થકી ઉતરો. લોકોને ઠીક લાગે અંદર. વિચાર આવે છે, આહાહા..! હું ક્યાં છું? શું કહે છે બહેન? વાત આ છે. આ દિગંબર સંપ્રદાયમાં જે છે એ વાત મેં ઘણા વર્ષ પહેલા કરેલી, ઘણા વર્ષ પહેલા. 'શ્રીમદ્'માં પાઠ એવો છે. અને આમાં અર્થ એ ભર્યો, જુઓ! આમાં. આ છે ને? ૪૪. બાહુબલી છે ને? ૪૪ ગાથા. એમાં એ ભર્યો છે. આ ગાથા છે ને આ? એમાં ગુજરાતી અર્થ ભર્યો છે. કાલે ગુજરાતી દેખાડ્યું હતું ને? કાલે નહોતું દેખાડ્યું?

'ભગવાન ૠષભદેવના પુત્ર બાહુબલી અને ભરતને યુદ્ધ થયું. ભરત તેમાં પરાજીત થયા. તેથી તેણે બાહુબલીને મારવા ચક્ર મોકલ્યું. પણ ચક્ર એક પિતાના પુત્ર ઉપર ચાલી શક્યું નહિ. નિષ્ફળ ગયું. બાહુબલીએ ભરતને મારવા મુઠ્ઠી ઉપાડી. પરંતુ વિચાર આવ્યો કે શા માટે ભરતનો ઘાત કરવો? ઉગામેલી મુઠ્ઠી પાછી ન આવી. પછી લોંચ કર્યો.' ન મારતા. 'એમ વિચારી પંચ મુઠ્ઠી લોંચ કરી. નગ્ન દિગંબર ચર્યા ગ્રહણ કરી ભગવાન પાસે જવા વિચાર્યું. ત્યાં માન વચમાં આવ્યું. મારાથી નાના ૯૮ ભાઈઓએ મારા કરતા પહેલી દીક્ષા લીધી છે એમને મારે વંદન કરવું પડે.' એ શ્વેતાંબરની શૈલી છે. વસ્તુ એમ નથી. ફક્ત એમને રહ્યું કે ભાઈને ખરાબ લાગ્યું હશે? બસ! એ જ્યાં આવીને પગે લાગે છે... ઓહો..! ફટ કરતું કેવળજ્ઞાન. અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન.

'એમ કરી આતાપન યોગમાં એકાગ્ર ધ્યાનમાં રહ્યા. ટાઢ-વરસાદમાં બાર-બાર મહિના આહાર વિના કર્યા. અડોળ ઊભા રહ્યા. માન અંદર હતું. કેવળજ્ઞાન થયું નહિ. આ દોષ ભગવાન પાસેથી જાણીને પોતાની બ્રાહ્મી સુંદરી નામની દીકરી થયેલી બહેનોએ તેમને માન ત્યજી દેવા પ્રેરણા કરી. તેથી વંદન કરવા પગ ઉપાડ્યા અને માન મૂક્યું.' એમ કહે છે. પગે લાગવા માટે પગ ઉપાડ્યો.

મુમુક્ષુ :- પછી શ્રેણી રહે છે.

ઉત્તર :- એ તો ધ્યાનમાં હતા. આમ 'ભરત' ચક્રવર્તી આવે છે. આપણે પ્રવચન મંડપમાં છે. ભરત આવે છે અને પૂજા કરે છે. આને શ્રેણી નથી. ફટ ધ્યાનમાં આવીને કેવળજ્ઞાન. વાત એમ છે. મૂળ તો હોય એ વાત હોય ને. આમાં નાખ્યું છે, આ ગાથાના અર્થમાં. ઘણું એવું બધું નાખી દીધું છે. દિગંબરની શૈલીમાં શ્વેતાંબરની શૈલી નાખી દેવી મેળ વિનાની. મેળ ન ખાય.

મુમુક્ષુ :- પગ ઉપડતો નથી..

ઉત્તર :- પગ ઉપાડ્યો. પગ ઉપાડ્યો શું માન મૂક્યું. એમ.

અહીં તો '**કેવલજ્ઞાન નહીં પાયા. પીછે કલુષતા મિટી તબ કેવલજ્ઞાન ઉત્પન્ન**

**હુઆ.**' બસ. મુનિ તો હતા. ભાવલિંગી આત્માના સ્વાદિષ્ટ હતા. પ્રચુર સ્વસંવેદન. પણ જરી સંજ્વલનનો. છે એમાં. સંસ્કૃતમાં સંજ્વલન. સંસ્કૃતમાં શબ્દ છે. ઈષત્ કષાય... સંજ્ઞ્વલન-માન. છે ને? સંસ્કૃતમાં છે. સંજ્વલન માન આમાં પણ છે. એમાં પણ સંજ્ઞ્વલન માન છે. સંજ્ઞ્વલન-ચોથી ચોકડીનો જરી અંશ રહી ગયો બસ. શ્રેણી ન થઈ. આહાહા..! જ્યાં અંદરથી ખસી ગયું, અરે..! 'ભરત' તો આ રીતે વંદન કરે છે. એને તો કાંઈ ખોટુ લાગ્યું નથી લાગતું. લ્યો! ફટ અંદર સમાધાન થઈ ગયું. ઉત્તમ પુરુષો હતા, ચરમશરીરી હતું. બેય ચરમશરીરી. આહાહા..!

કહે છે, '**ઈસલિયે કહતે હૈં કિ ઐસે મહાન પુરુષબડી શક્તિકે ધારકકે...**' મહાપુરુષ, મહાશક્તિના ધરનાર. વર્ષ વર્ષ સુધી વેલડીએ વીંટાણા ભગવાન 'બાહુબલી'. હેઠે સર્પે બિલ માંડ્યા. અંશ રહી ગયો અંદર. નહિતર તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લે, ફડાક દઈને. તો કહે છે કે આવા ત્રણ કષાયના નાશવાળા સંતોને પણ સંજ્ઞ્વલનના જરીક કષાયને લઈને કેવળજ્ઞાન અટક્યું, તો બીજાઓ જે રાગના પ્રેમી અને રાગીની રુચિવાળા છે, એ અનાદિ ગંધ પડી છે એને સમકિત અટક્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ સમકિત કેમ થતું નથી એમ કહે છે. આહાહા..! જુઓને! કાલે વાત સાંભળીને? ભાઈની. 'નવનીતભાઈ'ના સાળા બેતાલીસ વર્ષની ઉંમર. વીસ દિવસ. કેટલા દિ' રહ્યા? અસાધ્ય. જુવાન શરીર, નાની ઉંમર. હવે આ તો દેહની થવાની એમાં કોણ રોકે? આહાહા..! શરીર મોટું મજબૂત હતું. બેતાલીસ વર્ષ એટલે એ તો નાના બાળક કહેવાયને અમારે ૮૦-૮૧ આગળ તો. આહાહા..! આ બહેન વયા ગયા, જુઓને! બિચારા 'રમાબેન'. સપનું થઈ ગયું. હતા એમ થઈ ગયું. એ તો દેહની સ્થિતિ હોય એમાં થોડો ફેરફાર કાંઈ થાય છે? આહાહા..! જીવતા અસાધ્ય. ગજબ છે ને? ભાઈની વાત 'બેચરભાઈ' 'નાનાલાલભાઈ'ના ભાઈ. ૨૨ દિ' અસાધ્ય. કરોડપતિ હતા. રૂપિયો શું કરે ત્યાં? ધૂળ કરે? આહાહા..! થઈ રહ્યું.

એમ અજ્ઞાની અનાદિથી મિથ્યાત્વથી અસાધ્ય છે. સમજાણું કાંઈ? એને આ સાધ્ય લાવવાની વાત છે. ભાઈ! તને તારા સાધ્યની ખબર નથી. એ તો ચૈતન્ય સ્વભાવ ભગવાન પવિત્ર આનંદ અનંતજ્ઞાનનું બળ જેમાં છે, અનંતવીર્યનું બળ છે. ભાઈ! એ તૈયાર થયેલો એક ક્ષણમાં વિકાર છેદીને કેવળજ્ઞાન લે એવો જ બળવંત આત્મા છે, એવો જ બળવંત પ્રભુ છે. એને તેં પામર તરીકે માન્યો. તારી પામરતા મિથ્યાત્વને લઈને જતી નથી. આહાહા..! મિથ્યાત્વ જતા આત્માને પ્રભુ માને છે આત્મા. આહાહા..! હું તો અનંત ઈશ્વરનો ધણી છું. મારી ઈશ્વરતા આગળ જગતની કોઈ ઈશ્વરતા બીજી છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

પર્યાયનો જે અંશ છે, રાગ તો બીજો રહ્યો, પણ પર્યાયનો અંશ છે એ રુચિ

भावार्थ :- कोई जानेगा कि शास्त्र पढ़नेसे ही सिद्धि है तो इस प्रकार भी नहीं है। शिवभूति मुनिने तुष माष ऐसा शब्दमात्र रटनेसे ही भावोंकी विशुद्धतासे केवलज्ञान पाया। इसकी कथा इसप्रकार है-कोई शिवभूति नामक मुनि था। उसने गुरुके पास शास्त्र पढ़े परन्तु धारणा नहीं हुई। तब गुरुने यह शब्द पढ़ाया कि 'मा रुष मा तुष' सो इस शब्दको घोखने लगा। इसका अर्थ यह है कि रोष मत करे, तोष मत करे अर्थात् रागद्वेष मत करे, इससे सर्व सिद्धि है।

फिर यह भी शुद्ध याद न रहा तब 'तुषमाष' ऐसा पाठ घोखने लगा, दोनों पदोंके 'रुकार और-[१]तुकार' भूल गये और 'तुष माष' इसप्रकार याद रह गया। उसको घोखते हुए विचारने लगे। तब कोई एक स्त्री उड़दकी दाल धो रही थी, उसको किसीने पूछा तू क्या कर रही है? उसने कहा-तुष और माष भिन्न भिन्न कर रही हूं। तब यह सुनकर मुनिने 'तुष माष' शब्दका भावार्थ यह जाना कि यह शरीर तो तुष है और यह आत्मा माष है, दोनों भिन्न भिन्न हैं। इसप्रकार भाव जानकर आत्माका अनुभव करने लगा। चिन्मात्र शुद्ध आत्माको जानकर उसमें लीन हुआ, तब घाति कर्मका नाश कर केवलज्ञान प्राप्त किया। इसप्रकार भावोंकी विशुद्धतासे सिद्धि हुई यह जानकर भाव शुद्ध करना, यह उपदेश है।।५३।।

१. माकार, ऐसा पाठ सुसंगत है।

## ગાથા-૫૩ ઉપર પ્રવચન

૫૩મી ગાથા. **'આગે શાસ્ત્ર પઢે બિના શિવભૂતિ મુનિને...'** 'શિવભૂતિ' મુનિ હતા. શાસ્ત્ર ભણ્યા નહોતા, આવડતું નહોતું, ધારણા પણ નહોતી. બહુ સરસ વાત છે. મોટી શાસ્ત્રની વાતું કરે, ભણે એથી કાંઈ સમ્યગ્દર્શન થઈ જાય એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને શાસ્ત્રનું ભણતર કાંઈ ન હોય તોપણ સમ્યગ્દર્શન થઈ જાય. એમ કહે છે.

મુમુક્ષુ :- ગુરુની કૃપા હોય.

ઉત્તર :- એ આત્માની કૃપા હોય ત્યારે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'શિવભૂતિ મુનિને તુષમાષકો ઘોખતે...'** તુષમાષ... તુષમાષ... તુષમાષ... બસ. શબ્દની ધારણા નહોતી થઈ. બહુ જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ ઘણો થોડો, બહુ થોડો. હો એની સાથે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- ...માર્ગકા પ્રવેશ હી નહીં બનતા.

ઉત્તર :- વહ તો ઠીક હૈ. એ તો બરાબર હોગા, લેકિન યહાં શબ્દ બરાબર નહિ. ભાવજ્ઞાન.

મુમુક્ષુ :- અપવાદ માર્ગ હૈ ના?

ઉત્તર :- અપવાદ નહિ, ઐસા હોતા હૈ, અનંત હો ગયે ઉસમેં ક્યા હૈ? ઉસમેં ક્યા હૈ? એસે તો અનંત હો ગયે.

આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે એવું ભાવજ્ઞાન થયું. આ બધા ભલે ધારણા ન રહે. શાસ્ત્રની ધારણા ન રહે, સમજાવવાની શક્તિ પણ ન હોય. એની સાથે કાંઈ સંબંધ નથી. એવી વાત છે, ભાઈ! પંડિતજી! પંડિત ઉપર તો પાણી મૂકે છે અહીંયાં. સંસ્કૃતના પ્રોફેસર છે. સંસ્કૃતના પ્રોફેસરના જ્ઞાન-ફાન અહીં કામ નથી કરતા, એમ કહે છે. શાસ્ત્રનું જ્ઞાન કામ નથી કરતું, એમ કહે છે. આહાહા..! ભગવાન તું કોણ છો? આહાહા..!

કાલે ઓલું ભાઈ! ભગવતીનું વાંચ્યુંને ત્યારથી થયું. આહાહા..! આ .. એવું ભજનમાં ક્યાંક આવે છે, હોં! 'તમે જો જો ... ઉત્પત્તિ...' અપની ઉત્પત્તિ. અપની એટલે શરીરની. પણ એમાં શબ્દ આત્મા આત્મા છે. પોતાની ઉત્પત્તિ તું જો, આ શરીર માટીનો પિંડ... આહાહા..! બહુ લખ્યું છે, ભાઈ! એટલું લખ્યું છે. માતાના પેટમાં,... ભાઈ! એક માતાના રુધિરનું બિંદુ અને પિતાના વીર્યનું બિંદુ બે ... આહાહા..! દસ દિ' સુધી તો એ એમ ને એમ રહે. પછી દસ દિ'એ તો કાંઈક કઠણ થાય. એવું છે. 'ભગવતી આરાધના'માં. આમાં છે ને? શરીરનો રાગ કેટલો તને? કોણ છો પણ આ શરીર? ધૂળ ધૂળ છે. આહાહા..! આ રહ્યું, લ્યો.

**'ગર્ભમેં તિષ્ઠા મિલા હુઆ માતા કા રુધિર, પિતા કા વીર્ય...'** શ્લોક છે, એવો શ્લોક. સો દસ રાત્રી પર્યંત તો હિલતા હુઆ અંદર તિષ્ઠતા હૈ. ઔર દસ દિન હોને કે બાદ કાલા હોય.' દસ રાત્રી પછી વીસ દિવસ પછી દસ દિવસ સ્થિર હોય. હલનચલન નહિ કરે. એક માસ તો એમ થાય. આ હાડકા ત્યાંથી ઉત્પન્ન થયા અને અહીં લાગે સારું. ધૂળેય નથી, કહે છે, સાંભળને, ભાઈ! આ તો અશુચિનો ભંડાર છે. પવિત્રતાનો ભંડાર તો ભગવાન છે.

કહે છે.. આહાહા..! ભારે વાત. 'દુજે માસ વિષે બુંદબુંદારૂપ હોય' બીજે મહિને બુંદ બુંદ અંદર જરી કઠણ થાય. ત્રીજે માસમાં બુંદબુંદ ઘન થાય. કઠોરતાને પ્રાપ્ત થાય. 'ચૌથે માસમેં માંસ કી પેશી, માંસ કી ડલ્લી..' થાય. એ શિવકોટી આચાર્ય રાજા હતા. મુનિ થયા ને? પછી એ મુનિ થઈ ગયા. એણે આ (બનાવ્યું છે). એને તો અનુભવ ઘણો હોય. રાજા હતા મોટા. પાંચમાં મહિનામાં પાંચ પુલક. પાંચમેં મહિને પેટમાં પાંચ અંકુર ફૂટે. 'માંસ કી ડલ્લીમેં નિકસે હૈં.' માંસની ડલ્લીમાં પાંચ અંકુર ફૂટે. ક્યા? એક મસ્તકનો આકાર, બે હાથના અને બે પગના. પાંચ અંકુર ફૂટે. આહાહા..! ઉત્પત્તિ જુઓ! ભગવાન અંદર છે હોં! આત્મા. 'અમરચંદભાઈ'! આત્મા તો અંદર છે. એ વિના મહિનો-બે મહિના ક્યાંથી થયા? આ શરીરના રજકણો આમ થવા માંડ્યા, ભાઈ! એમાંથી પગ ફાટ્યા બે આમ. વનસ્પતિમાંથી અંકુર ફૂટે ને? એમ લોહીનીં દળ એમાંથી જરી માથા જેવો આકાર, પગ અને હાથ. 'છઠે માસમેં મનુષ્ય કે અંગ-ઉપાંગ પ્રગટે.' હાથ-પગ જરી લાંબા ...

મુમુક્ષુ :- અંગ ઉપાંગ.

ઉત્તર :- અંગ અને ઉપાંગ બેય. અંગ અને ઉપાંગ. અહીં કહે છે.

'દો પગ, દો બાહુ, એક નિતંબ, એક પૂંઠ, એક હૃદય, એક મસ્તક યહ આઠ અંગ હૈ. અંજનમેં નેત્ર, નાસિકા, કર્ણ, હોઠ, આંગળી એ ઉપાંગ હૈ.' બધી એકે એક વાતનો વિસ્તાર છે. આ તો થોડું... આ સ્થિતિ દેહની ઉત્પત્તિ. આહાહા..! જુવાન થાય પછી જરી ઠીક લાગે. ભગવાન! તારો આત્મા અંદર પ્રભુ છે ને. આ તો બધી કોથળી વિષય, વિષ્ટા અને પેશાબની ઊભી થઈ મોટી. આહાહા..! સમજાણું? એક એક વાત કેટલી લીધી, જુઓ! 'દસવે મહિનેમેં અંગ-ઉપાંગ...'

મુમુક્ષુ :- કૌન-સી ગાથા મેં હૈ?

ઉત્તર :- ગાથા છે. ૬, ૭, ૮, ૯, ૧૦. ૧૦૧૦, ૧૦૦૬, ૭, ૮, ૯, ૧૦. ૧૦૦૦ને.

મુમુક્ષુ :- એક હજાર?

ઉત્તર :- ૧૦૦૬, ૭, ૮, ૯, ૧૦. આ શરીરની ઉત્પત્તિ.

ભગવાન તો આત્મા આનંદમૂર્તિ, અનાકુળ આનંદ વીતરાગનો રસ (છે). એ માંસની પેશીમાં પણ આત્મા હતો એ તો આનંદકંદ જ છે અંદર. આહાહા..! પામરતા-રાગ હું છું, પુણ્ય હું છું અને રાગની ક્રિયાથી મને કલ્યાણ (થાય), આ મિથ્યાત્વની માન્યતાએ પામરતા કરી નાખી છે. સમજાય છે કાંઈ? છે તો મોટો પ્રભુ અંદરમાં. પ્રગટ થશે પરમાત્મ દશા ક્યાંથી આવશે? એ કાંઈ બહારથી આવવાની છે? અંદરમાં છે ને આવશે. સ્વભાવ એનો તો પરમાત્મા પૂર્ણ વીતરાગ છે. વાત બેસતી નથી. કહે છે કે આવા ભણ્યા તો એને બેસતી નથી, એમ કહે છે. અગિયાર અંગનું ભણતર, એમાં આ બધું આવી ગયું હશે કે નહિ?

સાતમા માસમાં મનુષ્ય ચામડા, નખ, રોમ, વાળ થાય. તેની ઉત્પત્તિ. 'અષ્ટ માસ વિષે ગર્ભમેં કિંચિત્ ચલન કરે. નૌવેં, દસવે વિષે જન્મે.' આ બધી એની ઉત્પત્તિ દેહની, આ ધૂળની. એને સાચવવા માટે કેટલો વખત.

મુમુક્ષુ :- આખો દાડો એમાં જાય.

ઉત્તર :- આખો દાડો એમાં જાય? તો કરે કે દિ' આત્માનું?

મુમુક્ષુ :- એને જ આત્મા માન્યો છે પછી કરવાનું શું રહ્યું?

ઉત્તર :- આહાહા..! એને ઊંઘ આવી જાય તો સારું. જાગ્યો અને ચાલ્યો, દસ્ત જાય, આ થાય, સ્નાન કરે, લુગડા બુગડા શણગારે... આહાહા..! ઘણા પછી ચાંદલો-બાંદલો કરવો હોય તો આમ અરીસામાં જોવે. વાંદરા જેવો લાગે. બરાબર આવ્યો છે કે નહિ અહીં? ભગવાનની ભક્તિનું કરવાનું એ જુદી વાત છે. આ તો ઘરે. ભગવાન! તારું સ્વરૂપ તો અંદર, જુઓ! આવું કાંઈ ભણતર નહોતું શિવભૂતિને. જાણપણું એવું નહોતું. સમજાય છે? છતાં.. કહેશે, જુઓ!

**અર્થ :- 'આચાર્ય કહેતે હૈં કિ શિવભૂતિ મુનિને...'** આહાહા..!

**तुसमासं घोसंतो भावविसुद्धो महाणुभावो य।**
**णामेण य सिवभई केवलणाणी फुडं जाओ।।५३।।**

**'णामेण य सिवभई'** નો અર્થ જ કર્યો છે ઓલામાં. એનું નામ શિવભૂતી પણ ભાવ શિવભૂતિ થઈ ગયા.-કલ્યાણની મૂર્તિ થઈ ગયા. આહાહા..! મારુષ, માતુષ એટલા બે શબ્દ ગુરુએ કહ્યા. મારુષ કોઈની ઉપર રોષ કહીશ નહિ. તુષ-સંતોષ રાખજે. એટલે જ્ઞાતા-દૃષ્ટા રહેજે એનો અર્થ એ. તારું સ્વરૂપ જ જ્ઞાતા-દૃષ્ટા છે. એ મારુષ અને તુષ કહ્યું એટલું યાદ ન રહ્યું? પણ આત્મા યાદ રહી ગયો અંદરથી. સમજાણું કાંઈ? આ બહારના ભણતરના અભિમાન હોય છે ને? અમે આ ભણ્યા... અમે આ ભણ્યા... ઈ અટકાવે છે એને અંદર જતા. '...ભાઈ'! ત્યાં રોકાય છે. આહાહા..!

અહીં તો કહે છે કે આ દેહાદિ તો ક્યાંય બહાર છે, પણ અંદર પુણ્ય-પાપના વિકલ્પો એ બાહ્ય છે, આ શાસ્ત્રનું જ્ઞાન એ બાહ્ય છે. અંતર ભગવાન ચૈતન્યની મૂર્તિ આનંદકંદ, એનું જ્યાં અંતર ભાન થયું, ભાષા ભલે ન આવડે. આહાહા..! અને આ અગિયાર અંગ ભણીને મોટી લાખો માણસમાં વાતું કરે. પણ એ રાગ ને શરીરની ક્રિયા અને જ્ઞાનના જાણપણા આત્માથી ભિન્ન છે. એવું ભાન નથી તો એકડા વિનાના કોરે કાગળે મીંડા છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરનું આ ફરમાન છે. લોકોને ખબર જ નથી. આ બહારની ક્રિયા કરે-દયા પાળે, વ્રત કર્યા, તપ કર્યા, મુંડાવ્યું અને બહાર નીકળ્યા. થઈ ગયા સાધુ. 'ભગવાનજીભાઈ'! ત્યાં તો તમારે તો ઓલો જતિ આવ્યો તો થઈ ગયું કે જય મહારાજ! ત્યાં શું કરે છે પણ ત્યાં?

મુમુક્ષુ :- કોઈ હતું નહિ.

ઉત્તર :- કોઈ હતું નહિ. 'ભગવાનજીભાઈ'! કોઈ નહોતું. 'નાઈરોબી' 'નાઈરોબી' કે? જતિ આવ્યો હતો જતિ. ઘરે ઘરે દોઢસો રૂપિયા મૂકે. પગલાં કરે, લાખ રૂપિયા થઈ ગયા. શેઠિયાઓ હોય ત્યાં પગલા કરાવે. એ જાણે કે પણ આપણે ક્યાં છે? કોઈ ત્યાગી દેખાતો નથી. ઈ કરતા બિચારો આવ્યો છે ને. દેરાસર દર્શન કરે તો આપણને શું વાંધો? જૈન સાધુ. કોને કહેવા? બાપુ! જૈન એ કાંઈ વાડો નથી. જૈન તો આત્મા અખંડાનંદ ચિદાનંદ વીતરાગમૂર્તિ આત્માનું સ્વરૂપ છે. એની અંતરમાં દૃષ્ટિ કરવી. ક્રિયાકાંડનો રાગ એ હું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ!

'**શિવભૂતિ મુનિને...**' શાસ્ત્ર વિના. એમ લઈએ. '**પરંતુ તુષ માષ ઐસે શબ્દકો રટતે હુએ...**' શાસ્ત્રનો શબ્દ નહોતો. એમ. કોણ? '**તુષ માષ ઐસા શબ્દમાત્ર રટનેસે હી ભાવોંકી વિશુદ્ધતાસે...**' અંદર ચિદાનંદ ભગવાન પવિત્રના ધામમાં અંતર્મુખે જોયું. જે જ્ઞાન વર્તમાન દશા પરને જોતું હતું એ અંતરમાં જ્યાં મૂક્યું (ત્યાં) ચિદાનંદ ભગવાનઆત્માનું ભાન થઈ ગયું. '**મહાનુભાવ હોકર...**' જુઓ! સમ્યગ્દર્શન-જ્ઞાન પામી '**કેવલજ્ઞાન પાયા,...**' કેવળજ્ઞાન પામ્યા, કેવળજ્ઞાન! આહાહા..! ત્રણકાળ, ત્રણલોકને (જાણે).

**ભાવાર્થ :-** '**કોઈ જાનેગા કિ શાસ્ત્ર પઢનેસે હી સિદ્ધિ હૈ તો ઈસપ્રકાર ભી નહીં હૈ. શિવભૂતિ મુનિને તુષમાષ ઐસા શબ્દમાત્ર રટનેસે હી ભાવોંકી વિશુદ્ધતાસે કેવલજ્ઞાન પાયા.**' લ્યો! '**ઈસી કથા ઈસપ્રકાર હૈ - કોઈ શિવભૂતિ નામક મુનિ થા. ઉસને ગુરુ કે પાસ શાસ્ત્ર પઢે પરંતુ ધારણા નહીં હુઈ.**' ધારણા રહે નહિ. આહાહા..! એ ધારણા ન રહે એ કાંઈ દોષ નથી. સમજાય છે? એ કાંઈ દોષ નથી. દોષ તો રાગ હું અને આ માને એ ભાવ તે દોષ છે. અલ્પજ્ઞાન એ દોષ નથી. વિરૂદ્ધ શ્રદ્ધા

એ દોષ છે. સમજાણું કાંઈ?

એ (સંવત) ૧૯૭૫માં કહ્યું હતું. '...' ૧૯૭૫. કેટલા વર્ષ થયા? ૫૧ થયા. બે હતા ને અમારે એવા. કીધું, ભાઈ! અલ્પજ્ઞાન એ કાંઈ દોષ નથી. પણ વિરૂદ્ધ શ્રદ્ધા અને રાગ-દ્વેષ એ દોષ છે. ન ધારણા આવડે માટે દોષ નથી. એ કાંઈ દોષ નથી. જુઓને! દોષ હોય તો તો અંદર આગળ જઈ શકે નહિ. સમજાણું કાંઈ? પણ અલ્પજ્ઞાનનું અભિમાન અથવા વિશેષ ઉઘાડનું અભિમાન કાં પુણ્ય-પાપના વિકલ્પનું અભિમાન, એ મિથ્યાત્વનો મહા દોષ છે. આહાહા..! સમજાણું કાંઈ? મહા મિથ્યાત્વનો દોષ એ કસાઈખાનાના પાપ કરતાં એ મિથ્યાત્વનું પાપ અનંતગણું છે. લોકોને ખબર ન મળે શું પાપ અને શું? આ તો આંધળેઆંધળા (ચાલ્યા જાય). અંધો અંધ પલાય.

અરે..! આવો મનુષ્યદેહ ચાલ્યો જાય છે. એક એક સમય. ફરીને આવા વિચારવાના વખત ને ટાણા મળવા મુશ્કેલ છે. એને એમ લાગે કે અમે મોટા છીએ. મોટા થાય છે કે મરણની સામો જાય છે? જે સ્થિતિ લઈને આવ્યો એની સામો જાઈશ. જે સ્થિતિ છે ને એ ઓછી થતી જાય છે. પાઠ નથી આવતો? ડોશી કહે દીકરો મોટો થાય. અહીં કહે કે મરણની સન્મુખ જાય. જેટલું આયુષ્ય લઈને આવ્યો છે એટલું છે. એમાં કાંઈ વધવાનું નથી. એની મા કહે મારો દીકરો ચાલીસ વર્ષનો થયો. ભગવાન કહે, ચાલીસ વર્ષ ગયા તારા, હવે મૃત્યુની સન્મુખ થઈ ગયો. આહાહા..! દેહસ્થિતિ છે. ભાઈ! આ તો હાડકા છે આ તો માંસ છે. અને તારો આત્મા મિથ્યા શ્રદ્ધા અને જ્ઞાનમાં રહ્યો તો પરિભ્રમણને રસ્તે-પંથે ચડશે. આહાહા..! કોઈ ત્યાં તારી મદદે છે નહિ. એવા દ્રવ્યલિંગી સાધુપણા અનંતવાર લીધા. સમજાણું? પંચમહાવ્રત પાળ્યા. એ તો આ દ્રવ્યલિંગી એને કહીએ, હોં! નગ્નમુનિ હોય, પંચમહાવ્રત ચોખ્ખા પાળે, અઠ્યાવીશ મૂળગુણ સામાયિક ચોવિસંથો ચોખ્ખા હોય તો એને દ્રવ્યલિંગી કહીએ. વસ્ત્ર-પાત્ર સહિતવાળો દ્રવ્યલિંગી પણ નથી.

મુમુક્ષુ :- ભાવલિંગ હોય તો...

ઉત્તર :- હા.એ દ્રવ્યલિંગીપણું અનંતવાર પાળ્યું તોપણ આત્માના સમ્યગ્દર્શન વિના આત્માના જન્મ-મરણનો અંત આવ્યો નહિ. આહાહા..!

'**પઢે પરંતુ ધારણા નહીં હુઈ. તબ ગુરુને યહ શબ્દ પઢાયા કિ મા રુષ મા તુષ...**' અર્થાત્ કોઈ અનુકૂળમાં રાગ નહિ, પ્રતિકૂળતામાં દ્વેષ નહિ. અનુકૂળ-પ્રતિકુળ કોઈ ચીજ નથી. તું તો આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ જાણનાર છો. બસ. આ ઠીક અને અઠીક એવું સ્વરૂપમાં છે નહિ. ચૈતન્ય એ તો જ્ઞાનનો પ્રવાહ છે. તેટલું મા રુષ-રોષ કરીશ નહિ, ભાઈ! મા તુષ-રાગ કરીશ નહિ. બસ, આટલી વાત. આહાહા..! એનો અર્થ એ કે આત્મા વીતરાગ સ્વરૂપ છે એની દૃષ્ટિ કર. કહો, સમજાણું કાંઈ?

'**સો ઈસ શબ્દકો ઘોખને લગા.**' મારુષ.. માતુષ.. મારુષ... '**ઈસકા અર્થ યહ હૈ કિ રોષ મત કરે, તોષ મત કરે...**' રોષ કરીશ નહિ. '**અર્થાત્ રાગદ્વેષ મત કરે, ઈસસે સર્વ સિદ્ધ હૈ.**' રાગ-દ્વેષ ન કર. એનો અર્થ કે વીતરાગતા આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એમાં આવી જા, એમ કહ્યું. '**ફિર યહ ભી શુદ્ધ યાદ ન રહા તબ 'તુષમાષ' ઐસા પાઠ ઘોખને લગા, લગા, દોનોં પદોંકે 'રુકાર ઔર તુકાર' ભૂલ ગયે...**' કહે છે ને મારુષ. એ દોષ હતો ને? મારુષ, માતુષ. આહાહા..! '**દોનોં પદોંકે રુકાર ઔર તુકાર ભૂલ ગયે ઔર 'તુષમાષ' ઈસપ્રકાર યાદ રહ ગયા.**' તુષ માષ... તુષ માષ... તુષ માષ રહ ગયા. મા રુષ, મા તુષ. એટલે મા રુ-દોષવાળું જે હતું એ નીકળી ગયું. આહાહા..! સમજાણું કાંઈ? એટલા શબ્દ યાદ ન રહ્યા. માટે કંઈ એવો ઉઘાડ ન હોય તો જ્ઞાન આત્માનું ન થાય, અને સમ્યગ્દર્શન ન થાય એમ છે નહિ. આહાહા..! અગિયાર અંગ ભણે, જગતમાં વાતું કરે આમ હોય ને તેમ હોય. તોપણ એ બધું અજ્ઞાન છે. આત્માના સમ્યક્ વિના એ જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**દોનોં પદોંકે રુકાર ઔર તુકાર ભૂલ ગયે ઔર 'તુષ માષ' ઈસપ્રકાર યાદ રહ ગયા. ઉસકો ઘોખતે હુએ વિચારને લગે.**' તુષમાષ... તુષમાષ... તુષમાષ... વૈરાગ્ય હતો. શાસ્ત્રની ધારણા છૂટી ગઈ. વસ્તુની અંદરમાં ભાવમાં આ તુષ માષમાં આવી ગયા. '**તબ કોઈ એક સ્ત્રી ઉડદકી દાલ ધો રહી થી,...**' અડદ-અડદની. પલાળે છે ને અડદની દાળ? એના ફોતરા-છીલકા. પલાળે પછી ફોતરા છૂટા પડી જાય છે ને? આમ આમ કરીને ફોતરા કાઢતી હતી. અડદના ઓલા રહી જાય.

'**ઉસકો કિસીને પૂછા તુ ક્યા કર રહી હૈ?**' મુનિએ પૂછ્યું નહિ. કોઈએ પૂછ્યું. બીજી કોઈ બાયે પૂછ્યું. અડદ-અડદ. અડદની દાળ પલાળી હોય પછી કાળા ફોતરા નીકળે છે ને? કડી કરવા માટે. છડીદાળ આપણે કાઠિયાવાડમાં કહે છે. ધોળી. આમ આમ કરીને ઓલા ફોતરા કાઢી નાખે. બીજી બાઈ (કહે), શું કરો છો? બહેન! '**ઉસકો કિસીને પૂછા તૂ ક્યા કર રહી હૈ? ઉસને કહા- તુષ ઔર માષ ભિન્ન ભિન્ન કર રહી હૂં.**' ફોતરા અને અડદ બે જુદાં જુદાં કરું છું. આહાહા..! લ્યો! આટલો શબ્દ. આ કાંઈ શાસ્ત્રનો શબ્દ નથી.

'**તુષ ઔર માષ ભિન્ન ભિન્ન કર રહી હૂં. તબ યહ સુનકર મુનિને 'તુષમાષ' શબ્દકા ભાવાર્થ યહ જાના કિ યહ શરીર તો તુષ હૈ...**' શરીર શબ્દે રાગ, પુણ્ય-પાપ, વિકલ્પ બધું તુષ છે. સમજાય છે કાંઈ? '**देहादिसंगरहिओ**' આવશે, જુઓ! ૫૬માં આવશે. '**देहादिसंगरहिओ**' ૫૬મી ગાથામાં પહેલું. બધું રાગ-બાગ વિકલ્પમાત્ર. ચૈતન્યદળ, આનંદકંદનું દળ એ અડદ અને પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને શરીરાદિ બધા ફોતરા.

સમજાણું કાંઈ?

**'ભાવાર્થ યહ જાના કિ યહ શરીર તો તુષ હૈ ઔર યહ આત્મા માષ હૈ,...'** જુઓ! આમાં આત્મા માષ છે. ઓલો રાગાદિ પણ નહિ. અડદ-અડદ ધોળી દાળ. છડી દાળ છડી. છડી અમારે ગુજરાતીમાં કહે છે. તમારે શું કહે છે? અડદની દાળ ધોળી. **'શબ્દકા ભાવાર્થ યહ જાના કિ યહ શરીર તો તુષ હૈ. ઈસપ્રકાર ભાવ જાનકર...'** આત્મા માષ છે અને શરીર તુષ છે. આહાહા..! શબ્દોમાં બહુ સાધારણ શબ્દ હતા. પણ તુષમાષમાં એને અંતરમાં રહી ગયું કે આ ભગવાનઆત્મા આનંદનું, જ્ઞાનનું ધામ તે જ અડદ છે-માષ છે. અને વિકલ્પથી માંડીને વ્યવહાર .. એ બધા ફોતરા છે. બસ, બે જ ચીજ. સમજાણું કાંઈ?

**'ઈસપ્રકાર ભાવ જાનકર...'** એવા ભાવ જાણી, ભાવ જાણી. આ જ્ઞાયક ચૈતન્યબિંબ પ્રભુ એ તો માષ અડદને સ્થાને છે. અડદને સ્થાને છે. પુણ્ય-પાપના વિકલ્પ કર્મ, શરીર, વાણી, મન બધું તુષ ઉપરના ફોતરા કાળા છે. એને અને અડદને કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! એવા ભાવ જાણી **'આત્માકા અનુભવ કરને લગા.'** લ્યો! અંતર આનંદનો અનુભવ કરવા લાગ્યો. આત્મા માષ છે-આનંદ શુદ્ધ ચૈતન્યધાતુ આનંદનો કંદ એમ જ્યાં અનુભવ કરવા લાગ્યા. **'ચિન્માત્ર શુદ્ધ આત્માકો જાનકર...'** લ્યો! આત્મા તો જ્ઞાનમાત્ર શુદ્ધ છે. પુણ્ય, પાપ વિકલ્પ આદિ બધું આત્મામાં નથી. આત્મા છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

રાજાના કુંવરો હશે. જ્યારે વૈરાગ્ય થતાં હશે. મણિરત્નના અંદર તળિયા હોય. આ શું કહેવાય? લાદી. મણિરતનની લાદીઓ અને નવી પરણેલી આમ ૩૨ વર્ષની જુવાન કન્યાઓ રાજકુમારી. મસાણ જેવું લાગે. અરે..! અમે ક્યાં છીએ અને આ શું છે આ? સમજાય છે કાંઈ? અમે કોણ છીએ અને આ શું દેખાય છે? આ શરીર એ હું નહિ, વાણી હું નહિ, બાયડી હું નહિ. અંદર દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે એ દયા, દાન, વ્રત, ભક્તિ એ હું નહિ.. એ હું નહિ. મારી ચીજ તો અંદર જ્ઞાનાનંદનો કસ વીતરાગસ્વભાવથી ભરેલો. આહાહા..! સમજાણું કાંઈ? એકલા વૈરાગ્યથી બાયડી-છોકરા છોડીને નીકળે માટે ધર્મી થઈ જાય એમ છે નહિ. એમ કહે છે. આહાહા..! આ બાયડી-છોકરા છોડ્યા થઈ ગયો, વેશ ફેરવ્યા, નગ્ન થયો (એટલે થઈ ગયો) સાધુ. ધૂળેય સાધુ નથી, સાંભળને! કોને કહેવા સાધુ અને કોને કહેવા સમકિતી હજી તને ખબર નથી. આહાહા..!

અહીંયાં તો પુણ્ય-પાપના વિકલ્પો રાગ એ ફોતરા અને આત્મા ચિન્માત્ર શુદ્ધ. બસ. ચિન્માત્ર શુદ્ધ આત્મા ભગવાન જ્ઞાનમાત્ર એની અંતર દૃષ્ટિ કરવી અને અનુભવ થવો એનું નામ તો હજી પહેલું સમ્યગ્દર્શનની, ધર્મની પહેલી સીઢી. હવે એનું તો ભાન

ન મળે અને ધર્મ થઈ ગયા. મરી જઈશ, ચૌર્યાશીના અવતારમાં ચાલ્યો જાઈશ. કોઈ પૂછે એવું નથી. સમજાણું કાંઈ? આહાહા..! શરણભૂત ભગવાન ચિદાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ. લ્યો! ચિન્મૂર્તિમાં વળી ઓલું યાદ આવી ગયું તમારું. શું કહે છે? સોનાની સાંકળીને શું કહે છે? ચેઈન કહે છે? ચેઈન કહે છે, નહિ? સોનાની સાંકળીથી વાત યાદ આવી ગઈ આ ચેઈનનું. ચેઈન સાંકળી નહિ આ તો ચિન્મૂર્તિની સાંકળી આ તો. આહા..! એ... 'વજુભાઈ'! એવું કાંઈક કહે છે ખરું. એવું સાંભળેલું ખરું. આહાહા..! તું તો ચિન્મૂર્તિ ચેન છો. જ્ઞાનનો ગાંગડો છો, ચૈતન્યનો ગાંગડો છો ભગવાનઆત્મા. એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ એમાં છે નહિ. એ જુદી ચીજ વિકાર, દોષ છે. આહાહા..! શું કહ્યું? જુઓને!

**'આત્માકા અનુભવ કરને લગા.'** શું? **'ચિન્માત્ર શુદ્ધ આત્માકો જાનકર ઉસમેં લીન હુઆ,...'** આહાહા..! મારો પ્રભુ ચિન્મૂર્તિ છે. હું તો જ્ઞાનના આનંદનો ધામ છું. રાગ-દ્વેષ વિકલ્પ એ મારી ચીજમાં નથી. એ ફોતરા.. ફોતરા.. ફોતરા.. એ અડદની દાળના કાળા ફોતરા. આહાહા..! સમજાણું કાંઈ? એમ **'ચિન્માત્ર શુદ્ધ આત્માકો જાનકર ઉસમેં લીન હુઆ,...'** એ ચારિત્ર થયું. આહાહા..! ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ, એની અંતર નજર કરી રાગને, વિકલ્પને ભિન્ન કરી સ્વરૂપને જાણીને ઠર્યો, લીન થયો.

**'તબ ઘાતિ કર્મકા નાશ કર...'** લ્યો! ચાર ઘાતિકર્મનો નાશ કરીને કેવળજ્ઞાન ઝળહળ ... કેવળજ્ઞાન પ્રગટ્યું. આહાહા..! કહો, સમજાણું? 'ઘાતિકર્મકા નાશ કર કેવલજ્ઞાન પ્રાપ્ત કિયા. ઈસપ્રકાર ભાવોંકી વિશુદ્ધતાસે સિદ્ધિ હુઈ જાનકર ભાવ શુદ્ધ કરના યહ ઉપદેશ હૈ.' સમજાણું કાંઈ? બહુ સરસ વાત, લ્યો! પહેલી આવી એ અગિયાર અંગનું જ્ઞાન. બીજું આવ્યું આ. કાંઈ નહોતું જ્ઞાન. અગિયાર અંગનું જ્ઞાન બધાને જાણે છતાં કાંઈ નહોતું. આને અગિયાર અંગની કાંઈ શબ્દની ધારણા નહોતી પણ વસ્તુ ચિદાનંદ... આહાહા..! કહો, સમજાણું કાંઈ?

---

आगे इसी अर्थको सामान्यरूपसे कहते हैं :-

**भावेण होइ णग्गो बाहिरलिंगेण किं च णग्गेण।**
**कम्मपयडीण णियरं णासइ भावेण दव्वेण।।५४।।**
भावेन भवति नग्नः बहिर्लिंगेन किं च नग्नेन।
कर्मप्रकृतीनां निकरं नाशयति भावेन द्रव्येण।।५४।।
**નગ્નત્વ તો છે ભાવથી; શું નગ્ન બાહિર-લિંગથી?**
**રે! નાશ કર્મસમૂહ કેરો હોય ભાવથી દ્રવ્યથી. ૫૪.**

अर्थ :- भावसे नग्न होता है, बाह्य नग्नलिंगसे क्या कार्य होता है? अर्थात् नहीं होता है, क्योंकि भावसहित द्रव्यलिंगसे कर्मप्रकृतिके समूहका नाश होता है।

भावार्थ :- आत्माके कर्मप्रकृतिके नाशसे निर्जरा तथा मोक्ष होना कार्य है। यह कार्य द्रव्यलिंगसे नहीं होता। भावसहित द्रव्यलिंग होनेपर कर्मकी निर्जरा नामक कार्य होता है। केवल द्रव्यलिंगसे तो नहीं होता है, इसलिए भावसहित द्रव्यलिंग धारण करनेका यह उपदेश है।।५४।।

## ગાથા-૫૪ ઉપર પ્રવચન

'આગે ઈસી અર્થકો સામાન્યરૂપસે કહતે હૈં :-'

**भावेण होइ णग्गो बाहिरलिंगेण किं च णग्गेण।**
**कम्मपयडीण णियरं णासइ भावेण दव्वेण।।५४।।**

જુઓ! બેય હોય પાછા, હોં! એમ. ભાવ જ્યાં આવો પ્રગટે ત્યાં દ્રવ્ય નગ્નપણું જ હોય. પાછું કોઈ કહે કે એને ગૃહસ્થાશ્રમનો વેશ હોય અને ભાવ આવી ગયો મુનિપણાનો. એમ હોઈ શકે નહિ. લુગડા-બુગડા રાખતા હોય, પાત્રા રાખતા હોય અને અમને ભાવ આવી ગયો મુનિપણાનો. તદ્દન જૂઠું, તદ્દન જૂઠો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! બેય નાખ્યું છે, હોં! 'ઈબ્પક્ષૂજબિ રુઝૂૈંઁ અળલઈ ધળમજ્ઞઞ ડ્વમજ્ઞઞ' જોડે એ નિમિત્ત છે ને? આહાહા..!

**અર્થ :- 'ભાવસે નગ્ન હોતા હૈ,...'** જુઓ! અંદરમાં વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિના રાગથી પણ જુદો પડે ત્યારે તેને સમ્યગ્દર્શન હજી તો ધર્મની પહેલી સીઢી થાય. આહાહા..! ભારે કામ જગતને... **'બાહ્ય નગ્નલિંગસે ક્યા કાર્ય હોતા હૈ?'** એકલું નગ્નપણું દિગંબર મુનિ થઈને વનમાં વસે, હજારો રાણીનો ત્યાગ કરે. એથી શું? આત્માનું કલ્યાણ એમાં કાંઈ છે નહિ. **'ક્યોંકિ ભાવસહિત દ્રવ્યલિંગસે...'** જુઓ! ભાવ જ્યાં આવો પ્રગટ્યો ત્યાં નગ્નપણું, અઠ્યાવીશ મૂળગુણનું નિમિત્તપણું ત્યાં એવું જ હોય. પાછું બીજું હોય નિમિત્તપણું એમ નહિ. જ્યાં ભાવ પ્રગટ્યો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ત્યાં આગળ બાહ્યમાં નગ્ન દશા થઈ જાય. અંદર અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ જ હોય. ભલે ફોતરા છે. પણ એ હોય. એમ નહિ કે ગૃહસ્થનો વેશ છે ને મુનિપણું આવી ગયું અને કેવળજ્ઞાન થઈ ગયું. એમ ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? 'મનસુખભાઈ'! લ્યો, આ નગ્નપણું તો હોય ખરું. પણ ઓલું ભાવલિંગ હોય તો નગ્નપણું નિમિત્ત કહેવામાં આવે. કહો, સમજાણું કાંઈ? અને ભાવલિંગ હોય અને અનુભવમાં હોય અને નગ્નપણું ન હોય અને બીજો વેશ હોય એમ હોઈ શકે નહિ કોઈ દિ'.

વીતરાગમાર્ગમાં એ વાત છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તેની ત્યાં કિંમત નથી.

ઉત્તર :- કિંમત નથી છતાં હોય છે. કોથળાની કિંમત નથી. ચાર મણ અને અઢી શેર ચોખા તોળે, લ્યો. ચોખા-ચોખા સમજો છો ને? ચાવલ. ચાર મણ અને અઢી શેર. હવે ચાર મણ ચોખા રંધાય અને અઢી શેર ન રંધાય. પણ કોથળામાં રહે ને ચોખા? ભેગો તોળાઈ જાય સાથે ચાર મણ અને અઢી શેર. ચોખા હોય ચાર મણ. કોથળો હોય. કોથળા સમજ્યા ને બારદાન? એ અઢી શેર હોય. બોલાય તો એમ જ ને સાથે?

મુમુક્ષુ :- શું લાવ્યા? તો કહે ચોખા લાવ્યા.

ઉત્તર :- ચોખા લાવ્યા. પણ ઓલું બારદાન ભેગું છે. ચોખા ખૂટે તો કાંઈ બારદાન રંધાતા હશે? એય..! 'મનસુખ'! એ રાખે ઓલો શું કહેવાય મોટો? કાંટો મોટો. અમારે જોડે કાંટો હતો ... એમાં બોલતા ચાર મણ અને અઢી શેર. ઓલા મજૂર બોલે ને. મજૂર બોલે. એક દુકાન જોડે એમની હતી. અહીંથી .. હોય તો ત્યાં જાય. કહે છે કે ચોખા છે એ રાંધવામાં કામ આવે, કાંઈ કોથળો રાંધવામાં કામ આવે? પણ કોથળો હોય ખરો. કોથળો ન હોય અને ચોખા એકલા ચોખા શી રીતે...?

એમ '**ભાવલિંગસહિત દ્રવ્યલિંગસે કર્મપ્રકૃતિકે સમૂહકા નાશ હોતા હૈ.**' જુઓ! પાઠ શાસ્ત્રનો. સમજાય છે કાંઈ? જેને અંતરના શુદ્ધ ચૈતન્યનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને વીતરાગી ચારિત્ર પ્રગટ્યું હોય, ભાવ મુનિદશા (હોય), એને બાહ્ય લિંગ નગ્ન જ હોય. એ સિવાય એનો વેશ બીજો હોય નહિ. અને અઠ્યાવીશ મૂળગુણના જ વિકલ્પ રાગ હોય. રાગ હોય ખરો. એનાથી બંધનું કારણ છે. પણ એ હોય ખરું એવું. આહાહા..! વીતરાગ માર્ગની જગતને ખબર નથી. માટે ક્યાંય ક્યાંય ચડી ગયા બિચારા. મનુષ્યનો અવતાર એળે ચાલ્યા જશે. ધૂળમાંય નથી. કોઈ બે-પાંચ-દસ લાખ ભેગા કર્યા હોય. એ તો પુણ્યને લઈને. અભિમાનનો પાર ન હોય. અમે તો.. બાપા મૂકી નહોતા ગયા અને અમે બાહુબળે રળ્યા છે. ધૂળેય રળ્યો નથી, સાંભળને હવે. એ તો પૂર્વના પુણ્યની નોટ પડી હશે બળી પછી આ દેખાણું બહાર. એમ હશે કે નહિ? 'મનસુખ'! કોઈની માનતા-બાનતા કરે તો થાય કે નહિ? સોમવાર રહે તો? સોમવાર રહે તો પાપ વધારે, પુણ્ય ઘટી જાય. એવું ભગવાન કહે છે. સમજાણું? કોઈને નામે સોમવાર રહે, ઓલો રહે, તિથિ રહે. શું તમારે કહેવાય? પીર. ... એ રહે તો એને લાભ શું થાય? કે પૂર્વનું જે પાપ છે એમાં વધારો થાય અને પૂર્વે પુણ્ય બાંધ્યું હોય એમાં ઘટાડો થાય.

મુમુક્ષુ :- ધર્મ કેટલો થાય?

ઉત્તર :- પાપ પૂરું થાય. ધર્મ ત્યાં ક્યાં હતો ધૂળેય? સમજાણું કાંઈ? હવે આપણે એક સોમવાર રાખો, એક વીંટી રાખો હાથમાં આંગળીમાં, શનિવારની કે ફલાણું. એવા ઘણા પ્રકાર છે. આપણને બહુ ખબર નથી. મંગળ ને શનિ. આવા ને આવા મૂંઢ તે કાંઈ... એ જાતા ને ઓલા ક્યાંક. ક્યું ગામ? કરોડપતિ હતો. 'અમરાવતી'. 'અમરાવતી'નો ઓલો ગૃહસ્થ હતો ને કરોડપતિ? મોટો હતો. નાથુલાલ. નાથુ શાહ કરોડપતિ. અમે ઘરે આહાર કરવા ગયા. ઘણું માણસ ને સ્વાગતમાં. ઘણું માણસ ને વ્યાખ્યાન આપ્યું. ઘણું માણસ. એમાં એ કાંઈક શનિ-બનિની વીંટી રાખતા હશે ઈ ખોવાઈ ગઈ. આ જૈન દિગંબર કહેવાય. કરોડપતિ છે. નથુ ને કોણ? હા એ. છ હજારની કાંઈક વીંટી લીધી. શનિ-બનિની હશે. આ ધૂળના વહેમના પાર નહિ અજ્ઞાનીને. એ વીંટી ખોવાઈ ગઈ. કહે અરે..! આજ તો મારી વીંટી ખોવાઈ ગઈ. આમ જ્યાં પૂછ્યું ત્યાં કહે એ બધી વહેમની વીંટી હતી. પૈસા થાય તો આ ઠીક થાય. શનિદેવની વીંટી પહેરી હોય ને. ધૂળેય ન થાય, સાંભળને. મરી જાઈશ તું હવે. પૂર્વના પુણ્ય વિના એકેય પાઈ મળે નહિ. એય..! 'કનુ'! એ 'કનુભાઈ'ને .. .. 'હસુભાઈ'ને વધારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માન્યતા ખોટે ખોટી. ગપના પાપની મોટી છે માન્યતા. પુણ્ય પૂર્વના બાંધ્યા હોય એ ઘટી જાય, એમ ભગવાન કહે છે.

મુમુક્ષુ :- ભગવાન તો એમ જ કહે છે ને. પણ જ્યોતિષ બીજું કહે છે.

ઉત્તર :- જ્યોતિષ તો મૂર્ખા હોય તો મૂકે, એને પૈસા જોતા હોય એટલે. એને કમાવાનું હોય કે નહિ? લાવો, બે રૂપિયા.

અમારે તે દિ' અમારી નાની ઉંમર. ૧૭ વર્ષની હશે ઘણું કરીને. ૧૯ વર્ષની. દુકાનમાં હું એકલો હતો. આ લોકો ખાવા ગયેલા સાંજના. તો એમાં એક આવ્યો જ્યોતિષ. હોંશિયાર, હોં! .. લટકાવેલી હોય. પાઘડી બાંધે છે ને? એની દુકાન લોટિયાની હતી. અમારી દુકાન પહેલી. ત્યાં મુસલમાનને ત્યાં તો ન જાય. અમે તો દુકાનદારી શેઠ જ કહેવાય ને? ૧૯ વર્ષના. શેઠ બોલશો નહિ કાંઈ તમે. તમારે લેવું હોય તો લેજો.

મુમુક્ષુ :- તમારાથી મુહૂર્ત કરવું છે.

ઉત્તર :- તમારાથી મુહૂર્ત કરવું છે. મોઢા આગળ ગુણ હતી ને? ગુણમાં બેઠો. ૫૫ વર્ષનું આયુષ્ય છે. હવે અહીં ૮૧ તો થયા અત્યારે. બધે ખોટે ખોટા ગપ માર્યા. તે દિ' ૧૯ વર્ષની ઉંમર નાની હતી અને આહાહા..! ૫૫ વર્ષ! એટલે બહુ લાગે. એમ બોલ્યો હતો, લ્યો! તે દિ' ચાર આના આપ્યા હતા.

મુમુક્ષુ :- બોણી તો કરવી જોઈએ ને.

ઉત્તર :- એમ બોલ્યો હતો બોણી કરજો. ના પાડશો નહિ. આપવું ન આપવું પણ... ઠીક, તારું લઈ જા. ૫૫ વર્ષનું આયુષ્ય અને ઘણી મોટી દુકાન, શેઠિયા થશે. અને નોકરો આવો અને છોકરો આવો. ઓહો..! વાતું કરવા માંડ્યો એ તો. સારું જ બોલે ને? આવા ને આવા ગપે ગપ. મૂર્ખા હોય એટલે મુંઝાઈ જાય. નક્કી આપણે આવું થાશે. ધૂળેય નહિ થાય, સાંભળને હવે. આ ૫૫નું કહ્યું હતું અને ૮૧ થયા. ક્યાં ગયું તારું જ્યોતિષી? હોંશિયાર હતો હોં. આહાહા..! કાંઈ ન મળે જ્યોતિષ-બ્યોતિષમાં મફતના ડિંગ મારે મારા એમાં રાજી થાય.

અહીં તો ભગવાન એમ કહે છે, ભાવસ્વરૂપનું ભાન જેને છે. જુઓ! ભાવાર્થ :- 'આત્મા કે કર્મપ્રકૃતિકે નાશે નિર્જરા તથા મોક્ષ હોના કાર્ય હૈ.' શું કહે છે? આત્માનું ખરું કાર્ય ક્યું? કે કર્મની નિર્જરા છૂટી અને મોક્ષ થાય એ આત્માનું કાર્ય છે. આત્માનું એ કાર્ય છે. કર્મ પ્રકૃતિનો નાશ કરી. વ્યવહારથી વાત કરે ને. અશુદ્ધતાની.. 'નિર્જરા તથા મોક્ષ હોના કાર્ય હૈ. યહ કાર્ય દ્રવ્યલિંગસે નહીં હોતા.' તે કાર્ય દ્રવ્યલિંગ અને નગ્નપણું કાંઈ અઠ્યાવીશ મુળગુણથી થાય નહિ. છતાં થયા વિના રહે નહિ. આવી વાત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારનો દોષ ઘણો.

ઉત્તર :- વ્યવહારનો દોષ ક્યાં છે? વસ્તુ હોય છે, એટલી વાત છે. કેસરના કાંઈ કોથળા ભરાય? કોથળામાં કેસર નખાય? કેસરમાં તો ડબ્બા અને બરણી જોઈએ. એમ મુનિપણું જ્યાં અંદર પ્રગટે એને તો નગ્ન અને અઠ્યાવીશ મૂળગુણના જ વિકલ્પનો ડબ્બો હોય. સમજાણું કાંઈ? એ કોથળે કેસર ન રહે. કોથળો સમજો છો? બારદાન. બોરી. સુતળીની બોરી. એમાં કેસર રહે? કેસરનો ભૂકો થઈને નીકળી જાય કેસર. બરણી અને ડબ્બા હોય તો રહે. આહાહા..! અંતરના અનુભવનું ભાન, આનંદમૂર્તિ હું છું. ક્રિયાકાંડનો વિકલ્પનો રાગનો એનો હું કર્તા નથી. દેહની હલન ક્રિયાનો હું કર્તા નથી. એવું જ્યાં ભાન છે અને એવા ભાનમાં સ્થિર થયો છે અંદર, એવા ભાવલિંગથી કાર્ય આ થાય. એ દ્રવ્યલિંગ કરીને થાય નહિ. સમજાય છે કાંઈ?

**'ભાવસહિત દ્રવ્યલિંગ હોનેપર કર્મકી નિર્જરા નામક કાર્ય હોતા હૈ.'** જુઓ! પાઠમાં છે ને? **'भावेण दव्वेण'** પાઠ છે. **'ભાવસહિત દ્રવ્યલિંગ હોનેપર કર્મકી નિર્જરા નામ કાર્ય હોતા હૈ. કેવલ દ્રવ્યલિંગસે તો નહીં હોતા હૈ,...'** પણ ભાવલિંગ હોય એમાં દ્રવ્યલિંગ સાથે હોય. બહુ વાત... **'કેવલ દ્રવ્યલિંગસે તો નહીં હોતા હૈ,...'** બસ, એટલે વાત. એકલા દ્રવ્યલિંગથી તો કર્મની નિર્જરા ન થાય. પંચમહાવ્રત પાળે તોપણ એ તો રાગ છે. એનાથી કાંઈ નિર્જરા ધર્મ-બર્મ થાય નહિ. આહાહા..! આ તો પંચમહાવ્રતના નામ પાડે ત્યાં તો એને ધર્મ થઈ ગયો. આ પાંચમહાવ્રત લીધા, દીક્ષા લીધી. ધૂળેય

નથી દીક્ષા. દખ્યા છે. દુઃખમાં પડ્યો છે. દક્ષા કહી દક્ષા. ગાંડા માણસ પાગલ જેવા એના દેનારા હોય. એય..! કોઈને આપી છે કે નહિ કોઈને? નથી આપી? ઠીક! શેઠિયા બીજાને મુંડે. ઘરમાં તો હોય નહિ તો શું કરે?

મુમુક્ષુ :- ઘરના છોકરા મુંડાય નહિ.

ઉત્તર :- ઘરના છોકરા મુંડાય નહિ એમ કહે છે. આહાહા..!

'કુંદકુંદાચાર્ય' પ્રભુ તો એમ પોકારે છે, ભાઈ! એ એકલી ક્રિયાકાંડ અને નગ્નપણાથી કાંઈ કર્મનો નાશ ન થાય. મિથ્યાત્વનો પણ નાશ ન થાય. ભાવ અંદરમાં સ્વરૂપનો અનુભવ કરે ત્યારે મિથ્યાત્વનો નાશ થાય અને સ્વરૂપમાં ઠરે ત્યારે અવ્રતનો નાશ થઈને કર્મનો નાશ થાય. આહાહા..!

**'દ્રવ્યલિંગસે તો નહીં હોતા હૈ, ઈસલિયે ભાવસહિત દ્રવ્યલિંગ ધારણ કરનેકા યહ ઉપદેશ હૈ.'** પાછું ભાવ અનુભવસહિત નગ્નપણું અને અઠ્યાવીસ મૂળગુણનું ધારવું હોય છે. ન હોય એમ નહિ. સમજાણું કાંઈ? ટીકામાં બહુ આકરો લીધો છે લૌકા ઉપર. એમાં લખ્યું હતું ટીકામાં ઓલું લૌકા લખ્યું છે ને? તે વિષે લાભ. જુઓ! લૌકા પાપી ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન કહે છે. ... લૌકા ઉપર ... એ વખતે નીકળેલો ખરા ને? સ્થાનકવાસીનો ધર્મ એ વખતે નીકળેલો. પછી આ નીકળ્યા. સાથે સાથે નીકળેલા. ૫૦૦ વર્ષ પહેલા નીકળેલા બહાર, શ્વેતાંબરમાંથી નીકળેલા. વિરોધ બહુ કર્યો. દ્વેષ ન હોવો જોઈએ કોઈ પ્રત્યે. માર્ગ તો હોય તે હોય. ન સમજે તો શું? એને દોષ એમાં કોઈને જોખમ છે નહિ. કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નહિ કરવો. વિરોધ વેર ન હોય. બધા ભગવાન છે. ભૂલ્યા છે તોપણ એ ભગવાન છે. એ ભૂલ કાઢશે ત્યારે ભગવાન થાશે. આહાહા..! **'ભાવસહિત દ્રવ્યલિંગ ધારણ કરનેકા...'** જોયું! આ પાઠમાં છે ને **'भावेण दव्वेण'** એ ૫૪. ૫૪ છે ને. છેલ્લો .. ૫૪. **'भावेण दव्वेण'** ૫૪મી ગાથામાં છે.

---

**आगे इसी अर्थको दृढ़ करते हैं :-**

**णग्गत्तणं अकज्जं भावणरहियं जिणेहिं पण्णत्तं।**
**इय णाऊण य णिच्चं भाविज्जहि अप्पयं धीर।।५५।।**

नग्नत्वं अकार्यं भावरहितं जिनैः प्रज्ञप्तम्।
इति ज्ञात्वा नित्यं भावयेः आत्मानं धीर!।।५५।।

**નગ્નત્વ ભાવવિહીન ભાખ્યું અકાર્ય દેવ જિનેશ્વરે,**
**-ઈમ જાણીને હે ધીર! નિત્યે ભાવ તું નિજ આત્મને. ૫૫.**

**अर्थ :- भावरहित नग्नत्व अकार्य है, कुछ कार्यकारी नहीं है। ऐसा जिन भगवानने कहा है। इसप्रकार जानकर हे धीर! धैर्यवान मुने! निरन्तर नित्य आत्माकी**

ही भावना कर।

भावार्थ :- आत्माकी भावना बिना केवल नग्नत्व कुछ कार्य करनेवाला नहीं है, इसलिये चिदानन्दस्वरूप आत्माकी ही भावना निरन्तर करना, आत्माकी भावना सहित नग्नत्व सफल होता है।।५५।।

## ગાથા-૫૫ ઉપર પ્રવચન

'આગે ઈસી અર્થકો દઢ કરતે હૈં :-'

**णग्गत्तणं अकज्जं भावणरहियं जिणेहिं पण्णत्तं।**
**इय णाऊण य णिच्चं भाविज्जहि अप्पयं धीर।।५५।।**

**અર્થ :-** '**ભાવરહિત નગ્નત્વ...**' જૈનદર્શનમાં મુનિ તો ત્રણેકાળે નગ્ન જ હોય. એ સિવાય મુનિપણું હોઈ શકે નહિ. પણ નગ્ન રહિત એકલા નગ્નપણા ભાવ રહિત તો '**અકાર્ય હૈ, કુછ કાર્યકારી નહીં હૈ.**' કુછ કાર્યકારી નહીં હૈ. આહાહા..! '**ઐસા જિન ભગવાનને કહા હૈ.**' જિન ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરોએ આ કહ્યું છે. 'સીમંધર' ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે તે પણ એમ કહે છે. 'સીમંધર' ભગવાન તીર્થંકરદેવ વિહરમાન પરમાત્મા બિરાજે છે. 'મહાવીર' ભગવાન આદિ મોક્ષ પધાર્યા. એ બધા જિન ભગવાને આમ કહ્યું છે.

'**ઈસ પ્રકાર જાનકર...**' જિનભગવાનને આમ કહ્યું છે. ભગવાનને એટલે હિન્દી ભાષામાં ભગવાને. ભગવાનને કહ્યું એમ નહિ. હિન્દી ભાષામાં એમ આવે છે ને? ભગવાને એમ કહ્યું છે. '**ઈસપ્રકાર જાનકર હૈ ધીર! ધૈર્યવાન મુને!**' હે ધૈર્યવાન! '**મુને! નિરંતર નિત્ય આત્માકી હી ભાવના કર.**' ધીરનો અર્થ કર્યો હતો. ધી નામ બુદ્ધિને ધ્યેય નામ ધ્રુવ પ્રત્યે પ્રેરે તેને બુદ્ધિવંત ધીમંત કહીએ. ધી એટલે બુદ્ધિ. ધીનો અર્થ બુદ્ધિ થાય. જ્ઞાન. એ બુદ્ધિને -જ્ઞાનને ધ્યેય ધ્રુવ ત્રિકાળ આનંદકંદમાં, ધીને ધ્યેયમાં પ્રેરે એને ધી-બુદ્ધિ કહેવામાં આવે છે. રાગમાં એકાકાર થાય એ બુદ્ધિ નહિ, કુબુદ્ધિ છે.

મુમુક્ષુ :- ધીર ન કહેવાય.

ઉત્તર :- નહિ. અધીર છે, કાયર છે. એ ટીકામાં છે. ધીરનો અર્થ એના પહેલા કર્યો હતો. ટીકામાં એના પહેલા કર્યો હતો. ધી-બુદ્ધિ. ધી નામ આ જ્ઞાનની પર્યાય જે છે ને? શરીર, વાણી, જડ પર. દયા, દાનના વિકલ્પ એ રાગ. જ્ઞાનની બુદ્ધિ છે એ બુદ્ધિને ધી કેમ કહેવી? કે જે બુદ્ધિ ધ્યેય અખંડાનંદ પ્રભુ ચૈતન્ય પ્રત્યે ધી વળે એને ધી અને તેને ધીરવંત કહેવામાં આવે છે. બાકી બધા અસ્થિર અને અધીર છે. આહાહા..! પુણ્ય અને પાપમાં એકત્વ થાય છે એ બધા અધીર છે, અબુદ્ધિવાળા

છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**હે ધીર! ધૈર્યવાન મુને! નિરંતર નિત્ય આત્માકી હી ભાવના કર.**’ આહાહા..! છે ને ભાવ? ‘**णिच्चं**’ શબ્દ પડ્યો છે ને? ‘**णिच्चं**’ નિ-ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, ચૈતન્યઘન, એની અંતર દૃષ્ટિમાં નિરંતર એની ભાવના કર. આહાહા..! સમજાણું કાંઈ? ‘**નિરંતર નિત્ય આત્માકી હી ભાવના કર.**’ લ્યો!

**ભાવાર્થ :-** ‘**આત્માકી ભાવના બિના કેવલ નગ્નત્વ કુછ કાર્ય કરનેવાલા નહીં હૈ, ઈસલિયે ચિદાનંદસ્વરૂપ આત્માકી હી ભાવના નિરંતર કરના,...**’ લ્યો! જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા, આત્મા કેવો છે? ચિદાનંદસ્વરૂપ આત્મા. એકલો જ્ઞાન અને આનંદસ્વરૂપનો પિંડ પ્રભુ આત્મા. એની ભાવના નામ એકાગ્રતા ‘**નિરંતર કરના, આત્માકી ભાવના સહિત નગ્નત્વ સફલ હોતા હૈ.**’ આ હોય તો નગ્નપણું નિમિત્તમાં કહેવામાં આવે છે. નહિતર કાંઈ કાર્યકારી છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे शिष्य पूछता है कि भावलिंगको प्रधान कर निरूपण किया वह भावलिंग कैसा है? इसका समाधान करनेके लिये भावलिंगका निरूपण करते हैं :-

देहादिसंगरहिओ माणकसाएहिं सयलपरिचित्तो।
अप्पा अप्पम्मि रओ स भावलिंगी हवे साहू।।५६।।
देहादिसंगरहितः मानकषायैः सकलपरित्यक्तः।
आत्मा आत्मनि रतः स भावलिंगी भवेत् साधु।।५६।।
દેહાદિસંગવિહીન છે, વર્જ્યા સકલ માનાદિ છે,
આત્મા વિષે રત આત્મ છે, તે ભાવલિંગી શ્રમણ છે. ૫૬.

अर्थ :- भावलिंगी साधु ऐसा होता है - देहादिक परिग्रहोंसे रहित होता है तथा मान कषायसे रहित होता है और आत्मामें लीन होता है, वही आत्मा भावलिंगी है।

भावार्थ :- आत्माके स्वाभाविक परिणामको ‘भाव’ कहते हैं, उस-रूप लिंग (चिह्न), लक्षण तथा रूप हो वह भावलिंग है। आत्मा अमूर्तिक चेतनारूप है, उसका परिणाम दर्शन ज्ञान है। उसमें कर्मके निमित्तसे (-पराश्रय करनेसे) बाह्य तो शरीरादिक मूर्तिक पदार्थका संबंध है और अंतरंग मिथ्यात्व और रागद्वेष आदि कषायोंका भाव है, इसलिये कहते हैं कि :-

बाह्य तो देहादिक परिग्रहसे रहित और अंतरंग रागादिक परिणाममें अहंकाररूप मानकषाय, परभावोंमें अपनापन मानना इस भावसे रहित हो और अपने दर्शनज्ञानरूप

चेतनाभावमें लीन हो वह 'भावलिंग' है, जिसको इसप्रकारके भाव हों वह भावलिंगी साधु है।।५६।।

---

**પ્રવચન નં. ૧૧૬, ગાથા-૫૬ થી ૫૮, શનિવાર, આસો વદ ૩, તા.૧૭-૧૦-૭૦**

૫૫મી ગાથા થઈ. ભાવપાહુડ. ૫૬મી ગાથા. **'આગે શિષ્ય પૂછતા હૈ કિ ભાવલિંગકો પ્રધાન કર નિરૂપણ કિયા...'** ભાવલિંગ હોય તે જ મુનિપણું અને તે જ મોક્ષનો માર્ગ. એમ આપે કહ્યું. **'વહ ભાવલિંગ કૈસા હૈ?'** ભાવલિંગ કહેવું કોને? એમ શિષ્યનો પ્રશ્ન છે. **'ઈસકા સમાધાન કરનેકે લિયે ભાવલિંગકા નિરૂપણ કરતે હૈં :-'**

**देहादिसंगरहिओ माणकसाएहिं सयलपरिचित्तो।**
**अप्पा अप्पम्मि रओ स भावलिंगी हवे साहू।।५६।।**

સાધુ કોને કહેવા અને સાધુને કેવો ભાવ હોય એનું આ વર્ણન છે.

**અર્થ :- 'ભાવલિંગી સાધુ ઐસા હોતા હૈ - દેહાદિક પરિગ્રહોંસે રહિત હોતા હૈ...'** શું કહે છે? દેહથી માંડીને રાગ, દયા, દાન, વ્રત, વિકલ્પ એ બધું, એના પરિગ્રહથી તે રહિત હોય. આદિમાં એ આવશે અર્થમાં. અંતરંગ ભાવકર્મ, રાગાદિ, દયા, દાન વગેરે. અર્થમાં આવશે. આદિ છે ને? દેહાદિ. દેહ તો છે પણ દેહ આદિ (અર્થાત્) અંદર પુણ્ય-પાપના, દયા, દાન, વ્રતાદિના વિકલ્પો, ભાવલિંગ સંત તો એના પક્કડથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તથા માન કષાયસે રહિત હોતા હૈ...'** એટલે શું? કે રાગાદિ વિકલ્પ અને શરીરાદિ એ મારું છે એ બુદ્ધિ ગઈ છે એની. એનું માન નથી કે આ હું છું. એવી દૃષ્ટિ ટળી ગઈ છે એની. સમજાણું કાંઈ? **'રહિત હોતા હૈ તથા માન કષાયસે રહિત હોતા હૈ...'** એ હું છું એનાથી રહિત કીધું પછી આ હું છું. એવું માન જેને હોતું નથી. શું કીધું સમજાણું? **'દેહાદિક પરિગ્રહોંસે રહિત...'** પરનો સંગ નહિ, વિકલ્પ રાગાદિનો સંગ નહિ જેને. આહાહા..! આ મુનિ. અને માનકષાય **'सयलपरिचित्तो'**. એનો સંગ નથી એથી એ મારા છે એવું માન જ જેને ગળી ગયું છે. પરનો અહંકાર. આ રાગ હું, વ્યવહાર હું, વિકલ્પ હું, એ માન જેનું ગળી ગયું છે. **'परिचित्तो'** છે ને? 'ક્ષફિ' નામ સર્વ પ્રકારે જેને છોડી દીધું. બહુ ટૂંકી ભાષામાં (કહ્યું છે). સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પહેલો તો રાગાદિ પરથી ભિન્ન ભગવાનઆત્મા (છું) એવું અનુભવ અને ભાન થયું હોય. પણ આ તો પાછળની વાત છે ને? પછી તો અસ્થિરતાના રાગથી પણ રહિત થઈ ગયા છે. અને એ અસ્થિરતા જે રાગમાં હુંપણું એ તો પહેલેથી ટળી ગયું છે. શું કહ્યું? સમજાણું કાંઈ?

આત્મા... એ કહે છે, જુઓ! **'अप्पा अप्पम्मि रओ'** **'अप्पा अप्पम्मि रओ'** આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવ વસ્તુ એ **'अप्पा अप्पम्मि'** પોતાનો વીતરાગી સ્વભાવ તેમાં લીન છે. જ્યાં પર્યાયમાં રાગાદિ વિકલ્પનો પરિગ્રહ નથી, છૂટી ગયો છે. આ સંગ વિનાનો છે અને એનો હું છું એવો વિકલ્પ અહંપણાના માનથી પરિચિત છે-પરિચિત છે-પરિચિત છે-એ સર્વથા રહિત છે. સમજાણું કાંઈ? **'अप्पा अप्पम्मि रओ'** હવે બાકી રહ્યું શું ત્યારે હવે? કે આત્મા, જુઓ! આ સાધુપણું, જુઓ! આ સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ, શુદ્ધ ચૈતન્યપ્રભુ એ **'अप्पा अप्पम्मि'** પોતાના વીતરાગ પર્યાયમાં લીન છે. એને ભાવલિંગ કહેવામાં આવે છે. એને સાધુ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અઠ્યાવીશ મૂળગુણના પાલનમાં રત કે દિ' છે?

ઉત્તર :- રત હોય કે દિ'? વિકલ્પથી રહિત છે એ તો. અઠ્યાવીશ મૂળગુણ તો રાગ છે, પરિગ્રહ પરવસ્તુ-પરદ્રવ્ય અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે આત્મજ્ઞાનભાવ એ ચીજ નથી.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્યે' પાળ્યા હતા.

ઉત્તર :- પાળ્યા-ફાળ્યા કોઈએ નથી, જાણ્યા હતા. પાળે કોણ? એ તો વ્યવહારનયના કથનો એવા છે. પાળ્યા નથી પણ હતા એને પાળ્યા કહેવા, અન્યથા કહેવું એ વ્યવહારનયના લખણ છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનયનું લખણ-લક્ષણ છે. પાળે કોણ? સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! આ તો અજરઅમરની વાતું છે. આજે તો બધી ગાથાઓ એવી આવશે.

ટૂંકામાં શબ્દાર્થ સીધો કહીએ તો પરસંગથી રહિત છે અને રહિત છે એટલે પરનું અહંપણું જેમાં નથી, માન નથી. **'अप्पा अप्पम्मि रओ'** પોતામાં લીન છે. આનંદસ્વરૂપમાં મુનિ તો લીન છે. **'रओ'** **'भावलिंगी हवे साहू'** થોડુંક આવ્યું હતું આ ૩૧ ગાથામાં પહેલું. ૩૧ છે ને આની? ૩૧માં આવ્યું હતું. એ વાત થઈ ગઈ છે પહેલી. ૩૧ ગાથામાં એ કહ્યું.

**अप्पा अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ फुडु जीवो।**
**जाणइ तं सण्णाणं चरदिहं चारित्त मग्गो त्ति।।३१।।**

એ ભાવપાહુડની ૩૧ ગાથામાં આવ્યું હતું.. સમજાય છે કાંઈ? મૂળ વાત શું ચીજ છે એની ખબર નથી અને ખબર વિના બધા ગાડા હાંક્યા. અજ્ઞાનના અનાદિકાળના છે ઈ. અહીં તો કહે છે કે ભાવલિંગ તો પહેલું સમ્યગ્દર્શન પ્રગટ થાય એ એનું સમ્યગ્દર્શન ભાવલિંગ (છે) પણ અહીં ચારિત્રનું વર્ણન છે. એટલે અહીંયાં તો રાગની અસ્થિરતાનો જે ભાગ છે એથી પણ રહિત, સંગથી રહિત થઈ ગયો છે. અસંગ ચૈતન્ય ભગવાનની

લીનતામાં છે. મહાપ્રભુ ચૈતન્ય શુદ્ધ આનંદ, એમાં '**अप्पा अप्पम्मि रओ**' આત્મા આત્માથી એમાં લીન છે. ઓલો વ્યવહાર છે એનાથી તો રહિત છે. એ હું કરું છું, પાળું છું એ તો એમાં છે નહિ. સમજાય છે કાંઈ? ભારે ઝીણું!

'**આત્મામેં લીન હોતા હૈ, વહી આત્મા ભાવલિંગી હૈ.**' એને ભાવલિંગી સાધુ, મુનિ, મોક્ષમાર્ગમાં રત છે એમ કહેવામાં આવે છે. હવે એનો અર્થ કરે છે.

**ભાવાર્થ :-** '**આત્માકે સ્વાભાવિક પરિણામકો 'ભાવ' કહતે હૈં,...**' શું અર્થ કરે છે? ભાવલિંગ. ભાવલિંગ. એ બેનો અર્થ કરે છે. ભાવ એટલે શું અને લિંગ એટલે શું? સમજાય છે કાંઈ? '**આત્માકે સ્વાભાવિક પરિણામકો 'ભાવ' કહતે હૈં,...**' સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓ! આ મોક્ષનો માર્ગ સાધુનો એ સાધુપણું કેવું છે એની જ્ઞાન ને શ્રદ્ધા કરાવે છે. આહાહા..! હજી સાધુપણું કોને કહેવું એની ખબર ન મળે અને શ્રદ્ધા સાચી થઈ જાય, સમજાણું કાંઈ? એમ બને નહિ. ભાવલિંગ એ સાચા સાધુ. એટલે કે ભાવ અને લિંગ બે શબ્દ કેમ છે? તો કહે છે, ભાવ એટલે આત્માના સ્વભાવિક શુદ્ધ ચૈતન્ય દ્રવ્યના સમ્યગ્દર્શનરૂપી પરિણામ, શુદ્ધ સ્વભાવના સમ્યગ્જ્ઞાનરૂપી પરિણામ, શુદ્ધ સ્વભાવના સમ્યક્ ચારિત્રરૂપી સ્થિરતારૂપી પરિણામ એને ભાવ કહીએ. શરીરાદિના ભાવ નહિ, વ્યવહારરત્નત્રયના વિકલ્પ એ ભાવ નહિ. એ જીવનો ભાવ નહિ. સમજાણું કાંઈ?

'**આત્માકે સ્વભાવિક પરિણામકો 'ભાવ' કહતે હૈં,...**' આ પહેલો અર્થ. '**ઉસ-રૂપ લિંગ...**' એવા પરિણામરૂપી લિંગ એવું '**ચિહ્ન, લક્ષણ તથા રૂપ હો વહ ભાવલિંગ હૈ.**' સમજાણું કાંઈ? 'જયચંદ્ર પંડિતે' પણ અર્થ ઘણો સારો કર્યો છે. ભાવ-લિંગ. ભાવ એટલે આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ ચૈતન્ય આનંદમૂર્તિ પ્રભુ, એના અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અરાગી વીતરાગી પરિણામને અહીંયાં ભાવ કહે છે. વ્યવહારરત્નત્રય, અઠ્યાવીશ મૂળગુણને ભાવ અહીંયાં કહેતા નથી. એ જીવનો ભાવ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને એને '**ઉસ-રૂપ લિંગ (ચિહ્ન),...**' એ ભાવલિંગ, ભાવમય ચિહ્ન એનું લક્ષણ. આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, શાશ્વત આનંદના અતીન્દ્રિય રસનું ધામ, એનું અંતરમાં લીનપણું, એના પરિણામ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વીતરાગી કલ્યાણસ્વરૂપ, એમાં લીનતા, તેને ભાવલિંગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**આત્મા...**' હવે ભાવની વ્યાખ્યા કરે છે. '**આત્મા અમૂર્તિક ચેતનારૂપ હૈ,...**' એ તો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ આત્મા છે. આ તો જડ માટી છે. પુણ્ય-પાપના ભાવ પણ આત્મા નહિ. આહાહા..! એ અચેતનની ગતિ ને જાત છે. ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ ચેતનારૂપ એના પરિણામ દર્શન-જ્ઞાન છે. દેખો! ઓલામાં માથે લખ્યું હતું ને? '**આત્માકે સ્વાભાવિક પરિણામકો 'ભાવ' કહતે હૈં,...**' એ પરિણામ

શું? કે '**આત્મા અમૂર્તિક ચેતનારૂપ હૈ, ઉસકા પરિણામ દર્શન જ્ઞાન હૈ.**' સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન.

'**ઉસમેં કર્મકિ નિમિત્તસે (-પરાશ્રય કરનેસે) બાહ્ય તો શરીરાદિક મૂર્તિક પદાર્થકા સંબંધ હૈ...**' એવા પરિણામમાં, જાણવા-દેખવાના પરિણામમાં કર્મના નિમિત્તથી બાહ્ય '**શરીરાદિક મૂર્તિક પદાર્થકા સંબંધ હૈ ઔર અંતરંગ મિથ્યાત્વ ઔર રાગદ્વેષ આદિ કષાયોંકા ભાવ હૈ,...**' પરિગ્રહ થયો. દસ બાહ્ય પરિગ્રહ, ચૌદ અંતર પરિગ્રહ. ચૌદ પ્રકારના અંતર પરિગ્રહ. મિથ્યાત્વથી માંડીને રાગ-દ્વેષાદિ અંતર પરિગ્રહ અને બાહ્ય ક્ષેત્ર વસ્તુ આદિ બાહ્ય પરિગ્રહ.

'**અંતરંગ મિથ્યાત્વ ઔર રાગદ્વેષ આદિ કષાયોંકા ભાવ હૈ, ઈસલિયે કહતે હૈં કિ :- બાહ્ય તો દેહાદિક પરિગ્રહસે રહિત...**' લ્યો! પરિગ્રહ. શરીર હોવા છતાં શરીરની મમતાથી રહિત (છે). શરીર જ મારું નથી. આ તો માટી જડ છે. સમજાણું કાંઈ? એવું તો સમ્યગ્દર્શનમાં થયું છે. પણ અહીં તો એની ઉપરાંત એનામાં જે આસક્તિની અસ્થિરતા હતી એનો પણ સંગ છૂટી ગયો છે એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ સાધુપણું. આ વીતરાગના કેવળી પરમાત્માના કહેલા પંથનું સાધુપણું.

'**અંતરંગ રાગાદિક...**' વિકલ્પ વ્યવહાર આવી ગયો ને? '**પરિણામમેં અહંકારરૂપ માનકષાય, પરભાવોંમેં...**' દેખો! ઓલું માનકષાય પરિચ્યત હતું ને? અહં-તે હું છું વ્યવહારના વિકલ્પ આદિ, એવો '**માનકષાય, પરભાવોમેં અપનાપન માનના ઈસ ભાવસે રહિત હો...**' આહાહા..! સમજાણું કાંઈ? આ રાગાદિ પંચમહાવ્રતના અઠ્ઠાવીશ મૂળગુણના વિકલ્પ ઊઠે એ હું છું, એવો '**માનકષાય, પરભાવોમેં અપનાપન માનના ઈસ ભાવસે રહિત હો...**' આહાહા..! ચૈતન્ય ભગવાન મહાપ્રભુ છે. એની એને ખબર ન મળે અંદર આત્મા કોણ છે? માટી જડ, કાં અંદર દયા, દાનના, વ્રતના વિકલ્પ રાગ. ભાઈ! તું ભૂલી ગયો છો. તને ભૂલીને ભગવાન ભૂલ્યો પોતાને. આહાહા..! ભગવાન ભૂલીની ખડકી છે ને? આ ખડકીમાં રહે છે. ભગવાન ભૂલાની ખડકીમાં રહે છે. 'કલોલ-કલોલ'. એના દાદા હશે. આ ભગવાન ભોલાની ખડકીએ ચડી ગયો. માળો. આહાહા..! આનંદસ્વરૂપ જેનું ચૈતન્યબિંબ આત્મા, એ પુણ્ય-પાપના રાગ અને શરીર હું, એ ભગવાન ભૂલ્યો બીજે ચાલ્યો ગયો. માળો. મૂંઢ થઈ ગયો, મૂંઢ. સમજાણું કાંઈ? પોતાની જાતની પૂંજી શું છે એની ખબર નથી.

ભગવાનઆત્મા આ રજકણે રજકણ માટીના આ તો ધૂળ છે. સમજાણું કાંઈ? એમાં રાગાદિ વિકલ્પ છે એ પણ વિકાર છે. એનો-પરભાવનો ત્યાગ કરી '**અપનાપન માનના ઈસ ભાવસે રહિત...**' અપનાપન એટલે? રાગ મારું સ્વરૂપ છે એમ છોડી દઈ. '**ઈસ ભાવસે રહિત હો...**' આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં-પ્રથમ ધર્મની

શરૂઆતમાં પુણ્ય-પાપના ભાવ મારા છે એ તો ભાવ છોડી દીધો છે, પણ હજી આસક્તિ અસ્થિરતા રહી છે. એ પણ ભાવ આણે છોડી દીધો છે. સમજાણું કાંઈ?

**'અપનાપન...'** દર્શન, જ્ઞાનરૂપ ચેતનાભાવ. ભગવાનઆત્મા દર્શન અને જ્ઞાન તો ત્રિકાળ સ્વભાવ ભરેલો છે. એના પરિણામ પાંચ જ્ઞાનના અને ત્રણ દર્શનના કે ચાર દર્શનના. સમજાય છે? એ **'દર્શનજ્ઞાનરૂપ ચેતનાભાવમેં લીન હો...'** એ પરિણામ પોતાના સમ્યક્ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ અને ચક્ષુ, અચક્ષુ આદિ, એમાં લીન હોય. સમજાય છે કાંઈ? રાગમાં, પુણ્યમાં લીન નહિ. આહાહા..! એ પુણ્ય-પાપના અધિકારમાં લીધું છે. મહારાજ! આપ તો વ્રત ને તપ ને વિકલ્પ બધા ઉડાવી દયો (છો), ત્યારે મુનિને આધાર શો? મુનિ એને આધારે તો નભતા બિચારા. એય..! પંડિતજી! પુણ્ય-પાપના અધિકારમાં છે. દયા પાળવી, વ્રત કરવા, તપ કરવા, ભગવાનનું સ્મરણ કરવું, ભક્તિ-પૂજા એ વાતને તો આપે ઉડાવી દીધી કે એ ધર્મ નહિ અને એ ધર્મનું કારણ નહિ. ત્યારે હવે એને આધાર ક્યો? એમ પૂછ્યું છે. ત્યારે આધાર 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, આધાર એને આત્માનો છે, ભાઈ! અંદર આત્મા આનંદનું ધામ સચ્ચિદાનંદ પ્રભુ, જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય, ચૈતન્ય જ્ઞાનની ઝવેરાતની (મૂર્તિ છે). જેમ સ્ફટિકની મૂર્તિ (હોય) એમ ચૈતન્યસ્ફટિકની મૂર્તિ છે. ચૈતન્યસ્ફટિકની મૂર્તિ. આહાહા..! આખા શરીરમાં ભિન્ન ચૈતન્ય સ્ફટિકની મૂર્તિ એનો એને આધાર છે અને એમાં એ સુખને અનુભવે છે. એમ કહ્યું. સમજાણું કાંઈ? વર વિનાની જાન જોડી દીધી. 'ભગવાનજીભાઈ'! ક્યાં જાય પણ એ? આહાહા..! ભગવાનઆત્મા અખંડ આનંદનું ધામ, એનું અવલંબન લઈને ઠરવું જોઈએ. એ ક્રિયા ધાર્મિક છે. જગતને આકરું લાગે.

**'ચેતનભાવમેં લીન હો...'** જાણવું, દેખવું એમાં એ લીન હોય. એ તો ચારિત્ર થયું. સમજાય છે કાંઈ? જુઓને! શરીરમાં કેટલા .. મરી જાય બિચારા દેહ છોડીને. કોઈ કેમ મરી જાય. અનાદિથી રાંક અને રખડ્યો. રખડતા રાંકની જેમ-ભિખારીની જેમ એં.. કરીને મરી જાય. પાંચ પચ્ચીસ લાખની મૂડી હોય તો ઘરે પડી રહે ત્યાં. કરે મદદ કાંઈ? શરીર તો આમ અસાધ્ય. ઓલા બીજા જોડેવાળા કહે, હવે જુઓ! ભાઈ! થોડીવાર. હવે ઘોદા મારો નહિ બહુ. મારે ને આ? શું કહે ઈંજેક્શન? પછી લાગે કે આમાં કાંઈ બચે એવું નથી. હવે જુઓ થોડીવાર. હમણા પતી જશે. ઠરી જશે. આહાહા..! આ દેહના ઢંગ. એમાં ભગવાનઆત્મા એનું એને ભાન ન મળે. અરે..! એ તે કાંઈ મરણ કહેવાય? ગલુડિયા અને અળસિયા મરે એવા મરણ કહેવાય એ તો. ગલુડિયા સમજો છો? કુરકુરિયા. કુત્તિકા બચ્ચા. પિલ્લા.. પિલ્લા. પિલ્લા કહે ને. અને અળસિયા હોય છે ને ચોમાસામાં? લાંબા. અળસિયાને શું કહે છે? કાંઈક કહેતા હશે નામ. ચોમાસું હોય ત્યારે.

મુમુક્ષુ :- ભીંગોડા-ભીંગોડા. ટેટવા.

ઉત્તર :- હા, એ ટેટવા. એ મરે અને આ માણસ મરે એમાં ફેર શું? આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન અંતર ચૈતન્યસ્વરૂપ, એના પરિણામ જાણવું-દેખવું, એમાં લીન (થાય) એ દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ ભાવલિંગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું હોય એને દ્રવ્યલિંગ હોય ભલે. એ કાંઈ મોક્ષનું કારણ કે નિર્જરાનું કારણ એ છે નહિ. હોય ખરું. આવું હોય એને દ્રવ્યલિંગ નગ્નપણું હોય ખરું. અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ હોય ખરા, પણ એનો એ હું છું એવી એનામાં મમતા નથી અને એ મારું આચરણ છે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે કામ, બાપુ! ભાવપાહુડ. જુઓને! 'કુંદકુંદાચાર્ય'!

ભાઈ! તું કાંઈ ખાલી છો કે ભરેલો છો? તારામાં કાંઈ માલ છે? કે માલ વિનાનો છો તું? ભાઈ! તારામાં આનંદ અને જ્ઞાન અને શાંતિનો માલ ભરેલો છે. એ બહારથી લાવવાનો નથી. અંતરમાં જ્ઞાન ને દર્શન ને આનંદ, એના પરિણમનરૂપી પર્યાય થાય એને અહીંયાં ભાવ અને એનું લિંગ ચિહ્ન એને ભાવલિંગ કહેવામાં આવે છે. આવી દશા હોય એને ભાવલિંગી સાધુ કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? અને સાધુને કુસાધુ માને તોપણ મિથ્યાત્વ છે અને કુસાધુને સાધુ માને તોપણ મિથ્યાત્વ છે. આહાહા..! એની ખબર ન મળે, ખબર ન મળે. લ્યો, 'વહ ભાવલિંગ સાધુ હૈ.'

---

आगे इसी अर्थको स्पष्ट कर कहते हैं :-

**ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।**
**आलंबणं च मे आदा अवसेसाइं वोसरे।।५७।।**

ममत्वं परिवर्जामि निर्ममत्वमुपस्थितः।
आलंबनं च मे आत्मा अवशेषानि व्युत्सृजामि।।५७।।

**પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;**
**અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૫૭.**

**अर्थ :-** भावलिंगी मुनिके इसप्रकारके भाव होते हैं - मैं परद्रव्य और परभावोंसे ममत्व (अपना मानना) को छोड़ता हूँ और मेरा निजभाव ममत्वरहित है उसको अंगीकार कर स्थित हूँ। अब मुझे आत्माका ही अवलंबन है, अन्य सभी को छोड़ता हूँ।

**भावार्थ :-** सब परद्रव्योंका आलम्बन छोड़कर अपने आत्मस्वरूपमें स्थित हो ऐसा 'भावलिंग' है।।५७।।

## ગાથા-૫૭ ઉપર પ્રવચન

'આગે ઈસી અર્થકો સ્પષ્ટ કર કહતે હૈં :-' આ ૯૯ ગાથા. 'નિયમસાર'. 'નિયમસાર'ની આ ૯૯ ગાથા છે. આ ભાવપાહુડની. મોક્ષમાર્ગ 'નિયમસાર'. ૯૯મી ગાથા એ અહીં લીધી છે. એ 'કુંદકુંદાચાર્ય'ની છે અને એ પણ 'કુંદકુંદાચાર્ય'ની છે.

**ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।**
**आलंबणं च मे आदा अवसेसाइं वोसरे।।५७।।**

અર્થ :- 'ભાવલિંગી મુનિકે ઈસપ્રકારકે ભાવ હોતે હૈં - મૈં પરદ્રવ્ય ઔર પરભાવોંસે મમત્વ (અપના માનના) કો છોડતા હૂં.' શરીર, વાણી, મન તો જડ છે. એને તો છોડું છું. મારા નહિ. પણ અંદરના પુણ્ય અને પાપના ભાવ વિકલ્પ રાગ ઊઠે એ પણ મારા નહિ. 'પરદ્રવ્ય ઔર પરભાવોંસે મમત્વ (અપના માનના) કો છોડતા હૂં.' ત્યારે હવે આલંબન કોનું? આ બધું છૂટી જાય. લ્યો! એ તો કહે, વ્રતના પરિણામ તે બંધનું કારણ. દયાના પરિણામ, અહિંસાના પરિણામ, ભક્તિના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રના વિનયના પરિણામ એ તો બધા પુણ્ય. અને પુણ્ય તે ધર્મ નહિ. ત્યારે હવે આધાર શો એને? માંડ માંડ કાંઈક કરતા હતા બિચારા એને આધારે, તો કહે, એ નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે '**મેરા નિજભાવ મમત્વરહિત હૈ ઉસકો અંગીકાર કર સ્થિત હૂં.**' લ્યો. છે ને? '**णिम्ममत्तिमुवट्ठिदो**' ભગવાનઆત્મા શુદ્ધ આનંદઘન, એમાં મમતાની ગંધ નથી, રાગની ગંધ નથી. એવો નિર્મમત્વસ્વરૂપ એમાં ઉપસ્થિત થાઉં છું. આહાહા..! એ અહીંની બાજી રાગાદિની સંકેલું છું અને સ્વભાવ નિર્મમત્વ છે એમાં ઠરું છું, એમ કહે છે. સમજાણું કાંઈ? એકલા બાયડી-છોકરા છોડીને બેઠો માટે સાધુ થઈ ગયો, એમ છે નહિ. આહાહા..! '**ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।**' અસ્તિ-નાસ્તિ કરી. જુઓ! આ વસ્તુ પહેલી આ વસ્તુ આવ્યા વિના એની મુક્તિ નહિ થાય. હેરાન કરીને મરી જાય ચાર ગતિમાં. સમજાણું કાંઈ? એ પૈસાવાળા કહેવાય એ દુઃખી, નારકીના જીવ દુઃખી, આ અમલદાર, અધિકાર પાંચ-દસ-દસ હજારના પગારદારવાળા દુઃખીના દાળિયા ભિખારા છે. 'ભગવાનજીભાઈ'! બધા સરખા?

મુમુક્ષુ :- કોઈકનો નંબર પહેલો હશે ને?

ઉત્તર :- નંબર પહેલો વધારે પાપ કરે એનો નંબર પહેલો હશે. 'ભીખાભાઈ'! આહાહા..! આ નંબર આત્માનો ચિદાનંદ ભગવાન. મારે ને રાગને સંબંધ નથી. તો શરીરને તો ક્યાં સંબંધ છે? રાગ પણ એક ક્ષણે આવે અને બીજે ક્ષણે જાય. એ

કાંઈ મારી ચીજ હોય તો કાયમ રહેવી જોઈએ. આહાહા..! પણ પાધરું આવું? કાંઈક સહેલું કાંઈક પગલા-બગલા ભરવા તો દ્યો. છોકરાને નથી કહેતા? શું કહેવાય? પાપગી. આ છોકરા નથી લાકડાનું રાખતા? ચાલવા માટે હાથ રાખીને પા પગે આમ આમ ચાલે. એમ પહેલો માર્ગ હશે કે નહિ કાંઈ? પાધરું ચાલવું? પહેલો પાપગીમાં સમ્યગ્દર્શન. રાગ અને વિકલ્પથી ભિન્ન મારી ચીજ છે એવો જે અંતરદૃષ્ટિનો અનુભવ તે સમ્યગ્દર્શન. પછી સ્વરૂપમાં ઠરવું એ ગતિ કરવા માંડી, ચાલવા માંડ્યો હવે. સ્વરૂપમાં સ્થિર થવા માંડ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

'**મેરા નિજભાવ મમત્વરહિત હૈ...**' શું કહે છે? '**મેરા નિજભાવ...**' એટલે આત્મા આનંદ, જ્ઞાન સ્વભાવ, એ તો મમત્વરહિત ભાવ છે. એમાં ઉપસ્થિત થાઉં છું એટલે '**ઉસકો અંગીકાર કર સ્થિત હું.**' સ્થિત હું એટલે રહું છું. મારો ભગવાન આનંદસ્વભાવ એમાં હું રહું છું અને રાગાદિ પરિણામ એને હું છોડું છું. હજી અહીંયાં બંગલા છોડ્યા જાય નહિ, એને કહે રાગ છોડવો. માળે આ તે વાતું! ગળે વળગ્યા હોય. ભલે કો'કને હાલતું હોય ઘરમાં. એનું હાલતું ન હોય. કહો, સમજાણું કાંઈ? આ તો વાત છે. વાતમાં વાત તો થાય કે નહિ? આહાહા..! એકની ક્યાં વાત છે? બધા ઘણાની વાત છે ને આ તો. આહાહા..! અરે..! ક્યાં...? 'પોપટભાઈ'ને એમ હતું ને. 'પોપટભાઈ'ને બહુ મમતા હતી. થોડામાંથી પૈસા વધી ગયા અને પેદાશ થઈ મોટી. એટલે મેં કર્યું... મેં કર્યું.. મેં કર્યું... અરે..! રહેવા દે. કર્યા મેં. બબ્બે લાખની પેદાશ બાર મહિને. બે રૂપિયામાં મહિનો લહિયાનું કામ કરતાં. બે રૂપિયાનું મહિને. એમાં બાર મહિનાના બે લાખની પેદાશ. મર્યા ત્યારે, હોં! મેં કર્યું આ જુઓ, મેં કર્યું આ. ધૂળેય કર્યું નથી આ.

મુમુક્ષુ :- આપને એમ લાગે. અમને તો ...

ઉત્તર :- ધૂળેય લાગતી નથી. મર્યા છે હેઠે. આહાહા..! છોકરાઓ, પૈસા બધું હતું. મર્યા તે ગાંડું મગજ થઈને દેહ છૂટી ગયો. લઈ જાવ મને દુકાને... લઈ જાવ મને દુકાને. શું હોળી છે ત્યાં? બીજડા વાવ્યા હતા ને. એય..! 'ભગવાનજીભાઈ'! આ તો અમારા ઘરની વાત છે. આહાહા...! શું છે પણ ત્યાં? મમતાના બીજ વાવ્યા હોય એ ફાલે. જે બીજ વાવ્યું હોય એ ફાલે ને? આત્મામાં આત્માનું ભાન ભૂલી રાગ ને મમતાના બીજને વાવ્યા અને એને મમતાનું પોષણ આપ્યું કાયમ. ફાલ્યા ઝાડ.

અહીં કહે છે કે અમે તો આત્મા છીએ. સમજાણું કાંઈ? અમારે તો આ રાગ અમારો નહિ, ભાઈ! આહાહા..! શરીર અમારા નહિ એ તો સાધારણ વાત થઈ એ તો માટી, જડ છે. રાગનો ભાવ એ અમારો નહિ, અમારામાં નહિ, અમને નહિ અને અમે એમાં નહિ. આહાહા..! 'શાંતિભાઈ'! ત્યારે હવે શું? 'અબ મુજે આત્માકા હી

અવલંબન હૈ,...' મારે તો ભગવાનઆત્માનું આલંબન છે. નિસરણીએ ચડતાં જેમ દોરડાનો આધાર લઈને ચડે છે ને? એમ આત્મા અખંડ આનંદનો મને આધાર છે. એને પકડીને હું આગળ વધું છું. આહાહા..! એમ કહે છે. રાગ ને પુણ્ય ને નિમિત્તને તો છોડી દઉં છું. આ રીત છે. પહેલી શ્રદ્ધા-જ્ઞાનમાં તો લે. આહાહા..! સમજણ તો કરે કે માર્ગ આ છે, ભાઈ! બાકી તો બધા કાગડા ને કૂતરા મરી જાય એમ મરી જવાના છે અને કાગડે-કૂતરે જવાના છે પાછા ત્યાં. ધૂળમાંય નથી ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે 'અબ મુજે આત્માકા હી આલંબન હૈ,...' 'નિયમસાર'ની ગાથા છે. મારો આત્મા મને આલંબન છે. આનંદ અને જ્ઞાનસ્વરૂપ આત્મા, એનો મને આધાર છે, એનો મને આધાર છે, એનું મને આલંબન છે. રાગ-પુણ્ય વ્યવહાર અને નિમિત્તનો મને આધાર નથી, એનું આલંબન નથી. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ સાંભળતા કંપારી છૂટે એવું છે અજ્ઞાનીને. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' હિજડા જેવા જેના વીર્ય હોય પાવૈયા જેવા (તેને આ પ્રતિકૂળ પડે છે). સમજાણું કાંઈ? આ રાજા-મહારાજા બધા શેઠિયા એ બધા પાવૈયા જેવા વીર્ય હોય છે એના. હીજડા જેવા હોય છે માળા. રાગને પોતાનો માને એ નપુંસક છે, એમ કહે છે. એય..! 'જયંતિભાઈ'! ભારે વાત, ભાઈ!

વીર્ય રચનામાં આવે છે ને? વીર્ય એને કહીએ કે જે આનંદ અને જ્ઞાનની શાંતિને રચે તેને વીર્ય કહીએ. રાગને રચે એ વીર્ય કહેવાય તારું? નપુંસક છો. આહાહા..! કહ્યું છે ને આમાં. નપુંસક કીધો છે. 'સમયસાર'માં. હીજડા! પણ અમે પુરુષ છીએ ને? પુરુષ કોણ તને કહે? એ.. 'ફૂલચંદભાઈ'! અહીં તો આ છે સાંભળવાનું. બહારમાં જાય તો આહાહા..! પચાસ હજાર રળે છે ને ઢીકણું આમ છે અને લાખ રૂપિયા રળે છે, પાંચ લાખ રળે છે. ભાઈ સા'બ, ભાઈ સા'બ. ધૂળેય નથી, બધા મરીને જવાના નીચે. 'ભગવાનજીભાઈ'! ત્યાં 'થાણા'માં જાય તો કેવું થાય ત્યાં. શેઠ સાહેબ, શેઠ સાહેબ. એ શેના શેઠ? પંદર લાખનું મકાન છે ત્યાં. શું કહેવાય ઈ? સંચો. પચાસ-સાંઈઠ લાખ રૂપિયા.

મુમુક્ષુ :- .. મળવા ગયા હતા, મળી ગઈ જમીન. નહિ તો 'મુંબઈ'માં જમીન મળવી ઈ...

ઉત્તર :- પણ મળે-ફળે કોને મળી છે? ક્યાં એની પાસે ક્યાં છે? અહીંની જમીન ક્યાં છે એની પાસે? મમતા છે એની પાસે. કહો, સમજાણું કાંઈ? મારો ભગવાન મારી પાસે છે. ધર્મીને ધર્મ અંતરના સ્વભાવને આશ્રયે થાય છે. આહા..!

**'आलंबणं च मे आदा'** ભાષા તો જુઓ! મારો આત્મા મને આધાર છે. મારી

નજરું ત્યાં જાય છે. આહાહા..! ફરી ફરીને.. સમજાણું કાંઈ? વહાણમાં બેઠો કાગડો, એ દરિયાનો કાંઠો છોડે અને આઘે જાય તો જાય ક્યાં ઊડી ઊડીને? ઊડી ઊડીને ત્યાં આવે પાછો ફરી ફરીને. એમ કહે છે, આ મારી નજરું ઠરી ઠરીને ત્યાં ઠરવા માગે છે. આહાહા..! જ્યાં હું જ્ઞાન અને આનંદ છું ત્યાં હું આલંબન લઈને ત્યાં ઠરવા માગું છું. આહાહા..! સમજાણું કાંઈ? અરે! ભારે વાત. કહે છે, **'આત્માકા હી અવલંબન હૈ, અન્ય સભીકો છોડતા હૂં.'** **'સભીકો છોડતા હૂં.'** મુનિ છે ને? આહાહા..! એક વિકલ્પમાત્ર પણ મારો નથી એમ હું દૃષ્ટિમાંથી છોડી દઈને, અસ્થિરતામાંથી પણ છોડી દઈને સ્થિરતા કરું છું, એમ કહે છે.

**ભાવાર્થ :- 'સબ પરદ્રવ્યોંકા આલંબન છોડકર...'** ઓલું આલંબન લીધું અહીંયાં. પોતાનું આલંબન કહ્યું ને? એટલે આનું આલંબન છોડીને આનું આલંબન લીધું. **'અપને આત્મસ્વરૂપમે સ્થિત હો ઐસા 'ભાવલિંગ' હૈ.'** લ્યો! આનું નામ ભાવલિંગ. આત્મસ્વરૂપ **'અપને આત્મસ્વરૂપ...'** પાછું ભગવાનના આત્મામાં નહિ. તીર્થંકરનો આત્મા આવો અને એમાં હું ઠરું. ત્યાં ક્યાં એ આત્મા તો પર છે. ત્યા કયાં જાય છે તું? **'અપને આત્મસ્વરૂપમેં સ્થિત હો...'** રહે છે. એને અહીંયાં ભાવલિંગ કહેવામાં આવે છે.

---

आगे कहते हैं कि ज्ञान, दर्शन, संयम, त्याग, संवर और योग ये भाव भावलिंगी मुनिके होते हैं, ये अनेक हैं तो भी आत्मा ही है, इसलिये इनसे भी अभेदका अनुभव करता है :-

**आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य।**
**आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे।।५८।।**

आत्मा खलु मम ज्ञाने आत्मा मे दर्शन चरित्रे च।
आत्मा प्रत्याख्याने आत्मा मे संवरे योगे।।५८।।

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**
**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૫૮.**

अर्थ :- भावलिंगी मुनि विचारतें है कि - मेरे ज्ञानभाव प्रकट है उसमें आत्माकी ही भावना है, ज्ञान कोई भिन्न वस्तु नहीं है, ज्ञान है वह आत्मा ही है, इसप्रकार ही दर्शनमें भी आत्मा ही है। ज्ञानमें स्थिर रहना चारित्र है, इसमें भी आत्मा ही है। प्रत्याख्यान (अर्थात् शुद्धनिश्चयनयके विषयभूत स्वद्रव्यके आलंबनके बलसे) आगामी परद्रव्यका सम्बन्ध छोड़ना है, इस भावमें भी 'संवर' ज्ञानरूप रहना और परद्रव्यके भावरूप न परिणमना है, इस भावमें भी मेरा आत्मा ही है, और 'योग' का अर्थ एकाग्रचिंतारूप समाधि-ध्यान है, इस भावमें भी मेरा आत्मा ही है।

भावार्थ :- ज्ञानादिक कुछ भिन्न पदार्थ तो हैं नहीं, आत्माके ही भाव हैं, संज्ञा, संख्या, लक्षण और प्रयोजनके भेदसे भिन्न कहते हैं, वहाँ अभेददृष्टिसे देखें तो ये सब भाव आत्मा ही हैं इसलिये भावलिंगी मुनिके अभेद अनुभवमें विकल्प नहीं है, अतः निर्विकल्प अनुभवसे सिद्धि है यह जानकर इसप्रकार करता है।।५८।।

## ગાથા-૫૮ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ જ્ઞાન, દર્શન, સંયમ, ત્યાગ, સંવર ઔર યોગ યે ભાવ ભાવલિંગી મુનિકે હોતે હૈં, યે અનેક હૈં તો ભી આત્મા હી હૈ, ઈસલિયે ઈનસે ભી અભેદકા અનુભવ કરતા હૈ :-**' બહુ ગાથા (સરસ છે). આ ગાથા 'નિયમસાર'ની ૧૦૦. 'સમયસાર'ની ૨૭૭. આ એકને એક ગાથા આ ઠેકાણે છે.

**आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य।**
**आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे।।५८।।**

ભાવ સંત મુનિ ધર્માત્મા, ધર્મ ચારિત્ર એવો પ્રગટ થયો છે જેને, એ '**વિચારતે હૈં કિ-મેરે જ્ઞાનભાવ પ્રગટ હૈ ઉસમે આત્માકી હી ભાવના હૈ,...**' મારા જ્ઞાનકાર્યમાં મારો આત્મા કારણ છે એમ કહે છે. આહાહા..! '**જ્ઞાનભાવ પ્રગટ હૈ ઉસમેં આત્માકી હી ભાવના હૈ,...**' એ આત્મા આનંદ જ્ઞાનધામ એ જ મારા જ્ઞાનની પર્યાયના કાર્યમાં કારણ એ આત્મા છે. આહાહા..! દેખો આ જ્ઞાનના પરિણામ. એને પરિણામ કહીએ. સમજાણું કાંઈ? રાગ અને વિકલ્પ છે પુણ્ય-પાપ એ કાંઈ આત્માનું કાર્ય નથી. એ તો અજ્ઞાની માને છે પોતાનું એટલું છે. અંતરમાં ભગવાનઆત્મા જ્ઞાનનો સૂર્ય, ચૈતન્યસૂર્ય.. કાલે કહ્યું હતું ને? એક જૈન હતો, જૈન. એને પૂછ્યું કે આયુષ્ય શરીરનું હોય કે આત્માનું? કે મને કાંઈ ખબર નથી. આ તે કાંઈ... આયુષ્ય હોય એ કોનું હોય? કીધું. શરીરનું હોય કે આત્માનું?

મુમુક્ષુ :- માણસનું હોય. શરીરનું અને આત્માનું ક્યાં?

ઉત્તર :- માણસ તો આ જડ છે, ધૂળ છે. પછી એમણે કહ્યું. .. અરે..! આમ હોંશિયાર કહેવાય બહારમાં. દુકાનનું આમ કરું ને ભણતરનું આમ કરું. મૂર્ખાઈમાં હોંશિયાર હોય. 'અમુલખભાઈ'! એમ જ છે? આહાહા..! એલા પણ આટલી ખબર નથી? કીધું, જો આ શરીર છે. આયુષ્ય કોનું કહેવાય? ૫૦ વર્ષ, ૬૦ વર્ષ, ૭૦ કોનું કહેવાય? આત્માનું કે શરીરનું? આરે આરે..! આ તે કાંઈ વીંખી નાખ્યો છે ને આત્માને આખો. આ તો જડ છે. આયુષ્ય તો આનું હોય. આત્માને આયુષ્ય હોય? આત્મા તો અક્ષય સ્થિતિએ અનાદિઅનંત છે. આહાહા..! આત્મા તો અનાદિઅનંત છે. કાંઈ ખબર ન

મળે. કૂતરાની જેમ પેટ ભરે. બોલે, ભૂંકે-ભૂંકે. ગધેડાની જેમ ભૂંકે, કૂતરાની જેમ પેટ ભરે, ઘોડાની જેમ દોડે. 'મોહનભાઈ'! આ 'મુંબઈ'માં એવું છે ને, જુઓને! 'મુંબઈ'માં ક્યાં આગળ દોડાદોડ એ તો એકદમ કામ. થોડામાં જટ કરવું હોય તો મોટર, બસ. કેટલી ડબલ બસું હોય છે ને? બે માળની ખીચોખીચ ભરાણી હોય. જટ કામ કરવું હોય, ઘોડાની જેમ દોડાદોડ કરે, એય..! 'મોહનભાઈ'! શું હશે આ બધું?

મુમુક્ષુ :- ઘોડાની જેમ દોડવું, ગધેડાની જેમ ભાંભરવું, કૂતરાની જેમ ખાવું.

ઉત્તર :- ખાવું. 'જયંતિભાઈ'! આ તમારા 'મુંબઈ'. આહાહા..!

કહે છે કે '**ज्ञानभाव प्रकट है उसमें...**' '**आदा खु मज्झ णाणे**' છે ને? મારો આત્મા મારા જ્ઞાનમાં છે. મારો આત્મા મારા જ્ઞાનભાવમાં મારો આત્મા છે. જ્ઞાનભાવના પરિણામ થાય છે તેનું કારણ આત્મા છે. એ જ્ઞાન કોઈ શાસ્ત્રથી, પાનાથી, સાંભળવાથી જ્ઞાન થાય એ જ્ઞાન નહિ. આહાહા..! માટે સાંભળવું નહિ એમ કીધું? અહીં તો '**आदा खु मज्झ णाणे**' આહાહા..! મારો આત્મા તે મારા જ્ઞાનના પરિણામમાં કારણ અથવા જ્ઞાનના પરિણામમાં સમીપપણે આત્મા વર્તે છે. જ્ઞાનના પરિણામમાં સમીપ નિકટ-નજીક આત્મા વર્તે છે. જ્ઞાનના પરિણામમાં નિકટ રાગ અને નિમિત્ત આ પાના-પુસ્તક વર્તતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઓલી બહારની વ્યવહારની ગંધ ગરી હોય છે ને એને આ વાત જરી બેસવી એવી લાગે. આ શું કહે છે પણ આ? કહે છે, આ તારા જન્મ-મરણનો ઉદ્ધાર થાય એ વાત અહીં છે. જન્મ-મરણ કરી કરીને મરી ગયો ચોર્યાશીના અવતારમાં. સમજાણું કાંઈ?

'**मेरे ज्ञानभाव प्रकट है...**' પર્યાય. '**उसमें आत्माकी ही भावना है,...**' એટલે આત્મામાં એકાગ્ર થયો તે આત્મા જ એનું કારણ છે. બીજું કોઈ કારણ છે નહિ. આહાહા..! જુઓ! આ વીતરાગની વાણી. તીર્થંકરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા, પરમેશ્વર સો ઈન્દ્રની વચમાં સમવસરણમાં ભગવાન આમ ફરમાવતા હતા. સમજાણું કાંઈ? મહાવિદેહમાં વર્તમાન ભગવાન બિરાજે છે. 'સીમંધર' પરમાત્મા સાક્ષાત્ કેવળી તીર્થંકરદેવ. એ રીતે જ અત્યારે ઈન્દ્રોમાં ફરમાવી રહ્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**मेरे ज्ञानभाव प्रगट है...**' આમ ભાષા લીધી છે. '**खु**' શબ્દ આ જે આવ્યો ને એટલે પ્રગટ પરિણામ. મૂળ તો પરિણામ લેવા છે ને? શું કહે છે? જે આ જ્ઞાનના પરિણામ પર્યાય પ્રગટ થાય છે, જ્ઞાન એને કહીએ કે જે જ્ઞાનના પરિણામમાં આત્મા કારણ છે. આત્માના જ્ઞાયક સ્વભાવના લક્ષે દૃષ્ટિએ જે જ્ઞાન થયું તેને જ્ઞાન કહેવામાં આવે છે. તે મોક્ષના માર્ગનો અવયવ છે. માથા ફરી જાય એવું છે પણ ફેરવતો નથી. આહાહા..! ભાઈ! તારા આ તો ગાણા ગવાય છે, તું કેવડો કોણ છો ભાઈ! એમ કહે છે. આહાહા..! મારા જ્ઞાનની દશામાં મારો આત્મા છે. એમ કહે છે. મારા જ્ઞાનના

મોક્ષમાર્ગના સમ્યગ્જ્ઞાનરૂપી પરિણામ પ્રગટ છે એમાં મારો આત્મા કારણ છે. એ આત્માની એકાગ્રતા તે મારા જ્ઞાનનું પરિણામ છે, એમ કહે છે. ઓલામાં તો વધારે લખ્યું છે. 'યહાં નિશ્ચયકી અપેક્ષાસે ગુણગુણીકા અભેદ કથન કરતે હુએ કહા ગયા હૈ. જ્ઞાનગુણ મેં ચૈતન્યસ્વરૂપ મેરા આત્મા હી વિદ્યમાન હૈ અથવા જ્ઞાનરૂપ કાર્યકી ઉત્પત્તિમેં મેરા આત્મા હી નિમિત્ત હૈ. જ્ઞાનકે ઉપકરણ આદિ જો પુસ્તક પટ્ટી આદિ હૈ વે કારણ નાહિ.' આવો ખુલાસો કર્યો છે. સમ્યગ્જ્ઞાનના જે ભાવ થાય એ મારા આત્માને કારણે થયેલા છે. અંતર આશ્રયથી થયા છે. બહારના ઉપકરણ જ્ઞાનના પુસ્તકો, પાના, પુસ્તક પટ્ટી આદિ કારણ નથી. કહો, સમજાણું કાંઈ? જુઓ! આ ગાથા છે. '**સમ્યક્ મેં મેરા આત્મા હી વિદ્યમાન હૈ.**' હવે અહીં આવ્યું.

મુમુક્ષુ :- સંસ્કૃત?

ઉત્તર :- હા. આ 'અષ્ટપાહુડ'નું સંસ્કૃત. એની ટીકા.

મુમુક્ષુ :- શ્રુત સાગરી ટીકા.

ઉત્તર :- શ્રુત સાગરી ટીકા. 'કછુ જ્ઞાન ન્યારા વસ્તુ નાંહી. જ્ઞાન હૈ સો આત્મા હી હૈ.' એ આત્માનું જ્ઞાન આત્માના આશ્રયથી, એના આધારથી એના અવલંબે પ્રગટે છે. બહારના પુસ્તક, પાના અને સાંભળવાથી પ્રગટતું નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ છોકરા-બોકરા ફરે છે ને બધા છ-છ હજાર રૂપિયા ખર્ચીને શું કહેવાય આ બધું? દેશાતન. બુદ્ધિ બહુ પાકે. ત્યાં દેશાતન જાય ને. નવા નવા દેશ, નવા નવા છોકરાઓ માણસો...

મુમુક્ષુ :- જુદા જુદા માણસો મળે, જુદા જુદા..

ઉત્તર :- ધૂળ મળી એમાં શું મળ્યું તને? બહુ ફરી આવ્યા એટલે માથુ ફરી જાય. પાછા એમાં ટોપા-બોપા પહેર્યા હોય, દસ હજાર રૂપિયા ખર્ચી આવ્યા હોય. ઘરમાં તો જાણે સમાય નહિ, શી રીતે ભાઈ સા'બને બોલાવવા? એવો પાવર થઈ ગયો હોય. અજ્ઞાન લઈને આવ્યો છે તો પાવર ચડી ગયો છે. આ જ્ઞાન તો અંતર આત્માના અંતર દૃષ્ટિ કરે ત્યારે જ્ઞાન થાય, તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘમંડ ચડી જાય.

ઉત્તર :- ઘમંડ ચડી જાય. હા. વળી એમાં બે-પાંચ હજારનો, દસ હજારનો પગાર થઈ ગયો હોય ત્યાં 'અમેરિકા'માં. 'અમેરિકા'માં દસ હજારનો પગાર એટલે અહીંનો પાંચસો અને ત્યાં દસ હજારનો. એમાં શું છે? દસ હજારના પગાર થાય તો આમ ટોપા પહેરી લે. આમ છે, ત્યાં 'અમેરિકા'માં આમ છે. શું છે? તારામાં શું છે એ કહેને હવે. એય..! 'ચેતનભાઈ'!

મુમુક્ષુ :- ચેતનભાઈને શું ખબર, એના છોકરાઓ નથી ગયા.

ઉત્તર :- પણ બીજા કો'કના ગયા હોય એને સાંભળ્યા હોય ને. ગયા હોય એ સાંભળ્યા હોય ને.

મુમુક્ષુ :- 'પ્રવિણભાઈ'ના.

ઉત્તર :- પ્રવિણભાઈ કોણ છે? હા. હા. ઠીક. અહીં તો ઘણા જોયા છે ને એવા મોટા ટોપાવાળા. દસ-દસ હજારના પગાર અને મગજ ફાટી ગયેલા હોય. અરે..! ભાઈ! એ તો રખડવાના, ચાર ગતિમાં રખડવાના તારા જાણપણા છે. કીડે ને કાગડે રખડવાનું જ્ઞાન.

આ તો જ્ઞાન આત્મા, જ્ઞાનનો દરિયો ચૈતન્યસ્વભાવ, એનું અંતર આલંબન લઈને એને કારણે, એને આધારે પ્રગટેલું જ્ઞાન, એ જ્ઞાનનું કાર્ય એનું કારણ આત્મા છે. સમજાણું કાંઈ? એ આત્મા જ છે, બીજું કોઈ છે નહિ. 'દર્શન વિષે ભી આત્મા હી હૈ.' સમ્યગ્દર્શનમાં મારો આત્મા છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં (આત્મા છે). આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા-ફદ્ધા એ સમ્યગ્દર્શન નહિ, એમ કહે છે. જુઓ! આમાં કહે છે.

મુમુક્ષુ :- આ તો મુનિના દર્શનની વાત છે ને.

ઉત્તર :- અરે..! બધા સમ્યગ્દૃષ્ટિની વાત છે. બધાયની છે. જુઓ! 'દર્શન સમકિત મેં મેરા આત્મા હી વિદ્યમાન હૈ અથવા સમકિતરૂપ કાર્ય કી ઉત્પત્તિ મેં મેરા આત્મા હી કારણ હૈ.' સમ્યગ્દર્શનના પરિણામનું કારણ મારો ભગવાનઆત્મા છે. એ વિના કોઈ કારણ (છે નહિ). 'અન્ય તીર્થયાત્રા...' એ સમકિતમાં કારણ નથી. 'જિનપ્રતિષ્ઠા, શાસ્ત્ર શ્રવણ, વંદના, સ્તવન આદિ સમકિત કી ઉત્પત્તિકા કારણ નહીં હૈ.' ચોખ્ખું કર્યું. પછી એનો બચાવ કર્યો, જુઓ! કૌંસમાં ભાઈએ. 'પન્નાલાલ'. એમ કે 'ટીકાકાર ઉપાદાન કારણકી અપેક્ષા આત્માકો જ્ઞાન, દર્શન ઔર ચારિત્ર .. કહા હૈ ક્યોંકિ આત્મા હી જ્ઞાન આદિ ... બાહ્ય કારણોં કા સર્વથા નિષેધ નહિ સમજના.' ઘરનું નાખ્યું એમાં. અહીં તો સર્વથા નિષેધ કર્યો છે. આહાહા..! એવું છે, ભાઈ! મારી નાખે પક્ષકાર. આહાહા..! શલ્ય એવા હોય છે.

અહીં તો કહે છે કે સમ્યગ્દર્શનમાં... જો 'કાર્ય કી ઉત્પત્તિ સે મેરા આત્મા હી કારણ હૈ.' બીજું કોઈ કારણ-ફારણ છે નહિ સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં. શાસ્ત્રમાં વ્યવહાર કહ્યા છે એ કારણ નથી. એને ઉપચારે કારણ કહેવામાં આવે છે. વેદનાથી સમકિતી થાય, દેવદર્શનથી, દેવઋદ્ધિ. દેવની ઋદ્ધિની દેખવાથી, સ્તવનથી એ બધા કહે છે કે નહિ. મારો આત્મા સમ્યગ્દર્શનમાં કારણ છે. મારું સમ્યગ્દર્શનરૂપી કાર્ય એના કારણમાં આત્મા છે. કારણમાં બીજું કોઈ કારણ-ફારણ છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું! એક કલાકમાં કેટલી વાત યાદ રાખવી? છે તો ટૂંકી. કહે છે તારું સ્વરૂપ પવિત્ર આનંદધામ

છે. એના કારણે જે કાંઈ ધર્મની પર્યાય પ્રગટે એને કારણે. આટલું તારું. બાકી કરવાનું શું છે? આહાહા..!

મુમુક્ષુ :- સર્વથા...

ઉત્તર :- **ન** સમજો. 'સમજના ચાહિયે. ક્યોંકિ વ્યવહારનય સે ઉનકો ભી ઉપયોગિતા હોતી હૈ.' અહીં ટીકાકાર **ના** પાડે છે, આ કહે કે .. માણસને...

મુમુક્ષુ :- બીજેથી વિરોધ આવે...

ઉત્તર :- હોય જુદી વાત છે પણ એને લઈને અહીંયાં થાય છે (એમ **નથી**). અહીં તો **ના** જ પાડે. એ છે જ નહિ. આહાહા..!

સમ્યક્ '**દર્શનમેં ભી આત્મા હી હૈ.**' અથવા મારું સમ્યગ્દર્શન એવી જે શ્રદ્ધાની નિર્મળ સમ્યક્ પર્યાય-અવસ્થામાં કારણ આત્મા છે. સમજાણું કાંઈ? અને '**જ્ઞાનમેં સ્થિર રહના ચારિત્ર હૈ, ઈસમેં ભી આત્મા હી હૈ.**' લ્યો! ચારિત્ર એને કહીએ કે જે જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં ઠરે. વીતરાગભાવે ઠરે એને ચારિત્ર કહીએ. જુઓ! '**જ્ઞાનમેં સ્થિર રહના ચારિત્ર હૈ, ઈસમેં ભી આત્મા હી હૈ.**' ચારિત્રના કારણમાં મારો આત્મા છે. એ વ્યવહાર વિકલ્પ આદિ છે એ કારણે ચારિત્ર **નથી**. સમજાણું કાંઈ? એમાં ખુલાસો કર્યો છે.

'**ચારિત્રમેં ભી મેરા આત્મા હી વિદ્યમાન હૈ. અથવા ચારિત્રરૂપ કાર્ય કી ઉત્પત્તિ મેં મેરા આત્મા હી કારણ હૈ. અન્ય નાના વિકલ્પરૂપ-અનેક વિકલ્પરૂપ વ્રત, સમિતિ, ગુપ્તિ, દસ પ્રકારના ધર્મ, અનુપેક્ષા, પરિષહ આદિ કારણ નહીં હૈ.**' ટીકામાં છે પણ લખે એટલું. પાછો હેઠે બચાવ કર્યો છે. આ ટીકાની વાત છે. ટીકામાં કહ્યું છે. સંસ્કૃતમાં છે, એની તો વાત છે.

**आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरितं च।**
**आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो।।२७७।।**

સમજાણું કાંઈ? આ ગાથા તો આપણે 'સમયસાર'માં છે, 'નિયમસાર'માં છે? સ્થિરતા વિષે ભગવાનઆત્મા અંતરની સ્વરૂપની રમણતા, જ્ઞાનમાં લીનતા, જ્ઞાનસ્વભાવમાં જામી જાવું એવું ચારિત્ર, એને ચારિત્ર કહે છે. એ ચારિત્રના કાર્યમાં કારણ આત્મા છે. એના કારણમાં બીજું કોઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ? લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૧૧૭, ગાથા–૫૮–૫૯, મંગળવાર, પોષ વદ ૧૪, તા.૨૨–૧–૭૪**

આ 'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ૫૮મી ગાથા, એનો ભાવાર્થ છે ને? આમાં શું કહ્યું? કે જે આત્મામાં સમ્યગ્જ્ઞાન થાય, મોક્ષનું કારણ, એવી સમ્યગ્જ્ઞાનની પર્યાય જે છે, એનો આધાર-અવલંબન આત્મા છે. એ સમ્યગ્જ્ઞાનની પર્યાય આત્માને અવલંબે થાય છે. અથવા એ સમ્યગ્જ્ઞાનનું કાર્ય એ આત્માનું કાર્ય છે. એ કોઈ શાસ્ત્ર ભણતર કરે કે પંચમહાવ્રત આદિ પાળે તો એનાથી જ્ઞાનનું કાર્ય છે, એમ નથી. સમજાય છે કાંઈ? કેમકે '**જ્ઞાનાદિક કુછ ભિન્ન પદાર્થ તો નહીં,...**' આ જ્ઞાન એટલે આ પુસ્તકનું-શાસ્ત્રનું જ્ઞાન નહિ. જે જ્ઞાનની પર્યાય-અવસ્થા, સમ્યગ્જ્ઞાનની દર્શન સહિત, એ જ્ઞાનની પર્યાયનું કાર્ય એ આત્માનું છે. એ કાર્ય કોઈ શાસ્ત્રભણતરથી થયું છે કે કોઈ ગુરુની કૃપાથી થયું છે કે શાસ્ત્ર ને ગુરુને કારણે એ જ્ઞાન થાય છે, એમ નથી. સમજાણું કાંઈ?

'**આત્માકે હી ભાવ હૈં,...**' એ સમ્યગ્જ્ઞાનની પર્યાય, તેમ સમ્યગ્દર્શનની પર્યાય એ આત્માનો જ ભાવ છે-આત્માની જ પર્યાય છે, એ સમ્યગ્દર્શનનું કાર્ય આત્માનું છે. સમ્યગ્દર્શનનું કાર્ય કોઈ વ્યવહાર રાગાદિ કે નિમિત્તનું એ કાર્ય નથી. આહાહા..! ઝીણી વાતું ભારે, ભાઈ! જગતને તત્ત્વ શું છે (એની ખબર નથી). એ ગાથા બહુ મર્મની મૂકી છે. આત્માની સમ્યગ્દર્શનપર્યાય, જે અનંતકાળમાં થઈ નથી એવી જે સમ્યક્પર્યાય, એનું કારણ અથવા સમ્યગ્દર્શનમાં એ આત્મા આવ્યો છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્મા આવ્યો છે. એની પર્યાયમાં રાગ અને નિમિત્તથી એ પર્યાય થઈ છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એમ સમ્યક્ચારિત્ર. છે ને બોલ બધા? ચારિત્રની જે વીતરાગી પર્યાય અંદરમાં થાય એ કાર્ય આત્માનું છે. એ ચારિત્રની પર્યાયમાં આત્મા નિર્મળ ભગવાન પોતે આવેલો છે. આહાહા..! એ ચારિત્રનો પર્યાય એ આત્માનું સ્વરૂપ જ છે. કેમકે નિર્વિકારી દશા આત્મામાં થાય, પંચમહાવ્રતના પરિણામ એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! એમ સાધુના જે અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ છે એ ચારિત્ર નથી, તેમ એ ચારિત્રનું કારણ નથી. પંચમહાવ્રત પરિણામ ચારિત્રનું કારણ નથી.

મુમુક્ષુ :- આ મુનિને ચારિત્રગુણ...

ઉત્તર :- મુનિને ચાલે નહિ. ...

મુમુક્ષુ :- અબ તો એક મહિના હિન્દી મેં ચલના ચાહિયે.

ઉત્તર :- એક મહિના નહીં ચલે. પાંચમસે ચલેગા. રવિવારથી ઘણા માણસ આવે તો ચાલશે. મહોત્સવમેં તો હિન્દી ચલેગા. મહોત્સવકે પહલે ભી થોડે હિન્દી આયેંગે

તો... હિન્દી છે તો હિન્દી ચલાવો, એમ કહે છે.

ઐસા કહતે હૈં કિ આત્માકી જ્ઞાનરૂપી જે સમ્યક્ પર્યાય હૈ, વહ આત્માકા કાર્ય હૈ. ઉસ સમ્યગ્જ્ઞાનની પર્યાયમેં આત્મા પરિણમન કરકે આયા હૈ. કોઈ શાસ્ત્ર પરિણમન કરકે જ્ઞાન આયા હૈ, ઐસા હૈ નહીં. આહાહા..! ભગવાનઆત્મા પરિપૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્યધાતુસે ભરા પડા હૈ. વહ સમ્યગ્જ્ઞાનની પર્યાયમેં યા સમ્યગ્દર્શનકી પર્યાયરૂપ કાર્યમેં યા સમ્યક્ચારિત્રરૂપી પર્યાય-કાર્યમેં આત્મા હી બસા હૈ. વહ આત્માકા હી ભાવ હૈ ઔર આત્માકા વહ કાર્ય હૈ. ઔર ઉસ પર્યાયમેં આત્મા હી આલંબન હૈ. આહાહા..! ઐસી બાત સૂક્ષ્મ હૈ. દુનિયાકો બાહરમેં લગા દિયા. પંચમહાવ્રત પાલો, શાસ્ત્રકા જ્ઞાન કરો વહ જ્ઞાન. ધૂલમેં ભી જ્ઞાન નહીં હૈ.

મુમુક્ષુ :- માન તો મિલે.

ઉત્તર :- માન મિલે. .. પાગલ પાગલકી પ્રશંસા કરે. સમજમેં આયા? પાગલકી અસ્પતાલમેં પાગલ બડા અચ્છા હો ઉસે અચ્છા કહે.

યહાં તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા કે કૉલેજ કી બાત હૈ. આહાહા..! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માનો એ હુકમ છે, એ આજ્ઞા છે, એ આદેશ છે, દિવ્યધ્વનિમાં એ કથન છે. એ 'કુંદકુંદાચાર્ય' કહે છે. '**आदा खु मज्झ णाणे**' દેખો ન, ભાષા કૈસી લી હૈ! આહાહા..! શાસ્ત્રકા ભણતર કરે ઔર જ્ઞાન હો, વહ જ્ઞાન નહીં હૈ. આહાહા..! જો જ્ઞાન કી પર્યાયમેં-કાર્યમેં આત્મા આયે ઉસે જ્ઞાનપર્યાય કહનેમેં આતી હૈ. વૈસે સમ્યગ્દર્શનકી પર્યાય કોઈ દેવ, ગુરુ, શાસ્ત્રકી શ્રદ્ધા કરના યા નવ તત્ત્વકી ભેદવાલી શ્રદ્ધા કરના વહ સમ્યગ્દર્શન કી પર્યાય નહીં હૈ. વહ સમ્યગ્દર્શન નહીં ઔર નવ તત્ત્વકે ભેદરૂપ શ્રદ્ધાકે કારણ સમ્યગ્દર્શનકા કાર્ય પર્યાય હો, ઐસા નહીં હૈ. સમ્યગ્દર્શનકી ધર્મકી ચૌથે ગુણસ્થાનકી પર્યાય, ઉસ સમ્યગદર્શનકી પર્યાય કા કાર્ય આત્મા કા હૈ. ત્રિકાલી ભગવાન આનંદ કા નાથ ધ્રુવ સ્વરૂપે બિરાજમાન હૈ, ઉસકા સમ્યગ્દર્શન પર્યાય કાર્ય હૈ. અથવા ઉસ સમ્યગ્દર્શનકી પર્યાયમેં આત્મા પરિણમિત હુઆ હૈ. આહાહા..! એ.. 'ધન્નાલાલજી'! ઐસી બાતેં બહુત કઠિન. સંપ્રદાયમેં યહ સબ ... લગે. સચ્ચે ભગવાન, સચ્ચે દેવ-ગુરુકો માને વહ સમ્યગ્દર્શન. તીલકાલમેં વહ બાત સત્ય નહીં હૈ, બિલકૂલ જૂઠી હૈ.

જિસમેં ભગવાનઆત્મા એક સમયમેં અનંતગુણકા પુંજ ધ્રુવ રાશિ, વહ જિસકી શ્રદ્ધામેં આયા નહીં ઔર શ્રદ્ધાકે કાર્યમેં આત્માકા અવલંબન નહીં હૈ, ઉસે શ્રદ્ધા કહતે નહીં. કહો, સમજમેં આતા હૈ?

વૈસે ચારિત્ર કી પર્યાય. ચારિત્ર પર્યાય વીતરાગી હૈ. તો પર્યાય હૈ વહ કાર્ય હૈ. પર્યાય કહો યા કાર્ય કહો. ઉસ કાર્ય મેં કારણ તો ભગવાન ત્રિકાલી આનંદ કા નાથ પ્રભુ ઉસ ચારિત્ર કે કારણ મેં કાર્ય હૈ. ઉસ ચારિત્ર કા કારણ આત્મા, ઉસકા વહ

કાર્ય હૈ. પંચમહાવ્રત કે પરિણામ હો ઉસસે ચારિત્ર હોતા હૈ, ઐસી વસ્તુસ્થિતિ નહીં હૈ. સમજમેં આયા? પંચમહાવ્રતકે વિકલ્પ હૈં વહ આસ્રવ હૈ, વહ બંધ હૈ, ભાવબંધરૂપ ભાવ હૈ. ઔર ચારિત્ર હૈ વહ અબંધ પરિણામ હૈ.

ચારિત્ર વસ્તુ ઐસી કોઈ ચીજ હૈ કિ અભી તો મહાદુર્લભ હૈ. સમજમેં આયા? ઉસે સમજનેવાલોંમેં દુર્લભતા હો ગઈ હૈ. આહાહા..! વીતરાગી પરિણતિ અંદર હો, આનંદ કી લહર ઉઠે. ચારિત્ર તો ઉસે કહેં કિ જિસમેં અતીન્દ્રિય આનંદકી દશા પ્રગટ હો. ઔર ઉસ અતીન્દ્રિય આનંદકી દશાકા વીતરાગતાકા કારણ ભગવાનઆત્મા હૈ. સમજમેં આયા? ચારિત્રકી પર્યાય અને આત્મા, ઐસે સંજ્ઞાભેદસે ભેદ ભલે હી કહો. હૈ ન? '**સંખ્યા, લક્ષણ ઔર પ્રયોજન કે ભેદ સે ભિન્ન કહતે હૈં, વહાઁ અભેદદષ્ટિસે દેખેં તો વે સબ ભાવ આત્મા હી હૈ,...**' આત્માકી ચારિત્રકી આનંદદશા ભી આત્માકી હૈ, સમ્યગ્જ્ઞાનકી પર્યાય સ્વસંવેદન-જ્ઞાનકા સ્વસંવેદન અપના પ્રત્યક્ષ હોના, ઉસમેં આત્મા કારણ હૈ. આહાહા..! ઉસમેં શાસ્ત્ર ભણતર-બણતર કારણ હૈ નહીં. ભગવાનકી વાણી સુનને સે સમ્યગ્જ્ઞાન હોતા હૈ, યહ બાત સત્ય નહીં હૈ, ઐસા કહતે હૈં. 'પાટનીજી'! સમ્યગ્જ્ઞાનમેં કારણ તો પ્રભુઆત્મા ત્રિકાલી જ્ઞાનકી મૂર્તિ આત્મા હૈ. વહ સમ્યગ્જ્ઞાનમેં કારણ હોકર કાર્ય હોતા હૈ. આહાહા..! વીતરાગકા માર્ગ બહુત અલૌકિક હૈ, ભાઈ! જગતકે પાસ વીતરાગ ક્યા કહતે હૈં યહ બાત રક્ખી નહીં હૈ, દૂસરી હી (બાત રખી હૈ). અજૈનકી ક્રિયાએઁ જૈનકે નામસે ચલાઈ. આહાહા..! સમજમેં આયા?

કહતે હૈં, કિ પ્રત્યાખ્યાન, પચ્ચખાણ કરતે હૈં ન? પચ્ચખાણ. વહ પચ્ચખાણ ક્યા ચીજ હૈ? પચ્ચખાણ કિયા, લો. ... વિકલ્પ હુઆ. વહ પચ્ચખાણ હૈ? વહ તો રાગ હૈ. આહાહા..! પ્રત્યાખ્યાન-પચ્ચખાણ પરમાત્મા ઈસકો કહતે હૈં કિ જિસમેં વીતરાગી પર્યાય હો ઔર ઉસકા કારણ આત્મા હો ઔર વીતરાગી પર્યાય કા કાર્ય આત્મા કા હૈ, ઉસકો પચ્ચખાણ કહને મેં આતા હૈ. આહાહા..!

સંવર.. સંવર. સંવર કરતે હૈં ન? સંવર. 'જામનગર' મેં બહુત સંવર હોતે હૈં. ... સબ લંઘન હૈ. સંવર ભગવાન ઉસકો કહતે હૈં કિ જિસ વીતરાગી પર્યાયમાં આનંદ (આયે) ઔર ઉસ આનંદકી પર્યાયકા કારણ આત્મા (હૈ), આત્માકા કારણકા યહ કાર્ય હૈ. આહાહા..! દૂસરે પ્રકારસે કહેં તો જો મોક્ષકા માર્ગ હૈ ન? મોક્ષકા માર્ગ જો હૈ- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, યે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાય, આત્મા ધ્રુવ દષ્ટિમેં આયા, જ્ઞેય બનાયા, ચારિત્રમેં ધ્યેય કિયા તબ વહ પર્યાય પ્રગટ હુઈ તો વહ આત્માકે કારણ સે પ્રગટ હુઈ હૈ. આહાહા..! અભી તો ચીજ કિસકો કહના યહ માલૂમ નહીં. અનાદિસે રખડતા આત્મા દુઃખી હૈ, વહ મિથ્યાદષ્ટિ બેચારા દુઃખી હૈ. દુઃખી હૈ, દુઃખી. યે પૈસેવાલે અરબોંપતિ, ધૂલવાલે દેવ દિખે, વે સબ બેચારે ભિખારી દુઃખી હૈં. આહાહા..! રાંકા..

રાંકા.. શાસ્ત્ર મેં વરાંકા કહા હૈ.

જિસે આત્મા ચિદાનંદમૂર્તિ અનંત આનંદ કા કંદ પ્રભુ, જિસકી દૃષ્ટિ મેં આયા નહીં, જિસકે જ્ઞાનમેં આયા નહીં, જિસકી શાંતિ મેં આયા નહીં, વહ સબ જગત કે રખડનેવાલે પ્રાણી હૈં. વર્તમાનમેં ભી દુઃખી ઔર ભવિષ્યમેં ભી દુઃખી. આહાહા..! સમજમેં આયા? ક્યા હૈ? જગતમેં યે સબ પૈસેવાલે સુખી કહલાતે હૈં ન? પાગલ ઈકટ્ઠે હોકર (કહતે હૈં). પાંચ-પચાસ લાખ, ક્રોડ, દો ક્રોડ, પાંચ ક્રોડ પૈસે હો.. બાદશાહી હૈ. ધૂલમેં ભી બાદશાહી નહીં હૈ, સુન ન. વહ તો વિકારકી પર્યાય હૈ. આહાહા..!

મુમુક્ષુ :- ભલે વિકારકી પર્યાય હૈ, પૈસા તો લાયે ન.

ઉત્તર :- પૈસા કૌન લાયે? ધૂલ લાયે. વહ તો પૂર્વ કે પુણ્ય હો તો આયે. ઉસકે પાસ આતે હૈં? ઉસકે પાસ કહાં આતે હૈ? ઉસકે પાસ આયે તો મમતા ઉસકે પાસ આયી. વહ ચીજ તો દૂર રહ ગઈ. આહાહા..! ભગવાનઆત્મા આનંદકા નાથ સચ્ચિદાનંદ પ્રભુ.. આહાહા..! ઐસે ધ્રુવ આનંદકી ડલ્લી. ડલ્લી કહતે હૈં ન? આહાહા..! ઐસા આનંદકા નાથ ડલ્લી જિસકે શ્રદ્ધા-જ્ઞાનમેં આયા નહીં ઔર દૂસરી (ચીજ) શ્રદ્ધા-જ્ઞાનમેં આતી હૈ, વહ શ્રદ્ધા-જ્ઞાન નહીં. આહાહા..! વીતરાગકી બાતેં ઐસી (હૈ) કિ જગતમેં ઔર કહીં હૈ નહીં, વીતરાગમેં ઉસ જાતિકી બાત માનો બિખર ગઈ હો.

યહાં તો કહતે હૈં, સંવરમેં ભી આત્મા હૈ. સંવર માને આસ્રવ-પુણ્યકે પાપ જો આસ્રવ હૈ, ઉસસે રહિત જો સંવર દશા હૈ ઉસમેં આત્મા આયા હૈ. સંવરકે કાર્યમેં આત્મા કારણ હૈ. સંવરકે કાર્યમેં દયા, દાન, વ્રત આદિકા શુભભાવ હૈ વહ કારણ હૈ ઔર સંવર કાર્ય હૈ, ઐસા હૈ નહીં. 'મૂલચંદભાઈ'! કઠિન બાત, ભાઈ!

મુમુક્ષુ :- ઔર કારણ કૌન હો સકતા હૈ?

ઉત્તર :- ધૂલ ભી કારણ નહીં હૈ. દો કારણ, દો કરણ કહતે હૈં ન? ...

સંવર. જોગ અર્થાત્ ધ્યાન. એકાગ્ર ચિંતા નિરોધ. ચિંતા કા નિરોધ. આત્મા કો ધ્યેય કરકે, જ્ઞેય કરકે જ્ઞાન મેં ધ્યાન દશા પ્રગટ હો, વહ ધ્યાન કી દશા આત્મા હૈ. ધ્યાન કી દશા કોઈ વિકલ્પ ઔર ઐસા-વૈસા.. ભગવાન કા ધ્યાન કિયા, ભગવાન ઐસે હૈં ઔર પરમાત્મા ઐસે હૈં, વહ સબ વિકલ્પ હૈ, વહ સબ રાગ હૈ, વહ ધ્યાન નહીં. આહાહા..! ધ્યાનમેં તો ભગવાનઆત્મા શુદ્ધ કારણપરમાત્મા પરમસ્વભાવભાવ સ્વરૂપ આત્મા, ધ્યાનકી પર્યાયકા કારણ વહ હૈ. ઔર જો ધ્યાનકા કાર્ય હૈ, ધ્યાન એક કાર્ય હૈ, વીતરાગી દશા યહ ધ્યાન કાર્ય હૈ, ઉસ કાર્યકા કારણ આત્મા હૈ. આહાહા..!

યહાં તો વહાં તક કહા હૈ, આનંદ ધર્મકી જો પર્યાય હૈ ઉસમેં કોઈ નિમિત્ત કારણ નહીં, પૂર્વકી પર્યાય કારણ નહીં. વર્તમાન સીધા ભગવાનઆત્મા ઉસકા કારણ હૈ. આહાહા..! અરે..! વીતરાગકી વાણી સુનને મિલની મુશ્કિલ હો ગઈ. ધર્મ તો મુશ્કિલ હો ગયા,

લેકિન વાણી ક્યા કહતી હૈ, યહ બાત સુનની મુશ્કિલ હો ગઈ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉસકી પાત્રતા ઐસી હો તો મિલ બિના રહે નહીં. આહાહા..! ઉસકી સ્વયંકી ક્ષતિ હૈ. અપની ખુદ કી ક્ષતિ હૈ. દૂસરે કી ક્ષતિ હૈ? આહાહા..!

કહતે હૈં, અભેદ દૃષ્ટિસે દેખનેપર સમ્યગ્જ્ઞાન નિર્મલ આનંદકી પર્યાયકે સાથ શ્રદ્ધાપર્યાય, ચારિત્રપર્યાય, સંવરપર્યાય, ધ્યાનપર્યાય વહ સબ અભેદદૃષ્ટિ દેખો તો આત્મા હૈ. ભેદસે કથન કહો કિ યહ ધ્યાન, યહ ધ્યાન કરનેવાલા, યહ જ્ઞાન ઔર જ્ઞાનકા કારણ. વહ અભેદ હૈ. આહાહા..! **'વે સબ ભાવ આત્મા હી હૈ, ઈસલિયે ભાવલિંગી મુનિકે...'** જો સચ્ચે મુનિ હોતે હૈં (ઉનકે) **'અભેદ અનુભવ મેં વિકલ્પ નહીં હૈ,...'** આનંદ ઔર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકે ધ્યાનમેં જો ધ્યેય આત્મા પકડા, ઉસમેં અભેદમેં કોઈ વિકલ્પ નહીં. પહલે ભગવાનકા સ્મરણ કિયા, ફિર મન સ્થિર હુઆ, ફિર ધ્યાન હુઆ, ઐસા નહીં. કઠિન બાતેં, ભાઈ!

જિસે એક સમયકી નિર્મલ વીતરાગી પર્યાય, જો મોક્ષકા માર્ગ, મોક્ષકે માર્ગકા કારણ તો દ્રવ્યસ્વરૂપ હૈ. ધ્રુવ સ્વરૂપ ઉસકા કારણ હૈ. આહાહા..! યહાં તો યહ ભી કહા, કેવલજ્ઞાનરૂપી કાર્યમેં ભી આત્મા (કારણ હૈ). પર્યાય હૈ ન વહ? ઉસમેં આત્મા કારણ હૈ. મોક્ષમાર્ગકી પર્યાય ભી કારણ નહીં. ઉસકા તો વ્યય હોતા હૈ. આહાહા..! કેવલજ્ઞાનકી... યહાં તો સાધક અવસ્થાકી બાત હૈ. લેકિન સાધ્ય અવસ્થા જો કેવલજ્ઞાન હુઆ, ઉસ જ્ઞાનમેં ભી આત્મા કારણ હૈ. વહ તો સબેરે આયા થા. ભાવ, અભાવ. કર્મકા અભાવ હુઆ ઈસલિયે સ્વભાવ હુઆ તો કેવલજ્ઞાન પર્યાય હુઈ, ઐસા હૈ નહીં. ઉસ કેવલજ્ઞાનકી પર્યાયકે કાર્યમેં પરમાત્મા આત્મા સ્વયં અંદર આતા હૈ. આહાહા..! કહો, 'ધન્નાલાલજી'! ઐસી બાતેં કઠિન. બાહરમેં ધમાધમ ચલતી હૈ. પાંચ-પચીસ લાખ કા ખર્ચ તો કહે, ધર્મ હો ગયા. ધર્મ ધુરંધર શ્રાવક હૈ બડા, ઐસા કહે. આહાહા..! મહિને-દો મહિનેકે ઉપવાસ કરે, વર્ષીતપ કરે. યે વર્ષીતપ નહીં કરતે? એક દિન ખાના ઔર એક દિન ઉપવાસ. સબ લંઘન હૈ, લંઘન. વહ ઉપવાસ નહીં. વહ ઉપવાસ નહીં હૈ, અપવાસ હૈ. અપવાસ-આત્માકે વાસ સે છૂટકર વિકલ્પકે વાસમેં આયા, ઉસકા નામ અપવાસ હૈ. ઉપવાસ તો ભગવાન પૂર્ણાનંદકે નાથકે ઉપ નામ સમીપ જાકર સ્થિર હોના, ઉસકા નામ પરમાત્મા ઉપવાસ કહતે હૈં. ઉસ ઉપવાસકી નિર્મલ પર્યાયકા કારણ આત્મા હૈ. આહાહા..!

**'ઈસલિયે ભાવલિંગી મુનિકે અભેદ અનુભવમેં વિકલ્પ નહીં હૈ,...'** આહાહા..! ભાવલિંગી મુનિ કો દ્રવ્યલિંગ તો નગ્ન હી હોતા હૈ. સમજમેં આયા? વસ્ત્ર સહિત તો દ્રવ્યલિંગ ભી જૂઠા હૈ. જો વસ્ત્રસહિત હૈ વહ ભાવલિંગી ભી નહીં હૈ ઔર દ્રવ્યલિંગી

ભી નહીં હૈ. સમજમેં આયા? લેકિન જિસે નગ્નપના દ્રવ્યલિંગ મેં આયા તો ભાવલિંગ ચારિત્ર હુઆ, ઐસા નહીં. ભાવલિંગ જો વીતરાગી પર્યાય કા કારણ તો ભગવાનઆત્મા હૈ. દ્રવ્યલિંગ ઔર વિકલ્પ ઉસકા કારણ નહીં હૈ, ઐસા કહતે હૈં. આહાહા..!

ચૌથે, પાંચવે ગુણસ્થાન મેં જબ મુનિપણા લેનેકી ભાવના આતી હૈ તો પંચમહાવ્રતકા વિકલ્પ, નગ્નપના આતા હૈ. લેકિન નગ્નપનાકા વિકલ્પ ચારિત્રકા કારણ હૈ ઐસા નહીં. જિસકો ચારિત્ર દશા આત્મા કે અવલંબે પ્રગટ હુઈ ઉસકો નગ્નદશા ઔર પંચમહાવ્રતકા વિકલ્પ સહજ આ જાતા હૈ. આહાહા..! ભારે માર્ગ, બાપૂ! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવકા યહ હુકમ હૈ.

કહતે હૈં, યહ જાનકર '**અતઃ નિર્વિકલ્પ અનુભવ સે સિદ્ધિ હૈ...**' આહાહા..! અંદર મેં પંચમહાવ્રતકા વિકલ્પ યા બારહ વ્રતકા વિકલ્પ-રાગ યા શાસ્ત્ર પઢને કા વિકલ્પ-રાગ, વહ કોઈ વસ્તુ નહીં હૈ-વહ કોઈ ધર્મ નહીં. ભગવાનઆત્માકા અંદરમેં નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ અનુભવ આનંદ ઔર ચારિત્ર હો, વહી મોક્ષકા માર્ગ હૈ. આહાહા..! '**યહ જાનકર ઈસપ્રકાર કરતા હૈ.**' દેખો! '**નિર્વિકલ્પ અનુભવસે સિદ્ધિ હૈ યહજાનકર ઈસપ્રકાર કરતા હૈ.**' આત્મા ત્રિકાલી ભગવાનકા આશ્રય લેકર અપની જ્ઞાન, દર્શન પર્યાયકો પ્રગટ કરતે હૈં. આહા..! જૈસા ગુજરાતીમેં આયે ઐસા હિન્દીમેં નહીં આતા. ક્યોંકિ ભાષા વહાં અટક જાતી હૈ. મૂલ ભાષા નહીં હૈ. આહાહા..! ઉસ વક્ત તો...

---

आगे इसी अर्थको दृढ़ करते हुये कहते हैं :-

(अनुष्टुप श्लोक)

**एगो मे सस्सदो अप्पा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।५९।।**

एकः मे शाश्वत आत्मा ज्ञानदर्शन लक्षणः।
शेषाः मे बाह्याः भावाः सर्वे संयोगलक्षणाः।।५९।।

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૫૯.**

**अर्थ :-** भावलिंगी मुनि विचारता है कि-ज्ञान, दर्शन लक्षणरूप और शाश्वत अर्थात् नित्य ऐसा आत्मा है वही एक मेरा है। शेष भाव हैं वे मुझसे बाह्य हैं, वे सब ही संयोगस्वरूप हैं, परद्रव्य हैं।

**भावार्थ :-** ज्ञानदर्शनस्वरूप नित्य एक आत्मा है वह तो मेरा रूप है, एक

स्वरूप है और अन्य परद्रव्य हैं वे मुझसे बाह्य हैं, सब संयोगस्वरूप हैं, भिन्न हैं। यह भावना भावलिंगी मुनिके है।।५९।।

## ગાથા-૫૯ ઉપર પ્રવચન

૫૯. **एगो मे सस्सदो अप्पा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।५९।।**

આહાહા..! સંત ભાવલિંગી મુનિ સચ્ચે મુનિ હો, વે તો વિચારતે હૈં કિ '**જ્ઞાન, દર્શન, લક્ષણરૂપ ઔર શાશ્વત અર્થાત્ નિત્ય ઐસા આત્મા હૈ વહી એક મેરા હૈ.**' આહાહા..! અંદર નગ્નપના હુઆ, પંચમહાવ્રતકા વિકલ્પ હુઆ વહ મેરા નહીં. મૈં તો જ્ઞાન-દર્શન-ત્રિકાલ જ્ઞાન-દર્શન લક્ષણવાલા આત્મા હૈ, વહ મૈં (હું). ત્રિકાલી જ્ઞાન ઔર દર્શન ઉપયોગસ્વરૂપ મૈં અથવા વર્તમાન મતિ-શ્રુતજ્ઞાન આદિકી પર્યાયકા ભેદવાલા લક્ષણ વહ વ્યવહારનય હૈ. વહ લક્ષણભેદ. ત્રિકાલી જ્ઞાન-દર્શન ઉપયોગસ્વરૂપ 'ઉપયોગ લક્ષણ જીવો' વહ નિશ્ચય. આહાહા..! ઔર મતિ ઔર શ્રુતજ્ઞાનકી પર્યાય ભેદવાલી (હૈ), વહ વ્યવહાર હુઆ. વહ લક્ષણવાલા મૈં હૂં. મેરા આત્મા મતિ ઔર શ્રુતજ્ઞાનકે લક્ષણસે લક્ષિત હોતા હૈ. મેરા આત્મા ધ્યેયમેં મતિ ઔર શ્રુતજ્ઞાનકા લક્ષણસે ધ્યેયમેં આતા હૈ, ધ્યાનમેં આતા હૈ. કોઈ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાન, દયાકે ભાવસે આત્મા ધ્યાનમેં આતા હૈ ઐસા આત્મા હૈ નહીં. આહાહા..! વ્યવહાર રત્નત્રયસે ભી લક્ષ્યમેં આતા હૈ, ઐસા નહીં, ઐસા કહતે હૈં. '**एगो मे सस्सदो अप्पा**' શાશ્વત. મૈં તો ત્રિકાલ ધ્રુવ હૂં, શાશ્વત હૂં. મેરી ઉત્પત્તિ નહીં, મેરા અભાવ નહીં ઔર વર્તમાનમેં મેરે સ્વભાવસે મૈં શૂન્ય નહીં. આહાહા..! ઐસે સમ્યગ્દષ્ટિ જીવ યા સમ્યગ્દષ્ટિ, જ્ઞાન, ચારિત્ર સહિત ભાવલિંગી મુનિ અપનેકો ઐસા વિચારતે હૈં. સમજમેં આયા?

'**एगो मे सस्सदो अप्पा**' મૈં તો શાશ્વત ધ્રુવ આત્મા હૂં. આહાહા..! કૈસા? '**णाणदंसणलक्खणो**' જાનના-દેખના, યહ મેરા શાશ્વત લક્ષણ હૈ. '**લક્ષણરૂપ ઔર શાશ્વત અર્થાત્ નિત્ય ઐસા આત્મા હૂં...**' વહી એક મેરા હૈ. આહાહા..! યહ મેરા હૈ, ઐસા પર્યાય નિર્ણય કરતી હૈ. પર્યાય જો નિર્વિકલ્પ પર્યાય-અવસ્થા હૈ વહ નિર્ણય કરતી હૈ કિ, યહ ધ્રુવ મૈં હૂં, મૈં શાશ્વત હૂં. નિર્ણય કરને કી પર્યાય કહતી હૈ કિ યહ શાશ્વત મૈં હૂં. સમજમેં આયા? યહ તો અલૌકિક માર્ગ હૈ, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ ત્રિલોકનાથ કા માર્ગ કોઈ અલૌકિક હૈ. જગતકો સુનને મિલના મુશ્કિલ હો ગયા. આહાહા..!

કહતે હૈં, '**एगो मे सस्सदो अप्पा**' કૌન નિશ્ચય કરતા હૈ? કૌન વિચારતા હૈ?

વર્તમાન પર્યાય, વર્તમાન દશા. '**एगो मे सस्सदो अप्पा**' યહ ધ્રુવ શાશ્વત મૈં હૂં. પર્યાય કહતી હૈ, મૈં પર્યાય નહીં. યે તો ઈસતરફ (ધ્રુવતરફ) આ ગઈ હૈ ન. એકરૂપ હુઈ, ઈસ ઓર સન્મુખ હુઈ ઉસ અપેક્ષા સે એકરૂપ હુઈ. બાકી પર્યાય પર્યાયરૂપ રહી હૈ, ધ્રુવ ધ્રુવરૂપ રહા હૈ. દોનોં એક હોતે નહીં.

મુમુક્ષુ :- અભેદ કા અર્થ?

ઉત્તર :- અભેદ કા અર્થ ઈસ ઓર સન્મુખ હુઈ ઈસલિયે અભેદ. ક્યા પર્યાય ઔર ધ્રુવ એક હો જાતે હૈં? સૂક્ષ્મ બાત હૈ, ભગવાન!

જો વર્તમાન પર્યાય રાગ ઔર પુણ્ય કી ક્રિયા ઔર બાહ્ય પર થી, વહ ભેદ મેં થી ઐસા કહને મેં આતા હૈ. વહ પર્યાય અંતર્મુખમેં ગઈ તો અભેદ હુઈ ઐસા કહનેમેં આતા હૈ. ઉસકા અર્થ પરકી ઓરકા ઝુકાવ છોડકર અંતર્મુખકે ઝુકાવમેં આયા તો અભેદ કહનેમેં આયા. બાકી જો પર્યાય હૈ વહ તો પર્યાયરૂપ હી રહી હૈ, વહ ધ્રુવરૂપ નહીં હુઈ ઔર ધ્રુવ જો હૈ વહ પર્યાયરૂપ હોતા નહીં. સમજમેં આયા?

'**एगो मे सस्सदो अप्पा**' મૈં એક શાશ્વત આત્મા (હૂં). આહાહા..! અનિત્યપના નિકાલ દિયા, અશાશ્વત યાની અનિત્ય પર્યાય નિકાલ દી. '**एगो मे सस्सदो अप्पा**' એકરૂપમૈં, શાશ્વતરૂપ મેરા આત્મા, ઉસકા જ્ઞાન-દર્શન લક્ષણ હૈ. જાનના-દેખના લક્ષણસે આત્મા લક્ષિત હોતા હૈ. જાનન-દેખન લક્ષણસે ભગવાનઆત્મા લક્ષિત-જ્ઞાનમેં જ્ઞેય રૂપ જાનનેમેં આતા હૈ. 'મલૂકચંદભાઈ'! ઐસા સબ યહ સૂક્ષ્મ હૈ. વહાં 'અમેરિકા'મેં મંદિર કરવાતે હૈં વહાં શાસ્ત્ર ભેજિયે. યહાં અભી તુમ્હે સમઝમેં નહીં આતા, વહાં કૌન સમજે?

મુમુક્ષુ :- ભાવના ઊંચી હૈ.

ઉત્તર :- વહ ભાવના સચ્ચી નહીં હૈ.

મુમુક્ષુ :- કોઈ માંગે તો દેના ચાહિયે ન.

ઉત્તર :- માંગે, ક્યાં માંગે? ઉસે ભાન નહીં, ક્યા માંગે? મુફ્ત મેં માંગે કિ હમેં મુફ્તમેં ભેજિયે. લેકિન પુસ્તકમેં ક્યા હૈ વહ સમજેગા કહાં? યહાં જૈનમેં સમજનેવાલે નહીં. ... કુછ નહીં. વ્રત પાલે, યે કરેં, વહ કરેં, ધૂલ કરે વહ ધર્મ. ધૂલ મેં ભી ધર્મ નહીં હૈ. આહાહા..! શાસ્ત્ર ક્યા સમજે? શાસ્ત્ર કી જો નિશ્ચય વાક્ય, વ્યવહાર વાક્ય, ઉસકા ભાવાર્થ, આગમ વાક્ય ક્યા? અન્યમતિ ક્યા (કહતે હૈં)? યહાં અપને મેં (સમજનેવાલે નહીં મિલતા) કિ શાસ્ત્રકા ક્યા કહના હૈ? ૬૦-૬૦ સાલસે સાધુ હોકર બૈઠે, નગ્ન હોકર, હાં! ઉસે ભી માલૂમ નહીં હૈ કિ ક્યા હૈ ચારિત્ર ઔર ક્યા હૈ સમ્યગ્દર્શન. વહ તો સમજે કિ પાંચમહાવ્રત પાલતે હૈં. અભી તો પાંચમહાવ્રત ભી કહાં હૈ. આહાહા..!

મુમુક્ષુ :- આપના પગલા પડે તો બધું સરળ થઈ જાય.

ઉત્તર :- કહાં જાયે? યહાં તો આપ કા ઠિકાના નહીં હૈ ઔર વહાં પગલા કરવાને

હૈં? યહાં તો સીધી બાત હૈ. સમજમેં આયા? આહાહા..! ભાઈ! યહ તો વીતરાગકા માર્ગ હૈ, પ્રભુ! ... પરમાત્માકે શ્રીમુખસે નિકલી હુઈ યહ વાણી હૈ. આહાહા..! ઉસ વાણી 'કુંદકુંદાચાર્ય' જગતકો કહતે હૈં. 'કુંદકુંદાચાર્ય'તો બીચ મેં આડતિયા હૈ, માલ તો વીતરાગકા હૈ. આહાહા..! સમજમેં આયા? ઓહોહો..!

મૈં '**નિત્ય ઐસા આત્મા હૈ વહી એક મેરા હૈ.**' ઓહોહો..! ગજબ બાત કરતે હૈં ન! વર્તમાન પર્યાય નિર્મલ મતિ-શ્રુતજ્ઞાન કી પર્યાય ઐસા વિચાર કરતી હૈ કિ મૈં નિત્ય ઐસા આત્મા હૈ વહ મેરા હૈ. બાપૂ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ હૈ, ભાઈ! સાધારણ દયા પાલો, વ્રત પાલો ઐસા તો કુમ્હાર ભી કહતે હૈં. વીતરાગ કા માર્ગ વૈસા હોગા? અનંતકાલ મેં કિયા નહીં. જિસે ઈન્દ્ર કબુલ કરતે હૈં, જિસકો ગણધર માનતે હૈં, વહ ચીજ કૈસી હોગી? સમજમેં આયા? દયા પાલો, વ્રત પાલો, અપવાસ કરો ઐસા તો કુમ્હાર ભી કહતે હૈં. એય..!

યહાં તો તીનલોકકે નાથ પરમાત્મા વીતરાગ કે શ્રીમુખ સે નિકલી વાણીમેં તો ઐસા આયા હૈ કિ ધર્મીજીવ મતિજ્ઞાનકી ધારામેં, શ્રુતજ્ઞાનકી ધારામેં ઐસી વિચારણા ચલતી હૈ કિ '**एगो मे सस्सदो अप्पा**'. પર્યાય હૈ વહ તો અશાશ્વત હૈ, શાશ્વત નહીં. જો નિર્ણય ઔર વિચાર કરતી હૈ વહ પર્યાય અશાશ્વત હૈ, નાશવાન હૈ, અનિત્ય હૈ. એય..! અનિત્ય નિત્ય કા નિર્ણય કરતી હૈ. શાશ્વત વસ્તુકી કબુલાત... અનંત ગુણકા એકરૂપ અભેદ, ધ્રુવ, વહ એક મેરા હૈ. ધ્રુવ એક મેરા હૈ. જ્ઞા કી પર્યાયમેં જ્ઞેયરૂપ ભાન હુઆ, તો કહતે હૈં કિ શાશ્વત એક ધ્રુવ હી મૈં હૂં. સમજમેં આયા?

'ન્યાલભાઈ' મેં આતા હૈ તો લોગ વિરોધ કરતે હૈં ન? 'ન્યાલભાઈ' કહતે હૈં, પર્યાય મેરા ધ્યાન કરતી હૈ, મૈં કિસકા ધ્યાન કરું? 'બાબુલાલજી'! તીસરે ભાગ મેં આતા હૈ ન? 'ન્યાલભાઈ' હૈ ન? સામને ફોટો હૈ. 'અજમેર' કે થે. 'કલકત્તા' મેં બડી દુકાન હૈ. વે તો ગુજર ગયે. લડકા બડા લખપતિ હૈ. પર્યાય મેરા ધ્યાન કરો તો કરો, મૈં કિસકા ધ્યાન કરું? .. બડા ગૃહસ્થ થા, બડા લખપતિ. ગુજર ગયે. મૈં આત્મા શાશ્વત ધ્રુવ નિત્ય યે મૈં હૂ. પર્યાય ઐસા કહતી હૈ કિ મૈં પર્યાય નહીં. આહાહા..! પર્યાય મૈં, વહ તો પર્યાયબુદ્ધિવાલા માનતા હૈ, ઐસા કહતે હૈં. જિસકી અંશબુદ્ધિ હૈ, પર્યાયબુદ્ધિ હૈ, મિથ્યાબુદ્ધિ હૈ, બહિર્બુદ્ધિ હૈ.. આહાહા..! વહ ઐસા કહતા હૈ કિ મૈં પર્યાય હૂં.

સમ્યગ્જ્ઞાન કી પર્યાય, ધર્મી કી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કી પર્યાય, મૈં એકરૂપ શાશ્વત હૂં '**एगो मे सस्सदो**' વહ મૈં. '**एगो मे सस्सदो**' '**एगो मे सस्सदो अप्पा**'. આહાહા..! બાપૂ! યહ તો પૂરા સંસારકો ઉખાડ દેના હૈ. મેરેમેં સંસાર તો નહીં, મેરેમેં સંસારકા વિકલ્પ (નહીં). વિકલ્પ હી સંસાર હૈ. સંસાર કોઈ સ્ત્રી-પુત્ર નહીં હૈ, વહ તો બાહ્ય

પર હૈ, ઉસમેં સંસાર કહાં આયા? મિથ્યાત્વભાવ-પર્યાય જિતના મૈં, રાગ મૈં, ઐસા મિથ્યાબુદ્ધિ હૈ વહ સંસાર હૈ. સંસાર કોઈ સ્ત્રી-પુત્ર નહીં હૈ, વે તો બેચારે પર હૈં. તેરેમેં વહ કહાં ઘુસ ગયે હૈં? તેરી ચીજ જો આનંદકંદ હૈ ઉસમેંસે સંસરણ નામ હટકર મિથ્યાશ્રદ્ધા-જ્ઞાનમેં આયા ઉસકા નામ સંસાર કહતે હૈં. યહ સંસાર ઉસને એક સમય ભી કભી છોડા નહીં. યે સ્ત્રી-પુત્ર છોડકર દીક્ષા લી તો સંસાર છોડા, ધૂલ મેં ભી સંસાર છોડા નહીં. સુન ન! સંસાર કિસકો કહના યહ તુજે માલૂમ નહીં. સંસાર છોડા, ઈસને ત્યાગ કિયા, ત્યાગ કિયા. બડા વ્યાપાર થા, ધંધા થા, દુકાન થી. ધૂલ ભી નહીં થા. ઉસકા કહાં થા વહ?

નિર્મલ ભગવાનઆત્માકી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાનકી, વિચારતા હૈ જ્ઞાન, શ્રદ્ધે હૈ સમકિત, સ્થિર હોતા હૈ વહ ચારિત્ર. મતિજ્ઞાન કી પર્યાય (ઐસા વિચારતી હૈ), '**एगो मे सस्सदो अप्पा**' મૈં એક શાશ્વત આત્મા (હૂં). શાશ્વત ધ્રુવ મૈં હૂ, ઐસા પર્યાય કહતી હૈ. ધ્રુવ નહીં કહતા, ધ્રુવમેં ઐસા હૈ નહીં. સમજમેં આયા? જિસને કબુલ કિયા, મેરી પર્યાયમેં પૂર્ણાનંદકા નાથ કભી કબુલાતમેં આયા નહીં થા, વહ મેરી કબુલાતમેં આયા કિ યહ મૈં હૂં. આહાહા..! ઉસકા નામ સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન કહતે હૈં. સમજમેં આયા?

'**एगो मे सस्सदो अप्पा**' '**एगो मे सस्सदो अप्पा**' વહ મૈં. એસા હુઆ ન? આહાહા..! નિત્ય ધ્રુવ. સ્થાનકવાસી મેં યે સબ શ્લોક ચલતે હૈં. અર્થ કુછ ન સમજે. એય.. 'ચીમનભાઈ'! જગત કી બાહર કી મીઠાસ, ઈજ્જત, પૈસે, શરીર સુંદર, પુત્ર-પુત્રી કુછ ઠીક હો... આહાહા..! ક્રોડ-દો ક્રોડકી પુંજી હો, પુત્રકી અચ્છે ઠિકાને શાદી હુઈ હો. લડકી અચ્છે ઠિકાને હો બાદમેં હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય. ધૂલ ભી નહીં હૈ, સુન તો સહી. ભગવાનઆત્મા નિત્યાનંદ કા નાથ ધ્રુવ શાશ્વત વસ્તુ હૈ વહ તેરી હૈ. ઔર કોઈ તેરી ચીજ નહીં. પર્યાય મેરી નહીં, ઐસા કહતે હૈં. મૈં તો યહ હૂં. રાગ મેરા, પુણ્ય મેરા, શરીર મેરા, સ્ત્રી મેરી, પુત્ર મેરા, મેરા ગાંવ કહાં સે આયા? ઉઠાવગીર. તેરી ચીજ મેં નહીં ઉસકો મેરા માનના, ઉઠાવગીર હૈ-ચોર હૈ. આહાહા..!

શાશ્વત દલ, ચૈતન્યદલ, ધ્રુવ.. આહાહા..! ગજબ કિયા હૈ ન! મુનિ વિચારતે હૈં, ઐસા લિખા હૈ ન? 'જ્ઞાન, દર્શન, લક્ષણરૂપ ઔર શાશ્વત અર્થાત્ નિત્ય ઐસા આત્મા...' આત્મા કા લક્ષણ જાનના-દેખના. ઔર યહ લક્ષણ વિચારતા હૈ કિ, મૈં તો યહ હૂં. લક્ષ્ય જો હુઆ વહ મૈં હૂં. આહાહા..! અનંત પુરુષાર્થ હૈ, ભાઈ! વહ કોઈ બાત કરને સે કામ નહીં હોતા. આહાહા..! વહી એક મેરા હૈ. ઐસા તો કહતે હૈં, યહ મેરા હૈ, ઐસા વિકલ્પ ભી મેરા નહીં. સમજમેં આયા? સમજાયે તબ તો

ઐસે સમજાયે ન?

નિત્યાનંદકા નાથ પ્રભુ, નિત્ય જો ધ્રુવ દલ, ધ્રુવ નિત્ય શાશ્વત મૈં હૂં. **'શેષ ભાવ હૈ વે મુઝસે બાહ્ય હૈં,...'** હૈ ન? **'सेसा मे बाहिरा भावा'** સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ તો બાહ્ય હૈ, લેકિન દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા વિકલ્પ ભી બાહ્ય હૈ, મેરા સ્વરૂપ નહીં. વહ સંયોગલક્ષણી ચીજ હૈ. સંયોગસે ઉત્પન્ન હુઆ એ ભાવ મેરી ચીજ નહીં. આહાહા..! **'શેષ ભાવ...'** ધ્રુવભાવ સે અલાવા શેષ ભાવ **'મુઝસે બાહ્ય હૈં,...'** ધ્રુવ સિવાકી પર્યાય ભી મુઝસે બાહ્ય હૈ. પર્યાયભી અંદરમેં નહીં હૈ. સમજમેં આયા? ઐસા મૈં ભાવ, ભગવાન 'કુંદકુંદાચાર્ય' સર્વજ્ઞકે કેડાયત પરમાત્માકે વે પુત્ર હૈં. લોગ કહતે હૈં, ઈસુ પરમેશ્વરકા પુત્ર હૈ. સબ બાતેં. ઇનકો તો શાસ્ત્ર મેં ગણધરકો સર્વજ્ઞ કે પુત્ર કહે હૈં. 'ધવલ' શાસ્ત્રમેં કહા હૈ. ગણધર સર્વજ્ઞકે પુત્ર હૈં. આહાહા..! ઔર ઇનકો ભી વહાં કહા ન? 'જિનેશ્વર કે લઘુનંદન' સમકિતીકો કહા. સમજમેં આયા? આહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ જિનેશ્વરકા લઘુનંદન હૈ-છોટા પુત્ર હૈ, મુનિ હૈં વે બડે પુત્ર હૈં. આહાહા..!

યહાં કહતે હૈં, મેરા ધ્રુવ સ્વરૂપસે જો ચીજ હૈ, પર્યાય હૈ વહ ભી બાહ્ય હૈ. નિર્ણય કરનેવાલી પર્યાય ભી ધ્રુવસે બાહ્ય હૈ. **'વે સબ હી સંયોગસ્વરૂપ હૈં,...'** 'પંચાસ્તિકાય' મેં આતા હૈ ન? ભાઈ! પર્યાય ભી ઉત્પન્ન હોતી હૈ વહ સંયોગ હૈ ઔર પર્યાયકા વિયોગ હોતા હૈ, વ્યય હોતા હૈ વહ ઉસકા વિયોગ હૈ. પર્યાયકા સંયોગ ઔર વિયોગ. પર્યાયકી પરિભાષા લી હૈ. 'પંચાસ્તિકાય'મેં. ધ્રુવ વસ્તુ જો ભગવાન, ઉસમેં નિર્મલ પર્યાયકા ઉત્પન્ન હોના વહ ભી સંયોગ હુઆ. આહાહા..! ઔર ઉસકા વ્યય હોના વહ વિયોગ હુઆ. સંયોગ-વિયોગ પર્યાય મેં હૈ. કઠિન બાતેં, ભાઈ! 'પ્રભુનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ ત્યાં' 'હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને..' હરિ (અર્થાત્) આત્મા. અજ્ઞાન ઔર રાગ-દ્વેષ કા નાશકર ઉત્પન્ન હુઆ ભગવાનઆત્મા વહ હરિ હૈ. 'હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને, પ્રથમ પહેલા મસ્તક મૂકી, પછી લેવું નામ જોને.' એકદમ અર્પણતા કરની. શૂરવીરના કામ છે. સમજમેં આયા? કહો, 'ચંદુભાઈ'! આહાહા..! અરે..! ઐસી જૈનદર્શનકી બાત હોગી? જૈનદર્શન તો.. સ્થાનકવાસી કહતે હૈં, વ્રત પાલના, દયા પાલની, યે કરના. શ્વેતાંબર મેં કહે, પૂજા કરની, ભક્તિ કરની, યાત્રા કરની, દસ-બીસ લાખકા ખર્ચ કરકે સંઘ નિકાલના, ચોવિહાર કરના, જમીકંદ નહીં ખાના. દિગંબરમેં વસ્ત્ર છોડના, યે છોડના. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- કછુ ક્યા કરના? સચ્ચા કરના યા જૂઠા? અનાદિ સે જૂઠા કરતા આ

રહા હૈ. વહ તો અનાદિ સે કરતા હૈ. આહા..!

શરીર સંયોગલક્ષણ. આહાહા..! કહતે હૈં કિ સંયોગી ચીજ... દેવ-ગુરુ-શાસ્ત્ર એ સંયોગલક્ષણ હૈ. વહ બાહ્ય ચીજ હૈ, વહ મેરે મેં નહીં હૈ. દયા, દાન, વ્રત, ભક્તિકે રાગ કી મંદતાકા પુણ્ય પરિણામ હો, વહ બાહ્ય લક્ષણ હૈ. વહ સંયોગી વિકારી ભાવ સંયોગી હૈ. આહાહા..! ઔર આગે તો પર્યાય ભી સંયોગસે ઉત્પન્ન હુઈ હૈ. સ્વભાવમેં વહ નહીં હૈ. ધ્રુવ સ્વભાવ મેં સભી પર્યાયેં અંતર્મગ્ન હૈ વહ અલગ બાત હૈ. લેકિન ઉસકે સાથ વર્તમાનમેં એક નહીં હૈ. ...

સામાન્ય ચેતનામેં વિશેષચેતના વ્યક્તિ અંતર્નિમગ્ન હૈ. આતા હૈ ન? અવ્યક્તમેં. અવ્યક્ત કે છહ બોલ આતે હૈં. 'સમયસાર' ૪૯ ગાથા. ઉસમેં યહ તીસરા બોલ હૈ. પહલા બોલ યહ હૈ કિ છહ દ્રવ્યસ્વરૂપ લોક વ્યક્ત હૈ, જ્ઞેય હૈ, વ્યક્ત હૈ. ઉસસે ભગવાન ભિન્ન હૈ ઈસલિયે અવ્યક્ત હૈ. આહાહા..! ભાષા ભી કૈસી! વ્યક્ત ઔર અવ્યક્ત. ઐસા જૈનદર્શન મેં હોગા? યે નહીં ખાના, ફલાના કરના.. ઐસા સમજ મેં તો આયે. વહ તો અજ્ઞાન હૈ, સુન ન. વહ તો અનાદિ સે સમજા હૈ, ઉસમેં હૈ ક્યા? આહાહા..! એક સમય કી પર્યાય કહતી હૈ, મૈં શાશ્વત આત્મા. આહા..! પર્યાય કહતી હૈ કિ મૈં શાશ્વત આત્મા હૂં ઔર વહ પર્યાય સ્વભાવ સે ભિન્ન લક્ષણવાલી સંયોગલક્ષણી હૈ, ઉત્પાદ-વ્યયવાલી હૈ. સમજમેં આયા? આહાહા..!

'**શેષ બાહર હૈ...**' હૈ સહી. હૈ? નહીં હૈ ઐસા નહીં. '**बाहिरा भावा सव्वे संजोगलक्खणा**' શેષ હૈ ઐસા કહા. શેષ બાહ્ય ભાવ હૈ, ધ્રુવ કે અલાવા. વહ સંયોગલક્ષણ હૈ. ત્રિકાલ સ્વભાવ કા લક્ષણ મેરા ધ્રુવ હૈ વહ મૈં હૂં. સમજમેં આતા હૈ? 'પરદ્રવ્ય હૈ.' સ્વદ્રવ્યકી મુખ્યતાકી અપેક્ષા એક સમયકી નિર્મલ મોક્ષમાર્ગકી પર્યાય ભી પરદ્રવ્ય હૈ. યહ તો ૪૬ (ગાથા મેં) આતા હૈ. 'નિયમસાર'. યે અવ્યક્ત કે છહ બોલ હૈ વહ ભી 'સમયસાર' કી ૪૯ ગાથા. ... આહાહા..!

દ્રવ્ય તો ત્રિકાલી ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. હૈ.. હૈ.. હૈ વહ મૈં ઔર પર્યાય ભી પરદ્રવ્ય હૈ. ક્યોં? કિ જૈસે પરદ્રવ્યમેં સે નિર્મલતા નહીં હોતી, વૈસે પર્યાય મેં સે નયી નિર્મલ પર્યાય નહીં હોતી. આહાહા..! ત્રિકાલી ધ્રુવમેં સે નિર્મલ પર્યાય ઉત્પન્ન હોતી હૈ. '**एगो मे सस्सदो अप्पा**' છે ને. સબ ગાથા યાદ કર લી થી, આઠ સાલ પહલે. (સંવત) ૧૯૬૮ સાલ. ૧૯૬૮-૬૮. છ હજાર ગાથાએં કંઠસ્થ કી થી. છ હજાર ગાથા. ઉસમેં કુછ સાર નહીં. ભાવ સમજાનેવાલે થે નહીં, ભાવ કી ખબર નહીં થી. પહાડા રટ લે, ઐસા રટ લિયા થા. આહાહા..!

કહતે હૈં, '**જ્ઞાન, દર્શનસ્વરૂપ નિત્ય એક આત્મા હૈ...**' જાનન-દેખન સ્વરૂપ નિત્ય આત્મા. એક આત્મા મેરા રૂપ હૈ. વહ મેરી જાત કી, રૂપ કી ચીજ હૈ. '**એક સ્વરૂપ**

**है और अन्य परद्रव्य है. वे मुझसे बाह्य है, सब संयोगस्वरूप है. भिन्न है. यह भावना भावलिंगी मुनिकी है.'** ભાવસંત જો હૈ ઉનકી યહ ભાવના હૈ. આહાહા..! ઉસે ભાવલિંગી સાધુ (કહતે હૈં). નગ્ન દ્રવ્યલિંગ નગ્ન તો હોતા હી હૈ. જિસે ભાવલિંગ હૈ, ઉસકા દ્રવ્યલિંગ નગ્ન હી હોતા હૈ ઔર જંગલ મેં ઉસકા વાસ હોતા હૈ. સમજમેં આયા? ઉસે યહાં મોક્ષમાર્ગી ભાવશુદ્ધતા (કહતે હૈં). યહ ભાવપાહુડ શુદ્ધ પર્યાય કી બાત હૈ. ઔર શુદ્ધપર્યાય કહતી હૈ કિ, યહ મૈં હૂં. આહાહા..! ઉસકે આશ્રય સે યહ પ્રગટ હુઈ હૈ. ઉસકા નામ મોક્ષકા માર્ગ હૈ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૧૮, ગાથા–૫૯ થી ૬૨, ગુરુવાર, મહા સુદ ૧, તા.૨૪–૧–૭૪

'અષ્ટપાહુડ'માં પાંચમું પાહુડ છે. ૫૯ ગાથાનો ભાવાર્થ. ધર્માત્મા પહેલો આત્માનો સ્વભાવ જ્ઞાન-દર્શન છે એમ જાણીને જેણે આત્માનો અનુભવ કર્યો છે. એ ધર્માત્મા ભાવના કોની કરે છે ઈ વાત છે.

**ભાવાર્થ :- 'ज्ञानदर्शनस्वरूप नित्य एक आत्मा है...'** જાણવું અને દેખવું એ જેનું સ્વરૂપ નિત્ય એક આત્મા છે. અહીંયાં લક્ષણ ભલે બે કીધા. જ્ઞાન-દર્શન સ્વરૂપ નિત્ય એક આત્મા. ગુણદ્રવ્ય બે પણ વસ્તુ એક. **'वह तो मेरा रूप है,...'** બહુ ટૂંકામાં. જ્ઞાન, દર્શનસ્વરૂપ નિત્ય એક આત્મા. ઓહોહો..! **'वह तो मेरा रूप है,...'** મારું સ્વરૂપ એક છે. એક પણ તે એક સ્વરૂપ છે. એક 'એગો મેં' ખરું ને? પેલામાં બે લીધું. એક છે તે એક છે. જ્ઞાન-દર્શન જાણવા-દેખવાનું સ્વરૂપ એક નિત્ય એક. એ એક સ્વરૂપે છે. આહાહા..!

**'और अन्य परद्रव्य हैं वे मुजसे बाह्य हैं,...'** જેટલા પર પદાર્થ છે, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, કર્મ, પુણ્ય-પાપના ભાવ એ બધા મારાથી બાહ્ય છે. 'सब संयोगस्वरूप हैं,...' એ તો સંયોગે રહેલા સ્વરૂપ છે. સ્વભાવમાં રહેલું એનું સ્વરૂપ નથી. શરીર, મન, પુણ્ય અને પાપના વિકલ્પ રાગ એ બધા સંયોગસ્વરૂપે છે. કાલે તો વધારે કીધું હતું. મારું એક ધ્રુવ સ્વરૂપ છે એ હું છું. બાકી બધી પર્યાયો પણ સંયોગસ્વરૂપે આવે, જાય.. આવે જાય.

મુમુક્ષુ :- આજે આટલું જ કેમ કહ્યું?

ઉત્તર :- આજે હજી આટલું કર્યું. પેલું હવે કહ્યું. પર્યાય પણ નિશ્ચયથી, જે નિર્ણય કરે છે એ પર્યાય પણ મારાથી ભિન્ન છે. એક શબ્દ વાપર્યો છે ખરો ને? હું તો એક સ્વરૂપે. જ્ઞાન અને દર્શનના બે લક્ષણ હોવા છતાં હું બે સ્વરૂપે નથી. હું શરીરપણે, રાગપણે તો નથી પણ હું બે સ્વરૂપે નથી. આહાહા..! હું તો એક ધ્રુવ સ્વરૂપ, નિત્યસ્વરૂપ, શાશ્વત વસ્તુ એ હું છું. આહાહા..!

**'ભિન્न हैं,...'** બાકી બધી ચીજો ભિન્ન છે. **'यह भावना...'** ધર્માત્મા.. અહીં ભાવલિંગી મુનિ કહે છે. પણ ધર્માત્માની કાયમની આ ભાવના હોય છે. કાંઈ કરવું, ષોડશકારણભાવના ભાવવી ને એ ભાવના ધર્મીની હોતી નથી. ભાવ... ભાવના..

મુમુક્ષુ :- ભાવના તો પર્યાયમાં થાય છે.

ઉત્તર :- હો તો એની ભાવના કરવા લાયક નથી. આહાહા..! એ તો જ્ઞાન-દર્શન સ્વરૂપે એકરૂપ બિરાજમાન, એની ભાવના, એમાં એકાગ્રતા, એ ભાવના કરવા લાયક છે. બાકી એ ષોડશકારણ (ભાવનાનો) વિકલ્પ પણ ભાવના કરવાલાયક નથી. આવી જાય, હો. આહાહા..! ભાવપાહુડ છે ને.

**'यह भावना भावलिंगी मुनिके है.'** અથવા એ ભાવના ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિની આ ભાવના છે. એટલો એનો ભાવાર્થ છે. આ બધા ચરણાનુયોગના .. શાસ્ત્રમાં છે ને. પંચમહાવ્રત, એના અતિચાર પાળવા, એને દોષ લગાડવો નહિ.

મુમુક્ષુ :- એ જીવનો ભાવ ક્યાં છે? એ તો રાગભાવ છે.

ઉત્તર :- ચરણાનુયોગની ક્રિયા છે ને. એ વચ્ચે હોય છે એટલે એનું જ્ઞાન કરાવ્યું છે. પણ એની ભાવના કરવા જેવી નથી. આહાહા..! ભાવના તો ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ, એને દૃષ્ટિમાં લઈને જેણે અનુભવ્યો છે એવા અનુભવીએ તો ધ્રુવની ભાવના કરવી. એ ૫૯ ગાથા (થઈ).

---

आगे कहते हैं कि जो मोक्ष चाहे वह इसप्रकार आत्माकी भावना करे :-

**भावेह भावसुद्धं अप्पा सुविसुद्धणिम्मलं चेव।**
**लहु चउगइ चइऊणं जइ इच्छह सासयं सुक्खं।।६०।।**

भावय भावशुद्धं आत्मानं सुविशुद्धनिर्मलं चैव।
लघु चतुर्गति च्युत्वा यदि इच्छसि शाश्वतं सौख्यम्।।६०।।

**તું શુદ્ધ ભાવે ભાવ રે! સુવિશુદ્ધ નિર્મળ આત્મને,**
**જો શીઘ્ર ચઉગતિમુક્ત થઈ ઈચ્છે સુશાશ્વત સૌખ્યને. ૬૦.**

अर्थ :- हे मुनिजनो! यदि चार गतिरूप संसारसे छूटकर शीघ्र शाश्वत सुखरूप मोक्ष तुम चाहो तो भावसे शुद्ध जैसे हो वैसे अतिशय विशुद्ध निर्मल आत्मा को भावो।

भावार्थ :- यदि संसारसे निवृत्त होकर मोक्ष चाहो तो द्रव्यकर्म, भावकर्म और नोकर्मसे रहित शुद्ध आत्माको भावो, इसप्रकार उपदेश है।।६०।।

---

## ગાથા-૬૦ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો મોક્ષ ચાહે...'** જેને પૂર્ણ આનંદની પર્યાયની ભાવના હોય, 'વહ ઈસપ્રકાર આત્માકી ભાવના કરે :-' પૂર્ણાનંદની દશાની પ્રાપ્તિ તે મોક્ષ. તેની જેને ચાહ છે એને આત્માની ભાવના કરવી. આહાહા..!

**भावेह भावसुद्धं अप्पा सुविसुद्धणिम्मलं चेव।**
**लहु चउगइ चइऊणं जइ इच्छह सासयं सुक्खं।।६०।।**

**અર્થ :- 'હે મુનિજનો! યદિ ચાર ગતિરૂપ સંસારસે છૂટકર...'** છે ને? **'लहु चउगइ चइऊणं'** ચાર ગતિથી શીઘ્રપણે જેણે છૂટવું હોય તો **'શાશ્વત સુખરૂપ મોક્ષ તુમ ચાહો...' 'શીઘ્ર શાશ્વત સુખરૂપ મોક્ષ તુમ ચાહો...'** દેખો! મોક્ષની પર્યાય છે એ શાશ્વત રહે છે, કેમ રહે છે. છે તો એ પર્યાય. પણ કાયમ રહે છે એથી એને શાશ્વત કહેવામાં આવે છે. એક કોર પહેલું **'एगो'** આત્મા શાશ્વત કીધો અને અહીં મોક્ષને પણ શાશ્વત કહ્યો. એ દશા પ્રગટ થઈ તે એમ ને એમ કાયમ રહે છે તેથી એને શાશ્વત કહેવામાં આવે છે. નહીં તો મોક્ષની પર્યાય પણ પરિણમતી છે, બદલતી છે. એક સમયની દશા છે એ બીજે સમયે હોતી નથી. ભલે એવી હો. એ હોય નહિ. એવી એ જાતની હોય છે. તેથી એ મોક્ષના સુખને શાશ્વત કહેવામાં આવે છે. એક કોર આત્મા ત્રિકાળને શાશ્વત કહ્યો. એક કોર એની મૂળ આનંદની પર્યાય પૂરી પ્રગટ થાય તેને શાશ્વત કહી.

**'સુખરૂપ મોક્ષ તુમ ચાહો તો ભાવસે શુદ્ધ જૈસે હો વૈસે...'** ભાવથી શુદ્ધ જૈસે હો, એમ. **'વૈસે અતિશય વિશુદ્ધ નિર્મલ આત્માકો ભાવો.'** શુદ્ધ પરિણામથી, શુદ્ધ ભાવથી આત્માને ભાવો, એમ કહે છે. વિશુદ્ધભાવથી, શુદ્ધભાવથી એટલે કે શુદ્ધ ઉપયોગથી **'વિશુદ્ધ નિર્મલ આત્મા...'** એ ધ્યેય. વિશુદ્ધ-શુદ્ધ નિર્મળ આત્માને ધ્યાવો. આહાહા..! અહીં તો વ્યવહારનો વિસ્તાર કેટલો શાસ્ત્રમાં આવે. એ બધું હો, વચમાં આવે પણ એ ભાવના કરવા જેવી દૃષ્ટિ નથી. આસ્રવની ભાવના કરવા જેવી છે? ચરણાનુયોગમાં જેટલા મહાવ્રત આદિના લખાણ છે એ બધા આસ્રવ છે. આહાહા..! ચાહે તો .. અતિચાર પાળવા ને... ભારે!

એક ભગવાન શાશ્વત વસ્તુ, એની શુદ્ધ ભાવના વડે ભાવના કરતા પૂર્ણ આનંદરૂપી મોક્ષ તે શાશ્વત તેને પ્રાપ્ત થાય છે. આવો માર્ગ છે. **'વિશુદ્ધ નિર્મલ...'** આ વિશુદ્ધ શબ્દે પવિત્ર પૂર્ણ કહેવું છે. વિશુદ્ધના ઘણા અર્થ છે. શુભભાવને વિશુદ્ધ કહે, શુદ્ધ ભાવને વિશુદ્ધ કહે, નિર્મળ શુદ્ધ પર્યાયને વિશુદ્ધ કહે અને ત્રિકાળીને વિશુદ્ધ કહે. સમજાણું

કાંઈ? અહીં વિશુદ્ધ નિર્મળ આત્માની ભાવના એમ છે. વિશુદ્ધ ત્રિકાળી નિર્મળાનંદ પવિત્રનો પિંડ પ્રભુ, એવો જે વિશુદ્ધ ભાવ. નહિતર તો શુભભાવને પણ વિશુદ્ધ કહેવામાં આવે છે. સંક્લેશને અશુભ અને વિશુદ્ધને શુભ. જે સ્થાને જે પ્રકાર કહેવાનો હોય એને સમજવો જોઈએ ને? શબ્દને પકડવો ન જોઈએ. જે ઠેકાણે એનો ભાવ શું કહેવો છે. અહીંયાં તો પર્યાયની વિશુદ્ધતા-શુદ્ધતા દ્વારા વિશુદ્ધ આત્માનું ધ્યાન કરવું, એની ભાવના કરવી એ વાત છે. એની છેલ્લી મર્યાદા અહીં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**यदि संसारसे निवृत्त होकर...**' ઉદયભાવ જે સંસાર, ઉદયભાવ. સંસાર કોઈ બીજી ચીજ નથી. ઉદયભાવ (સંસાર છે). ચાર ગતિનો ઉદયભાવ એ સંસાર. રાગ-દ્વેષ-મિથ્યાત્વભાવ એ સંસાર છે. સંસરણ ઈતિ સંસારઃ. ત્રિકાળી શુદ્ધ ભાવમાંથી ખસી ગયો છે અને રાગાદિમાં આવ્યો છે, એ રાગાદિનો ભાવ સંસાર છે. સમજાણું કાંઈ? એ '**संसार से निवृत्त होकर मोक्ष चाहो तो...**' પૂર્ણ આનંદની પ્રાપ્તિ ચાહો તો '**द्रव्यकर्म, भावकर्म और नोकर्मसे रहित...**' સહિત હોવા છતાં રહિત. વ્યવહારનયે સહિત અને નિશ્ચયનયે રહિત. આહાહા..! એ જડકર્મ. ભાવકર્મ એટલે શુભ પરિણામ, શુભાશુભભાવ, તીર્થંકરગોત્રનો ભાવ એ ભાવકર્મ છે. '**और नोकर्मसे रहित...**' આહાહા..! શરીર, ભાષા, પર્યાપ્તિ આદિ નોકર્મ. એનાથી ભગવાન રહિત અંદર ચૈતન્યસત્તા શાશ્વત છે. જેનું અસ્તિત્વ સત્તા હોવાવાળું પૂર્ણ સ્વરૂપ (છે) એ પરથી રહિત '**शुद्ध आत्माको भावो,...**' એમાં વિશુદ્ધ કીધું હતું. સુવિશુદ્ધ કીધું. પાઠમાં વિશુદ્ધ કીધું. '**अप्पा सुविसुद्धणिम्मल**' એમ હતું ને? અર્થમાં પછી વિશુદ્ધ કર્યું. પાઠ તો '**सुविसुद्ध**' એમ છે.

કારણ કે શુભભાવને વિશુદ્ધ કહેવાય, શુદ્ધભાવને વિશુદ્ધ કહેવાય. આ તો સુવિશુદ્ધ છે. આહાહા..! .. બહુ આવે. વીતરાગી ભાવ પ્રગટ કરવો. વીતરાગ જિનસ્વરૂપ જ, વીતરાગસ્વરૂપ જ છે. 'જિન સો હી આત્મા, અન્ય સો હિ હૈ કર્મ' અકષાય રસનું સત્ત્વ, એ આત્મા. એવા આત્માને '**सुविसुद्ध**' કહ્યો અહીંયાં. '**सुविसुद्ध**' પૂર્ણ સ્વરૂપ, પૂર્ણ નિર્મળ... નિર્મળ.. નિર્મળ. એને શુદ્ધભાવથી ભાવના કરો. પવિત્ર પરિણતિ એનાથી તેના સામુંને જોઈને, સન્મુખ થઈને એમાં એકાગ્ર થાવ. ભારે માર્ગ, ભાઈ! કહો, 'પાટનીજી'! આ વ્યવહારવાળાને એવું લાગે કે વ્યવહાર લોપ થઈ જશે. એમ કહે છે. 'સોનગઢ'માં નિશ્ચયની વાતું એકલી અને અમારે નિશ્ચય અને વ્યવહાર બેય. અનેકાંત છે અમારે એમ કહે. આહાહા..!

અહીં તો.. આ શું આવ્યું આમાં? '**भावेह भावसुद्धं अप्पा**' ભાવના કર, ભાવ શુદ્ધના ભાવથી. '**अप्पा सुविसुद्धणिम्मलं चेव लहु चउगइ चइऊणं जइ इच्छह सासयं सुक्खं**' આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ના આ આત્મ ઉદ્ગાર છે. હૃદયના ઉદ્ગાર છે. આહાહા..! ભાઈ! તારે જે પરમ આનંદ, મોક્ષપ્રાપ્તિ કરવી હોય, કારણ કે તારું ધ્યેય તો સુખની

પ્રાપ્તિનું છે, તો પૂર્ણ સુખ તો મોક્ષમાં છે. એવા પૂર્ણ આનંદની પ્રાપ્તિની જે ઈચ્છા અને ચાહના હો તો શુદ્ધ ભાવ વડે સુવિશુદ્ધ નિર્મળ ભગવાનઆત્માની ભાવના કર. આહાહા..! આ તો નિશ્ચયની વાત પણ પછી વ્યવહાર એનું સાધન (શું)? એમ કહે છે.

'અગાસ'માં જ્યારે બપોરે વ્યાખ્યાન થયું ને? 'શ્રીમદ્'નું 'અગાસ' છે ને? ત્યાં. સાંભળ્યું બધાએ. રાત્રે એક માણસ આવ્યો. એ વાત બધી ઠીક પણ એનું સાધન શું? એમ કે એને એમ કે આ ભક્તિ કરવી, વાંચન કરવું, શ્રવણ કરવું એ બધું સાધન. બાપુ! એ સાધન નથી. આહાહા..! લોકોને આ મૂળ ચીજ આકરી પડે ને એટલે પછી બહારની ચીજનું સાધન હોય તો ઠીક પડે, દેખાય, ખ્યાલમાં આવે કાંઈક કરીએ છીએ. ઓલું અંદરમાં જાવું એ કરીએ તો ખ્યાલમાં આવે નહિ. આહાહા..! ધ્રુવના ધ્યેયે પરિણતિ જે અભેદ થાય એ તો ખ્યાલમાં આવે નહિ. (આમાં તો દેખાય) આ આમ કરે છે ને ભક્તિ કરે છે ને પૂજા કરે ને દાન કરે, દયા પાળે છે, વ્રત પાળે છે, સંવર કરે છે, આમ કરે છે. જોઈને ચાલે છે, વિચારીને બોલે છે. એ બધી ખ્યાલમાં વાતું આવે. આહાહા..! માર્ગ તો આ છે. ભાવપાહુડનો અધિકાર છે ને? ભાવસાર. પ્રાભૃત. ભેટણું. શુદ્ધપર્યાયનું ભેટણું જીવને આપે એ આત્મભાવના કરી શકે. આહાહા..!

મુમુક્ષુ :- આ ખ્યાતિને લાભ...

ઉત્તર :- ક્યારે મળે?

મુમુક્ષુ :- શુભભાવ.

ઉત્તર :- શુભભાવમાં ધૂળેય નહિ.

મુમુક્ષુ :- એ ખ્યાતિ ક્યારે થાય?

ઉત્તર :- આ ખ્યાતિ-આત્મખ્યાતિ.

મુમુક્ષુ :- પછી તો કોઈ જાણે નહિ.

ઉત્તર :- એને માટે તો પહેલી વાત કરી.

મુમુક્ષુ :- માન મળે, રોટલા મળે...

ઉત્તર :- માન અને રોટલા હવે ધૂળમાં .. મળ્યા. આહાહા..! જુઓને! પાંડવો ધ્યાનમાં હતા. આહાહા..! અને ઉપસર્ગ લોઢાના ઉષ્ણ કરેલા (પહેરાવ્યા). 'સહદેવ' અને 'નકુલ'ને વિકલ્પ આવ્યો, અરે..! બંધુઓને, સાધર્મી ભાઈઓને... આમ તો સહોદર છે, આમને શું (થતું હશે?) મોટી ઉંમરના ધર્મરાજા, ભીમ, અર્જુન. એવો એક વિકલ્પ આવ્યો એમાં બે ભવ થયા.

મુમુક્ષુ :- વિકલ્પ એક અને ભવ બે.

ઉત્તર :- સર્વાર્થસિદ્ધિનો ભવ અને ત્યાંથી મનુષ્યનો ભવ. આહાહા..! ત્રણ- ભીમ,

અર્જુન અને ધર્મરાજા અંતરમાં ધ્રુવના ધ્યાનમાં સ્થિર થઈને કેવળ પામ્યા. પાંચેય સહોદર સાધર્મી જીવ, સંત. આહાહા..! ભાવલિંગી સંત. આવો જરી વિકલ્પ ઉઠ્યો કે અરેરે..! મુનિરાજ વડીલ મુનિરાજને, વડીલ બંધુઓ મુનિરાજને શું થતું હશે? લોઢાના ધગધગતા નાખ્યા. અરે..! 'નેમિનાથ' ભગવાનના ટાણા હતા ને? 'નેમિનાથ' ભગવાન મોક્ષ પધાર્યા ત્યારે .. કર્યો. એવા વખતમાં પણ આવી દશા! પણ અહીં તો એ કહેવું છે કે સાધર્મી, મુનિઓ પ્રત્યેનો વિકલ્પ આવ્યો કે કેમ છે? (એમાં) ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધિનું ૩૩ સાગર. સંસારમાં ૩૩ સાગર રહેવું પડ્યું.

મુમુક્ષુ :- સંસારમાં કે સર્વાર્થસિદ્ધિમાં?

ઉત્તર :- સંસારમાં. સર્વાર્થસિદ્ધિ એટલે સંસાર. આહાહા..! 'નેમચંદભાઈ'! આવી વાતું છે, ભાઈ! આહાહા..! 'કુંદકુંદાચાર્ય' તો સ્પષ્ટ એટલી વાત કરી. નહિતર એ તો શુભભાવ હતો. એ કાંઈ પોતાને માટે નહોતું. પોતાને માટે નબળાઈ આવી. જેથી વિકલ્પ ઉઠ્યો. ૩૩ સાગર. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. અને ત્યાંથી નીકળીને પાછા મનુષ્ય થાશે. આહાહા..! એ શુભરાગ પણ ઈચ્છવા લાયક છે નહિ. આહાહા..! આવી વાતું છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, ભગવાન! એમાં રાગનો કણ પણ નુકસાનકારક છે.

હજી એની શ્રદ્ધાના ઠેકાણા ન મળે. એને અંદરમાં શુદ્ધમાં જાવું ભારે આકરું પડે. શી રીતે જાય? એને પરથી ખાલી ન કરે (તો ક્યાંથી અંદર જાય). કોઈ કારણે આત્મા પ્રાપ્ત ન થાય. એ તો શુદ્ધતાના ભાવે જ પ્રાપ્ત થાય. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' આવો જે માર્ગ એને શુદ્ધ ભાવે આત્મા વિશુદ્ધને ભાવ. આહાહા..! આચાર્યનું હૃદય એ વખતે,... એ લખવા વખતે વિકલ્પ છે પણ વિકલ્પની ભાવના નથી. આવી ગયો છે વિકલ્પ. શાસ્ત્ર લખવાનો વિકલ્પ પણ ભાવવા જેવો નથી એમ કહે છે. આહાહા..! ભાઈ! તું વીતરાગસ્વરૂપ છો અને એ વીતરાગની પરિણતિ દ્વારા જ પ્રાપ્ત થાય. બીજી કોઈ રીત નથી. સમજાણું કાંઈ?

'છ ઢાળા'માં ન કહ્યું? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો'. આવે છે ને? પંડિતજી! 'છોડી જગત દ્વંદ્વ ફંદ...' એ તો 'દૌલતરામજી'નું છે. જેનાથી ઉદાસ થવું છે એની ભાવના કેમ હોઈ શકે? આહાહા..! એટલે કે જેનું ઉત્થાપન રાગથી ભિન્ન કરીને ઠરવું છે અંદરમાં, એને આવા રાગની ભાવના કેમ હોય? સુવિશુદ્ધ એવો પરમાત્મા નિર્મળાનંદ નાથ પ્રભુ, એની શુદ્ધભાવે ભાવના કર. આહાહા..! વ્યવહારની તો વાત ઉડાવી દીધી છે.

आगे कहते हैं कि जो आत्माको भावे वह इसके स्वभावको जानकर भावे, वही मोक्ष पाता है :-

जो जीवी भावंतो जीवसहावं सुभावसंजुत्तो।
सो जरमरणविणासं कुणइ फुडं लहइ णिव्वाणं।।६१।।
यः जीवः भावयन् जीवस्वभावं सुभावसंयुक्तः।
सःजरामरणविनाशं करोति स्फुटं लभते निर्वाणम्।।६१।।
જે જીવ જીવસ્વભાવને ભાવે, સુભાવે પરિણમે,
જર-મરણનો કરી નાશ તે નિશ્ચય લહે નિર્વાણને. ૬૧.

अर्थ :- जो भव्यपुरुष जीवको भाता हुआ, भले भावसे संयुक्त होता हुआ जीवके स्वभावको जानकर भावे, वह जरा-मरणका विनाश कर प्रगट निर्वाणको प्राप्त करता है।

भावार्थ :- 'जीव' ऐसा नाम तो लोकमें प्रसिद्ध है, परन्तु इसका स्वभाव कैसा है? इसप्रकार लोगोंके यथार्थ ज्ञान नहीं है और मतांतरके दोषसे इसका स्वरूप विपर्यय हो रहा है। इसलिये इसका यथार्थ स्वरूप जानकर भावना करते हैं वे संसारसे निवृत्त होकर मोक्ष प्राप्त करते हैं।।६१।।

## ગાથા-૬૧ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો આત્માકો ભાવે વહ ઈસકે સ્વભાવકો જાનકર ભાવે,...'** એ શું કહે છે? કે આત્માને એકાગ્ર થવું પણ એનો સ્વભાવ શું? એનો કાયમી સ્વ-ભાવ. એ વસ્તુ એનો કાયમી ગુણ શું? આત્મા તો આત્મા કહ્યો. એ તો આત્મા વસ્તુ. પણ એનો સ્વભાવ, સ્વ-પોતાનો ભાવ કાયમી શું ચીજ છે? એના ભાવને જાણીને પછી ભાવના કરે. **'ઈસકે સ્વભાવકો જાનકર ભાવે,...'** આમ તો જડ પરમાણુ પણ દ્રવ્ય છે. આત્મા પણ દ્રવ્ય છે. પણ આત્માનો સ્વભાવ શું? એનો સ્વભાવ આનંદ અને જ્ઞાન. બે પછી લેશે. જ્ઞાન સ્વભાવ અને ચેતનાસ્વરૂપ એમ લેશે. ૬૨માં. એટલે કે એ આત્મા વસ્તુ છે એ તો દ્રવ્ય થયું. પણ એનો વાસ્તવિક ત્રિકાળી ગુણ સ્વભાવ શું છે? કે જેથી એ આવો સ્વભાવ છે એ સ્વભાવવંતને ભાવવો. એ ૬૧ ગાથામાં કહે છે. 'જાનકર ભાવે, વહી મોક્ષ પાતા હૈ :-'

जो जीवी भावंतो जीवसहावं सुभावसंजुत्तो।
सो जरमरणविणासं कुणइ फुडं लहइ णिव्वाणं।।६१।।

**अर्थ :- 'જો ભવ્યપુરુષ...'** લાયક પુરુષ. ભવ્યને છે ને મોક્ષ. બીજાને ક્યાં છે?

આહાહા..! દુનિયામાં દેખાવાનો ભાવ હોય એ છોડી દે કહે છે. દુનિયામાં કાંઈ દેખાઉં, મોઢા આગળ ગણે મને ગણતરીમાં. બાપુ! તારે શું કામ છે? તારી ગણતરી ગણને. તારો સ્વભાવ શું છે? આહાહા..! નિત્યાનંદનો નાથ ભગવાન એનો સ્વભાવ છે જાણવું અને દેખવું. ચેતના એનો સ્વભાવ છે. ચેતવું એનો સ્વભાવ છે. ચેતવાના બે પ્રકાર-જ્ઞાન અને દર્શન એનો સ્વભાવ છે. અહીં જ્ઞાન સ્વભાવ લીધો છે.

જે વસ્તુની ભાવના, એકાગ્રતા પર્યાયથી કરી છે એનો સ્વભાવ શું? એટલે કે દ્રવ્ય આત્મા અને એનો સ્વભાવ જ્ઞાન અને ચેતના. એમાં એકાગ્ર થવું એ પર્યાય. ત્રણે આવી ગયા. આહાહા..! દ્રવ્ય એટલે આત્મા પદાર્થ વસ્તુ, એનો સ્વભાવ ચેતના અને જ્ઞાનસ્વભાવ છે એ શાશ્વત. પણ એનો સ્વભાવ આ. એની એકાગ્રતા એ શુદ્ધ પર્યાય. એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ આવ્યા. આહાહા..!

**'જો ભવ્યપુરુષ જીવકો ભાતા હુઆ,...'** ભગવાનઆત્માની ભાવના કરતો થકો **'ભલે ભાવસે સંયુક્ત હુઆ...'** અહીંયાં ભલો ભાવ એટલે શુદ્ધ. ભલા છે ને? **'सुभावसंजुत्तो'** તો છે ને મૂળ? **'जीवी भावंतो जीवसहावं सुभावसंजुत्तो'** એમ છે ને? પદમાં છે. **'जीवी भावंतो जीवसहावं सुभावसंजुत्तो'** સુભાવ એટલે શુદ્ધભાવથી સહિત. આહાહા..! એ શુભઅશુભભાવથી રહિત શુદ્ધભાવથી ભાવતો થકો. આહાહા..! આવી વાત પાંચમા આરામાં હશે? કોઈ કહે છે કે ચોથા આરા માટે છે. 'ભગવાનદાસ' શેઠ 'સાગર'વાળા.. આ તો ચોથા આરાને માટે છે. સાધુ પાંચમા આરાના છે. પાચમા આરાને માટે કહે છે. આવી વાતું તો ચોથા આરા માટે હોય. પાંચમા આરાના સાધુ પાંચમા આરાના ભવ્યજીવને કહે છે. એટલે એમ કે અત્યારે કાંઈક બીજું હોય. શેઠ પણ એમ કહે છે ને? વારંવાર પૂછ્યું. 'શાહુજી'. મહારાજ! અમે ગૃહસ્થ છીએ. અમારે યોગ્ય કહો ને કાંઈક. અરે..! ભગવાન! ગૃહસ્થ કે મુનિ તો પર્યાય છે. આત્મા એવો છે જ નહિ.

ગૃહસ્થ તો એને કહીએ. ગૃહ-પોતાના નિજઘરમાં ઠરે, રહે ટકે એને ગૃહસ્થ કહીએ. આહાહા..! એ આવે છે 'પંચસંગ્રહ'માં. 'અધ્યાત્મ પંચસંગ્રહ' પુસ્તક છે ને? 'દીપચંદજી'નું. 'અધ્યાત્મ પંચસંગ્રહ'. આવે છે, 'પંચસંગ્રહ' આવે છે. એમાં આ આવે છે. ગૃહસ્થ કોને કહેવો? ગૃહ-ઘર, નિજઘર નિત્યાનંદ પ્રભુ એમાં ઠર. શુદ્ધ ભાવે ઠરવું એ ગૃહસ્થ છે. ગૃહસ્થ. સ્થ-રહેવું. આહાહા..! આ તો પૈસાવાળા હોય તો ગૃહસ્થ કહેવાય, ઢીંકણા હોય તો ગૃહસ્થ કહેવાય. ધૂળેય નથી, સાંભળને હવે. આહાહા..!

ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવી, એને **'ભલે ભાવસે સંયુક્ત હોતા હુઆ...'** જોયું! શુદ્ધભાવથી સહિત થયો થકો. આહાહા..! ત્રિકાળી શુદ્ધભાવ એવો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અસ્તિ શાશ્વત એવા ભાવને, એ ભલા ભાવ સહિત થયો થકો. એ ટીકામાં કર્તાપણું

બતાવે છે. શુદ્ધ '**सुभावसंजुत्तो**' જોયું! નિર્મળ પર્યાય સહિત. એ '**सुभावसंजुत्तो**' કહ્યું. માર્ગ એવો છે માર્ગ, એટલે લોકોને એમ લાગે વ્યવહાર કરો, વ્યવહાર કરો. વ્યવહાર કાંઈક કરીએ. અમારે તો એ થાય. 'પ્રવચનસાર'માં આવે છે ને? શ્રાવકને તો વ્યવહાર ધર્મથી જ મુક્તિ થાય છે, લ્યો! 'પ્રવચનસાર' ચરણાનુયોગમાં એવો પાઠ છે ત્યાં. શુભભાવથી જ એને મુક્તિ થાય. એ તો શુભભાવ એને અશુભ ટાળવા માટે શુભ હોય છે. પણ એમાં જેટલો અંશ ટળે છે એટલા લાભનું કારણ છે. અને પછી શુભનો અંશ પણ ટાળશે ત્યારે એને શુદ્ધ થશે. આહાહા..! એ ચર્ચા મોટી થઈ હતી. 'રાજકોટ' 'રાજકોટ' નહિ, 'મોરબી'. (સંવત) ૨૦૦૬ સાલ. ઓલા સ્થાનકવાસીને છે ને? 'રતનલાલજી'. ચેલાના ચેલાના ગામ છે. ચેલાના નાગર છે. એ સ્થાનકવાસીનું પત્ર છાપે છે. એનું નામ શું?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન.

ઉત્તર :- સમ્યગ્દર્શન, હા સાચી વાત છે. સમ્યગ્દર્શન પત્ર છાપે છે. ચેલાના 'રતનલાલ'. ઘણા વર્ષોથી. એમાં ૨૦૦૬ની સાલમાં ત્યાં 'મોરબી' ... ત્યાં આવ્યા હતા. એ કહે, મહારાજ! જુઓ! આ 'પ્રવચનસાર'માં આમ કહ્યું છે. વાંચવા મંડ્યા છે માળા. પણ તમારે 'પ્રવચનસાર' માન્ય નથી અને એના દાખલા શા? એ બચાવ કરવા માટે. 'કુંદકુંદાચાર્યે' આમ કહ્યું છે. શુભભાવથી ગૃહસ્થને પરંપરાએ મુક્તિ મળે. એ પ્રશ્ન કર્યો હતો. સ્થાનકવાસી 'ચેલાના'ના પત્રકાર. શું કહેવું? અરે..! ભાઈ! એ તો ગૃહસ્થને અશુભ ટાળવાની અપેક્ષામાં શુભ આવે છે. એમાં જેટલો અશુભ ટળે છે એટલો લાભદાયક છે. પણ એને ગૃહસ્થાશ્રમમાં ઘણા શુભભાવ હોય એ અપેક્ષાએ એને શુભભાવ ટળે છે અને પરંપરા ટાળશે એને મુક્તિનું કારણ એને કહ્યું. શુભરાગ કોઈ દિ' મુક્તિનું કારણ હોઈ શકે નહિ. આહાહા..! બધા એ દાખલા આપે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આવે છે ને 'સમયસાર'ની ૧૨મી ગાથા?

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**

જોયું, વ્યવહારનો ઉપદેશ કરવો. એ વળી સ્થાનકવાસી હતા, 'કપુરભાઈ'. એ (સંવત) ૧૯૯૪માં અહીં આવ્યો હતો. 'દરિયાપરી' હતા, 'દરિયાપરી'. 'કપુરભાઈ' નહોતા 'દરિયાપરી' હતા. એનો દીકરો હતો 'નટુ-નટુ'. ૧૯૯૪માં આવ્યા હતા. ઘણા વર્ષ થઈ ગયા. ૩૬. એ કહે, મહારાજ! પણ ૧૨મી ગાથામાં આમ કહ્યું છે. પણ તમને .. તમારે 'સમયસાર' નહિ ને. બચાવ કરવા માટે. ૧૨મી ગાથામાં તો એમ કહ્યું કે વ્યવહારીઓને વ્યવહારનો ઉપદેશ દેવો. વ્યવહારનો ઉપદેશ દેવો. ભાઈ! એમ નથી કીધું ત્યાં. એ આ શેઠે પોતે એમ કહ્યું હતું, 'શાહુજી' 'દિલ્હી'. આ વ્યવહારનો ઉપદેશ

... વ્યવહારનો ઉપદેશ દેવો. એમ એમાં લખ્યું છે. ઓલા પંડિતોએ કીધું હોય ને. 'શાહુજી'. બાપુ! એમ એનો અર્થ નથી. '**ववहारदेसिदा पुण**' અર્થ ઉપદેશ દેવો એમ નથી.

'**ववहारदेसिदा पुण**'નું વાચ્ય એ નિર્મળ પર્યાય થોડી છે અને અશુદ્ધ પર્યાય ભેગી છે એને જાણવું, એનું નામ વ્યવહાર પ્રયોજન છે. જાણવું. આદરવાની વાત નહિ, કરવાની વાત નહિ, ઉપદેશ દેવાની વાત છે નહિ ત્યાં. એ તો પદમાં એવો '**ववहारदेसिदा**' શબ્દ આવ્યો છે. પણ એના ભાવમાં 'અમૃતચંદ્રાચાર્યે' તો કહ્યું છે કે જે કાંઈ અશુદ્ધ ભાવના અંશો હોય તે કાળે તેને જાણવું. જાણેલો પ્રયોજનવાન છે. '**तदात्वे**' પ્રયોજનવાન. પંડિતજી! '**तदात्वे**', '**तदात्वे**'. '**परिज्ञायमानस्त**' '**तदात्वे परिज्ञायमानस्त**' તે કાળે જાણેલો- એટલો શબ્દ છે. એનો અર્થ શું? કીધું. જે જે સમયે જે જે રાગની મંદતા હોય તે તે કાળે તે પ્રકારનું જ્ઞાન જાણવું તે પ્રયોજનવાન. બીજે સમયે રાગની મંદતા હોય તે પ્રકારનું જ્ઞાન કરીને જાણવું. '**तदात्वे परिज्ञायमानस्त**' આમ છે. ઉપદેશ-બુપદેશની વ્યાખ્યા છે જ નહિ. '**ववहारदेसिदा**'.

મુમુક્ષુ :- '**देसिदा**' શબ્દ પડ્યો છે ને.

ઉત્તર :- હા. '**देसिदा**'. એ તો વાચકનું વાચ્ય આ છે કે તે કાળનો જે અશુદ્ધભાવ આદિ હોય એનું જાણવું. એ વાત છે એમાં. કહેવું અને ઉપદેશ કરવો એ વ્યાખ્યા છે જ નહિ. 'શાહુજી'એ દસ મિનિટ થોડી સભામાં માંડી હતી. પંડિતો કહે છે. અરે..! ભગવાન! શું થાય?

અહીં કહે છે, '**જો ભવ્યપુરુષ જીવકો ભાતા હુઆ, ભલે ભાવસે સંયુક્ત હુઆ...**' '**सु**' શબ્દ છે ને? '**सुभावसंजुत्तो**' ભલે ભાવ એટલે શુદ્ધ. ભલો ભાવ એટલે શુદ્ધ.

મુમુક્ષુ :- શુભ નહિ.

ઉત્તર :- શુભ નહિ. શુભ ભલો છે જ નહિ. એ શુદ્ધને જ શુભ કીધો છે. 'સમયસાર'માં 'પુણ્ય-પાપ અધિકાર'માં. શુદ્ધને શુભ કીધો છે. અને શુભઅશુભને અશુદ્ધ કીધો છે. આહાહા..!

'**ભલે ભાવસે સંયુક્ત હુઆ જીવકે સ્વભાવકો જાનકર ભાવે,...**' શુદ્ધ પરિણતિ, શુદ્ધ પર્યાયથી સહિત થયો થકો '**જીવકે સ્વભાવકો જાનકર...**' ભગવાનઆત્મા એને જાણીને ભાવે. '**વહ જરા-મરણકા વિનાશ કર...**' એ જીર્ણતાનું મરણ દેહનું છૂટવું, એનો અભાવ કરીને '**પ્રગટ નિર્વાણકો પ્રાપ્ત કરતા હૈ.**' પ્રત્યક્ષ પૂર્ણાનંદની પ્રાપ્તિ એને થશે. વાદવિવાદે પાર ન આવે. આટલી ચર્ચા થઈ છે તોપણ હજી ફરીને ચર્ચા કરો એમ કહે છે. 'મખનલાલજી' કહે છે. ભાઈ! ... બાપા! વસ્તુની સ્થિતિ છે એમ સમજે તો પાર આવે. વાદવિવાદે પાર આવે?

મુમુક્ષુ :- ચર્ચા થોથા છે.

ઉત્તર :- મોટા થોથા ... તમારા તરફની દલીલ પણ થોથા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એણે કહ્યું હતું ને પહેલું? હા પાડી હતી. પાંચ-પાંચ હજાર રૂપિયા ભેગા કરીને આપણે .. પછી એમ થયું કે આપણું પોકળ નીકળશે. એટલે ના પાડી દીધી. આ કહે, મારે છાપવાનું છે. તમારી દલીલ છે અને આ પણ દલીલ છે. બેયની છે.

મુમુક્ષુ :- પાછો ફેરફાર કર્યો ને?

ઉત્તર :- જરીએ ફેરફાર કર્યો નહિ. પૂછ્યું તું ફેરફાર કાંઈ ખબર છે ને એની સહી છે. બંસીધરજીની સહી છે. ઓલાની સહી થઈ પછી તો છાપ્યું છે. એમ કાંઈ ચાલે ગોટા? બધાની સહી છે એમાં. આહાહા..! **'જરા-મરણકા વિનાશ કર પ્રગટ નિર્વાણકો પ્રાપ્ત કરતા હૈ.'**

**ભાવાર્થ :- ''જીવ' ઐસા નામ તો લોકમેં પ્રસિદ્ધ હૈ,...'** જીવ... જીવ... જીવ... જીવ... લ્યો! **'પરંતુ ઈસકા સ્વભાવ કૈસા હૈ?'** વસ્તુ તો કીધી, ભલે જીવ, પણ એનો કાયમી સ્વભાવ શું? વસ્તુ છે એ તો જીવ કીધી. અસ્તિ. હવે એનો સ્વભાવ અસ્તિત્વ કેવો છે? આહાહા..! જીવ તો એક વસ્તુ થઈ સ્વભાવવાન. પણ એનો સ્વભાવ શું? આહાહા..! **'સ્વભાવ કૈસા હૈ? ઈસપ્રકાર લોગોંકે યથાર્થ જ્ઞાન નહીં હૈ...'** લોકોને યથાર્થ જ્ઞાન નથી કે આ જીવ છે તેનો સ્વભાવ ચેતના અને જ્ઞાન છે. એનું બીજું સ્વરૂપ જ નથી. એમ ખબર નથી. એટલે કોઈ કંઈ કલ્પે છે, કોઈ કંઈ કલ્પે છે. **'ઔર મતાંતરકે દોષસે ઈસકા સ્વરૂપ વિપર્યય હો રહા હૈ.'** જગતના અનેક મતોમાં વાસ્તવિક જીવના સ્વભાવમાં મતાંતરો અનેક અંતર એટલે અનેક મતો થઈ ગયા છે. વાસ્તવિક સ્વરૂપની દૃષ્ટિ ત્યાં રહી નથી. આહાહા..! **'ઈસલિયે ઈસકા યથાર્થ સ્વરૂપ જાનકર...'** ભગવાનઆત્માનું વાસ્તવિક સ્વરૂપને જાણીને... આહાહા..! **'ભાવના કરતે હૈં...'** એ શું સ્વભાવ કહેશે.

**'વે સંસારસે નિવૃત્ત હોકર મોક્ષ પ્રાપ્ત કરતે હૈં.'** પર્યાયમાં ઉદયભાવનો અભાવ થઈને પારિણામિક ક્ષાયિકભાવની પર્યાય પ્રગટ કરશે. કેમકે સ્વભાવમાં મોક્ષની પર્યાય તો એના સ્વભાવમાં અનંતી પડી છે. જ્ઞાન-દર્શન આદિ મુક્તસ્વરૂપ છે એ. એનો સ્વભાવ મુક્ત સ્વભાવ છે. એવા મુક્ત સ્વભાવને ભાવતા નિત્ય સ્વભાવમાં રહેલી આનંદની શક્તિ પર્યાય એ પ્રગટ થશે. તેથી એને પરમાનંદરૂપી મોક્ષનો શાશ્વત લાભ (થાય છે). એ શાશ્વત કીધું. આ તો .. એક ગતિમાંથી બીજે. સર્વાર્થસિદ્ધિમાંથી માણસના ભવમાં...ને.. આહાહા..! ક્યાં સર્વાર્થસિદ્ધિનો જીવ હોય, એ છૂટીને માતાના પેટમાં સવા નવ મહિના

ઉંધે મસ્તકે (રહે). આહાહા..! હજી એક ભવ કરવો છે ને સર્વાર્થસિદ્ધિવાળાને? ભવ તો આ છે. આહાહા..! જેના શ્વાસ લેવાની ક્રિયાને સગવડતા ન મળે. ચારે કોર કફ ને માંસ અને હાડકા એમાં વચ્ચે ઊંધે માથે. આહાહા..! અરે..! એ કઈ રીતે રહ્યો? એના ઈતિહાસની એને ખબર નથી. આહાહા..! એની જિંદગીમાં શું થયું આ બધું? એનો પૂર્વનો ઈતિહાસ પોતે જોવે તો .. એને ખબર પડે. ઓહોહો..! ભવ ભવમાં દુઃખમાં રહ્યો.

એવા જીવનો સ્વભાવ જાણીને 'ભાવના કરતે હૈં વે સંસારસે નિવૃત્ત હોકર મોક્ષ પ્રાપ્ત કરતે હૈં.' આહાહા..! જીવ એનો સ્વભાવ ધર્મ. ધર્મ સ્વભાવ. ધર્મ એટલે જ્ઞાન અને ચેતના સ્વભાવ. એની પર્યાયમાં શુદ્ધતાથી ભાવના ભાવતા, એ જે સ્વભાવ ચૈતન્યનો જ્ઞાનાદિ છે એ પર્યાયમાં પૂર્ણ પ્રાપ્ત થશે. એનું નામ મુક્તિ છે.

---

आगे जीवका स्वरूप सर्वज्ञदेवने कहा है वह कहते हैं :-

**जीवो जिणपण्णत्तो णाणसहाओ य चेयणासहिओ।**
**सो जीवो णायव्वो कम्मक्खयकरणणिम्मित्तो।।६२।।**

जीवः जिनप्रज्ञप्तः ज्ञानस्वभावः च चेतनासहितः।
सः जीवः ज्ञातव्यः कर्मक्षयकरणनिमित्तः।।६२।।

**છે જીવ જ્ઞાનસ્વભાવ ને ચૈતન્યયુત-ભાખ્યું જિને,**
**એ જીવ છે જ્ઞાતવ્ય, કર્મવિનાશકરણનિમિત્ત જે. ૬૨.**

**अर्थ :- जिन सर्वज्ञदेवने जीवका स्वरूप इसप्रकार कहा है - जीव है वह चेतनासहित है और ज्ञानस्वभाव है, इसप्रकार जीवकी भावना करना, जो कर्मके क्षयके निमित्त जानना चाहिये।**

**भावार्थ :- जीवका चेतनासहित विशेषण करनेसे तो चार्वाक जीवको चेतनासहित नहीं मानता है उसका निराकरण है। ज्ञानस्वभाव विशेषणसे साँख्यमती ज्ञानको प्रधान का धर्म मानता है, जीवको उदासीन नित्य चेतनारूप मानता है उसका निराकरण है और नैयायिकमती गुण-गुणीका भेद मानकर ज्ञानको सदा भिन्न मानता है उसका निराकरण है। ऐसे जीवके स्वरूपको भाना कर्मके क्षयका निमित्त होता है, अन्य प्रकार मिथ्याभाव है।।६२।।**

---

## ગાથા-૬૨ ઉપર પ્રવચન

**'આગે જીવકા સ્વરૂપ સર્વજ્ઞદેવને કહા હૈ વહ કહતે હૈં :-'** આહાહા..! આ તો ધીરાના કામ છે, ભાઈ! સર્વજ્ઞદેવે કહ્યું. પાઠ છે ને આમાં?

**जीवो जिणपण्णत्तो णाणसहाओ य चेयणासहिओ।**
**सो जीवो णायव्वो कम्मक्खयकरणणिम्मित्तो।।६२।।**

જેને જાણવો કર્મક્ષયના કારણે. આહાહા..!

**અર્થ :- 'જિન સર્વજ્ઞદેવને જીવકા સ્વરૂપ ઈસપ્રકાર કહા હૈ-...'** એનો સ્વભાવ અને એનું સ્વરૂપ એ પ્રકારે કહ્યું છે. **'જીવ હૈ વહ ચેતનાસહિત હૈ...'** વસ્તુ છે તો કોઈ સ્વભાવ હોય ને એનો? સાકરનો ગળપણ સ્વભાવ, મીઠાનો-લવણનો ખારો સ્વભાવ, ખડીનો ધોળો સ્વભાવ એમ ભગવાનનો સ્વભાવ ચેતના અને જ્ઞાન. 'જ્ઞાનસ્વભાવ હૈ,...' લ્યો! ચેતનાસહિત જ્ઞાનસ્વભાવ. એકલું જાણવું અને દેખવું એવું ચેતવું જ એનું સ્વરૂપ છે. એવું ચેતવું એવો એનો જ્ઞાનસ્વભાવ છે. જાણવું અને દેખવું એ જ એનું સ્વરૂપ છે. એકલું જાગૃત થઈને જાણવું અને દેખવું એ એનું સ્વરૂપ છે. રાગ કરવો અને રાગ થવો ને શરીર સંબંધને એ કોઈ એનો સ્વભાવ નથી. એ કોઈ એનું સ્વરૂપ નથી. આહાહા..!

જેનું ધ્યાન કરવું છે એનો સ્વભાવ શું? કહે છે. જીવનું ધ્યાન કરવું છે એટલે તેના તરફ વળવું છે. જેના તરફ વળવું છે એનો સ્વભાવ શું? કે એ ચેતના સહિત જ્ઞાનસ્વભાવ. એ ચેતે એવો એનો જ્ઞાનસ્વભાવ. આહાહા..! રાત્રે વ્યાખ્યાન એવા આપે ઝપટ બોલાવે એક કલાકમાં. આ તો હળવે હળવે જાણે કાંઈ .. આહાહા..! એમ પકડાય નહિ. વિચાર .. મોકો મળવો જોઈએ ને? ભાઈ! તું જીવ છો. તો જીવનો સ્વભાવ સર્વજ્ઞે શું કહ્યો? જેને જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જણાણા એણે તારા સ્વભાવને કેવો કહ્યો? એ તો ચેતના. ચેતવું એવો જ્ઞાનસ્વભાવ... ચેતવું એવો જ્ઞાનસ્વભાવ. બસ. આહાહા..! ચેતવું એવો જ્ઞાનસ્વભાવ. કાંઈક કરવું એવો જ્ઞાનસ્વભાવ, જ્ઞાન કરવું એમ પણ નથી. એ તો ચેતવું એવો એનો જ્ઞાનસ્વભાવ છે.

**'ઈસપ્રકાર જીવકી ભાવના કરના,...'** જીવ એક દ્રવ્ય થયું. ચેતનાસહિત જ્ઞાનસ્વભાવ એનો ગુણ થયો, સ્વભાવ થયો, ભાવ થયો. ભાવવાન, ભાવ. એની ભાવના એ પર્યાય થઈ. આહાહા..! સમજાણું કાંઈ? **'ઈસપ્રકાર જીવકી ભાવના કરના,...'** આવા જીવની એકાગ્રતા કરવી. આવા જીવની ચેતનાસહિત જ્ઞાનસ્વભાવ એવા જીવની એકાગ્રતા કરવી. આહાહા..! ભારે માર્ગ છે. **'જો કર્મકે ક્ષયકે નિમિત્ત જાનના ચાહિયે.'** કર્મનો ક્ષય તો

એની પર્યાયથી થાય. પણ એમાં આ ભાવ તે નિમિત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? જીવ, એનો ચેતનાસહિત જ્ઞાનસ્વભાવ, એની એકાગ્રતાની શુદ્ધ પર્યાયની ભાવના એ કર્મક્ષયને, કર્મનો ક્ષય તો એની પર્યાયમાં એને કારણે થાય, પણ એ કર્મક્ષયમાં નિમિત્ત છે આ શુદ્ધભાવ. ઉપાદાન એનું. સમજાણું કાંઈ? આ કહે, આત્મા કર્મક્ષય કરે, કર્મનો ક્ષય થાય તો આ જ્ઞાન થાય. એમ નથી, ભાઈ! અહીં તો દ્રવ્યનો સ્વભાવ ચેતનાસહિત જ્ઞાન, એની જે એકાગ્રતા એવી શુદ્ધ પર્યાય, એ શુદ્ધ પર્યાય કર્મના ક્ષયના કાળે આ શુદ્ધ પર્યાય એને નિમિત્ત કારણ કહેવાય. આહાહા..! એ શુદ્ધપર્યાય કર્મક્ષય કરતું નથી. કર્મ તો જડ છે.

મુમુક્ષુ :- કર્મક્ષય કોણ કરે?

ઉત્તર :- એ પર્યાય એની કર્મની. કર્મનો અભાવ થવો કર્મરૂપ પર્યાયની અકર્મરૂપ પર્યાય થવી એ તો એનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને કારણે ત્યાં થયું. આ તો નિમિત્ત કીધું ને? શુદ્ધપર્યાય તો નિમિત્ત છે. ઉપાદાન તો ક્ષય થવાનું કર્મપર્યાયમાં એને કારણે છે. એવી વાત કરે છે. સમજાણું કાંઈ? આણે શુદ્ધ પર્યાય પૂર્ણ પ્રગટ કરી માટે કર્મને નાશ થવું પડ્યું એમ નથી. એ કર્મને એનામાં નાશનો એનો કાળ હતો. એનાથી તે અકર્મરૂપ પર્યાય થઈ છે. કર્મરૂપ પર્યાયનો ક્ષયનો અર્થ કર્મરૂપ પર્યાય અકર્મરૂપ થઈ. એમાં આ શુદ્ધ પરિણામને નિમિત્ત કહેવામાં આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું, ભાઈ! એને સમજવું નિમિત્ત કારણ છે માટે ત્યાં ક્ષય થઈ છે એમ નહિ. આણે શુદ્ધ ભાવ કર્યો એટલે કર્મને નાશ થવું પડ્યું અને કર્મનો નાશ થયો માટે શુદ્ધપર્યાય કેવળજ્ઞાન થયું એમ નથી. સમજાણું કાંઈ? 'તત્ત્વાર્થ સૂત્ર'માં આવે-કર્મક્ષયા. ચાર કર્મ ક્ષય થાય તો નવ લબ્ધિ પ્રગટે. એ તો નિમિત્તના કથનો છે. 'ઉમાસ્વામી'એ પણ ત્યાં વ્યવહારને જણાવ્યો છે.

મુમુક્ષુ :- આખો વ્યવહારનો..

ઉત્તર :- આખો વ્યવહારનો ગ્રંથ છે ઈ.

આ જુઓને ભાષા. '**सो जीवो णायव्वो**' તે જીવને એ રીતે જાણવો અને જાણતા કર્મક્ષય તો એનું નિમિત્ત છે. એની શુદ્ધપર્યાય એ જ કર્મ ક્ષય થવામાં નિમિત્ત છે. કર્મનો ક્ષય તો તે કાળે તેની પર્યાયમાં થવાનો કાળ જ હતો. કર્મની અવસ્થાનો અભાવ થવો એ તો એ કર્મની અવસ્થાનો જ સ્વકાળ હતો. સમજાણું કાંઈ? આત્માએ શુદ્ધભાવ કર્યો માટે કર્મનો અભાવ થયો એમ નહિ. આહાહા..! આવી વાતું છે. તેથી નિમિત્ત શબ્દ વાપર્યો છે ને? '**कम्मक्खयकरणणिम्मित्तो**' આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની શૈલી ગજબની શૈલી છે! 'રતનચંદજી' કહે છે ને, તમે આમ કહો છો કે શુદ્ધ પર્યાય પ્રગટ થાય

એટલે કર્મ એને કારણે નાશ થાય. અમે એમ કહીએ છીએ કે કર્મનો નાશ થાય ત્યારે શુદ્ધભાવ કેવળજ્ઞાન પ્રગટ થાય. ભાઈ! તને ખબર નથી. એમ નથી.

અહીંયાં એણે રાગ-દ્વેષ કર્યો માટે ત્યાં કર્મની પર્યાયને કર્મરૂપે થઈ પડ્યું? એમ છે નહિ. એ તો એના કર્મ પરમાણુઓમાં કર્મની પર્યાય થવાને લાયક એ સમયે હતી એ કર્મરૂપે પરિણમ્યા છે. ત્યાં રાગ-દ્વેષ કર્યા માટે એ રૂપે કર્મ પરિણમ્યું છે એમ નથી. રાગ-દ્વેષ તો નિમિત્ત છે. રાગ-દ્વેષ તો નિમિત્ત છે. કર્મની પર્યાય ઉપાદાનપણે તે વખતે તે પર્યાયપણે પરિણમવાની હતી એનું એ ઉપાદાન છે. મોટો ઉપાદાન-નિમિત્તનો ગોટો છે. પંડિતજી! મોટી ચર્ચા. પાંચની ચર્ચા. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધ. આ 'સોનગઢ' સામે પાંચનો... આહાહા..! પાંચેયનો એક સવાલમાં ઊડી જાય એવું છે બધું.

જે કાળે સ્વકાળ છે દરેક પર્યાયનો. પોતાના સ્વચતુષ્ટયમાં જીવ છે કે દરેક દ્રવ્ય છે પરચતુષ્ટયથી નથી. ખલાસ થઈ ગયું. સ્વચતુષ્ટયથી છે. પોતાના સ્વકાળને લઈને જીવ છે. ચાહે તો નિર્મળ વખતે, ચાહે તો મલિન વખતે. પર તો નિમિત્ત છે એનાથી કાંઈ થયું નથી. અને સ્વકાળ છે એ ક્રમબદ્ધ છે. એક પછી એક સ્વકાળ. અને સ્વકાળમાં વ્યવહાર છે માટે નિશ્ચય થયું એમ આવતું નથી. જે કાળે નિર્મળ પર્યાય થઈ તે કાળે રાગ સાથે છે. .. રાગ છે એને વ્યવહાર કહેવાય અને આને નિશ્ચય. પણ રાગથી, વ્યવહારથી નિશ્ચય થાય એવી વાત છે નહિ. પાંચેય બોલ એક સવાલમાં ઊડી જાય છે. સમજાણું કાંઈ? કર્મના નિમિત્ત છે. ભાવર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૧૯A, ગાથા–૬૨ થી ૬૪, શુક્રવાર, મહા સુદ ૨, તા.૨૫–૧–૭૪

'અષ્ટપાહુડ' ભાવપાહુડ. ગાથા-૬૨. ભાવાર્થ છે ને?

**ભાવાર્થ :- 'જીવકા ચેતનાસહિત વિશેષણ કરનેસે...'** ગાથાનો ખુલાસો કરે છે. જીવના સ્વભાવનું ધ્યાન કરવું. એમ છે ને મૂળ? જિન ભણંતે-વીતરાગે જીવનો સ્વભાવ કેવો કહ્યો છે, એ કહે છે. **'જીવકા ચેતનાસહિત વિશેષણ કરનેસે તો ચાર્વાક જીવકો ચેતનાસહિત નહીં માનતા હૈ...'** ચાર્વાક છે ને એક નાસ્તિક? ચેતના આત્મા (છે) એમ નથી માનતા. નાસ્તિક. **'ઉસકા નિરાકરણ હૈ. જ્ઞાનસ્વભાવ વિશેષણસે સાંખ્યમતી જ્ઞાનકો પ્રધાન ધર્મ માનતા હૈ,...'** સાંખ્યમતિ છે એ રજો, તમો, સત્વ એ પ્રકૃતિના ગુણોને જ્ઞાન માને છે. **'સાંખ્યમતિ જ્ઞાનકો પ્રધાન ધર્મ માનતા હૈ, જીવકો ઉદાસીન નિત્ય ચેતનારૂપ માનતા હૈ...'** ચેતના જાણે એવું નહિ. ઉદાસીન ચેતના. **'ઉસકા નિરાકરણ...'** થાય છે. જ્ઞાનસ્વભાવ અને ચેતનાગુણસહિત છે. એના એવા સ્વભાવને

જાણવો.

'**ણાયવ્વો**' છે ને? '**સો જીવો ણાયવ્વો**' ચેતનાસ્વભાવ એ જ્ઞાનસ્વભાવ. એ જે જાણે એનું નામ જીવ. એની ભાવના એકાગ્રતા કરી એ ધર્મ. લ્યો! '**નૈયાયિકમતી ગુણ-ગુણીકા ભેદ માનકર જ્ઞાનકો સદા ભિન્ન માનતા હૈ...**' નૈયાયિક મત છે એ ગુણ-ગુણી, દ્રવ્ય અને જ્ઞાન બે ભિન્ન છે. જીવ દ્રવ્ય અને જ્ઞાન તદ્દન ભિન્ન છે એમ માને છે. '**સદા ભિન્ન માનતા હૈ ઉસકા નિરાકરણ હૈ. ઐસે જીવકે સ્વરૂપકો ભાના...**' એવું જે જીવનું જ્ઞાનસ્વરૂપ અને ચેતનાસ્વભાવ તેની ભાવના કરવી એનું નામ વાસ્તવિક જીવનો ધર્મ છે. લ્યો! આવું કરવું, આ પૂજા કરવી, ભક્તિ કરવી, આ કરવું એ વાત કાંઈ લીધી નહિ.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં લીધી હોય.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં શું? વ્યવહાર હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. બાકી એ કાંઈ ધર્મ નથી. ધર્મ તો જીવ ચેતનાસહિત અને જ્ઞાનસ્વભાવ, એની એકાગ્રતા કરવી એનું નામ ધર્મ છે. છે ને?

'**ઐસે જીવકે સ્વરૂપકો...**' એવા જીવના ભાવને. એવું જે જીવદ્રવ્ય, એનું જે સ્વરૂપ, ભાવસ્વરૂપ, ચેતનાસ્વરૂપ, જ્ઞાનભાવ એને '**ભાના...**' ભાવના કરવી. બહું ટૂંકું કહ્યું છે. જીવદ્રવ્ય, ચેતના અને જ્ઞાન એનો સ્વભાવ ત્રિકાળ. એની એકાગ્રતા કરવી એ પર્યાય ધર્મ. આવો ... સ્વભાવ છે. અહીંયાં વ્યવહારરત્નત્રય આમાં ન આવે. એ તો રાગમાં જાય. ભાવપાહુડ છે ને? જે ભાવ શુદ્ધ થયો, પવિત્ર છે, એ શુદ્ધ પવિત્ર એવો ત્રિકાળી સ્વભાવ, એની ભાવના એ પવિત્ર શુદ્ધભાવ છે. એ પરમધર્મ છે. આકરું લાગે. બહારમાં કાંઈક કરવું હોય તો એને લાગે કાંઈક કરીએ છીએ.

અહીં તો ચૈતન્યદ્રવ્ય, એની ચેતના અને જ્ઞાન એનો સ્વભાવ, એમાં એકાગ્ર થવું, એ જ્ઞાન અને ચેતનામાં એકાગ્ર થવું, એની ભાવના ભાવવી, એમાં લીનતા કરવી એનું નામ ભાવ શુદ્ધ અને ધર્મ છે. એ '**કર્મકે ક્ષયકા નિમિત્ત હોતા હૈ,...**' એ પવિત્ર પરિણામ-ત્રિકાળી ચેતના અને જ્ઞાનસ્વભાવની એકાગ્રતારૂપ પવિત્ર પરિણામ કર્મક્ષયનું નિમિત્ત છે. કર્મક્ષય તો એને કારણે થાય છે. કર્મની પર્યાયનું અકર્મરૂપ થવું એ તો એને કારણે, જડને કારણે (થાય છે). એમાં આ પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. '**અન્ય પ્રકાર મિથ્યાભાવ હૈ.**' એવો જ્ઞાનસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, એની એકાગ્રતા સિવાય, બીજા કોઈપણ પુણ્ય અને પાપનો ભાવ એ ધર્મ છે એ મિથ્યાભાવ છે. અને અહીં તો એકલો વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર ચાલે છે.

મુમુક્ષુ :- ..સદ્ભુત વ્યવહાર નથી?

ઉત્તર :- એ વ્યવહાર નહિ. દયા, વ્રત, તપસ્યા, પૂજા, ભક્તિ ક્રિયા એ તો

અસદ્ભુત છે, રાગ છે. એ વ્યવહારમાં ક્યાં છે?

પોતાનું ત્રિકાળી સ્વરૂપ વસ્તુ અને એનો જે સ્વસ્વરૂપ ભાવ એ ત્રિકાળ, એને ધ્યેયમાં લઈને એકાગ્ર થવું, બસ, આ એક ધર્મ છે. આહાહા..! એનું નામ ભાવપાહુડ નામ ભાવની શુદ્ધતા કહેવામાં આવે છે. એ અન્ય પ્રકાર મિથ્યાભાવ (છે), બીજી રીતે માને તો એ દુઃખભાવ છે. આહાહા..!

---

आगे कहते हैं कि जो पुरुष जीवका अस्तित्व मानते हैं वे * सिद्ध होते हैं :-

**जेसिं जीवसहावो णत्थि अभावो य सव्वहा तत्थ।**
**ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा।।६३।।**

येषां जीवस्वभावः नास्ति अभावः च सर्वथा तत्र।
ते भवन्ति भिन्नदेहाः सिद्धाः वचोगोचरातीताः।।६३।।

'સત્' હોય જીવસ્વભાવ ને ન 'અસત્' સરવથા જેમને,
તે દેહવિરહિત વચનવિષયાતીત સિદ્ધપણું લહે. ૬૩.

अर्थ :- जिन भव्यजीवोंके जीव नामक पदार्थ सद्भावरूप है और सर्वथा अभावरूप नहीं है, वे भव्यजीव देहसे भिन्न तथा वचनगोचरातीत सिद्ध होते हैं।

भावार्थ :- जीव द्रव्यपर्यायस्वरूप है, कथंचित् अस्तिस्वरूप है, कथंचित् नास्तिस्वरूप है। पर्याय अनित्य है, इस जीवके कर्मके निमित्तसे मनुष्य, तिर्यंच, देव और नारक पर्याय होती हैं, इसका कदाचित् अभाव देखकर जीवका सर्वथा अभाव मानते हैं। उनको सम्बोधन करनेके लिये ऐसा कहा है कि जीवका द्रव्यदृष्टिसे नित्य स्वभाव है। पर्यायका अभाव होनेपर सर्वथा अभाव नहीं मानता है वह देहसे भिन्न होकर सिद्ध परमात्मा होता है, वे सिद्ध वचनगोचर नहीं हैं। जो देहको नष्ट होते देखकर जीवका सर्वथा नाश मानते हैं वे मिथ्यादृष्टि हैं, वे सिद्ध-परमात्मा कैसे हो सकते हैं? अर्थात् नहीं होते हैं।।६३।।

---

## ગાથા-૬૩ ઉપર પ્રવચન

'આગે કહતે હૈં કિ જો પુરુષજીવકા અસ્તિત્વ માનતે હૈં વે સિદ્ધ હોતે હૈં :-
'

जेसिं जीवसहावो णत्थि अभावो य सव्वहा तत्थ।
ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा।।६३।।

---

* लिद्ध-मुक्त-परमात्मदशाको प्राप्त।

**અર્થ :-** '**જિન ભવ્યજીવોંકે જીવ નામક પદાર્થ સદ્‌ભાવરૂપ હૈ ઔર સર્વથા અભાવરૂપ નહીં હૈ,...**' પરથી અભાવરૂપ છે. શરીર, કર્મ આદિથી અભાવરૂપ છે. પોતાના સ્વભાવથી સદ્‌ભાવરૂપ છે. શરીર(નો) નાશ (થતો) હોવા છતાં અથવા પર્યાય બદલતી હોવા છતાં સદ્‌ભાવરૂપ નિત્યરૂપ આત્મા છે. ધ્રુવ ધ્રુવ આત્મા સદ્‌ભાવ, સત્‌ભાવરૂપ આત્મા છે. શરીર પલટતાં કાંઈ આત્માનો નાશ થતો નથી. એક સમયની પર્યાય પલટતા કાંઈ નિત્યનો નાશ થતો નથી. એવો '**જીવ નામક પદાર્થ સદ્‌ભાવરૂપ હૈ ઔર સર્વથા અભાવરૂપ નહીં હૈં,...**' કથંચિત્ અભાવ છે. શરીર આદિથી અભાવરૂપ છે, એમ એક સમયની પર્યાયથી પણ અભાવરૂપ છે. કથંચિત્ અભાવરૂપ છે, સર્વથા અભાવરૂપ નથી. આહાહા..! એક એક શબ્દમાં કેટલું ભર્યું! જુઓને! વસ્તુ સદ્‌ભાવ સત્ સ્વભાવરૂપ છે. સર્વથા અભાવરૂપ નથી. એમ કહ્યું ને પાઠમાં? સર્વથા અભાવરૂપ નથી. કથંચિત્ અભાવરૂપ છે. પરની અપેક્ષાએ અથવા પર્યાયની અપેક્ષાએ અભાવરૂપ છે પણ વસ્તુની અપેક્ષાએ તો સદ્‌ભાવરૂપ છે. આહાહા..!

'**વે ભવ્યજીવ દેહસે ભિન્ન...**' દેહથી ભિન્ન ભગવાનઆત્મા '**તથા વચનગોચરાતીત...**' જે આવા જીવ સ્વભાવનો સદ્‌ભાવરૂપ, સર્વથા અભાવરૂપ નહિ એવા જીવનું જે ધ્યાન અને જ્ઞાન કરે છે, એ વચનગોચરાતીત તો સિદ્ધ છે. વચનને ગમ્ય નથી એવા સિદ્ધપદને પામે છે. મોક્ષપદને એ પામે છે. જીવ સદ્‌ભાવરૂપ છે. એ .. નિત્યાનંદ છે, પ્રભુ ધ્રુવ છે. એવો જે નિત્ય સ્વભાવ એ જેને દૃષ્ટિમાં આવે છે એ જીવ કથંચિત્ પરથી અભાવસ્વરૂપ છે પણ પોતાના સ્વભાવથી સદ્‌ભાવસ્વરૂપ છે. એવી જેની દૃષ્ટિ થઈ એ સિદ્ધપદને પામે છે. એ નિર્મળ પૂર્ણ પર્યાયને પામે છે. લ્યો! આ તો મોક્ષનો માર્ગ આ અને એનો મોક્ષ આ. આહાહા..! આ ચરણાનુયોગમાં કથનોનો પાર ન મળે. આમ વ્રત ને એની પર્યાય, એમાં અતિચારલાગે ને એનું પ્રાયશ્ચિત લેવું, એ દોષ ટાળવા. બધા અધિકાર ક્યાં ગયા? એ બધા વિકલ્પની વાત હોય, જણાવવી હોય ત્યારે હોય. સ્વરૂપમાં એ વિકલ્પ નથી અને એ વિકલ્પ સ્વરૂપનું સાધન નથી. આહાહા..!

**ભાવાર્થ :-** '**જીવ દ્રવ્યપર્યાયસ્વરૂપ હૈ,...**' ભગવાનઆત્મા જીવદ્રવ્ય વસ્તુ અને એક સમયની પર્યાયરૂપ, આટલું અસ્તિત્વ પ્રમાણનો વિષય એને કહીએ છીએ. '**કથંચિત્ અસ્તિસ્વરૂપ હૈ,...**' પોતાના સદ્‌ભાવની અપેક્ષાએ અસ્તિ. કથંચિત્ એટલે પોતાના સદ્‌ભાવની અપેક્ષાએ અસ્તિ. '**કથંચિત્ નાસ્તિસ્વરૂપ હૈ.**' પણ પર શરીરાદિની અપેક્ષાએ નાસ્તિ. અને એક સમયની પર્યાયની અપેક્ષાએ પણ નાસ્તિ.

'**પર્યાય અનિત્ય હૈ, ઈસ જીવકે કર્મકે નિમિત્તસે...**' પર્યાય તો અનિત્ય છે. નિત્ય તો દ્રવ્યસ્વરૂપ ધ્રુવ છે. '**જીવકે કર્મકે નિમિત્તસે મનુષ્ય, તિર્યંચ, દેવ ઔર નારક પર્યાય હોતી હૈ, ઈસકા કદાચિત્ અભાવ દેખકર...**' શરીરનો અભાવ દેખીને આત્માનો અભાવ

થઈ ગયો એમ ન જાણવું. શરીર છૂટી ગયું માટે આત્મા પણ છૂટી ગયો ભેગો, એમ નથી. દેહનો અભાવ થતાં જીવતત્ત્વનો ધ્રુવ સ્વભાવ સદ્‌ભાવ છે, એમ જાણીને સર્વથા નાસ્તિ છે એમ ન માનવું. '**ઈસકા કદાચિત્ અભાવ દેખકર જીવકા સર્વથા અભાવ માનતે હૈં. ઉનકો સંબોધન કરનેકે લિયે ઐસા કહા હૈ કિ જીવકા દ્રવ્યદષ્ટિસે નિત્ય સ્વભાવ હૈ.**' લ્યો! વસ્તુ છે ધ્રુવ, નિત્ય એ દષ્ટિએ તો સદ્‌ભાવ ત્રિકાળ છે.

'**પર્યાયકા અભાવ હોનેપર સર્વથા અભાવ નહીં માનતા હૈ...**' એમ એક સમયની પર્યાય બદલતી અને શરીર બદલતા દેખતાં એને નાશવાન ન માનવું. વિચાર પણ બદલી જાય, પર્યાય બદલી જાય, (એ) બદલતા વસ્તુ બદલી જાય છે? બહુ ટૂંકી વાત છે.

ભૂતાર્થનો આશ્રય કરવો એ આવ્યું. પર્યાય બદલે છે એથી કાંઈ આખી ચીજ બદલી જાય છે એમ નથી. ('સમયસાર'ની) છઠ્ઠી ગાથામાં તો કહ્યુ, પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય જેમાં નથી. લ્યો! આહાહા..! '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' એ તો જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવભાવ સદ્‌ભાવ એવી જે ત્રિકાળી ચીજ એ જ્ઞાયકભાવ તે વસ્તુ. એમાં તો પર્યાય પણ નથી. આહાહા..! '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' કઈ પર્યાય બાકી રહી ગઈ? પહેલેથી છઠ્ઠી ભૂમિકા સુધીની પર્યાય પ્રમત્ત, સાતમાંથી ચૌદ સુધીની અપ્રમત્ત. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' ભગવાન સદ્‌ભાવ ધ્રુવરૂપ અસ્તિ એ પર્યાયનો તેમાં અભાવ છે. આહાહા..! એવા જ્ઞાયકભાવને એ પર્યાયમાં અનુભવવો. પરથી લક્ષને છોડી પોતાના ત્રિકાળ ભાવનું સેવન કરવું. એને પર્યાયમાં શુદ્ધતા અનુભવાય એને અહીં ભાવશુદ્ધ કહે છે. અને ભાવશુદ્ધમાં ત્રિકાળી શુદ્ધ છે એ દષ્ટિમાં આવે છે. ચીજ તો છે સદ્‌ભાવરૂપ. પણ જ્યારે તેના તરફના લક્ષ અને જુકાવથી, આત્મા ત્રિકાળની સેવના જે પર્યાયે કરી એ પર્યાય ભાવશુદ્ધ છે અને એ પર્યાયમાં આ દ્રવ્ય શુદ્ધ છે એમ પ્રસિદ્ધ થયું. આ ત્રિકાળી શુદ્ધ છે એમ પ્રતીતમાં આવ્યું. આહાહા..! પલાખું તો બહુ ટૂંકું છે. પલાખું સમજો છો? પહાડા. પહાડા કહે છે ને? એકડે એક ને બગડે બે અને તગડે ત્રણ. ભાવ બહુ સૂક્ષ્મ.

કહે છે કે, જે કોઈ જીવનો સર્વથા અભાવ માને છે એના સંબોધનરૂપે કહ્યું. '**જીવકા દ્રવ્યદષ્ટિસે નિત્ય સ્વભાવ હૈ. પર્યાયકા અભાવ હોનેપર સર્વથા અભાવ નહીં માનતા હૈ...**' 'જયચંદ્ર' પંડિતે ખુલાસો કર્યો. '**વહ દેહસે ભિન્ન હોકર સિદ્ધ પરમાત્મા હોતા હૈ,...**' દેહથી અભાવ થઈ જાય માટે એનો જીવનો અભાવ થાય એમ નથી. દેહનો અભાવ થતાં તો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. દેહની પર્યાયનો નાશ થતાં ભગવાનઆત્મા તો સિદ્ધ પર્યાયને પામે છે. નિત્ય વસ્તુ છે એ આ પર્યાયને પામે છે. આ પર્યાય ખસી ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ પરમાર્થનો એવો લુખ્ખો લાગે, લુખ્ખો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વીતરાગી એટલે લુખ્ખો. રાગવાળાને લુખ્ખો લાગ્યો. શું કહે છે આ? બાપુ! ભગવાન! તારું હોવાપણું... હોવાપણું.. નિત્ય અને ધ્રુવ છે. એને દેહનો અભાવ થાય અથવા તે ક્ષણની પર્યાયનો અભાવ થાય તો એ સિદ્ધ થશે. સમજાણું કાંઈ? આહાહા..!

**'પર્યાયિકા અભાવ હોનેપર સર્વથા અભાવ નહીં માનતા હૈ વહ દેહસે ભિન્ન હોકર સિદ્ધ પરમાત્મા હોતા હૈ, વે સિદ્ધ વચનગોચર નહીં હૈં.'** એ સિદ્ધ વાણીગમ્ય નથી. અરે..! વિકલ્પ શુભરાગ ગમ્ય નથી. આહાહા..! એ તો સ્વસંવેદનગમ્ય છે. છે તો એના દેહથી ભિન્ન, રાગથી ભિન્ન એવું પોતાનું જ્ઞાનસ્વરૂપ સં-પ્રત્યક્ષ વેદનગમ્ય છે. આહાહા..! **'વે સિદ્ધ વચનગોચર નહીં હૈં. જો દેહકો નષ્ટ હોતે દેખકર જીવકા સર્વથા નાશ માનતે હૈં વે મિથ્યાદષ્ટિ હૈં. વે સિદ્ધ-પરમાત્મા કૈસે હો સકતે હૈં?'** આવા જીવ શુદ્ધ પરમાત્મા કઈ રીતે હોય, એમ કહે છે. જેને દ્રવ્ય સ્વભાવ નિત્ય ધ્રુવ શ્રદ્ધામાં અસ્તિત્વ આવતું નથી અને આ દેહના અભાવે જાણે મારો અભાવ થઈ જાય અથવા એક સમયની પર્યાયના અભાવે મારો અભાવ થઈ જાય એને સિદ્ધપદ શી રીતે મળે? એને અજ્ઞાનપદ મળે રખડવાનું. આહાહા..! **'કૈસે હો સકતે હૈં? અર્થાત્ નહીં હોતે હૈં.'** જેને ત્રિકાળી ધ્રુવ સ્વભાવનો જ અંતરમાં સ્વીકાર નથી અને પલટતી ચીજ જોઈને જાણે હું પણ નાશ થાઉં છું એવી જેની માન્યતા છે, એને સિદ્ધપદ શી રીતે થશે? અજ્ઞાનપદ સંસારપદ થશે એને રખડવાનું. આહાહા..!

---

आगे कहते हैं कि जो जीवका स्वरूप वचनके अगोचर है और अनुभवगम्य है वह इसप्रकार है :-

**अरसमरुवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।६४।।**
**अरसमरुपमगंधं अव्यक्तं चेतनागुणं अशब्दम्।**
**जानीहि अलिंगग्रहणं जीवं अनिर्दिष्टसंस्थानम्।।६४।।**
**જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૬૪.**

अर्थ :- हे भव्य! तू जीवका स्वरूप इसप्रकार जान -कैसा है? अरस अर्थात् पांच प्रकारके खट्टे, मीठे, कडुवे, कषायले और खारे रससे रहित है। काला, पीला, लाल, सफेद और हरा इसप्रकार अरूप अर्थात् पाँच प्रकारके रूपसे रहित है। दो

प्रकारकी गंधसे रहित है। अव्यक्त अर्थात् इन्द्रियोंके गोचर-व्यक्त नहीं है। चेतना गुणवाला है। अशब्द अर्थात् शब्दरहित है। अलिंगग्रहण अर्थात् जिसका कोई चिह्न इन्द्रियद्वारा ग्रहणमें नहीं आता है। अनिर्दिष्ट संस्थान अर्थात् चौकोर, गोल आदि कुछ आकार उसका कहा नहीं जाता है, इसप्रकार जीव जानो।

भावार्थ :- रस, रूप, गंध शब्द ये तो पुद्‌गलके गुण हैं, इनका निषेधरूप

## ગાથા-૬૪ ઉપર પ્રવચન

આ ગાથા આવી હવે. દરેકમાં આ ગાથા છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય', 'નિયમસાર', 'ધવલ' અને આ 'અષ્ટપાહુડ'. દરેકમાં આ ગાથા છે. દરેક ગ્રંથમાં આ ગાથા છે. ૬૪.

**'આગે કહતે હૈં કિ જો જીવકા સ્વરૂપ વચનકે અગોચર હૈ ઔર અનુભવગમ્ય હૈ...'** વિકલ્પ અને વચનથી જણાય એવું નથી છતાં જ્ઞાનગમ્ય છે, અનુભવગમ્ય છે. આહાહા..!

**अरसमरुवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।६४।।**

'**जाण**' શબ્દ પડ્યો છે ને? એટલે ગુરુનું સંબોધન છે. જાણ. હે શિષ્ય! આમ તું જાણ. આહાહા..!

**અર્થ :- 'હે ભવ્ય!'** '**जाण**' કીધું છે ને? **'તૂ જીવકા સ્વરૂપ ઈસપ્રકાર જાન-'** લ્યો! ભગવાનઆત્માનું સ્વરૂપ, સ્વ-રૂપ, અરૂપ. ઓલું સ્વરૂપ. અરૂપ છતાં એનું સ્વરૂપ એવું જાણ. **'કૈસા હૈ? અરસ અર્થાત્ પાંચ પ્રકારકે ખટ્ટે, મીઠે, કડુવે, કષાયલે ઔર ખારે રસસે રહિત હૈ.'** આનંદરસ સહિત છે, આ રસ રહિત છે. પહેલો રસ લીધો છે ને? ખાટો, મીઠો આદિ રસ છે એ તો જડની પર્યાય છે. એ રસથી તો ભગવાનઆત્મા ભિન્ન છે. ત્યારે આ ઇન્દ્રિયના વિષયના રસવાળો હું નથી. એ તો અતીન્દ્રિય રસના આનંદનું સ્વરૂપ એનું છે. આહાહા..! નિર્વિકલ્પરસવાળું એ તત્ત્વ છે. પંચેન્દ્રિય રસ એ આ રસરૂપે નથી એમ પહેલું સિદ્ધ એ કર્યું. બીજા બોલ પહેલા ન લેતાં આ લીધો પહેલો. વર્ણ રહિત અને ગંધ રહિત એમ ન લેતા, પહેલો રસ રહિત (લીધું). એનો રસ તો આનંદરસ છે. અતીન્દ્રિય આનંદમાં એકાકાર થવું એ એનો રસ છે. ઇન્દ્રિયના વિષયનો રસ છે એ તો એના સ્વરૂપમાં છે નહિ. આહાહા..! એક એક બોલે આત્માને પ્રસિદ્ધ કર્યો છે.

'**કાલા, પીલા, લાલ, સફેદ ઔર હરા ઈસપ્રકાર અરૂપ...**' એ રૂપ એમાં નથી. '**અર્થાત્ પાંચ પ્રકારકે રૂપસે રહિત હૈ.**' એ રૂપથી રહિત છે, અરૂપ સહિત છે. અરૂપ જેનું સ્વરૂપ છે. રૂપ જેના સ્વરૂપથી રહિત છે. અરૂપ જેનું સ્વરૂપ છે. જ્ઞાન, આનંદ, શાંતિ આદિ અરૂપ જેનું સ્વરૂપ છે. આ નાસ્તિથી વાત કરે છે ને? પછી કહેશે, ચેતનાગુણ. ચેતનાગુણ છે ને? એ અસ્તિથી સિદ્ધ કર્યું છે. આ બધી નાસ્તિથી વાત કરે છે. આ નથી ત્યારે છે શું? આ છે.

'**चेदणा**' છે ને? ચેતના-ચેતના. ચેતનાનો રસ છે ઈ. ચેતનાનું રૂપ છે ઈ. આહાહા..! આ રસ અને રૂપથી રહિત અને ચેતનારસ અને ચેતનારૂપ સહિત. અસ્તિ-નાસ્તિ કરી. આહાહા..! આ મોટી પંડિતાઈથી કાંઈ પકડાય એવું નથી. આહાહા..! પંડિતાઈની બહારની ચીજ ક્યાં વસ્તુ છે. આ ગાથા 'સમયસાર'માં બહુ વર્ણવી છે.

'**દો પ્રકારકી ગંધસે રહિત હૈ.**' ભગવાનઆત્મા સુગંધ અને દુર્ગંધ નામના જડની પર્યાયથી રહિત છે પણ ચેતનાના આનંદના ગંધ સહિત છે. સમજાણું કાંઈ? એ ગંધનું આવી ગયું. નહોતું આવ્યું? એ ગાથા મૂકી દીધી. એમાં ગંધ આવ્યું છે ને? એ ગાથા મૂકી દીધી. એમાં. એ ૪૩ ગાથા છે. ૪૩ છે, ૪૩. '**उज्झसु गंधं**' ૪૩ છે. હે ભાવિઓ! આત્માના આનંદને ભાવીને '**उज्झसु गंधं अब्भंतरं**' આ બહારની ગંધની વાસના જીવ છોડી દે. પેલી જડ ગંધ તો નથી પણ રાગની વાસનાની ગંધ પણ એમાં નથી. સમજાણું કાંઈ? જેમાં જડ ગંધ તો નથી પણ વિષયની વાસનાની ગંધ, વિકારની ગંધ એમાં નથી. એમાં નથી એને છોડ, છે એને પકડ. આહાહા..! આનંદની ગંધ જેમાં છે, આનંદનો જેમાં વાસ છે એની વાસના લે. આહાહા..! આ ગંધને સૂંઘે છે ને? આત્માની ગંધ આનંદ છે એને સૂંઘ-એને અનુભવ. આહાહા..!

'**અવ્યક્ત અર્થાત્ ઈન્દ્રિયોંકે ગોચર-વ્યક્ત નહીં હૈ.**' '**ઈન્દ્રિયોંકે વ્યક્ત નહીં હૈ.**' ..છ બોલ કીધા છે, 'સમયસાર'માં. અવ્યક્તના છ બોલ લીધા છે. છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય વ્યક્ત છે, તેનાથી જીવ અવ્યક્ત છે. એમ છ બોલ લીધા છે. પહેલો આ. છ દ્રવ્ય સ્વરૂપ લોક, એક કોર લોક અને એક કોર સાતમો આત્મા એમ લીધું છે. સપ્તમ આત્મા હો જાતા હૈ. 'સમ્યક્જ્ઞાન દીપિકા'માં એમ લખ્યું છે ને આત્મા સપ્તમ હો જાતા હૈ, છ દ્રવ્યથી ભિન્ન સપ્તમ ગાથા છે. એ આમાંથી લીધું છે. ૪૯ ગાથા. 'સમયસાર'. છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે. એમાંથી જીવ ભિન્ન અવ્યક્ત છે. છ દ્રવ્ય સ્વરૂપથી ભિન્ન આત્મા છે એમ કીધું છે. છ દ્રવ્યમાં નથી? છ દ્રવ્યને જાણવાની પર્યાયવાળો આખો ભિન્ન તત્ત્વ છે. જ્ઞેય છે ને એ? છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય, આ જ્ઞાન. એ વ્યક્ત, એનાથી ભિન્ન અવ્યક્ત. એમ બોલ લીધો છે. સમજાણું કાંઈ? અવ્યક્ત .. ફક્ત ઈન્દ્રિયગમ્ય નથી એટલું.

'પ્રવચનસાર'માં, 'પંચાસ્તિકાય'માં, 'નિયમસાર'માં .. 'સમયસાર'માં ઘણું સ્પષ્ટ કર્યું. બીજો બોલ આવ્યો. કષાયચના સમૂહરૂપ ભાવકભાવ વ્યક્ત છે. કષાય એટલે આ પુણ્ય-પાપના ભાવ એ બધા વ્યક્ત છે. એનાથી જીવ અવ્યક્ત છે. સમજાણું કાંઈ? ત્રીજો બોલ. ચેતના સામાન્યમાં ચેતનાની સર્વ વ્યક્તિઓ અંતર નિમગ્ન છે. ચેતના સામાન્યમાં ચેતનાની પર્યાય વ્યક્ત આદિ જે છે એ એમાં અંતર નિમગ્ન છે. સામાન્યમાં બધી ચેતનાની વિશેષ પર્યાયો અંતર મગ્ન છે. માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. આહાહા..! 'સમયસાર' તો દરિયો છે મોટો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચેતના સામાન્યમાં ચેતનાની વિશેષ વ્યક્તિ અવસ્થાઓ અંતરનિમગ્ન છે. એક સમયની અવસ્થા સિવાય બધી અવસ્થા અંદર મગ્ન છે. સામાન્યમાં વિશેષ ભરેલું છે. આહાહા..! માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. ચોથો બોલ.

ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી. એમ કહે છે કે પર્યાયની ક્ષણિકતાની વ્યક્તિમાત્ર નથી. માટે અવ્યક્ત છે. સમજાણું કાંઈ? વ્યક્ત અને અવ્યક્ત અનુભવમાં આવતા છતાં વ્યક્તને તે સ્પર્શતો નથી. દ્રવ્ય છે તે પ્રગટ પર્યાયને સ્પર્શ્યું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યક્ત ને અવ્યક્ત બેય જ્ઞાનમાં જાણવામાં, જણાવવામાં આવતા છતાં તે વ્યક્તને અવ્યક્ત દ્રવ્ય સ્પર્શતું નથી. દ્રવ્ય પર્યાયને અડતું નથી. માટે અવ્યક્ત છે. આહાહા..! છઠ્ઠો બોલ. વ્યક્ત અને અવ્યક્ત બાહ્ય અને અભ્યંતર અનુભવમાં આવવા છતાં વ્યક્ત પ્રત્યે ઉદાસીન પ્રદ્યોતમાન છે. બાહ્ય અને અભ્યંતર અનુભવમાં આવવા છતાં વ્યક્ત પર્યાય પ્રત્યે ઉદાસ છે. પર્યાયમાં એ રહેતો જ નથી. દ્રવ્યમાં આવી જાય છે. ઝીણી વાતું છે, ભાઈ! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે ને. બાહ્ય-અભ્યંતર અનુભવમાં આવતા છતાં-દ્રવ્ય અને પર્યાય વેદનમાં આવતા છતાં એ પર્યાય-વેદનની પર્યાય પ્રત્યે ઉદાસીન પ્રદ્યોતમાન છે. ત્યાં ટકતો જ નથી. ફટ ફરીને દ્રવ્યમાં જાય છે. સમજાણું કાંઈ? આ તો દિગંબર સંતોની રમતું છે બધી. રામની રમતું જેણે માંડી છે અંદર. સમજાણું કાંઈ? એમના એક એક વાક્યમાં ઘણી ગંભીરતા છે.

એ ઇન્દ્રિયથી ગમ્ય નથી. ઊંચી વાત મૂકી. એટલે કે એ વચનથી આદિ બધાથી ગમ્ય નથી. અને એ આખું દ્રવ્ય જે છે એ પર્યાયને અડતું નથી. આહાહા..! એ તો અલિંગગ્રહણમાં આવે છે ને? ૧૮-૧૯-૨૦ બોલ. ૨૦માં આવે છે. દ્રવ્ય પર્યાયને કરતું નથી. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી અને દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. એ શુદ્ધ અનુભવની પર્યાય તેટલો જ આત્મા. દ્રવ્યનો અનુભવ હોઈ શકે નહિ. અનુભવ તો પર્યાયનો જ હોય છે. આનંદનો, શાંતિનો, વીતરાગ પર્યાયનો અનુભવ હોય છે. એ અનુભવ પર્યાયમાત્ર છે એ દ્રવ્યને અનુભવપર્યાય છૂતી નથી. સવારમાં આવે છે ને?

પર્યાય દ્રવ્ય.

પર્યાય અને દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. 'નિહાલભાઈ'એ લખ્યું છે 'ચિદ્‌વિલાસ'માં. 'ચિદ્‌વિલાસ'માં. છે. 'આપ્તમીમાંસા'માં છે. ધર્મ અને ધર્મી બેય નિરપેક્ષ તત્ત્વ છે. ધર્મ અને ધર્મી બેય એકરૂપ નથી. આહાહા..! દ્રવ્ય અને પર્યાય બે તત્ત્વ સત્ત્વ ભિન્ન છે. બહુ ઝીણી વાત. વીતરાગનો માર્ગ છે, બાપા! આવી વાત ક્યાંય હોય નહિ. સર્વજ્ઞ તે પણ દિગંબર સંતો સિવાય આવી વાતું ક્યાંય નથી. આહાહા..!

એ દ્રવ્ય જે છે તે અવ્યક્ત છે એ વ્યક્તને સ્પર્શતું નથી. એને સ્પર્શે તો દ્રવ્ય પર્યાયરૂપ થઈ જાય. અને પર્યાયનો જે અનુભવ છે, પર્યાયનો અનુભવ છે એ અનુભવ દ્રવ્યનો થઈ જાય એ તો પર્યાય દ્રવ્યરૂપ થઈ જાય અને દ્રવ્યનો અનુભવ હોઈ શકે નહિ કોઈ દિ'. ધ્રુવનો અનુભવ હોઈ શકે જ નહિ. આહાહા..! દ્રવ્ય જે ધ્રુવ છે એનું વેદન શું હોય? વેદન તો પર્યાયનું હોય. છતાં જ્યારે ધ્રુવના લક્ષે પર્યાય જાય ત્યારે ધ્રુવને વેદે છે એમ કહેવામાં આવે છે. પણ વેદે છે તો પર્યાયને. આહાહા..!

૧૧મી ગાથામાં આવે છે-જ્ઞાયક પ્રગટે છે, એમ આવે છે ને? ભાઈ! ૧૧મી ગાથા. જ્ઞાયક પ્રગટે છે. જ્ઞાયક પ્રગટે શું? જ્ઞાયક તો જ્ઞાયક જ છે, ધ્રુવ છે. પણ પર્યાયમાં એનું ભાન થયું એટલે જ્ઞાયક પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે બહુ ઝીણો, ભાઈ! એના મારગડા ઝીણા બહુ. એ બહારની પંડિતાઈ અને બહારની પ્રવૃત્તિથી ક્યાંય પત્તો ખાય એવું નથી. દુનિયા બહુ વખાણે, એના વખાણ કરે એથી એને હાથ આવી જાય એવી ચીજ નથી.

'**ઇન્દ્રિયોંકે ગોચર-વ્યક્ત નહીં હૈ.**' એટલો અર્થ કર્યો. ત્યાં આટલા અર્થ કર્યા. આહાહા..! ત્યાં તો એ અર્થ સિદ્ધ કર્યો છે. વ્યક્તને સ્પર્શતું નથી એવો અર્થ કર્યો ત્યાં. અવ્યક્ત છે એ વ્યક્તને સ્પર્શતું નથી. દ્રવ્ય છે એ પર્યાયને અડતું નથી. આહાહા..! ધ્રુવ છે તે ધ્રુવમાં રહે છે. ધ્રુવ તે કાંઈ પર્યાયમાં આવતું નથી. આહાહા...! અને પર્યાય જે છે એક સમયનું વેદન એ (પર્યાય) કાંઈ ધ્રુવમાં જતી નથી, ધ્રુવને વેદતી નથી, ધ્રુવને અડતી નથી. આહાહા..! એય..! 'શાંતિભાઈ'! આવો ઝીણો માર્ગ છે. તમારા હીરા-માણેકમાં બહુ તપાસ કરે આમ ને તેમ ને. ધૂળની વાતું છે બધી. આ તો ચૈતન્યરતન ભગવાન. ભાષા સમજાય છે? ભાઈ! તમારા પિતાજીને કહ્યું. આહાહા..!

અવ્યક્ત છે, ભગવાન અવ્યક્ત છે. એટલે કે એ પર્યાયમાં આવતો નથી. કેમકે રાગ અને પરથી જણાતો નથી. આહાહા..! તેમ તે અવ્યક્તમાં વ્યક્તની બધી પર્યાયો અંતરમગ્ન છે. આહાહા..! જળના તરંગ જળમાં સમાય છે. જળ.. જળ એનો તરંગ. એની પર્યાય જે ઉત્પન્ન થઈ એ વ્યય થતાં એમાં સમાય જાય છે. આહાહા..! ઉત્પન્ન થયેલી નિર્મળ પર્યાય કે અરે..! મલિન હો. જળનો તરંગ જળમાં સમાય છે. એ પર્યાયો

ઉત્પન્ન થયેલી વ્યય થતાં સામાન્યમાં સમાય જાય છે. આહાહા..! જે પર્યાય વ્યક્તપણે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકપણે કહેવાતી હતી, જે પર્યાય પ્રગટપણે વર્તતા તેને-વિકારીને ઉદય કહેવાતો, ઉપશમ કહેવાતો નિર્મળને, ક્ષયોપશમ કહેવાતો ત્યાં નિર્મળ અને ઉદયને, ક્ષાયિક કહેવાતી નિર્મળ પર્યાયને. એ પર્યાય અંતરમગ્ન થતાં તેને પારિણામિકભાવ કહેવાય છે. 'પાટણીજી'! આ બધું અવ્યક્તનું ચાલે છે. બાપુ! આ મારગડા જુદા, ભાઈ! એ ચૈતન્યસમુદ્ર... આહાહા..! એ નાસ્તિથી વાત કરી.

**'ચેતના ગુણવાલા હૈ.'** એ અસ્તિથી વાત કરી. આહાહા..! ચેતનાની પર્યાયો જેટલી છે એ અંદર ચેતનાગુણમાં લીન છે. આહાહા..! અરે..! ભાઈ! તારી ચીજને તું જાણવા પ્રયત્ન તો કર કે આ શું છે? બીજા બધા પ્રયત્નો કરીને મરી ગયો. શાસ્ત્રને જાણવા, અગિયાર અંગ ને નવ પૂર્વ. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો. થોથા નીકળ્યા. આહાહા..! જેમાં પોતાનું દ્રવ્ય જે અવ્યક્ત છે એને ન જાણ્યું (તો) એ અગિયાર અંગ અને નવ પૂર્વ બધા બંધના કારણ થયા. અબંધ એવો જે ભગવાન અવ્યક્ત આત્મા, એના જ્ઞાન અને શ્રદ્ધાના અંતર્મુખના ભાન વિના એ બધા નિરર્થક ગયા. એની મોટપની મોટપ તેં જાણી નહિ. ભગવાનઆત્માની અવ્યક્ત જે મોટપ છે એટલી રીતે એને મોટપને મોટપ તરીકે ન જાણી. આહાહા..! અને એને કોઈ રીતે હીણો, પર્યાયવાળો, રાગથી જણાય, આનાથી જણાય એવી એની મોટપને તેં કલંક લગાડ્યા. સમજાણું કાંઈ? તે તો પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! આ અલિંગગ્રહણનો બોલ છે. ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એને તેં બીજી રીતે કલ્પ્યો, તેં કલંક લગાડ્યા. સમજાણું કાંઈ? આહાહા..! આ હડતાલ છે આજે. અહીં ખીલવટ છે આજ. એય..! ઊંધું હોય ને જગતથી? આહાહા..!

મુમુક્ષુ :- અહીં રાગની હડતાલ છે.

ઉત્તર :- રાગની હડતાલ છે. સ્વભાવની જાગૃતિ છે. ભગવાન તું કેવડો? આવડો અને એવો. એવડો. એમાં કંઈપણ જો ઓછું, અધિક કે વિપરીત કલ્પ્યું.. કલંક લગાવ્યું. આહાહા..! 'પાટણીજી'! આહાહા..! અરેરે..! એવી વાતું સાંભળવા મળી નહિ. તે કે દિ' વિચારમાં જાય અને કે દિ' અંતરમાં ઉતરવાની રીતને જાણે? આહાહા..! વાદવિવાદ કરીને ખોટા .. અરે..! ભગવાન! જૈન ધર્મ છે ભાઈ! સ્વરૂપમાં જાવું આકરી વાત છે. અને એમાં ગયા વિના એની પ્રાપ્તિ કે દિ' થાય? રાગમાં રહ્યા, પર્યાયબુદ્ધિમાં રહ્યા તેની પ્રાપ્તિ ન થાય. સમજાણું કાંઈ? આવી વાત છે. પછી તકરાર કરે ને આ કરે.

આ જુઓને ૨૪-૨૫ની છે ને? કોણ કહેતું હતું? પંડિતજી કહેતા હતા. ... તમારે ... સમુંદરને? 'ઉદયપુર' સમુંદરની અરે..! સમુંદર! ભગવાન એ વસ્તુ છે એ

જાતની. આ માર્ગ કાંઈ જુદી જાતનો છે. આ કંઈ વાદવિવાદે પાર પડે એવું નથી.

એ ભગવાનઆત્મા.. અહીં તો કહે છે ચેતનાગુણવાળો છે. આહાહા..! એ ચેતનાગુણ એ અસ્તિથી સિદ્ધ કર્યું. એ તો ચેતનાગુણ સ્વરૂપ ભગવાન છે. આ બધા રહિત છે. સ્પર્શ, ગંધ, રસ, રંગ એનાથી રહિત છે. આ સહિત છે. જાણક સ્વભાવ, ચેતના સ્વભાવથી સહિત સ્વરૂપ છે. એ અસ્તિ તત્ત્વની અંદર અનુભવમાં પ્રતીતિ આવવી એને અહીંયાં પરમાત્મા સમ્યગ્દર્શન કહે છે.

'**અશબ્દ...**' આહાહા..! ભગવાનઆત્મામાં શબ્દ નથી. શબ્દની ઉત્પત્તિનું એ સ્થાન નથી. શબ્દનો ધ્વનિ ઊઠે છે એનું એ ક્ષેત્ર નથી. આહાહા..! એનામાં શબ્દ પાકે એવું એ ક્ષેત્ર નથી. શબ્દાતીત વાત છે. ભગવાનઆત્મા અશબ્દ છે. શબ્દ રહિત છે. એને ઠેકાણે પાછા ઓલા .. આવે છે ને? એ ચર્ચામાં આવે છે, ભાઈ! જ્ઞાનનું કાર્ય તે શબ્દ. એક શબ્દ આવે છે. ભાષા એ જ્ઞાનનું કાર્ય છે. જ્ઞાનમાં નિત્યપણું ગણીને ભાષાને કાર્ય ઉપચારથી કહ્યું છે. પાઠમાં છે. 'ધવલ'માં. આહાહા..! જ્ઞાનનું કાર્ય પ્રભુ! જ્ઞાનનું કાર્ય તો જ્ઞાનની પર્યાય હોય. જ્ઞાનનું કાર્ય વાણી હોય? જ્ઞાનનું કાર્ય રાગ હોય? એ શબ્દ ગોપવીને માળાએ ચર્ચા કરી હતી. ... શું થાય? વાણીનું કારણ... પણ નિમિત્તરૂપે જ્ઞાન છે ને કેવળજ્ઞાન? એટલે એમ કહ્યું છે. બાકી જ્ઞાનનું કાર્ય વાણી? આહાહા..! શબ્દ.. એવા ભગવાનના વાક્ય જ્યાં હોય ને એને યથાર્થ માનીને અર્થ કરે, ભાઈ! આમ ન થાય. કઈ નયનું વાક્ય છે અને નયને જોડીને અર્થ થાય.

શાસ્ત્રનો કોઈપણ શબ્દ છે એનો શબ્દાર્થ થાય, આગમાર્થ થાય તો આગમની રીતે આનો શું અર્થ છે? અને અન્યમતિની અપેક્ષાએ આનો શું અભાવ છે આમાં? નયની અપેક્ષાએ કઈ નયનું આ (કથન છે)? અસદ્‌ભુત વ્યવહારનયનું વાક્ય છે? સદ્‌ભુત વ્યવહારનું છે? ઉપચરિતનું છે? અશુદ્ધ નિશ્ચયનું છે? કે શુદ્ધ નિશ્ચયનું છે? એમ દરેક શબ્દમાં નય લગાડીને અર્થ કરવો જોઈએ. ત્યારપછી છેવટે તાત્પર્ય લેવું જોઈએ. પાંચ અર્થ કર્યા છે ત્યાં. 'સમયસાર', 'દ્રવ્યસંગ્રહ' દરેક શબ્દના પાંચ-પાંચ બોલે અર્થ કરે. આહાહા..!

મુમુક્ષુ :- એ નક્કી કરવા માટે નવરું કોણ છે?

ઉત્તર :- નવરું કોણ છે? આહાહા..! 'દ્રવ્યસંગ્રહ'માં 'સમયસાર'માં 'પંચાસ્તિકાય'માં કહ્યું છે. શબ્દાર્થ, આગમાર્થ, મતાર્થ, નયાર્થ, તાત્પર્ય-ભાવાર્થ પાંચ બોલ છે. પ્રભુ! આ તો કામ કરવા હોય એને તો આ બધું નક્કી કરવું પડશે. એક પક્ષે ઊભો રહીને વાત કરે એ નહિ ચાલે. આચાર્યોએ કઈ નયે આ કહ્યું છે? એમ નયનું વાચ્ય શું છે? કઈ નયે એમ નક્કી કરવું પડશે. આચાર્યોએ કહ્યું છે માટે આ સાચું લ્યો! પણ કઈ નયે કહ્યું છે? આહાહા..! એ અપેક્ષા જાણ્યા વિના સત્યનું અસત્ય થઈ જશે,

અસત્યનું સત્ય થઈ જશે.

**'અલિંગગ્રહણ અર્થાત્ જિસકા કોઈ ચિહ્ન ઇન્દ્રિય દ્વારા ગ્રહણમેં નહીં આતા હૈ.'** વીસ બોલ લીધા છે. 'પ્રવચનસાર'ના એક અલિંગગ્રહણના વીસ બોલ લીધા. અવ્યક્તના છ. 'સમયસાર'માં અલિંગગ્રહણનું એક જ વાક્ય છે. 'અમૃતચંદ્રાચાર્ય' પોતે ટીકાકાર છે ને? આહાહા..! .. ઇન્દ્રિય દ્વારા જણાય એવો નથી. એ તો સ્વભાવ દ્વારા જણાય એવો છે. વિકલ્પ દ્વારા જણાય એવો નથી. વીસ બોલ છે. એ છપાઈ ગયું છે આપણે અલિંગગ્રહણ પુસ્તકમાં.

**'અનિર્દિષ્ટ સંસ્થાન અર્થાત્ ચૌકોર, ગોલ આદિ કુછ આકાર ઉસકા કહા નહીં જાતા હૈ,...'** આકાર શું એનો? જડને આકારે એને શું કહેવું? એ આકાર નથી. દ્રવ્ય છે એટલે પ્રદેશગુણને કારણે એનો આકાર હોય છે. અરૂપીને પણ આકાર તો છે. આ ચોખોણ એનો આકાર એમાં નથી. વસ્તુ છે ને? વસ્તુ છે એ આકાર વિનાની હોય જ નહિ. અરૂપી આકાર હોય કે રૂપી આકાર, આકાશને પણ આકાર છે ને. સર્વવ્યાપક આકાશ. તોપણ પ્રદેશગુણને કારણે દ્રવ્યનો આકાર હોય જ તે. ગજબ વાતું! સર્વવ્યાપકને આકાર કહેવો. ક્યાંય અંત નહિ ત્યાં એને આકાર છતાં એને પ્રદેશગુણને કારણે દ્રવ્યમાં આકાર તો હોય. અરૂપી છતાં એને આકાર અરૂપીનો હોય. આ રૂપીનો આકાર ન હોય. આહાહા..! **'ઇસપ્રકાર જીવ જાનો.'** લ્યો! આચાર્ય મહારાજનું વચન છે ને? 'ઘળઞ' છે ને? 'ઘળઞ' આ પ્રકારે જાણ. આહાહા..! આવો આત્મા છે.

**अरसमरुवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।**

આવા જીવને જાણ. એવો જીવ છે એને ઓળખ. એની ઓળખાણમાં ખાણ તને ઓળખાણ આવશે. ખાણ આખી નિધાનમાં તને ઓળખાણ થશે. આહાહા..! ઓળખાણ કહે છે ને? આહાહા..! તને એમાં બધું ઘણું જણાશે. તને આખા સિદ્ધાંતના ઉકેલ એમાંથી નીકળશે. એમ કહે છે. સમજાય છે કાંઈ? સિદ્ધાંતને ભગવાનને પરમાત્માને શું કહેવું છે એ આવા જીવને જાણ તો તને બધો ઉકેલ થઈ જશે. 'સબ આગમભેદ સુ ઉર બસે.' 'શ્રીમદ્' કહે છે ને? 'સબ આગમભેદ સુ ઉર વસે' સમ્યગ્જ્ઞાન થતાં, જીવનું ભાન થતાં સબ આગમ ભેદ એના ઉરમાં, હૃદયમાં બધો ભાસ થઈ જાય છે. આહાહા..! એવા આત્માને જાણ. ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૧૧૯B, ગાથા-૬૪ થી ૬૭, શનિવાર, મહા સુદ ૩, તા.૨૬-૧-૭૪**

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ગાથા ૬૪નો ભાવાર્થ. આત્મા અરસ, અગંધ એમ જે કહ્યું એનું સ્પષ્ટીકરણ છે.

**ભાવાર્થ :-** '**રસ, રૂપ, ગંધ, શબ્દ યે તો પુદ્ગલકે ગુણ હૈં,...**' પુદ્ગલના ગુણ છે. '**ઈનકા નિષેધરૂપ જીવ કહા;...**' એના અભાવરૂપ જીવ કહ્યો. રસ, ગંધ આદિ જે સાત છે. '**અવ્યક્ત અલિંગગ્રહણ અનિર્દિષ્ટસંસ્થાન કહા, ઈસપ્રકાર યે ભી પુદ્ગલકે સ્વભાવકી અપેક્ષાસે નિષેધરૂપ હી જીવ કહા...**' અલિંગગ્રહણમાં ઈન્દ્રિયથી ગ્રાહ્ય નથી એમ લીધું છે ને? એ પણ પુદ્ગલથી અભાવરૂપ એનું વર્ણન કર્યું છે. '**ઔર ચેતના ગુણ કહા તો યહ જીવકા વિધિરૂપ કહા.**' વિધિ-જીવ ચેતનસ્વરૂપ છે. એ રસ, ગંધ, આદિ અવ્યક્ત, અનિર્દિષ્ટસંસ્થાન પુદ્ગલસ્વભાવ રૂપે નથી.

'**નિષેધ અપેક્ષા તો વચનકે અગોચર જાનના ઔર વિધિ અપેક્ષા સ્વસંવેદનગોચર જાનના.**' .. અભાવસ્વરૂપ છે એમાંથી .. સ્વસ્વરૂપ વિધિ છે. એ સ્વસંવેદનરૂપ છે. એટલે જ્ઞાનથી પ્રત્યક્ષ જ્ઞાન જણાય એવી વિધિ ચીજ છે. અસ્તિરૂપ ચેતનાગુણ અસ્તિરૂપ સ્વભાવ એ અસ્તિના સ્વવેદનથી જાણવામાં આવે એવું છે. સમજાણું કાંઈ? '**ઈસપ્રકાર જીવકા સ્વરૂપ જાનકર અનુભવગોચર કરના.**' જીવનું સ્વરૂપ જાણીને અનુભવગમ્ય કરવું. પછી તો એ 'જયચંદ્ર પંડિતે' લખ્યું છે. 'સમયસાર'માં અને આ ગાથામાં નાખ્યું છે એ 'જયચંદ્ર પંડિત'ની વાત નથી. એ લખનાર છે.

---

आगे जीवका स्वभाव ज्ञानस्वरूप भावना कहा, वह ज्ञान कितने प्रकारका भाना यह कहते हैं :-

**भावहि पंचपयारं णाणं अण्णाणणासणं सिग्घं।**
**भावँभावियसहिओ दिवसिवसुहभायणो[1] होइ।।६५।।**
**भावय पंचप्रकारं ज्ञानं अज्ञाननाशनं शीघ्रम्।**
**भावनाभावितसहितः दिवशिवसुखभाजनं भवति।।६५।।**
**તું ભાવ ઝટ અજ્ઞાનનાશન જ્ઞાન પંચપ્રકાર રે,**
**એ ભાવનાપરિણત સ્વરગ-શિવસૌખ્યનું ભાજન બને. ૬૫.**

**अर्थ :-** हे भव्यजन! तू यह ज्ञान पाँच प्रकारसे भा, कैसा है यह ज्ञान? अज्ञानका नाश करनेवाला है, कैसा होकर भा? भावनासे भावित जो भाव उस सहित भा, शीघ्र भा, इससे तू दिव (स्वर्ग) और शिव (मोक्ष)का पात्र होगा।

१ 'भायेण' पाठान्तर 'भायणो'

भावार्थ :- यद्यपि ज्ञान जाननेके स्वभावसे एक प्रकारका है तो भी कर्मके क्षयोपशम और क्षयकी अपेक्षा पाँच प्रकारका है। उसमें मिथ्यात्वभावकी अपेक्षासे मति, श्रुत और अवधि ये तीन मिथ्याज्ञान भी कहलाते हैं, इसलिये मिथ्याज्ञानका अभाव करनेके लिए मति, श्रुत, अवधि, मनःपर्यय और केवलज्ञानस्वरूप पाँच प्रकारका सम्यग्ज्ञान जानकर उनको भाना। परमार्थ विचारसे ज्ञान एकही प्रकारका है। यह ज्ञानकी भावना स्वर्ग-मोक्षकी दाता है।।६५।।

## ગાથા-૬૫ ઉપર પ્રવચન

**'આગે જીવકા સ્વભાવ...'** આમાં એ ન નાખવું જોઈએ. 'જયચંદ્ર પંડિત'ની વાતમાં કોઈની ઘરની વાત નાખવી ન જોઈએ. 'જયચંદ્ર પંડિત'નું જેટલું છે એટલું નાખવું જોઈએ. બીજી વાત છે તે. 'જયચંદ્ર પંડિત'નું લખાણ છે એવું થઈ જાય. 'જયચંદ્ર પંડિતે' લખ્યું છે? લખનારાએ લખ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નાખવું હોય તોપણ એ ... 'જયચંદ્ર પંડિતે' નાખ્યું નથી.

મુમુક્ષુ :- નિશ્ચયથી કહ્યું છે.

ઉત્તર :- નિશ્ચયથી કહી શકાય છે કે અભાવરૂપ સ્વભાવ એ કઈ રીતે? એ કઈ રીતે છે એ ખ્યાલમાં, વેદનમાં આવી ન શકે, એમ કહેવું છે. અસ્તિ છે એ વેદનમાં આવી શકે એમ કહે છે. અભાવરૂપ છે એ વેદનથી જ .. એમ. ... 'જયચંદ્ર પંડિતે' ...

**'આગે જીવકા સ્વભાવ જ્ઞાનસ્વરૂપ ભાવના કહા, વહ જ્ઞાન કિતને પ્રકારકા ભાના યહ કહતે હૈં :-'** એ વ્યવહારથી અર્થ કહે છે.

**भावहि पंचपयारं णाणं अण्णाणणासणं सिग्घं।**
**भावँभावियसहिओ दिवसिवसुहभायणो[1] होइ।।६५।।**

**અર્થ :- 'હે ભવ્યજન!'** આચાર્ય મહારાજ કહે છે ને, **'भावहि'**. સંબોધન કરે છે ને? **'તૂ યહ જ્ઞાન પાંચ પ્રકારસે ભા,...'** જોકે જ્ઞાનની પર્યાયમાં ભેદ છે એ ભાવવામાં તો એવું હોય છે એટલું ભાવ એમ કહે છે. પછી કાંઈ પાંચ પ્રકારના ભેદે કાંઈ ભાવના હોતી નથી. જ્ઞાનસ્વરૂપ ભગવાન એકરૂપ છે એની એકાગ્રતા હોય છે. અહીંયાં અજ્ઞાનીના નાશની અપેક્ષા લઈને જ્ઞાનની પાંચ પ્રકારની ભાવના કરે એમ કહેવામાં આવે છે. **'કૈસા હૈ યહ જ્ઞાન? અજ્ઞાનકા નાશ કરનેવાલા હૈ,...'** એમ કહેવું છે ને જોડે? મતિઅજ્ઞાનાદિનો નાશ મતિજ્ઞાનથી થાય છે. શ્રુતઅજ્ઞાનનો નાશ શ્રુતજ્ઞાનથી થાય છે વગેરે પાંચ જ્ઞાનની

ભાવનાથી અજ્ઞાનનો નાશ થાય છે.

'**કૈસા હોકર ભા? ભાવનાસે ભાવિત જો ભાવ ઉસ સહિત ભા,...**' અર્થાત્ સ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એની એકાગ્રતાની ભાવના, એનાથી ભાવી એવો જે ભાવ- નિર્મળ પર્યાય શુદ્ધ, ચૈતન્યસન્મુખની નિર્મળ પર્યાયનો ભાવ, એ સહિત ભા. એ સહિત ભાવના રાખ. આહા..! જ્ઞાયક સ્વભાવ તરફનું એકાગ્રપણા સહિત ભાવના ભાવ. એકલી કલ્પનાથી, ચિંતવનાથી એમ નહિ. '**શીઘ્ર ભા,...**' પાઠ શીઘ્ર છે ને? આહાહા..! આનંદ ભગવાન જ્ઞાનસ્વરૂપ એની અંતરની એકાગ્રતા શીઘ્રથી કર. વિલંબ ન કર. આહાહા..! અંતર્મુખ થવાનું શીઘ્ર કર, એમ કહે છે. ચૈતન્યસ્વરૂપથી ભરેલો ભંડાર ભગવાન, એમાં એકાગ્રતા માટે શીઘ્ર કર એમ કહે છે.

'**ઈસસે તૂ દિવ (સ્વર્ગ) ઔર શિવ (મોક્ષ)કા પાત્ર હોગા.**' ... જ્ઞાનની પાંચ ભાવનાનો ભેદ પાડ્યો છે ને? એના ભેદમાં વિકલ્પ પણ રહે છે અને અભેદમાં નિર્વિકલ્પ રહે છે. એ વિકલ્પ જે છે એનાથી પુણ્ય બંધાય છે. અભેદ ભાવનાથી સંવર અને નિર્જરા થાય છે. એનાથી તું સ્વર્ગ અને '**મોક્ષકા પાત્ર હોગા.**' ભાવાર્થ છે 'જયચંદ્ર પંડિત'નો.

**ભાવાર્થ :-** '**યદ્યપિ જ્ઞાન જાનનેકે સ્વભાવસે એક પ્રકારકા હૈ...**' જાણવાના સ્વભાવની અપેક્ષાએ તે જ્ઞાન એક જ પ્રકારનું છે. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એમાં આ મતિ ને શ્રુત (એવા ભેદ) જાણવું એમાં આવતા નથી. '**તો ભી કર્મકે ક્ષયોપશમ ઔર ક્ષયકી અપેક્ષા પાંચ પ્રકારકા હૈ.**' નિમિત્તની પ્રધાનતાથી કથન લઈએ તો એના પાંચ પ્રકાર જ્ઞાનના પડે છે. '**ઉસમેં મિથ્યાત્વભાવકી અપેક્ષાસે મતિ, શ્રુત ઔર અવધિ યે તીન મિથ્યાજ્ઞાન...**' વિપરીત માન્યતાની ભાવનાથી થયેલા મતિ, શ્રુત, અવધિ એ મિથ્યાજ્ઞાન છે. '**ઈસલિયે મિથ્યાજ્ઞાનકા અભાવ કરનેકે લિયે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ઔર કેવલજ્ઞાનસ્વરૂપ પાંચ પ્રકારકા સમ્યગ્જ્ઞાન જાનકર ઉનકો ભાના.**' અંતર્મુખ થઈને મતિ-શ્રુતાદિની ભાવના કર એમ કહે છે. '**પરમાર્થ વિચારમેં જ્ઞાન એક હી પ્રકારકા હૈ.**' ભેદથી વિચાર છે એ તો હજી વિકલ્પવાળો ભાવ છે, પાંચ પ્રકારના જ્ઞાનનો. એટલે અંતરમાં જ્ઞાનની એક્તા સ્વભાવની ભાવના એ વાસ્તવિક એકરૂપ જ્ઞાન છે. '**યહ જ્ઞાનકી ભાવના સ્વર્ગ-મોક્ષકી દાતા હૈ.**'

आगे कहते हैं कि पढ़ना, सुनना भी भाव बिना कुछ नहीं है :-

**पढिएण वि किं वा सुणिएण भावरहिएण।**
**भावो कारणभूदो सायारणयारभूदाणं।।६६।।**

पठितेनापि किं क्रियते किं वा श्रुतेन भावरहितेन।
भावः कारणभूतः सागारानगारभूतानाम्।।६६।।

**રે! પઠન તેમ જ શ્રવણ ભાવવિહીનથી શું સધાય છે,**
**સાગાર-અણગારત્વના કારણસ્વરૂપે ભાવ છે. ૬૬.**

**अर्थ** :- भावरहित पढ़ने-सुननेसे क्या होता है? अर्थात् कुछ भी कार्यकारी नहीं है, इसलिये श्रावकत्व तथा मुनित्व इनका कारणभूत भाव ही है ।

**भावार्थ** :- मोक्षमार्गमें एकदेश, सर्वदेश व्रतोंकी प्रवृत्तिरूप मुनि-श्रावकपना है, उन दोनोंका कारणभूत निश्चय सम्यग्दर्शनादिक भाव हैं। भाव बिना व्रतक्रियाकी कथनी कुछ कार्यकारी नहीं है, इसलिये ऐसा उपदेश है कि भाव बिना पढ़ने-सुनने आदिसे क्या होता है? केवल खेदमात्र है, इसलिये भावसहित जो करो वह सफल है। यहाँ ऐसा आशय है कि कोई जाने कि - पढ़ना-सुनना ही ज्ञान है तो इसप्रकार नहीं है, पढ़कर-सुनकर आपको ज्ञानस्वरूप जानकर अनुभव करे तब भाव जाना जाता है, इसलिये बारबार भावनासे भाव लगाने पर ही सिद्धि है।।६६।।

---

## ગાથા-૬૬ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ પઢના, સુનના ભી ભાવ બિના કુછ નહીં હૈ :-'** ભાવ નામ સમ્યગ્દર્શન. શુદ્ધ સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીતિ, એનો જે ભાવ-સમ્યગ્દર્શન, તેને જિનભાવના કહે છે. આ ગાથાઓમાં એને જિનભાવના કહે છે. સમ્યગ્દર્શનને જિનભાવના કહે છે કે જે અનંતકાળમાં એને થયું નથી, કરી નથી. એવો જે જિનસ્વરૂપ પોતાનો ભગવાન, એની શ્રદ્ધા, નિર્વિકલ્પ એનો અનુભવ, એવા સમ્યગ્દર્શનના ભાવ સહિત **'પઢના, સુનના ભી ભાવ બિના કુછ નહીં હૈ :-'** એવા સમ્યગ્દર્શન વિના ભણે કે સાંભળે એમાં કંઈ પણ આત્માને લાભ નથી, એમ કહે છે.

**पढिएण वि किं वा सुणिएण भावरहिएण।**
**भावो कारणभूदो सायारणयारभूदाणं।।६६।।**

**અર્થ :-** **'ભાવરહિત...'** સમ્યગ્દર્શન જે મૂળ ભાવ. ચૈતન્યની પરિપૂર્ણ સત્તાનો સ્વીકાર અને સન્મુખ થઈને પ્રતીતિ એવું જે સમ્યગ્દર્શન, એ વિના **'પઢને-સુનનેસે ક્યા હોતા હૈ?'** ભણે તોપણ શું? કહે છે. **'पढिएण वि किं'** એમ છે ને? **'પઢને-**

**સુનનેસે ક્યા હોતા હૈ?**' અંદર સમ્યગ્દર્શન જ જ્યાં નથી. સ્વભાવ પરિપૂર્ણની અંતર દૃષ્ટિના અનુભવ સહિત જિનપણાની વીતરાગતા જ્યાં પ્રગટી નથી અને વીતરાગ ભાવના સિવાય '**पढिएण वि किं**' ભણે એમાં શું? કહે છે. અગિયાર અંગ, નવ પૂર્વ. અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો પણ મૂળ ચીજ વસ્તુનો સ્વભાવ વીતરાગપણું એની પર્યાયમાં વીતરાગતા પ્રગટ ન થઈ. એ વીતરાગતાના ભાવપ્રધાન વિના ભણીને શું કરશે? એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો કહે છે કે સમ્યગ્દર્શન વિના તારું ભણવું નિરર્થક છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહારથી આવે પણ પરમાર્થની દૃષ્ટિ વિના (નિરર્થક છે). વસ્તુ તો આ છે. કર્યું નથી. કરવું તો આ હતું. આહાહા..! સાંભળીને કરવાનું તો આ હતું. એ પરમ પરમાત્મસ્વરૂપ એની પ્રતીતિ, અનુભવ અને જ્ઞાન એનું કરવાનું હતું. આહાહા..!

એ જો ન થયું તો '**પઢને-સુનનસે ક્યા હોતા હૈ?**' સાંભળવાથી શું થાય? 'સાંભળી સાંભળીને ફૂટ્યા કાન...' આવતું નથી? 'તોય ન આવ્યું બ્રહ્મ જ્ઞાન.' અન્યમતમાં એ આવે છે. ભજનમાં આવે છે. 'સુનકર સુનકર ફૂટ્યા કાન, તોય ન આવ્યું હરિનું ભાન.' બ્રહ્મનું જ્ઞાન, બ્રહ્મ. ... આ તો વાસ્તવિક ભગવાનઆત્મા પૂર્ણાનંદ જે સર્વજ્ઞે કહેલો એવો આત્મા દૃષ્ટિમાં, જિનભાવનામાં લીધો નથી અને એ વિના એને ભણવું અને સાંભળવું બધું નિરર્થક છે, એમ કહે છે. એમ તો 'કબીર' આદિ બીજા બધા ભલે કહે પણ એને કંઈ વસ્તુસ્થિતિની ખબર નથી. આ તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલો, જોયેલો આત્મા, એ આત્મા અસંખ્ય પ્રદેશી, એ આત્મા બીજે ક્યાંય ન હોય. 'કબીર' કે 'નરસિંહ મહેતા' જે વાતું કરે છે,... 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' એટલે જરી ઉદાહરણ તરીકે કહેવાય. ઉદાહરણ તો કીધું હતું ને? ભક્તાંમરમાં નહિ? બૃહસ્પતિને ... એમ કહેવાય. એ તો અન્યમતિની વાત છે. ઉદાહરણ તરીકે કહીને સિદ્ધાંત સિદ્ધ કરવો હોય તો કહેવાય. સર્વજ્ઞે જોયેલો એ આત્માની વાત એની પાસે છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. એ તો અસંખ્ય પ્રદેશ. એ વાત છે નહિ. પરમેશ્વર સિવાય ક્યાંય નથી.

એક આત્મા અસંખ્ય પ્રદેશ જેની ભૂમિકા, એમાં પ્રદેશમાં એક એકમાં અનંતા ગુણો વ્યાપ્યા છે. એવું જે ક્ષેત્ર, એવો જે ભાવ, એનું એકરૂપ એવું જે દ્રવ્ય એની

અંતર જિનભાવના, સમ્યગ્દર્શનની ભાવના, ભાવના શબ્દે ચિંતવના એમ નથી, અહીં તો એકાગ્રતા છે. સમ્યગ્દર્શનની ચરિત્રની અંતરમાં એકાગ્રતા. નિર્વિકલ્પ દૃષ્ટિ ભિન્ન ભાવનામાં છે. થોડું પણ ઘણું સમાવ્યું છે. મહાપ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાનઆત્મા એના સન્મુખની એકાગ્રતા એ સમ્યગ્દર્શન જિનભાવના કહેવામાં આવે છે. આ વિના તારું ભણવું અને સાંભળવું શું કામનું? દુનિયાના દેખાવ માટે છે એ બધું, એમ કહે છે. તારા આત્માના હિતને માટે નથી. આહાહા..!

**'પઠને-સુનનેસે ક્યા હોતા હૈ? અર્થાત્ કુછ ભી કાર્યકારી નહીં હૈ,...'** આહા..! જેને સમ્યગ્દર્શનના સંસ્કાર પડ્યા નથી, કહે છે. ... સંસ્કાર જિનભાવનાના સંસ્કાર છે. એ ભાવના વિના બધું સાંભળવું, ... શ્રાવકનું મુનિપણું પંચાચાર.. **'ઈસલિયે શ્રાવકત્વ તથા મુનિત્વ ઈનકા કારણભૂત ભાવ હી હૈ.'** એ સમ્યગ્દર્શન છે એમ કહે છે. શ્રાવકપણું, મુનિપણાનું મૂળ કારણ તો સમ્યગ્દર્શન છે. આહાહા..! એ વસ્તુની પ્રતીતિ અને વસ્તુ કેવી એની ખબર ન મળે, તો શ્રાવકપણું અને મુનિપણું આવ્યું ક્યાંથી? એનું મૂળિયું તો સમ્યગ્દર્શન છે. પણ મૂળ નથી ને પછી આ બધા વ્રત ને તપ ને ત્યાગ ને પડિમા ક્યાંથી આવી? કહે છે.

**ભાવાર્થ :- 'મોક્ષમાર્ગમેં એકદેશ, સર્વદેશ વ્રતોંકી પ્રવૃત્તિરૂપ...'** એકદેશ શ્રાવક અને સર્વદેશ મુનિ **'ઈન દોનોંકા કારણભૂત નિશ્ચય સમ્યગ્દર્શનાદિક ભાવ હૈં.'** જુઓ! પોતે ખુલાસો કરે છે. 'જયચંદ્ર પંડિત'. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય, હોં! વ્યવહાર સમ્યગ્દર્શન એ કોઈ વસ્તુ નથી. વ્યવહાર જ્ઞાન એ કાંઈ જ્ઞાન નથી, વ્યવહાર વ્રત એ કાંઈ વસ્તુ નથી. આહાહા..! ભાવપાહુડ છે ને? શુદ્ધ સ્વરૂપ પરમાત્મા એની એકાગ્રતાનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન એનું જ્ઞાન-આત્માનું, એમાં રમણતા એવા નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિના, એ ભાવ વિના **'દોનોંકા કારણભૂત...'** શ્રાવક અને મુનિને કારણભૂત તો આ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન છે. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનું કારણ છે એમ અહીંયાં નથી કહ્યું. વ્યવહાર છે, કરીએ. એ તો નિશ્ચયચારિત્ર જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વ્યવહારચારિત્ર કરવું અને વ્યવહારચારિત્ર કરતાં નિશ્ચય થશે. એ વસ્તુ વીતરાગના ઘરની નથી. સમજાણું કાંઈ? આહાહા..! જેને ભગવાન પરમાનંદસ્વરૂપ જેમાં ઠરવું છે એ ચીજ જ જ્યાં દૃષ્ટિ અને જ્ઞાનમાં આવી નથી તો ઠરશે શેમાં એ? ઠરવું એટલે ચારિત્ર. જે ચીજની વસ્તુ જે છે એમાં ઠરવું છે પણ એ વસ્તુ કેવી છે, કેમ છે એ દૃષ્ટિમાં અનુભવમાં આવી નથી. એને ઠરવું થઈ શકતું નથી. સમ્યગ્દર્શન ચીજ શું છે ... એના મહાત્મ્યની ખબર નથી. બહારની વાતુંમાં દોરાઈ ગયા બધા. મુનિપણું, પડિમા લઈ લીધી, લૂગડા ફેરવ્યા ને આઠ પડિમા, દસ પડિમા, અગિયાર પડિમા, વધારે લીધી. એને ભાન ક્યાં છે પડિમા શું કહેવાય.

મુમુક્ષુ :- એમાંથી ...

ઉત્તર :- કાર્ય કરવાનું શું છે? વસ્તુ છે એવી શ્રદ્ધા કરવી એમાં પુરુષાર્થ છે. પછી અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે. જેવી ચીજ છે એવી ચીજનું પહેલી વિકલ્પ સહિત શ્રદ્ધા, એની વિકલ્પ સહિત શ્રદ્ધા (થાય) એ ... છતાં એ શ્રદ્ધા પણ યથાર્થ નહિ. પહેલું આવે ખરું. આહાહા..!

આવે છે, ('સમયસાર')૧૪૪ ગાથામાં કહ્યું છે ને? પહેલી ચીજ જ્ઞાનસ્વરૂપ છે એવો વિકલ્પથી નિર્ણય કરે. ૧૪૪ ગાથામાં 'કર્તા-કર્મ'માં આવ્યું છે. જેવી વસ્તુ છે એવી રાગમિશ્રિત વિચારમાં એને એ જાતનો ભાસ તો પહેલો આવવો જોઈએ. છતાં એ વસ્તુથી અંદર અનુભવ થાય એમ નથી. તેમ અનુભવ થયા પહેલાં આવું આવ્યા વિના રહેતું નથી. આમ વાત છે. ૧૩મી ગાથામાં કહ્યું છે ને? નય, નિશ્ચય, પ્રમાણથી આત્માને જાણવો. એ વિકલ્પ સહિતની વાત છે. ૧૩મી ગાથા, 'સમયસાર'. '**भूदत्थेणाभिगदा**' ભાવમિશ્રિત વિચારની ભૂમિકામાં નયથી, નિશ્ચયથી, વ્યવહારથી, પ્રમાણથી, નિક્ષેપથી, જ્ઞેયના ભેદો નિક્ષેપ છે, જ્ઞાનના ભેદો નય છે. જ્ઞેયના ભેદો એ નિક્ષેપ છે. જ્ઞાનના ભેદો નય છે. એનાથી બરાબર વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું એને વિકલ્પ સહિત ભૂમિકામાં જાણવું. છતાં તે અભૂતાર્થ છે. વસ્તુની દૃષ્ટિ કરતાં, અનુભવ કરતાં એ બધા નય અને નિક્ષેપ ને પ્રમાણથી વસ્તુનો વિકલ્પ છે એ જે નયને કહ્યો એ બધો અભૂતાર્થ છે. આહાહા..! જૂઠો છે.

મુમુક્ષુ :- અભૂતાર્થમાં કાંઈ લાગતું નથી જૂઠામાં લાગે છે.

ઉત્તર :- અભૂતાર્થ કહો કે અસત્ય કહો. અભૂત-અસત્ય. અસત્ય એટલે જૂઠું. ... .. અભૂતાર્થ કહે છે. પર્યાયમાત્ર અભૂતાર્થ છે.

મુમુક્ષુ :- અભૂતાર્થ કહે છે.

ઉત્તર :- અસત્યાર્થ કહે છે, જૂઠી કહે છે. વસ્તુ સ્વભાવ ત્રિકાળ એ જ સત્યાર્થ છે. એ અપેક્ષાએ પર્યાયમાત્ર અસત્યાર્થ છે. આ અપેક્ષાથી, હોં! પર્યાય અપેક્ષાએ પર્યાય સત્યાર્થ છે. ત્રિકાળ સત્યાર્થની અપેક્ષાએ તે પર્યાય અસત્યાર્થ છે. ચાહે તો કેવળજ્ઞાનનો પર્યાય હો એ પણ અસત્યાર્થ છે. આહાહા..! સત્યાર્થ, ભૂતાર્થ એક ત્રિકાળી ધ્રુવ સ્વભાવ એક જ સત્યાર્થ છે. .. ભેદ પડ્યો, વ્યવહાર થઈ ગયો. જૈનદર્શન ઝીણું બહુ. લોકોએ બહારથી માન્યું છે એવું એ જૈનદર્શન નથી. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી, વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ ...

અહીં તો કહે છે, '**उन दोनोंका कारणभूत...**' શ્રાવક અને મુનિપણું. એનું મૂળ કારણ તો '**कारणभूत निश्चय सम्यग्दर्शनादिक भाव हैं.**' આહાહા..! સમ્યગ્દર્શન નિશ્ચય જ્ઞાનાદિ થયા નથી અને શ્રાવક ને મુનિપણું નામ ધરાવે. ધરાવો, એકડા વિનાના મીંડા

છે. શૂન્ય-શૂન્ય. 'ભાવ બિના વ્રતક્રિયાકી કથની કુછ કાર્યકારી નહીં હૈ,...' આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપનું આચરણ એવો નિશ્ચય ભાવ, જે શુદ્ધભાવ એ વિના વ્રતાદિની ક્રિયા કાંઈપણ કાર્યકારી નથી. '**વ્રતક્રિયાકી કથની કુછ કાર્યકારી નહીં હૈ,...**' એ તો કથની છે. પંચમહાવ્રત ને બાર વ્રત ને કથનમાત્રના વ્યવહાર છે. આહાહા..! એ કોઈ વસ્તુ નથી. આહાહા..!

અનંત અનંત સાગરોપમ સાતમી નરકમાં રહ્યો. ૩૩ સાગરનું આયુષ્ય ત્યાં. એ ૩૩ સાગરમાં તો એક સાગરમાં તો દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. અને એક પલ્યોપમમાં અસંખ્ય ભાગમાં અસંખ્ય વર્ષ જાય. ચોવીશી તો દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. એક ક્રોડાક્રોડી સાગરોપમની એક ચોવીશી. એવા એવા અનંતા સાગરોપમ ... રહ્યો. બહારના માન ને મોભામાં, બહારમાં મોટપ આપી એ બધું ભૂલી ગયો. અનંત સાગર કેમ જાય? આહાહા..! એ મિથ્યાત્વને લઈને આ બધું થયું, કહે છે.

મુનિ થયો, નવમી ગ્રૈવેયક જાય એવો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ દુઃખરૂપ છે. આહાહા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, તોપણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ત્યારે એ પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ એ સુખ નથી, એ તો દુઃખ છે. આહાહા..! સાતમી નરકના દુઃખ વેઠ્યા અને આવા નવમી ગ્રૈવેયક જવાના આવા પંચ મહાવ્રતાદિના ભાવના દુઃખ વેઠ્યા. આહાહા..! એ દુઃખથી રહિત થવાનો માર્ગ તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની અંતરમાં સન્મુખ થઈને પ્રતીતિ અને જ્ઞાનના સંસ્કાર સમ્યગ્દર્શનના પડવા.. એ વિના વ્રત ક્રિયા 'કુછ કાર્યકારી નહીં હૈ,...' વ્રતની ક્રિયા કથની તો આમ છે, આના વ્રત આમ છે, એને હતી ત્યારે આમ... પણ મૂળ વિના? નિરઅતિચાર વ્રત પાળીએ છીએ. વ્રતમાં દોષ લાગવા દેતા નથી. એ બધી કથની શું કામની તારે? આહાહા..! જેમાં પરમ આનંદનો નાથ હાથ ન આવ્યો અને આવા દુઃખના પરિણામને પકડીને બેઠો. આહાહા..! '...ભાઈ'! આવી વાતું છે. બધા પૈસાવાળાને સુખ નથી એમ કહે છે. દુઃખી છે. વ્રતધારી દુઃખી છે. તો પૈસાવાળા ઘણા દુઃખી. આહાહા..! વ્રત ને તપના ભાવ બધા દુઃખરૂપ છે. શુભરાગ છે ને એ વિકલ્પ છે. આહાહા..! તો આ વળી પૈસા અને આબરૂના ધણી થઈને સુખી થઈને બેસે, મૂઢ છે. દુઃખમાં બળી ગયા છે, દુઃખમાં ઝળી ગયા છે.

'પંચાસ્તિકાય'માં કહે છે ને? કષાયના અંગારે સ્વર્ગના દેવો જલી રહ્યા છે. આહાહા..! એની સગવડતાનો પાર નહિ. કષાયના ભાવે સળગી રહ્યા છે. એને ભગવાનઆત્મા અકષાયસ્વરૂપ શાંતરસનો કંદ પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા, એની જેને દૃષ્ટિ સમ્યક્ નથી એને આ બધી વ્રત ક્રિયા આદિની કથની, અપવાસની કથનીઓ નિરર્થક છે. આહાહા..!

ભાવપાહુડ છે ને? ભાવમાં સમ્યગ્દર્શન ભાવ, શુદ્ધભાવ (લેવો છે) એવા શુદ્ધ ભાવના ભાન વિના એ બધું નિરર્થક છે. દુનિયાના દેખાવ માટે ભલે દુનિયા કરે અને દેખનાર એને બહુ આગળ વધ્યો છે, ધર્મ કરે (છે) એમ કહે એ કંઈ વસ્તુ નથી.

**'ઈસલિયે ઐસા ઉપદેશ હૈ કિ ભાવ બિના પઢને-સુનને આદિસે ક્યા હોતા હૈ?'** શાસ્ત્ર ભણે અને વાંચે. સાત સાત કલાક સુધી સાંભળે. તેથી શું? 'કર્તા-કર્મ'માં તો ત્યાં સુધી લીધું કે હું નિશ્ચયથી એક અબદ્ધ છું અને વ્યવહારથી બદ્ધ છું. નિશ્ચયથી ત્રિકાળ શુદ્ધ છું, પર્યાયથી અશુદ્ધ છું, એવા વિકલ્પથી શું છે? એવા વિકલ્પથી તને શું લાભ? તેથી શું? અહીં સુધી આવ્યો તેથી શું? આહાહા..! હું શુદ્ધ છું, પૂર્ણ છું, અબદ્ધ છું એવો જે વિકલ્પ, ત્યાં સુધી આવ્યો તેથી શું? એમ કહે છે. કારણ કે ત્યાં સુધી વિકલ્પનું કર્તાપણું ઉભું છે. વિકલ્પ તે કાર્ય અને એનો હું કર્તા એ મિથ્યાત્વભાવ ઊભો છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે જ સમજાતું નથી. સાંભળવામાં ધ્યાન રાખો. સાચી નથી. સાચી તો નિર્વિકલ્પ દૃષ્ટિ કરે ત્યારે સાચી થાય. આહાહા..! પંડિતજી! આહાહા..! માર્ગ આવો છે બાપુ! ... ભાઈ! વીતરાગનો માર્ગ સાંભળવો પણ કઠણ છે. દુનિયાએ કલ્પી રાખ્યું છે અને એ ઠીક, એવું નથી. એ વિકલ્પથી (થયેલો) નિર્ણય એ પણ સાચો નિર્ણય નથી એમ કહે છે. અહીં સુધી તો અનંતવાર આવ્યો છે, કહે છે. ભાઈ! તારા ઘરમાં તું આવ્યો નથી. એ પણ બધી બહારચલી વાત છે. આહાહા..! હું શુદ્ધ છું, અબદ્ધ છું, એવો જે વિકલ્પ છે એનું કાર્ય અને કર્તાપણું એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળો. પ્રશ્ન કરવા કરતા સાંભળવામાં ધ્યાન રાખે તો બધા ખુલાસા (આવે છે). આ મારગડા જુદા, બાપા!

એ ભગવાનઆત્મા... કહે છે કે વિકલ્પથી સાચું આ છે... સાચું આ છે એવું કહીએ તો એ પણ સાચો નથી. અને રાગ પોતે ખોટો છે. રાગ એના સ્વભાવમાં નથી. અને એ વડે નિર્ણય કર્યો તે સાચો નથી. આહાહા..! આવો માર્ગ પ્રભુનો, ભાઈ! પ્રભુનો એટલે તારો એમ. જુઓને! આચાર્ય કહે છે. ઓહોહો..! એક કોર કહે કે, ... સાંભળો. '**वोचच्छामि समयपाहुडम्**' કહે છે ને? સાંભળો. અહીં કહે છે કે પણ એ સમ્યગ્દર્શન વિના તારું સાંભળવું (નિરર્થક છે). આહાહા..! જે સન્મુખ દૃષ્ટિ કરી નથી, જે ભગવાન પરમાત્મસ્વરૂપે પૂર્ણ બ્રહ્મ આનંદસ્વરૂપ છે, જેની સિદ્ધની પર્યાય કરતા પણ અનંતગણું જેનું મહાત્મ્ય છે એવા મહાત્મ્યવંત પદાર્થની સામું જોયું નથી

અને એનાથી વિમુખ થઈને સાંભળવું અને ભણવું તારું બધું નિરર્થક છે. આહાહા..! સમજાણું કાંઈ?

દુનિયા તમને સારા કહેશે, દુનિયામાં મોઢાઆગળ તો કરશે. દુનિયામાં ને? એ બહિરાત્મા છે. આહાહા..! એ ભણીને અમે ભણ્યા અને અમને આવડે છે અને સાંભળીને અમને આવડ્યું એ બધું અભિમાન છે ... કેમકે આવડત તો પ્રભુએ એને કહી છે (કે) પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન એની અંતરમાં સન્મુખ થઈને પ્રતીતમાં લીધો, જ્ઞાનમાં જ્ઞેય એને બનાવ્યો એને સાચું જ્ઞાન અને સાચી શ્રદ્ધા કહે છે. ભલે બીજું જાણપણું ઓછું હો, સમજાવતા ન પણ આવડે.. સમજાય છે કાંઈ? સભારંજન કરતા ન આવડે એથી શું? અને સભારંજન કરતા આવડી, તેથી શું? આહાહા..! પ્રભુ! તારો આત્મા પૂર્ણાનંદ સહિત છે. એનો તને વિશ્વાસ નિર્વિકલ્પ શ્રદ્ધામાં આવ્યો નથી ત્યારે શું ...? 'કુંદકુંદાચાર્ય'ની કરુણા એની કરુણાનો સ્રોત વહે છે. આહાહા..! વ્રતથી શું થયું? અને ભણવા-સુણવાથી શું થયું? બે થયું ને? પહેલામાં ભણવા-સુણવાથી કહ્યું હતું. બીજામાં 'લળૂળફ્ર્ળૂળફધુડળર્ચે' ભાવકારણભૂત. તો એ ભાવ વિના તારું વ્રત અને તપનું શું થયું? બેય વાત લીધી છે. આહાહા..! જેમાં સત્‌નું સત્ ફળ ન આવે એ તારું ભણતર શું કામનું? કહે છે. જેમાં સત્યનું સત્ય ફળ અંદરમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ ન આવે, એ તારા વ્રત ને તપ મુનિપણાના શ્રાવકના શું કામના?

'ભાવ બિના પઢને-સુનને આદિસે ક્યા હોતા હૈ? કેવલ ખેદમાત્ર હૈ,...' જુઓ! 'જયચંદ્ર પંડિત' ખુલાસો કરે છે. આહાહા..! સાંભળવું અને ભણવું એ દુઃખ છે કહે છે. એ વિકલ્પ છે એ દુઃખ છે, ખેદ છે. ભગવાનઆત્મા આનંદ સ્વરૂપની દૃષ્ટિ તો થઈ નથી. દુનિયામાં માન હો, ન હો, દુનિયા માને, ન માને એની સાથે કાંઈ સત્ય ને શ્રદ્ધાને સંબંધ નથી. સંખ્યા જાજી હોય એને માનનાર ... માટે એનું સત્ય સાચું કહેવાય, એમ સત્યને સંસારની જરૂર નથી. સત્યને સત્યની જરૂર છે. એમ કહે છે. વ્રત ધારીએ, સત્ય ધારીએ, જાત્રાના કરનારા, પૂજાના કરનારા એની સંખ્યા બહુ નીકળે. દસ-દસ લાખ ખર્ચીને જાત્રા કાઢે, લ્યો! શું થયું પણ એમાં? જાત્રા જ્યાં લઈ જવી છે ત્યાં તો લઈ ગયો નહિ. અને સમ્મેદશિખરની અને શેંત્રુજયની જાત્રા કાઢી. દસ-દસ લાખ માણસ, બે કરોડનો ખર્ચ.. શું થયું પણ એમાં? ભાઈ! બેકાર છે. આહાહા..!

મુમુક્ષુ :- જાણ્યા વિના બેકાર છે, પણ જાણ્યા પછી તો..

ઉત્તર :- જાણ્યા પછી પણ રાગ છે, દુઃખ છે. જાણ્યા પછી ભાવ આવે એ પણ દુઃખ છે. વ્યવહાર આવે છે, હેય બુદ્ધિએ આવે છે. દુઃખ છે, દુઃખ છે. ... રાગ છે, રાગ હોય છે, પંચમહાવ્રત, બાર વ્રત એ દુઃખ છે, વિકલ્પ છે તો દુઃખ છે.

**'કેવલ ખેદમાત્ર હૈ,...'** ભાષા જોઈ? આહાહા..! એ ભણવું અને સાંભળવું, વ્રત

અને તપની ક્રિયા અંતર સમ્યગ્દર્શનના ભાવ વિના એકલો ખેદ છે. એકલો ખેદ કીધો એટલે વસ્તુ નથી ત્યાં એટલો ખેદ છે. વસ્તુનું ભાન થયા પછી હોય તો એકલો ખેદ નહિ. આનંદ છે એની સાથે એ ખેદ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનના અંતર અનુભવ વિના... 'અનુભવ રત્નચિંતામણિ અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.' એ અનુભવ વિના તારા વ્રત ને તપ ને સાંભળ્યું ઘણું બધું કેવળ ખેદ, એકલો ખેદ (છે). આહાહા..! અને સમ્યગ્દર્શન અને જ્ઞાનની ભૂમિકા સહિત એવા વિકલ્પ આવે તો એ પણ ખેદ. આનંદ છે એની સાથે થોડો ખેદ છે. કેવળ ખેદ છે, એમ કીધું. આ હજી .. અઠ્યાવીશ મૂળ ગુણ ... ... એને માટે સંખ્યા નથી. લાખો માણસ ને આમ ને આમ...

**'ઈસલિયે ભાવસહિત જો કરો વહ સફલ હૈ.'** એટલે કે નિર્મળ ભાવ સહિતનો શુભભાવ હોય તો એટલો અંદર અશુદ્ધ ટળે છે એટલું સફળ છે. નિશ્ચય વિના તો શુભભાવમાં અશુદ્ધ ટળતું નથી. સમ્યગ્દર્શન અને અનુભવ વિના એ શુભભાવ છે એમાં અશુદ્ધ ટળતો નથી. નિશ્ચયના ભાનસહિત આવો શુભભાવ હોય છે એમાં અશુદ્ધ ટળે છે એટલું ... બાકી જેટલો શુભ છે એ તો અશુદ્ધ છે. આહાહા..! **'યહાં ઐસા આશય હૈ કિ કોઈ જાને કિ - પઢના-સુનના હી જ્ઞાન હૈ...'** સાંભળવું અને વાંચવું એ જ્ઞાન. **'તો ઈસપ્રકાર નહીં હૈ,...'** એમ નથી, ભાઈ!

**'પઢકર - સુનકર આપકો જ્ઞાનસ્વરૂપ જાનકર અનુભવ કરે...'** વાંચીને-પઢીને, જાણીને, સાંભળીને. **'આપકો જ્ઞાનસ્વરૂપ...'** ભગવાનઆત્મા પોતે જ્ઞાનસ્વરૂપ જ જ્ઞાતા છે. એવો એ અનુભવ કરે. જ્ઞાનસ્વરૂપ જાણીને અનુભવ કરે **'તબ ભાવ જાના જાતા હૈ,...'** ત્યારે એનો ભાવ સાચો છે એમ જાણવામાં આવે. .. વ્યવહારની ભારે લાકડું આકરું છે ને? વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે એવું લાકડું ઘૂસી ગયું. એ તો નિશ્ચયની સાથે આવા ભાનસહિતમાં આવા ભાવ હોય છે એને વ્યવહારે સાધક તરીકેનો આરોપ દેવામાં આવે છે. આમ છે વસ્તુ. સમજાણું કાંઈ?

**'તબ ભાવ જાના જાતા હૈ,...'** એટલે? કે સાંભળીને, વાંચીને પણ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે એ વિકલ્પ પણ નહિ, રાગ પણ નહિ, શરીર પણ નહિ. એ જ્ઞાનસ્વરૂપ કહેતા આખો આત્મા. અનંતગુણ એમાં આવી ગયા. એ જ્ઞાનસ્વરૂપી પવિત્ર ભગવાન છે એવો અનુભવ કરે ત્યારે 'ભાવ જાના જાતા હૈ,...' ત્યારે એનો ભાવ સાચો છે એમ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ! 'ઈસલિયે બારબાર ભાવનાસે ભાવ લગાને પર હી સિદ્ધિ હૈ.' માટે વારંવાર શુદ્ધ સ્વભાવમાં એકાગ્રતાનો ભાવ લગાવવાથી સિદ્ધિ છે. કોઈ વ્યવહારને કારણે સિદ્ધિ છે નહિ. 'બારબાર ભાવનાસે ભાવ લગાને પર...' અંતર સ્વરૂપમાં એકાગ્ર થવાથી 'સિદ્ધિ હૈ.' ત્યારે એની મુક્તિ છે. અંતર દ્રવ્ય

સ્વભાવમાં એકાગ્ર થવાથી. શ્રદ્ધાની એકાગ્રતા, જ્ઞાનની એકાગ્રતા અને ચારિત્રની એકાગ્રતા, એનાથી સિદ્ધિ છે. વ્યવહાર વ્રત વચ્ચે હો, એ બંધનું કારણ છે.

---

आगे कहते हैं कि बाह्य नग्नपने से ही सिद्धि हो तो नग्न तो सब ही होते हैं :-

**दव्वेण सयल णग्गा णारयतिरिया य सयलसंघाया।**
**परिणामेण असुद्धा ण भावसवणत्तणं पत्ता।।६७।।**

द्रव्येण सकला नग्नाः नारकतिर्यंचश्च सकलसंघाताः।
परिणामेन अशुद्धः न भावश्रमणत्वं प्राप्ताः।।६७।।

**છે નગ્ન તો તિર્યંચ-નારક સર્વ જીવો દ્રવ્યથી;**
**પરિણામ છે નહિ શુદ્ધ જ્યાં ત્યાં ભાવશ્રમણપણું નથી. ૬૭.**

अर्थ :- द्रव्यसे बाह्यमें तो सब प्राणी नग्न होते हैं। नारकी जीव और तिर्यंच जीव तो निरन्तर वस्त्रादिसे रहित नग्न ही रहते हैं। 'सकलसंघात' कहनेसे अन्य मनुष्य आदि भी कारण पाकर नग्न होते हैं तो भी परिणामोंसे अशुद्ध हैं, इसलिये भावश्रमणपनेको प्राप्त नहीं हुए।

भावार्थ :- यदि नग्न रहनेसे ही मुनिलिंग हो तो नारकी तिर्यंच आदि सब जीवसमूह नग्न रहते हैं वे सब ही मुनि ठहरे, इसलिये मुनिपना तो भाव शुद्ध होनेपर ही होता है। अशुद्ध भाव होनेपर द्रव्यसे नग्न भी हो तो भावमुनिपना नहीं पाता है।।६७।।

---

## ગાથા-૬૭ ઉપર પ્રવચન

'આગે કહતે હૈં કિ યદિ બાહ્ય **નગ્નપને** સે હી સિદ્ધિ હો તો **નગ્ન** તો સબ હી હોતે હૈં -'

**दव्वेण सयल णग्गा णारयतिरिया य सयलसंघाया।**
**परिणामेण असुद्धा ण भावसवणत्तणं पत्ता।।६७।।**

**અર્થ :- 'દ્રવ્યસે બાહ્યમેં તો સબ પ્રાણી નગ્ન હોતે હૈં. નારકી જીવ...'** તો આખો સમુદાય જ નગ્ન છે. અસંખ્ય નારકીનો સમુદાય તે નગ્ન છે. વસ્ત્રનો ધાગોય નથી. રહેવાને મકાન નથી. 'તિર્યંચ જીવ...' પણ નાગા છે. એને ક્યાં વસ્ત્ર છે? ... નગ્ન છે. '**નિરંતર વસ્ત્રાદિસે રહિત નગ્ન હી રહતે હૈં. 'સકલસંઘાત' કહનેસે અન્ય મનુષ્ય આદિ ભી કારણ પાકર નગન હોતે હૈં...**' આહાહા..! વિષયને વખતે મનુષ્ય પણ નગ્ન થાય છે. તેથી શું? એમ કહે છે. આહાહા..! વાસનાને કાળે મનુષ્ય પણ

નગ્ન હોય છે. પશુ ને નારકી તો સદાય નગ્ન રહે છે. '**સકલસંઘાત કહનેસે અન્ય મનુષ્ય આદિ ભી કારણ પાકર નગ્ન હોતે હૈં તો ભી પરિણામોંસે અશુદ્ધ હૈં,...**' આહાહા..! નહાવા કાળે નગ્ન થાય. .. ન્હાય ન્હાય. .. નગ્ન છે. નગ્ન થયા એટલે શું? '**પરિણામોંસે અશુદ્ધ હૈં,...**' આહાહા..! નારકી નગ્ન, પશુ નગ્ન, વિષયવાસના કાળે શરીર નગ્ન અને ન્હાવા કાળે .. નગ્ન. આદમી પણ કોઈ એકાંત હોય તો નગ્નપણે ન્હાય. તેથી શું? નગ્ન થયો એટલે શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. નગ્ન એટલે બાવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. મુસલમાને કર્યો. ધોરાજીના મુસલમાન. નગ્ન. નગ્ન પીર કરે છે. એ પાણીયારું હોય ને પાણીયારું? પાણીયારું સમજો છો? જલ-જલ. .. હોય ને જગ્યા? ઉપર પાણીયારું હોય અને નીચે ખાડો હોય ને ખાડો. એમાં ... અંદર બેસે નગ્ન. યુવાન માણસ, હોં! ૨૫-૩૦ વર્ષનો. નગ્ન બેસે, બોલે નહિ. ખાય, પીવે, .... નગ્ન પીર કહેવાય એ. પીર. મુસલમાનમાં. .. એનાથી ભિન્ન પડી ગયેલું. નગ્ન. મા, બાપ, બાયડી, છોકરા હોય છતાં એ નગ્ન બેઠો હોય પાણીયારા નીચે. પાણીયારા નીચે ખાનું હોય ને? એમાં બેસે. ...

મુમુક્ષુ :- એને એ માનતા રાખે.

ઉત્તર :- માનતા રાખે. લોકો તો ગાંડા મૂરખ છે. મૂરખના ગામ ભર્યા છે ને બધા. એને પીર માનતા, પીર. નગ્ન પીર. આહાહા..!

કહે છે, શરીરના નગ્નપણાથી પરિણામમાં તો નગ્નતા ગઈ નથી. મિથ્યાત્વની જે નગ્નતા છે એ તો ગઈ નથી. આહાહા..! અને નગ્ન બાવો-સાધુ થઈને રહ્યો. શું ફેર છે તને? '**ઈસલિયે ભાવશ્રમણપનેકો પ્રાપ્ત નહીં હુએ.**' એવા નગ્નપણા અનંતવાર ધારણ કર્યા. આનંદસ્વરૂપ ભગવાનને અનુભવ્યો નહિ. આનંદનો સ્વાદ ન લીધો. ભાવસાધુ ન થયો એ. આહાહા..! એ તો દુઃખના વેદનમાં રહ્યો. પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, વિકલ્પ એ બધું દુઃખનું વેદન છે. આહાહા..! કેમકે એ કષાયનો અંશ છે, રાગ છે, હિંસા છે. આહાહા..! વીતરાગ માર્ગ, બાપા! વીતરાગભાવથી... રાગભાવથી વીતરાગભાવ ન થાય. ધીરાના કામ છે આ તો. અંતર સ્વરૂપની રમણતામાં રમનારના વીરના કામ છે આ. બહારથી વીરપણા તો અનંતવાર પ્રગટ કર્યા. વીર, વીર્ય. વી એટલે વીર્ય. .. સ્વરૂપની પ્રેરણામાં વીર્યને ન ફોરવ્યું. આહાહા..! એને જીવ ન કહ્યો.

.. ... દાખલા ને દલીલ ને રમઝટ... એય..! 'પાટનીજી'! આહાહા..! ભગવાન ... દુનિયા ગમે તે માને, મનાવે, શાસ્ત્રના વ્યવહારના દાખલાના શરણે વ્યવહારની વાતું

કરે એમાં કાંઈ ન વળે. આ શાસ્ત્રમાં આમ કહ્યું, આ શાસ્ત્રમાં આમ કહ્યું. બધું કહ્યું બાપા! અહીં સાધક કહ્યો છે વ્યવહારને. અને વ્યવહારથી આમ થાય છે. આહાહા..! 'પંચાસ્તિકાય'માં નથી આવતું? ૧૭૨ ગાથામાં? શું કહેવાય એ? .. છે ને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ટીપે એ માણલ પાણીમાં લુગડું ધોવે ને? ટીપે એટલે મેલ નીકળી જાય. વ્યવહારથી આત્માને ટીપે અંદર. .. એવો પાઠ છે ત્યાં, સમયે સમયે. ૧૭૨ ગાથા. વ્યવહારથી સમયે સમયે આગળ જાય. બાપુ! .. આહાહા..! લોકોને લખાણ સાંભળતાં કઈ અપેક્ષાના કથન છે એ અપેક્ષા ન જાણે અને અર્થ કરે પોતાને બંધબેસતો, બાપુ! એમ ન થાય. અર્થના અનર્થ થાય. છે ને? શુદ્ધતા સિદ્ધિ ન થાય. એમાં શુદ્ધતાની પ્રવૃત્તિની વૃદ્ધિ ન થાય. એ બધા અર્થના અનર્થ કરનારા છે. આહાહા..! લ્યો! **'ઈસલિયે ભાવશ્રમણપનેકો પ્રાપ્ત નહીં હુએ.'**

**ભાવાર્થ :- 'યદિ નગ્ન રહનેસે હી મુનિલિંગ હો તો નારકી તિર્યંચ આદિ સબ જીવસમૂહ નગ્ન રહતે હૈં વે સબ હી મુનિ ઠહરે, ઈસલિયે મુનિપના તો ભાવ શુદ્ધ હોનેપર...'** .. શુદ્ધ. પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ શુદ્ધભાવ હોવાથી ... **'અશુદ્ધ ભાવ હોનેપર...'** એ પુણ્યભાવ આદિ જે વ્યવહાર છે તો અશુદ્ધ ભાવ. **'નગ્ન ભી હો તો ભાવમુનિપના નહીં પાતા હૈ.'** એને ભાવમુનિપણું હોતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૨૦, ગાથા-૬૬ થી ૬૯, બુધવાર, આસો વદ ૭, તા.૨૧-૧-૭૦

આ 'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ૬૬મી ગાથા. અર્થ ફરીને લ્યો. આવી ગયું છે. 'ભાવરહિત...' અર્થાત્ આત્માનો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો જે શુદ્ધભાવ, આત્મા ચૈતન્ય આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એનું શ્રદ્ધા-જ્ઞાન એ શુદ્ધભાવ. પુણ્ય-પાપના વિકલ્પથી-ભાવથી રહિત એવા શુદ્ધભાવ વિના **'પઢને-સુનનેસે ક્યા હોતા હૈ?'** વાંચવું, સાંભળવું એનાથી શું થાય? **'કુછ ભી કાર્યકારી નહીં હૈ,...'** પોતાનો સ્વભાવ ચૈતન્ય ભગવાન, એની શ્રદ્ધાની શુદ્ધતા પ્રગટ કર્યા વિના આ બધું પઢવું આદિ કાંઈ કાર્યકારી નથી. **'ઈસલિયે શ્રાવકત્વ...'** ગૃહસ્થાશ્રમમાં શ્રાવક અને મુનિ **'ઈનકા કારણભૂત ભાવ હી હૈ.'** આહાહા..! એનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન છે. એ વિના બધું નિરર્થક છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'મોક્ષમાર્ગમેં...'** આત્માના સ્વભાવની પૂર્ણતા પ્રાપ્ત કરવાના માર્ગની અંદર **'એકદેશ, સર્વદેશ વ્રતોંકી પ્રવૃત્તિરૂપ મુનિ-શ્રાવકપના હૈ,...'** ગૃહસ્થાશ્રમમાં એકદેશ વ્રત, મુનિને સર્વદેશ વ્રત. **'વ્રતોંકી પ્રવૃત્તિરૂપ...'** છે. એવા શુભપરિણામ એ પ્રવૃત્તિ.

'**ઉન દોનોંકા કારણભૂત નિશ્ચય સમ્યગ્દર્શનાદિક ભાવ હૈ.**' જો એમાં નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય (તો) એ બધું કથની વ્યર્થ છે. સમજાણું કાંઈ? '**દોનોં...**' એટલે શ્રાવકપણાના બાર વ્રતાદિ અને મુનિપણાના પંચમહાવ્રતાદિની પ્રવૃત્તિ એ તો શુભપરિણામ છે. એ કંઈ મૂળ વસ્તુ નથી. મૂળ ચૈતન્ય ભગવાન આનંદ અને શાંત અવિકારી સ્વભાવ, એની રુચિ, દૃષ્ટિ અને શુદ્ધનું પરિણમન એ શુદ્ધના ભાવની ભૂમિકા વિના આવા દેશવ્રત અને મુનિવ્રત '**ભાવ બિના વ્રતક્રિયાકી કથની...**' એમ શબ્દ લીધો, જોયું! એ તો કથની, કથન છે, કહે છે. વ્રતના શુભ પરિણામ હો. એ તો વ્યવહારનયથી કથન છે, વસ્તુ (નથી).

'**વ્રતક્રિયાકી કથની કુછ કાર્યકારી નહીં હૈ,...**' એ બધી કથની છે. અહિંસા, સત્યદત બ્રહ્મચર્યનો વિકલ્પ રાગ. સમજાણું કાંઈ? એ '**વ્રતક્રિયાકી કથની...**' ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યના અનુભવના સમ્યગ્દર્શન વિના જે શુદ્ધભાવ, એ વિના એ શુભભાવ પણ કથનીરૂપ નિરર્થક છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈસલિયે ઐસા ઉપદેશ હૈ કિ ભાવ બિના પઢને-સુનને આદિસે ક્યા હોતા હૈ?**' અંતર વસ્તુની દૃષ્ટિની ખબર ન મળે. પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ એ ચીજની દૃષ્ટિ નથી, એનો ખ્યાલ આવ્યો નથી, અંદર દૃષ્ટિ થઈ નથી. એ '**બિના પઢને-સુનને આદિસે ક્યા હોતા હૈ?**' ભણવું અને સાંભળવું એ બધું ખેદમાત્ર છે એમ કહે છે. '**કેવલ ખેદમાત્ર હૈ,...**' વસ્તુની ખબર નથી. સમજાય છે કાંઈ? જરી નજીક આવજો જરા જગ્યા ઓછી છે. સમજાય છે કાંઈ? આ ભાવપાહુડ છે. ભાવસાર. ભાવપાહુડ એટલે ભાવસાર. કેમ પાહુડ એટલે સાર.

મુમુક્ષુ :- ભાવનો સાર.

ઉત્તર :- સાર છે. આ ભાવસાર એટલે ઓલા ભાવસાર એ નહિ કાંઈ. ભાવ-સાર.

ચૈતન્ય જ્ઞાનાનંદ તત્ત્વ ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપ પોતાનું નિશ્ચયથી તો દ્રવ્યસ્વભાવ એ જ છે. એની અંદર શ્રદ્ધા, એનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, દ્રવ્યના આશ્રયથી, અવલંબનથી પ્રગટેલી સમ્યગ્દર્શન દશા એ શુદ્ધ શ્રદ્ધા જ્ઞાન આદિ ભાવ વિના, કહે છે કે આ બધું ખેદ છે. બે વાત લીધી. વ્રતાદિ ખેદ છે. એમ આ સાંભળવું અને વાંચવું એ પણ ખેદ છે. બેય. સમજાણું કાંઈ?

'**ઈસલિયે ભાવસહિત જો કરો વહ સફલ હૈ.**' સમ્યગ્દર્શન સહિત હો તો તે આત્માનું કાર્ય થાય. નહિતર તો કાંઈ છે નહિ. '**યહાં ઐસા આશય હૈ કિ કોઈ જાને કિ-પઢના-સુનના હી જ્ઞાન હૈ...**' સાંભળવું અને વાંચવું તે જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન છે. એમ કોઈ માને '**તો ઈસપ્રકાર નહીં હૈ, પઢકર-સુનકર આપકો...**' ભણીને અને સાંભળીને પણ '**આપકો જ્ઞાનસ્વરૂપ જાનકર અનુભવ કરે તબ ભાવ જાના જાતા હૈ,...**' જુઓ!

'**આપકો...**' એટલે પોતાને. અંદર જ્ઞાન ચૈતન્ય સ્વભાવરૂપ '**જાનકર...**' હું તો જ્ઞાન જ છું. વિકલ્પ-વિકલ્પ દયા, દાન, વ્રતાદિ મારું સ્વરૂપ નથી. હું જ્ઞાન ચૈતન્યસ્વરૂપ છું, ચૈતન્યજ્યોત છું એવું જાણી અનુભવ કરે. એવું જાણી આત્માનું વેદન કરે. એ આનંદનું વેદન કરે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનસ્વરૂપ છે-અસ્તિ. જ્યાં જ્ઞાનનો ભાવવાળો પદાર્થ છે એમ જાણી એમાં કોઈ શરીર, વાણી, મન કે પુણ્ય-પાપ છે નહિ, એવું આત્માનું જ્ઞાનસ્વરૂપ જાણી, એને અનુસરીને વેદન અને અનુભવ થવો. જે અનાદિથી રાગ અને પુણ્યનો અનુભવ છે એ ઝેરનો અનુભવ છે. સમજાણું કાંઈ? એ દુઃખનો અનુભવ છે. પુણ્ય-પાપના વિકલ્પો, રાગની વાસના શુભ હો કે અશુભ વાસના બેય દુઃખરૂપ ઝેરવાસના છે. એ ઝેરી દુર્ગંધનો અનુભવ કરે છે. ઝેરનો અનુભવ કરે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ બધા ચક્રવર્તીના રાજ અને મોટા મોટા અમલદાર-અધિકારીઓ લાખો રૂપિયાની મહિને પેદાશવાળા, કહે છે કે એ દુઃખને અનુભવે છે.

ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એનું જ્ઞાન નથી અને જ્ઞાન નથી તેથી તેનું એને વેદન નથી. અનુભવ નથી. આત્મા આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદની આગળ દુનિયાના ઈન્દ્રના ઈન્દ્રાસનો સડ્યા તરણના કૂચા જેવા લાગે. એવું જેને જ્ઞાન અને આનંદનું ભાન નથી એ જીવો ભાવ વિનાના છે. અને એવો ભાવ થાય ત્યારે, અનુભવ થાય ત્યારે ભાવ જાણીએ. એમ કહે છે. આહાહા..! ભારે કામ. ભગવાન ચૈતન્યસ્વભાવ અને તે સ્વભાવમાં બીજી કોઈ રાગાદિ ચીજ નથી. એવો જાણીને, પ્રતીત કરીને એનું વેદન કરવું એ રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપનું વેદન છે એ દુઃખરૂપ વેદન અજ્ઞાનભાવ છે.

ભગવાનઆત્મા ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ એવો છે, આમ છે એવી દૃષ્ટિ કરી અનુભવ કરવો '**તબ ભાવ જાના જાતા હૈ,...**' ત્યારે એને ભાવ છે એમ જાણવામાં આવે. ઓલો શુભાદિ ભાવ છે એ ભાવ નહિ. સમજાણું કાંઈ? આ શુભભાવ વ્રતનો, દયાનો, દાનનો, સાંભળવાનો ભાવ એ ભાવ ભાવ નથી. એ ભાવ અભાવ. સ્વરૂપમાં અભાવ છે માટે ભાવ નહિ. સમજાણું કાંઈ? '**તબ ભાવ જાના જાતા હૈ,...**' ભગવાનઆત્માના દરવાજા ખુલ્લા કરે. નિધાન ચિદાનંદપ્રભુ મહાપ્રભુ છે, એને રાગ અને સ્વભાવની એક્તાના તાળા માર્યા છે. એથી એ ખજાનો ખુલતો નથી. સમજાય છે કાંઈ?

ચૈતન્ય આનંદનું ધામ, એને રાગ એવો વિકલ્પ એટલે આકુળતા. ચાહે તો દયા, દાન, વ્રતનો વિકલ્પ એ પણ આકુળતા. એ આકુળતા અને અનાકુળ આનંદસ્વરૂપ આત્મા નિધાન, બેની એક્તાબુદ્ધિમાં તાળા માર્યા એને ખોલવાના. રાગ એકલો ખીલે, સ્વભાવ ખીલે અને ખુલે નહિ. એ જ્યારે રાગથી રહિત ચૈતન્યસ્વભાવસ્વરૂપ આત્મા (છે) એમ

જાણી, માનીને અનુભવે ત્યારે તેના તાળા બંધ હતા એ ખુલી ગયા. એ કળી ખીલી. વનસ્પતિની કળી હોય છે ને? ખીલે છે ને ખીલે? સો પાંખડી, હજાર પાંખડી આદિ. એ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદના ધામના સ્વભાવસ્વરૂપ વસ્તુ, એનો અનુભવ થતાં એ પર્યાયમાં એટલે અવસ્થામાં જ્ઞાન અને આનંદના અંકુર ખુલે છે. ત્યારે ભાવ જાણીએ કે આને ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**આપકો જ્ઞાનસ્વરૂપ જાનકર...**' લ્યો! એક જ વાત છે. કોઈ બીજી ચીજ નહિ. વિકલ્પ ને પુણ્ય-પાપ ને દયા, વ્રત ને એનો કર્તા અને એ હું એ વસ્તુ જ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આખી દુનિયાની માન્યતાથી ફેર?

ઉત્તર :- આખી દુનિયાની માન્યતાથી ફેર છે. દુનિયા તો સંસાર. દો ન્યાય છે. એક ન્યાય ક્યાં છે ત્યાં? એક ન્યાયે સત્ય વસ્તુ આ છે. આહાહા..! દુનિયાને બીજી રીતે ચાલે છે અને માને છે ને એટલે જરી આ માર્ગ જ કોઈ અંતરના જુદા છે. એને બેઠા નથી પણ એ કઈ રીત છે એ સાંભળી નથી. એમ ને એમ ઉપર ને ઉપર અનાદિથી ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ? ઉપર એટલે આત્માના આનંદની ઉપર. રાગ ને પુણ્યની ક્રિયામાં વયો જાય છે એ. એ કાંઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! આવું. આહાહા..! આ જગતની મોજ-મજા. જેને કંઈપણ પુણ્યના પરિણામ પણ શુભમાં મજા છે એમ માન્યતા છે, એ આત્મા આનંદસ્વરૂપ છું એનું એ ખૂન કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

શુભભાવ હો પણ એમાં મને ઠીક પડે છે. પાપના ભાવમાં તો ઠીક પડે એ તો વળી તીવ્ર પાપ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? પણ ભગવાનઆત્મા માખણ, ચૈતન્યનું માખણ આનંદનો ગોળો છે એ તો. એના ભાન વિના એ શુભભાવ એમાં મજા લાગે, ઠીક લાગે એ ઝેર દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે. એને ભાવ છે નહિ. ભાવ નથી કોનો? આત્માનો. એમ. આ તો અનાત્માનો ભાવ થયો. ઝીણું બહુ. ઝીણું બહુ. 'નવનીતભાઈ'! માર્ગ આવો છે. આ બહારમાં તો બધા હેરાન થવાના રસ્તા છે. આહાહા..!

મુમુક્ષુ :- મજા તો બહુ લાગે છે.

ઉત્તર :- એ જ કહું છું. મજા માને છે. છે ક્યાં ધૂળમાં? બાળક ઓલા જેઠ મહિનામાં બહુ દૂધ પીધું હોય, દૂધ. પછી શેરડે-શેરે. જંગલ પાતળું થાય. ઠંડું લાગે તો બાળક ચાટે. એવું છે આ. સમજાણું કાંઈ? જેઠ મહિનો હોય ને, જેઠ મહિનો? બહુ ગરમી હોય. એની માતાએ વધારે દૂધ પાયુ. દૂધ-દૂધ. તો પાતળો દસ્ત થઈ ગયો. ગરમી બહુ એટલે દસ્ત ઠંડું લાગે. એને ખાય, ચોપડે જીભ ઉપર, ઠંડુ લાગે. એવી મજા છે આ સંસારની. લ્યો! રાગ છે એ વિષ્ટા છે. ખરેખર. હાય.. હાય.. વિષ્ટા!

વિષ્ટા તો ઝેર છે, સાંભળને હવે. રાગ તો ઝેર છે. વિષ્ટા તો હજી ભૂંડ ખાય ને જીવે. ઝેર ખાય ને મરી જાય. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! તારી પાસે કાંઈ છે કે નહિ? કે તું ખાલી છો? બીજા રાગ અને પુણ્ય અને પરવસ્તુમાં જ માલ છે? એમ કહે છે. પુણ્ય પરિણામના ભાવ કે પાપના ભાવ કે શરીર ભાવ કે લક્ષ્મી એમાં કાંઈ છે? તું કાંઈ છો જ્ઞાનસ્વરૂપ ચીજ ભિન્ન, એમાં કાંઈ માલ છે કે નહિ? આહાહા..! ખબર ન મળે. આંધળે આંધળું. એ જ માલ છે ખરો. રાગ ને પુણ્ય ને શરીર ને વાણીમાં ધૂળેય નથી કાંઈ. સરખી ધૂળેય નથી પુણ્ય પરિણામ સરખા. આહાહા..! બધાના પુણ્ય એવા છે. સમ્યગ્દૃષ્ટિના પુણ્ય એવા છે- ઝેર છે. કીધું નહિ મોક્ષ અધિકારમાં? મુનિને પણ પંચમહાવ્રતના પરિણામ એ ઝેર છે. મોક્ષ અધિકારમાં .. છે ને પણ અમૃતસ્વરૂપ ભગવાનઆત્મા, અમૃતના અતીન્દ્રિય સ્વભાવના માલથી ભરેલો એવો ભગવાન, એનાથી પુણ્ય પરિણામ તો વિરૂદ્ધ છે. તો અમૃતથી વિરૂદ્ધ એટલે ઝેર છે. આહાહા..! અહીં તો એને હિંસા, જૂઠું, વિષયવાસના એના ભાવ કરીને મજા લાગે છે. એ તો બહુ તીવ્ર ઝેર છે, કહે છે. બહુ આ તો ધીરાના કામ છે, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘરડા માણસનું કામ છે.

ઉત્તર :- ઘરડા માણસનું નહિ. આત્માથી જુવાન થયેલા હોય એનું કામ છે આ. આત્મા જુવાન, હોં! અજ્ઞાન અવસ્થા એ જીવની બાળ અવસ્થા છે. યુવાન અવસ્થા એ સમ્યગ્દર્શન-જ્ઞાનની અવસ્થા છે. વૃદ્ધ અવસ્થા એ કેવળજ્ઞાનની અવસ્થા છે. સમજાણું કાંઈ? ધૂળની અવસ્થા શું છે? આ તો બાળ છે. પચ્ચીસ વર્ષનો યુવાન હોય તો ઈયળું પડે. સ્નાન કરે તો. આ સડી જાય કાળજા. આ જુઓને! અત્યારે તો શું કહેવાય આ? કેન્સર. એવા કેન્સર થાય છે સાંભળે તો ઓહોહો..! પીડા... પીડા.. પીડા... અહીં કેન્સર. આ સડતું હોય. કાનના કેન્સર, નાકના કેન્સર, ગળાના કેન્સર, આંખના કેન્સર, લ્યો! સહ્યું ન જાય (એટલી) વેદના.

મુમુક્ષુ :- બાળ અવસ્થા...

ઉત્તર :- બાળ અવસ્થા એ અજ્ઞાન અવસ્થા. યુવાન અવસ્થા એ સમ્યગ્દર્શન-ધર્મ અવસ્થા. વૃદ્ધ અવસ્થા કેવળજ્ઞાન અવસ્થા. સમજાણું કાંઈ? એમ શાસ્ત્રમાં આવે છે, હોં! બધે ઠેકાણે બધું મૂક્યું છે. ઘણે ઠેકાણે મૂક્યું છે. પાકી ગયું કેવળજ્ઞાન. શાસ્ત્રમાં તો બહુ કહ્યું છે. ઓહોહો..!

'ભગવતી આરાધના'માં તો એટલી વાત ભરી છે. ઓહોહો..! રાજા હતા અને પછી મુનિ થયેલા. 'શિવકોટિ' રાજા હતા. એમાં વળી મુનિ થયા. રાજ છોડીને. અને પછી એવી વૈરાગ્યની વાતને મલાવી છે અને માની છે ને. એ તો ઝુલતો પુલ જાણે

અધ્ધર હોય એવો આત્મા અધ્ધર રાગ વિનાનો. સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે, બાપુ! બાકી તો ચૌર્યાશીના અવતારમાં હેરાન... હેરાન... હેરાન... આહાહા..!

'**ઈસલિયે બારબાર ભાવનાસે...**' દેખો! વારંવાર આનંદ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ, જ્ઞાન જેનો ભાવ, જ્ઞાન જેનું સ્વરૂપ, જ્ઞાન જેનું સત્‌નું સત્ત્વ, આત્મા સત્‌ એનું જ્ઞાન આખું સત્ત્વ, એની ભાવના વારંવાર કરવી. વિકલ્પ ને રાગ ને નિમિત્તની નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈસલિયે બારબાર ભાવનાસે ભાવ લગાને પર હી સિદ્ધિ હૈ.**' ભગવાન આનંદમૂર્તિમાં ભાવના કરતા, એકાગ્ર કરતા જે શુદ્ધ ભાવ પ્રગટ થાય એ શુદ્ધથી સિદ્ધિ છે. કહો સમજાણું કાંઈ? પહેલી સમજણનાય ઠેકાણા જેના નથી, એને તો સમ્યગ્દર્શન વિના જે કાંઈ છે એ બધું વ્યર્થ છે. સમજણના ઠેકાણા નથી કે સમજણ આ ચીજ આવી છે. હું એકલો વિકલ્પ દયા, દાન, વ્રતના રાગ વિનાની મારી ચીજ છે. અને એ ચીજનો અનુભવ અને પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. અને એ ભાવ વિના વ્રતાદિની, પઠનની, શ્રવણની, એ પઠન અને આ શ્રવણની બધી નિરર્થક વાત છે એમ કહે છે. એય..! 'ભીખાભાઈ'! આ શું કહે છે?

મુમુક્ષુ :- અરે..! ભગવાન! ... કહો છો.

ઉત્તર :- બોલતા આવડે છે ને બરાબર ગોઠવીને બોલે છે.

'**આગે કહતે હૈં કિ યદિ બાહ્ય નગ્નપને સે હી સિદ્ધિ હો તો નગ્ન તો સબ હી હોતે હૈં.**' હવે કહે છે કે નગ્નપણું ધારણ કર્યે જો સાધુપણું આવી જતું હોય તો તો બધા દુનિયા આખી નગ્ન જ છે. એમ કહે છે. આહાહા..! આત્માના શુદ્ધ ચૈતન્ય દર્શન વિના અને આત્માના અનુભવના સમ્યક્ વિના એ નગ્નપણા તો આખી દુનિયા કરે. નગ્નપણાથી ફળ શું છે? કહે છે. આહાહા..!

**दव्वेण सयल णग्गा णारयतिरिया य सयलसंघाया।**
**परिणामेण असुद्धा ण भावसवणत्तणं पत्ता।।६७।।**

**અર્થ :-** '**દ્રવ્યસે બાહ્યમેં તો સબ પ્રાણી નગ્ન હોતે હૈં.**' કેમ? '**નારકી,...**' જેટલા નારકી, અસંખ્ય નારકીઓ છે, પહેલી નરકથી સાતમી, નગ્ન જ છે. ત્યાં એને વસ્ત્રનો ટૂકડો નથી. સમજાણું કાંઈ? મોટા રાજા, મહારાજા, ચક્રવર્તી મરીને નર્કે ગયા. 'બ્રહ્મદત્ત', જેવા ત્યાં રવરવ નરકે અત્યારે છે. 'બ્રહ્મદત્ત' અપરિઠાણે. ૩૩ સાગરની સ્થિતિ. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવા ૩૩ સાગરે નારકી નાગો છે ત્યાં. અહીં હીરાના ઢોલિયામાં સૂતો સૂતો મરી ગયો છે. 'બ્રહ્મદત્ત'. ચૌદ હજાર દેવ જેની તેનાતમાં હતા. દેવ, હોં! ૩૨ હજાર જેને રાજાઓ આમ ખમા અન્નદાતા (કહીને) ચામર ઢાળતા. એ મરીને પોઢ્યા સાતમી

નરકે. સમજાણું કાંઈ? કહે છે કે એ તો નાગા છે. જો નાગાથી લાભ થઈ જતો હોય તો એને લાભ થવો જોઈએ. આહાહા..! સત્ય વાત જેમ હોય એમ આવે ને. એય..!

મુમુક્ષુ :- એમાં ઢીલું ચાલે નહિ.

ઉત્તર :- ઢીલું ચાલે નહિ કાંઈ.

'**દ્રવ્યસે બાહ્યમેં તો સબ પ્રાણી નગ્ન હોતે હૈં.**' '**सयल**' ની વ્યાખ્યા કરે છે કે '**નારકી જીવ ઔર તિર્યંચ જીવ તો નિરંતર વસ્ત્રાદિસે રહિત નગ્ન હી રહતે હૈં.**' પશુને વસ્ત્ર નથી, ગધેડાને, ગાયુને, ભેસુંને છે? જો નાગા સાધુ થાય અને લાભ થતો હોય તો એને થવો જોઈએ.

મુમુક્ષુ :- .. થાય ને? .. આને શેનો થાય?

ઉત્તર :- ધૂળેય નથી લાભ. નાગો થાય તો શું? નાગો જ છે કહે છે. ઈ કહે છે વધારે, જુઓને!

વળી '**સકલસંઘાત કહનેસે અન્ય મનુષ્ય આદિ ભી કારણ પાકર નગ્ન હોતે હૈં..**' બાળક નગ્ન છે. સમજાણું કાંઈ? વગેરે વગેરે.. પુરુષો પણ નગ્ન તો થઈ જાય છે. પરિણામ તો મેલા છે. સમજાણું કાંઈ? '**મનુષ્ય આદિ...**' એટલે બાળપણ, યુવાનમાં વિષય-વાસના કાળે નગ્ન થઈ જાય છે. જો નગ્ન થવાથી લાભ થતો હોય તો એ પણ નાગા છે. એવો કડક દાખલો આપ્યો છે. આહાહા..! '**આદિ ભી કારણ પાકર નગ્ન હોતે હૈં તો ભી પરિણામોંસે અશુદ્ધ હૈ,...**' પરિણામ તો મેલા છે અંદર. આહાહા..!

આ ઓલામાં નહિ? બધા લંગોટ જ પહેરે. આદિવાસી હોય છે ને આદિ? શું આપણે તલાશ્રી તલાશ્રી ગયા હતા ને? તલાશ્રી. વાડની ઓલી કોર છે. એ તલાશ્રી પાણીમાં બુડી ગયું છે. એ ખાડમાં છે ને આમ. તલાશ્રી ગયા હતા. પહેલી ફેરે ગયા હતા. માગશર વદ-૮ ત્યાં કરી. 'કુંદકુંદાચાર્ય'ની તિથિ. બધા માંસ ખાનારા. તલાશ્રી આવે છે. 'વાપી-વાપી' 'વાપી' પછી એક આવે છે જંગલમાં. આદિવાસીનું. ત્યાં અમારે ચાલીને જાવું હતું ને ઓલામાં ડોલીમાં. એટલે ત્યાં ઉતર્યા હતા એક દિ' રહ્યા. પણ નીચાણમાં હતું. નદી મોટી હતી. ત્યાં મોઢા આગળ. સડક ઉપર મકાન છે એ રહી ગયા. એ બધા માંસ ખાનારા, લ્યો! સમજાણું? અને લંગોટી પહેરીને રહેનારા. મોટા-મોટા ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષના. અને જુવાન ૨૦-૨૦ વર્ષના. લાકડા લઈને નીકળતા. લાકડા પાકે ને બહુ? જંગલમાં લાકડા. ગાડામાં લાકડા નાખે. એક લંગોટી પહેરી હોય, લ્યો! પણ બિચારા અનાર્ય જેવા, ભાન ન મળે.

કહે છે, '**સકળસંઘાત...**' સંઘાત એટલે સમૂહ. '**અન્ય મનુષ્ય આદિ ભી કારણ પાકર નગ્ન હોતે હૈં તો ભી પરિણામોંસે અશુદ્ધ હૈ,...**' પરિણામ તો મેલા છે. '**ઈસલિયે ભાવશ્રમણપનેકો પ્રાપ્ત નહીં હુએ.**' ભાવસાધુપણાને પ્રાપ્ત થયા નથી. એવા નગ્નપણા

અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પો તો અનંતવાર કર્યા. એમાં કાંઈ આત્માનું સફળપણું આવ્યું નહિ. 'ભાવશ્રમણપનેકો પ્રાપ્ત નહીં હુએ.' આવું કર્યું છતાં.

મુમુક્ષુ :- કારણ નથી પછી શું?

ઉત્તર :- વસ્તુ જ ક્યાં હતી પણ એ? રાગાદિ ક્રિયા (છે). એ આત્મા વીતરાગભાવ છે એને કારણ ક્યાં રાગનું આવ્યું? એ કહેશે હવે, જુઓ!

**ભાવાર્થ :- 'યદિ નગ્ન રહનેસે હી મુનિલિંગ હો તો નારકી તિર્યંચ આદિ સબ જીવસમૂહ નગ્ન રહતે હૈં વે સબ હી મુનિ ઠહરે,...'** તો તો બધા મુનિ ઠરે. આહાહા..! એ આદિવાસી જુઓ તો બધા બસ, લંગોટી મોટી-નાની ને એય..! કાંઈ નહિ. ઢોરની જેમ બિચારા ફરતા હોય, લ્યો! **'વે સબ હી મુનિ ઠહરે, ઈસલિયે મુનિપના તો ભાવ શુદ્ધ હોનેપર...'** જુઓ! શુદ્ધ. ભાવશુદ્ધ. શુભ નહિ. અહીં ભાવપાહુડમાં એ સિદ્ધ કરવું છે. ચૈતન્ય ભગવાન શુદ્ધ મૂર્તિ ચૈતન્ય આનંદ, એના પરિણામ શુદ્ધ પુણ્ય-પાપના ભાવ વિનાના થાય એ શુદ્ધભાવને અહીંયાં ભાવ ગણવામાં આવ્યો છે. એ ભાવ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આદિવાસી શ્વેતાંબર છે?

ઉત્તર :- ના. ના. શ્વેતાબંર નહિ. અન્યમતિ. અન્યમતિ. અન્યમતિઓ. અન્યમતિ. ઘણા ગામ છે. બબ્બે બબ્બે ઝૂપડાં હોય. એકસાથે પચાસ-સો નહિ. જંગલવાસી બધા જંગલ. અને ભ્રમણાઓ બહુ. દેવી-દેવલાની ભ્રમણા બહુ. આ દેવીને માને અને દેવને માને. ઘણી ભ્રમણાઓ. બિચારા મૂર્ખમાં જન્મેલા. ભાન ન મળે કાંઈ. એવા અનંતા અવતાર જીવે કર્યા છે. એ કાંઈ નવું નથી. આહાહા..!

કહે છે, **'મુનિપના તો ભાવ શુદ્ધ હોનેપર હી હોતા હૈ.'** જુઓ! ભાવશુદ્ધનો અર્થ-આત્મા આનંદનો ધામ પ્રભુ એની રુચિ કરી અને એનું-શુદ્ધનું પરિણમન કરવું એને ભાવશુદ્ધ કહેવામાં આવે છે. પહેલી રુચિ પલટાવી દેવી. પુણ્ય-પાપના વિકલ્પ નિમિત્તની રુચિ છોડી અને ચૈતન્ય જ્ઞાયકભાવ છે તેની રુચિ કરતાં તેનું અંદર એકાકાર થઈને પરિણમન થાય ત્યારે તેને શુદ્ધભાવ સમકિત, જિનભાવના, જિનભાવના, વીતરાગભાવ એને કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અશુદ્ધભાવ હોનેપર દ્રવ્યસે નગ્ન ભી હો તો....'** કહે છે, પુણ્યના ભાવ હોય એ અશુદ્ધ છે. શુભ-અશુભ ભાવ એ બે અશુદ્ધ છે. **'અશુદ્ધભાવ હોનેપર દ્રવ્યસે નગ્ન ભી હો...'** બહારથી નગ્ન થઈ જાય. **'તો ભાવમુનિપના નહીં પાતા હૈ.'** એથી કાંઈ ભાવ સાધુપણું પામે નહિ. સાચું શ્રાવકપણું પણ પામે નહિ. આહાહા..! શુદ્ધ અને અશુદ્ધ ભાવ બે વચ્ચેની વાત કરી. શુભ-અશુભભાવ જે છે એ અશુદ્ધ ભાવ છે. ચાહે તો શુભ હો. મહાવ્રતના પરિણામ હો તો પણ એ અશુદ્ધ છે. અશુદ્ધ શુભ.

હિંસા, જૂઠું, અશુદ્ધ-અશુભ. પણ છે બેય અશુદ્ધ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બધે પાપ જ છે.

ઉત્તર :- પાપ જ છે ને. સ્વરૂપથી પતીત થાય છે. આહાહા..! આનંદમાંથી ખસી જાય છે ત્યારે પુણ્ય-પાપના પરિણામ થાય છે. પણ ખરેખર તો નિશ્ચયથી બેય પાપ છે. આહાહા..! આકરું માણસને એવું લાગે. મીઠાશ છે ને આ બાજુ પુણ્યની. આમ સગવડતા, શરીરની, ઈન્દ્રિયની, પૈસાની, મકાનની, ખાવા-પીવાની સગવડતાની મીઠાશ છે ને એને પુણ્યની મીઠાશ છે અંદર. જડની મીઠાશ છે. છે ને આપણે, જુઓ! જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. જુઓ! છે? પછી શું છે? તેને આત્માના ધર્મની રુચિ નથી. લ્યો, છે? છેને ભાઈ! ઓલા ખુણામાં ઉપર. પહેલો ચાકળો. પહેલો ચાકળો આ બાજુ. દક્ષિણ દિશામાં. 'જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે.' આ તો છે સુધી વાંચ્યું. એને આત્માના ધર્મની રુચિ નથી, એ નથી આવ્યું. આહાહા..! સૂક્ષ્મ પણ ભૂલ શું થાય છે એની એને ખબર નથી. સૂક્ષ્મ ભૂલ મોટું શલ્ય હોય છે, શલ્ય! આકરું કામ છે. આકરું એટલે મહાઅનંત પુરુષાર્થ માગે છે. સ્વભાવ સન્મુખનો, વિભાવથી વિમુખનો મહા પુરુષાર્થ. એવા સ્વભાવની શુદ્ધ વિના, કહે છે કે **'द्रव्यसे नग्न भी हो तो भावमुनिपना नहीं पाता है.'** હવે આ કહ્યું. ૬૮.

---

आगे इसी अर्थको दृढ़ करनेके लिए केवल नग्नपनेकी निष्फलता दिखाते हैं :-

**णग्गो पावइ दुक्खं णग्गो संसारसायरे भमइ।**
**णग्गो ण लहइ बोहिं जिणभावणवज्जिओ सुइरं।।६८।।**

नग्नः प्राप्नोति दुःखं नग्नः संसारसागरे भ्रमति।
नग्नः न लभते बोधि जिनभावनावर्जितः सुचिरं।।६८।।

**તે નગ્ન પામે દુઃખને, તે નગ્ન ચિર ભવમાં ભમે,**
**તે નગ્ન બોધિ લહે નહીં, જિનભાવના નહિ જેહને. ૬૮.**

**अर्थ :- नग्न सदा दुःख पाता है, नग्न सदा संसार-समुद्रमें भ्रमण करता है और नग्न बोधि अर्थात् सम्यग्दर्शन-ज्ञान-चारित्ररूप स्वानुभवको नहीं पाता है, कैसा है यह नग्न-जो जिनभावनासे रहित है।**

**भावार्थ :- 'जिनभावना' जो सम्यग्दर्शन-भावना उससे रहित जो जीव है वह नग्न भी रहे तो बोधि जो सम्यग्दर्शन-ज्ञान-चारित्रस्वरूप मोक्षमार्गको नहीं पाता है। इसलिये संसारसमुद्रमें भ्रमण करता हुआ संसारमें ही दुःखको पाता है तथा वर्तमानमें भी जो पुरुष नग्न होता है वह दुःखहीको पाता है। सुख तो भावमुनि नग्न हो वे मुनि ही पोते हैं।।६८।।**

## ગાથા-૬૮ ઉપર પ્રવચન

**णग्गो पावइ दुक्खं णग्गो संसारसायरे भमइ।**
**णग्गो ण लहइ बोहिं जिणभावणवज्जिओ सुइरं।।६८।।**

કડક વાત છે 'કુંદકુંદાચાર્ય'ની. આહાહા..! જુઓ! આ જિનભાવના એટલે સમ્યગ્દર્શન. ઘણે ઠેકાણે આપણે પહેલા આવી ગયું. આઠમી ગાથામાં. ૭૨માં છે, ૮૮માં છે, ૧૩૦માં છે. જિનભાવના.

**અર્થ :-** '**નગ્ન સદા દુઃખ પાતા હૈ,...**' દુઃખી થાય બિચારા, હેરાન-હેરાન પીડા પામે. વસ્ત્ર નહિ. ટાઢ-તડકા સહન કરે. એ તો દુઃખ પામે છે, કહે છે. સમજાણું કાંઈ? '**નગ્ન સદા સંસાર-સમુદ્રમેં ભ્રમણ કરતા હૈ...**' એ નાગા તો આત્માના ભાન વિના સંસારમાં ભમે છે.

મુમુક્ષુ :- જિનભાવના..

ઉત્તર :- એ જ કહે છે ને.

વળી '**નગ્ન બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન...**' દેખો! ન પામે, એમ કહે છે. જુઓ! નકાર છે આમાં. '**નગ્ન બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વાનુભવકો નહીં પાતા હૈ.**' નગ્નપણાથી કાંઈ મળતું નથી. એવું તો અનંતવાર લીધું. બાહ્ય ભેખની ક્રિયા ક્યાં આત્માની હતી? આહાહા..! નગ્નપણાથી સમ્યગ્દર્શન-જ્ઞાન બોધિનો લાભ નથી મળતો. આહાહા..! લ્યો! આવ્યું છે ને શાસ્ત્રમાં? 'ગોમ્મટસાર'માં. અનાદિ મિથ્યાદૃષ્ટિ હોય, દ્રવ્યલિંગી નગ્ન, એને એકદમ ધ્યાનમાં સાતમું આવી જાય, એવું આવે છે પાઠમાં. પણ એ કહે છે કે નગ્નપણાને લઈને નથી આવ્યું. સમજાણું? એ ઘણા નાખે છે, જુઓ! આમાં. નગ્ન મિથ્યાદૃષ્ટિ છે. પણ નગ્ન છે, પંચમહાવ્રતની ક્રિયા છે. એને જ્યારે અંદર ધર્મ થાય છે ત્યારે તે આત્મા અંતર શુદ્ધ આનંદકંદમાં જુકે છે અને અનુભવ કરે છે. ત્યારે એને સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે. માટે નગ્નથી બોધિલાભ મળે છે એમ નથી. એમ સિદ્ધ કરવું છે. એને સાધુપણું અંદર પ્રાપ્ત થાય છે એટલે એને બાહ્ય ક્રિયામાં નગ્ન જ પહેલો હોય છે. એટલી વાત. સમજાણું કાંઈ? શું કીધું એ?

આમ દ્રવ્યલિંગી તો હોય, નગ્ન આદિ અઠ્યાવીશ મૂળગુણ. પણ અંદરમાં આત્માનું ધ્યાન જો કરે, એ કારણે નહિ પણ આત્મા અંદર આનંદસ્વરૂપનું ધ્યાન કરે એને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય. નગ્નપણાથી સમ્યગ્દર્શન-જ્ઞાન બોધિનો લાભ થાય છે એમ ના પાડી. જુઓને! આવ્યું ને? શું કીધું? '**णग्गो ण लहइ बोहिं**' નગ્નપણાથી કાંઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય પમાતા નથી. કડક છે ને. નગ્નમુનિ પોતે દિગંબર છે. બોધિ નહિ, બોધિ લાભ મળતો નથી. આહાહા..! ત્યારે કહે, ત્યાં પણ નગ્ન થયો છે ત્યારે એને

સાતમું આવે છે ને? એને લઈને નહિ. એ આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ, એને અંતરના આનંદના મીણા ચડે છે અંદર. મીણો ચૈતન્યપ્રભુ અંદર જાગૃત થઈ આનંદને વેદે છે. એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. નગ્નપણાને લઈને નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એ છતાં પહેલી વાત આવી ગઈ હતી. મુનિ થાય ત્યારે કાંઈ ભાવમુનિ હોય અને નગ્નથાય પહેલો એવું હોતું નથી. ચારિત્ર આવ્યું અને હવે નગ્ન થાવ. એમ ન હોય. પહેલો પંચમહાવ્રત, સાવદ્યયોગનો ત્યાગ પહેલો આવે છે. પછી એની રુચિ છોડીને આત્માનું ધ્યાન કરે ત્યારે તેને સાચું મુનિપણું આવે છે. આવ્યું હતું ને? પંડિતજી! પહેલા આવ્યું હતું. બાકી નગ્નપણું લીધું માટે બોધિ પામે છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં તો ના પાડે ચોખ્ખું. **'णग्गो ण लहइ बोहिं'** નાગા બોધિલાભને પામતા નથી. ચોખ્ખી વાત. **'णग्गो ण लहइ बोहिं'** **'नग्नः प्राप्नोति दुःखं'** **'नग्नः प्राप्नोति दुःखं'** સંસ્કૃત પણ આવ્યું છે. આહાહા..! અંદર જિનભાવના. જુઓ! હવે આવે છે.

**'સ્વાનુભૂતિકો નહીં પાતા હૈ, કૈસા હૈ યહ નગ્ન-જો જિનભાવનાસે રહિત હૈ.'** લ્યો! જિનભાવના એટલે સમ્યગ્દર્શન. રાગની ભાવના એ મિથ્યાદર્શન. અને જિનભાવના એટલે વીતરાગી ચૈતન્યમૂર્તિ છું. એની અંતરની એકાગ્રતાની ભાવના એનું નામ જિનભાવના સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આ જિનભાવના ઘણે ઠેકાણે આવી છે. આપણે પહેલું આઠમી ગાથામાં આવ્યું. આઠમીમાં લખાણું છે ને? પછી આ ૭૨ છે. બીજે ઘણે ઠેકાણે છે. ૮૮ ગાથા છે. ૧૩૦ ગાથા છે. બધે જિનભાવના લખ્યું છે. જિનભાવના. જુઓ! પહેલા બતાવ્યું હતું. આઠમી ગાથામાં પહેલાં આવ્યું ને?? આઠમી-આઠમી.

ભાવપાહુડ. આઠમી. પહેલા આવ્યું હતું, કહ્યું હતું. એ વખતે કહ્યું હતું. આઠમી, જુઓ! **'भावहि जिणभावणा जीव!'** ભાવપાહુડની આઠમી. છે ને? **'भावहि जिणभावणा जीव!'** ૬૮. .. એ ૭૨. ૭૨ ગાથા. ઉપર છે ને? **'जिणभावणरहिय'**. પહેલી લીટી. **'जिणभावणरहियदव्वणिग्गंथा'** એ ૭૨માં છે. ૮૮માં. ૮૮ ગાથા. ૮૮માં છે, જુઓ! **'भावहि जिणभावणं णिच्चं'** ૮૮ ગાથા. **'भावहि जिणभावणं णिच्चं'** ૧૩૦. છેલ્લી ૧૩૦ ગાથા. ભાવપાહુડ. **'जिणभावणभावियो धीरो'** એ ૧૩૦માં છે. એ જિનભાવનામાં મહા સિદ્ધાંત છે કે આત્મા વીતરાગની મૂર્તિ આત્મા છે. એનો સ્વભાવ જિનસ્વરૂપ-વીતરાગસ્વરૂપ છે. અને એની શ્રદ્ધા એ વીતરાગભાવની શ્રદ્ધા છે. અને વીતરાગભાવની એ ભાવના છે. જ્ઞાનીને રાગની ભાવના હોતી નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એક કોર કહે પંચમહાવ્રત, એની પછી ભાવના. એમાં દોષ લગાડવો નહિ. આવે ને? વ્યવહારની વાતું હોય પણ વસ્તુ આ છે. જિનભાવના. લ્યો! સમજાણું કાંઈ? જિનભાવના ૬૮ આપણે ચાલે છે ઈ.

**'જિનભાવનાસે રહિત હૈ.'** જેને આત્મા ચૈતન્યબિંબ વીતરાગમૂર્તિની શ્રદ્ધાની ભાવના નથી, એની અંતર એકાગ્રતા નથી. એથી એની ભાવના રાગની છે તે રાગની ભાવનાવાળા જિનભાવના રહિત છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? બહુ માર્ગ પણ આકરો આવો. માળો કાંઈ સહેલો માર્ગ હશે કે નહિ? બીજે ક્યાંય?

મુમુક્ષુ :- આપ સહેલો કરો તો થાય, નહિતર ન થાય.

ઉત્તર :- માર્ગ તો આ સહેલો છે ને. પહેલું સમ્યગ્દર્શન એ પહેલો માર્ગ સહેલો. પછી ચારિત્ર એ મોંઘો. બેય માર્ગ છે વીતરાગભાવ, શુદ્ધભાવ. શુદ્ધભાવની ભાવના સમ્યગ્દૃષ્ટિને હોય છે. અજ્ઞાનીને શુદ્ધ ભાવની ભાવના હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'જિનભાવના જો સમ્યગ્દર્શન-ભાવના...'** દેખો! જિનભાવના એટલે સમ્યગ્દર્શન ભાવના. **'ઉસસે રહિત જો જીવ હૈ વહ નગ્ન ભી રહે તો બોધિ જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગકો નહીં પાતા હૈ.'** બોધિની વ્યાખ્યા એ ત્રણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. પણ જિન સમ્યગ્દર્શન ભાવના વિના એ બોધિ પામી શકે નહિ. એમ કે સમ્યગ્દર્શન જ્યાં નથી ત્યાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર પામી શકે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! કેટલી વાત સ્પષ્ટ મૂકી છે, લ્યો! લોકોને આકરી લાગે છે. હિતની વાત તો આ છે, ભાઈ! હા તો પાડ. માર્ગ તો આ છે. વીતરાગ પ્રભુ આત્મા, એની અંતર્મુખ થઈને શ્રદ્ધા અને જ્ઞાન શુદ્ધ પ્રગટવા, એનું નામ જિનભાવના છે. એ વીતરાગની ભાવના ભાવે એટલે વીતરાગપણામાં એ પ્રગટ થાય. જ્ઞાની રાગમાં એકાગ્ર થાય નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? **'जिणभावणवज्जिओ'** લ્યો, ઠીક!

**'વહ નગ્ન ભી રહે તો બોધિ જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગકો નહીં પાતા હૈ. ઈસલિયે સંસારસમુદ્રમેં ભ્રમણ કરતા હુઆ સંસારમેં હી દુઃખકો પાતા હૈ...'** આહાહા..! સંસારસમુદ્ર ચોર્યાશીના અવતાર. અહો..! જેમ શક્કરિયાને અગ્નિમાં નાખીને શેકે. એમ સીધા ભૂંડને અને રાજાના કુંવરને અગ્નિમાં નાખીને શેકે. એવા અનંતવાર ભવ થયા છે. 'નારણભાઈ' નહોતા કહેતા? 'નારણભાઈ' કહેતા હતા. 'નારણભાઈ' કહેતા, અમારે પારસી હતો. ભૂંડ હતો ભૂંડ. ભૂંડને પગે વાળા બાંધી, મોઢું બાંધી, પગે બાંધી. જેમ શક્કરકંદ નાખે શક્કરકંદ અગ્નિમાં (નાખે), એમ ભૂંડને નાખ્યું. પછી માથે અગ્નિ. બફાય એટલે ખાય પછી આહાહા..! ગજબ. લોકોને ત્રાસ લાગે પણ એથી અનંતગુણી પીડા પહેલી નરકના દસ હજારને પાસડે છે. ઉષ્ણપીડા. આખા ભૂંડને પગ બાંધ્યા લોઢાના તારે, સળિયા. પાતળા સળિયા લોઢાના આવે. વાયર. વાયર. લોઢાના પાતળા લઈ પગ બાંધ્યા. બે પગ આમ અગ્નિમાં નાખ્યું. નીચે અગ્નિ, છાણા ઉપર

અગ્નિ. બફાય. 'નારણભાઈ' કહે અરરર..! આ શું કર્યું તમે? કે અમારો ખોરાક છે. આહાહા..! એથી અનંતગુણા બાફમાં અનંતવાર બફાઈ ગયો છે. અનંતવાર, ભાઈ! આદિ ક્યાં છે? આદિ ક્યાં છે? આહાહા..! છે... છે.. છે... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ હતો ત્યાં શેકાઈ ગયો છે એ તો. ખબર નથી. ટાણા આવ્યા ત્યારે ક્યાંક રોકાઈ ગયો. માળો પણ. આહાહા..!

ઓલા આંધળાનો દાખલો છે ને? આંધળો હતો એને ગામમાં જાવું હતું. ગઢ હતો, ગઢ. ચારે બાજુ ગઢ. એમાં ચાર બારણા. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ. હવે એને કોણ લઈ જાય અંદર દરવાજા સુધી? એટલે કો'કને કીધું, ભાઈ મારે ગામમાં જાવું છે. ક્યાંથી જાવું? કહે, ગઢને હાથ અડાડતા જાવ. બારણું આવે ત્યારે ગરી જજો. અડાડતા જાય જ્યાં બારણું આવ્યું ત્યાં ખંજવાળ આવી. ઊભા રહીને ખંજવાળ કરી હોત તો વાંધો નહિ. પણ ચાલતા ચાલતા કરી ત્યાં બારણું વયું ગયું. ત્યાં પાછો ગઢ આવ્યો. વળી જ્યાં બીજું બારણું આવ્યું કહે, લાવને પેશાબ કરી આવું. પછી ઓલા ગઢને ત્યાં ને ત્યાં આવ્યો પાછો ચાલતો ચાલતો આઘો નીકળ્યો પેશાબ કરીને અને ઓલો પડ્યો રહ્યો. એમ ટાણા આવ્યા ત્યારે આવું કર્યું છે એણે, હોં! આહાહા..! થોડું બાયડીનું કરું, થોડું છોકરાનું કરી લઉં, થોડુંક આબરૂનું કરી લઉં, થોડુંક દુનિયામાં આગળ ગણાતો-ગણાતો ગણાઉં એવો આવી જાવ. ક્યાં ગણાવું છે તારે?

મુમુક્ષુ :- ભૂલવાના સ્થાન ઘણા છે.

ઉત્તર :- ઘણા છે. બીજામાં બીજાથી અધિકપણે કાંઈક હું છું. રૂપે, રંગે, કંઠે, આબરૂએ, પૈસાએ કોઈપણ રીતે હું અધિક છું, એમ મને કાંઈક ગણો અને ગણવામાં લ્યો, એવા ગણાવાના ભાવમાં મરી ગયો બિચારો. આહાહા..! પોતાને ગણ્યો નહિ અંદર. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**संसारसमुद्रमें भ्रमण करता हुआ...**' બોધિ ધર્મ વિના અને બોધિ સમ્યગ્દર્શન વિના. એમ. '**संसारमें ही दुःखको पाता है तथा वर्तमानमें भी जो पुरुष नग्न होता है वह दुःखहीको पाता है.**' સમ્યગ્દર્શન અને અનુભવ આનંદ તો નથી. એટલે જ્યાં હોય ત્યાં ખેદાય. દુઃખ જ હોય એને તો. પરિષહ પડે, અનુકૂળતા, પ્રતિકૂળતા. એ બેય પરિષહમાં દુઃખ જ હોય એને. આહાહા..! '**वर्तमानमें भी जो पुरुष नग्न होता है वह दुःखहीको पाता है. सुख तो भावमुनि नग्न हों वे ही पाते हैं.**' લ્યો! આહાહા..! અંતરમાં આનંદના શેરડા ફાટ્યા. જેમ ડુંગરમાંથી પાણીના ઝરણા ઝરે એમ ભગવાન આનંદનો ડુંગર, અરૂપી ચૈતન્યઘન, એના અનુભવથી આનંદના ઝરણા ઝરે એવો જે મુનિ તે નાગા હોય એ તો ભાવમુનિ થાય. ભાવમુનિને લઈને મુનિપણાનું સફળપણું છે. નાગાથી કાંઈ સફળપણું નથી. આહાહા..! પંચમહાવ્રત પાળે તોપણ એનાથી

સફળપણું કાંઈ નથી. અત્યારે તો એ પણ ક્યાં ઠેકાણા છે? એ સાધુને માનતા નથી. આહાહા..! બાપુ! સાધુપદ તો અલૌકિક પદ છે, ભાઈ! એ તો સવાર, બપોર ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં ચાલે છે એમાં નથી આવતું? ણમો લોએ.. ધન્ય સાધુપદ, બાપા! ચારિત્રપદ તો ઓહોહો..! સમજાણું કાંઈ?

જેની દશા દેહાતીત તો દૃષ્ટિ થઈ છે પણ રાગાતીત જેની સ્થિરતા થઈ છે. સમજાણું કાંઈ? એવી સ્થિરતા અને એ ચારિત્ર એ તો પરમેશ્વર પદ છે. ગણધરને પૂજ્ય છે. સમજાણું કાંઈ? પણ એ ભાવ-ભાવપણું હોવું જોઈએ ને? નહિતર કહે છે કે દુઃખને પામે એકલો નાગો તો, ભાવ વિના તો. સમ્યગ્દર્શન વિના બહાર રાગના કર્તા થાવું, શરીરની ક્રિયાના કર્તા થાવું, શરીરની ક્રિયાથી મને લાભ થાય, જીવતા શરીરથી કાંઈ ધર્મ થાય. આહાહા..! આવા અભિપ્રાયમાં ઘૂંચ્યા પડ્યા છે. ભાઈ! તારા દયાના ઉદ્ધાર કરનાર કોઈ બીજો નથી. તું કર તો થાય એમ છે. આહાહા..! સમજાણું કાંઈ?

---

आगे इसी अर्थको दृढ़ करनेके लिये कहते हैं – जो द्रव्यनग्न होकर मुनि कहलावे उसका अपयश होता हैं :-

**अयसाण भायणेण य किं ते णग्गेण पावमलिणेण।**
**पेसुण्णहासमच्छरमायाबहुलेण सवणेण।।६९।।**

अयशसां भाजने न किं ते नग्नेन पापमलिनेन।
पैशून्यहासमत्सरमायाबहुलेन श्रमणेन।।६९।।

**શું સાધ્ય તારે અયશભાજન પાપયુત નગ્નત્વથી,**
**– બહુ હાસ્ય-મત્સર-પિશુનતા-માર્યાભર્યા શ્રમણત્વથી. ૬૯.**

अर्थ :- हे मुने! तेरे ऐसे नग्नपनेसे तथा मुनिपनेसे क्या साध्य है? कैसा है – पैशून्य अर्थात् दूसरेका दोष कहनेका स्वभाव, हास्य अर्थात् दूसरेकी हँसी करना, मत्सर अर्थात् अपने बराबरवालेसे ईर्ष्या रखकर दूसरेको नीचा करनेकी बुद्धि, माया अर्थात् कुटिल परिणाम, ये भाव उसमें प्रचुरतासे पाये जाते हैं, इसीलिये पापसे मलिन है और अयश अर्थात् अपकीर्तिका भाजन है।

भावार्थ :- पैशून्य आदि पापोंसे मलिन इसप्रकार नग्नस्वरूप मुनिपनेसे क्या साध्य है? उलटा अपकीर्तनका भाजन होकर व्यवहारधर्मकी हँसी करानेवाला होता है, इसलिये भावलिंगी होना योग्य है।।६९।।

## ગાથા-૬૯ ઉપર પ્રવચન

**'આગે ઈસી અર્થકો દઢ કરનેકે લિયે કહતે હૈં - જો દ્રવ્યનગ્ન હોકર મુનિ કહલાવે ઉસકા અપયશ હોતા હૈ :-'** દ્રવ્ય નગ્ન હોય. દ્રવ્યે નાગા હોય. **'મુનિ કહલાવે...'** ભાવમાં ભાન કાંઈ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાનનું ઠેકાણું નથી. અપયશ થાય એનો જગતમાં. કાંઈ એવો વૈરાગ્ય પણ ન હોય, મૂળ સમકિત વિના અને ભાવ ન મળે અંદર. દુનિયામાં અપયશ થાય કે આવા ને આવા નાગા માળા.

**अयसाण भायणेण य किं ते णग्गेण पावमलिणेण।**
**पेसुण्णहासमच्छरमायाबहुलेण सवणेण।।६९।।**

**અર્થ :- 'હે મુને તેરે ઐસે નગ્નપનેસે તથા મુનિપનેસે ક્યા સાધ્ય હૈ?'** આહાહા..! આચાર્ય પણ પોતાના સંપ્રદાયની દૃષ્ટિને પણ નગ્નપણાની વ્યાખ્યા કરતાં આવી કરે છે, જુઓ! **'ક્યા સાધ્ય હૈ?'** ભાઈ! આત્માના આનંદના અનુભવ વિના **'પૈશૂન્ય અર્થાત્ દૂસરેકા દોશ કહનેકા સ્વભાવ,...'** કારણ કે ગુણનું ભાન નથી. તો બીજાના દોષ બતાવીને પણ પોતે અધિક છે એમ કહેવાના ભાવ તને થઈ જશે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ગુણનું ભાન તો નથી. એટલે બીજાના દોષ કહીને હું પણ એનાથી અધિક છું એમ જણાવવાનો ભાવ તારો સમ્યક્ અનુભવ વિના, સમ્યગ્દર્શન વિના રહેશે.

**'હાસ્ય અર્થાત્ દૂસરેકી હંસી કરના,...'** બીજાની મશ્કરી કરે. આ નાગા છે ને કાંઈ વૈરાગ્ય નથી. મોઢામાં વૈરાગ્ય નથી, કાંઈ ભાન પણ નથી સમ્યગ્દર્શન-જ્ઞાનનું. લોકો અપયશ કરે નાગાનું તો. એમ કહે છે. આહાહા..! **'દૂસરેકી હંસી કરના, મત્સર અર્થાત્ અપને બરાબરવાલેસે ઈર્ષ્યા રખકર...'** જુઓ! પોતાના જેવા સરખા હોય એમાં એનું કાંઈ નામ વધતું હોય તો ઈર્ષ્યા રાખે. પણ આત્મા આનંદની તો ખબર નથી. આત્માનો સ્વાદ અંતર, જેના અતીન્દ્રિય આનંદના સ્વાદના ઘૂંટડા પીતાં.. તરસ્યો જેમ શેરડીનો રસ પીવે. ઉનાળાનો દિ' (હોય), બાર વાગ્યા હોય. ચાર ગાવ ચાલ્યો હોય, તડકો હોય, પાણી કાંઈ મળ્યું ન હોય. એમાં શેરડીનો રસ મળે. ઘટક-ઘટક પીતો હોય એ. એમ ધર્મી રાગના વિકલ્પ વિનાનું સમ્યગ્દર્શન આત્માના ભાનમાં એ આત્માના રસના ઘૂંટડા પીવે, એમ કહે છે. આહાહા..! એને દુઃખ ન હોય. આહાહા..!

આવા ભાન વિના **'અપને બરાબરવાલેસે ઈર્ષ્યા રખકર દૂસરેકો નીચા કરનેકી બુદ્ધિ,...'** રાખે. બીજાને હલકો બતાવવાની બુદ્ધિ એની રહ્યા કરે. કારણ કે વસ્તુ તો અંદરમાં તો નથી. પણ હું આમ પાળુ છું, મારું .. જો મારાથી આ થાય, બીજા આ નથી કરતા. એમ કરીને બાહ્યથી અધિકપણું બીજાને બતાવવા, બીજાથી બતાવવા

ત્યાં રોકાય જાય. વસ્તુનુ ભાન નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'માયા અર્થાત્ કુટિલ પરિણામ,...'** થાય. ભાવમાં નથી અને બહારમાં બતાવવું છે કે અમે મુનિ છીએ અને શ્રાવક છીએ. એમાં કેટલીક માયા-કપટ થાય અંદર. આહાહા..! **'યે ભાવ ઉસમેં પ્રચુરતાસે પાયે જાતે હૈં,...'** લ્યો! **'मलिणेण'** છે ને? **'णग्गेण पावमलिणेण'** **'ઈસલિયે પાપસે મલિન હૈ...'** લ્યો! **'बहुलेन'** છે ને એ તો. પ્રચુર એટલે **'बहुलेन'** અને મલિન. **'ઔર અયશ અર્થાત્ અપકીર્તિકા ભાજન હૈ.'** એ તો અપકીર્તિનું સ્થાન છે કહે છે. આહાહા..! દુનિયામાં પણ એમ કહે, એલા! પણ આને કાંઈ ભાન ન મળે અને આ નાગા થઈને ફરે છે. જૈન શાસનની હેલના કરાવે છે. સમજાણું કાંઈ? આચાર્ય મહારાજ તો આમ સ્પષ્ટ કરે છે. **'ઈસલિયે પાપસે મલિન હૈ ઔર અયશ અર્થાત્ અપકીર્તિકા ભાજન હૈ.'** એ અપકીર્તિનું વાસણ છે. ધર્મને નામે અપકીર્તિ દુનિયામાં થાય. વીતરાગ દૃષ્ટિ અને સમ્યગ્દર્શન-જ્ઞાન છે નહિ એટલે આ પ્રમાણે એનો અપયશ જગતમાં થાય. માટે તે નગ્નપણું કાર્યકારી નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૨૧, ગાથા-૬૯ થી ૭૨, શુક્રવાર, આસો વદ ૯, તા.૨૩-૧૦-૭૦**

ભાવપાહુડ. ૬૯ ગાથાનો ભાવાર્થ છે. ભાવાર્થ છે ને? કહે છે કે **'પૈશૂન્ય આદિ પાપોંસે મલિન ઈસપ્રકાર નગ્નસ્વરૂપ મુનિપનેસે ક્યા સાધ્ય હૈ?'** જેમાં પરની ચાડી, પરના દોષ દેખાડવા, પોતાનું અધિકપણું મનાવવું, વસ્તુની અંતર અનુભવ સમ્યગ્દર્શન વિના, એવા નગ્નપણારૂપ મુનિથી શું સાધ્ય છે? એનું તારુ ફળ શું એમાં આવે? **'ઉલટા અપકીર્તિકા ભાજન હોકર વ્યવહારધર્મકી હંસી કરાનેવાલા હોતા હૈ,...'** નિશ્ચયનો આનંદસ્વભાવ અંદર ધીરો અંતર અનાકુળ તો પ્રગટ્યો નથી અને બહારમાં બધી પછી વ્યવહાર ક્રિયામાં આકુળતા દેખાય. એટલે વ્યવહારધર્મની પણ હાસ્ય કરાવનાર હોય. અંતર સ્વરૂપની પ્રતીત, અનુભવ નથી અને ધીરાપણું જે અંદર જોઈએ તે પ્રગટ્યું નથી. બહારથી વેષ ધારણ કર્યો તો બહારથી અપકીર્તિ કરાવનાર વ્યવહારધર્મથી અપકીર્તિ થાય.

---

आगे इसप्रकार भावलिंगी होनेका उपदेश करते हैं :-

**पयडहिं जिणवरलिंगं अब्भिंतरभावदोसपरिसुद्धो।**
**भावमलेण य जीवो बाहिरसंगम्मि मयलियइ।।७०।।**

प्रकटय जिनवरलिंगं अभ्यन्तरभावदोषपरिशुद्धः।
भावमलेन च जीवः बाह्यसंगे मलिनयति।।७०।।

**થઈ શુદ્ધ આંતર-ભાવમલવિણ, પ્રગટ કર જિનલિંગને;**
**જીવ ભાવમળથી મલિન બાહિર-સંગમાં મલિનિત બને. ૭૦.**

अर्थ :- हे आत्मन्! तू अभ्यन्तर भावदोषोंसे अत्यन्त शुद्ध ऐसा जिनवरलिंग अर्थात् बाह्य निर्ग्रन्थ लिंग प्रगट कर, भावशुद्धिके बिना द्रव्यलिंग बिगड़ जायेगा, क्योंकि भावमलिन जीव बाह्य परिग्रहमें मलिन होता है।

भावार्थ :- यदि भाव शुद्ध कर द्रव्यलिंग धारण करे तो भ्रष्ट न हो और भाव मलिन हों तो बाह्य परिग्रहकी संगतिसे द्रव्यलिंग भी बिगाड़े, इसलिये प्रधानरूपसे भावलिंगहीका उपदेश है, विशुद्ध भावोंके बिना बाह्यभेष धारण करना योग्य नहीं है।।७०।।

## ગાથા-૭૦ ઉપર પ્રવચન

૭૦. 'આગે ઈસપ્રકાર ભાવલિંગી હોનેકા ઉપદેશ કરતે હૈં :-'

**पयडहिं जिणवरलिंगं अब्भिंतरभावदोसपरिसुद्धो।**
**भावमलेण य जीवो बाहिरसंगम्मि मयलियइ।।७०।।**

**અર્થ :- 'હે આત્મન્! તૂ અભ્યંતર ભાવદોષોંસે અત્યંત શુદ્ધ ઐસા જિનવરલિંગ અર્થાત્ બાહ્ય નિર્ગ્રંથ લિંગ પ્રગટ કર,...'** પહેલું સમ્યગ્દર્શન અનુભવ, આત્માનો અનુભવ પ્રગટ કરી પછી જિનવરલિંગ પ્રગટ કર. પાઠ છે ને? '**पयडहिं**' પ્રગટ કર. પછી નિર્ગ્રંથપણું ધારણ કર. મુનિને ઉદ્દેશીને ભાવશુદ્ધિની વાત છે ને વિશેષ? મુનિપણું એ ભાવશુદ્ધિ વિના હોતું નથી. શુદ્ધભાવ. પુણ્ય-પાપના ભાવ એ તો અશુદ્ધ મલિન છે. એનાથી કાંઈ સમ્યગ્દર્શન અને મુનિપણું હોતું નથી.

'**હે આત્મન! તૂ અભ્યંતર ભાવદોષોંસે અત્યંત શુદ્ધ...**' છે ને? અભ્યંતર ભાવદોષ. આત્મા આનંદસ્વરૂપ, એને કંઈ પણ પુણ્યના રાગમાં પ્રેમ રહી જાય, તેમાં સુખબુદ્ધિ રહી જાય તો એ અત્યંત ભાવદોષથી. '**ભાવદોષોંસે અત્યંત શુદ્ધ ઐસા જિનવરલિંગ...**' તો ભાવશુદ્ધ તો થયો નથી. આહાહા..! જે સમ્યગ્દર્શનમાં આત્માનો આનંદ પહેલો ભાસે, સમજાણું કાંઈ? આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદ. ઈન્દ્રના ઈન્દ્રાસનોના આનંદ પણ ઝેર જેવા છે એ તો. ચક્રવર્તીના સુખો, જુગળીયાના, એ બધા રાગના સુખ તો ઝેર છે. આત્માનું સુખ જે અંદર અતીન્દ્રિય આનંદ છે, એનો અનુભવ સમ્યગ્દર્શન વિના, એમાં પરમાં એની સુખબુદ્ધિ નીકળે નહિ. એમ કહે છે.

'**અભ્યંતર ભાવદોષોંસે અત્યંત શુદ્ધ ઐસા...**' આનંદસ્વરૂપ હું છું. અતીન્દ્રિય આનંદ એ જ હું. પરમાં સુખબુદ્ધિ થતાં અતીન્દ્રિય આનંદનો અનાદર અને અશાતનાની અહીંયાં હિંસા થાય છે. સમજાય છે કાંઈ? કાંઈ પણ શુભક્રિયા દ્રવ્યલિંગની હોય એમાં એને ઠીકબુદ્ધિ થઈ જાય, આ તો કાંઈક ઠીક કરીએ છીએ. તો એ અતીન્દ્રિય આનંદ જે

આત્માનો સ્વભાવ છે એનો એને અનાદર થઈ જાય છે. સમજાણું કાંઈ? માટે અતીન્દ્રિય ભગવાનઆત્મા, જેના આનંદની લહેજત, મજા સમ્યગ્દર્શન વિના એનો સ્વાદ અનુભવમાં આવતો નથી. એથી '**ભાવદોષોંસે અત્યંત શુદ્ધ...**' ભાવમાં વિકલ્પમાં કંઈ પણ સુખબુદ્ધિ રહી જાય એ બધો મિથ્યાત્વનો દોષ છે. '**અત્યંત શુદ્ધ ઐસા જિનવરલિંગ...**' પછી નિર્ગ્રંથ લિંગ ધારણ કર. નિર્ગ્રંથ લિંગ પ્રગટ કર. એમ છે શબ્દ ને પાઠમાં?

'**ભાવશુદ્ધિ કે બિના દ્રવ્યલિંગ બિગડ જાયેગા,...**' અંતરમાં આનંદસ્વભાવનો પ્રેમ રુચિ પરમાત્માની થઈ નથી, પોતે પરમાત્મા આનંદસ્વરૂપ છે. એનો જ્યાં પ્રેમ થયો નથી, એનો પ્રેમ રાગ અને નિમિત્તની ક્રિયામાં લુંટાઈ ગયો છે. સમજાણું કાંઈ? આહાહા..! એ '**ભાવશુદ્ધિકે બિના દ્રવ્યલિંગ બિગડ જાયેગા,...**' અંદર કંઈપણ અભિમાન થશે, અમે કાંઈક કરીએ છીએ, આ કરીએ (છીએ) એવું અભિમાન થશે તો તારું ભાવલિંગ બગડી જશે.

મુમુક્ષુ :- શુભભાવ બગડી જાશે કે...?

ઉત્તર :- શુભભાવના પણ ઠેકાણા નહિ રહે એમ કહે છે. શુભભાવ રહે પણ એ બગડેલો ભાવ છે ને? અને એમાં કાંઈક માયાચારીપણું આવી જશે. નથી એને મનાવવું છે બહારમાં. લોકો પાસે મનાવવું છે બહારમાં એ તો માયા-કપટ અને મેલો ભાવ થઈ જશે. એમ કહે છે. શુભભાવના પણ ઠેકાણા નહિ રહે. સમજાણું કાંઈ?

'**ભાવશુદ્ધિકે બિના દ્રવ્યલિંગ બિગડ જાયેગા,...**' પાઠ છે ને અંદર, જુઓને! '**भावमलेण य जीवो बाहिरसंगम्मि मयलियइ**' મેલો થઈ જશે અંદર. આહાહા! મોટું પદ નામ ધરાવ્યું હોય. અંતરમાં વસ્તુની દૃષ્ટિ અને અનુભવ હોય નહિ. પછી કંઈક કંઈક ભાવ બગડ્યા વિના રહે નહિ. આ અમારું માનતા નથી, આ અમને આદર કરતા નથી, આ ફલાણું (કરે છે), એમ બધી બહારની ચાહના એની નહિ મટે. '**બાહ્ય પરિગ્રહમેં મલિન હોતા હૈ.**' જુઓ! '**ક્યોંકિ ભાવમલિન જીવ...**' મિથ્યાદૃષ્ટિપણું છે. જ્યાં આત્માના આનંદની પ્રતીત અને પ્રેમ ને ભાવ ઉઘડ્યો નથી એના '**ભાવમલિન જીવ બાહ્ય પરિગ્રહમેં મલિન હોતા હૈ.**' એને બાહ્ય પરિગ્રહ છૂટે જ નહિ પ્રેમ એનો. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ તો ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ પરિગ્રહનો પ્રેમ છૂટી ગયો છે. રાગ આવે એનો પણ પ્રેમ છૂટી ગયો છે. અને આને તો આત્માના પ્રેમની ખબર નથી. વસ્તુ શું છે એની (ખબર નથી). એટલે એને બહારમાં પ્રેમ થયા વિના રહેશે નહિ. પ્રેમ થવો એ પરિગ્રહ થવો બહારમાં. પક્કડ થશે પછી કે આ કરું તો આમ થાય... આ કરું તો આમ થાય... આ કરું તો આમ થાય.. દુનિયામાં અનુકૂળતા થાય, દુનિયા...

**ભાવાર્થ :- 'યદિ ભાવ શુદ્ધ કર દ્રવ્યલિંગ ધારણ કરે તો ભ્રષ્ટ ન હો...'** મૂળ અહીંયાં જિનભાવના સમ્યગ્દર્શન ઉપર આખું વજન છે. શુદ્ધભાવ-શુદ્ધભાવ. શુભાશુભ

પરિણામ તો બે અશુદ્ધભાવ છે. સમજાણું કાંઈ? **'ભાવ શુદ્ધ કર દ્રવ્યલિંગ ધારણ કરે...'** શુદ્ધ કરી. છે ને શબ્દ? શુદ્ધ એટલે સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? શુભાશુભ પરિણામ એ કાંઈ સમ્યગ્દર્શન અને ધર્મ નથી. શુદ્ધ ધર્મ છે. શુદ્ધ તો આત્મા પવિત્ર પૂર્ણ આનંદ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન તે દ્રવ્ય શુદ્ધ, તેને શુદ્ધભાવ કહેવામાં આવે છે. આહાહા..! ભારે કામ આકરું માણસને લાગે.

**'ભાવ શુદ્ધ કર દ્રવ્યલિંગ ધારણ કરે તો ભ્રષ્ટ ન હો ઔર ભાવ મલિન હોં તો બાહ્ય પરિગ્રહકી સંગતિસે દ્રવ્યલિંગ ભી બિગાડે...'** પરિગ્રહનો પ્રેમ એને અંદરમાંથી નહિ જાય. ક્યાંક-ક્યાંક-ક્યાંક એને આમ કરું... આમ કરું... ફલાણું કરું.. પાઠશાળા કરું, પાઠશાળામાં હું ધ્યાન રાખું, સંભાળું. એ બધો પરિગ્રહ મિથ્યાત્વની પક્કડ થઈ જશે એને. સમજાણું કાંઈ? **'પરિગ્રહકી સંગતિસે દ્રવ્યલિંગ ભી બિગાડે,...'** લ્યો! ભાવમુનિ ન હોય તો બાહ્ય પરિગ્રહ કરી... લક્ષ્મી, પૈસો, પુસ્તક એવા વધારીને હું કાંઈક છું. વસ્તુની દૃષ્ટિની તો ખબર નથી એટલે બાહ્યથી આમાં કાંઈક છું, બીજા કરતા મેં કાંઈક અધિક કર્યું. એમ **'દ્રવ્યલિંગ ભી બિગાડે,...'** દ્રવ્યલિંગમાં પણ શુભભાવના ઠેકાણા રહેશે નહિ. એમ કહે છે. ભારે ભાઈ આચાર્યનું!

**'ઈસલિયે પ્રધાનરૂપસે...'** પ્રધાન એટલે મુખ્ય. **'ભાવલિંગહીકા ઉપદેશ હૈ,...'** અહીં તો ભાવપાહુડમાં મુખ્ય દર્શનશુદ્ધિ, જિનભાવના, આત્મા વીતરાગ સ્વભાવસ્વરૂપ છે એની એકાગ્રતાની શ્રદ્ધા-સમ્યગ્દર્શન-જ્ઞાન એનો અહીં મુખ્યપણે ઉપદેશ છે. સમજાણું કાંઈ? **'વિશુદ્ધ ભાવોંકે બિના બાહ્યભેષ ધારણ કરના યોગ્ય નહીં હૈ.'** વિશુદ્ધ નામ ચૈતન્યની શુદ્ધતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ. અંતરના અનુભવના સ્વાદ વિના. એમ કહે છે. બાહ્ય વેષ ધારણ કરવો એ વ્યાજબી નથી. આહાહા..! ક્યાંક-ક્યાંક તેની મીઠાશ રહી જશે. આત્માની મીઠાશ આવી નથી. આત્માની શું મીઠાશ હશે? સ્વાદ તો આ દૂધપાકનો સ્વાદ, મોસંબીનો સ્વાદ, શેરાનો સ્વાદ એમ કહે માણસ. આત્માનો સ્વાદ? ભાઈ! બીજાના સ્વાદમાં એનો સ્વાદ ક્યાં છે? એમાં એ વખતે રાગ થાય છે એનો સ્વાદ છે. આહાહા..! સારા મોસંબી, જાંબુ, ગુલાબજાંબુ. શું કહે છે એ માવાના? ઘીમાં તળેલા ફર્સ્ટક્લાસ કાંઈ ચાવવા ન પડે. ફટ-ફટ-ફટ. એમાં જે મીઠાશ છે એ તો જડ છે. જડનું જ્ઞાન અહીં થાય છે કે એ મીઠાશ એમાં છે, મારામાં નહિ. પણ એમાં એને મીઠાશ લાગે છે (કે) આ ઠીક છે. આત્માના સ્વાદની ખબર નથી એટલે એને રાગનો સ્વાદ આવે છે. ઓલાનો નહિ. શું કીધું? આ જાંબુ કીધાને? જાંબુ, આ મેસુબ, મોસંબી એનો સ્વાદ જીવને આવતો નથી, કોઈ અજ્ઞાનીને પણ. એ તો જડ છે, જડની દશા છે. જડનો સ્વાદ જીવને હોય?

મુમુક્ષુ :- એ તો જીભનું કામ છે.

ઉત્તર :- જીભનું કામ શું? જીભ તો જડ છે. જીભને ટેરવે ચીજ અડે. કાલે કહ્યું હતું ને થોડું? ટેરવે અડે ત્યારે જરીક લાગે. ટેરવાની આઘું હોય તો ન લાગે, અંદર જાય તો ન લાગે. આઘે જાય તો સ્વાદ ન લાગે. અહીં અડે ત્યારે જરીક સ્વાદનો ખ્યાલ આવે એને. ખ્યાલ આવે જ્ઞાનમાં. ખ્યાલ આવતા એ ઠીક છે એવો રાગ કરે. એ રાગને અનુભવે છે. જીભને નહીં, પર સ્વરૂપને નહિ. જડને શું અનુભવે? પણ આત્મા તો અરૂપી છે. આહાહા..! ખબર ન મળે એ ખબર. આત્મામાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. એ રંગ, ગંધ, સ્પર્શને ભોગવે? પણ એની અનુકૂળતા એના લક્ષમાં લઈને 'મને ઠીક છે' એવો સ્વાદ રાગનો લે છે એ. આકુળતાનો. પ્રતિકૂળતા વખતે દ્વેષનો સ્વાદ લે છે. સ્વાદ એને-અજ્ઞાનીને અનાદિનો રાગ-દ્વેષનો છે. નથી પરનો સ્વાદ, નથી આત્માનો સ્વાદ. 'નવનીતભાઈ'! ન્યાયથી સમજાય છે કે નહિ?

પરવસ્તુ તો જડ છે. માખણ હોય, રેશમ હોય, સુવાળું શરીર હોય, લ્યો! આ તો જડ-માટી છે. આનો અનુભવ જીવને હોય? આ તો જડ છે. એના ઉપર લક્ષ જતાં એને એમ થાય છે, આ ઠીક (છે). આનંદ છે એની તો ખબર નથી. મારામાં અતીન્દ્રિય આનંદ છે એ ઠીક છે. એવી તો શ્રદ્ધા ને જ્ઞાન થયા નથી. એથી આમાં મને ઠીક છે એમ માનીને રાગ કરે છે એ અશુભ રાગનું એને વેદન છે.

મુમુક્ષુ :- પાછો રાગને અશુભ કીધો.

ઉત્તર :- ત્યાં તો શુભ પણ ક્યાં છે.

મુમુક્ષુ :- મજા પડે છે એમાં અશુભ.

ઉત્તર :- મજા ધૂળેય પડતી નથી. માને. મૂરખ છે ને. પાગલ થયો ગાંડો-પાગલ. આહાહા..! એ અશુભ છે. શુભ તો એ નથી. આ તો ભગવાનની ભક્તિ, મહાવ્રતના પરિણામ એ શુભ. પણ એ શુભ પણ રાગ અને ઝેર છે. સમજાણું કાંઈ? આ તો અશુભભાવ છે. એ અશુભનું એને વેદન છે. ચાહે તો પાંચ-દસ લાખ મળે એમાં ખુશી થાય તો એ અશુભરાગનું વેદન છે. જાય તો અં.. એમ કરીને દ્વેષનું વેદન છે. બાકી કાંઈ પરનું વેદન એને નથી. પરનું અસ્તિત્વ જ પરમાં છે. આમાં નથી તો ક્યાંથી આવે? પણ આ ઊભો કરે છે રાગ-દ્વેષનું અસ્તિત્વ એની દશામાં. એનું એને વેદન છે. નથી પરનો અનુભવ, નથી આત્માનો અનુભવ અજ્ઞાનીને. સમજાણું કાંઈ? આહાહા..!

એ કહે છે, જુઓ! '**બાહ્ય પરિગ્રહકી સંગતિસે દ્રવ્યલિંગ ભી બિગાડે,...**' આહાહા..! તેથી પ્રધાન ભાવનો ઉપદેશ છે. પ્રભુ! તારા ઘરમાં આનંદ છે ને, નાથ! એને જોને તું. નિધાન અતીન્દ્રિય આનંદનું દાટીને પડ્યું છે. રાગના વિકલ્પની આડમાં ભગવાન અંદર ભુલાઈ ગયો છે એને. આહાહા..! એવો ચૈતન્ય અતીન્દ્રિય આનંદનું ચોસલું, આનંદકંદ ભગવાન, એની દૃષ્ટિનો અનુભવ કર, એનો અહીંયાં ઉપદેશ દેવામાં આવે

છે. બાકી તો બધા શુભ-અશુભના અનંતવાર અનુભવ કર્યા, કહે છે.

**'વિશુદ્ધ ભાવોંકે બિના બાહ્યભેષ ધારણ કરના યોગ્ય નહીં હૈ.'** લ્યો! વિશુદ્ધ લીધું પાછું, હોં! શુદ્ધથી વિશેષ. શુદ્ધ થયો સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એથી પણ થોડી વિશેષ સ્થિરતા. એવા **'વિશુદ્ધ ભાવોંકે બિના બાહ્યભેષ ધારણ કરના યોગ્ય નહીં હૈ.'** આહાહા..! અરે..! આવી વાતને સમજે તો ખરો પહેલો. બહારની માથાકૂટમાં પડ્યો. જિંદગી ચાલી જાય છે. દેહની સ્થિતિની સન્મુખ જિંદગી જાય છે. એ જાણે કે હું મોટો થાઉં છું. અહીં કહે છે કે તું મરણની સન્મુખ થા છો. કારણ કે જેટલી સ્થિતિ લઈને આવ્યો છે એમાં સ્થિતિ ઘટતી જાય છે હવે. બરાબર ને ભાઈ? મુદત જે લઈને આવ્યો એમાંથી એક સમય વધવાનો નથી દેહમાં. જેટલો મોટો થાય છે એટલો મરણની નજીક જાય છે. અરે અરે..! ભારે વાત! જગતના અને જ્ઞાનીના માપ જુદા. આહાહા..! ભાઈ! આ સંયોગી ચીજની સ્થિતિ છે તેટલી રહેશે. તેમાં તારું તત્ત્વ જે સંયોગ વિનાનું છે, એનો જો અનુભવ, સમ્યગ્દર્શન સ્વાદ ન લીધો તો પરના સ્વાદની મીઠાશ તને નહિ જાય. આહાહા..! અને એવા તારા મરણ વખતે પણ ભગવાન-ભગવાન કરો, 'મહાવીર' પરમાત્મા એ શુભરાગ. એનો સ્વાદ રહેશે અજ્ઞાનનો. એ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..! લોકો એમ કહે કે, વાહ! ભગવાનનું સ્મરણ (કરે છે). દુનિયાના ગજ કેટલા પણ? ભગવાન કરીને ભાઈએ દેહ છોડ્યો, સમાધિમરણ. ધૂળેય સમાધિ નથી. એ ભગવાન.. ભગવાન કરીને મરે-દેહ છૂટે તો એ વિકલ્પ છે, રાગ છે. રાગનો અનુભવ તો ઝેરનો અનુભવ છે. આત્માના અમૃતનો લુંટારો છે રાગ. કહો, 'ભીખાભાઈ'! આહાહા..! ભાઈ! તું ક્યાં લુંટા છો અને ક્યાં તારું ધન પડ્યું છે એ તને ખબર નથી. એમ કહે છે. માટે શુદ્ધ ઉપદેશનો અધિકાર છે. ભાવપાહુડ. દુનિયા દુનિયાની જાણે, તું તારું કર. દુનિયા એની પર્યાય પ્રમાણે પરિણમશે. એ કાંઈ તારે કારણે ત્યાં પરિણમશે એમ છે નહિ. આહાહા..! શું પણ આ તો 'કુંદકુંદાચાર્ય' કરુણા કરીને જગતને કહે છે, ભાઈ! 'વિશુદ્ધ ભાવોંકે બિના બાહ્યભેષ ધારણ કરના યોગ્ય નહીં હૈ.' એટલું કહ્યું, હવે વિશેષ કહે છે.

---

**आगे कहते हैं कि जो भावरहित नग्न मुनि है वह हास्यका स्थान हैं :-**

**धम्मम्मि णिप्पवासो दोसावासो य [१]उच्छुफुल्लसमो।**
**णिप्फलणिग्गुणयारो णडसवणो णग्गरूवेण।।७१।।**

धर्मे निप्रवासः दोषावासः च इक्षुपुष्पसमः।
निष्फलनिर्गुणकारः नटश्रमणः नग्नरूपेण।।७१।।

---

१. 'उच्छु' पाठान्तर 'इच्छु'

**નગ્નત્વધર પણ ધર્મમાં નહિ વાસ, દોષાવાસ છે,**
**તે ઈક્ષુફૂલસમાન નિષ્ફલ-નિર્ગુણી, નટશ્રમણ છે. ૭૧.**

अर्थ :- धर्म अर्थात् अपना स्वभाव तथा दसलक्षणस्वरूपमें जिसका वास नहीं है वह जीव दोषोंका आवास है अथवा जिसमें दोष रहते हैं वह इक्षुके फूलके समान है, जिसके न तो कुछ फल ही लगते हैं और न उसमें गंधादिक गुण ही पाये जाते हैं। इसलिये ऐसा मुनि तो नग्नरूप करके नटश्रमण अर्थात् नाचनेवाले भाँड़के स्वांगके समान है।

भावार्थ :- जिसके धर्मकी वासना नहीं है उसमें क्रोधादिक दोष ही रहते हैं। यदि वह दिगम्बर रूप धारण करे तो वह मुनि इक्षुके फूलके समान निर्गुण और निष्फल है, ऐसे मुनिके मोक्षरूप फल नहीं लगते हैं। सम्यग्ज्ञानादिक गुण जिसमें नहीं हैं वह नग्न होने पर भाँड़ जैसा स्वांग दीखता है। भाँड़ भी नाचे तब श्रृंङ्गारादिक करके नाचे तो शोभा पावे, नग्न होकर नाचे तब हास्यको पावे, वैसे ही केवल द्रव्यनग्न हास्यका स्थान है।।७१।।

## ગાથા-૭૧ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ જો ભાવરહિત નગ્ન મુનિ હૈ વહ હાસ્યકા સ્થાન હૈ :-**' નટશ્રમણ છે નટશ્રમણ. આહાહા..! ભાષા પણ.

**धम्मम्मि णिप्पवासो दोसावासो य [१]उच्छुफुल्लसमो।**
**णिप्फलणिग्गुणयारो णडसवणो णग्गरूवेण।।७१।।**

**અર્થ :- 'ધર્મ અર્થાત્ અપના સ્વભાવ તથા દસલક્ષણસ્વરૂપમેં જિસકા વાસ નહીં હૈ...'** શું કહે છે? '**धम्मम्मि णिप्पवासो**' ધર્મ નામ આત્મા આનંદ અને જ્ઞાન, શાંતિ સ્વભાવ, એમાં જેનો વાસ નથી, ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એમાં જેનો વાસ-વાસ-વસવું, રહેવું, રહેલો નથી. '**અપના સ્વભાવ...**' શાંતિ, વીતરાગતા. '**તથા દસલક્ષણસ્વરૂપ...**' વીતરાગભાવ ક્ષમા, શાંતિ, બધું વીતરાગભાવ, હોં એ! શુભભાવ નહિ. આહાહા..! '**ધર્મ અર્થાત્ અપના સ્વભાવ તથા દસલક્ષણસ્વરૂપમેં જિસકા વાસ નહીં હૈ વહ જીવ દોષોંકા આવાસ હૈ...**' અસ્તિ-નાસ્તિ કરી. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ અને એકલો જ્ઞાનસ્વભાવથી ભરેલો પદાર્થ, એમાં જેનો વાસ નથી. જુઓ! સમ્યગ્દર્શન-જ્ઞાન હોય તો એમાં વાસ હોય, નહિતર વાસ હોય નહિ. આહાહા..! એમ કહે છે. ભારે વાત. ભગવાનઆત્માના આનંદના જ્ઞાનના ધામમાં ચૈતન્યબિંબમાં જેનો વાસ નથી. '**વહ જીવ દોષોંકા આવાસ હૈ...**' અસ્તિ-

નાસ્તિ કરી. ભગવાન આનંદસ્વભાવમાં જેનો વાસ નથી એ દોષનો આવાસ છે. એ રાગ અને પુણ્ય-પાપના પરિણામમાં વસેલો છે. એ દોષમાં વસેલો છે. આહાહા..! કહો, આ મકાન-બકાનના આવાસની વાત નથી કરી.

અહીં તો આત્મા જ્ઞાન ચૈતન્યસ્વભાવનું બિંબ પ્રકાશની મૂર્તિ, ચૈતન્યપ્રકાશ સ્ફટિક મૂર્તિ અને અતીન્દ્રિય આનંદનો રસ એવો જે આત્મા, એમાં જેનો વાસ નથી, એમાં જેની દૃષ્ટિ નથી, એનું જેને જ્ઞાન નથી, એમાં જેની લીનતા નથી, એનો આત્મામાં વાસ નથી. એટલે ધર્મમાં એનો વાસ નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? '**વહ જીવ દોષોંકા આવાસ હૈ અથવા જિસમેં દોષ રહતે હૈં...**' લ્યો! એ દોષનો આવાસ છે, ત્યાં દોષમાં એ વસે છે. અથવા જેમાં દોષ જ વસે છે, ગુણ તો છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ ઝીણું આવું તત્ત્વ. માર્ગ તો એવો છે, ભાઈ! એણે કોઈ દિ' લીધો નથી એટલે એને મોંઘો લાગે છે. છે તો સત્ સરળ, સહજ. પણ એ ચીજનું મહાત્મ્ય એને અનંતકાળથી આવ્યું નથી. બહાર... બહાર... બહાર... બહાર... કોઈપણ રીતે એની મહિમા બહારમાં જાય છે. છેવટે પુણ્યભાવ કરે તો પણ કાંઈક કરીએ તો છીએ ને? કાંઈ કરીએ તો છીએ ને? એમ કરીને મિથ્યાદૃષ્ટિનું મહાત્મ્ય દોષના વાસમાં જાય છે એમ કહે છે. આહાહા..!

'**धम्मम्मि णिप्पवासो दोसावासो**' એમ કહ્યું ને? બે વાત. પાઠ છે ને એ? '**धम्मम्मि दोसावासो**' એટલે ધર્મમાં વાસ નથી, એટલે કે દોષમાં વાસ છે. ભારે શબ્દ ટૂંકા. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા નિજઘરમાં આનંદ ને જ્ઞાન ને શાંતિ પડી છે. એ શાંતિ આનંદ અને જ્ઞાનમાં જેનો વાસ નથી, એના સન્મુખ થઈને તેમાં રહ્યો નથી, એ દોષનો આવાસ છે. એનાથી વિમુખ થઈને રાગ અને દ્વેષમાં જેનું રહેવું છે એ દોષનો આવાસ છે-દોષનું ઘર છે. કહો, સમજાણું કાંઈ? બહુ ટૂંકું! ભેદજ્ઞાન.

જેનો રાગ અને દ્વેષના વિકલ્પમાં વાસ છે એ દોષના ઘરમાં પડ્યો છે. જે આત્માના આનંદમાં વસ્યો છે તે નિજઘરમાં વસે છે. એ ગુણનો આવાસ છે. આ દોષનો. આહાહા..! સમજાણું કાંઈ? કેવો છે એ? દૃષ્ટાંત આપે છે આચાર્ય. '**ઈક્ષુકે ફૂલકે સમાન હૈ,...**' એ શેરડીના ફૂલ સમાન. ઈક્ષુ-ઈક્ષુ. ગન્ના. ગન્નાનું ફૂલ હોય ને શેરડીનું? એ ફૂલમાં સુગંધ પણ હોય નહિ અને ફૂલ ખરીને ફળ પણ થાય નહિ. બીજે ફૂલ ખરીને ફળ થાય. સમજાણું કાંઈ? ફૂલ હોય ને જ્યાં પપૈયાના ફૂલ થાય તો એ ફૂલ ખરીને ફળ થાય. આના ફૂલમાં સુગંધ પણ નહિ અને ફૂલ ખરીને ફળ પણ નહિ. એય..!

'**ઈક્ષુકે ફૂલકે સમાન હૈ, જિસકે ન તો કુછ ફલ હી લગતે હૈં,...**' આ લીમડામાં જે ફૂલ થાય છે ને? કોર. એ કોર કેટલાક ખરી જાય ભલે પણ બાકી કોર ખર્યા પછી ત્યાં લીંબોળી ઝીણી થાય. ઝીણી લીંબોળી. લીંબોળી કહે છે? ફૂલ ખરે. આ

લીમડાના-નીમ, એના ફૂલ ખરે એની લીંબોળી થાય. એ તો ખરી જાય ભલે પણ કેટલાક ખરે અને પાછળ લીંબોળી થાય. ફળ થાય, એમ આંબાને કોર ફરે. આંબો હોય ને કેરી? એ કેરીનું આટલું ઝીણું ફળ આવે પહેલું. આ તો કહે છે શેરડીનું ફૂલ. નહિ સુગંધ, નહિ ફૂલ, નહિ ખરે ફળ. ફૂલ ખરે ફળ નકામું છે. આહાહા..! જુઓ! દાખલો કેવો આપ્યો.

'**ઈક્ષુકે ફૂલકે સમાન હૈ, જિસકે ન તો કુછ ફલ હી લગતે હૈં, ઔર ન ઉસમેં ગંધાદિક ગુણ હી પાયે જાતે હૈં. ઈસલિયે ઐસા મુનિ તો નગ્નરૂપ કરકે નટશ્રમણ...**' કહીએ. એ તો નટશ્રમણ છે. આહાહા..! આચાર્યને પણ... '**નાચનેવાલે ભાંડકે સ્વાંગકે સમાન હૈ.**' કહે છે. એની પાછી ઉપમા આપશે. ભાંડ તો કહે છે કે ભાઈ! દાગીના પહેરીને નાચે. અને આ તો દાગીના પહેર્યા નથી. દાગીના સમજ્યાને? ઝવેરાત-ઝેવર. ભાંડ છે એ ઝેવર પહેરીને નાચે. ઝેવર વિના.. કારણ કે અંદરની દૃષ્ટિનું ઠેકાણું નથી એટલે એની ગતિ, હાલવું, બોલવું બધું ચપળાઈ જ દેખાય. સમજાણું કાંઈ? અંદર વસ્તુની દૃષ્ટિ છે નહિ. એટલે ધીમાશ તો પ્રગટી નથી અંદરથી. સમજાણું કાંઈ? આહાહા..!

**ભાવાર્થ :- '*જિસકે ધર્મકી વાસના નહીં હૈ ઉસમેં ક્રોધાદિક દોષ હી રહતે હૈં.*'** ભાવાર્થ છે ને ભાવાર્થ. જેને ધર્મમાં વાસ નથી. જેનું ધર્મ સ્વભાવમાં વસવું નથી. ભગવાનઆત્મા શાંત... શાંત... શાંત... અરાગી વીતરાગી આનંદનું ધામ. વીતરાગી વિજ્ઞાન આનંદનું ધામ. એમાં જેનો વાસ, વસવું, ટકવું નથી, એ '**ક્રોધાદિક દોષ હી રહતે હૈં.**' ત્યાં તો એનાથી વિરૂદ્ધ વિભાવ જ વસે. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, પુણ્ય-પાપ ભાવ... ઓહોહો..! 'કુંદકુંદાચાર્ય'ની શૈલી તડાક અને ભડાક.

ભગવાનઆત્મા એના નિજ ઘર જોયા નથી. નિજ નિધાનના ધામમાં એની રુચિ-દૃષ્ટિ નથી, તેથી તે નિજ ધામમાં વસતો નથી. તે ધર્મ '**धम्मम्मि णिप्पवासो**' ધર્મના આવાસમાં એ નથી. દોષ નિવાસમાં (છે). ક્રોધ, માન, માયા, લોભ એ બધા વિકારી ભાવ સ્વભાવભાવમાં નથી. એટલે સ્વભાવથી વિરૂદ્ધભાવ એવા પુણ્ય-પાપના ભાવ, એમાં એ વસે છે. એ દોષનું ઘર છે. એ તો દોષમાં વસ્યો છે.

'**યદિ વહ દિગંબરરૂપ ધારણ કરે...**' આવું હોય અને દિગંબર મુનિપણું બહારમાં ધારે '**તો વહ મુનિ ઈક્ષુકે ફૂલકે સમાન નિર્ગુણ...**' લ્યો! એમાં કાંઈ ગુણ નથી અને એનું આત્માનું ફળ નથી. 'નિષ્ફલ હૈ,...' ઈક્ષુના રસનો દાખલો આપ્યો. ઈક્ષુના ફૂલનો. કહો, આહાહા..! સમજાણું કાંઈ? શેરડીને ફૂલ આવતા હશે. આપણને તો ખબર નથી. શેરડી હોય છે. શેરડી-ગન્ના. ચમરા હોય છે ફૂલ-ફૂલ. કાંઈક હશે, આપણે કાંઈ જોયું નથી.

મુમુક્ષુ :- દક્ષિણમાં વાવે ને ત્યાં ફૂલ આવે.

ઉત્તર :- એમ. હશે ક્યાંક. આપણે તો જોયું નથી.

મુમુક્ષુ :- ઈક્ષુકો ફૂલ હમારે યહાં તો નહીં હોતે.

ઉત્તર :- પણ અહીંયાં આવે છે, ભાઈ કહે છે જુઓને. ચમરા-બમરા ન હોય. ફૂલ હોય ફૂલ. ફૂલ નહિ હોય. દેખ્યા નથી ક્યાંય. ફૂલ-ફૂલ થતાં હશે. આહાહા..! ચમરા તો છે, મોટા લાંબા હોય એ દેખાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફૂલ-ફૂલ છે ફૂલ? એ તો ચમરા લાંબા.

અહીં તો કહે છે '**ઈક્ષુકે ફુલકે સમાન નિર્ગુણ...**' એટલે ફૂલમાં ક્યાંય ગુણ નથી અને એમાં કાંઈ ફળ નથી એમ કહે છે. આહાહા..! '**ઐસે મુનિકે મોક્ષરૂપ ફલ નહીં લગતે હૈં.**' લ્યો! આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના આનંદના અનુભવ વિના એવી બાહ્ય ક્રિયાના ..થી કાંઈ મોક્ષનું ફળ લાગે નહિ. એમ એ ભાવ વર્તમાન છે એ ગંધ વિનાનો છે. આત્માની ગંધ એમાં નથી. દુર્ગંધ છે. આહાહા..! ગંધ પણ નથી અને ફળ પણ નથી.

'**સમ્યગ્જ્ઞાનાદિક ગુણ જિસમેં નહીં હૈ વહ નગ્ન હોને પર ભાંડ જૈસા સ્વાંગ દીખતા હૈ.**' સમ્યગ્જ્ઞાન-દર્શન આદિ ગુણ સ્વભાવ સન્મુખ આનંદાદિનું જ્ઞાન નથી, એની શ્રદ્ધા નથી. તેથી '**નગ્ન હોને પર ભાંડ જૈસા સ્વાંગ દીખતા હૈ.**' હવે થોડું ઉમેરે છે. '**ભાંડ ભી નાચે તબ શ્રૃંગારાદિક કરકે નાચે...**' ભાંડ જે છે એ તો દાગીના-બાગીના પહેરી, ઝવેરાત-ઝેવર (પહેરી નાચે) '**તો શોભા પાવે, નગ્ન હોકર નાચે તબ હાસ્યકો પાવે, વૈસે હી કેવલ દ્રવ્યનગ્ન હાસ્યકા સ્થાન હૈ.**' તેમ કેવળ દ્રવ્યથી નાગા (થયા) એ તો હાસ્યનું સ્થાન છે. ઓહોહો..! સમ્યગ્દર્શન શુદ્ધભાવ શું છે, એ વિના બધું નિરર્થક છે. નિરર્થક પણ કહ્યું નહિ. ફળ મોક્ષનું નહિ લાગે. એટલે સંસારનું લાગશે. એનો અર્થ એ થયો ને?

આવે છે ને ગાથામાં? ... મહા ભાગા. અબુદ્ધા મહાભાગા. અબુદ્ધા છે. એ ગાથા આવે છે. શ્વેતાંબરમાં આવે છે, આ 'પ્રવચનસાર'માં આવે છે. 'પ્રવચનસાર' ત્રીજા ભાગમાં આવે છે. અબુદ્ધા મહાભાગા. જે આત્માની દૃષ્ટિ અનુભવ સમ્યગ્દર્શન નથી, અજ્ઞાની છે પણ મહાભાગ્ય છે. દુનિયામાં પુણ્યવંત અને દુનિયા વખાણે, દુનિયામાં સભા ભરાય એની. લાખો માણસો ભરાય. છે અબુધા. મહાભાગા. પણ ભાગ્યવાન છે, પુણ્યવંત છે. જીવ અબુધા મહાભાગા વીરા અસંમત્ત દંસણો. પણ વીર છે. ક્રિયાકાંડ આકરી કરે. મહિના-મહિનાના અપવાસ, બબ્બે-બબ્બે મહિનાના અપવાસ, રસનો ત્યાગ, ચામડા સૂકડી જાય. એવા વીર. વીરા પણ અસંમત્ત દંસણો. પણ છે સમ્યગ્દર્શન વિનાના. જીવ અબુધા મહાભાગા વીરા .. અશુદ્ધ... આ શ્લોક છે. 'કુંદકુંદાચાર્ય'નો. 'પ્રવચનસાર'.

તેનું બધું ફળ અશુદ્ધ હોય, અશુદ્ધ ક્રિયા છે બધી એની. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અશુદ્ધ છે. એનું સફળ છે, જે અનાદિથી સંસાર ફળે છે તે ફળશે. સંસારના ફળ વિનાની એની ક્રિયા નથી. સમજાણું કાંઈ? છે કે નહિ 'પ્રવચસાર'માં? ક્યાં હશે? આ 'પ્રવચનસાર' છે. એટલામાં હશે ક્યાંક.

**एसो त्ति णत्थि कोई ण णत्थि किरिया सहावणिव्वत्ता।**

**किरिया हि णत्थि अफला धम्मौ जदि णिष्फलो परमो।।११६।।**

૧૧૬ માં છે ઈ. '**અનાદિ કર્મપુદ્ગલની ઉપાધિના સદ્ભાવને આશ્રયે (-કારણે) જેને પ્રતિક્ષણ વિવર્તન વર્તે છે....**' જેને પુણ્ય અને પાપના વિકલ્પો સદાય વર્તે છે. '**એવા સંસારી જીવની ક્રિયા ખરેખર સ્વભાવનિષ્પન્ન જ છે;...**' એની પર્યાયમાં એનો એ સ્વભાવ વિભાવ છે એ પણે ઉત્પન્ન થયેલી છે. કર્મે કોઈ કરી નથી. '**તેથી તેને મનુષ્યાદિપર્યાયોમાંનો કોઈ પણ પર્યાય 'આ જ' એવો ટંકોત્કીર્ણ નથી; કારણ કે તે પર્યાયો પૂર્વ પૂર્વ પર્યાયના નાશમાં પ્રવર્તતા ક્રિયાફળરૂપ હોવાથી ઉત્તર ઉત્તર પર્યાય વડે નષ્ટ થાય છે. અને ક્રિયાનું ફળ તો, મોહ સાથે મિલનનો નાશ નહિ થયો હોવાથી, માનવું જોઈએ; કારણ કે - પ્રથમ તો, ક્રિયા ચેતનના્ પૂર્વોત્તરદશાથી વિશિષ્ટ ચૈતન્યપરિણામસ્વરૂપ છે; અને તે (ક્રિયા)-જેમ બીજા અણુ સાથે જોડાયેલા (કોઈ) અણુની પરિણતિ દ્વિઅણુકાર્યની નિષ્પાદક છે.**'

'**તે મનુષ્યાદિકાર્યની નિષ્પાદક હોવાથી સફળ જ છે;...**' અજ્ઞાનીની ક્રિયા સફળ છે. જ્ઞાનીની ક્રિયા નિષ્ફળ છે. કારણ કે જ્ઞાનીની ક્રિયા આત્માના સ્વભાવની ક્રિયા છે. એનું ફળ એને સંસાર નથી. કહો, સમજાણું કાંઈ? જુઓ! અહીંયાં '**નિષ્પાદક હોવાથી સફળ જ છે;...**' ધર્મીને નિષ્ફળ છે. જે સંસાર રાગથી ઉત્પન્ન થાય છે એ સફળપણું અજ્ઞાનીને છે. જ્ઞાનીને છે નહિ. આહાહા..! સફળ જ હોય એમ કીધું, એય..! 'ભીખાભાઈ'! અજ્ઞાનીની ક્રિયા સફળ છે, એમ કહે છે. આહાહા..! ધર્મીની ક્રિયા નિષ્ફળ છે. કેમકે એ આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રની એની ક્રિયા છે. એનું ફળ સંસાર નથી. અનાદિથી ફળે છે એ નથી. ૧૧૬ ગાથા છે. 'પ્રવચનસાર'.

માણસો સ્વાધ્યાય કરતા નથી અને સ્વાધ્યાય કરે તો પોતાને ગોઠે તેવો અર્થ કરીને કરે. પણ વાસ્તવિક તત્ત્વ શું છે એ રીતે વાંચતા નથી. એટલે ત્યાંથી એનું શલ્ય નીકળતું નથી. અહીં કહે છે 'અષ્ટપાહુડ'માં. 'કેવલ દ્રવ્યનગ્ન હાસ્યકા સ્થાન હૈ.' લ્યો!

आगे इसी अर्थके समर्थनरूप कहते हैं कि-द्रव्यलिंगी बोधि-समाधि जैसी जिनमार्गमें कही है वैसी नहीं पाता हैं :-

जे रायसंगजुत्ता जिणभावणरहियदव्वणिग्गंथा।
ण लहंति ते समाहिं बोहिं जिणसासणे विमले।।७२।।

ये रागसंगयुक्ताः जिनभावनारहितद्रव्यनिर्ग्रंथाः।
न लभंते ते समाधिं बोधिं जिनशासने विमले।७२।।

જે રાગયુત જિનભાવનાવિરહિત-દરવનિર્ગ્રંથ છે,
પામે ન બોધિ-સમાધિને તે વિમળ જિનશાસન વિષે. ૭૨.

अर्थ :- जो मुनि राग अर्थात् अभ्यंतर परद्रव्यसे प्रीति, वही हुआ संग अर्थात् परिग्रह उससे युक्त हैं और जिनभावना अर्थात् शुद्धस्वरूपकी भावना से रहित हैं वे द्रव्यनिर्ग्रंथ हैं तो भी निर्मल जिनशासनमें जो समाधि अर्थात् धर्म-शुक्लध्यान और बोधि अर्थात् सम्यग्दर्शन-ज्ञान-चारित्रस्वरूप मोक्षमार्गको नहीं पाते हैं।

भावार्थ :- द्रव्यलिंगी अभ्यन्तरका राग नहीं छोड़ता है, परमात्माका ध्यान नहीं करता है, तब कैसे मोक्षमार्ग पावे तथा कैसे समाधिमरण पावे ।।७२।।

## ગાથા-૭૨ ઉપર પ્રવચન

હવે ૭૨. 'આગે ઈસી અર્થકે સમર્થનરૂપ કહતે હૈં કિ-' એ કહ્યું એનું સમર્થન કરે છે. 'દ્રવ્યલિંગી બોધિ-સમાધિ જૈસી જિનમાર્ગમેં કહી હૈ વૈસી નહીં પાતા હૈ :-'

जे रायसंगजुत्ता जिणभावणरहियदव्वणिग्गंथा।
ण लहंति ते समाहिं बोहिं जिणसासणे विमले।।७२।।

**अर्थ :- 'જો મુનિ રાગ અર્થાત્ અભ્યંતર પરદ્રવ્યસે પ્રીતિ, વહી હુઆ સંગ...'** લ્યો! આત્માના દ્રવ્યનો પ્રેમ નથી, આનંદનો પ્રેમ નથી અને જેને પરદ્રવ્ય પ્રત્યેનો પ્રેમનો વિકલ્પ રાગ છે એવા રાગનો જેને સંગ જોતા. જુઓ! 'रायसंगजुत्ता' શુભરાગના પણ સંગથી સહિત છે એ જિનભાવના રહિત છે. એને રાગરહિત આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એની એને શ્રદ્ધા અને જ્ઞાનની ભાવના નથી. ભારે લૂખું લાગે. ઓલી વાર્તા માંડે મોટી. કથા એવી માંડે કે આને આજ માર્યો, કાલે મારશે. રાવણ ક્યારે મરશે? લક્ષ્મણના હાથથી. વાત સાંભળતા-સાંભળતા એવો રસ એને આવે ને. ઓલો કથા મૂકે એવી કાલે કે કાલે વાત હવે રહેશે. અરે..! ચાલો ભાઈ રાવણને કાલ મારશે રામ. અરે..! આ એની વાત નથી. આ તો રામ-આત્મરામ અજ્ઞાનને મારે એની આ વાત છે. સમજાણું

કાંઈ? એ આતમરામ અજ્ઞાનને મારે એ રાવણને માર્યો કહેવાય. એની તો ખબરું ન મળે. ઓલી બહારની લડાઈની વાતું અને કથા ને.. ઓહોહો..!

**'જો મુનિ રાગ અર્થાત્ અભ્યંતર...'** સંગ. છે ને? પાઠ છે ને? **'रायसंगजुत्ता'** મૂળ શાસ્ત્રનો અર્થ તો એવો છે કે રાગસહિત છે આ. એણે આત્માને રાગના વિકલ્પ સહિત માન્યો છે. તેથી રાગની જ એને ભાવના છે. એમ કહે છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ એ રાગ છે બધો. રાગની ભાવના, રાગનો જેને **'संगजुत्ता'** એમ છે ને? રાગ સંગ સહિત છે. ત્યારે જિનભાવના રહિત છે. અહીં એમ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ એની ભાવના સમ્યગ્દર્શન-જ્ઞાન, એનાથી રહિત છે. રાગભાવ સહિત છે, નિરાગભાવ રહિત છે. કહો, સમજાણું કાંઈ?

**'અર્થાત્ પરિગ્રહ ઉસસે યુક્ત હૈં...'** રાગ અભ્યંતર પરિગ્રહ છે ને? એક શુભરાગ પણ અભ્યંતર પરિગ્રહ છે. અને એ શુભરાગ મારો એ મિથ્યાત્વ પરિગ્રહ છે. આહાહા..! અભ્યંતર પરિગ્રહ છે ને ચૌદ? મૂળ પહેલો તો મિથ્યાત્વ પરિગ્રહ છે. રાગ તે હું છું, રાગથી મને લાભ થાય છે એવી જે અંતરની રુચિ છે તે મિથ્યાત્વરૂપી પરિગ્રહ છે. સમજાણું કાંઈ? **'પરિગ્રહ ઉસસે યુક્ત હૈં ઔર જિનભાવના અર્થાત્ શુદ્ધસ્વરૂપકી ભાવનાસે રહિત હૈં...'** લ્યો! આહાહા..! બહુ ટૂંકું. ઓલામાં ધર્મ પીવાસો-નીપીવાસો દોષા વાસો. અહીં એનો ખુલાસો કર્યો કે રાગમાં જેની એક્તા છે એ રાગનો જેને સંગ છે. વિકલ્પ સહિત છું એવો આત્મા જેણે માન્યો છે, એ રાગનો એને પરિગ્રહ છે. સમજાણું કાંઈ?

**'જિનભાવના અર્થાત્ શુદ્ધસ્વરૂપકી ભાવનાસે રહિત હૈં...'** ભગવાનઆત્મા તો શુદ્ધ (સ્વરૂપ છે). પુણ્ય-પાપના વિકલ્પ રહિત છે. એની દૃષ્ટિ રહિત છે તેથી જિનભાવના રહિત છે. કહો, સમજાય છે કે નહિ? આહાહા..! 'શુદ્ધસ્વરૂપકી ભાવનાસે રહિત હૈં વે દ્રવ્યનિર્ગ્રંથ હૈં...' તે દ્રવ્યનિર્ગ્રંથ છે. 'તો ભી નિર્મલ જિનશાસનમેં...' એ નિર્ગ્રંથ દ્રવ્ય હોય તોપણ અંદરના વિકલ્પના રાગની રુચિનો પ્રેમ છે અને રાગથી કંઈ પણ કંઈક મને અને પરને લાભ થશે, એવી જ્યાં દૃષ્ટિ છે એ રાગના પરિગ્રહ સહિત મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ભારે કામ આકરું. બહારથી અબજો રૂપિયા છોડ્યા હોય, બધું છોડીને સાધુ થયો હોય શેઠાઈ છોડીને, પણ અંદરમાં રાગના શુભમાં અંતર પ્રેમ અને રુચિ છે, કહે છે કે રાગ સંયુક્ત-સહિત તે પરિગ્રહી જીવ છે. આહાહા..! એ 'શુદ્ધસ્વરૂપકી ભાવનાસે રહિત હૈં...' કારણ કે રાગસહિત જેને માન્યો એ રાગની ભાવના કરે. રાગ રહિત જાણ્યો તો એ વીતરાગભાવના કરે. એકાગ્ર થાય. એમ. સમજાણું કાંઈ?

**'શુદ્ધસ્વરૂપકી ભાવના...'** એટલે એકાગ્રતા. એનાથી રહિત છે. **'વે દ્રવ્યનિર્ગ્રંથ હૈં તો ભી નિર્મલ જિનશાસનમેં જો સમાધિ અર્થાત્ ધર્મ-શુક્લધ્યાન ઔર બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગકો નહીં પાતે હૈં.'** દ્રવ્ય નિર્ગ્રંથ છે એ જૈનશાસનને

વિષે ધર્મધ્યાન, શુક્લધ્યાન ન પામે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ ન પામે. આહાહા..! અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, પંચમહાવ્રતના વિકલ્પ ચોખ્ખા હોય, તોપણ એ રાગ સંયુક્ત છે કહે છે અહીં તો. એ વસ્તુમાં નથી. છતાં એને રાગ સહિત ઊંડે-ઊંડે એનાથી લાભ મને થશે અને બીજાને પણ થશે. કરો, કરો, ભાઈ! જુઓ! એમાંથી તમને ધર્મધ્યાન થશે. ધર્મધ્યાન શેનું? રાગ એ ધર્મધ્યાન છે? સમજાણું કાંઈ? કેટલા લખાણ ચોખ્ખા છે. ગ્રંથ બહાર પડેલો છે. આ ગ્રંથ કાંઈ 'સોનગઢ'નો નથી. પહેલાના છે. અર્થ પણ પહેલાના ભરેલા છે. અહીં કાંઈ 'હિંમતભાઈ'એ નથી ભર્યા. 'હિંમતભાઈ' .. ભરતા-ભરતા તો શું થાશે હજી? કેટલા વર્ષ વયા ગયા. કહો, સમજાણું?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગ. શું કહ્યું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો જે મોક્ષમાર્ગ, એને દ્રવ્યનિર્ગ્રંથ પામશે નહિ. કેમકે સમ્યગ્દર્શનની દૃષ્ટિ નથી, સ્વભાવની ભાવના નથી અને રાગ સંયુક્ત છે. રાગના પરિગ્રહથી પકડાઈ ગયેલો છે. એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ નહિ પામે, લ્યો! સમજાણું? લ્યો! આ જિનભાવના આવીને આમાં? આઠમી ગાથામાં આવ્યું હતું, ૬૭માં આવ્યું હતું. આ જિનભાવના.

જિનભાવનાનો અર્થ જ સમ્યગ્દર્શન છે. કારણ કે આત્મા પવિત્ર પૂર્ણાનંદ ધ્રુવ અખંડ-અભેદ એક. એની દૃષ્ટિ સમ્યક્ થતાં તેને આત્માના સ્વભાવની ભાવના નામ એકાગ્રતા હોય છે. જેને રાગની પ્રીતિ અને રાગ સંયુક્ત જીવને માન્યો એને રાગને જ વધારવાની અને રાગની જ એકાગ્રતા અને રાગની જ ભાવના હોય છે. ભારે કામ પણ ભાઈ આ. તેથી માણસ આ બધો સમાજ બધો વળી જાય બહારની વાતમાં. આ થયું, આ કર્યું. આ કર્યું. દેશસેવા કરે છે, ફલાણું કરે છે, આમ કરે છે. અરે..! ભાઈ! તારા શરીરના પરમાણુનું પણ તું કાંઈ કરી ન શકે. આ રાગનું કરવું એ માન્યું એ રાગસહિત પરિગ્રહી છો, કહે છે. આહાહા..! તું પરિગ્રહ રહિત નિર્ગ્રંથ નથી. એમ કહે છે. નગ્નપણું ધારણ કર્યું છે, અઠ્યાવીશ મૂળગુણ છે તોપણ તું નિર્ગ્રંથ નથી, સગ્રંથ છો. રાગસહિત અને રાગથી લાભ માને છો એ તારી ઊંડી મીઠાશ છે. સગ્રંથ છો. સમજાણું કાંઈ? ક્યાંક લખ્યું છે. એમાં હશે કે ઓલા મોટામાં છે. સગ્રંથ કીધું છે એને. નિર્ગ્રંથમાંથી સગ્રંથ છો તું. સમજાણું કાંઈ? ઓલામાં છે ..માં ક્યાંક છે. ક્યાંક પુસ્તકમાં છે.

**ભાવાર્થ :- 'દ્રવ્યલિંગી અભ્યંતરકા રાગ નહીં છોડતા હૈ, પરમાત્માકા ધ્યાન નહીં કરતા હૈ,...'** લ્યો! ટૂંકું કર્યું. પરમાત્મા કોણ? પરમ-આત્મા. પરમ-આત્મા, પરમ-સ્વરૂપ. પરમ-આત્મા, પરમ-સ્વરૂપ. પરમસ્વરૂપ અર્થાત્ પરમ શુદ્ધ ચૈતન્યધાતુ, આનંદ અને જ્ઞાન એ એનું પરમસ્વરૂપ, એવો પોતે પરમાત્મા, એની એને શ્રદ્ધા-જ્ઞાન વિના એની ભાવના હોતી નથી. આહાહા..! **'અભ્યંતરકા રાગ નહીં છોડતા હૈ, પરમાત્માકા ધ્યાન નહીં કરતા હૈ,...'** આહાહા..! રાગની ભાવના છોડે નહિ, સ્વરૂપની ભાવના

કરે નહિ.

'**તબ કૈસે મોક્ષમાર્ગ પાવે...**' ત્યારે સમ્યગ્દર્શન કેમ હોય? જેણે રાગ સંયુક્ત જ માન્યું અને રાગની જ ભાવના (છે), એને સમ્યગ્દર્શન રાગ રહિત ચૈતન્યની દૃષ્ટિ હોય નહિ. '**તથા કૈસે સમાધિમરણ પાવે...**' સમાધિ કીધી છે ને? ઓલામાં ધર્મ શુક્લધ્યાન લીધું. સમાધિ એટલે ધર્મ શુક્લધ્યાન. સમાધિમરણ અહીં લીધું છે. જ્યાં આત્મા આનંદની લહેરમાં ઝૂલતો દેહ છૂટે. આ તો તરફડિયા મારતા (દેહ છોડે). સમજાણું? સ્વરૂપની દૃષ્ટિ અનુભવ નથી એટલે મરતા પરાણે પછી વ્રત લે અને પછી...

એક જણો કહેતો હતો. અહીં એક દિગંબર આવ્યો હતો. મહારાજ! આ સમાધિમરણમાં તરફડિયે-તરફડિયે મરતા હશે? પંચમકાળના જીવનું આવું સમાધિમરણ હોય? એમ પૂછતો હતો. કારણ કે જેટલાને જોયા એટલા મરતા તરફડિયા મારતા હોય અને હોય સાધુ. કાંઈ સમ્યગ્દર્શન નથી અને બાહ્યમાં સહનશીલતા તો આવી નથી અંદરથી. પછી સહન થાય નહિ, વ્યાધિ આકરી આવે. એક પૂછતો હતો. આવ્યો હતો. જેટલા જોયા એટલા કાં તો ક્લેશ હોય, ખેદ હોય, કાં આ હોય. મરતા આવું સમાધિમરણ હશે પંચમઆરાનું? એમ પૂછતો હતો. ભાઈ! આત્માનું જ્ઞાન નથી અને આત્માનું ભાન નથી અને સમ્યક્ નથી ત્યાં સમાધિમરણ હોય જ નહિ. સમજાણું? એ તરફડતા-તરફડતા પરાણે ગાળે. પછી પાણી પીવાય નહિ, તૃષા લાગી હોય. અંદર સમ્યગ્દર્શન તો છે નહિ. આત્માના સ્વાદનું તો ભાન નથી. પછી તરફડિયા મારીને પૂરું તો કરે. શું કરે? બહારમાં કાંઈ ભંગાય છે? આહાહા..!

અહીં કહે છે, મોક્ષમાર્ગ પામે નહિ અને સમાધિમરણ કૈસે પાવે? લ્યો!

મુમુક્ષુ :- સમાધિમરણ હોને કે બાદ સમ્યગ્દર્શન હોય છે.

ઉત્તર :- સહિત હોય તો જ મરણ.

મુમુક્ષુ :- કેટલા ભવ હોય?

ઉત્તર :- એ તો ઠીક, થોડા હોય. ભવ જ નથી પછી. સમ્યગ્દર્શન થયું તો રાગ પણ એનો નથી તો ભવ ક્યાંથી હોય? એ તો જ્ઞાતા-દૃષ્ટા છે.

મુમુક્ષુ :- કિતની પર્યાય હોગી?

ઉત્તર :- એ કહ્યું ને ... એ પર્યાય જ એની નથી. એમ વાત છે.

મુમુક્ષુ :- દ્રવ્યદૃષ્ટિ કે દ્વારા...

ઉત્તર :- ના, દ્રવ્યદૃષ્ટિ નહીં. જ્ઞાનમાં એમ છે. રાગ અને ભવ છે એ તો જ્ઞાનનું જ્ઞેય છે. તો કોઈને સાત-આઠ ભવ, પંદર ભવ રહી જાય. 'ભગવતી આરાધના'માં છે. અહીં તો ભવ રહી જાય એ નહિ. એ તો જ્ઞાનનું જ્ઞેય છે. સાત-આઠ ભવ, પંદર ભવ .. આઠ મનુષ્યના અને સાત દેવના. પંદર. સારું આરાધન થયું હોય. નહિતર

તો કોઈ સંખ્યાત ... વિના સમકિતમાં એકલા ચોથા. એકલું સમકિતમાં મરે તો કોઈને સંખ્યાત ભવ પણ થાય. ભગવતી આરાધના. એકલું સમ્યગ્દર્શન હોય અનુભવ અને મરે અને ચારિત્ર ન હોય તો કોઈને સંખ્યાત્ ભવ પણ થાય. પણ ઉત્કૃષ્ટ...

મુમુક્ષુ :-...

ઉત્તર :- સંખ્યાત્ ભવ. ચારિત્ર ન હોય અંદર રમણતા. સંખ્યાત્.

મુમુક્ષુ :- અર્ધપુદ્ગલ.

ઉત્તર :- અર્ધપુદ્ગલ નહિ, નહિ. અસંખ્ય પણ નહિ. સંખ્યાત-બહુ થોડા. પાઠ છે 'ભગવતી આરાધના'માં. સંખ્યાત ભવ હોય કોઈને. એ તો કોઈ જીવની વાત છે. બાકી સમ્યગ્દર્શનનું ઉત્કૃષ્ટ આરાધન થાય તો તો એકાવતાર કરી મોક્ષ જ જાય. એવો પાઠ છે. સમ્યગ્દર્શનનું ઉત્કૃષ્ટ આરાધન, મધ્યમ આરાધન, જઘન્ય આરાધન. બધું ઘણું છે. આ તો એક વાત છે. 'શ્રીમદ્' તો જ્યાં હોય ત્યાં પંદર ભવ કહે છે. સમ્યગ્દર્શન સહિત મરે તો પંદર ભવે મોક્ષ જાય. અહીંયાં એ સાત-આઠ ભવ ગણ્યા છે, 'ભગવતી આરાધના'માં. આઠ મનુષ્યના અને સાત દેવના. અહીંથી દેવ જાય. છેલ્લે પણ મનુષ્ય હોય. આઠ મનુષ્ય, આઠ દેવ. એ બધું પછી, એ તો આત્માના જ્ઞાનમાં જ્ઞેય તરીકે.

મુમુક્ષુ :- લગાતાર સમ્યગ્દર્શન.

ઉત્તર :- લગાતાર-લગાતાર. ૬૬ સાગર.

વસ્તુની અંતર દશા થઈ એ જાય ક્યાં? આત્મા જાય તો એ જાય. આહાહા..! લ્યો! 'મોક્ષમાર્ગ પાવે તથા કૈસે સમાધિમરણ પાવે.' લ્યો! ૭૨ થઈ, લ્યો!

---

आगे कहते हैं कि पहिले मिथ्यात्व आदिक दोष छोड़कर भावसे नग्न हो, पीछे द्रव्यमुनि बने यह मार्ग हैं :-

**भावेण होइ णग्गो मिच्छत्ताई य दोस चइऊणं।**
**पच्छा दव्वेण मुणी पयडदि लिंगं जिणाणाए।।७३।।**

भावेन भवति नग्नः मिथ्यात्वादीन् च दोषान् त्यक्त्वा।
पश्चात् द्रव्येण मुनिः प्रकटयति लिंगं जिनाज्ञया।।७३।।

**મિથ્યાત્વ-આધિક દોષ છોડી નગ્ન ભાવ થકી બને,**
**પછી દ્રવ્યથી મુનિલિંગ ધારે જીવ જિન-આજ્ઞા વડે. ૭૩.**

अर्थ :- पहिले मिथ्यात्व आदि दोषोंको छोड़कर और भावसे अंतरंग नग्न हो, एकरूप शुद्धआत्माका श्रद्धान-ज्ञान-आचरण करे, पीछे मुनि द्रव्यसे बाह्यलिंग जिन-आज्ञासे प्रकट करे, यह मार्ग है।

भावार्थ :- भाव शुद्ध हुए बिना पहिले ही दिगम्बररूप धारण कर ले तो पीछे भाव बिगड़े तब भ्रष्ट हो जाय और भ्रष्ट होकर भी मुनि कहलाता रहे तो मार्गकी हँसी करावे, इसलिये जिन आज्ञा यही है कि भाव शुद्ध करके बाह्य मुनिपना प्रगट करो।।७३।।

## ગાથા-૭૩ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ પહિલે મિથ્યાત્વ આદિક દોષ છોડકર ભાવસે નગ્ન હો, પીછે દ્રવ્યમુનિ બને યહ માર્ગ હૈ :-'** જરી જોર આપે છે. બાકી કંઈ પહેલા ચારિત્ર હોય અને પછી દ્રવ્યલિંગ હોય એમ નહિ. પણ અહીં તો ભાવનું જોર આપે છે. સમ્યગ્દર્શન ભાવ પહેલો હોય. આમાંથી કોઈ એમ કાઢે છે કે પહેલું ચારિત્ર હોય, પછી સમ્યગ્દર્શન હોય અને સાથે ચારિત્ર આવે. પછી સાતમે. પછી છઠ્ઠે આવી જાય ત્યારે વિકલ્પ આવ્યો ત્યારે લુગડા ઉતારે પછી. આમ આમાંથી કાઢે છે. એમ નથી. કારણ કે આમાં પહેલું કહ્યું છે ને? **'भावेण होइ णग्गो'** ભાવથી પહેલો નગ્ન થાય. દર્શન-જ્ઞાન-ચારિત્ર.

મુમુક્ષુ :- એ તો મિથ્યાત્વથી.

ઉત્તર :- **'त्ताई'** શબ્દ છે ને? **'मिच्छत्ताई य दोस चइऊणं। पच्छा दव्वेण मुणी पयडदि'** **'पच्छा'** દ્રવ્યથી મુનિ પ્રગટ કરજે. **'लिंग'** **'जिणाणाए'** પણ એનો અર્થ ઈ છે. પ્રથમ સમ્યગ્દર્શનના અનુભવ પછી દ્રવ્યલિંગ ધારણ કરે. એ આપણે આવી ગયું છે પહેલું. પછી ધ્યાન કરે ત્યારે ભાવલિંગ થાય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૨૨, ગાથા-૭૩ થી ૭૭, શનિવાર, આસો વદ ૧૦, તા.૨૪-૧૦-૭૦**

'અષ્ટપાહુડ'માંથી.

**भावेण होइ णग्गो मिच्छत्ताई य दोस चइऊणं।**
**पच्छा दव्वेण मुणी पयडदि लिंगं जिणाणाए।।७३।।**

**અર્થ :- 'પહિલે મિથ્યાત્વ આદિ દોષોંકો છોડકર...'** અનંત કાળથી મિથ્યાત્વ મહાપાપ છે એ એણે કોઈ દિ' જાણ્યું નથી, માન્યું નથી, છોડ્યું નથી. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય આનંદસ્વરૂપ છે. એનાથી વિરુદ્ધ શરીરાદિ મારા, પુણ્યાદિના પરિણામ મારા અને અલ્પજ્ઞ અવસ્થા વર્તમાન તેટલો, તે હું એ મિથ્યાત્વભાવ, પાપભાવ, પ્રથમ અધર્મભાવ એ છે. એ દોષ છોડી, પહેલા જેને જન્મ-મરણના દુઃખથી છૂટવું હોય, ચોર્યાશીના અવતારમાં પામર મિથ્યાત્વ થઈને ચાર ગતિમાં રખડે છે. એવા પ્રાણીને કહે

છે, જેને દુઃખથી મુક્ત થવું હોય તો પહેલા મિથ્યાત્વભાવને છોડવો. પાઠમાં મિથ્યાત્વ આદિ શબ્દ છે. એટલે મિથ્યાત્વ સંબંધી અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ પણ પહેલાં છોડવા.

**'ઔર ભાવસે અંતરંગ નગ્ન હો,...'** અંતર રાગ વિના વિકલ્પ જે પુણ્ય-પાપને લાગે એવો દુઃખરૂપ આકુળતા છે. એનાથી ભિન્ન ભગવાનઆત્મા પોતાનું સ્વરૂપ છે. એવું નગ્ન હોય. લાગણી, વિકલ્પની લાગણી જેમાં નથી. **'નગ્ન હો, એકરૂપ શુદ્ધાત્માકા...'** હું તો એક શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ વસ્તુ છું, પદાર્થ છું, મારી સત્તા રાગથી અને પરથી તદ્દન ભિન્ન છે. મારી મોજૂદગી, મારી હયાતી એકલો તો પવિત્ર શુદ્ધભાવ, એકરૂપ સ્વભાવ, એકરૂપ શુદ્ધાત્માનો સ્વભાવ, એનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કરે. પહેલો એણે શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મા એનું સમ્યગ્દર્શન વડે આચરણ કરે, સમ્યગ્જ્ઞાન વડે આચરણ કરે. **'પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ જિન-આજ્ઞાસે પ્રકટ કરે,...'** સમજાણું કાંઈ?

આ શબ્દ પડ્યો છે ને **'આચરણ કરે,...'** એમાંથી કોઈ એવું કાઢે છે કે પહેલું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરો અંદરમાં. પછી દ્રવ્યલિંગ ધારણ કરે. એમ ક્યાં છે? ચારિત્ર પહેલું આવે ઈ દર્શન સહિત આવે. સ્વરૂપ આત્મા ભગવાન, શુદ્ધ આનંદની પ્રતીત, અનુભવ, જ્ઞાન હોય પણ સ્વરૂપનું આચરણ થઈ જાય ચારિત્ર, તો તો પછી નગ્નપણું વિકલ્પો બાર પ્રકાર, વીસ પ્રકારનો હોય છે પોતાને, એની પછી કાંઈ જરૂર નથી. પણ અહીંયાં સમજાવવું છે. એટલે શૈલી એમ લીધી છે. **'मिथ्यात्वादीन् च दोषान् त्यक्त्वा'** મિથ્યા અભિપ્રાય, અવ્રત, કષાય આદિના ભાવો એટલે કે મિથ્યાત્વ સંબંધીની સાથે અવ્રત કષાયાદિ જે છે એની ભૂમિકાની... સમજાય છે કાંઈ આમાં? આ બધી કોની વાત કરે? કોની છે? કોઈ દિ' જાતને જાણવાને, જોવાને નવરો થયો નથી. આહાહા..!

'શ્રીમદ્' કહે છે ને સોળમે વર્ષે. સોળ વર્ષે. સોળ વર્ષની ઉંમરે. સાત વર્ષે જાતિસ્મરણ (થયું) હતું.

**હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યાં.**

સોળ વર્ષે કહે છે, સોળ! શરીરના સોળ વર્ષ, હોં! આત્માને વર્ષ-બર્ષ છે નહિ. સાંભળ્યું છે ને 'ચીનુભાઈ' એ? સાત વર્ષે એમને જાતિસ્મરણ થયું. પૂર્વ ભવનું જ્ઞાન. 'શ્રીમદ્ રાજચંદ્ર'ને. સોળ વર્ષે 'મોક્ષમાળા' પુસ્તક બનાવ્યું. 'મોક્ષમાળા'. ૧૦૮ પાઠ બનાવ્યા. માળાના ૧૦૮ મણકા હોય ને મણકા? ણમો અરિહંતાણં... ણમો સિદ્ધાણં...

એવા ૧૦૮ મણકા હોય ને શું કહેવાય એ? પારા. એમ ૧૦૮ પાઠ બનાવ્યા સોળ વર્ષે. એમાં એક પાઠમાં આ નાખ્યું. લખતાં લખતાં રુશનાઈ ઢોળાઈ ગઈ એમાં. કીધું આ શું? એટલે પછી આ બનાવ્યું.

'**હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**' હું કોણ છું? આત્મા છું. ક્યાંથી થયો? ક્યાંથી થાય? અનાદિ છે. સ્વરૂપ શું છે ખરું? એનું વાસ્તવિક-યથાર્થ સ્વરૂપ શું છે? શરીર, વાણી, મન, પુણ્ય-પાપના રાગ રહિત એની વાસ્તવિક ચીજ શુદ્ધ આનંદકંદ છે એ તો. એવા સ્વભાવની અંતર દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ છે. સમજાણું કાંઈ? એને અહીંયાં મિથ્યાત્વનો નાશ થઈ. મિથ્યાત્વ આદિ શબ્દ છે ને? એટલે વધારે કહે છે. વીતરાગ આચરણ ચારિત્ર હોય, એમ કહે છે. એ કહેવા માગે છે પણ એનો અર્થ કાંઈ... વીતરાગ ચારિત્ર હોય અને પછી દ્રવ્યલિંગ આવે.. એમ કેટલાક કહે છે. પંડિતોનો એક મત છે. પહેલું આવે સાતમું ગુણસ્થાન-ચારિત્ર. પછી વિકલ્પ આવે તો વસ્ત્ર છોડે. એમ ન હોય. સમજાણું કાંઈ? છે ને? ક્યાં? એમાં છે. લ્યો, આવું ક્યાં છે પંડિતજીને પૂછ્યું. 'પત્રાવળી'માં છે ને. 'તરંગીણી પત્રાવળી'માં છે.

મુમુક્ષુ :- એમાં આવે છે...

ઉત્તર :- તરંગીણી પત્રાવળી છે ને એમાં આ ગાથાઓ આવી છે. પહેલું એમ કે મુનિપણું આવે અંદર ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્ર વીતરાગ દશા (આવે) પછી સાતમેથી હેઠે ઉતરે ત્યારે વિકલ્પ આવે ત્યારે વસ્ત્ર છોડે. દ્રવ્યલિંગ ધારણ કરે. પત્રાવળીમાં એમ આવે છે. એમ હોય નહિ. સમજાણું કાંઈ?

અહીં તો મિથ્યાત્વ આદિને લગતા જે કષાયો છે એને જેણે છોડ્યા છે. મિથ્યાત્વ, અનંતાનુબંધી કષાય એ જેને આત્માના આનંદસ્વરૂપનું ભાન થઈને (છોડ્યા છે). અરે..! હું તો અતીન્દ્રિય આનંદનું ધામ સ્વભાવ સાગર છું. રાગનો વિકલ્પ એ મારો નહિ, મારામાં નહિ, પલટતી દશા એ મારામાં નહિ, અરે..! પલટતી અવસ્થા વર્તમાન નિર્મળ એ પણ મારા ત્રિકાળમાં નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! ધર્મ ચીજ કાંઈ મોંઘી છે. અરે..! ચોર્યાશીના અવતારમાં એક જરી પ્રતિકૂળતા આવે ત્યાં રાડેરાડ નાખે. .. થયો. શું કહેવાય આ? ગોટલા ચડે. કોલેરા. આહાહા..! જુવાન-જુવાન છોકરાને કોલેરા ચડે ને ગોટલા ચડે.

મુમુક્ષુ :- પગના ગોટલા ચડે.

ઉત્તર :- પગના ગોટલા. રાડેરાડ પણ. અરેરે.! શું કહે છે કોલેરા? કોલેરા કહે છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આપણે હિન્દુસ્તાનમાં તો એ શબ્દ છે. કોલેરા. કોલેરા. આ થયું નહોતું? રસ્તામાં. 'માંડળ'થી આવતા હતા સાથે. એના માણસો હતા. કેટલાક હશે? સો-બસ્સો હશે? રસ્તા જંગલ. હવે મા-બાપ ને કુટુંબ બધું સાથે. છ-છ ગાવે પડાવ નાખે. જંગલ ત્યાં. ખાવાનું સાથે રાખે .. ખાય. છ-છ ગાવ ચાલે. એમાં બે છોકરાને કોલેરા થયા જુવાન. રસ્તામાં. જંગલ. બેય જુવાન હતા. કોલેરા થયા. મા-બાપ કહે, ભાઈ! અમે શું કરીએ? અમે અહીંયાં રૈયતના નથી. કારણ કે જંગલમાં કોઈ ન મળે. આ કોઈ સથવારો સાથે હોય તો છ-છ ગાવે પડાવ નાખે અને સાથે ચોખા કે એવું હોય તો ખાય. હતા કે નહિ કોઈ? કોણ હતું? તમારે 'મૂલકચંદભાઈ' કોઈક સાથે હતા? સાથે હતા?

મુમુક્ષુ :- સાથે જાત્રા...

ઉત્તર :- કારણ કે જંગલ એકલું. .. મોટું જોખમ છે. માથે તકરાર .. લડાઈ-લડાઈ. 'જાપાન'ની લડાઈ. બોમ્બ પડતા. ભાગ્યા માણસો ત્યાં. યુવાન બેને કોલેરા. મા-બાપ કહે, ભાઈ! અમે અહીં રહેશું. અહીં કાંઈ સાધન નથી, ખાવાનું-પીવાનું. એક-એક પાણીનો લોટો .. ચાલી નીકળ્યા. ઓલા રોવે. અરે..! મા! અમે શું કરશું? એક પછી એક મરી ગયા હશે. કોલેરા... જુવાન માણસ હતા. વાણિયાના દીકરા. આહાહા..! એવા મરણ તો અનંતવાર થયા છે. એણે ક્યાં વિચાર ઈતિહાસ પોતાનો જોયો છે ક્યાંય? સમજાણું કાંઈ? દુકાનનો ધંધો માંડ્યો હોય પચાસ વર્ષથી તો એનો ઈતિહાસ તપાસે. પહેલા આટલી પેદાશ થતી, પછી આટલી હતી, પછી આટલી હતી. હવે વધી ગઈ. ધૂળની વધી નથી હવે. આ ઈતિહાસ તપાસે પણ આ અનંતકાળમાં ક્યાં હતો? અને ક્યાં ક્યાં રહ્યો છું? થોડી એક માણસપણું સગવડતા કાંઈ ચામડી સારી, પૈસા પાંચ-દસ લાખ થયા અને બાયડી-કુટુંબ થયા એમ થયું. ઓહોહો..! અરે..! મરી ગયો. એ ચીજમાં તું નથી અને તારામાં એ નથી. આહાહા..! પોતાની ચીજને...

અહીં કહે છે એકરૂપ શુદ્ધ ભગવાનઆત્મા છું હું તો. રાગનો વિકલ્પ દયા, દાનનો ઊઠે એ પણ મારી ચીજમાં નહિ. આગળ કહેશે. જરી આવે. સમકિતીને શુભભાવ આવે અશુભથી છૂટવા.

મુમુક્ષુ :- આવે એ જુદો વિષય છે અને એનો માલિક થાય...

ઉત્તર :- માલિક થાય, સ્વામી થાય, એનાથી લાભ માને (તો મિથ્યાદષ્ટિ છે). સમ્યગ્દષ્ટિ થયા પછી અનુભવ થઈને પછી શુક્લ જે શુદ્ધભાવ છે એ તો તદ્દન આદરણીય છે. અને શુભભાવને અશુભ ટળવા માટે સમકિતીને, હોં! અજ્ઞાનીને અશુભ ટળવા માટે છે જ નહિ. કારણ કે એને તો મિથ્યાત્વ એ મહા અશુભ પડ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! તારા મરણના રુદન તારી માએ કર્યા એના નીરના સમુદ્ર અનંત

ભરાણા, ભાઈ! આવા તારા મરણ થયા છે. ભૂલી ગયો તું. જરી કાંઈક સારી સગવડતા થઈ બહાર.. થઈ રહ્યું.

કહે છે કે હવે તો આ ટાણા-અવસર આવ્યા છે, ભાઈ! મિથ્યાત્વ આદિનો નાશ કર પહેલો. સમજાણું કાંઈ? મહાપાપ, મહાદોષ, મહા અધર્મ એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! પરમાં સુખ છે એવી બુદ્ધિ. પોતાના આનંદથી કાંઈક અધિકપણું પરમાં ભાસે. આમ લાભ, ઉત્સાહ (ભાસે) એનો અર્થ કે એ મારાથી અધિક ચીજ છે અને હું એનાથી હીણો છું. આહાહા..! સમજાણું કાંઈ? એ સૂક્ષ્મ મિથ્યાત્વ છે. એવા મિથ્યાત્વભાવ અને એનું અજ્ઞાન છોડ અને જ્ઞાન કર, શ્રદ્ધા કર, આચરણ કર. આચરણ એટલે સમકિત. પોતાનું જે આચરણ એટલું લેવું. વિશેષ આચરણ કરવા જાય તો ચારિત્ર થઈ જાય પહેલું અને પછી દ્રવ્યલિંગ અઠ્યાવીશ મૂળગુણ હોય એમ હોય શકે નહિ. લખાણ તો અનેક પ્રકારના આવે. એનો અર્થ સમજવો જોઈએ ને? લ્યો! અહીં તો આ કહે છે.

‘**શુદ્ધઆત્માકા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરે, પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ...**’ ધારણ કરે. સમજાણું કાંઈ? એ તો લખવાની શૈલી કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને? પહેલું સમ્યગ્દર્શન, આત્માનો અનુભવ, આનંદમૂર્તિ આત્મા છે. સચ્ચિદાનંદ સ્વરૂપ હું છું. મારામાં અતીન્દ્રિય આનંદની ખાણ છે. એકલો શાંતિનો સાગર છું. આહાહા..! મારી શાંતિ ક્યાંય બહારથી આવે એવી નથી. પૈસે નથી, બાયડીએ નથી, છોકરાએ નથી, આબરૂમાં નથી, મકાનમાં નથી, હજીરામાં ક્યાંય નથી. ‘ભગવાનજીભાઈ’! એ તો જોયું ને ત્યાં બે લાખ ઓછા કરીને પણ વેચવું પડ્યું. આહાહા..! કોના મકાન? કોનું વેચાણ? ભાઈ! તારી જાતને જો તો ખરો. આહા..! અંદર વસ્તુ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. ઉજળો-નિર્મળ કીધું ને? એકરૂપ શુદ્ધ આત્મા. વિકલ્પની અનેકતા નહિ, શરીરની ભિન્નતા. એનો સંયોગ તારી ચીજમાં નથી, ભાઈ! તું તો આત્મા છો.

એને છોડી ‘**પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ...**’ એટલે એનો અર્થ કે સમ્યગ્દર્શન અને આત્માના અનુભવ કર્યા પછી મુનિપણું અંગીકાર કર. એમ. સમજાણું કાંઈ? ‘મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ...’ અઠ્યાવીશ મૂળગુણ એને પ્રગટ થાય ત્યારે એને અઠ્યાવીશ મૂળગુણ દ્રવ્યલિંગપણે કહેવામાં આવે. નગ્નપણું તો બહાર પરનું. એ અઠ્યાવીશ મૂળગુણ એ વિકલ્પ આસ્રવ છે. એ કાંઈ આત્માના નથી. પણ ભાવસ્વરૂપનો અનુભવ થયા પછી એવો એક અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પનું દ્રવ્યલિંગપણું આવે છે એને અહીંયાં દ્રવ્યલિંગ પ્રગટ કર એમ કહેવામાં આવ્યું છે. ભારે વાત, ભાઈ! આહાહા..!

‘**પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ જિન-આજ્ઞાસે પ્રકટ કરે,...**’ જોયું! જિન આજ્ઞા પ્રમાણે અઠ્યાવીશ મૂળગુણ હોય એને. વીતરાગ પરમાત્માની આજ્ઞા આત્માનું જ્ઞાન,

સમ્યગ્દર્શન અનુભવ થયા પછી બાહ્ય લિંગમાં એને અઠ્યાવીશ મૂળગુણ હોય, પછી સ્વરૂપમાં ઠરે ત્યારે એને આનંદની ચારિત્ર દશા પ્રગટે. સમજાણું કાંઈ? 'પ્રકટ કરે, યહ માર્ગ હૈ.' આ માર્ગ છે ભગવાનનો. આહા..! બાળપણ ખેલમેં ખોયા, જુવાની થઈ સ્ત્રીમાં મોહ્યા, વૃદ્ધપણું દેખકર રોયા. ત્રણેયમાં કાંઈ કર્યું નહિ હું કોણ છું? સમજાણું કાંઈ? આ ભણવામાં ગયો. એય..! 'અતુલભાઈ'! ખેલમાં તો ભણવામાં. દસ-દસ વર્ષ, પંદર-પંદર વર્ષ તો ભણવામાં જાય. આહાહા..! પાપનું ભણવું. પાપનું હશે કે નહિ? આહાહા..! અરે..! તું તને ન ભણ્યો. તને તારી કિંમત ન થઈ. તેં કિંમત આપી પરને. આહાહા..! એક બીડી સરખી મળે, તમાકુ હોય તો આહા...! નારાયણ મળી ગયા જાણે! પણ શું છે?

એક હમણા આવ્યો હતો. ઓલું તમાકુ હોય છે ને તમાકુ ચુનાવાળું. આમ આમ કરતો હતો. ચુનો પડે છે ને? તમાકુ, આમ થાપણ મારે. એટલે શું ઓલી ઝીણી-ઝીણી ઊડી જાય અને પછી મોઢામાં અહીં નાખે. તમાકુ, જેમાં કંથવા મરી ગયેલા પડ્યા હોય. કંથવા સમજો છો? છોટા કીડા. અમે નજરે જોયું છે, હોં! ઘણા વર્ષની વાત છે. શું કહેવાય? 'કરમસદ'. 'કરમસદ' છે ને ગુજરાતમાં? આ 'વલ્લભ પટેલ'નું ગામ. એક ફેરી હું ત્યાં ગયેલો દુકાનેથી માલ લેવા. બીડી. વરિયાળીની બીડી થાય ત્યાં. તમાકુ હોય ને? વરીયાળી. વરિયાળીના રસમાંથી બીડી કરે એ લોકો. લેવા ગયેલા. આ તો ૬૬-૬૭ની વાત હશે. સંવત્ ૧૯૬૬-૬૭. રાત્રે રહ્યા હતા. પાટીદારનું ગામ હતું. સવારે અમે જંગલ નીકળ્યા હતા. સાથે હોય ને બતાવવા. ત્યાં વચમાં ખેતર હતું તમાકુનું. તમાકુનું ખેતર. આમ બતાવતા હતા કે આ ઠેકાણે છે. અરે..! કીધું, આમાં તો કેટલા જીવડા છે. એ મરી જાય. તમાકુના પાન હોય છે. તમાકુના પાંદડા. એમાં કંથવો બેસે. એની તિખાશને લઈને મરી જાય ત્યાં.

મુમુક્ષુ :- .. પત્તા...

ઉત્તર :- મરી જાય. એનો ભુક્કો કરીને આ છીંકણી (બનાવે). આહાહા..! હવે બાયું પણ સૂંઘવા શીખી છે. નહિતર બાયું નહોતી સૂંઘતી. હવે તો બીડી પીવે છે. આહાહા..! અરે..! ભગવાન! આ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આમ બહાર નજર પડતા ખબર તો પડે ને. આહાહા..! અરે..! ભગવાન! એને નશો ચડે એનાથી. તમાકુ ખાય, છીંકણી સૂંઘે. પાગલ છો. માળા. આહાહા..! વ્યસન એટલે કષ્ટ. એ તો બધું કષ્ટ છે. આહાહા..!

ભગવાનઆત્મા એ વ્યસન વિનાનો ચૈતન્ય વ્યસની છે એ તો. આહાહા..! અરે..! કોઈ દિ' કરવાનું એણે કર્યું નહિ. અને નહિ કરવાના કરીને ચોર્યાશીના અવતારમાં રખડ્યો.

બહારની મીઠાશું એવી સારી લાગે. મકાન, પાંચ-પચાસ લાખની મૂડી, હજીરા મોટા હોય, બાયડી-છોકરી રૂપાળી હોય, એમ.એ., એલ.એલ.બી.ના પૂંછડા વળગાડ્યા હોય. ઓહોહો..! શું છે પણ? એ બધા સોજા છે. સમાશે તો દુઃખી થઈશ. આહાહા..! જુઓને આપણે 'રમાબહેન', નહિ? સોજા થયા હતા. બ્રહ્મચારી. સોજા સમાણા, ઊડીને વયા ગયા. બાળબ્રહ્મચારી. 'રમા'. 'તપસી'ના ભાઈની .. પહેલો એણે રસ્તો લઈ લીધો. આ તમારી .. સોજા ચડી ગયા હતા. ... અસાધ્ય થઈ ગઈ, ત્યારે ખબર પડી. મેં કીધું, આ વળી શું છે? અસાધ્ય. ૧૯ થી ૩૦ વર્ષની ઉંમર. બાળબ્રહ્મચારી. 'કરશનભાઈ'ની દીકરી. ચાલ્યા ગયા. સોજા છે આ બધા બહારના. સમાણા ભેગા દુઃખી-દુઃખી... હાય.. હાય.. અરેરે..! કોઈ અમારું નહિ? કોણ તારું હતું? સાંભળને. અહીં તો શુદ્ધ ભગવાનઆત્મા એક એનો છે. આહાહા..! એની સામું જો અને એનો આદર કર. રાગ અને પર ને પર્યાયનો આદર છોડી દે. એની સામે જોવું છોડી દે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જિન-આજ્ઞાસે પ્રકટ કરે, યહ માર્ગ હૈ.'** વીતરાગની આજ્ઞા પ્રમાણે પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કરી, મિથ્યાત્વનો નાશ કરી પછી દ્રવ્યલિંગ અને અઠ્યાવીશ મૂળગુણ આદિ આવે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'ભાવ શુદ્ધ હુએ બિના...'** ભાવ શુદ્ધ હુએ બિના. ભાવ શુદ્ધ હુએ બિના, એમ કહ્યું છે. પુણ્ય-પાપના ભાવ થયા વિના એમ નહિ. આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્યનો ગંજ આનંદનું ધામ છે ને. એની શ્રદ્ધા-જ્ઞાનના **'શુદ્ધભાવ હુએ બિના પહિલે હી દિગંબરરૂપ ધારણ કર લે...'** પહેલેથી નગ્ન થઈ જાય દિગંબર. કહો, 'શાંતિભાઈ'! 'શાંતિભાઈ' થોડા ભાગ્યશાળી તે રહી ગયા. એ સાધુ થવાના હતા ને. 'શાંતિભાઈ'. 'લીંબડી'ના ગૃહસ્થ માણસ. બૈરા છે, છોકરા છે, મા-બાપ છે. દિગંબર સાધુ થઈ જવાના હતા. ... રહી ગયા આ સાંભળીને.

મુમુક્ષુ :- કહેતા હતા...

ઉત્તર :- ... વેગ આવી ગયો, વૈરાગ્ય આવી ગયો. બૈરા યાદ નથી. કેટલા વર્ષ પહેલાની વાત છે? ચાર-પાંચ વર્ષ? સાત વર્ષ? સાત વર્ષ થયા. બૈરાને કીધું, રજા કેમ આપી તમે આને? શું કરીએ? સામું જોવે નહિ, બેસે નહિ. રજા આપી દીધી. છોકરો છે, મા-બાપ છે, બધું છે. ગૃહસ્થ છે. સમજાણું કાંઈ? હેરાન થાત. .. ... સમ્યગ્દર્શનની તો ખબર નથી. એટલે એનો સાર પરમાં ચાલ્યો જાય છે. ... માયાચાર થાય, રાગાદિ વિશેષ થઈ જાય, સ્વરૂપના શુદ્ધ ચૈતન્ય ભગવાનની ભાવના તો છે નહિ.

**'ભ્રષ્ટ હોકર ભી મુનિ કહલાતા રહે...'** ભ્રષ્ટ હોય અને છતાં પોતાની પદવી તો મનાવ્યા કરે. એ તો મહામિથ્યાત્વનું સેવન છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ભ્રષ્ટ હોકર**

**ભી મુનિ કહલાતા રહે...**' જે પદ હોય એની પાસે દશા હોય નહિ. પછી '**મુનિ કહલાતા રહે તો માર્ગકી હંસી કરાવે...**' માર્ગનો હાસ્ય થાય, મશ્કરી થાય કે આહાહા..! ક્યાં મુનિ એને વૈરાગ્ય જોઈએ એ ન મળે. અને સમ્યગ્દર્શન વિના પુણ્ય-પાપથી હઠીને વૈરાગ્ય જ ન હોઈ શકે.

વૈરાગ્ય તો એને કહે છે ભગવાન કે શુભ-અશુભ જે રાગ ઉઠેને પુણ્ય-પાપના વિકલ્પ, રાગ, એનાથી હઠીને સ્વભાવમાં આવવું એનું નામ વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? આ બાયડી, છોકરા છોડી દે. છૂટા જ પડ્યા છે, ક્યાં ગરી ગયા હતા અંદરમાં? એ તો બહાર બિચારા રખડે છે. સમજાણું કાંઈ? એનામાં તો પુણ્ય અને પાપના ભાવ જે છે શુભ-અશુભરાગ, ભાવ એનાથી વિરક્ત થવું એનું નામ વૈરાગ્ય છે. આહાહા..!

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી. આવે છે ને 'શ્રીમદ્'માં?

**સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.**

લાખોના મોતીના વેપાર હતા 'શ્રીમદ્'ને. 'મુંબઈ'માં. પણ અંતરમાં આત્મભાન હતું. સમ્યગ્દર્શન થયું હતું. સમજાણું કાંઈ? પછી ભાવના ભાવે છે કે અહો..! અમે મુનિ ક્યારે થઈએ? આ સંસારનો રાગ છૂટીને અમે મુનિ ક્યારે થઈએ? '**સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી..**' ભાવ શબ્દે પુણ્ય-પાપના વિકલ્પાદિ બધાય.

**સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.**
**દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો.**

એ પરપદાર્થની મૂર્છા કેવી? મારો ભગવાન તો પરથી ભિન્ન છે ને. સમજાણું કાંઈ? એના સાધનની સરાણે ક્યારે ચડીશ અને ક્યારે ચારિત્ર લઈશ? એવી ભાવના ગૃહસ્થાશ્રમમાં સમકિતી ભાવે છે.

કહે છે, '**ભાવ શુદ્ધ કરકે...**' '**ઈસલિયે જિન આજ્ઞા યહી હૈ કિ ભાવ શુદ્ધ કરકે બાહ્ય મુનિપના પ્રગટ કરો.**' સમ્યગ્દર્શન અનુભવ કરી પછી મુનિપણાની ક્રિયા પ્રગટ થાય, અઠ્યાવીસ મૂળગુણ આદિ બાહ્ય દેખાય, એમ કહે છે.

आगे कहते हैं कि शुद्ध भाव ही स्वर्ग-मोक्षका कारण है, मलिनभाव संसारका कारण हैं :-

**भावो वि दिव्वसिवसुक्खभायणो भाववज्जिओ सवणो।**
**कम्ममलमलिणचित्तो तिरियालयभायणो पावो।।७४।।**

भावः अपि दिव्यशिवसौख्यभाजनं भाववर्जितः श्रमणः।
कर्ममलमलिनचित्तः तिर्यगालयभाजनं पापः।।७४।।

**છે ભાવ દિવશિવસૌખ્યભાજન; ભાવવર્જિત શ્રમણ જે,**
**પાપી કરમમળમલિનમન, તિર્યંચગતિનું પાત્ર છે. ૭૪.**

अर्थ :- भाव ही स्वर्ग-मोक्षका कारण है, और भावरहित श्रमण पापस्वरूप है, तिर्यंचगतिका स्थान है तथा कर्ममलसे मलिन चित्तवाला है।

भावार्थ :- भावसे शुद्ध है वह तो स्वर्ग-मोक्षका पात्र है और भावसे मलिन है वह तिर्यंचगतिमें निवास करता है।।७४।।

## ગાથા-૭૪ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ શુદ્ધ ભાવ હી સ્વર્ગ-મોક્ષકા કારણ હૈ, મલિનભાવ સંસારકા કારણ હૈ :-'** આહાહા..!

**भावो वि दिव्वसिवसुक्खभायणो भाववज्जिओ सवणो।**
**कम्ममलमलिणचित्तो तिरियालयभायणो पावो।।७४।।**

**अर्थ :- 'ભાવ હી સ્વર્ગ-મોક્ષકા કારણ હૈ, ઔર ભાવરહિત શ્રમણ...'** શુદ્ધભાવ ભગવાનઆત્મા, એની પવિત્રતાની પરિણામની દશા વિના પવિત્ર પ્રભુ આત્મા, એની પવિત્રતાના પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન વિના **'પાપસ્વરૂપ હૈ,...'** એ સાધુ થાય પણ પાપસ્વરૂપ છે, કહે છે. બાહ્ય .. આહાહા..! **'તિર્યંચગતિકા સ્થાન હૈ...'** માયા થાય, કપટ થાય, પોતાનું પદ ઊંચું બતાવવા વલખા મારે. શાસ્ત્રમાંથી પણ એવો કોઈ રીતે ઉપાય નીકળતો હોય કે અમે કાંઈક છીએ. શાસ્ત્રમાંથી એવી શોધખોળ કરે. સમજાણું કાંઈ? ભગવાન કહે છે કે **'तिरियालय'** તિર્યંચનું સ્થાન ભાજન થાય. તિર્યંચગતિમાં જાય. આહાહા..! સમજાણું કાંઈ?

ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય તોપણ સ્વર્ગમાં જાય મરીને દેહ છૂટીને. સમજાણું કાંઈ? સંસારમાં સમ્યગ્દૃષ્ટિ હોય, આત્માનું ભાન હોય, આસક્તિનો થોડો રાગ બાકી હોય, સ્ત્રી-કુટુંબનું નિમિત્તપણું પણ હોય, પણ અંતરમાં પરથી તદ્દન સ્વામીપણું છૂટી ગયું છે. એ રાગ ને પરનો હું ધણી નથી. સમજાણું કાંઈ? હું તો ધણી મારા આનંદ અને જ્ઞાન સ્વરૂપનો સ્વામી છું. આહાહા..! એવી મીઠાશની આગળ ગૃહસ્થાશ્રમમાં રહેલો પણ સમકિતી દેહ છૂટે તો સ્વર્ગમાં જાય. સમજાણું કાંઈ? એમ આ કહે છે કે તિર્યંચમાં

જાય. તિર્યક્ ગતિ. પાઠ તો એવો છે કે '**तिरियालय**' શબ્દ છે. તિર્યંચનો આલય. આલય એટલે સ્થાન. એનું ભાજન મકાન. તિર્યંચના મકાનમાં જાય. આહાહા..! માયા, કપટ, કુટિલતા, અધિકતા બતાવવું, પદ નથી ને પદનું અભિમાન સેવવું એ બધા તિર્યંચગતિના સ્થાનક છે. સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યોએ પણ કેટલી કરુણાથી...

કૈસા હૈ શ્રમણ? '**કર્મમલસે મલિન ચિત્તવાલા હૈ.**' ચિત્તમાં તો મલિનતા, અશુદ્ધતા પડી છે. પવિત્રતા તો પ્રગટી નથી. શુદ્ધતાનું ભાન નથી. સમ્યગ્દર્શન નથી. ચિત્તમાં મલિનતા છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'ભાવસે શુદ્ધ હૈ વહ તો સ્વર્ગ-મોક્ષકા પાત્ર હૈ...'** એટલે કે શુદ્ધતામાં હજી પૂર્ણ શુદ્ધતા ન થાય ત્યાં સુધી ધર્મીને પણ એવો શુભરાગ રહી જાય. એટલે એને લઈને સ્વર્ગમાં જાય. આહાહા..! સમજાણું કાંઈ? '**મોક્ષકા પાત્ર હૈ...**' પોતાનો ભગવાનઆત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્યદળ, એની સ્થિરતા અને રમણતા જે છે એ મોક્ષનું કારણ છે. '**ભાવસે મલિન હૈ વહ તિર્યંચગતિમેં નિવાસ કરતા હૈ.**' લ્યો! '**ભાવસે મલિન હૈ વહ...**' તે ઢોર ગતિમાં જાય. માયાથી. આહાહા..! સમજાણું કાંઈ?

---

आगे फिर भावके फलका माहात्म्य कहते है :-

**खयरामरमणुयकरंजलिमालाहिं च संथुया विऊला।**
**चक्कहररायलच्छी लब्भइ बोही सुभावेण।।७५।।**

खचरामरमनुजकरांजलिमालाभिश्च संस्तुता विपुला।
चक्रधरराजलक्ष्मीः लभ्यते बोधिः सुभावेन।।७५।।

**નર-અમર-વિદ્યાધર વડે સંસ્તુત કરાંજલિપંક્તિથી,**
**ચક્રી-વિશાળવિભૂતિ બોધિ પ્રાપ્ત થાય સુભાવથી. ૭૫.**

**अर्थ :-** सुभाव अर्थात् भले भावसे, मंदकषायरूप विशुद्धभावसे, क्रवर्ती आदि राजाओंकी विपुल अर्थात् बड़ी लक्ष्मी पाता है। कैसी है - खचर (विद्याधर), अमर (देव) और मनुज (मनुष्य) इनकी अंजुलिमाला (हाथोंकी अंजुलि) की पंक्तिसे संस्तुत (नमस्कारपूर्वक स्तुति करने योग्य) है और यह केवल लक्ष्मी ही नहीं पाता है, किन्तु बोधि (रत्नत्रयात्मक मोक्षमार्ग) पाता है।

भावार्थ :- विशुद्ध भावोंका यह माहात्म्य है।।७५।।

## ગાથા-૭૫ ઉપર પ્રવચન

'આગે ફિર ભાવકે ફલકા માહાત્મ્ય કહતે હૈં :-'

**खयरामरमणुयकरंजलिमालाहिं च संथुया विऊला।**
**चक्कहररायलच्छी लब्भइ बोही सुभावेण।।७५।।**

**અર્થ :- 'સુભાવ અર્થાત્ ભલે ભાવસે, મંદકષાયરૂપ વિશુદ્ધભાવસે,...'** સમકિતી જીવને રાગની મંદતા ભાવ હોય છે તેથી આ ચક્રવર્તી આદિ પદ મળે, એમ કહે છે. અજ્ઞાનીની વાત છે નહિ. અજ્ઞાનીને મંદ ભાવ હોઈ શકતો જ નથી. કારણ કે મિથ્યાત્વભાવની તીવ્રતા છે ને ત્યાં તો. અને એને ચક્રવર્તી તીર્થંકરપદના ભાવ હોઈ શકે નહિ. સમ્યગ્દષ્ટિ છે, ચારિત્ર લઈ શકતો નથી. આત્માના સ્વરૂપનો રસ, આનંદરસ આવ્યો છે. પણ આનંદમાં લીનતાની ચારિત્રદશા પ્રગટી નથી. આહાહા..! તો એને મંદ કષાયના પરિણામ શુભભાવ, હોં શુભ! વિશુદ્ધ એટલે શુભ. એ કરી ચક્રવર્તી થાય. છ ખંડનો ધણી ચક્રવર્તી થાય. શુભભાવને લઈને, હોં! ધર્મની શુદ્ધતાથી તો મુક્તિ થાય.

**'ચક્રવર્તી આદિ રાજાઓંકી વિપુલ અર્થાત્ બડી લક્ષ્મી પાતા હૈ.'** 'ચક્રવર્તી આદિ રાજાઓંકી વિપુલ અર્થાત્ બડી લક્ષ્મી પાતા હૈ.' ધર્મીને આત્મલક્ષ્મીનું બહુમાન છે એથી એને રાગ બાકી રહી જાય એમાં બહારની લક્ષ્મી એને પણ પ્રાપ્ત થાય. અજ્ઞાનીને ન થાય એવી લક્ષ્મી જ્ઞાનીને પ્રાપ્ત થાય. પૂર્વે જ્ઞાનના ભાનમાં કરેલી વાત છે, હોં! વર્તમાન જ્ઞાની તો સાતમી નરકમાં પણ હોય લક્ષ્મી ન હોય પણ એના ફળ તરીકે લક્ષ્મી પામે. **'ખચર (વિદ્યાધર),...'** ખ-ખ. ખ એટલે આકાશ. આકાશમાં ચરનારા વિદ્યાધર મનુષ્ય હોય છે. વૈચાક પર્વત ઉપર.

**'અમર (દેવ) ઔર મનુજ (મનુષ્ય)...'** અમર છે ને? દેવને અમર કહેવામાં આવે છે ને? 'જીથરી'ને 'અમરગઢ' નામ આપ્યું ને હમણાં. મરવાના .. ક્ષય રોગ .. 'અમરગઢ' કરો. આહાહા..! અમારે કાગળ આવ્યો છે. કીધું ને એક ભાઈ ત્યાં બેંકનો માણસ છે કોક. નાની ઉંમરનો બિચારો. આવતો રવિવારે બહુ આવતો અહીંયાં. ચાલીસ વર્ષની ઉંમર હોય. મને ૩૦-૩૫-૩૨ જેવી લાગતી હતી. બેય આંખ છ મહિનામાં ગઈ. ક્યાં ગયા ભાઈ? તમે જ કહ્યું નહિ? કાલે યાદ કર્યા હતા તમને. કાલે કાગળ આવ્યો છે એનો. મહારાજ! મારે દર્શન કરવા છે. આંખ તો આવવી હોય તો આવશે પણ હવે... આવતો બિચારો રવિવારે, હોં! દરરોજ. બેંકમાં છે. ટીબીની દવા કરી હશે ને કાંઈક તો દવાની ગરમી બહુ થઈ તો ગરમ લાગે છે. ટીબીમાં હતો. બે આંખ ગઈ. આહાહા..! એ જડની અવસ્થા ક્ષણમાં પલટે. સમજાણું કાંઈ? એ ઈન્દ્રિયો એક એક

ઇન્દ્રિય ક્ષણમાં પલટી જાય. અતીન્દ્રિય ભગવાન તો ધ્રુવનો ધ્રુવ એમ ને એમ છે. સમજાણું? એવા અતીન્દ્રિય આનંદના ભાનમાં તો અતીન્દ્રિય પરિણતિ થાય. બાકી રહી જાય રાગ જરી મંદ કષાય તો કહે છે, આ બધા એને હાથ જોડે, એમ કહે છે.

સમકિતી શુભભાવથી ચક્રવર્તી આદિ થાય તો '**(મનુષ્ય) ઇનકી અંજુલિમાલા (હાથોંકી અંજુલિ) કી પંક્તિસે સંસ્તુત (નમસ્કારપૂર્વક સ્તુતિ કરને યોગ્ય) હૈ...**' આમ હાથ જોડે. લાખો મનુષ્યો કરોડોમાં. સમ્યગ્દૃષ્ટિ આત્માના ભાનવાળા કાંઈક પુણ્ય બાકી રહી ગયું એમાં ચક્રવર્તી આદિ થાય તો કરોડો-કરોડો, અબજો મનુષ્યો આમ (હાથ જોડે). સમજાય છે કાંઈ? આહાહા..! છે ને પાઠમાં છે ને? '**चक्रधरराजलक्ष्मीः लभ्यते बोधिः**' '**मरमणुयकरंजलिमालाहिं**' એમ કહે છે. હાથની માળા. કરોડો મનુષ્યો (બોલે), ખમા અન્નદાતા! અજ્ઞાનીને એવું સાધન હોઈ શકે નહિ. એમ કહે છે, પુણ્ય પણ સમકિતીના જ ઊંચા હોય છે. આહાહા..!

જેને આત્માનું ભાન છે, આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. આ દેહ તો માટી હાડકા, ચામડા છે. આ તો રાખ થઈ જશે. રાખ છે અને રાખ થશે. ભગવાનઆત્મા કાંઈ ભસ્મ થાય એવો નથી. એ તો આનંદનું ધામ ધ્રુવ છે. એવું જેને ભાન (થયું છે) એને જે પુણ્ય બંધાય જાય શુભભાવમાં, તો કહે છે કે મોટા મોટા રાજાઓ, વિદ્યાધરો, દેવો અને મનુષ્યો અંજુલિમાલા-આમ હાથની માળા. હાથબંધ કરે. સમજાણું કાંઈ? 'પદ્મનંદી'માં આવે છે કાંઈક એક. હાથ જોડે ભગવાનને, એવું આવે છે. સ્તુતિમાં આવે છે. નહિ? 'ઋષભદેવ'માં આવે છે કે બીજે? બે હાથ જોડ્યા એટલે સ્વર્ગ પણ મળે અને મોક્ષ પણ મળે. બેય મળે એને. એવું કાંઈક લખ્યું છે. 'પદ્મનંદી'માં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા. .. પહેલા-પહેલા. અત્યારે કોઈ મિથ્યાદૃષ્ટિ હોય. પહેલા સમ્યગ્દર્શન વિના એ શલાકાપુરુષ બને નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પહેલા સમ્યગ્દર્શન ન હોય તો એ પદ મળે જ નહિ. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, એ બધા સમ્યગ્દૃષ્ટિના (પુણ્યથી પદવી મળે છે). કેમકે એવી મોટી પદવીના પુણ્ય તો ધર્મીને જ હોય. સમજાણું કાંઈ?

અનાજ સેંકડો પાકે તો એની પાસે ખડ તો ઊંચું પાકે એનું. ખડેય ઊંચું હોય. રાડા. રાડા સમજો છો? બાજરામાં પાકે ને? ભાઠા. (સંવત) ૧૯૭૩માં જોયું હતું મેં. ૭૩. ૭૩. કેટલા વર્ષ થયા? ૨૬ ને ૨૭. ૫૩ વર્ષ થયા. 'દામનગર' હતું ચોમાસું. બહુ વરસાદ. છ મહિના વરસાદ. ત્યાંથી ઉઠ્યા અને 'આણોદરી' જતા હતા 'આણોદર'. આપણે છે ને આ બ્રાહ્મણ? રસોઈયો છે ભાઈ. ઉંડા એનું ગામ છે. પણ રસ્તામાં

જુઓ તો.. ઓહોહો..! કેટલા ઊંચા ભાઠા અને કેટલા ડુંડા! ઉંડા ૭૩ની વાત છે. ૫૩ વર્ષ પહેલાની વાત છે. બહુ પાક હતો. વરસાદ એવા આવેલા ને. બબ્બે માથોડા રાડા મોટા ઊંચા. બાજરાના, જુવારના અને દાણા તો પાકે પણ રાડા આમ મોટા.

એમ ધર્મીને આત્માનું જ્ઞાન અને આત્માનો અનુભવ હોય એમાંથી તો દાણા પાકે. મોક્ષના મોતી. પણ અંદર દયા, દાનના કોઈ વિકલ્પ રહી જાય શુભભાવ તો એનાથી એને રાગ હોય તે પુણ્ય બંધાઈ જાય. એનાથી લક્ષ્મી આદિ બહારની અજ્ઞાનીને ન મળે એવી એને મળે. કહો, સમજાણું કાંઈ? આ તો સ્વરૂપ બતાવે છે, હોં! ખુશી થવાને માટે વાત નથી અહીંયાં. કહો, એય..! ખુશી થવાની વાત નથી કે આહાહા..! ધૂળેય ખુશી (કરવા જેવી નથી). જે પુણ્યથી ખુશી થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. પુણ્યભાવ થાય એ મારા છે, મને લાભ થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. એની આ વાત છે નહિ.

**'અંજુલિમાલા (હાથોંકી અંજુલિ) કી પંક્તિસે સંસ્તુત (નમસ્કારપૂર્વક સ્તુતિ કરને યોગ્ય) હૈ ઔર યહ કેવલ લક્ષ્મી હી નહીં પાતા હૈ, કિન્તુ બોધિ (રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ) પાતા હૈ.**' લ્યો! સમ્યગ્દર્શન અને જ્ઞાન છે એ આગળ વધીને ચારિત્ર પણ અંગીકાર કરે જ એ. સમજાણું કાંઈ? શુદ્ધભાવ સમ્યક્ ચૈતન્યની દૃષ્ટિ અને જ્ઞાન થયું છે, એ આગળ વધીને ચારિત્ર લેવાનો જ. સ્વરૂપની રમણતા પ્રગટ કરવાનો. સમજાણું કાંઈ? તેથી કહ્યું છે ને? દંસણ ભટ્ઠા ન સિઝંતિ. સમકિતથી ભ્રષ્ટ છે એની મુક્તિ નથી. ચારિત્ર ભ્રષ્ટની મુક્તિ છે. ચારિત્ર ભટ્ઠા સિઝંતિ. કારણ કે ખ્યાલમાં છે કે મને ચારિત્ર નથી. ભાવ શુભ અને અશુભ મને નબળાઈને લઈને આવે છે. એનો જ્ઞાતા (રહે છે). આવે છે, થાય છે, એમ જાણે છે. સમજાણું કાંઈ? એથી એનો આદર છે નહિ. એટલે ચારિત્ર ક્યારે લઉં. જુઓ!

'શ્રીમદ્'માં આવ્યું ને? જુઓને! ગૃહસ્થાશ્રમ છોડી શક્યા નથી. 'શ્રીમદ્'ને લાખો રૂપિયાના મોતીના વેપાર હતા. ધંધો મોટો. ઉદાસ-ઉદાસ. વેપારમાં એની અંદર રુચિ નહિ. વિકલ્પ જરી હોય. લાખોના વેપાર મોતીના હતા. આ ભાવના કરી, જુઓને! 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?' જુઓ! બાહ્ય અને અભ્યંતર બેય. છે કે નહિ એમાં?

**ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?**
**સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,**
**સર્વ સંબંધનું બંધન સર્વ છેદીને.**
**વિચરશું કવ મહત્પુરુષને પંથ જો.**

આ વેપારના ધંધે આ રાગ, આ રાગ. આહાહા..! સમજાણું? વિચરશું મહત્પુરુષ-વીતરાગ પરમાત્મા અને સંતોની આજ્ઞા પ્રમાણે ક્યારે અમે ચારિત્ર અંગીકાર કરશું? એવી

ભાવના તો ધર્મીને હોય છે. એટલે બોધિલાભ એને મળે છે, એમ કહે છે. શુદ્ધભાવવાળા સમ્યગ્દૃષ્ટિને આગળ ચારિત્રની પ્રાપ્તિ થાય જ. પુણ્યને કારણે લક્ષ્મી આદિ મળે.

**ભાવાર્થ :- 'વિશુદ્ધ ભાવોંકા યહ માહાત્મ્ય હૈ.'** લ્યો! વિશુદ્ધભાવ સમ્યગ્દર્શન સહિતનો પુણ્ય વિકલ્પ ભાવ, એને લઈને ... સમજાણું કાંઈ? ઓલામાં આવે છે ને? 'નિયમસાર'માં નથી આવતું? હે આત્મા! તું પરમાત્માની ભક્તિ કરીશ તો સહેજે તને લક્ષ્મી રાજ આદિ મળશે. આવે છે એક શ્લોકમાં. કળશમાં ભાઈ આવે છે. 'પદ્મપ્રભમલધારિદેવ' 'નિયમસાર'. 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ મહાસમર્થ. હે મુનિ આત્મા! તને ભગવાનનો માર્ગ અંદર બેઠો અને સ્વરૂપનું સાધન છે તો બહારની લક્ષ્મીની ઇચ્છા શું કરવા કરે છે? સ્વર્ગ હોય અને રાણી હોય એ ધૂળ હોય ને. એ તો સહેજે આવીને મળશે વીતરાગના માર્ગમાં. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને ન મળે એવા પુણ્યનું ફળ જ્ઞાનીને બહાર દેખાય. છે એનો જ્ઞાતા. આહાહા..! મને મળ્યું છે પુણ્ય અને હું ફળ ભોગવું છું, એ ધર્મીને હોતું નથી. આહાહા..!

---

आगे भावोंके भेद कहते है :-

**भावं तिविहपयारं सुहासुहं सुद्धमेव णायव्वं।**
**असुहं च अट्टरउद्दं सुह धम्मं जिणवरिंदेहिं।।७६।।**

भावः त्रिविधप्रकारः शुभोऽशुभः शुद्ध एव ज्ञातव्यः।
अशुभश्च आर्त्तरौद्रं शुभः धर्म्यं जिनवरेन्द्रैः।।७६।।

**શુભ, અશુભ તેમ જ શુદ્ધ-ત્રણવિધ ભાવ જિનપ્રજ્ઞપ્ત છે;**
**ત્યાં 'અશુભ' આરત-રૌદ્ર ને 'શુભ' ધર્મ છે-ભાખ્યું જિને. ૭૬.**

**अर्थ :- जिनवरदेवने भाव तीन प्रकारका कहा है - १ शुभ, २ अशुभ और ३ शुद्ध। आर्त्त और रौद्र ये अशुभ ध्यान हैं तथा धर्मध्यान शुभ है।।७६।।**

---

## ગાથા-૭૬ ઉપર પ્રવચન

**'આગે ભાવલિંગકા વિશેષ કહે હૈ :-'** ભાવનું વિશેષ સ્વરૂપ બતાવે છે. જે બતાવવું છે ને આ ભાવપાહુડમાં, કહે છે આ શુદ્ધભાવ કહેવો છે. એમાં શુભભાવ આવે ખરો થોડો. પણ એમાં અશુભનો નિષેધ છે અને શુદ્ધનો આદર છે. શુભ વચ્ચે આવે. કથંચિત્ વ્યવહારે એને ઉપાદેય કહેવામાં આવે. લખશે ૭૭માં.

**भावं तिविहपयारं सुहासुहं सुद्धमेव णायव्वं।**
**असुहं च अट्टरउद्दं सुह धम्मं जिणवरिंदेहिं।।७६।।**

**અર્થ :- 'જિનવરદેવને ભાવ તીન પ્રકારકા કહા હૈ-'** વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવ સો ઈન્દ્રના પૂજનિક પરમાત્મા સમવસરણની મધ્યમાં ભગવાને ત્રણ પ્રકારના ભાવ કહ્યા. '**૧ શુભ,...**' પુણ્ય પરિણામ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ પુણ્ય. '**૨ અશુભ...**' હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ, અસત્ આદિ એ અશુભ. '૩ શુદ્ધ.' એ પુણ્ય-પાપના રાગથી રહિત આત્માને આશ્રયે પ્રગટેલો (ભાવ). શુદ્ધ સ્વરૂપ ભગવાન એને અવલંબીને પ્રગટે તે શુદ્ધ. પરદ્રવ્યને અનુસારે પ્રગટે તે અશુદ્ધ. એ અશુદ્ધના બે પ્રકાર. શુભ ને અશુભ. હજી તો પહેલી સમજણના ઠેકાણા ન મળે. એને દૃષ્ટિ ક્યારે પ્રગટે? ક્યારે એ ધર્મ કરે અને ક્યારે જન્મ-મરણ મટે? આહાહા..! મોટી ... પડી છે અનાદિથી સંસાર.

**'આર્ત ઔર રૌદ્ર યે અશુભ ધ્યાન હૈં...'** લ્યો! **'તથા ધર્મધ્યાન શુભ હૈ.'** એમાંથી શુદ્ધ તદ્દન એ ધ્યાન આત્માનું છે. હવે કહે છે જુઓ ઈ.

---

**सुद्धं सुद्धसहावं अप्पा अप्पम्मि तं च णायव्वं।**
**इदि जिणवरेहिं भणियं जं सेयं तं समायरह।।७७।।**

शुद्धः शुद्धस्वभावः आत्मा आत्मनि सः च ज्ञातव्यः।
इति जिनवरैः भणितं यः श्रेयान् तं समाचर।।७७।।

**આત્મા વિશુદ્ધસ્વભાવ આત્મ મહીં રહે તે 'શુદ્ધ' છે;**
**-આ જિનવરે ભાખેલ છે; જે શ્રેય, આચર તેહને. ૭૭.**

अर्थ :- शुद्ध है वह अपना शुद्धस्वभाव अपनेहीमें है इसप्रकार जिनवरदेवने कहा है, वह जानकर इनमें जो कल्याणरूप हो उसको अंगीकार करो।

भावार्थ :- भगवानने भाव तीन प्रकारके कहे हैं - १. शुभ, २ अशुभ और ३ शुद्ध। अशुभ तो आर्त्त व रौद्र ध्यान हैं वे तो अति मलिन हैं, त्याज्य ही हैं। धर्मध्यान शुभ है, इसप्रकार यह कथंचित् उपादेय है इससे मंदकषायरूप विशुद्ध भावकी प्राप्ति है। शुद्ध भाव है वह सर्वथा उपादेय है क्योंकि यह आत्माका स्वरूप ही है। इस प्रकार हेय, उपादेय जानकर त्याग और ग्रहण करना चाहिये, इसीलिये ऐसा कहा है कि जो कल्याणकारी हो वह अंगीकार करना यह जिनदेवका उपदेश है।।७७।।

## ગાથા-૭૭ ઉપર પ્રવચન

**सुद्धं सुद्धसहावं अप्पा अप्पम्मि तं च णायव्वं।**
**इदि जिणवरेहिं भणियं जं सेयं तं समायरह।।७७।।**

**अर्थ :- 'शुद्ध है वह अपना शुद्धस्वभाव अपनेहीमें है ईसप्रकार जिनवरदेवने कहा है,...'** જુઓ! શું કહે છે? શુદ્ધભાવ ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ, એના ભાનવાળો જે શુદ્ધભાવ એ તો પોતાથી, પોતામાં, પોતાને આશ્રયે થાય છે. એમાં કાંઈ પરનો આશ્રય અને વિકલ્પ, નિમિત્તની જરૂર નથી. **'शुद्ध है वह अपना शुद्धस्वभाव अपनेहीमें है...'** અંદર આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શુદ્ધભાવ જ છે. એનું ભાન થવું, ઓળખાણ થવી, પ્રતીત થવી એ શુદ્ધભાવ. એ તો પોતાનો છે, પોતામાં છે. લ્યો! એ કાંઈ પરદ્રવ્યના નિમિત્તને અનુસરવું નથી. પરદ્રવ્યને અનુસારે થાય તો પુણ્ય અને પાપ થાય, શુભ-અશુભભાવ થાય. શુદ્ધભાવ તો પોતાનો ભગવાનઆત્મા છે અંદર, જ્ઞાનના પ્રકાશનો પૂર ચૈતન્યનું નૂર અંદર આત્મા. સમજાણું કાંઈ?

**'सुद्धं'** પાઠ છે ને? **'सुद्धं सुद्धसहावं'** એમ છે. **'अप्पा अप्पम्मि तं च णायव्वं।'** એમ. શુદ્ધ વસ્તુ. પુણ્ય-પાપના વિકલ્પના, રાગના ભાવથી રહિત પવિત્રતાના પરિણામવાળો ભાવ. તે **'अपना शुद्धस्वभाव अपनेहीमें है...'** એ તો શુદ્ધ સ્વભાવ પોતામાં પોતાથી છે. **'ईसप्रकार जिनवरदेवने कहा है,...'** જિનવરદેવે-ભગવાને-પરમાત્માએ.. અહો..! સર્વજ્ઞ પરમેશ્વરો, અનંત સિદ્ધો એને વંદન સ્વીકારે, એને આદર કરે. ભગવાન આમ કહે છે, જુઓ! સમજાણું કાંઈ?

જિનવરદેવ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ. જેની સભામાં સિંહ અને વાઘ બકરાની પેઠે બેઠા હોય. સમજાણું કાંઈ? મોટી ધર્મસભા હોય. કરોડો દેવો, મનુષ્યો, વાઘ અને સિંહ, નાગ. કાળા નાગ મોટા, ૫૦-૫૦ હાથના લાંબા જંગલમાંથી ચાલ્યા આવે. .. કરતા કરતા ભગવાનના સમવસરણમાં (આવે). 'ભગવાનજીભાઈ'! આમ કાળો નાગ દેખે ત્યાં હાય... હાય.. મરી જઈશું. એવા નાગ નરમ થઈને ભગવાનની સભામાં આવે, હોં! આહાહા..!

અહીં કહ્યું હતું ને? ઘણા વર્ષ પહેલા આપણે ઓફિસમાં 'બાબુભાઈ'. એનો છોકરો હતો બાર વર્ષનો. 'બાબુભાઈ' આપણે ઓફિસમાં છે. દુકાન અહીં છે ને? દુકાન હતી. ઘણા વર્ષ થઈ ગયા. જેઠ સુદ ૪ હતી. જેઠ સુદ ૪. ઘણા વર્ષ થઈ ગયા. .. છોકરો બેઠો હતો દુકાન ઉપર. અહીં ગામમાં. પગ આમ લાંબા કરી આમ આમ પગ હલાવતો હતો. એમાં એક સર્પ મોટો નાગ રહેતો હતો એના મકાનમાં. ધૂળવાળા મકાન ખરા

ને પોલા, ન્યાં નાગ રહેતો હતો. એ નીકળ્યો. ઓલો પગ આમ આમ હલાવતો હતો. કરડ્યા ભેગો બોલ્યો, હું મરી જઈશ. હું નહિ જીવું. નાગ જોયો ને આમ મોટો નાગ હતો. નાગ તો કરડીને વયો ગયો અંદર પાછો. ગામમાં ગરુડ રહેતો... શું કહેવાય? ગારુડી બોલાવ્યા. અહીંથી નાખીને લઈ ગયા ત્યાં મરી ગયો, રસ્તામાં મરી ગયો. .. કરડ્યોને ત્યાં હું હવે નહીં જીવું. મરી જઈશ. આ તો બિચારા પામર જેવા છે, હોં! એ બધા નાગો. ઓલા જંગલી નાગ... આહાહા..! સમવસરણ પરમાત્માની તીર્થંકરની ધર્મસભા હોય ત્યાં ચાલ્યા આવે, હોં! સેંકડો-હજારો સર્પો ચારેકોરથી. સિંહ અને વાઘ. એની મધ્યમાં ભગવાનની વાણી આવી નીકળે છે, કહે છે. જિનવરે એમ કહ્યું છે કે શુદ્ધભાવ તારામાં તારાથી તારામાં છે. કહો, સમજાણું કાંઈ?

'**જિનવરદેવને કહા હૈ, વહ જાનકર...**' '**અપના શુદ્ધભાવ અપનેહીમેં હૈ...**' પોતે જ ભગવાન શુદ્ધ છે એની દૃષ્ટિ કરતાં પરિણામમાં શુદ્ધતા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? '**વહ જાન જાનકર ઈનમેં જો કલ્યાણરૂપ હો ઉસકો અંગીકાર કરો.**' કલ્યાણરૂપ તો શુદ્ધભાવ છે. એમ કહે છે. પાઠમાં તો આટલું લીધું છે. અર્થમાં જરી સમજાવશે હજી થોડું. '**કલ્યાણ...**' છે ને પાઠ? '**जं सेयं तं समायरह**' તને શ્રેય લાગે તે આદર હવે. આહાહા..!

**ભાવાર્થ :-** '**ભગવાનને ભાવ તીન પ્રકારકે કહે હૈં-**' લ્યો! ભગવાને ભાવ ત્રણ પ્રકારના કહ્યા. એટલે ભગવાને. પરમાત્મા જિનેન્દ્રદેવ સમવસરણમાં ચક્રવર્તી જ્યાં બકરાની જેમ (બેઠા હોય). જેને છન્નું હજાર પદ્મણી જેવી રાણી હોય. પ્રભુ! આપની ચૈતન્ય વૈભવ ઋદ્ધિ એ અમને નમાવે છે. આ વૈભવ અમારા તુચ્છ છે. એ ભગવાન કહેતા હતા કે ત્રણ પ્રકારના ભાવ છે. શુભ, અશુભ અને શુદ્ધ.

'**અશુભ તો આર્ત વ રૌદ્ર ધ્યાન હૈં...**' તદ્દન પાપના પરિણામ છે. એ તો છોડવા લાયક છે. '**વે તો અતિ મલિન હૈં, ત્યાજ્ય હી હૈં. ધર્મધ્યાન શુભ હૈ, ઈસપ્રકાર યહ કથંચિત્ ઉપાદેય હૈ...**' સમ્યગ્દૃષ્ટિને... અજ્ઞાનીની અહીં વાત નથી. સમ્યગ્દર્શનમાં શુદ્ધભાવ છે એમાં રહી શકતો નથી એટલે શુભભાવ હોય છે. અશુભ ટાળવાની અપેક્ષાએ કથંચિત્ ઉપાદેય છે. નિશ્ચયથી તો આદરણીય નથી. વ્યવહાર છે ને? પણ વ્યવહારે અશુભથી બચે છે અથવા અશુભ કહેવાની ભાષા છે. અશુભ હોતું નથી એ ટાણે. એટલે એટલો અશુભરાગ ઘટે છે એ અપેક્ષાએ કથંચિત્ ઉપાદેય કહેવામાં આવે છે. વ્યવહારનયે, હોં! નિશ્ચયથી તો આદરણીય છે જ નહિ ત્રણકાળમાં. આહાહા..!

'**ઈસસે મંદકષાયરૂપ વિશુદ્ધ ભાવકી પ્રાપ્તિ હૈ.**' રાગની મંદતા. લ્યો! હવે આને દુઃખ માનવું. રાગની મંદતાનો ભાવ વિશુદ્ધ એ દુઃખ. પણ પાપના પરિણામ કરતા મંદ દુઃખ છે, મંદ આકુળતા છે. ચારિત્રમોહના પાપના પરિણામની અપેક્ષાએ, હોં!

મિથ્યાત્વના પરિણામની અપેક્ષાએ તો એની કાંઈ ગણતરી નથી. એ તો મહાપાપ, મિથ્યાત્વ જ મહાપાપ છે. અશુદ્ધ તો એ છે. **'શુદ્ધ ભાવ હૈ વહ સર્વથા ઉપાદેય હૈ...'** એ તો તદ્દન અંગીકાર કરી સ્વરૂપમાં રમવા લાયક એ ચીજ છે.

**'ક્યોંકિ યહ આત્માકા સ્વરૂપ હી હૈ.'** એ તો સ્વરૂપ આત્માનું છે. શુભભાવ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. પણ અશુભભાવ ન હોય ત્યારે એવો શુભભાવ હોય છે. વ્યવહારે એને આદરણીય કહ્યો છે. **'ઈસપ્રકાર હેય, ઉપાદેય જાનકર ત્યાગ ઔર ગ્રહણ કરના ચાહિયે,...'** શુદ્ધ સ્વરૂપ ઉપાદેય છે, શુભ વ્યવહારે ઉપાદેય છે. નિશ્ચયથી તો હેય છે. અશુભ તો સર્વથા હેય છે. **'જો કલ્યાણકારી હો વહ અંગીકાર કરના વહ જિનદેવકા ઉપદેશ હૈ.'** તારું કલ્યાણ જેમાં થાય એ અંગીકાર કર. અકલ્યાણ ભાવને છોડ. આવો મનુષ્યદેહ મળ્યો (એમાં) કરવાનું આ કર. એમ છેવટે કહ્યું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे कहते हैं कि जिनशासनका इसप्रकार माहात्म्य है :-

**पयलियमाणकसाओ पयलियमिच्छत्तमोहसमचित्तो।**
**पावइ तिहुवणसारं बोहि जिणसासणे जीवो।।७८।।**

प्रगलितमानकषायः प्रगलितमिथ्यात्वमोहसमचितः।
आप्नोति त्रिभुवनसारं बोधिं जिनशासने जीवः।।७८।।

**છે ગલિતમાનકષાય, મોહ વિનષ્ટ થઈ સમચિત છે,**
**તે જીવ ત્રિભુવનસાર બોધિ લહે જિનેશ્વરશાસને. ૭૮.**

**अर्थ :- यह जीव 'प्रगलितमानकषायः' अर्थात् जिसका मानकषाय प्रकर्षतासे गल गया है, किसी परद्रव्यसे अहंकाररूप गर्व नहीं करता है और जिसके मिथ्यात्वका उदयरूप मोह भी नष्ट हो गया है इसीलिये 'समचित' है, परद्रव्यमें ममकाररूप मिथ्यात्व और इष्ट-अनिष्ट बुद्धिरूप राग-द्वेष जिसके नहीं है, वह जिनशासनमें तीन भुवनमें सार ऐसी बोधि अर्थात् रत्नत्रयात्मक मोक्षमार्गको पाता है।**

**भावार्थ :- मिथ्यात्वभाव और कषायभावका स्वरूप अन्य मतोंमें यथार्थ नहीं है। यह कथन इस वीतरागरूप जिनमतमें ही है, इसलिये यह जीव मिथ्यात्व कषायके अभावरूप तीनलोकमें सार मोक्षमार्ग जिनमतके सेवनहीसे पाता है, अन्यत्र नहीं है।।७८।।**

---

**પ્રવચન નં. ૧૨૩, ગાથા–૭૮–૭૯, રવિવાર, આસો વદ ૧૧, તા.૨૫–૧૦–૭૦**

'અષ્ટપાહુડ' 'ભાવપાહુડ'ની ૭૮મી ગાથા. '**આગે કહતે હૈં કિ જિનશાસનકા ઈસપ્રકાર માહાત્મ્ય હૈ :**' જૈનશાસન એટલે? આત્મા વીતરાગસ્વરૂપ છે, એની વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થવી એ વીતરાગી જૈનશાસન છે. એ જૈનશાસન મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ એટલે? અનંત દુઃખથી મુક્ત થવાનો અને અનંત આનંદની પ્રાપ્તિ થવાનો એ એક ઉપાય છે. એ જૈનશાસન એટલે વસ્તુનું સ્વરૂપ. સચ્ચિદાનંદ આત્મા જાણન સ્વરૂપ જ્ઞાન, એની અંતરમાં રાગાદિ વિકલ્પથી ભિન્ન પડી અધિકપણે આત્માને જુદો અનુભવવો, એનું નામ દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે. એ જૈનશાસનનું મહાત્મ્ય શું છે એ કહે છે.

**पयलियमाणकसाओ पयलियमिच्छत्तमोहसमचित्तो।**
**पावइ तिहुवणसारं बोहि जिणसासणे जीवो।।७८।।**

આ જીવ જે છે, એ જૈનશાસનને વિષે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ હતો, એમણે જે માર્ગ કહ્યો એ જિનશાસનમાં ત્રણ ભુવનમાં એ માર્ગ સાર છે. 'ઐસી બોધી કહીએ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ...' જિનશાસનનો સાર બોધિ. બોધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. સ્વભાવ અતીન્દ્રિય આનંદસ્વભાવ ભગવાનઆત્મા, એનો અંતર વિશ્વાસ ને અનુભવની પ્રતીત, એના સંબંધીનું જ્ઞાન અને એમાં લીનતારૂપ ચારિત્ર, એ દર્શન-જ્ઞાન-ચારિત્રને બોધિ કહેવામાં આવે છે. એ જૈનશાસનમાં ત્રણ ભુવનમાં સાર છે.

'**બોધિ કહીએ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ...**' તેને પામે છે. પણ કેવો થકો પામે છે? આત્માનો દુઃખથી મુક્ત થવાનો એવો માર્ગ અને પરમ આનંદની પ્રાપ્તિ થવાનો માર્ગ, જે રત્નત્રયરૂપ બોધિ-મોક્ષમાર્ગ કઈ રીતે પામે છે? '**प्रगलितमानकषायः**' '**અર્થાત્ જિસકા માન કષાય પ્રકર્ષતા સે ગલ ગયા હૈ...**' જેને આત્માના આનંદ સ્વભાવ સિવાય કોઈપણ પુણ્ય-પાપનો વિકલ્પ, શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ફળ, એમાંથી જેનું અહંપણું ટળી ગયું છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદધામ, એ સિવાય-આત્માના સ્વભાવ સિવાય કોઈપણ રાગ દયા, દાન, વ્રત, વિકલ્પ, એનું બંધન પુણ્ય, એનું ફળ આ બહારની ચીજો, ક્યાંય પણ આત્માના સ્વભાવ સિવાય કોઈ નાનામાં નાની ચીજમાં વિશેષતા અધિકપણે ભાસે તો એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? કેમકે ભગવાનઆત્મા આનંદ સ્વભાવ સિવાય કોઈ આ જગતમાં એનાથી અધિકપણું, વિશેષપણું કોઈ ચીજ છે જ નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે જેને પ્રકર્ષ માન ગળી ગયું. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપના ભાનમાં

જેને ગમે તે પ્રકારનો પુણ્યનો શુભરાગ હો, એનાથી માંડીને આ હું છું, એ પુણ્યભાવ હું છું, શરીરની સુંદરતા આદિની અધિકતા દેખીને એને એમ થઈ જાય કે આ પણ મને ઠીક છે, એ બધું મિથ્યાત્વનું અભિમાન છે. સમજાણું કાંઈ? એ અભિમાન જેની અંદરથી, પોતાના આનંદ સ્વભાવના ભાન અને રાગ અને પરથી ભિન્ન અધિક જુદો જાણતા પરપણાના અભિમાન, અહંકાર, ગર્વ જેને ગળી ગયો છે. સમજાણું કાંઈ? આહાહા..! એક આત્મા આનંદસ્વરૂપ એ સિવાય કોઈ ચીજમાં એને અધિકપણું, મારાપણું, અહંપણું ભાસતું નથી. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

શ્રોતા :- આ અહં ...

ઉત્તર :- માનનો અર્થ જ પર હું. એમ. રાગ હું, પુણ્ય હું, વ્યવહાર હું એ બધું અભિમાન મિથ્યાત્વનું અભિમાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? માન શબ્દે આ હું-અહં. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ હું. એ માન-અભિમાન છે. અનંતાનુબંધીનું માન. આહાહા..! સમજાય છે કાંઈ? જે આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ નામ શાશ્વત જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સાગર છે, એનું અહંપણું-આ હું એમ મૂકી દઈને, એના સિવાયના કોઈપણ પુણ્યના વિકલ્પથી, રાગથી માંડી કોઈપણ ચીજને અહં-આ મારી છે એમ ભાસે એ અનંત સંસારના કારણનું મિથ્યાત્વનું માન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે મોક્ષનો માર્ગ એટલે દુઃખથી મુક્ત થવાનો ઉપાય. અનાદિથી અજ્ઞાની પ્રાણી દુઃખી છે. એ રાગનો વિકલ્પ કે શરીર, વાણી કે પુણ્યના ફળના સંયોગોની ઠાઠમાઠ જામી હોય, એમાં ક્યાંય પણ હું છું અને એને લઈને મને ઠીક પડે છે, એ મિથ્યાત્વ સંબંધીનું માન છે. 'કિરણભાઈ'! ઝીણી વાત તો છે બધી, પણ આવ્યા છો બરાબર ઠીક હવે આમાં. આ સાંભળે તો ખરા કે આ શું કાંઈક કહે છે. દુનિયાના ભણતરથી કાંઈ આ ભણતર જુદી જાતનું છે. આહાહા..!

ભાઈ! તું કોણ છો? અને શેનાથી તારી ચીજ ભરેલી છે? તારો સ્વભાવ તો આનંદ, જ્ઞાન, દર્શન, વીર્યથી ભરેલો છે. ઊણો નથી, વિપરીત નથી. એવો તારો અંદર સ્વભાવ, તારું વસ્તુ સ્વરૂપ છે. એને છોડીને, ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ એવી જ એની ચીજ અને એવું જ એનું સ્વરૂપ અને એના ભાવમાં એ ભરેલું છે, એને છોડી કોઈપણ વિકલ્પથી માંડી પર ચીજની સુંદરતા, નમણાઈ, વિશેષતા, સ્વભાવથી બીજી કોઈ ચીજ અધિકપણે ભાસે, એનું નામ અહીંયાં અહંકાર, માન, અનંત સંસારનું કારણ, એને માન કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન જિનેશ્વરદેવ એમ ફરમાવે છે. માથે કહ્યું હતું ને? જિનનો ઉપદેશ છે. '**जिणवरिंदेहिं**' '**जिणवरेहिं भणीयं**' ૭૭માં હતું. અહીં '**जिणसासणे**' જીવો પામે છે, એમ

કહે છે. આહાહા..! કહે છે કે ભગવાનઆત્મા, એમાં આનંદ અને સુખ છે; એ સિવાય કોઈપણ ચીજમાં ક્યાંય પણ પુણ્યના ભાવમાં પણ સુખપણું, ઠીકપણું, અધિકપણું, વિશેષપણું, અતિશયપણું લાગે, તો એ અનંત સંસારનું માન છે. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે, **'કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ ગર્વ નહીં કરતા હૈ' 'કિસી પરદ્રવ્ય...'** એટલે આત્મદ્રવ્ય સિવાય ભગવાનઆત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ શુદ્ધ ધ્રુવ અખંડાનંદ આત્મા, એ સિવાય પરદ્રવ્ય. દયા, દાન, વ્રત, ભક્તિ, પરિણામ બધા પરદ્રવ્ય.

શ્રોતા :- શરીર, મન, વાણી બધું આવી ગયું?

ઉત્તર :- મન, વાણી તો સ્થુળ છે. એ સ્થુળ ધૂળ (છે). આ તો અંદરમાં પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એનાથી માંડીને બધું પરદ્રવ્ય. આહાહા..! ભાઈ! તારા દ્રવ્યના મહાત્મ્યની તને ખબર નથી. અંદર તે શું ચીજ છે, એના મહાત્મ્ય મૂકીને જેને પરવસ્તુ, રાગાદિ, પુણ્યાદિ કે એના ફળાદિમાં મહાત્મ્ય દેખાય છે, એ મૂઢ જીવ પર વસ્તુને હું છું એમ માનીને ગર્વમાં ઈ ગળી ગયો છે. આત્માની શાંતિને એ ગાળી દે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? છે? 'વજુભાઈ'! પુસ્તક છે કે નહિ? ઠીક. આહાહા..!

અહીં તો કહે છે, કોની સ્ત્રી? કોનો દીકરો? કોનો રાગ? કોનું શરીર? કોની વાણી? કોના રંગ? કોના રૂપ? આહાહા..! એ બધા જડના અથવા પરના. એ સ્વદ્રવ્યને છોડીને જેનું અભિમાન-માન એટલે કે એ પર રાગાદિ, દયા, દાન, વ્રતાદિથી માંડીને, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, સમ્મેદશિખર ને.. શું કહેવાય? સિદ્ધગીરી, 'પાલિતાણા' 'શેત્રુંજય', ક્યાંય પણ હું છું અને એનાથી મને લાભ થશે (એ મિથ્યાત્વ છે). આહાહા..!

શ્રોતા :- દાદા આપે ને.

ઉત્તર :- દાદા કોણ આપતો હતો? ધૂળ. તારી પાસે ક્યાં નથી તે દાદો તને દે. એમ પુણ્ય માગે છે. 'શિવપદ અમને દે જો રે મહારાજ' એમ માગે ત્યાં. ભાન ન મળે કાંઈ. શિવપદ કાંઈ ત્યાં રહેતા હશે? આવે છે ને? 'મણિભાઈ'! ત્યાં ભગવાન પાસે માગે. 'શિવપદ અમને દેજો રે મહારાજ, શિવપદ અમને દેજો.' ભગવાન કહે પણ તારું શિવપદ મારી પાસે છે કે તારી પાસે છે? આહાહા..! આહાહા..!

શ્રોતા :- ભગવાનને સાચવવા નહિ આપ્યું હોય?

ઉત્તર :- ભગવાનને સાચવવા આપ્યું હશે? પોતાનું શિવપદ ભગવાનને આપ્યું હશે? આહાહા..! સમજાણું કાંઈ? એક પૈસાથી માંડીને કરોડ-અબજો અને ત્રણલોકનું મોટું રાજ, પણ મને ઠીક છે, એ મારા છે, એનાથી મને હરખ અને સંતોષ થાય છે એમ જેણે માન્યું છે એણે આત્માને ગાળ્યો છે અને ગર્વમાં એ ગરી ગયો છે. ભગવાનઆત્મા સિવાય કોઈપણ પરદ્રવ્યમાં વિકલ્પથી માંડીને પરચીજમાં મને ઠીક છે,

મને મજા છે, કાંઈક મને એના તરફથી મારું વીર્ય ઉલ્લસિત થાય છે, મને એમાં મજા પડે છે એમ જેની માન્યતા છે એણે આત્મા આનંદસ્વરૂપને ગાળી નાખ્યો, મારી નાખ્યો છે અને ગર્વમાં ગરી ગયો છે ઈ. આહાહા..!

જુઓને, આચાર્ય ટીકામાં કેટલું કહે છે! આહાહા..! '**पयलियमाणकसाओ**' આટલો શબ્દ મૂક્યો છે. ગળી ગયો છે એને. આહાહા..! જેને પરમાં માન છે એને આત્મા ગળી ગયો છે. સમજાય છે? જેને પરમાં માન નથી એને માન ગળી ગયું છે, બળી ગયું છે. આત્મા હું... આત્મા છું. હું તો સત્ અસ્તિત્વ, મારી સત્તા આનંદ અને જ્ઞાનવાળી છે. મારા જ્ઞાન અને આનંદને માટે કોઈ ચીજની મને અપેક્ષા નથી. સમજાણું કાંઈ? આહાહા..! એમ જેને આત્માનો સ્વભાવ, પ્રભુ આનંદનો સાગર છે, જ્ઞાનનો દરિયો છે, શ્રદ્ધાથી ભર્યો છે, શાંતિનું સ્વરૂપ જ આત્મા છે. એને છોડીને જેને પરમાં માન થાય છે, સ્વભાવથી કાંઈ પણ બીજી ચીજ અધિક ભાસે, અધિક ભાસે-વિશેષ ભાસે, અતિશયવાળી એને લાગે, કહે છે કે અનંતાનુબંધી માન છે, હોં! ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એ.. 'ભીખાભાઈ'! આ તો આત્માની રમતું છે. આહાહા..!

ભગવાન! તારામાં ક્યાં ખામી છે કે જેને પરથી તને કાંઈક સંતોષ થાય. રાગથી, પુણ્યથી, તેના ફળથી, તેની સામગ્રીના દેખાવપ્રદર્શનથી! આહા...! ભગવાન! તને એને લઈને સંતોષ થાય એવી તું ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો બધું પરદ્રવ્યે પ્રદર્શન માંડ્યું છે. આહાહા..! એને દેખીને એમાં હું છું અથવા એ મને કાંઈક લાભદાયી છે અને મને એનાથી કાંઈક સંતોષ થાય છે, મને મારાથી એમાં કાંઈક અધિકપણુ ભાસે છે, એને રાગથી પર પોતાનો અધિક જુદો સ્વભાવ છે એને હણી નાખ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

અંતરની દૃષ્ટિની ઉપર બધી વાત છે. બહારની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! જેની દૃષ્ટિમાં ભગવાન પોતે ભૂલી ગયો છે અને જેની દૃષ્ટિના પરિણામમાં બીજી ચીજ, ભગવાનઆત્માના આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ સિવાય કોઈ ચીજમાં કાંઈપણ ઉલ્લસિત વીર્ય થઈને ઠીક (છે એમ લાગે છે), એવું જે છે એને ભગવાન અનંતાનુબંધી, અનંત સંસારના દુઃખના પંથે પડેલો અનંતાનુબંધી માનવાળો છે. 'નવનીતભાઈ'! આહાહા..! કહો, 'વજુભાઈ'! આહાહા..! આવો માર્ગ, ભગવાન! તારો છે પણ એની એને ખબર નથી. એક બીડી સરખી જ્યાં આવે ત્યાં.. સીગરેટ પીતો હોય. આમ પીતો હોય કે આમ પીતો હોય કાંઈ ખબર નથી. આપણે કોઈ દિ' પીધી નથી. આપણે કોઈ દિ' સીગરેટ શું બીડી પણ પીધી નથી. તમાકુ-બમાકુ કોઈ દિ' સુંઘી નથી. આહાહા..! સવારમાં ઊઠે અને બે-ચાર સીગરેટ પીવે ત્યારે તો દસ્ત સારો આવે એને. અર..ર..! ત્યારે એ પાયખાને જાય. આહા..! કેટલા વ્યસનોની રુચિનો પ્રેમ ક્યાં અર્પાઈ ગયો છો,

ભાઈ! આહાહા..!

અહીંયાં ભગવાન તો (કહે છે), '**प्रगलितमानकषायः**' એને બોધી પ્રગટ થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન એટલે સત્ય આત્માના સ્વભાવની સાક્ષાત્કારની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતામાં (કહે છે). જેને પરના માન ગળી ગયા છે, આત્મા સિવાય ઈન્દ્રના રાજ પણ જેને સડેલા તરણા જેવા લાગે છે. આ શરીર તો ધાનના ઢોકળા છે. બે દિ' ધાન ન ખાય ત્યાં આમને આમ સુકાઈ જાય. સમજાણું કાંઈ? આઠ દિ' સરખાઈનો તાવ આવ્યો હોય, જેની સાથે વહાલપ કરવા જાતો, તે દિ' આમ જુએ તો શરીર સુકાઈ ગયું હોય, મોઢુ પડી ગયું હોય, પેટ મળી ગયું હોય, ચામડીમાં ફિકાશ આવી ગઈ હોય, આઠ દિ' પાંચ પાંચ ડિગ્રી સરખો તાવ આવ્યો હોય, ડોક્ટર કહે, કાંઈ લેશો નહિ. એક ઉકાળો લેજો. હાય.. હાય.. આહાહા..!

એવામાં તો શું છે? પણ ઈન્દ્રના ઈન્દ્રાસનો, જેને હજાર-હજાર વરસે તો આહારની ઈચ્છા ઊપજે છે. પંદર-પંદર દિવસે તો જેને ઊંચી-નીચી શ્વાસની ક્રિયા થાય. શ્વાસોશ્વાસ એક પખવાડિયે લે, એક પખવાડિયે શ્વાસ લે. એટલી શાતાની અનુકૂળતા છે તેમ કહેવું છે. પંદર દિ'એ તો એક શ્વાસ ઊંચો લઈને મૂકે એટલો બસ. હજાર વરસે આહારની ઈચ્છા ઊપજે, હજાર વરસે, એક સાગરોપમવાળાને. સમજાણું કાંઈ? એમાં પણ કાંઈક ઠીક છે, એ અભિમાન મિથ્યાત્વ અને માનનું છે, ભાઈ! તારા આનંદ સ્વભાવના સાગર આગળ દુનિયામાં કોઈ અધિક ચીજ છે નહિ. સમજાણું કાંઈ? ચામડી જરી રૂપાળી, સુંવાળી દેખીને એને ગલગલીયા થઈ જાય. અરે..! ભગવાન! ક્યાં ગયો તું? ક્યાં ખોવાઈ ગયો તું? સમજાણું કાંઈ? તારી ચીજ અંદર જ્ઞાન અને આનંદથી ભરેલી અને આવા ચામડાના જરી માથે લેપ (હોય), આ તો લેપ છે. શેરડીનો છોલ જરી કાઢી નાખે. ઓલી તો જાડી હોય, હોં! શેરડીનો માથે છોલ હોય એ જાડો હોય. શેરડી સમજો છો? ગન્ના. એની છાલ હોય એ બહુ જાડી હોય. આ તો બહુ પાતળી છે. છ આંગળી કાઢવા માંડે તો બહુ પાતળી નીકળે. પછી જોવા જાય તો સુંઘવા પણ ઊભો ન રહે એવું છે આ. આહાહા..!

ભગવાન! તને જો ચીરે તો એમાંથી આનંદ નીકળે એવો તું છો. એટલે કે તું આત્માના આનંદ સાગરમાં એકવાર ડૂબકી માર... ત્યાં અતીન્દ્રિય આનંદના દરિયા ઊછળે. એવો આત્મા ક્યાં ગયો? તેં શું કર્યું? કહે છે. પ્રગલિત માન. આહાહા..! માન જેણે ગાળી નાખ્યું છે. મારામાં બીજી કોઈ ચીજ નથી અને બીજી કોઈ ચીજને લઈને હું છું કે એને લઈને મને ઠીક પડે છે એમ જેને માન ગળી ગયા. આહાહા..! આ અનંતાનુબંધી. ભાઈ, 'ચંદુભાઈ'! આહાહા..!

શ્રોતા :- માનની આવી વ્યાખ્યા છે.

ઉત્તર :- વ્યાખ્યા આવી છે. આહાહા..!

‘**કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ ગર્વ નહીં કરતા હૈ...**’ આહાહા..! ‘**કિસી પરદ્રવ્યસે...**’ ભગવાનઆત્મા સિવાય, ચિદાનંદ આનંદ સિવાય કોઈપણ દ્રવ્ય, એના ઉપર ‘**કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ...**’ આ હું એમ માન કરતો નથી. પણ જેને ખબર પણ નથી કે હું શું કરું છું? શું થાય છે? અને ક્યાં જઈશ? અને આના ભાવના ફળ ક્યાં જશે એની ખબર ન મળે. સમજાણું કાંઈ? વળી ‘**જિસકા માન કષાય પ્રકર્ષતાસે ગલ ગયા હૈ, કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ ગર્વ નહીં રહતા હૈ ઔર જિસકે મિથ્યાત્વકા ઉદયરૂપ મોહ ભી..**’ એણે એમ નાખ્યું. ‘**मिच्छत्तमोह**’ એમ સાથે નાખી દીધું. સમજાણું કાંઈ? બે જ લીધું. માન ગળી ગયું છે અને મિથ્યાત્વ ટળી ગયું છે. અનંતાનુબંધીનું માન અને મિથ્યાત્વ-બે વાત લીધી. આહાહા..!

કહે છે, ‘**કૈસા ભયા સંતા? કૈસા હોતા હુવા? પ્રગલિત કહીએ નષ્ટ હો ગયા હૈ...**’ શું? મિથ્યાત્વનો ઉદયરૂપ મોહ. આનંદસ્વરૂપના અનુભવમાં જેને મિથ્યા ભ્રાંતિ તો ગળીને નાશ થઈ ગઈ છે. આહાહા..! ક્યાંય ભ્રમ થતો નથી, કે આ મને સારું છે, આ મને ઠીક છે, આ મને લાભદાયી, આ મને સહાયક છે, આ મને મદદગાર છે, હું બીજાને મદદગાર છું. એવો જે મિથ્યાત્વભાવ.. વીતરાગનો માર્ગ આવો છે. આહાહા..! લોકોને સાંભળવા પણ મળતો નથી. ધમાધમ આખો દિ’ આણે. આ કરો.. આ કરો.. આ કરો... અરે..! ભગવાન! જે કાંઈ કરવાનું છે તે રહી જાય છે. જન્મ-મરણ ગાળવાનો મારગ એ કાંઈક રહી જાય છે. ‘બાટવીયા’! આવું છે આ, જુઓ!

આ મારો દેશ. કહે છે કે એ મિથ્યાત્વ છે એમ કહે છે. પરદ્રવ્યમાં આવ્યું કે નહિ એ? લ્યો, ‘રામજીભાઈ’ પહેલાં એમાં હતા. જુવાનિયામાં સલાહ આપી હતી કે ચાલો કેદ. ચાલો. બે મહિના નહિ? એક વાર એક મહિનો અને એકવાર બે મહિના. આહાહા..! ભારે દુનિયા તે પણ ગાંડી છે ને. ગાંડાના ગામ કાંઈ જુદા હોય? પાગલના ગામ જુદા ન મળે. ગામદીઠ પાગલ (હોય).

શ્રોતા :- ગામદીઠ પાગલ નહિ, ઘર દીઠ પાગલ. વ્યક્તિ દીઠ.

ઉત્તર :- વ્યક્તિ દીઠ પાગલ, લ્યો ને. આહાહા..! અરે..! ભગવાન! તું કોણ છો, પ્રભુ! ક્યાં છો? કેમ છો? એની તને ખબર વિના જે તારામાં કોઈ દિ’ છે નહિ. પુણ્ય-પાપના વિકલ્પો આદિ તારામાં છે જ નહિ. એ તો કૃત્રિમ ઊભા કરીને મારું માને છે. માળો. સમજાણું કાંઈ? આહાહા..! આ બહારની મીઠાશ, એમાં બે-પાંચ કરોડની મૂડી હોય, છોકરા-બોકરા લાંબા પાંચ-પાંચ હાથના સારા પાક્યા હોય, રૂપાળા અને વેવાઈ વેવલા સરખા મળ્યા હોય.. આહાહા..! હું પહોળો ને શેરી સાંકડી. આપણે બધાથી

સુખી છીએ. આપણી બાદશાહી છે. મરી ગયો છો હવે સાંભળને હવે. બાદશાહી ક્યાંથી આવી તારી? સમજાણું કાંઈ? એમાં એ છે. છે? ૭૮ ગાથા. શબ્દનો બહુ અર્થ નથી પણ પાઠ છે ને પાઠ? એમાં નથી. એ પાઠ છે.

કૈસા ભયા સંતા... કેવો છે એ બે પ્રકારે કહ્યું. પહેલાં એમ કહ્યું કૈસા ભયા સંતા કે પ્રગલિત માન પ્રકર્ષ કરી ગળ્યા. પ્ર એટલે વિશેષણ. વિશેષ કરી જેનું માન ગળી ગયું છે. અને કેવો થકો? 'જિસકે મિથ્યાત્વકા ઉદયરૂપ મોહ ભી નષ્ટ હો ગયા હૈ...' એમ લઈ લીધું. આહાહા..! પર તરફની સાવધાનીનો મિથ્યાત્વભાવ ગળી ગયો છે. ભગવાનઆત્માના સ્વભાવસન્મુખ સાવધાન.. સાવધાન... સાવધાન... 'સમય વરતે સાવધાન' એમ નથી કહેતા? આ લગન કરે ત્યારે કહે છે કે નહિ? સમય એટલે આત્મા. આત્માને સમય કહે છે ને? 'સમયસાર'. સમય વર્તે સાવધાન. ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ તું સમય છો ને. એમાં વર્તવું તે સાવધાનપણું તે સમ્યક્ છે. ઓલું તો વળી બાયડી પરણવા જાય તો સમય વરતે સાવધાન (બોલે). એ તો ટાઈમ થયો (તો કહે), લાવો કન્યાને. આઠ વાગી ગયા. ટાઈમ થઈ ગયો. ટાઈમ પછી ચુકાઈ જશે. હારા.. માંસના હાડકા છે, એની સાથે લગન. આરે..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે જેણે રાગમાં લગની લગાડી, પુણ્યના પરિણામમાં લગની લગાડી એણે આત્માની લગનીને છોડી દીધી છે. 'બેચરભાઈ'! 'ભગવાનજીભાઈ'! આહાહા..! અરે..! તું કોણ, ક્યાં અને ક્યાં તું માનીને બેઠો છો? જેની ભ્રમણા ગઈ છે. ક્યાંય પણ મારાપણું છે એવો મિથ્યાત્વભાવ જેને ટળી ગયો છે. એ જૈનશાસ્ત્રનો સાર, બોધી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામે છે. '**बोहि लाभं**' નથી આવતું? લોગસ્સમાં આવે છે. '**आरोग बोहिलाभं समाहि,वरमुत्तम**' અર્થની ખબર ન પડે. એમ ને એમ બહારમાં ગાડા હાંક્યે રાખ્યા. અરે..! અવતાર વયા જાય, ભગવાન! સમય સમય ચાલ્યો જાય છે, ભાઈ! એ સમય હવે પાછો નહિ આવે. મરણની સ્થિતિની સન્મુખ દોડ્યો જાય છે. કાળ તો મરણની સન્મુખ આમ ને આમ દોડ્યો જાય છે. આહાહા..! વિસામા વિનાનો. તારે કરવાનું તો આ છે. લાખ દુનિયા ગમે તે હો, એની પાસે (રહી).

'છ ઢાળા'માં આવે છે ને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' એ 'નવનીતભાઈ'ને આખું કંઠસ્થ છે. ભાઈને કંઠસ્થ છે તેથી આ બધું એને સરખું બેસી ગયું. આખું મોઢે કરેલું. આમાં પણ આ છે. આવે છે ને ભાઈ એમાં? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ નિશ્ચય આતમ ઉર આણો.' અરે ભગવાન! મહાપ્રભુ બિરાજે છે ને, ભાઈ! ત્યાં એના દરબારમાં જાને. આ રાગ અને બાગના વેશ્યાઓ જેવા ભાવ, વ્યભિચારી ભાવ (છે) એમ ભગવાને કહ્યું છે. પુણ્યનો ભાવ વ્યભિચારી ભાવ (છે). આહાહા..! એ વ્યભિચાર સાથે તને પ્રેમ કરવાનું કેમ સૂઝે છે?

'**મિથ્યાત્વકા ઉદયરૂપ મોહ ભી નષ્ટ હો ગયા હૈ...**' શું કહે છે? મિથ્યાત્વનો મોહ જેનો ગળી ગયો છે. ભ્રમણા પણ ન મળે. હું ભગવાન છું. મારો આનંદ અને મારી શાંતિથી ભરેલો હું છું. મારી શાંતિ ક્યાંયથી મળે એવી નથી. ક્યાંય ત્રણલોક, ત્રણકાળમાં મારા સિવાય ક્યાંય શાંતિ છે નહિ. મારામાં શાંતિ છે એમ જેને સમ્યગ્દર્શનમાં ભાસ્યું છે એનું મિથ્યાત્વ ગળી ગયું છે. '**ઇસીલિયે 'સમચિત' હૈ,...**' જુઓ! એમ કીધું છે ને? '**पयलियमिच्छत्तमोहसमचित्तो**' અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ જેને પ્રગટ્યા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ મિથ્યાત્વ મોહ જેને ગળી ગયો છે, '**ઇસીલિયે 'સમચિત' હૈ, પરદ્રવ્યમેં મમકારરૂપ મિથ્યાત્વ ઔર ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગદ્વેષ જિસકે નહીં હૈ,...**' લ્યો. પરદ્રવ્ય વિષે મિથ્યાત્વ એટલે મમતારૂપ મિથ્યાત્વ, રાગના વિકલ્પ ઊઠે, એના પ્રત્યેનું અહંપણું અને ત્યાંથી ઇષ્ટ-અનિષ્ટ પદાર્થ. આ ઇષ્ટ છે અને અનિષ્ટ છે એવો જે રાગદ્વેષ છે એ બધો છૂટી ગયો છે. જગતમાં કોઈ ઇષ્ટ-અનિષ્ટ છે જ નહિ. જગતની ચીજો એની પર્યાયપણે પરિણમી રહી છે. એમાં કોઈ વિષ્ટા અનિષ્ટ છે, કસ્તુરી ઇષ્ટ છે, મિત્રો ઇષ્ટ છે, દુશ્મન અનિષ્ટ છે  એવું કાંઈ છે જ નહિ. બધા જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય છે. ઇષ્ટ કોણ? અનિષ્ટ કોણ? બહારમાં ઇષ્ટ-અનિષ્ટપણું છે જ ક્યાં? તારો વિકારભાવ તે અનિષ્ટ છે, સ્વભાવભાવ તે ઇષ્ટ છે. સમજાણું કાંઈ? 'જયંતીભાઈ' આવ્યા છે ને? આ તો કીધું 'ભાવનગર'ના આવ્યા અને આ રવિવારનો અધિકાર છે ને એટલે.

શ્રોતા :- રળવાના સાધન બરાબર હોય તો ઠીક.

ઉત્તર :- રળવાના આ સાધન છે. ઓલા મરી જવાના સાધન છે. ચક્રવર્તી છ ખંડનો ધણી, એ રોટલા માગે, રે મને આપજો, મને રોટલી આપજો. અર..ર...! એક રોટલી આપજો. પણ તારા ઘરે પકવાન પાકે છે ને? સવારના નવ વાગે દાણા થઈને તારા ઘરે રોટલીઓ થાય. ચક્રવર્તીને ઘરે સવારે વાવે, સવારે વાવે... નવ વાગે તૈયાર ઘઉં દેવ છે ને? એના ... પછી દેવ છે. એક હજાર દેવ સેવા કરે છે. આ બધા શાંતિનાથ, અરનાથ, કુંથુંનાથ, ભરત ચક્રવર્તી. સવારે ઊઠે ને વાવે. તમારે જુના ઘઉં ને. 'અમરેલી'થી શું કહેવાય એ? અમેરીકા. જુના આવે, સાધારણ ... આવે, પાતળા આવે, ઢીકણા આવે. એમ નહિ ત્યાં તો સવારે એના દેવો વાવે કલાક માટે નવ વાગે ઘઉંની રોટલી થઈને તૈયાર. લાખો કરોડો રૂપિયાની ભસ્મ એ રોટલીમાં નાખે. ઘીમાં ભસ્મ તળે. એવી ઔષધિ હોય કે જેમાં પાંચ શેર ઘી નાખે અને એમાં પચાસ-સો દાણા ઘઉંના નાખે અને એમાં ભસ્મ નાખે, સોનું નાખે, મોતી નાખે એ ઓગળી જાય, ઘઉં પી જાય. એ ઘઉંની રોટલી કરે. એ ઘઉં ખાય. આહાહા..! ધૂળમાં પણ નથી, કહે છે સાંભળને. શું થઈ જાય છે તને? સમજાણું કાંઈ? એ ચક્રવર્તી જેને

ઘરે આવું, એ ભીખ માગે, એ મને આપજો આ. અરે..! આ શું છે તને આ? ત્રણલોકનો નાથ પરમાત્મા તું બિરાજે છો અને ભિખારી થઈને કાંઈક મને માન આપો, મોટો કહો, મને કાંઈક ગણતરીમાં ગણો. હું ગણતરીના માણસોમાં કાંઈક થોડા હોય એમાં હું આવી જાઉં તો ઠીક. અરે..રે..! ભારે ભાઈ આ તો! ગામમાં કો'ક મંત્રીના માણસ ગણાય ને એમાં હું આવી જાવ, પણ શું છે તારે? આહાહા..! ભાઈ! વીતરાગની આજ્ઞામાં ગણતરીમાં આવી જા, પછી ખલાસ. ભગવાને ગણ્યા કે આટલા આટલા સમકિતીઓ ભક્ત છે. એમાં તું આવ્યો એટલે ખલાસ થઈ ગયું, જાવ. સમજાણું કાંઈ?

કહે છે, '**ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગદ્વેષ જિસકે નહીં હૈ,**' સમકિતની વ્યાખ્યા કરી. એક તો મિથ્યાત્વ નથી, માન ગળી ગયું છે અને જ્ઞેય પદાર્થના જ્ઞેયની અનુકૂળતા-પ્રતિકૂળતાને દેખીને જ્ઞાનીને રાગ-દ્વેષ થતો નથી. સમજાણું કાંઈ? ચીજને લઈને થતો નથી. જ્ઞાનીની કોઈ નબળાઈને લઈ થાય, એ તો જ્ઞાનનું જ્ઞેય છે. સમજાણું કાંઈ? પણ પરવસ્તુને લઈને મને આ અનુકૂળ માટે રાગ, એ મિથ્યાત્વભાવનો રાગ છે. આ પ્રતિકૂળતા માટે દુશ્મન છે માટે દ્વેષ. પ્રતિકૂળતાનો દ્વેષ મિથ્યાત્વનો દ્વેષ છે. આહાહા..! '**રાગદ્વેષ જિસકે નહીં હૈ,...**'

'ભાવાર્થ :- **મિથ્યાત્વભાવ ઔર કષાયભાવકા સ્વરૂપ અન્ય મતોંમેં યથાર્થ નહીં હૈ.**' સર્વજ્ઞ પરમેશ્વર સિવાય જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા દેવાધિદેવ, એના સિવાય જેટલા માર્ગો છે એમાં આવું સ્વરૂપ છે નહિ, ક્યાંય નથી, ક્યાંય નથી, ભાઈ! સમજાણું કાંઈ? '**મિથ્યાત્વભાવ ઔર કષાયભાવકા સ્વરૂપ અન્ય મતોંમેં યથાર્થ નહીં હૈ. યહ કથન ઈસ વીતરાગરૂપ જિનમતમેં હી હૈ...**' આહાહા..! આવી પદ્ધતિની શૈલી એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં જ હોય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જેણે ત્રણકાળ, ત્રણલોક જોયા અને જેને વીતરાગભાવ વર્તે છે, એની વાણીમાં જે આવ્યું, એવું સ્વરૂપ ત્રણકાળમાં બીજે હોઈ શકે નહિ. આહાહા..! કહો, 'જયંતીભાઈ'! વાડામાં પડ્યા એને પણ ખબર નથી કે વીતરાગ શું કહે છે. આહાહા..! જોયું? એક તો મિથ્યાત્વભાવનું સ્વરૂપ, કષાયભાવનું સ્વરૂપ અન્યમત વિષે યથાર્થ છે જ નહિ ક્યાંય. બધા નામ તો બધા ઘણા લે. ભાઈ! 'નવનીતભાઈ'! કબીરેય શબ્દ બોલ્યા હતા ને સવારમાં? ક્યાંય વસ્તુની યથાર્થતા છે જ નહિ. એ ભાષા ઉપરથી લઈને આવો આત્મા અને આવો આત્મા એમ બધાએ વાત કરી છે. સમજાણું કાંઈ?

'**ઈસલિયે યહ જીવ મિથ્યાત્વ કષાયકે અભાવરૂપ મોક્ષમાર્ગ તીનલોકમેં (ભુવનમેં) સાર...**' મિથ્યાત્વ અને કષાયના અભાવરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ '**તીનલોકમેં (ભુવનમેં) સાર...**' આવે છે ને? 'છ ઢાળા'માં આવે છે ને પહેલું? 'ત્રણભુવનમાં સાર વીતરાગ વિજ્ઞાનતા' એ 'છ ઢાળા'માં આવે છે. 'ત્રણભુવનમાં સાર વીતરાગ વિજ્ઞાનતા.'

**'તીનલોકમેં (ભુવનમેં) સાર જિનમત કે સેવનહી સે પાતા હૈ,...'** વીતરાગ માર્ગે કહેલા માર્ગથી આત્મા પમાય છે. સમજાણું કાંઈ? જોયું? જિનમતનું સેવન. વીતરાગનો મત એટલે અભિપ્રાય. વીતરાગનો અભિપ્રાય રાગાદિ પરદ્રવ્યથી છૂટીને તારા સ્વ-ચૈતન્યની દૃષ્ટિનો અનુભવ કર એ વીતરાગનો અભિપ્રાય છે. સમજાણું કાંઈ?

**'જિનમત કે સેવનહી સે પાતા હૈ, અન્યત્ર નહીં હૈ.'** બીજે આવો માર્ગ મળે એવો નથી. સાંભળવાના ઠેકાણા ન મળે, સંભળાવનારનાએ ઠેકાણા ન મળે કે શું ચીજ છે? એ બીજાને ક્યાંથી સમજાવે અને ક્યાંથી પામે? બહુ ઝીણું, ભાઈ! આહાહા..! ભારે ગાથા. બહુ સરસ ગાથા આવી હોં!

---

आगे कहते हैं कि जिनशासनमें ऐसा मुनि ही तीर्थंकर-प्रकृति बाँधता हैं :-

**विसयविरत्तो समणो छद्दसवरकारणाइं भाऊण।**
**तित्थयरणामकम्मं बंधइ अइरेण कालेण।।७९।।**

विषयविरक्तः श्रमणः षोडशवरकारणानि भावयित्वा।
तीर्थंकरनामकर्म बध्नाति अचिरेण कालेन।।७९।।

**વિષયે વિરત મુનિ સોળ ઉત્તમ કારણોને ભાવીને,**
**બાંધે અચિર કાળે કરમ તીર્થંકરત્વ-સુનામને. ૭૯.**

अर्थ :- जिसका चित्त इन्द्रियोंके विषयोंसे विरक्त है ऐसा श्रमण अर्थात् मुनि है वह सोलहकारण भावनाको भाकर 'तीर्थंकर' नाम प्रकृतिको थोड़े ही समयमें बाँध लेता है।

भावार्थ :- यह भावका माहात्म्य है, (सर्वज्ञ वीतराग कथित तत्त्वज्ञान सहित-स्वसन्मुखता सहित) विषयोंसे विरक्तभाव होकर सोलहकारण भावना भावे तो अचिंत्य है महिमा जिसकी ऐसी तीनलोकसे पूज्य 'तीर्थंकर' नाम प्रकृतिको बाँधता है और उसको भोगकर मोक्षको प्राप्त होता है। ये सोलहकारण भावनाके नाम हैं, १-दर्शनविशुद्धि, २-विनयसंपन्नता, ३-शीलव्रतेष्वनतिचार, ४-अभीक्ष्णज्ञानोपयोग, ५-संवेग, ६-शक्तितस्त्याग, ७-शक्तितस्तप, ८-साधुसमाधि, ९-वैयावृत्यकरण, १०-अर्हद्भक्ति, ११-आचार्यभक्ति, १२-बहुश्रुतभक्ति, १३-प्रवचनभक्ति, १४-आवश्यकापरिहाणि, १५-सन्मार्गप्रभावना, १६-प्रवचनवात्सल्य, इसप्रकार सोलह भावना हैं। इनका स्वरूप तत्त्वार्थसूत्रकी टीकासे जानिये। इनमें सम्यग्दर्शन प्रधान है, यह न हो और पन्द्रह भावनाका व्यवहार हो तो कार्यकारी नहीं है और यह हो तो पन्द्रह भावनाका कार्य यही कर ले, इसप्रकार जानना चाहिये।।७९।।

---

## ગાથા-૭૯ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જિનશાસનમેં એસા મુનિ હી તીર્થંકર પ્રકૃતિ બાંધતા હૈઃ'** લ્યો. કહે છે કે આવા સમ્યગ્દૃષ્ટિ જીવો, જૈનશાસનમાં, કોઈ શુભભાવ આવે તો તીર્થંકરગોત્ર બાંધે. બીજે સમ્યગ્દર્શન વિના, જૈનશાસન વિના ક્યાંય એની પ્રકૃતિ બાંધે નહિ. સમજાણું કાંઈ? એમ એક પુણ્યની વિશેષતા બતાવે છે. આવું પુણ્ય પણ જૈનશાસનમાં હોય. મિથ્યાદૃષ્ટિ જેની ઉંધી માન્યતા (છે), એમાં તીર્થંકરગોત્રના પરિણામ એને હોઈ શકે જ નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાનીને એવા પરિણામ હોય.

શ્રોતા :- એકલા મુનિ જ બાંધે? શ્રાવક નથી બાંધતા?

ઉત્તર :- હા, બાંધે જ. આ તો મુનિની મુખ્યતાની વાત છે. સમજાણું કાંઈ? આ તો મુખ્યતાથી વાત છે. ચોથે ગુણસ્થાને બાંધે. આ તો મુનિથી ઉપાડીને બધી વાત કરી છે. એ બધા મુનિઓ ..., દ્રવ્યલિંગી... સમજાણું કાંઈ?

**विसयविरत्तो समणो छद्दसवरकारणाइं भाऊण।**
**तित्थयरणामकम्मं बंधइ अइरेण कालेण।।७९।।**

આહાહા..! જુઓ! મોક્ષમાર્ગ બતાવ્યો, એની સાથે તીર્થંકરપ્રકૃતિ પણ આવા જીવને હોય એમ કહે છે. બીજા અજ્ઞાનીને હોય નહિ. પછી ગમે તેવા કષાય મંદ હોય, નાગા હોય, બાવા હોય, મિથ્યાદૃષ્ટિ નગ્ન દિગંબર મુનિ હોય એને તીર્થંકરપ્રકૃતિના પરિણામ હોઈ શકે જ નહિ.

સમ્યગ્દર્શન એ જૈનમતે કહ્યું તે. સમ્યગ્દર્શન નામ તો બૌદ્ધમાં પણ આવે છે. સમજાણું કાંઈ? બૌદ્ધમાં પણ સમ્યગ્દર્શન, સમાધિ, બોધિ, લાભ એવું બહુ આવે છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે અખંડ પરિપૂર્ણ માર્ગ અનાદિથી કેવળી જોતા આવે છે. અનાદિના કેવળીઓ થતા આવ્યા છે, કાંઈ નવા નથી. એવા સર્વજ્ઞે જે માર્ગ જોયો, જાણ્યો અને કહ્યો એ સિવાય ક્યાંય સમ્યક્ માર્ગ હોઈ શકે નહિ. એના વિના તીર્થંકરપણું પણ બીજે હોઈ શકે નહિ. આવ્યું ને?

**'જિસકા ચિત્ત ઈન્દ્રિયોંકે વિષયોંસે વિરક્ત હૈ...'** એટલે કે આ ભાવ જ્યારે.. સમકિતીને તીર્થંકરપણાનો શુભભાવ છે ને! એ વખતે ઈન્દ્રિયના વિષયની આસક્તિ નથી. અમુક વખતે સમકિતીને આસક્તિ હોય, પણ આ વખતે એને નથી. એ ઈન્દ્રિયના વિષયથી વિરક્ત થયેલો છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો સમકિતી તો ઈન્દ્રિયના વિષયથી વિરક્ત જ છે. કારણ કે ઈન્દ્રિય પરદ્રવ્ય છે ને! અને રાગ પરદ્રવ્ય છે. એનાથી વિરક્ત જ છે. દૃષ્ટિમાં તો એનાથી જુદો જ છે. આહાહા..!

શ્રોતા :- આહાર પણ વિષય છે.

ઉત્તર :- હા વિષય છે. બહાર વિષય છે, બહિર વિષય છે. આહાહા..! વીતરાગ માર્ગ!

કહે છે, '**ઇન્દ્રિયોંકે વિષયોંસે વિરક્ત હે...**' પર તરફના વિષયવાળો ભાવ એનાથી જુદો પડ્યો છે, ચિત જાકા... જેનું ચિત્ત. એ તો શ્રમણ મુનિની મુખ્યતાથી વાત કરી છે. '**અર્થાત્ મુનિ હૈ વહ સોલહકારણ ભાવનાકો ભાકર...**' સોળકારણના એવા વિકલ્પો એને આવી જાય છે, એને 'ભાય' એમ કહેવામાં આવે છે. ''**તીર્થંકર' નામ-પ્રકૃતિકો થોડે હી સમયમેં બાંધ લેતા હૈ.**' આહાહા..! થોડા કાળમાં સમ્યગ્દૃષ્ટિ તીર્થંકરપ્રકૃતિ બાંધી, થોડે કાળે કેવળજ્ઞાન પામી તીર્થંકરપ્રકૃતિનું ફળ સમવસરણ આદિ આવી છૂટી જશે. સમજાણું કાંઈ? અહીં તો એમ કહે છે કે ત્રણલોકની મહા ઋદ્ધિવાળું તીર્થંકરપણું. બીજી તારી ઋદ્ધિ તો ક્યાં રહી એમ કહે છે. એવી જે ઋદ્ધિ, જેને એની રુચિ નથી. જેને રાગનો ભાવ-આદર નથી એને એવો રાગ હોય છે. સમજાય છે કાંઈ?

જેને ઇન્દ્રના ઇન્દ્રાસન હાલે, ભગવાન જ્યાં જન્મે, ઇન્દ્રાસન ડોલે. શું છે? ઓહો..! અવધિજ્ઞાનથી જોવે છે. ભરતક્ષેત્રમાં કે મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરનો જન્મ થયો. સિંહાસનથી એકવાર નીચે ઉતરી જાય. સિંહાસન સમજો છો? સિંહ-સિંહ. ચાર બાજુ સિંહ હોય એવું એનું આસન હોય. હીરાના સિંહ હોય. સિંહાસન કહે છે ને? સિંહાસન. કાલે ભક્તિમાં આવ્યું હતું. ખબર છે? હરિઆસન. ભાઈ! કાલે ભક્તિમાં આવ્યું હતું. હરિઆસન. હરિ એટલે સિંહ. સિંહનું આસન. બેસવાના એવા આસનો હોય કે જેના ચાર ખૂણે હીરાના સિંહ હોય. આમ પાટ હોય, પાટ. એના ઉપર ઇન્દ્ર બિરાજતા હોય. ઇન્દ્ર, ઇન્દ્રાણીઓ. કહે છે કે એ પણ તુચ્છ છે. જેનામાં સર્વોત્કૃષ્ટ તીર્થંકરપણું છે, એવી જે ઋદ્ધિ, જેને ઇન્દ્રો નમે છે. કાલે આવ્યું હતું કરોડો મનુષ્યો અંજલિ નામ હાથ જોડે. એવા પુણ્ય પ્રકૃતિના પરિણામ સમકિતીને હોય છે. સમજાણું કાંઈ? છે આ રાગ. તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ છે એ રાગ છે. પણ અહીં એ કહેવું છે કે ભાવ તો સમ્યગ્દૃષ્ટિ હોય એને આવો ભાવ હોય. જેને રાગનો પ્રેમ છે, રુચિ છે અને પરનો અહંકાર છે તે મિથ્યાદૃષ્ટિને આવો ભાવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

ઉત્તર :- આ સોળ બોલ આવે છે ને? સોળ બોલ. ષોડશકારણભાવના. નીચે આવે છે. સોળ ભાવના. સમ્યગ્દર્શનના અનુભવ સહિત.

શ્રોતા :- કયો ભાવ?

ઉત્તર :- રાગભાવ.

શ્રોતા :- એનો અર્થ કલ્યાણ...

ઉત્તર :- ના ના એ તો રાગ એવો આવે છે. એ રાગ આ સોળભાવ છે. એવો

રાગ આવે બસ. દુનિયાનું કલ્યાણ થાવ એમ કહેવાય. કહેવાય કલ્યાણ થાવ એમાં. મારું પૂર્ણ થાવ એનો અર્થ એવો છે. મારું કલ્યાણ પૂર્ણ થાવ એવો વિકલ્પ આવે. એ વિકલ્પમાં તીર્થંકરગોત્ર બંધાઈ જાય. સમજાણું કાંઈ? આહાહા..!

'**યહ ભાવકા મહાત્મ્ય હૈ.**' જુઓ! એ સમ્યગ્દર્શનના અનુભવમાં આવો ભાવ હોય.

શ્રોતા :- પુણ્યનું મહાત્મ્ય...

ઉત્તર :- પુણ્યનું મહાત્મ્ય નથી, સમ્યગ્દર્શનનું મહાત્મ્ય છે. એના મહાત્મ્યમાં આવો ભાવ હોય છે. અજ્ઞાનીને એ ભાવ હોતો નથી. જેને સો ઈન્દ્રોના માથા નમે. પ્રભુ! ધન્ય અવતાર. સમજાય છે કાંઈ? જેણે તીર્થંકરને પેટમાં રાખ્યા, એને માને ઈન્દ્ર આવીને પહેલાં નમસ્કાર કરે. એ સમકિતીને એવો ભાવ હોય, એ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જુઓ પાઠ છે ને? જુઓ! '**तित्थयरणामकम्मं**' ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો ચોખ્ખો પાઠ છે.

અહીં સાબિત તો એ કરવું છે કે જે તીર્થંકરગોત્ર છે એ પરિણામ સમ્યગ્દર્શન વિનાના પૂર્ણ હોય નહિ. ચોથે હોય, પાંચમે હોય, છઠ્ઠે હોય, સાતમા સુધી બંધાય. આઠમા ગુણસ્થાનથી નહિ. પણ મિથ્યાદ્રષ્ટિ ગમે તેવો દ્રવ્યલિંગી મુનિ હોય, અઠ્ઠાવીશ મુળગુણ પાળતો હોય અને ચામડા તોડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે, તોપણ એને સમ્યગ્દર્શન નથી એટલે એને આવા પરિણામ હોય શકે નહિ. આહાહા..! એમ કરીને સિદ્ધ એ કરવું છે.

'**યહ ભાવકા મહાત્મ્ય હૈ. વિષયોંસે વિરક્તભાવ હોકર...**' વિષયની રુચિ જ નથી એમ કહે છે. આત્માના આનંદ આગળ બીજી વિષયમાં રુચિ શેની હોય? ધૂળની? આહાહા..! '**સોલહકારણ ભાવના ભાવે તો અચિંત્ય હૈ મહિમા જિસકી એસી તીનલોકસે પૂજ્ય તીર્થંકર નામ પ્રકૃતિકો બાંધતા હૈ ઔર ઉસકો ભોગકર..**' ભોગવી એટલે મળે છે. ખરેખર તો તીર્થંકર પ્રકૃતિનું ફળ તો તેરમે (ગુણસ્થાને) ઉદયમાં આવે છે.

શ્રોતા :- તેરમે ગુણસ્થાને...

ઉત્તર :- કેવળજ્ઞાન થાય ત્યારે તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવે. શું ભોગવવું? સમજાણું કાંઈ? તીર્થંકરના પરિણામ ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને આવે પણ એ બાંધેલી પ્રકૃતિનું ફળ તેરમે ગુણસ્થાને આવે. કેવળજ્ઞાન થાય ત્યારે પ્રકૃતિનું ફળ સમવસરણ આદિ ઉદયમાં આવે. હવે એને ક્યાં ભોગવવું છે! આહાહા..! એય...!

'**ઔર ઉસકો ભોગકર મોક્ષકો પ્રાપ્ત હોતા હૈ.**' તીર્થંકરપણું જેને પ્રાપ્ત છે એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈને મોક્ષે જાય છે. એ તો અહીં શુભભાવની વિશેષતા બતાવી. બાકી એ એને અટકાવી દે છે. પણ અહીં કહે છે, આવો ભાવ જૈનશાસનમાં સમ્યગ્દ્રષ્ટિ જીવને આવો હોય. એટલી વાત છે. સમજાણું કાંઈ?

**'દર્શન વિશુદ્ધિ,...'** લ્યો, પહેલો બોલ સમ્યગ્દર્શનની વિશુદ્ધિ. આ દર્શનવિશુદ્ધિ વિકલ્પવાળી છે. શુભરાગ ભેગો (છે). સમ્યગ્દર્શન છે, આત્માનું ભાન છે. આત્મા પૂર્ણાનંદનો નાથ, મારા આનંદની આગળ બધી દુનિયા, ઈન્દ્રના ઈન્દ્રાસન, ચક્રવર્તીના પદો... ઓલામાં આવે છે નહિ? **'ચક્રવર્તી કી સંપદા ઈન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોગ.'** આહાહા..! પણ એને હોય ને માને આવું એમ કહે છે. અજ્ઞાનીને એવું હોય નહિ. આહાહા..! કાગવિટ સમ. કાગડાની વિષ્ટા ખાવા પણ કામ ન આવે. માણસની વિષ્ટા તો ભૂંડ પણ ખાય. કાગડાની વિષ્ટા છે એ ખાતરમાં પણ ન નખાય. ખાતર સમજો છો? ખાત. એ ખેતમાં ન નાખે. બગાડી નાખે. **'ચક્રવર્તી કી સંપદા ઈન્દ્ર સરીખા ભોગ.'** પુણ્યના ફળ. છતાં **'કાગ વિટ સબ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોગ.'**

શ્રોતા :- દ્વેષ ન કરાય ને.

ઉત્તર :- ના, ના, દ્વેષની વાત નથી એ તો જ્ઞેય છે એમ કહે છે. એ તો જ્ઞેય છે, એને કાંઈ એના ઉપર મહિમા નથી.

શ્રોતા :- .. સમ્યગ્દર્શનનો મહિમા.

ઉત્તર :- હા, વાત એ છે. અને સમ્યગ્દર્શનમાં એવા બંધના પરિણામ આવે એટલું અહીં જણાવવું છે. સારા છે અને ઠીક છે એમ અહીં કહેવું નથી. સમજાણું કાંઈ? પણ આવા જે પરિણામ સર્વોત્કૃષ્ટ પુણ્યની પ્રકૃતિ, ૪૨ પ્રકૃતિ. એમાં તીર્થંકરપ્રકૃતિ સર્વોત્કૃષ્ટ છે. એ સમ્યગ્દર્શનના આત્માના ભાનની ભૂમિકામાં એવો ભાવ આવી જાય. એવી ઋદ્ધિ હોય કે ઈન્દ્રોને ન હોય. ઈન્દ્રો પણ એની પાસે પાણી ભરે. ખમા અન્નદાતા એમ કહે. સમજાણું કાંઈ? જેના મુગટ નમી જાય, જેના ચરણકમળમાં સો-સો ઈન્દ્રો આવીને નમે. વાઘ અને સિંહ આમ નમે.

શ્રોતા :- થોડા સમય માટે નારકીઓને પણ શાતા થઈ જાય છે.

ઉત્તર :- બહારની શાતા, આત્માની નહિ, બહારની. સમજાણું કાંઈ? આત્માની શાતા એક સમયે મળી જાય તો થઈ રહ્યું, જન્મ-મરણ ટળી જાય. બહારની મળે. દર્શનવિશુદ્ધિ આ છે વિકલ્પવાળું, હોં! સમકિતમાં એક વિકલ્પ હોય એને અહીં દર્શનવિશુદ્ધિ કીધી છે. કારણ કે દર્શનવિશુદ્ધિ બંધાય પછી સમકિતી બંધાય નહિ. પણ એમાં વિકલ્પ-ભાવ હોય છે કે હું પૂર્ણ થાઉં, મારું સ્વરૂપ પૂર્ણ થાવ. બહારથી કહે કે જગતનું કલ્યાણ થાવ, હિત થાવ. સર્વજીવ કરું શાસન રચી... આવે છે ને? સર્વ જીવ કરું શાસન રચી, એવી ભાવદયા મન ઉલસી. એ વિકલ્પ-રાગ છે. સર્વ જીવ કરું શાસન.. બધા જીવો, આખી દુનિયા ધર્મ પામો ને. આખા ભગવાન સર્વ જીવો સિદ્ધપદને પામોને. આહાહા..! એ સિદ્ધપદથી પાછા કેમ ફરો? સિદ્ધપદ. આહાહા..! સાગમટે નોતરું આપે છે. બધા

જમવા આવજો. બધાને કહે છે કે આવજો આવજો મારો લાભ લેવા. સમજાણું કાંઈ? તમારો લાભ લેવા એમ એનો અર્થ છે.

'(૨) **વિનયસંપન્નતા,...**' બીજો બોલ. પણ આ બધું દર્શન હોય તો વિનયસંપન્નતા. નહિતર એના વિના કાંઈ નહિ. નીચે લખશે એ. '**ઈનમેં સમ્યગ્દર્શન પ્રધાન હૈ, યહ ન હો ઔર પન્દ્રહ ભાવનાકા વ્યવહાર હો તો કાર્યકારી નહીં હૈ.**' સમજાણું કાંઈ? '**વિનયસંપન્ન,...**' એ વિકલ્પ છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન હોય. વિનય... વિનય... વિનય.. વિનય... દાસાનુદાસ છું. સર્વજ્ઞ, તીર્થંકરો, સંતો એનો હું દાસાનુદાસ છું. સમજાણું કાંઈ? એવો ભાવ, સમ્યગ્દષ્ટિને એવી ભૂમિકામાં આવો શુભભાવ હોય છે, એટલું બતાવવું છે. એવો ભાવ મિથ્યાદષ્ટિને હોતો નથી. નગ્નમુનિ નવમી ગ્રૈવેયક જાય, તો પણ એને આ ભાવ ન હોય. એનો એ શુક્લલેશ્યાભાવ હોય કે નવમી ગ્રૈવેયક જાય. પાછો નીચે પડે. આહાહા..!

'(૩) **શીલવ્રતના અણઅતિચાર...**' શીલવ્રત અતિચાર રહિત પાળે છે. અતિચાર ન હોય એવું નિર્દોષ. એવો વિકલ્પ હોય. '(૪) **અભીક્ષણ જ્ઞાનોપયોગ...**' વારંવાર જ્ઞાનનો ઉપયોગ અંદર.. છતાં ઓલો જ્ઞાન ઉપયોગ છે એ બંધનું કારણ નથી. વારંવાર જ્ઞાનના ઉપયોગનો વિકલ્પ આવે. રાગ એ તીર્થંકરગોત્ર બાંધે. એવો સમકિતી સિવાય આવો અભિક્ષણ જ્ઞાનોપયોગનો ભાવ હોય નહિ એમ કહે છે. બીજા ઘણા કહે છે. ઓ..હો..! શું .. સજ્જાય! પણ દૃષ્ટિની ખબર વિના. સમજાણું કાંઈ? લ્યો, ચાર બોલ થયા. વિશેષ બોલ કહેશે. આવા ભાવ હોય તો તીર્થંકરગોત્ર બંધાય.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૨૪, ગાથા-૭૯ થી ૮૨, સોમવાર, આસો વદ ૧૨, તા.૨૬-૧૦-૭૦

આ અષ્ટપાહુડ, (એમાં) ભાવપાહુડની ૭૯ ગાથા. ૭૯ ગાથા ચલતી હૈ. હિન્દી લ્યો, હિન્દી. ગુજરાતી ... સમજતે હો ના? ભૈયા! ... ૭૯ ગાથા, ભાવપાહુડ. ભગવાન 'કુંદકુંદાચાર્ય' કૃત. એમાં કહે છે.. ભાવાર્થ છે ને?

**ભાવાર્થ :-** '**યહ ભાવકા માહાત્મ્ય હૈ, (સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વજ્ઞાન સહિત સ્વસન્મુખતા સહિત) વિષયોંસે વિરક્ત ભાવ હોકર સોલહકારણ ભાવના ભાવે તો અચિંત્ય હૈ અહિંસા જિસકી ઐસી તીનલોકસે પૂજ્ય તીર્થંકર નામ પ્રકૃતિકો બાંધતા હૈ ઔર ઉસકો ભોગકર મોક્ષકો પ્રાપ્ત હોતા હૈ.**' ક્યા કહતે હૈં? દેખો! જિસકો આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદસ્વરૂપ હૈ, ઉસકા અનુભવ હુઆ હૈ, સમ્યગ્દર્શન. પહલે તો સમ્યગ્દર્શન હુઆ હો ઉસકો એક સોલહકારણ ભાવનાકા વિકલ્પ આતા હૈ. સમજમેં આયા? આત્મા

શુદ્ધ આનંદ જ્ઞાનધામ, પૂર્ણાનંદ સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ને જો દેખા હૈ, ઐસા આત્મા અંદર ધ્રુવ અખંડ અભેદકી અંતર પ્રથમ દૃષ્ટિ અનુભવમેં હોના, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમ્યગ્દર્શન બિના યહ સોલહકારણ ભાવના આતી હૈ. ઔર દર્શન વિશુદ્ધિ બિના પંદ્રહ બોલ સાધારણ આયે, વહ કોઈ તીર્થંકર પ્રકૃતિબંધકા કારણ નહીં. પ્રથમ ભૂમિકા ભાવશુદ્ધિ સમ્યગ્દર્શનસે ચલતી હૈ. ઉસકે બિના શુભ ઔર અશુભભાવ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત ભાવ એ તો સબ બંધકા કારણ, પુણ્યકા કારણ હૈ.

સમ્યગ્દર્શનમેં પ્રથમમેં પ્રથમ ધર્મ પ્રાપ્ત હોતા હૈ ઉસકો આત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરે જો આત્મા અનંતગુણકા પિંડ, ચૈતન્ય શુદ્ધ આનંદધાતુ, આનંદસે ટીકા હુઆ ભગવાનઆત્મા હૈ, ઐસી અંતરમેં દૃષ્ટિ ભાન અનુભવ હોકર હોના, ઉસકા નામ પ્રથમ સમ્યગ્દર્શન હૈ. સમ્યગ્દર્શન બિના તીર્થંકર ગોત્રકા ભાવ કભી અજ્ઞાનીકો હોતા નહીં. સમજમેં આયા?

ભાવપાહુડ હૈ ન. પહલે શુદ્ધભાવકી ભાવના કહી ઔર દર્શનવિશુદ્ધિ આદિ ષોડશકારણ ભાવના. સમ્યગ્દૃષ્ટિકો દર્શનવિશુદ્ધિકા વિકલ્પ આતા હૈ. મૈં નિર્મલ શુદ્ધ હૂં, પવિત્ર હૂં, ઐસા વિકલ્પ-રાગ હૈ, વહ તીર્થંકર ગોત્ર બંધકા કારણ હૈ. સમજમેં આયા? શુદ્ધિ તો હૈ, સમ્યગ્દર્શનકી શુદ્ધિ તો હૈ, ઇસસે અતિરિક્ત ઐસા વિકલ્પ આતા હૈ તબ ઉસકો તીર્થંકર ગોત્ર કા બંધ હોતા હૈ. સમ્યગ્દર્શનકી શુદ્ધિસે વહ બંધ હોતા નહીં. સમજમેં આયા?

'**૧. દર્શનવિશુદ્ધિ, ૨. વિનયસંપન્નતા,...**' સમ્યગ્દૃષ્ટિ અપને શુદ્ધ સ્વભાવ કે ભાન સહિત પંચપરમેષ્ઠી આદિ મેં ઉસકા વિનય બહુત હોતા હૈ. મૈં તો પંચ પરમેષ્ઠીકા દાસાનુદાસ હૂં. યથાર્થ પંચપરમેષ્ઠી હોને ચાહિયે. સમજમેં આયા? ઉનકા વિનય હૈ વિકલ્પ, શુભરાગ, લેકિન સમ્યગ્દૃષ્ટિ કો ઐસા ભાવ આતા હૈ. તો ઉસસે તીર્થંકર ગોત્ર બંધ જાતા હૈ. સમજમેં આયા? '**૩. શીલવ્રતેષ્વનતિચાર,...**' શીલવ્રત મેં અતિચાર ન લગે. બારહ વ્રત હૈ ઉસમેં અતિચાર ન લગે. સમ્યગ્દર્શન સહિત, હોં! આત્માકે અનુભવમેં આનંદકે સ્વાદકી ભૂમિકામેં જો બારહ વ્રતકા અતિચાર રહિત જો વિકલ્પ હોતા હૈ, વહ તીર્થંકર ગોત્ર બંધકા કારણ હૈ. જહાં સમ્યગ્દર્શન નહીં હૈ વહાં શીલ, વ્રત નિરતિચાર હો તો વહ પુણ્યબંધકા, મિથ્યાત્વ સહિત અકેલે પુણ્યબંધકા કારણ હૈ. સમજમેં આયા?

'**૪. અભીક્ષ્ણજ્ઞાનોપયોગ...**' ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્ય સ્વભાવકા પિંડ હૈ, ઉસકા વારંવાર જ્ઞાનકી ઓર ઝુકાવ હોના, ઉસમેં મંથનમેં વિકલ્પ આતા હૈ કિ મૈં શુદ્ધ હૂં, આનંદ હૂં, ઐસે અનુભવકી નિર્વિકલ્પ સ્થિરતા પહલે. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકો પહલે તો નિર્વિકલ્પ અનુભવ (હુઆ) હૈ, બાદમેં નિર્વિકલ્પ હોને પૂર્વ વિકલ્પ મેં મંથન ચલતા હૈ. સમજમેં આયા? મૈં જ્ઞાનાનંદ હૂં, શુદ્ધ હૂં, આનંદ હૂં. ઉસમેં મૈં લીન હોના

ચાહતા હૂં. ઐસા સમ્યગ્દષ્ટિકા વિકલ્પ શુભરાગ તીર્થંકર ગોત્ર બંધકા કારણ હૈ. સમજમેં આયા?

'૫. **સંવેગ...**' અપને શુદ્ધ પવિત્ર સ્વભાવકો પાનેકા વેગ-અંદરમેં ઈચ્છા. અહો..! મેરી ચીજ તો શુદ્ધ આનંદ હૈ. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમ મેં હો, સમજમેં આયા? અરે..! સમકિતી નારકી હો, નર્કમેં ભી નારકી સમકિતી હૈ કિ નહીં? ઉસકો ભી સંવેગ આદિ હોતા હૈ. શીલ વ્રત આદિ નહીં હોતા. સંવેગ હોતા હૈ તો વહ તીર્થંકરગોત્ર સમય સમયમેં બાંધતે હૈં. સમજમેં આયા? જૈસે 'શ્રેણિક' રાજા. 'શ્રેણિક' રાજા ભગવાનકા પરમ ભક્ત. 'મહાવીર' પરમાત્મા કે સમવસરણમેં સમકિત પહેલ પાયા થા. ઉસને તીર્થંકર ગોત્ર બાંધા. પહલે નર્કકી આયુ બંધ ગઈ થી તો નર્કમેં ગયે. અભી ચૌરાસી હજાર વર્ષકી સ્થિતિ મેં હૈ. આગામી કાલમેં ચૌબીસ તીર્થંકર મેં પહલે તીર્થંકર હોંગે. વહાંભી તીર્થંકર ગોત્ર બાંધતે હૈં. નરકમેં ભી. શુરૂઆત નહીં કરતે, શુરૂઆત મનુષ્યપનેમેં હોગી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહાં હો ગયા હૈ. શુરૂઆત યહાં હુઈ. કિસીકો દૂસરી ગતિ મેં શુરૂઆત નહીં હોતી. મનુષ્ય ગતિ મેં હી હોતી હૈ. સમ્યગ્દર્શનમેં યા પંચમ ગુણસ્થાનમેં યા મુનિ છઠવે (ગુણસ્થાનમેં) આત્મધ્યાની, જ્ઞાની આનંદમેં (રહતે હો) યા સપ્તમેં યા આઠવેંમેં, ચાર સે આઠ તક અંદરમેં ઐસા વિકલ્પ હોતા હૈ તો ઉસસે તીર્થંકર ગોત્ર બંધ જાતા હૈ. અચિંત્ય મહાપુણ્ય, કહા ન? યહાં તો ઐસા કહના હૈ કિ શુદ્ધભાવ તો હૈ હી, ભાવ કી પ્રધાનતા મુખ્યતા તો આત્મા પુણ્ય-પાપકે ભાવસે રહિત શુદ્ધ ભાવકી શ્રદ્ધા ઔર શુદ્ધ ભાવકા પરિણમન હોના, વહી ધર્મ હૈ. લેકિન સાથમેં સમકિતીકો ઐસા પુણ્યભાવ આતા હૈ કિ ... તીર્થંકર પ્રકૃતિ બંધ જાતી હૈ, બસ ઈતની બાત હૈ. સમજમેં આયા? સંવેગ.

'૬. **શક્તિતસ્ત્યાગ,...**' શક્તિસ્તત્યાગ. સમકિતી અપને વીર્યકી જિતની શક્તિ હૈ ઉતના અંદર રાગકા ત્યાગ કરતે હૈં. શક્તિ અનુસાર કરતે હૈં, હઠ નહીં. ક્યા કહતે હૈં? સમજમેં આયા? હઠ કરકે અંદર સહન કરના પડે વહ તો હઠ હૈ. શક્તિ અપના વીર્ય જિતના પુરુષાર્થ દિખે, ઉસ અનુસાર રાગ કા ત્યાગ કરતા હૈ. ઉસમેં થોડા વિકલ્પ હૈ તો ઉસસે તીર્થંકર ગોત્ર બંધ જાતા હૈ. સમજમેં આયા? એકદમ હઠ કરે, અપની શક્તિસે વિશેષ લે લે, તો તો મિથ્યાદષ્ટિ હૈ. સમજમેં આયા? યહાં તો આત્માકી ભૂમિકાકા જ્ઞાતા-દષ્ટા રહે ઔર ઉસ ભૂમિકામેં રાગકા શક્તિ અનુસાર ત્યાગ કરે, ઉસકે પ્રમાણમેં સંયોગકા ત્યાગ હો જાતા હૈ. સમજમેં આયા?

'૭. **શક્તિતસ્તપ,...**' તપસ્યા આદિ, ઉપવાસ આદિ અપના પુરુષાર્થ દિખે, જ્ઞાતા-દષ્ટાપના રહા, ઉસ ભૂમિકા કો સંભાલકર અપની શક્તિ કે પ્રમાણ મેં ઉપાવાસાદિ કરતે

હૈં. સમજમેં આયા? અજ્ઞાની તો સખ્તી કરતે હૈં. આહાહા..! શક્તિ નહીં હૈ, સહજશક્તિ નહીં, અંતર સે જ્ઞાતા-દૃષ્ટા પ્રગટ હુઆ નહીં ઔર હઠ સે કરતે હૈં, વહ તો મિથ્યાત્વ સહિત રાગ કી મંદતા (હોતી હૈ). ઉસમેં તો યહ તીર્થંકર ગોત્રપના હોતા નહીં.

યહાં યહ કહતે હૈં, '૮. **સાધુસમાધિ...**' હૈ ન? આઠવાં બોલ. ધર્માત્મા સંત આનંદસ્વરૂપમેં રમનેવાલે મુનિ, અતીન્દ્રિય આનંદમેં રમનેવાલે સંત, ઉનકો શાંતિ, સમાધિ કૈસે હો, ઐસા વિકલ્પ ઉઠતા હૈ. સમજમેં આયા? ઉનકો આહાર-પાની, આહારકી અનુકૂલતા આદિકા ભાવ હો, ઉસકા નામ વહ વિકલ્પ રાગ હૈ. સમ્યગ્દૃષ્ટિકી ભૂમિકામેં ઐસા રાગ આયે બિના રહતા નહીં. લેકિન વહ તીર્થંકર ગોત્રકા ભાવ સબકો આતા હૈ, ઐસા નહીં. કોઈ જીવકો સમકિતી જ્ઞાનીકો ઐસા ભાવ આતા હૈ તો ઉસસે તીર્થંકરગોત્ર બંધ જાતા હૈ.

'૯. **વૈયાવૃત્ત્યકરણ...**' વૈયાવૃત્ત. સમકિતી ધર્માત્મા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સમકિતી શ્રાવક કો ઉનકી વૈયાવૃત્ત સેવા કરનેકા ભાવ વિકલ્પ શુભરાગ આતા હૈ. સમ્યગ્દૃષ્ટિ શુદ્ધતાકી ભૂમિકામેં તો હૈ હી. શુદ્ધ પરિણમન તો હૈ હી, લેકિન પૂર્ણ શુદ્ધતા નહીં હૈ તો ઉસમેં ઐસા ભાવ આયે બિના રહતા નહીં. વૈયાવૃત્તકે ભાવ સે પુણ્યબંધ હોતા હૈ. જિતની આત્મા કે ભાન કી શુદ્ધિ હુઈ હૈ, ઉતની સંવર ઔર નિર્જરા હોતી હૈ. ઔર જિતના શુભરાગ આયા ઉસસે પુણ્યબંધ હો જાતા હૈ. એક સમયમેં દો (ભાવ) હોતે હૈં. વિશેષ હોતા હૈ. કહો, સમજમેં આયા? ઉસ સમય તો પુણ્ય હોતા હૈ, પાપ હોતા હૈ, બંધ હોતા હૈ, આસ્રવ હોતા હૈ, સંવર હોતા હૈ, નિર્જરા હોતી હૈ. આહાહા..! સમજમેં આયા? જિતના અપના સ્વભાવ ચૈતન્ય શુદ્ધ, ઉસકા આશ્રય લેકર જો પવિત્રતા સમ્યગ્દર્શન આદિ પ્રગટ હુઈ હૈ વહ તો સંવર, નિર્જરા હૈ. ઉતના તો રાગ રુક ગયા હૈ ઔર પૂર્વ કી શુદ્ધિકી અપેક્ષા બઢ ગઈ હૈ. લેકિન ઉસ સમય જો રાગ હૈ, ઉસમેં શુભ હો તો પુણ્ય બંધ જાય, ઉસમેં થોડા પાપ ભી બંધતા હી હૈ. શુભભાવમેં પુણ્ય વિશેષ બંધતા હૈ, પાપ ભી થોડા બંધતા હી હૈ. રાગ હૈ ન, તો વહ આસ્રવ હૈ, બંધ હૈ. પુણ્ય-પાપ હૈ. ઐસા ભાવ ભી એક સમય મેં હો.

'૧૦. **અર્હદ્ભક્તિ...**' અરિહંત કી ભક્તિ. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સાક્ષાત્ સમવસરણમેં બિરાજતે હો, ન હો તો ઉનકી પ્રતિમા હો,.. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકો ભગવાનકી ભક્તિકા રાગ આસ્રવરૂપ હૈ, દુઃખરૂપ હૈ લેકિન આયે બિના રહતા નહીં. એ.. 'ભીખાભાઈ'! રાગ હૈ ન? આકુલતા હૈ. ઔર આકુલતા સે બંધ હોતા હૈ. અનાકૂલ આત્મધર્મ સે બંધ હોતા નહીં. અર્હંતભક્તિ. અરિહંત સાક્ષાત્ સમવરણમેં બિરાજતે હો, પરમાત્મા વર્તમાનમેં મહાવિદેહક્ષેત્રમેં બિરાજતે હૈં. 'સીમંધર' પરમાત્મા આદિ બીસ તીર્થંકર. જિનકે પાસ 'કુંદકુંદાચાર્ય' ગયે થે. આઠ દિન રહે થે. 'કુંદકુંદાચાર્ય' નગ્ન દિગંબર મુનિ

સંવત ૪૯ મેં, ભગવાન મહાવિદેહ મેં બિરાજતે હૈં, વહાં ગયે થે, આઠ દિન રહે થે. વહાં સે આકર યહ શાસ્ત્ર બનાયા હૈ. સમજમેં આયા?

કહતે હૈં કિ, અર્હંતભક્તિ. વિકલ્પ ઐસા બહુમાન આતા હૈ. હૈ તો રાગ, હૈ તો આસ્રવ. તીર્થંકર પ્રકૃતિકા આસ્રવકા કારણ હૈ. આહાહા..! ઐસા શુભભાવ સમકિતીકો હોતા હૈ. તીનલોક મેં સર્વ ઋદ્ધિ, અચિંત્ય માહાત્મ્યવાલી પ્રકૃતિ ઉસે બંધતી હૈ, ઐસા કહતે હૈં. હૈ તો જ્ઞાનીકો બંધ ઔર બંધકા ભાવ હેય. 'અમરચંદભાઈ'! આહાહા..! સમ્યગ્દૃષ્ટિકો વહ રાગ ઔર રાગ કા ફલ હેય હૈ. લેકિન હોતા હૈ, ઐસા યહાં બતલાતે હૈં.

'**૧૧. આચાર્યભક્તિ...**' મહામુનિ દિગંબર આત્મજ્ઞાની ધ્યાની, ભાવલિંગી સંત, ભાવલિંગી સંત, જિનકો ક્ષણ ઔર પલ મેં આનન્દકી અન્દરમેં બાઢ આતી હૈ. અતીન્દ્રિય આનંદ કી બાઢ-ભરતી. ઐસે આચાર્ય મુનિ, ભગવાનને સ્વીકાર કિયા હો ઐસે, ઉનકી ભક્તિ વહ શુભરાગ હૈ. ભક્તિ ભી શુભરાગ (હૈ). સંવર, નિર્જરા નહીં, ધર્મ નહીં. ધર્મ હો તો બંધ નહીં હોતા. રાગ હૈ તો ઉસસે તીર્થંકરગોત્ર બંધતા હૈ.

'**૧૨. બહુશ્રુતભક્તિ...**' બહુ જ્ઞાની કી ભક્તિ. સમ્યગ્દૃષ્ટિ સહિત બહુ જ્ઞાન, હોં! એ વિના બહુજ્ઞાનકો જ્ઞાન કહતે નહીં. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો' ઐસી ચીજકે અનુભવમેં સમ્યગ્દર્શન, ઐસા જો... સમજમેં આયા? બહુશ્રુત.. ઐસા સમકિતી બહુશ્રુત હો, બહુજ્ઞાનવાલા હો, ઉસકી ભક્તિ સમ્યગ્દૃષ્ટિ કરતે હૈં તો ઉસ વિકલ્પ મેં તીર્થંકર ગોત્ર બંધ જાતા હૈ. સમજમેં આયા?

'**૧૩. પ્રવચનભક્તિ...**' દેવ-ગુરુકો ભી પ્રવચન કહનેમેં આતા હૈ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકો ભી પ્રવચન કહનેમેં આતા હૈ. ઉસકી ભક્તિ, બહુમાન વિકલ્પ.

'**૧૪. આવશ્યકપરિહાણિ...**' છ આવશ્યકમેં હાનિ નહીં હોને દેની. સામાયિક, ચૌવિસંથો.. સમકિતીકી બાત હૈ, હોં! આત્માકા સ્વાદ શુદ્ધ સ્વભાવકા હુઆ, ઐસે સમકિતી ચૌથે ગુણસ્થાનસે આગે બઢકર છ આવશ્યક વિકલ્પ હોતા હૈ, અંદર મેં શાંતિ બઢ ગઈ હૈ. સામાયિક, ચૌવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચખાણ. છહ પ્રકારકા અનુભવ સમકિતીકો પંચમ ગુણસ્થાનમેં યા છઠવે ગુણસ્થાનમેં વિકલ્પ આતા હૈ તો ઉસ વિકલ્પ શુભરાગ સે તીર્થંકરગોત્ર બંધ જાતા હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... યહ વિકલ્પ કહા ન. આવશ્યક આ ગયા. શુભરાગ કહો યા વિકલ્પ દ્રવ્ય પ્રતિક્રમણ. ભાવપ્રતિક્રમણ સ્વરૂપ કી સ્થિરતા હૈ.

આજ તો ઐસા પ્રશ્ન હુઆ કિ મિથ્યાદષ્ટિ કી ભી ભક્તિ કરતે હૈં ન. લેકિન સમકિતી મિથ્યાદષ્ટિ હો ઔર બાહર મેં આચરણ સરખા હો ઔર ભક્તિ કરતા હૈ ન?

વહ દૂસરી ચીજ હૈ. યહ તો સમકિતીકી બાત હૈ. સમકિતી માને સમકિતી. ... સમજે? શાસ્ત્રમેં આતા હૈ ન? સમ્યગ્દૃષ્ટિ હૈ, આત્માકા ભાન હૈ ઔર સામનેવાલેકો આત્માકા ભાન નહીં હૈ. લેકિન ઉસકી ક્રિયા આગમ અનુસાર વિશેષ પંચમહાવ્રત, અઠ્ઠાઈસ મૂલગુણ ચોખ્ખા, શાસ્ત્ર અનુસાર શ્રદ્ધા, પ્રરૂપણા બરાબર સ્પષ્ટ... સમજમેં આયા? તો સમકિતી ઉસકી ભક્તિ કરે. શુભભાવ હૈ ન. ...

મુમુક્ષુ :- સમકિતીકો માલૂમ હૈ કિ..

ઉત્તર :- માલૂમ હૈ, અંદર સમકિત નહીં હૈ, ખ્યાલ મેં હૈ. લેકિન અપને સે અધિક હૈ ન, તો કરે. વ્યવહાર હૈ ન. વ્યવહાર સ્પષ્ટ હૈ કિ નહીં? ક્યોં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... નહીં આયા ઈસમેં? આયા હૈ કિ નહીં? તો ક્યા પૂછા વાપસ?

વહ આયા, દેખો! કદાચિત્ સમ્યગ્દૃષ્ટિ ને કોઈ બાહ્ય ચિહ્ન વડે તેનો નિર્ણય હોય અને તે આની ભક્તિ ન કરે તો બીજાઓને સંશય થાય. આગમ પ્રમાણે જેનું આચરણ બરાબર નિર્દોષ (હોય), અઠ્યાવીસ મૂળગુણ બરાબર (પાળે). એને માટે કરેલો પાણીનું બિંદુ પ્રાણ જાય તોપણ ન લે. એવી જેની બાહ્યની ક્રિયા આગમ પ્રમાણે ચોખ્ખી હોય. આગમ પ્રમાણે વ્યવહારશ્રદ્ધા પણ બરાબર હોય. અંતરમાં અનુભવમાં નિશ્ચય સમ્યગ્દર્શન નથી. એવા.. જુઓ! કહા થા ન? દોપહર કો ચલા થા. ઉસ વક્ત નહીં રખા થા. .. બીજાઓને (સંશય થાય કે) આની ભક્તિ કેમ ન કરી? માટે ત્યાં વ્યવહાર સમકિત મિથ્યાત્વની અપેક્ષાએ કથન જાણવું. સમજ્યા? વ્યવહાર સમકિત ચોખ્ખું હોય. એનું આચરણ વ્યવહાર ચોખ્ખો હોય. બીજો સમકિતી નિશ્ચયવાળો પણ એને શુભભાવ છે, શુભભાવ છે, ભક્તિ બહુમાન (કા વિકલ્પ આતા હૈ).

સમ્યગ્દૃષ્ટિ તો દ્રવ્યલિંગીને પોતાનાથી હિનગુણ સહિત માને છે તો તેની ભક્તિ કેમ કરે? એમ પ્રશ્ન છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. ... લેકિન ઉસ સમય પન્ના નહીં નિકલા થા. વ્યવહારધર્મકા સાધન દ્રવ્યલિંગીકો બહુત હૈ. દેખા! દ્રવ્યલિંગીકો વ્યવહારસાધન બહુત હૈ. સ્પષ્ટ પંચમહાવ્રત, અઠ્ઠાઈસ મૂલગુણ નિરતિચાર, બાહ્યકી ક્રિયા સ્પષ્ટ. મહિને-મહિનેકા ઉપવાસ, કુછ ભી દોષ લગે નહીં. નિર્દોષ આહાર-પાની આદિ લે. ઐસા વ્યવહાર બરાબર હૈ. ભક્તિ કરની વહ ભી વ્યવહાર હી હૈ. પર કી હુઈ ન વહ તો. ઈસલિયે જૈસે કોઈ ધનવાન નહીં હો, લેકિન કુલ મેં બડા હો તો ઉસે કુલ અપેક્ષા બડા જાનકર ઉસકા સત્કાર કરનેમેં આતા હૈ. ઐસી ક્રિયા હો તો. ઐસી નિરતિચાર ક્રિયા હો તો. કુછ ફેરફાર હો તો આદરણીય હૈ હી નહીં. ઉસકા વ્યવહાર ભી સ્પષ્ટ નહીં હૈ.

મુમુક્ષુ :- વ્યવહાર સ્પષ્ટ હોના ચાહિયે.

ઉત્તર :- વ્યવહાર સ્પષ્ટ હોના ચાહિયે, બસ, ઈતની બાત હૈ.

સમ્યગ્દર્શન સહિત યદિ કોઈ વ્યવહારધર્મ મેં પ્રધાન હો તો વ્યવહારધર્મકી અપેક્ષાસે ગુણાધિક માનકર ભક્તિ કરે. વ્યવહારકી અપેક્ષાસે કરે. ઐસા સમજના. સમજમેં આયા?

મુમુક્ષુ :- માહાત્મ્યપૂર્વક કરે...?

ઉત્તર :- ... અંદર વહ માહાત્મ્ય નહીં હૈ. વ્યવહારકા માહાત્મ્ય હૈ. વિકલ્પ તો યહ આયા થા કિ ઈસ ભાવસે તીર્થંકર ગોત્ર બાંધે કિ નહીં? પહલે દિમાગ મેં પ્રશ્ન તો યહ આયા થા કિ ઐસી ભક્તિ .. સમકિત હોય ઔર ઉસમેં ઐસા શુભભાવ હો ઉસે બંધે, ઐસા લગતા હૈ. ... સમજમેં આયા? ક્યા કહા? પ્રવચનભક્તિ.

'**૧૪. આવશ્યકાપરિહાણિ...**' સામાયિક, ચૌવિસંથો, તીર્થંકરકો ભગવાનકો વંદના ઈત્યાદિ વંદનકા ભાવ સમકિતકી શુદ્ધિ હોનેપર ભી સ્વરૂપ મેં સ્થિરતા નહીં હૈ તો ઐસા શુભભાવ સમકિતીકો ભી આતા હૈ. આવશ્યક કી ક્રિયા કા આતા હૈ. છ આવશ્યક વિકલ્પ હૈ, હોં! શુભરાગ હૈ, પુણ્ય હૈ. ...

'**૧૫. સન્માર્ગપ્રભાવના...**' લો! ભગવાનકે માર્ગકી પ્રભાવનાકા વિકલ્પ શુભભાવ આયે. લોગ ઐસે ધર્મ કો પ્રાપ્ત હો. ..

'**૧૬. પ્રવચન વાત્સલ્ય...**' દેવ-ગુરુ-શાસ્ત્રકા પ્રેમ. પ્રવચન સિદ્ધાંતકા પ્રેમ ઔર દેવ-ગુરુ-શાસ્ત્રકા અંતર મેં પ્રેમ હોતા હૈ. સચ્ચા હૈ, .. હૈ વિકલ્પ, હૈ રાગ. ... તીર્થંકર ગોત્રકા બંધ ભી રાગસે હોતા હૈ, ધર્મ સે હોતા નહીં. ધર્મ તો અપની આત્માકા શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ઔર રમણતાસે તો નિર્જરા, કર્મકી નિર્જરા હી હોતી હૈ. આહાહા..! ઐસા વીતરાગકા માર્ગ. સમજમેં આતા હૈ? લો, સોલહ હો ગયે. યહ સોલહ ભાવના.

'**ઈનકા સ્વરૂપ તત્ત્વાર્થસૂત્રકી ટીકાસે જાનિયે. ઈનમેં સમ્યગ્દર્શન પ્રધાન હૈ,...**' ઉસમેં સમ્યગ્દર્શન મુખ્ય હૈ. ઈસકે બિના, '**યહ ન હો ઔર પંદ્રહ ભાવનાકા વ્યવહાર હો તો કાર્યકારી નહીં હૈ...**' સમજમેં આયા? ઈતના વજન.. ચૈતન્ય ભગવાન પૂર્ણ અખંડ અભેદ આત્મા ઉસકી અંતર પ્રતીતિ અનુભવમેં જ્ઞાનમેં ભાન હોકર, હોં! ઐસે સમ્યગ્દર્શન બિના અકેલે પંદ્રહ બોલ દર્શનવિશુદ્ધિ કે સિવા હો તો કોઈ કાર્યકારી નહીં હૈ. અકેલા શુભરાગ હો. યહ તો સમકિતી ભાન સહિત .. ઉસ ભાવસે તો તીર્થંકર ગોત્ર બંધતા હૈ. સમકિતકે બિના ઐસે પંદ્રહ ભાવ હો તો તીર્થંકર ગોત્ર બંધતા નહીં. સમજમેં આયા? બહુત સૂક્ષ્મ. લોગોંકો બાહર સે ચાહિયે ઔર માર્ગ હૈ અંતરમેં. પતા લગતા નહીં કિ અંતરમેં ક્યા માર્ગ હૈ. સુનને મિલતા નહીં. બાહ્યમેં ઐસા કરો ઔર વૈસા કરો. લેકિન આત્મા રાગ રહિત વિકલ્પ કી ક્રિયાકે ભાવસે ભિન્ન, ઐસા નિર્વિકલ્પ આનંદકા અનુભવ, ઉસકા સ્પર્શ, ઉસકા વેદન મૂલ ચીજ હૈ. સમજમેં આયા? અન્યમતિમેં ભી ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- લોગોં ને જો બાત કહી, સુની..

ઉત્તર :- બાત તો ઐસી હૈ.

યહ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરકા માર્ગ હૈ. યહ કોઈ સંપ્રદાયકી બાત નહીં હૈ. જૈન કોઈ સંપ્રદાય નહીં હૈ. જૈન તો વસ્તુકા સ્વરૂપ હૈ. સ્વરૂપકા અનુભવ ધર્મ હૈ. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ.' ભગવાનઆત્મા અકેલા વીતરાગબિંબ, ચિદ્‌બિંબ, જિનબિંબ, વીતરાગબિંબ વસ્તુ હૈ. વિકલ્પ વસ્તુ કહાં હૈ, ઉસમેં કહાં હૈ. આહાહા..! ઐસા વીતરાગસ્વભાવ ચૈતન્ય ભગવાન અપના નિજ સ્વરૂપ, ઉસકા અંતર મેં જ્ઞાન, ભાન હોકર પ્રતીતિકા હોના યહ મૂલ ચીજ હૈ. યહ નહીં હો તો દૂસરી કોઈ ચીજકી કીંમત હૈ નહીં. ચાહે તો પંચમહાવ્રત પાલે, અઠ્ઠાઈસ મૂલગુણ પાલે, નગ્ન રહે.. સબ નિરર્થક હૈ, આત્મા કે લિયે કુછ સાર્થક હૈ નહીં. સમજમેં આયા? આહા..!

સમ્યગ્દર્શન મુખ્ય હૈ. પ્રધાન માને મુખ્ય. '**યહ ન હો ઔર પંદ્રહ ભાવનાકા વ્યવહાર હો તો કાર્યકારી નહીં હૈ...**' તીર્થંકર ગોત્ર કા કાર્ય નહીં (હોતા). સમકિત નહીં હૈ તો સાધારણ પુણ્ય બાંધે. વહ તો અનંત બાર કિયા. '**ઔર યહ હો...**' સમ્યગ્દર્શન, આત્માકા અનુભવ, સમ્યક્ પ્રતીત હો '**તો પંદ્રહ ભાવનાકા કાર્ય યહી કરલે...**' તો પંદ્રહકા કામ એક હી કર લે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિકલ્પ હૈ. સમ્યગ્દર્શનમેં દર્શનવિશુદ્ધ કા વિકલ્પ હૈ. સમ્યગ્દર્શનમેં... લેકિન યહ સમ્યગ્દર્શન હો તો કહતે હૈં કિ '**યહ પંદ્રહ ભાવનાકા કાર્ય યહી કરલે..**' એક હી પ્રંદહકા કામ કર લે. ... કુછએક બોલ તો હોતે હૈં. સમ્યગ્દર્શન હો તો ઉસમેં વાત્સલ્ય, ભક્તિ,.. હૈ ન? સન્માર્ગ પ્રભાવના ઐસે કુછ બોલ હોતે હૈં, સબ નહીં હોતે. કિસીકો તો સબ ભી હોતે હૈં. ઉસમેં સમ્યગ્દર્શન હૈ તો સબ સફલ હૈ, વરના સફલ નહીં હૈ. આહાહા..! કહા ન, નરક મેં તીર્થંકર ગોત્ર બંધતા હૈ. વહાં વ્રત યા નિયમ તો હૈ નહીં. ઉસકે યોગ્ય વહાં પ્રવચનભક્તિ, અરિહંતભક્તિ ઐસી ભક્તિ કા ભાવ હૈ. નરક મેં સમ્યગ્દૃષ્ટિ હૈ ન.

---

आगे भावकी विशुद्धता निमित्त आचरण कहते हैं :-

**बारसविहतवयरणं तेरसकिरियाउ भाव तिविहेण।**
**धरहि मणमत्तदुरियं णाणंकुसएण मुणिपवर।।८०।।**

द्वादशविधतपश्चरणं त्रोयदश क्रियाः भावय त्रिविधेन।
घर मनोमत्तदुरितं ज्ञानांकुशेन मुनिप्रवर!।।१२।।

તું ભાવ બાર-પ્રકાર તપ ને તેર કિરિયા ત્રણવિધે;
વશ રાખ મન-ગજ મત્તને મુનિપ્રવર! જ્ઞાનાંકુશ વડે. ૮૦.

अर्थ :- हे मुनिप्रवर ! मुनियोंमें श्रेष्ठ ! तू बारह प्रकारके तपका आचरण कर और तेरह प्रकारकी क्रिया मन-वचन-कायासे भा और ज्ञानरूप अंकुशसे मनरूप मतवाले हाथीको अपने वशमें रख।

भावार्थ :- यह मनरूप हाथी बहुत मदोन्मत्त है, वह तपश्चरण क्रियादिकसहित ज्ञानरूप अंकुशहीसे वशमें होता है, इसलिये यह उपदेश है, अन्यप्रकारसे वशमें नहीं होता है। ये बारह तपोंके नाम हैं १-अनशन, २-अवमौदर्य, ३-वृत्तिपरिसंख्यान, ४-रसपरित्याग, ५-विविक्तशय्यासन, ६-कायक्लेश ये तो छह प्रकारके बाह्य तप हैं, और १-प्रायश्चित, २- विनय, ३-वैयावृत्य ४-स्वाध्याय, ५-व्युत्सर्ग, ६-ध्यान ये छह प्रकारके अभ्यंतर तप हैं, इनका स्वरूप तत्वार्थसूत्रकी टीकासे जानना चाहिये। तेरह क्रिया इस प्रकार हैं - पंच परमेष्ठीको नमस्कार ये पाँच क्रिया, छह आवश्यक क्रिया, [1]निषिधिकाक्रिया और [2]आसिकाक्रिया। इसप्रकार भाव शुद्ध होनेके कारण कहे।।८०।।

## ગાથા-૮૦ ઉપર પ્રવચન

'**આગે ભાવકી વિશુદ્ધતાનિમિત્ત આચરણ કહતે હૈં :-**' કહતે હૈં કિ ઐસે શુદ્ધતા ભાવમેં ઐસા આચરણ ઉસકો હોતા હૈ. સમ્યક્ આત્માકા ભાન, મોક્ષકા માર્ગ, ઉસમેં ઐસી વિકલ્પવાલી ક્રિયા ભી હોતી હૈ.

**बारसविहतवयरणं तेरसकिरियाउ भाव तिविहेण।**
**धरहि मणमत्तदुरियं णाणंकुसएण मुणिपवर।।८०।।**

મુની કિ પ્રધાનતા સે કથન હૈ. '**હે મુનિપ્રવર! મુનિયોંમેં શ્રેષ્ઠ! તૂ બારહ પ્રકારકે તપકા આચરણ કર...**' બારહ પ્રકારકે તપ. ઈચ્છા નિરોધરૂપી તપ. ઉસમેં બારહ પ્રકારકે તપકો નિમિત્ત કહનેમેં આતા હૈ. '**ઔર તેરહ પ્રકારકી ક્રિયા...**' અંદર આયેગા. '**મન-**

१. निषिधिका - जिनमंदिरादिमें प्रवेश करते ही गृहस्थ या व्यंतरादि देव कोई उपस्थित है - ऐसा मानकर आज्ञार्थ 'निःसही' शब्द तीनबार बोलनेमें आता है, अथवा सम्यग्दर्शन-ज्ञान-चारित्रमें स्थिर रहना 'निःसही' है।

२. धर्मस्थानसे बाहर निकलते समय विनयसह त्रिदायकी आज्ञा मांगनेके अर्थमें 'आसिका' शब्द बोले अथवा पापक्रियासे मन-मोडना 'आसिका' है।

**વચન-કાયાસે ભા...**' મન, વચન ઔર કાયા સે વહ ભાવના કર '**ઔર જ્ઞાનરૂપ અંકુશસે મનરૂપ મતવાલે હાથીકો અપને વશમેં રખ.**' હાથી કો જૈસે અંકુશ મારતે હૈં ઔર કાબૂ મેં કરતે હૈં, વૈસે સમ્યગ્જ્ઞાનરૂપી અંકુશ, અરે..! મૈં આનંદ ઔર જ્ઞાન (સ્વરૂપ હૂં), યહ ક્યા? યહ ક્યા હુઆ? ઐસે સમ્યગ્દૃષ્ટિકો સમ્યગ્જ્ઞાનકે અંકુશ દ્વારા મનરૂપી મતવાલા હાથા, પાગલ હાથી જૈસા હૈ, ઉસે વશ કર. મૈં આત્મા આનંદસ્વરૂપ હૂં, મૈં જ્ઞાનસ્વરૂપ હૂં. જ્ઞાન કે ભાન સહિત મન કો વશ કર. જિસકો જ્ઞાન નહીં, ભાન નહીં વહ મન કો વશ કર સકતા નહીં. સમજમેં આયા?

**ભાવાર્થ :-** '**યહ મનરૂપ હાથી બહુત મદોન્મત્ત હૈ,...**' આહાહા..! મદ મેં ઉન્મત્ત હૈ. .. '**વહ તપશ્ચરણ ક્રિયાદિકસહિત જ્ઞાનરૂપ અંકુશહીસે વશમેં હોતા હૈ,...**' સમ્યગ્જ્ઞાન સહિત તપ ઔર ક્રિયા. ઉસકા સ્પષ્ટીકરણ કરેંગે. '**ઈસલિયે યહ ઉપદેશ હૈ...**' '**વહ તપશ્ચરણ ક્રિયાદિકસહિત જ્ઞાનરૂપ અંકુશહીસે વશમેં હોતા હૈ,...**' સમ્યગ્જ્ઞાન હો તો ઉસ અંકુશ દ્વારા વશ હો સકે. સમ્યક્ આત્મા કે ભાન બિના વહ અંકુશ હો સકતા નહીં. આહાહા..! અજ્ઞાની કો મન વશ હોતા હી નહીં, ઐસા કહતે હૈં. ક્યોંકિ મન કા વિકલ્પ હૈ ઉસકે સાથ એકતા હૈ. એકતા હૈ ઉસે મન વશ કહાં-સે હો? સમજમેં આયા? અસ્થિર હૈ, એકતા ટૂટ ગઈ હૈ. આત્મા મેં સમ્યગ્દર્શન હોનેપર રાગ કે વિકલ્પ કે સાથ એકતા ટૂટ ગઈ હૈ. ઉસકો જ્ઞાનકા અંકુશ દ્વારા સ્થિર કરના, યહ કહતે હૈં. આહાહા..! સમજમેં આયા?

'**અન્ય પ્રકારસે વશમેં નહીં હોતા હૈ.**' જ્ઞાનરૂપી અંકુશ સે હી વશ હોતા હૈ, અન્ય પ્રકાર નહીં હૈ. દૂસરે પ્રકારસે વશ હો સકતા હી નહીં. સમજમેં આયા? તપકે નામ. '**૧. અનશન...**' એક મહિનેકા ઉપવાસ આદિ. '**૨. અવમૌદર્ય...**' ઉણોદરી-થોડા આહાર લેના. '**૩. વૃત્તિપરિસંખ્યાન...**' વૃત્તિકા સંક્ષેપ કરના. ('**૪. રસપરિત્યાગ...**') દૂધ, દહી આદિ કા રસ છોડના. લેકિન આત્મભાન સહિત વિકલ્પકી બાત હૈ. '**૫. વિવિક્તશય્યાસન...**' જહાં રહના હો વહાં વિવિક્ત નામ શયન, આસનમેં કોઈ સ્ત્રી, નપુંસક આદિકા સંગ નહીં હો. '**૬. કાયક્લેશ...**' યહ છહ પ્રકારકે બાહ્ય તપ હૈ.

'**૧. પ્રાયશ્ચિત...**' પાપ લગા હો ઉસકા પ્રાયશ્ચિત (કરના). '**૨. વિનય, ૩. વૈયાવૃત્ય, ૪. સ્વાધ્યાય...**' શાસ્ત્ર કા. '**૫. વ્યૂત્સર્ગ, ૬. ધ્યાન. યે છહ પ્રકારકે અભ્યંતર તપ હૈ, ઈનકા સ્વરૂપ તત્ત્વાર્થસૂત્રકી ટીકાસે જાનના ચાહિયે.**'

'**તેરહ ક્રિયા ઈસ પ્રકાર હૈ-પંચ પરમેષ્ઠીકો નમસ્કાર..**' અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. પંચ પરમેષ્ઠી જગત મેં ઉત્તમ સે ઉત્તમ પદાર્થ. ભગવાન અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. પંચ પરમેષ્ઠી પરમેશ્વર હૈ. યહ સબ સમકિત સહિત કી બાત હૈ, હોં! સમકિત બિના કે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વ્યર્થ, બિના એક કે

શૂન્ય હૈ. ઈનકો '**નમસ્કાર યે પાંચ ક્રિયા, છહ આવશ્યકક્રિયા,..**' છઠવી આવશ્યક ક્રિયા. હંમેશા કરને યોગ્ય સામાયિક આદિ. '**નિષિધિકાક્રિયા...**' મન્દિર મેં જાતે સમય નિઃસહિ.. નિઃસહિ કરના. સબ ... કા નિષેધ કરકે ભગવાનકે દર્શન કરને આતા હૂં. સમજમેં આયા? ઐસા રિવાજ હૈ. શ્વેતાંબરમેં યહ રિવાજ બહુત હૈ. અપને યહાં .. ભગવાન કે મંદિરમેં પ્રવેશ કરે તબ, નિઃસહિ.. નિઃસહિ.. (બોલે). નિઃસહિ. ... અભી ભગવાન કે દર્શન કા હી ભાવ હૈ. કોઈ પાપ કા ભાવ ... અસિહિ-નિકલતે સમય અસિ.. અસિ ... જાતે સમય નિઃસહિ, આતે સમય અસિહિ. મંદિરસે બાહર નિકલતે સમય અસિ (બોલે). બાહર નિકલતે સમય. અંદર જાતે સમય નિઃસહિ, નિકલતે સમય અસિ. વહ ક્રિયા હૈ.

'**ઈસપ્રકાર ભાવ શુદ્ધ હોનેકે કારણ કહે.**' અંતરકી શુદ્ધિમેં ઐસા ભાવ નિમિત્તરૂપ સે કારણ હૈ.

---

आगे द्रव्य-भावरूप सामान्यरूपसे जिनलिंगका स्वरूप कहते हैं :-

**पंचविहचेलचायं खिदिसयणं दुविहसंजमं भिक्खू।**
**भावं भावियपुव्वं जिणलिंगं णिम्मणं सुद्धं।।८१।।**

पंचविधचेलत्यागं क्षितिशयनं द्विविधसंयमं भिक्षु।
भाव भावयित्वा पूर्वं जिनलिंगं निर्मलं शुद्धम्।।८१।।

**ભૂશયન, ભિક્ષા, દ્વિવિધ સંયમ, પંચવિધ-પટત્યાગ છે,**
**છે ભાવ ભાવિતપૂર્વ, તે જિનલિંગ નિર્મળ શુદ્ધ છે. ૮૧.**

**अर्थ :- निर्मल शुद्ध जिनलिंग इसप्रकार है - जहाँ पाँच प्रकारके वस्त्रका त्याग है, भूमि पर शयन है, दो प्रकारका संयम है, भिक्षा भोजन है, भावितपूर्व अर्थात् पहिले शुद्ध आत्माका स्वरूप परद्रव्यसे भिन्न सम्यग्दर्शन-ज्ञान-चारित्रमयी हुआ, उसे बारंबार भावनासे अनुभव किया इसप्रकार जिसमें भाव है, ऐसा निर्मल अर्थात् बाह्यमलरहित शुद्ध अर्थात् अन्तर्मलरहित जिनलिंग है।**

**भावार्थ :- यहाँ लिंग द्रव्य-भावसे दो प्रकारका है। द्रव्य तो बाह्य त्याग अपेक्षा है जिसमें पाँच प्रकारके वस्त्रका त्याग है, वे पाँच प्रकार ऐसे हैं - १-अंडज अर्थात् रेशमसे बना, २-बोंडुज अर्थात् कपाससे बना, ३-रोमज अर्थात् ऊनसे बना, ४-वल्कलज अर्थात् वृक्षकी छालसे बना, ५-चर्मज अर्थात् मृग आदिकके चर्मसे बना, इसप्रकार पाँच प्रकार कहे। इसप्रकार नहीं जानना कि इनके सिवाय और वस्त्र ग्राह्य हैं - ये तो उपलक्षणमात्र कहे हैं, इसलिये सबही वस्त्रमात्रका त्याग जानना।**

भूमि पर सोना, बैठना इसमें काष्ठ-तृण भी गिने लेना। इन्द्रिय और मनको वशमें करना, छहकायके जीवोंकी रक्षा करना-इसप्रकार दो प्रकारका संयम है। भिक्षा-भोजन करना जिसमें कृत, कारित, अनुमोदनाका दोष न लगे-छियालीस दोष टले, - बत्तीस अंतराय टले ऐसी विधिके अनुसार आहार करे। इसप्रकार तो बाह्यलिंग है और पहिले कहा वैसे हो वह 'भावलिंग' है, इसप्रकार दो प्रकारका शुद्ध जिनलिंग कहा है, अन्य प्रकार श्वेतांबरादिक कहते हैं वह जिनलिंग नहीं है।।८१।।

## ગાથા-૮૧ ઉપર પ્રવચન

ઈસપ્રકાર ભાવ શુદ્ધ હોનેકે કારણ કહે.' અંતર કી શુદ્ધિ મેં ઐસા ભાવ નિમિત્તરૂપ સે કારણ હૈ. 'આગે દ્રવ્ય-ભાવરૂપ સામાન્યરૂપસે જિનલિંગકા સ્વરૂપ કહતે હૈં :-' લો ! અબ કહતે હૈં કિ પરમાત્મા સર્વજ્ઞદેવ વીતરાગદેવ કે શાસન મેં દ્રવ્યલિંગ ક્યા હૈ ઔર ભાવલિંગ ક્યા હૈ, યહ બાત ભગવાન 'કુંદકુંદાચાર્ય' સ્પષ્ટ કરતે હૈં.

**पंचविहचेलचायं खिदिसयणं दुविहसंजमं भिक्खू।**
**भावं भावियपुव्वं जिणलिंगं णिम्मणं सुद्धं।।८१।।**

**અર્થ :- 'નિર્મલ શુદ્ધ જિનલિંગ ઈસપ્રકાર હૈ...'** ભગવાન પરમેશ્વર તીર્થંકરદેવ કે માર્ગમેં નિર્મલ જિનલિંગ ઈસપ્રકાર હૈ. **'જહાં પાંચ પ્રકારકે વસ્ત્રકા ત્યાગ હૈ,...'** મુનિકો અંતર ભાવઆનંદકે ભાનસહિત વસ્ત્રકા ત્યાગ હોતા હૈ. વસ્ત્રકા ટુકડા ભી રહે તબ તક વહ સાધુ હો સકતા નહીં. સમજમેં આયા? યહાં તો કહતે હૈં કિ લંગોટી ભી રહે તબ તક ભાવલિંગ, મુનિપના હોતા નહીં. લંગોટી કારણ નહીં હૈ, ઉસકી મમતા હૈ. મમતા હૈ ન? ઔર બાહર મેં છોડ દિયા તો મમતા છૂટ ગઈ, ઐસા ભી નહીં હૈ. બાહ્ય સે અનંત બાર (ત્યાગ) કિયા. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'. વહ 'છહ ઢાલા' મેં આતા હૈ. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ઐસા દ્રવ્યલિંગ તો અનંત બાર ધારણ કિયા પરંતુ આત્મા રાગસે, વિકલ્પસે, નિમિત્તસે, સંયોગસે ભિન્ન, અપને સ્વભાવસે પરિપૂર્ણ અભિન્ન (હૈ), ઐસે અનુભવકા સમ્યગ્દર્શન, જ્ઞાન બિના બાહ્ય ક્રિયાકી કોઈ કિંમત હૈ નહીં.

યહાં તો સમ્યગ્દર્શન, ભાન સહિત ઉસકો પાંચ પ્રકારકે વસ્ત્રકા ત્યાગ (હોતા હૈ). **'ભૂમિ પર શયન હૈ,...'** નીચે ભૂમિ. '**खिदि**' હૈ ન? '**खिदिसयणं**', '**खिदिसयणं**'. '**खिदि**' યાની પૃથ્વી. પાઠ મેં '**खिदि**' હૈ. જહાં **'દો પ્રકારકા સંયમ હૈ,...'** છ કાય આદિ. કહેંગે. જહાં **'ભિક્ષા ભોજન હૈ,...'** ભિક્ષાસે ભોજન હો. ઉસકે લિયે બનાયા હુઆ

આહાર ન લે. ભિક્ષા. નિર્દોષ આહાર હો. ઉસકે લિયે ચૌકા બનાયા હો ઔર લે, વહ સાધુ નહીં. વહ વ્યવહાર સાધુ ભી નહીં. નિશ્ચય તો નહીં, વ્યવહાર સાધુ ભી નહીં હૈ. સમજમેં આયા? ભિક્ષાભોજન. સહજ મિલે. આનંદ સહિતકે ભાન મેં, ઉસકે લિયે બનાયા હો વહ લે નહીં. '**ભાવિતપૂર્વ અર્થાત્ પહિલે શુદ્ધ આત્માકા...**' ભાવ ચાહિયે. દેખો! '**પહિલે શુદ્ધ આત્માકા સ્વરૂપ પરદ્રવ્યસે ભિન્ન...**' દેખો! પહલે યહ અનુભવ હોના ચાહિયે. '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમયી હુઆ,...**' આહાહા..! મુખ્ય તો મુનિકી બાત હૈ ન. પહલે આત્મા પરદ્રવ્યસે ભિન્ન... ઉસમેં-'છહ ઢાલા'મેં ભી આતા હૈ ન ? પરદ્રવ્યસે ભિન્ન આત્મરુચિ ભલા હૈ. ... પરદ્રવ્ય ઔર પરદ્રવ્યકે વિકલ્પસે ભિન્ન અપના ચિદાનંદ આત્મા નિર્વિકલ્પકા અનુભવ, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા?

સમ્યગ્દર્શન, અપના સમ્યગ્જ્ઞાન ઔર ચારિત્ર. સ્વરૂપમેં લીનતા, આનંદમેં લીનતા. આત્માકે અતીન્દ્રિય આનંદમેં મશગુલ (લીન) હો જાના, ઉસકા નામ ચારિત્ર (હૈ). '**ઉસે બારંબાર ભાવનાસે...**' ઉસકી ઓરકી બારંબાર એકાગ્રતા કરકે '**અનુભવ કિયા ઈસપ્રકાર જિસમેં ભાવ હૈ,...**' યહ પહલે હો. ઐસા ભાવ પહલે હો. કહો, 'શાંતિભાઈ'! આહાહા..! '**ઐસા નિર્મલ અર્થાત્ બાહ્યમલરહિત શુદ્ધ અર્થાત્ અન્તર્મલરહિત જિનલિંગ હૈ.**' લો! બાહ્યમલ રહિત ઔર શુદ્ધ અર્થાત્ અંતર્મલ રહિત. મિથ્યાત્વ આદિકા અંતર્મલ નહિ, બાહ્યમેં વસ્ત્ર આદિકા સંયોગ નહીં.

**ભાવાર્થ :-** '**યહાં લિંગ દ્રવ્ય-ભાવસે દો પ્રકારકા હૈ. દ્રવ્ય તો બાહ્ય ત્યાગ અપેક્ષા હૈ, જિસમેં પાંચ પ્રકારકે વસ્ત્રકા ત્યાગ હૈ, વે પાંચ પ્રકાર ઐસે હૈં-૧. અંડજ અર્થાત્ રેશમસે બના. ૨. બોંડુજ અર્થાત્ કપાસસે બના. ૩. રોમજ અર્થાત્ ઊનસે બના. ૪. વલ્કલજ અર્થાત્ વૃક્ષકી છાલસે બના. ૫. ચર્મજ અર્થાત્ મૃગ આદિકકે ચર્મસે બના, ઈસપ્રકાર પાંચ પ્રકાર કહે. ઈસપ્રકાર નહીં જાનના કિ ઈનકે સિવાયઔર વસ્ત્ર ગ્રાહ્ય હૈં-વે તો ઉપલક્ષણમાત્ર કહે હૈં,...**' સબકા ત્યાગ. અંદર મમતા રહિત સબકા (ત્યાગ). '**ઈસલિયે સબ હી વસ્ત્રમાત્રકા ત્યાગ જાનના.**'

'**ભૂમિ પર સોના, બૈઠના...**' ભૂમિ પર. '**કાષ્ઠ તૃણ ભીગિન લેના.**' ઐસા ઉસમેં ગિન લેના. '**ઈન્દ્રિય ઔર મનકો વશમેં કરના, છહકાયકે જીવોંકી રક્ષા કરના...**' લો! ઈન્દ્રિય ઔર મનકો વશ કરના-પહલા, છહકાયકી રક્ષા-દૂસરા. '**ઈસપ્રકાર દો પ્રકારકા સંયમ હૈ. ભિક્ષા ભોજન કરના જિસમેં કૃત, કારિત, અનુમોદનાકા દોષ ન લગે...**' આહાર-પાની બનાયે નહીં, દૂસરે કે પાસ બનવાયે નહીં, બનતા હો તો અનુમોદન કરે નહીં. બના હો તો લે નહીં. આહાહા..! માર્ગ તો માર્ગ હૈ ન! વીતરાગકા માર્ગ યહ હૈ.

**'છિયાલીસ દોષ ટલે-....'** છિયાલીસ. બયાલીસ ઔર ચાર-છિયાલીસ દોષ રહિત. **'બત્તીસ અંતરાય ટલે ઐસી વિધિકે અનુસાર આહાર કરે.'** લો! **'ઈસપ્રકાર તો બાહ્યલિંગ હૈ...'** ઉસે તો અભી બાહ્યલિંગ કહતે હૈં. **'ઔર પહિલે કહા વૈસે હો વહ 'ભાવલિંગ' હૈ.'** સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. ઉપર કહા ન. **'ઈસપ્રકાર દો પ્રકારકા શુદ્ધ જિનલિંગ કહા હૈ, અન્ય પ્રકાર શ્વેતાંબરાદિક કહતે હૈં વહ જિનલિંગ નહીં હૈ.'** શ્વેતાંબરમેં જો વસ્ત્રકો જિનલિંગ કહતે હૈં, વહ જિનલિંગ નહીં હૈ. વીતરાગ માર્ગમેં ઐસા લિંગ નહીં હૈ? એય..! 'જમભાઈ'! યહ ક્યા કહતે હૈં? વસ્ત્ર રખે ઔર મુનિપના માને ઔર લિંગ ધારે, વહ જૈનદર્શન મેં હૈ નહીં. યહ તો વીતરાગ કા માર્ગ હૈ, યહ સંપ્રદાય કી ચીજ નહીં હૈ. 'શ્વેતાંબરાદિક...' શ્વેતાંબર હૈ, સ્થાનકવાસી હૈ ઔર યહ તેરાપંથી.

મુમુક્ષુ :- પીલે કપડેવાલે.

ઉત્તર :- પીલે કપડેવાલે. શ્વેતાંબર મેં પીલે કપડે હોતે હૈં.

મુમુક્ષુ :- વહ પીતાંબર હૈ.

ઉત્તર :- વહ પીતાંબર હૈ. વહ પીતાંબર, શ્વેતાંબર જૈનલિંગ નહીં હૈ. માર્ગ ઐસા હૈ, ભાઈ! કિસીકો દુઃખ લગે, ન લગે ઈસસે કોઈ સંબંધ નહીં હૈ. વસ્તુ કા સ્વરૂપ ઐસા હૈ. સમજમેં આયા? સંપ્રદાયકી દૃષ્ટિવાલે કહે, હમારા માર્ગ જૂઠા? માર્ગ તો સત્ય હૈ વહ સત્ય હૈ. જૂઠા સત્ય હો જાયેગા ઔર સત્ય જૂઠા હો જાયેગા, ઐસા બનતા નહીં. અનાદિ સર્વજ્ઞ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમેં કહતે આયે હૈં, ભરત, ઐરાવતમેં ભી અનાદિ સે કેવલી યહી કહતે હૈં. શ્વેતાંબર તો બાદમેં નિકલે હૈં. દિગંબરમેં સે ભગવાન કે બાદ ૬૦૦ સાલકે બાદ (નિકલા હૈ). વહ વીતરાગકા માર્ગ નહીં હૈ. સમજમેં આયા? **'વહ જિનલિંગ નહીં હૈ.'** વહ ભેષ જિન કા નહીં. જિન તો વીતરાગભાવ પ્રગટ હુઆ હૈ, ઉસકો નગ્ન દશા અઠ્ઠાઈસ મૂલગુણ કો જિનલિંગ કહને મેં આતા હૈ. આહાહા..! ઐસા માર્ગ હૈ.

---

**आगे जिनधर्मकी महिमा कहते हैं :-**

**जह रयणाणं पवरं वज्जं जह तरुगणाण गोसीरं।**
**तह धम्माणं पवरं जिणधम्मं भाविभवमहणं।।८२।।**

**यथा रत्नानां प्रवरंत वज्रं यथा तरुगणानां गोशीरम्।**
**तथा धर्माणां प्रवरं जिनधर्मं भाविभवमथनम्।।८२।।**

**રત્નો વિષે જ્યમ શ્રેષ્ઠ હીરક, તરુગણે ગોશીર્ષ છે,**
**જિનધર્મ ભાવિભવમથન ત્યમ શ્રેષ્ઠ છે ધર્મો વિષે. ૮૨.**

अर्थ :- जैसे रत्नोंमें प्रवर (श्रेष्ठ) उत्तम वज्र (हीरा) है और जैसे करुगण (बड़े वृक्ष) में उत्तम गोसीर (बावन चन्दन) है, वैसे ही धर्मोंमें उत्तम भाविभवमथन (आगामी संसारका मंथन करनेवाला) जिनधर्म है, इससे मोक्ष होता है।

भावार्थ :- 'धर्म' ऐसा सामान्य नाम तो लोकमें प्रसिद्ध है और लोक अनेक प्रकारसे क्रियाकांडादिकको धर्म जानकर सेवन करता है, परन्तु परीक्षा करने पर मोक्षकी प्राप्ति करानेवाला जिनधर्म ही है, अन्य सब संसारके कारण हैं। वे क्रियाकांडादिक संसारहीमें रखते हैं, कदाचित् संसारके भोगोंकी प्राप्ति कराते हैं तो भी फिर भोगोंमें लीन होता है, तब एकेन्द्रियादि पर्याय पाता है तथा नरकको पाता है। ऐसे अन्य धर्म नाममात्र हैं, इसलिये उत्तम जिनधर्म ही जानना।।८२।।

## ગાથા-૮૨ ઉપર પ્રવચન

'આગે જિનધર્મકી મહિમા કહતે હૈં :-'

**जह रयणाणं पवरं वज्जं जह तरुगणाण गोसीरं।**
**तह धम्माणं पवरं जिणधम्मं भाविभवमहणं।।८२।।**

**અર્થ :- 'જૈસે રત્નોંમેં પ્રવર (શ્રેષ્ઠ) ઉત્તમ વજ્ર (હીરા) હૈ...'** વૈસે ધર્મ મેં ઉત્તમ વીતરાગ જૈનધર્મ હૈ. ઐસા ધર્મ .. હોતા નહીં. કહો, સમજમેં આયા? જૈનધર્મ કોઈ સંપ્રદાય નહીં વહ તો વસ્તુકા સ્વરૂપ હૈ. આત્મા વીતરાગસ્વરૂપ હૈ, ઐસી વીતરાગતા પ્રગટ કરના વહી ધર્મ-જૈનધર્મ (હૈ). વહ જૈનધર્મ **'રત્નોંમેં પ્રવર (શ્રેષ્ઠ) ઉત્તમ વજ્ર (હીરા) હૈ ઔર જૈસે તરુગણ (બડે વૃક્ષ) મેં ઉત્મ ગોસીર (બાવલ ચંદન) હૈ,...'** બાવલ ચંદન. ક્યા કહતે હૈં? ચંદન.. ચંદન. ચંદનકે વૃક્ષ. સુખડકા વૃક્ષ બડા (હોતા હૈ). વૈસે જૈનધર્મ, આત્માકા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વહ જૈનધર્મ (હૈ). સમજમેં આયા?

**'વૈસે હી ભાવોંમેં ઉત્તમ ભાવિભવમથન (આગામી સંસારકા મથન કરનેવાલા) જૈનધર્મ હૈ.'** કૈસા હૈ જૈનધર્મ? ભાવિભવમથન. આહાહા..! ભવિષ્યકે સંસારકા મંથન કરનેવાલા હૈ. ભવિષ્યકે ભવકા મંથન કર દે-નાશ કરનેવાલા હૈ. ભવકા નાશ કરનેવાલા જૈનધર્મ હૈ. જિસ ભાવ સે સંસાર મિલે ઉસકો તો ભગવાન જૈનધર્મ કહતે હી નહીં. ભવ મિલે, ભવ. વહ ભાવ ભી જૈનધર્મ નહીં. આહાહા..! ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર ને (જો કહા), ઐસા અનંત ગુણકા પિંડ પ્રભુ (હૈ), ઐસી અંતરમેં દૃષ્ટિ, જ્ઞાનકી રમણતા વહ ભવકા મંથન કરનેવાલા હૈ-ભવકા નાશ કરનેવાલા હૈ. આહાહા..! ભવકી ઉત્પત્તિ જૈનધર્મમેં હોતી નહીં. રાગસે હોતી હૈ વહ જૈનધર્મ નહીં. આહાહા..! અભી તો અંતરમેં

માર્ગકો સાધા નહીં હો, ઉસે ઐસા લગે આહા..! યે ક્યા? અનાદિ સે બાહરમેં (ધર્મ) માન લિયા હૈ.

કહતે હૈં, પાઠ હૈ ન? ભાવિભવમંથન. ભવિષ્ય કે ભવ કા નાશ કરનેવાલા જૈનધર્મ હૈ. આહાહા..! આત્મા ભવસ્વભાવ રહિત હૈ ઔર આત્મા ભવકે ભાવસે રહિત હૈ. યહ જૈનધર્મ, યહ વસ્તુ (હૈ). ઉસકી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વહ જૈનશાસન. આહાહા..! ભવિષ્યકે ભવકા નાશ કરનેવાલા ભગવાનકા જૈનધર્મ હૈ. સમજમેં આયા? '**ઈસસે મોક્ષ હોતા હૈ.**' લો! વીતરાગ માર્ગસે મોક્ષ હોતા હૈ. દૂસરે કોઈ માર્ગસે મોક્ષ હોતા નહીં. પહલે તો અભી શ્રદ્ધા કરને મેં પાની ઉતર જાતા હૈ. હાય..હાય..! આહા..!

**ભાવાર્થ :- 'ધર્મ' ઐસા સામાન્ય નામ તો લોકમેં પ્રસિદ્ધ હૈ.**' લોગ ભી કહતે હૈં કિ ધર્મ.. ધર્મ.. ધર્મ કા જાન લો મર્મ. '**ધર્મ જિનેશ્વર શરણ ગ્રહ્યા પછી કોઈ ન બાંધે કર્મ..**' સમજમેં આયા? કહતે હૈં, '**ધર્મ' ઐસા સામાન્ય નામ તો લોકમેં પ્રસિદ્ધ હૈ ઔર લોક અનેક પ્રકારસે ક્રિયાકાંડાદિકકો ધર્મ જાનકર સેવન કરતા હૈ...**' લો! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કો ધર્મ જાનકર સેવન કરતે હૈં. વહ ધર્મ નહીં હૈ, વહ પુણ્ય હૈ. આગે આયેગા. ૮૩ ગાથા. ૮૩ ગાથા મેં આયેગા. વહ સબ તો પુણ્ય હૈ, ધર્મ નહીં. આહાહા..! સમજમેં આયા? '**અનેક પ્રકારસે ક્રિયાકાંડાદિક...**' ઐસી દયા, ઐસા વ્રત, ઐસા તપ, ઐસી ભક્તિ, ઐસી પૂજા, ઐસા દાન યહ સબ ક્રિયાકાંડ શુભરાગ હૈ. ઉસકો '**ધર્મ જાનકર સેવન કરતા હૈ...**' ઉસે ધર્મ માનકર સેવન કરતે હૈં. વહ જૈનધર્મ નહીં. '**પરન્તુ પરીક્ષા કરને પર મોક્ષકી પ્રાપ્તિ કરાનેવાલા જિનધર્મ હી હૈ,...**' પરીક્ષા કરનેસે પરમાત્મા પરમેશ્વર ને જો અપના આત્મા ઔર ઉસકા અનુભવ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વહી જૈનધર્મ હૈ. પરીક્ષા કરનેસે ઉસકી બાત સિદ્ધ હોતી હૈ. '**અન્ય સબ સંસારકે કારણ હૈં.**' અન્ય સર્વ સંસાર કે કારણ હૈ. આહા..! સમજમેં આયા? '**વે ક્રિયાકાંડાદિક સંસારહી મેં રખતે હૈં,...**' અન્યમત મેં ઐસા બહુત હૈ ન. 'નવનીતભાઈ' બહુત શ્લોક બોલતે હૈં. કબીરના ને એવા બધા. ક્રિયાકાંડ સબ વિકલ્પ હૈ. ઐસા ધર્મ હૈ નહીં.

યહાં આયા થા ન? કૃષિ લોકો વહાં ગયે થે. પ્રવચન કરના થા. ચોરી-ચોરી (ગાય) વે કણબી લોગ થે. બપોરે. લોગોંકો માલૂમ હુઆ કિ મહારાજ ને અધ્યાત્મ પરિભાષાકી હૈ. સ્વામીનારાયણ થા. કૃષિકાર. ઉસકે પાસ એક પુસ્તક થા. ક્યા નામ કહા? અગાધ ગતિ. ઐસા નામકા પુસ્તક થા. દોપહરકો પ્રવચન ચલા. બહુત આદમી આયે થે. પ્રસિદ્ધિ બહુત થી. આસપાસ સે ભી બહુત લોગ આયે થે. દિનકો તો કૃષિકાર જંગલ મેં થા. ખેત મેં. રાત્રિ મેં આયા. ફાનસ લેકર. ફાનસ કો ક્યા કહતે હૈં? લાલટેન. લાલટેન ઔર એક થૈલી લેકર આયા. મહારાજ! ઈસ પુસ્તક મેં ક્યા લિખા હૈ વહ હમેં માલૂમ

નહીં પડતા. ઈતના લિખા થા.. ઓહોહો..! કોઈ વેદાંતી ને લિખા થા કિ જિતના દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, નામસ્મરણ.. ઓહોહો..! ઈતના ડાલ દિયા થા.. સબ યહાં ફલેગા. સંસાર મિલેગા, ઉસસે ધર્મ નહીં (હોગા). બડા પુસ્તક થા. ... ગાંવ હૈ. વહાં ગયે થે. રાત્રિકો પુસ્તક લાયા થા. અનજાના પુસ્તક હૈ. લાવો, બતાઓ. ઉસમેં ઐસા લિખા થા, નામસ્મરણ, ભક્તિ, પૂજા, દયા, અપવાસ, આહારત્યાગ ફલાના.. ફલાના.. ઈતને નામ.. ઈતને નામ (લિખે થે). શબ્દ ઐસા થા કિ, યહાં ફલેગા. ઈસલિયે વહ સમજતા નહીં થા. યહાં ફલેગાકા અર્થ સંસાર ફલેગા. ઉસસે કોઈ જન્મ-મરણ મિટેગા નહીં. આહાહા..! અન્યમતિકા પુસ્તક થા. બહુત લિખા થા. અગાધગતિ. આત્માકી મોક્ષગતિ તો અગાધગતિ હૈ. ઐસે ક્રિયાકાંડસે અગાધગતિ મિલતી નહીં. સમજમેં આયા? સ્વામીનારાયણ થે. યે સ્વામીનારાયણ હૈ ન? વહ કૃષિકાર સ્વામીનારાયણ થા. કોઈ પુરાના પુસ્તક હોગા. પઢે લેકિન સમજમેં આયે નહીં. યહાં ફલેગા, યહાં ફલેગા ઐસા લિખા હો (તો સમજ મેં નહીં આતા થા). જૈસે અપને 'પ્રવચનસાર'મેં આતા હૈ ન? અફલ, સફલ. 'પ્રવચનસાર'મેં આતા હૈ, સફલ. જિતની તેરી દયા, દાન, વ્રત, ભક્તિકી ક્રિયા હૈ વહ સફલ હૈ. ચાર ગતિમેં ફલનેવાલી હૈ. 'પ્રવચનસાર'મેં આતા હૈ. સમજમેં આયા? એક આત્મા ધર્મ-મોક્ષકા માર્ગ અફલ હૈ. અફલ નામ ઉસસે ચાર ગતિ કા ફલ મિલેગા નહીં. કહો, '..ભાઈ'! ચોરી-ચોરી. ત્યાં હૈ ને તારાચંદભાઈ કંદોઈની દુકાન છે યહ ચોરી. વહાં બહુત લોગ આયે થે. પાસ મેં 'બગસરા' હૈ ન. 'નરભેરામ' સેઠ આદિ સબ પ્રવચન મેં આયે થે. ... દોપહર કો પ્રવચન થા. કૃષિકાર રહ ગયે. એક પુસ્તક હૈ. ઉસમેં ક્યા લિખા હૈ વહ હમ સમજતે નહીં. લાવો. બહુત લિખા થા. હમેં તો યાદ ભી નહીં. ઐસી દયા કરના, પરોપકાર કરના, ઐસા કરના, પરકી સંભાલ કરના, સેવા કરના, પૂજા કરની, ભક્તિ કરની, નામ સ્મરણ કરના.. સબસે સંસાર ફલનેવાલા હૈ. અહિંસા કરના, સત્ય પાલના, બ્રહ્મચર્ય પાલના, ચોરી છોડની, પરિગ્રહ છોડના.. બહુત નામ લિખે થે. યહાં સબ સંસાર ફલેગા. ઉસમેં મોક્ષ નહીં હોગા. કહા, દેખો! યહ કહતે હૈં. 'નવનીતભાઈ'!

અપના નિજ સ્વરૂપ, પુણ્યકી ક્રિયાકાંડકે રાગસે ભિન્ન, ઉસકી શ્રદ્ધા, જ્ઞાન ઔર રમણતાસે જન્મ-મરણકા નાશ હોગા. ઈસકે અલાવા મોક્ષ હોતા નહીં. જૈનધર્મકે સંપ્રદાયમેં ભી કઠિન પડતા હૈ તો દૂસરે લોગોંકો બેચારોંકો તો (કઠિન પડે હી). પુસ્તકમેં તો ઐસા લિખા હૈ, વહ તો બરાબર હૈ. પુસ્તકમેં તો ઐસા લિખા હૈ. યહાં ફલેગા, યહાં ફલેગા. યહાં ફલેગાકા અર્થ ક્યા? અનાદિકા સંસાર હૈ તો ગતિ મિલેગી. જન્મ-મરણ નહીં મિટેંગે. જન્મ-મરણ ટલને કા (ઉપાય) તો એક જૈનધર્મ અપના વીતરાગી સ્વભાવ હૈ, દૂસરા કોઈ હૈ નહીં. લો!

‘**વે ક્રિયાકાંડાદિક સંસારહી મેં રખતે હૈં, કદાચિત્ સંસારકે ભોગોંકી પ્રાપ્તિ કરાતે હૈં તો ભી ફિર ભોગોંમેં લીન હોતા હૈ.**’ વહ તો વહીં કા વહીં હૈ. ‘**તબ એકેન્દ્રિયાદિ પર્યાય પાતા હૈ...**’ તબ તો એકેન્દ્રિયમેં જાયેગા. પુણ્યસે કોઈ સ્વર્ગ મિલે, ફિર એકેન્દ્રિય, પૃથ્વી, પાની, અગ્નિ, વાયુકા ભવ હોગા. ‘**તથા નરકકો પાતા હૈ.**’ આહાહા..! કહતે હૈં કિ, વૈસી પુણ્યકી ક્રિયાસે સ્વર્ગ આદિ મિલતા હૈ, ફિર નર્કમેં જાયેગા. મિથ્યાત્વભાવ હૈ ન. સમજમેં આયા? ‘**ઐસે અન્ય ધર્મ નામમાત્ર હૈ.**’ દેખો! અન્ય ધર્મ તો નામમાત્ર હૈ. આહાહા..! અભી તો સબ વહી ચલા હૈ. અણુવ્રત કરો, અણુવ્રત પાલો ધર્મ (હોગા). ધૂલ ભી નહીં હૈ. અણુવ્રત સમકિત કે બિના હોતે નહીં ઔર તેરા બાહરકા અણુવ્રતકા વિકલ્પ, રાગ મંદ હો તો મિથ્યાત્વભાવ સહિત હૈ. આહાહા..! ગજબ બાત હૈ! દુનિયાકે સાથ મેલ ખાના (કઠિન હૈ). રખડનેવાલેકે સાથ રખડનેકે ભાવકે સાથ રખડનેકા અભાવકા મેલ ખાના કઠિન હૈ. ‘**અન્ય ધર્મ તો નામમાત્ર હૈ.**’ દયા, દાન, વ્રત આદિ કો ધર્મ કહના, અન્ય ધર્મી જૈનકે સિવા દૂસરે, વહ તો નામમાત્ર ધર્મ હૈ. વીતરાગકે સિવા કહીં ધર્મ હોતા નહીં. આત્મા અંદર ચિદાનંદસ્વરૂપકી શ્રદ્ધા, જ્ઞાન વીતરાગી. વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન ઔર વીતરાગી રમણતા એક હી ધર્મ હૈ. ‘**ઈસલિયે ઉત્તમ જિનધર્મ હી જાનના.**’ લો! ઈસલિયે ઉસે ઉત્તમ સે ઉત્તમ જિનધર્મ કહતે હૈં. ગાથા આયેગી..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

---

**आगे शिष्य पूछता है कि जिनधर्मको उत्तम कहा, तो धर्मका क्या स्वरूप है? उसका स्वरूप कहते हैं कि ‘धर्म’ इसप्रकार हैं :-**

**पूयादिसु वयसहियं पुण्णं हि जिणेहिं सासणे भणियं।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो धम्मो।।८३।।**

पूजादिषु व्रतसहितं पुण्यं हि जिनैः शासने भणितम्।
मोहक्षोभविहीनः परिणामः आत्मनः धर्मः।।८३।।

**પૂજાદિમાં વ્રતમાં જિનોએ પુણ્ય ભાખ્યું શાસને;**
**છે ધર્મ ભાખ્યો મોહક્ષોભવિહીન નિજ પરિણામને. ૮૩.**

अर्थ :- जिनशासनमें जिनेन्द्रदेवने इसप्रकार कहा है कि - पूजा आदिकमें और व्रतसहित होना है वह तो ‘पुण्य’ ही है तथा मोहके क्षोभसे रहित जो आत्माका परिणाम वह ‘धर्म’ है।

भावार्थ :- लौकिक जन तथा अन्यमती कई कहते हैं कि पूजा आदिक शुभ क्रियाओमें और व्रतक्रियासहित है वह जिनधर्म है, परन्तु ऐसा नहीं है। जिनमतमें जिनभगवानने इसप्रकार कहा है कि - पूजादिकमें और व्रतसहित होना है वह तो

'पूण्य' है, इसमें पूजा और आदि शब्दसे भक्ति, वंदना, वैयावृत्य आदिक समझना, यह तो देव-गुरु-शास्त्रके लिये होता है और उपवास आदिक व्रत हैं वह शुभक्रिया है, इनमें आत्माका रागसहित शुभपरिणाम है उससे पुण्यकर्म होता है इसलिये इनको पुण्य कहते हैं। इसका फल स्वर्गादिक भोगोंकी प्राप्ति है

मोहके क्षोभसे रहित आत्माके परिणामकको धर्म समझिये। मिथ्यात्व तो अतत्त्वार्थश्रद्धान है, क्रोध-मान-अरति-शोक-भय-जुगुप्सा ये छह द्वेषप्रकृति हैं और माया, लोभ, हास्य, रति ये चार तथा पुरुष, स्त्री, नपुंसक ये तीन विकार, ऐसी सात प्रकृति रागरूप हैं। इनके निमित्तसे आत्माका ज्ञान-दर्शनस्वभाव विकारसहित, क्षोभरूप, चलाचल, व्याकुल होता है इसलिये इन विकारोंसे रहित हो तब शुद्धदर्शनज्ञानरूप निश्चय हो वह आत्माका 'धर्म' है। इस धर्मसे आत्माके आगामी कर्मका आस्रव रुककर संवर होता है और पहिले बँधे हुए कर्मोंकी निर्जरा होती है। संपूर्ण निर्जरा हो जाय तब मोक्ष होता है तथा एकदेश मोहके क्षोभकी हानि होती है इसलिये शुभपरिणामको भी उपचारसे धर्म कहते हैं और जो केवल शुभपरिणामहीको धर्म मानकर संतुष्ट हैं उनको धर्मकी प्राप्ति नहीं है, यह जिनमतका उपदेश है।।८३।।

---

**પ્રવચન નં. ૧૨૫, ગાથા-૮૩ થી ૮૬, મંગળવાર,**
**આસો વદ ૧૩, તા.૨૭-૧૦-૭૦**

**पूयादिसु वयसहियं पुण्णं हि जिणेहिं सासणे भणियं।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो धम्मो।।८३।।**

એનું જે શાસન, ધર્મ શિખામણ, ધર્મનું સ્વરૂપ. એવા '**જિનેન્દ્રદેવને ઈસપ્રકાર કહા હૈ...**' એવું કહ્યું છે '**કિ-પૂજા આદિકમેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હી હૈ...**' પૂજા, ભક્તિ, દયા, દાન આદિ એ બધું પુણ્ય છે અને વ્રત એ પુણ્ય છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય,પરિગ્રહ (રહિતપણું) એ બધો પુણ્યભાવ છે. જિનેન્દ્રદેવે જૈનશાસનમાં એમ કહ્યું છે. '**તથા મોહકે ક્ષોભસે રહિત જો આત્માકા પરિણામ વહ ધર્મ હૈ.**' એમ જૈનશાસનમાં કહ્યું છે. રાગ-દ્વેષ અને મિથ્યાત્વના પરિણામ રહિત પોતાના સમ્યગ્દર્શન અને સમભાવના પરિણામ (થાય) એને ભગવાને જૈનશાસનમાં ધર્મ કહ્યો છે. ગાથા બહુ ચોખ્ખી છે. સમજાણું કાંઈ? ત્યારે એમાંથી કાઢ્યું. '**जिणेहिं सासणे भणियं**'-વીતરાગદેવે જૈન શાસ્ત્રમાં એમ કહ્યું. પાછો અર્થ કાઢ્યો એમાંથી, 'જયચંદ્ર પંડિતે'.

**ભાવાર્થ :-** '**લૌકિક જન તથા અન્યમતી કઈ કહતે હૈં...**' જૈનશાસનમાં તો એવું

કહ્યું છે. સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવના શાસનમાં શિખામણમાં, સમજણમાં, માર્ગમાં ભગવાને તો એમ કહ્યું છે કે પૂજા અને વ્રતાદિ ભાવ એ તો પુણ્ય છે. ત્યારે અન્યમતિ એનાથી બીજા મતવાળા શું કહે છે એમ કહે છે. જૈનમાં આમ કહે છે તો અન્યમતવાળા શું કહે છે? અન્ય એટલે ચાહે તો જૈનમાં લૌકિક હો કે અન્યમતિ હો. કોઈ એમ કહે છે કે આ ક્યાંથી કાઢ્યું? આજે એક પ્રશ્ન આવ્યો છે, ભાઈ! એમ કે આ લૌકિકજન અને અન્યમતિ કહે છે એમ ક્યાંથી કાઢ્યું? જૈનશાસનમાં કહ્યું કે એનાથી અન્ય શાસનવાળા આમ કહે છે એમ કર્યું તમે. ચર્ચા ખુબ ચાલી હતી. જુઓ! ભગવાને આ કહ્યું એમ ક્યાં છે? લૌકિકજન અને અન્યમતિએ કહ્યું. એવું ક્યાં છે શાસ્ત્રમાં? આ રહ્યું. પૂજા અને વ્રતને જિનશાસનને વિષે પુણ્ય કહ્યું. એના વિના અન્ય શાસન એટલે જૈનધર્મના નામે રહેલા લૌકિકજન અને અન્યમતિ બેય. બેય જૈનશાસનથી વિરુદ્ધ. સમજાણું કાંઈ? જૈન સંપ્રદાયમાં રહ્યા હોય લૌકિકજન છે એ. વ્યવહારીજન વ્યવહારને માનનારા અને અન્યમતિ.

‘**કહતે હૈં કિ પૂજા આદિક શુભ ક્રિયાઓંમેં ઔર વ્રતક્રિયાસહિત હૈ વહ જિનધર્મ હૈ,...**’ કહો, જૈન સંપ્રદાયમાં લૌકિકજન વ્યવહારના માનનારા મિથ્યાદૃષ્ટિ એમ કહે છે કે પૂજા, વ્રત, તપ એ બધો જૈનધર્મ છે. ભાવાર્થમાં હજી વધારે ખુલાસો કરશે. સમજાણું કાંઈ? લૌકિકજન નામ જૈનમાં પણ મિથ્યાદૃષ્ટિ વ્યવહારના માનનારા એને લૌકિકજન અહીંયાં કહ્યા છે. એ સિવાય અન્યમતિઓ. એ બધાય. ક્યાંથી કાઢ્યું ઈ? કે ‘**पुण्णं हि जिणेहिं सासणे भणियं**’ જૈનશાસનમાં વ્રત, તપ, દયા, દાન, પૂજા, ભક્તિ એને જ્યારે પુણ્ય કહ્યું. ત્યારે જૈન સંપ્રદાયના લૌકિકજનોકે અન્યમતિઓ એને ધર્મ કહે છે. શુભભાવને બે અથડામણ છે અનાદિથી, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? ‘**પરંતુ ઐસા નહીં હૈ.**’ ‘**પરંતુ ઐસા નહીં હૈ.**’ એમ છે નહિ. ચોખ્ખું છે કે નહિ આમાં? ‘ભગવાનજીભાઈ’!

મુમુક્ષુ :- ‘જયચંદ્ર પંડિતે’ કહ્યું છે.

ઉત્તર :- ‘જયચંદ્ર’ પંડિતે, પણ કીધું ને આ. એના માટે તો આ ખુલાસો કર્યો. ‘જયચંદ્ર પંડિતે’ ક્યાં કર્યું છે. ‘**जिणेहिं सासणे भणियं**’ જૈનશાસનમાં વ્રત, અપવાસ, પૂજા, ભક્તિ... આગળ ભાવાર્થમાં વિશેષ ખુસાલો કરશે. એ બધાને જૈનશાસનમાં તો શુભભાવ અને પુણ્ય કહ્યો છે. ત્યારે જૈનશાસન સિવાય... એમ પહેલું શાસનમાં કહ્યું ને આમાં? એનાથી વિરૂદ્ધ જૈન સંપ્રદાયમાં રહેલા લૌકિકજનો, વ્યવહારને માનનારા મિથ્યાદૃષ્ટિઓ અને અન્યમતિઓ એને શુભભાવ જુઓને! લૌકિકજન અને અન્યમતિ. એમાંથી કાઢ્યું છે. ત્રીજા પદમાંથી, ત્રીજા પદમાંથી. કહો, સમજાણું કાંઈ?

એ પ્રશ્ન ઓલી તરફથી આવ્યો હતો પહેલા. એમાં અન્યમતિ અને લૌકિકજન

ક્યાં કહ્યા છે શાસ્ત્રમાં? આ કહ્યા, દેખને. 'જયચંદ્ર પંડિતે' કહ્યું તે ઘરનું નથી કહ્યું. સમજાણું કાંઈ? એમાં અસ્તિ છે તેમાંથી નાસ્તિ કાઢી કે જૈનશાસનમાં શુભભાવ વ્રતનો, તપનો, દાનનો, દયાનો, પૂજાનો, વૈયાવૃત્યનો એ બધાને તો પુણ્ય કહ્યું છે. ધર્મ નહિ. એનાથી જૈનશાસનથી વિરૂદ્ધ વીતરાગભાવને નહિ માનનારા, કારણ કે જૈનશાસન તો વીતરાગભાવ છે. જૈનશાસનમાં વીતરાગદેવે આત્મામાં સમ્યગ્દર્શન અને પુણ્ય-પાપથી રહિત એવા વીતરાગી પરિણામ થાય એને જૈનશાસનમાં ધર્મ કહ્યો છે. ત્યારે આ રાગને ધર્મ કહ્યો છે ને? કે હા. જૈનશાસનને નહિ માનનારા એવા અન્યમતિઓ અને જૈનમાં રહેલા અજ્ઞાની પુણ્ય છે એને ધર્મ કહે છે, જૈનધર્મ કહે છે. સમજાણું? આ ગાથા બહુ ચર્ચાઈ ગઈ છે પહેલી. આજે વધારે સ્પષ્ટ આવ્યું. '**जिणेहिं सासणे भणियं**' અન્યમતિ શું કહે છે. એની સામે શબ્દ જ એમાંથી નીકળે છે.

'**પરંતુ ઐસા નહીં.**' એમ છે નહિ. '**જિનમતમેં જિનભગવાનને ઈસપ્રકાર કહા હૈ...**' દેખો! '**જિનમતમેં જિનભગવાનને ઈસપ્રકાર કહા હૈ કિ-પૂજાદિકમેં ઔર વ્રતસહિત હોતા હૈ વહ તો પુણ્ય હૈ,...**' ધર્મ તો ભગવાને કહ્યો નથી. કહો, સમજાય છે કાંઈ? પૂજાદિનો અર્થ કરશે. '**પૂજાદિકમેં ઔર વ્રતસહિત હોતા હૈ વહ તો પુણ્ય હૈ,...**' પૂજા ભગવાનની પૂજા. ક્યાં ગયા હમણા ઓલા હતા એ વયા ગયા નહિ? 'કપૂરચંદજી'. ભગવાનની પૂજામાં પુણ્ય? ધર્મ નહિ? ભગવાનની પૂજામાં રાગ, આકુળતા? કહે છે, '**પૂજાદિકમેં ઔર વ્રતસહિત...**' '**પૂજા ઔર આદિ શબ્દસે ભક્તિ,...**' ભગવાનની ભક્તિ. ભગવાન આદિ, ગુરુ આદિને '**વંદન, વૈયાવૃત્ય આદિક સમઝના, યહ તો દેવ-ગુરુ-શાસ્ત્રકે લિયે હોતા હૈ...**' પરદ્રવ્યના અર્થ છે, એમાં તો પરદ્રવ્યનું લક્ષ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**યહ તો દેવ-ગુરુ-શાસ્ત્ર કે લિયે હોતા હૈ...**' માટે એ તો પરદ્રવ્યને આશ્રયે હોય, માટે એ તો રાગ છે. એ કાંઈ ધર્મ છે નહિ. ધર્મ તો સ્વદ્રવ્યને આશ્રયે થાય છે. ચૈતન્ય ભગવાન વીતરાગમૂર્તિ આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એવું જે આત્માનું દ્રવ્ય તે વસ્તુ, એને આશ્રયે ધર્મ થાય. પરદ્રવ્યને આશ્રયે ધર્મ હોઈ શકે નહિ. કહો, આ કેટલો સ્પષ્ટ ખુલાસો છે આમાં, લ્યો! શું કહે છે? કે પૂજા શબ્દથી એમ લેવું કે એમાં ભક્તિ લેવી, વંદના લેવી, વૈયાવૃત્ય લેવું આદિ. વાંચન, શ્રવણ, મનન વગેરે. સમજાય છે કાંઈ? એ તો દેવ-ગુરુ-શાસ્ત્રને અર્થે હોય. એ તો પરદ્રવ્યના લક્ષવાળી ક્રિયા છે.

'**ઔર ઉપવાસ આદિક વ્રત હૈં...**' ઉપવાસ, વ્રત, ઉણોદરી આદિ જે બાહ્ય તપ. '**વહ શુભક્રિયા હૈ, ઈનમેં આત્માકા રાગસહિત શુભપરિણામ હૈ...**' લોકોને ક્યાંનું ક્યાં માનીને જીંદગી ગાળે અને તત્ત્વની વાત પડી રહે પાછી. શ્રદ્ધામાં પણ લેતો નથી. કહો, સમજાય છે કાંઈ? શું કહ્યું? કે જૈનશાસનને વિષે વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ

તીર્થંકર, અનંત તીર્થંકરોએ ભગવાનની પૂજા, ભક્તિ, વંદન, વૈયાવૃત્ય એ બધો પુણ્યભાવ, શુભભાવ કહ્યો છે. એ દેવ-ગુરુ-શાસ્ત્રને અર્થે છે, કારણ કે એ તો પરદ્રવ્યનું લક્ષ છે એમાં તો. 'બલુભાઈ'! સમજાણું કાંઈ? અને '**ઉપવાસ આદિક વ્રત...**' લ્યો! કર્યું હતું ને તમે? વર્ષીતપ કર્યા હતા. એ તો આઠ-દસ હજાર ખર્ચ્યા હતા. અત્યારે તો મોટું દવાખાનું કરી નાખ્યું છે. કારખાના. કારખાનું દવા બનાવવાનું. .. શું કહેવાય? દવા બનાવવાનું કહેવાય? શું કહેવાય એ જગ્યા?

મુમુક્ષુ :- 'કાંદિવલી'.

ઉત્તર :- 'કાંદિવલી'. ગયા હતા ને અમે. આહાર કર્યો હતો. મોટું છે. દવા બને છે. આહાહા..!

અહીં કહે છે કે એ પૂજા, વંદના, ભક્તિ, વૈયાવૃત્ય, શ્રવણ, નામ સ્મરણ, ભગવાનના ગુણનું સ્મરણ એ બધો પરદ્રવ્યના આશ્રયનો શુભભાવ છે. કહો, 'ભીખાભાઈ'! આહાહા..! જુઓ! આ તો ગાથા એવી આવી છે. આજ ધનતેરશ છે તમારે. ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવી ચિદાનંદ સ્વરૂપ, એની અંતરમાં સ્વભાવની દૃષ્ટિ અને રમણતા થવી તેને જૈનશાસનમાં ધર્મ કહ્યો છે. વીતરાગ પરમાત્માના શાસનમાં આને ધર્મ કહ્યો છે. સમજાણું કાંઈ? બાકી જૈનશાસનમાં પુણ્ય એને કહ્યું છે કે દેવ-ગુરુ-શાસ્ત્રને અર્થે ભક્તિ, વંદન, વૈયાવૃત્ય, અપવાસ, વ્રત, અહિંસા, સત્ય આદિ. '**વહ શુભક્રિયા હૈ, ઈનમેં આત્માકા રાગસહિત શુભપરિણામ હૈ ઉસસે પુણ્યકર્મ હોતા હૈ...**' પુણ્ય થાય, ધર્મ નહિ, એમ કહે છે. 'બલુભાઈ'!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ક્યાં પહેલાનું લખેલું છે. અહીંનું લખેલું છે? આ ગાથા તો બે હજાર વર્ષ પહેલાની છે. 'કુંદકુંદાચાર્ય'ની બે હજાર વર્ષ પહેલા. 'કુંદકુંદાચાર્ય' કહે છે, જૈનશાસનમાં પૂજા, ભક્તિ, વંદન, વ્રત, અપવાસને પુણ્ય કહેવામાં આવ્યું છે. જૈનશાસન વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથના માર્ગમાં એ પુણ્યના પરિણામ ... આહાહા..! 'સમયસાર' બપોરે છે. ... 'અષ્ટપાહુડ' બહુ થોડા છે. 'સમયસાર' ઘણા છે. બપોરે 'સમયસાર' ચાલે છે.

શું કહ્યું? જુઓ! અહીંયાં છે. '**પૂજા ઔર આદિ શબ્દસે ભક્તિ,...**' ભગવાનની ભક્તિ, દેવ-ગુરુની ભક્તિ, શાસ્ત્રનું બહુમાન, શાસ્ત્રની ભક્તિ. '**વંદના,...**' તીર્થંકરને વંદના, દેવોને વંદના, શાસ્ત્રને વંદના. '**વૈયાવૃત્ય...**' દેવ-ગુરુની વૈયાવૃત્ય, સાધર્મી ધર્માત્માની વૈયાવૃત્ય '**આદિક સમજના, યહ તો દેવ-ગુરુ-શાસ્ત્રકે લિયે હોતા હૈ...**' એ તો પુણ્ય છે. પરદ્રવ્યને આશ્રયે (થાય છે). પરદ્રવ્યને આશ્રયે ધર્મ હોઈ શકે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? '**ઔર ઉપવાસ...**' ઉણોદરી, રસ પરિત્યાગ વગેરે '**આદિક વ્રત...**' બાર

વ્રત તો '**શુભક્રિયા હૈ, ઈનમેં આત્માકા રાગસહિત શુભપરિણામ હૈ...**' રાગ સહિત શુભ પરિણામ હૈ. '**ઉસસે પુણ્યકર્મ હોતા હૈ ઈસલિયે ઈનકો પુણ્ય કહતે હૈં.**' જૈનશાસનમાં જિનેન્દ્ર દેવોએ એને પુણ્ય કહ્યું છે. ભગવાને એને ધર્મ કહ્યો નથી. પછી કહેશે કે એને વ્યવહારધર્મ કહેવામાં આવે. કોને? જેને નિશ્ચય અનુભવની દૃષ્ટિ થઈ છે, વીતરાગ દશા પ્રગટી છે એને શુભભાવ રાગ અંશે ઘટ્યો છે, તે વ્યવહારે ધર્મનો ઉપચાર કરવામાં આવે છે. પણ જેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને આનંદનું ભાન નથી, એને તો એ શુભભાવમાં વ્યવહારે ધર્મનો આરોપ પણ આવતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! લોકોને આવી વાત સ્પષ્ટ બહાર છે છતાં ઘણા આગ્રહોથી ગોતી-ગોતી, શાસ્ત્રોમાંથી ગોતી કોઈ રીતે શુભભાવમાં કાંઈક ધર્મ થાય એવું શાસ્ત્રમાંથી ગોત્યા કરે. અરે..! પણ શાસ્ત્ર ના પાડે છે ને. જૈનશાસનમાં જૈન તીર્થંકરોએ આને પુણ્ય પરિણામથી કર્મ બંધાય એમ કહ્યું છે. શુભ પરિણામ છે.

'**ઈનકો પુણ્ય કહતે હૈં. ઈસકા ફલ સ્વર્ગાદિક ભોગોંકી પ્રાપ્તિ હૈ.**' સંયોગ મળે. ભોગાદિક આ પૈસા મળે, 'બલુભાઈ'! ધૂળ મળે, આ ધૂળ. કાંદિવલીનું કારખાનું. એમાં આત્મા-બાત્મા મળે નહિ. આહાહા..! ત્યારે ધર્મ કોને કહ્યો જૈનશાસનમાં? વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરો અનંત તીર્થંકરો થયા અત્યારે બિરાજે છે, અનંત તીર્થંકરો થશે, એ ભગવાને જૈનશાસનમાં ધર્મ કોને કહ્યો?

'**મોહકા ક્ષોભસે રહિત આત્માકે પરિણામકો ધર્મ સમજીએ.**' લ્યો! '**મોહકા ક્ષોભસે રહિત આત્માકે પરિણામ...**' વિકલ્પ જે રાગ છે પુણ્યાદિના એ ક્ષોભ પરિણામ છે. એનાથી રહિત વીતરાગી આત્મસ્વરૂપ, એનું અવલંબન લઈ મોહ રહિત અક્ષોભ પરિણામ પ્રગટ થાય, વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર (પ્રગટ થાય) એને ભગવાને જૈનશાસનમાં ધર્મ કહ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પંચમકાળ માટે હશે?

ઉત્તર :- ત્યારે આ કયા કાળમાં? પંચમકાળના સાધુ છે કે ક્યા કાળના છે? સમજાણું કાંઈ? પંચમકાળ માટે બીજો હશે, ચોથે આરામાં બીજો હશે, એમ હશે? જેમ માર્ગ છે એમ છે. એય..! 'ભગવાનજીભાઈ'! આહા...!

કહે છે, ત્યાં '**મિથ્યાત્વ તો અતત્ત્વાર્થશ્રદ્ધાન હૈ,...**' મિથ્યાત્વનો અર્થ કર્યો. અતત્ત્વશ્રદ્ધાન એ અધર્મ છે. એનાથી વિરૂદ્ધ તત્ત્વાર્થ શ્રદ્ધાન એ ધર્મ છે. પુણ્યને પુણ્ય માની, પાપને પાપ માની, અજીવને અજીવ માની, એનાથી ભિન્ન ચૈતન્યદ્રવ્યને અનુભવમાં આત્માને માની અને જે સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય, એ તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન, તેને ભગવાને સમ્યગ્દર્શનરૂપી ધર્મ કહ્યો છે. સમજાણું કાંઈ? '**ક્રોધ-માન-અરતિ-શોક-ભય-જુગુપ્સા યે છહ દ્વેષપ્રકૃતિ હૈં...**' રાગ-દ્વેષની વ્યાખ્યા કરે છે. '**ક્રોધ-માન-અરતિ-**

**શોક-ભય-જુગુપ્સા યે છહ દ્વેષપ્રકૃતિ હૈં ઔર માયા, લોભ, હાસ્ય, રતિ યે ચાર તથા પુરુષ, સ્ત્રી, નપુંસક યે તીન વિકાર, ઐસી સાત પ્રકૃતિ રાગરૂપ હૈં. ઈનકે નિમિત્તસે આત્માકા જ્ઞાન-દર્શનસ્વભાવ વિકારસહિત, ક્ષોભરૂપ, ચલાચલ, વ્યાકુલ હોતા હૈ...'** લ્યો! ક્ષોભની વ્યાખ્યા કરે છે. આહા..! કહે છે કે તત્ત્વાર્થ શ્રદ્ધાનથી વિરૂદ્ધ અતત્ત્વ શ્રદ્ધાન એ મોહ-મિથ્યાત્વ. પુણ્યને ધર્મ માનવો, ધર્મનો અનાદર કરવો, પાપમાં મીઠાશ વેદવી એવું જે અતત્ત્વ શ્રદ્ધાન એ '**નિમિત્તસે આત્માકા જ્ઞાન-દર્શનસ્વભાવ વિકારસહિત, ક્ષોભરૂપ,...**' મિથ્યાત્વ સહિત ક્ષોભરૂપ પરિણામ થાય છે. સમજાણું કાંઈ? એ ખુલાસો કર્યો છે.

'**વિકારસહિત,...**' જ્ઞાન-દર્શન સ્વભાવ ભગવાનઆત્મા જાણવા-દેખવાનો સ્વભાવ, એમાં અતત્ત્વ શ્રદ્ધાનથી પરિણામની ચળાચળતા, ક્ષોભતા, આકુળતા પ્રગટ થાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? '**વિકારસહિત, ક્ષોભરૂપ, ચલાચલ, વ્યાકુલ હોતા હૈ...**' લ્યો! એ પુણ્ય પરિણામ પણ વ્યાકુળ છે. મિથ્યાત્વ પરિણામ વ્યાકુળ છે-આકુળતા છે. ... છે ને! '**ઈસલિયે ઈન વિકારોંસે રહિત...**' લ્યો! પહેલી વિકારની વ્યાખ્યા કરી. '**ઈન વિકારોંસે રહિત હો...**' એટલે તત્ત્વ શ્રદ્ધાન સહિત હોય, અતત્ત્વ શ્રદ્ધાન રહિત હોય અને રાગના, ક્ષોભના પરિણામ રહિત હોય, દ્વેષના ક્ષોભના પરિણામ રહિત હોય '**તબ શુદ્ધ દર્શનજ્ઞાનરૂપ નિશ્ચય હો...**' ત્યારે શુદ્ધ દર્શન-જ્ઞાનરૂપ નિશ્ચય હોય. '**વહ આત્માકા ધર્મ હૈ.**' એને ભગવાને જૈનશાસનમાં ધર્મ કહ્યો છે. લોકોને સાંભળવા મળે નહિ અને ક્યાંના ક્યાં ચાલ્યા જાય. જિંદગી ગુમાવે. શ્રદ્ધાના પણ ઠેકાણા ન મળે. આહાહા..!

ભાવપાહુડમાં સ્પષ્ટ કરી નાખ્યું. ભાવ એ પુણ્યભાવ, એક ધર્મભાવ. પુણ્યભાવ બંધનનું કારણ, ધર્મભાવ મોક્ષનું કારણ. બે ચીજ ભિન્ન છે. સમજાણું કાંઈ? '**શુદ્ધ-દર્શનજ્ઞાનરૂપ નિશ્ચય હો...**' હું તો તદ્દન જ્ઞાન ને દર્શન ને આનંદ છું, એવો આત્મામાં નિર્વિકલ્પ રાગની અપેક્ષા વિનાનો નિર્ણય હોય. કહો, સમજાણું? અને એમાં સ્થિરતા હોય તેને ધર્મ કહે છે. ભારે વ્યાખ્યા ભાઈ! ધર્મની. કહો, સમજાણું કાંઈ? '**ઈન વિકારોંસે રહિત હો તબ શુદ્ધદર્શનજ્ઞાનરૂપ...**' એકલો દૃષ્ટા-જ્ઞાતાના ભાવની શક્તિથી પ્રગટ થતાં દર્શન-જ્ઞાનરૂપ શુદ્ધ પરિણામ એને ભગવાને ધર્મ કહ્યો છે. કહો, સમજાણું કાંઈ? દયાના પરિણામ એ બધા આવી ગયા શુભભાવમાં. ભગવાનની ભક્તિ, પૂજા એ બધું શુભભાવમાં આવી ગયું. હોય ભલે પણ છે એ પુણ્ય. ધર્મ નહિ. ધર્મી જીવને આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને લીનતા, આત્માને આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન અને લીનતા (થયા) તેટલો ધર્મ. એને પણ જેટલો પૂજા, ભક્તિનો ભાવ ઉઠે એનું નામ પુણ્ય. સમજાણું કાંઈ?

'**ઈસ ધર્મસે આત્માકે...**' ઓલામાં કહ્યું હતું ને? પુણ્યથી કર્મ બંધાય અને કર્મથી

ભોગાદિ મળે. હવે આની વાત કરે છે. '**ધર્મસે આત્માકે આગામી કર્મકા આસ્રવ રુકકર...**' સમ્યગ્દર્શન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુમાં, અનુભવમાં પ્રતીત અને વીતરાગ પરિણામ, એનાથી તો '**આગામી કર્મકા આસ્રવ રુકકર...**' મિથ્યાત્વ આદિ, અવ્રતાદિ રુક જાય, '**સંવર હોતા હૈ ઔર પહિલા બંધે હુએ કર્મોકી નિર્જરા હોતી હૈ.**' લ્યો! પુણ્ય પરિણામમાં કર્મ બંધાય. રાગ સહિત પરિણામ છે માટે પુણ્ય બંધાય, પુણ્યથી સ્વર્ગાદિ ભોગની સામગ્રી ધૂળની મળે. કહો, સમજાણું કાંઈ? ત્યારે ધર્મ એ આત્માના પરદ્રવ્યના આશ્રય વિનાના સ્વ ચૈતન્યદ્રવ્યના આશ્રયે થતાં વીતરાગી પરિણામ ક્ષોભરહિત, એ પરિણામ ધર્મ. એ ધર્મ નવા કર્મને રોકે, જૂના કર્મનો ક્ષય કરે. અને પુણ્યથી-શુભથી પુણ્ય બંધાય અને એનાથી સ્વર્ગાદિ મળે એમ કહે છે. આનાથી પૂર્વના કર્મ રોકાય, નવા રોકાય અને પૂર્વના નાશ થાય. '**તબ મોક્ષ હોતા હૈ..**' ત્યારે તેને મોક્ષ થાય છે. આહાહા..!

'**તથા એકદેશ મોહકે ક્ષોભકી હાનિ હોતી હૈ ઈસલિયે શુભપરિણામકો ભી ઉપચારસે ધર્મ કહતે હૈં...**' સમકિતીના આત્માના સ્વભાવ આશ્રયે શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ (થયા) એ તો નિશ્ચય ધર્મ. પણ જોડે એવા શુભભાવે એને ઉપચારે, ધર્મ નથી તેને ઉપચારથી ધર્મ કહેવો એનું નામ વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિકી તો બાત હી કહીં નહીં હૈ.

ઉત્તર :- એની તો વાત જ (નથી). વ્યવહાર કહાં થા. વ્યવહાર હૈ કહાં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**એકદેશ...**' સર્વદેશ મોહ રહિત ભાવ એ તો આત્માનો ધર્મ, પરમાર્થ નિશ્ચય. પણ નિશ્ચય ધર્મની ભૂમિકામાં રાગની મંદતામાં અશુભરાગ ટળે છે એટલું ગણીને શુભરાગને ઉપચારથી ધર્મ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? '**ઔર જો કેવલ શુભપરિણામહીકો ધર્મ માનકર...**' હવે મિથ્યાદષ્ટિની વાત આવી. એકલા દયા, દાન, વ્રતના પરિણામને જ ધર્મ માને છે અને '**સંતુષ્ટ હૈં ઉનકો ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...**' એને તો ધર્મની પ્રાપ્તિ છે નહિ. શું કહ્યું સમજાણું કાંઈ? એકલા જે માથે કહ્યા ને? પૂજા, ભક્તિ, વંદન, વૈયાવૃત્ય, ઉપવાસ, વ્રત એને જે ધર્મ માને, એમાં સંતોષ માને '**ઉનકો ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...**' એને તો ધર્મની પ્રાપ્તિ છે નહિ. સમ્યગ્દર્શનની જ પ્રાપ્તિ નથી પછી પ્રશ્ન ક્યાં? સમજાણું કાંઈ? શાસ્ત્રમાં આવા ચોખ્ખા લેખ પડ્યા છે, છતાં પણ માણસને વિરોધ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વિરોધ.

કહે છે, '**કેવલ શુભપરિણામહીકો ધર્મ માનકર...**' કેવળ. જે નિશ્ચય સ્વભાવનો ધર્મ છે-વીતરાગી પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે, એના શુભ પરિણામને ઉપચાર ધર્મ

કહેવાય. પણ **'કેવલ શુભપરિણામહીકો ધર્મ માનકર...'** એ .. જુઓ! ભારે ખુલાસો! 'જયચંદ્ર પંડિતે' પણ બહુ ખુલાસો કર્યો. **'કેવલ શુભપરિણામહીકો...'** શુભ પરિણામને જ **'ધર્મ માનકર સંતુષ્ટ હૈં ઉનકો ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ, યહ જિનમતકા ઉપદેશ હૈ.'** આવો જિનમતનો ઉપદેશ છે, એમ કહે છે. 'જયસુખભાઈ'! આહાહા..! જૈનમત કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ એવું (છે). ચિદાનંદમૂર્તિ વીતરાગમૂર્તિ આત્મા છે. નિર્દોષ, નિષ્કલંક, નિર્વિકલ્પ ચીજ આત્મા છે. બસ! એ જ આત્મા એવો છે એને આશ્રયે જે વીતરાગી પર્યાય પ્રગટ થાય એ ધર્મ. સમજાણું કાંઈ? લ્યો! એ ૮૩ (પૂરી થઈ). ૮૩ ગાથા. બહુ વંચાણી, લખાણી છે. છાપામાં આવી ગયું. આત્મધર્મમાં એની ચર્ચા પણ થઈ ગઈ હતી. ઘણા વર્ષ પહેલા. ઘણા વર્ષ પહેલા ચર્ચા થઈ હતી. 'દિલ્હી'વાળાએ .. ગુજરી ગયા. નહિ ભાઈ?

મુમુક્ષુ :- જુગલકિશોર.

ઉત્તર :- હા. 'જુગલકિશોર'. કોઈ અન્યમતિ એમ કહે છે, લૌકિક એમ કહે છે એવું ક્યાં છે એમાં? એમ કહ્યું છે. 'જુગલકિશોર'. એવું લખ્યું હતું. આપણે મકાનમાં ઊતર્યા હતા ને. એના મકાનમાં. ત્રણ દિ' રહ્યા હતા. સમજમેં આયા?

અહીં તો કહે છે, ઘણી ગાથા સ્પષ્ટ છે. ૮૩. પુણ્ય અને ધર્મ જૈનશાસનમાં કોને કહે છે એ વાત છે. અન્યમતિઓ જૈનશાસન સિવાય એ શુભભાવને ધર્મ કહે છે એ જૈનધર્મ નહિ. એ વીતરાગનું કથન નહિ. સમજાણું કાંઈ?

---

**आगे कहते हैं कि जो 'पुण्य'ही को 'धर्म' जानकर श्रद्धान करता है उसके केवल भोगका निमित्त है, कर्मक्षयका निमित्त नहीं हैं :-**

**सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो वि फासेदि।**
**पुण्णं भोयणिमित्तं ण हु सो कम्मक्खयणिमित्तं।।८४।।**
**श्रद्दधाति च प्रत्येति न रोचते च तथा पुनरपि स्पृशति।**
**पुण्यं भोगनिमित्तं न हि तत् कर्मक्षयनिमित्तम्।।८४।।**
**પરતીત, રુચિ, શ્રદ્ધાન ને સ્પર્શન કરે છે પુણ્યનું,**
**તે ભોગ કેરું નિમિત્ત છે, ન નિમિત્ત કર્મક્ષય તણું. ૮૪.**

**अर्थ :- जो पुरुष पुण्यको धर्म जानकर श्रद्धान करते हैं, प्रतीति करते हैं, रुचि करते हैं और स्पर्श करते हैं उनके 'पुण्य' भोगका निमित्त है। इससे स्वर्गादिक भोग पाता है और वह पुण्य कर्मके क्षयका निमित्त नहीं होता है, यह प्रगट जानना चाहिये।**

**भावार्थ :- शुभक्रियारूप पुण्यको धर्म जानकर इसका श्रद्धान, ज्ञान, आचरण**

करता है उसके पुण्यकर्मका बंध होता है, उससे स्वर्गादिके भोगोंकी प्राप्ति होती है और उससे कर्मका क्षयरूप संवर, निर्जरा, मोक्ष नहीं होता है।।८४।।

## ગાથા-૮૪ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ...'** કેટલો ખુલાસો, જુઓ! 'સમયસારમાં' **'भागे'** શબ્દ પડ્યો છે ત્યાં. ધર્મ ભોગને કારણે કરે છે. ત્યારે અહીં ખુલાસો કર્યો કે **'पुण्णं भोयणिमित्तं'** ચોખ્ખો ખુલાસો કર્યો. એ ભોગ જે ધર્મ ત્યાં શબ્દ કહ્યો હતો એ પુણ્ય છે. બંધ અધિકારમાં અજ્ઞાની ધર્મીને ભોગને માટે ધર્મ કરે છે એટલે પુણ્ય. પણ ત્યાં ધર્મ શબ્દ છે. અહીંયાં પુણ્ય શબ્દ છે. ચોખ્ખું કર્યું છે. આચાર્યોએ ધર્મ કરવાનું ... એમ કહે છે ને કેટલાક? આ પુણ્ય શબ્દ છે, જુઓ! 'સમયસાર' ૨૭૫ ગાથા. ત્યાં ધર્મ શબ્દ વાપર્યો છે. અહીંયાં પુણ્ય વાપર્યો. બસ. ચોખવટ કરી. ભાવપાહુડ છે ને? આ પુણ્યભાવ છે.

**सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो वि फासेदि।**
**पुण्णं भोयणिमित्तं ण हु सो कम्मक्खयणिमित्तं।।८४।।**

હવે પુણ્ય શબ્દ. આમાં પુણ્ય શબ્દ આવ્યો.

**અર્થ :- 'જો પુરુષ પુણ્યકો ધર્મ જાનકર શ્રદ્ધાન કરતે હૈં,...'** કેટલો સરસ અર્થ છે! ઓલામાં ઊંધો અર્થ કર્યો. પુણ્ય કરવા, 'ઉપાસક અધ્યયન'માં પુણ્ય કરવાનું કહ્યું છે. એમ સ્થાનકવાસીમાં (કહે છે). અહીં તો 'જયચંદ્ર પંડિત' ચોખવટ કરે છે. **'જો પુરુષ પુણ્યકો ધર્મ જાનકર શ્રદ્ધાન કરતે હૈં,...'** પૂજા, વ્રત, તપ, દાન, દયા, ભક્તિ, સ્મરણ એ શુભભાવને ધર્મ માનીને જે શ્રદ્ધાન કરે, એની **'પ્રતીતિ કરે હૈં, રુચિ કરતે હૈં...'** એને અનુભવે, સ્પર્શે. સ્પર્શ એટલે અનુભવ. **'ઉનકે પુણ્ય ભોગકા નિમિત્ત હૈ.'** એ પુણ્ય તો સ્વર્ગાદિના ભોગનું નિમિત્ત છે. આત્માના આનંદના અનુભવનું ઈ કારણ નથી. સમજાણું કાંઈ? એને આ બહારની ધૂળ મળશે, કહે છે. 'વજુભાઈ'! બંગલા મળે મોટા, હજીરા મળે. જઈ આવ્યા ને તમે 'આફ્રિકા'? 'આફ્રિકા' ફરી આવ્યા. આહાહા..!

કહે છે, જે કોઈ પુણ્યને ધર્મ માનીને શ્રદ્ધે છે, રુચિ કરે છે, પ્રતીત કરે છે અને પુણ્યને સ્પર્શે છે. તેનું પુણ્ય ભોગનું નિમિત્ત છે. ભોગ તો બહારની સામગ્રી ફળ જ આવે છે. પણ એના પુણ્યને એમાં નિમિત્ત કહેવામાં આવે છે. એમ. બહારની સામગ્રી જે આવે એ તો સ્વતંત્ર જડની અવસ્થા એ સંયોગ સ્વતંત્ર છે. એને નિમિત્ત કોણ? કે અજ્ઞાનીનું પુણ્ય જે છે એ એને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'યહ પ્રગટ જાનના ચાહિયે.' એમ પાછું છે ને? એ પ્રગટ જાણો. બરાબર જાણો કે પુણ્ય છે તે ભોગનું જ કારણ છે. પુણ્ય એ આત્માના અનુભવનું કારણ નથી. ધર્મનું કારણ-

કારણ છે નહિ.

**ભાવાર્થ :-** '**શુભક્રિયારૂપ પુણ્યકો ધર્મ જાનકર...**' શુભ પરિણામને '**ધર્મ જાનકર,...**' ધર્મ છે. એને કરતા કરતા પરંપરાએ ધર્મ થાશે. એમ માનનારા, '**ઈસકા શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કરતા હૈ...**' લ્યો! સ્પર્શનો (અર્થ) કર્યો આચરણ. .. છે ને? '**ઉસકે પુણ્યકર્મકા બંધ હોતા હૈ,...**' એને પુણ્યકર્મનું બંધન થાય. 'ઉસસે સ્વર્ગાદિકે ભોગોંકી પ્રાપ્તિ હોતી હૈ...' સ્વર્ગાદિ. આ દેવ રાજપદ આદિ. ત્યાંથી મરીને ઓલા આવે છે. કાંઈક એવા પુણ્ય બાકી હોય. રાજાદિ, શેઠિયા અબજોપતિ આદિ થાય. '**ઉસકે પુણ્યકર્મકા બંધ હોતા હૈ,...**' એને પુણ્યનું બંધન થાય છે. અબંધસ્વરૂપી ભગવાન, એને આ ભાવથી બંધન થાય છે. બંધાય છે એમ કહે છે. આહાહા..!

'**ઔર ઉસસે કર્મકા ક્ષયરૂપ સંવર, નિર્જરા, મોક્ષ નહીં હોતા હૈ.**' એ શુભભાવથી અંશે સંવર, અંશે નિર્જરા કે અંશે ધર્મ હોઈ શકે નહિ, એમ કહે છે. ઓલા કહે છે ને શુભભાવમાં અંશે શુદ્ધતા છે, અંશે અશુદ્ધતા છે. એમ કહે છે કેટલાક. કેટલાક કહે, હોં! બધા નહિ. હવે તો ઘણું ફરી ગયું છે ને. '**ઉસસે કર્મકા ક્ષયરૂપ સંવર, નિર્જરા, મોક્ષ નહીં હોતા હૈ.**' પુણ્ય પરિણામ, દયા, દાન, વ્રત, તપ, ભગવાનની ભક્તિ, પૂજાના બિલકુલ સંવર અને નિર્જરારૂપી પરિણામ હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? ૮૪ (ગાથા પૂરી) થઈ.

---

आगे कहते हैं कि जो आत्माका स्वभावरूप धर्म है वह ही मोक्षका कारण है ऐसा नियम हैं :-

**अप्पा अप्पम्मि रओ रायादिसु सयलदोसपरिचत्तो।**
**संसारतरणहेदू धम्मो त्ति जिणेहिं णिद्दिट्ठं।।८५।।**

आत्मा आत्मनि रतः रागादिषु सकलदोषपरित्यक्तः।
संसारतरणहेतुः धर्म इति जिनैः निर्दिष्टम्।।८५।।

**રાગાદિ દોષ સમસ્ત છોડી આતમા નિજરત રહે,**
**ભવતરણકારણ ધર્મ છે તે - એમ જિનદેવો કહે. ૮૫.**

**अर्थ :-** यदि आत्मा रागादिक समस्त दोषोंसे रहित होकर आत्माहीमें रत हो जाय तो ऐसे धर्मको जिनेश्वरदेवने संसारसमुद्रसे तिरनेका कारण कहा है।

**भावार्थ :-** जो पहिले कहा था कि मोहके क्षोभसे रहित आत्माका परिणाम है सो धर्म है, सो ऐसा धर्म ही संसारसे पार कर मोक्षका कारण भगवानने कहा है, यह नियम है।।८५।।

## ગાથા-૮૫ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ - જો આત્માકા સ્વભાવરૂપ ધર્મ હૈ વહ હી મોક્ષકા કારણ હૈ...'** પહેલાં પરદ્રવ્યને આશ્રયે હતું ને? હવે સ્વદ્રવ્યના આશ્રયની વાત કરે છે.

**अप्पा अप्पम्मि रओ रायादिसु**
**सयलदोसपरिचत्तो ।**
**संसारतरणहेदू धम्मो त्ति जिणेहिं णिद्दिट्ठं।।८५।।**

લ્યો! ભગવાનઆત્મા જ્ઞાન-દર્શન અને આનંદનું ધામ એવો આત્મા '**अप्पम्मि रओ**' પોતાના શુદ્ધ સ્વભાવમાં લીન અને રત રહે છે. '**रायादिसु सयलदोसपरिचत्तो**' નાસ્તિથી વાત કરી. પહેલી અસ્તિથી કરી. '**संसारतरणहेदू**' એ સંસારના તરણનો હેતુ '**धम्मो त्ति जिणेहिं णिद्दिट्ठं**' જિનેશ્વરદેવે આને ધર્મ કહ્યો છે. કે જે સંસારના તરણનું કારણ છે. જુઓ! આમાં ઓલા આવે છે ને 'છ ઢાળા'માં ? વ્યવહાર-નિશ્ચયનો હેતુ, નિમિત્ત હેતુ. બધું ઊડાડી દીધું. એ તો નિમિત્ત આવું હોય એનું જ્ઞાન કરવાની વાત છે. અહીં તો કહે છે, સંસાર તરણ હેતુ તો ધર્મ આ છે.

ભગવાનઆત્મા વીતરાગ સ્વભાવથી ભરેલો છે. અનાદિઅનંત છે. એવા આત્માનો આશ્રય લઈ, અવલંબન લઈ, વર્તમાન પર્યાયને દ્રવ્ય સાથે અભેદ કરી જે લીન થાય છે એને આત્માનો ધર્મ પ્રગટ થાય છે. આહાહા..! આત્મા આત્માને વિષે. આત્મા એટલે જ્ઞાન ને દર્શન અને આનંદ. એ આત્મા આત્માને વિષે રત હોય. આહાહા..! શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાં એકાગ્રતા હોય. ઐસા વૈયાવૃત્ય હોય. કૈસા વૈયાવૃત્ય હોય? **'રાગાદિક સમસ્ત દોષોંસે રહિત હોકર...'** વિકલ્પમાત્ર રાગાદિથી રહિત થઈને નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિ જ્ઞાનમાં રત થાય. કહો, સમજાય છે કાંઈ? પહેલા અસ્તિ કરી. આત્મા પોતે પોતામાં લીન થાય. પછી નાસ્તિ કરી. રાગાદિ દોષથી રહિત. સમજાવવામાં શું કહે. **'ઐસે ધર્મકો જિનેશ્વરદેવને...'** એવો ધર્મ જિનેશ્વરદેવને એટલે જિનેશ્વરદેવે. એ તો હિન્દી ભાષા છે. એવો ધર્મ જિનેશ્વરદેવે **'સંસારસમુદ્રસે તિરનેકા કારણ કહા હૈ.'** આહાહા..! સંસારસમુદ્રને તરવાનો આ ઉપાય ભગવાન વીતરાગદેવે આ કહ્યો છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'જો પહિલે કહા થા કિ મોહકે ક્ષોભસે રહિત આત્માકા પરિણામ હૈ...'** કહ્યું હતું ને ૮૩માં? **'પહિલે કહા થા કિ મોહકે ક્ષોભસે રહિત આત્મા કા પરિણામ હૈ સો ધર્મ હૈ,...'** પૂર્વે કહ્યું હતું ને પહેલું? ૮૩-૮૩. **'મોહકે ક્ષોભસે રહિત આત્મા કા પરિણામ હૈ...'** દેખો! ધર્મ પરિણામ છે, ધર્મ પર્યાય છે, ધર્મ અવસ્થા છે. ધર્મ કોઈ ગુણ-દ્રવ્ય નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી છે. શુદ્ધ દ્રવ્ય અને શુદ્ધ ગુણ આનંદ વસ્તુ ત્રિકાળ, એને આશ્રયે થતાં વીતરાગી

પરિણામ, તેને અહીં પર્યાય અને ધર્મ કહે છે.

**'સો ઐસા ધર્મ હી...'** એમ પાછું નિશ્ચય. એવો ધર્મ જ **'સંસાર સે પાર કર મોક્ષકા કારણ ભગવાનને કહા હૈ,...'** એવો ધર્મ તે જ સંસારથી-ઉદયભાવથી પાર કરી, મોક્ષનું કારણ ભગવાને કહ્યો છે. કહો, સમજાણું કાંઈ? **'યહ નિયમ હૈ.'** વીતરાગમાર્ગમાં તો આ નિયમ છે. કહો, સમજાય છે કાંઈ? જૈનશાસનમાં અનંત તીર્થંકરોના શિખામણમાં માર્ગ તો આ કહ્યો. **'अप्पा अप्पम्मि रओ'** વ્રત, પૂજા તો પર દ્રવ્ય આશ્રયના લક્ષવાળું હતું. એ તો પુણ્ય છે અને તે સંયોગને આપે. અને **'अप्पा अप्पम्मि रओ'** આત્મા પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવમાં લીન અને રત વર્તતો થકો. એ પરિણામથી સંવર, નિર્જરા અને મોક્ષ થાય. સમજાણું કાંઈ? સંસારથી પાર કરી ચોર્યાશીના જળમાં ડુબતો આત્મા, એ આત્માના આશ્રયે સમ્યક્ પરિણામ પ્રગટ કરી અને સંસારથી પાર થાય. કહો, સમજાણું કાંઈ? બહુ સારી ગાથા આ તો બધી આવી.

---

**आगे इसि अर्थको दृढ़ करनेके लिये कहते हैं कि – जो आत्माके लिए इष्ट नहीं करता है और समस्त पुण्यका आचरण करता है तो भी सिद्धिको नहीं पाता हैं :–**

**अह पुण अप्पा णिच्छदि पुण्णाइं करेदि णिरवसेसाइं।**
**तह वि ण पावदि सिद्धिं संसारत्थो पुणो भणिदो।।८६।।**

अथ पुनः आत्मानं नेच्छति पुण्यानि करोति निरवशेषानि।
तथापि न प्राप्नोति सिद्धिं संसारस्थ पुनः भणितः।।८६।।

**પણ આત્મને ઈચ્છયા વિના પુણ્યો અશેષ કરે ભલે,**
**તોપણ લહે નહિ સિદ્ધિને, ભવમાં ભમે-આગમ કહે. ૮૬.**

**अर्थ :–** अथवा जो पुरुष आत्माका इष्ट नहीं करता है, उसका स्वरूप नहीं जानता है, अंगीकार नहीं करता है और सब प्रकारके समस्त पुण्यको करता है, तो भी सिद्धि (मोक्ष) को नहीं पाता है किन्तु वह पुरुष संसारहीमें भ्रमण करता है।

**भावार्थ :–** आत्मिक धर्म धारण किये बिना सब प्रकारके पुण्यका आचरण करे तो भी मोक्ष नहीं होता है, संसारहीमें रहता है। कदाचित् स्वर्गादिक भोग पावे तो वहाँ बोगोंमें आसक्त होकर रहे, वहाँसे चय एकेन्द्रियादिक होकर संसारहीमें भ्रमण करता है।।८६।।

---

## ગાથા-૮૬ ઉપર પ્રવચન

'**આગે ઈસી અર્થકો દઢ કરનેકે લિયે કહતે હૈં...**' એ જ અર્થને દઢ કરવાનું કહે છે. '**કિ-જો આત્માકે લિયે ઈષ્ટ નહીં કરતા હૈ...**' ભગવાન શુદ્ધ આનંદસ્વરૂપની પ્રીતિ, રુચિ, અનુભવ દૃષ્ટિ કરતો નથી '**ઔર સમસ્ત પુણ્યકા આચરણ કરતા હૈ...**' જેટલા પુણ્યના ભાવ હોય એ બધા આચરે. '**તો ભી સિદ્ધિ કો નહીં પાતા હૈ :-**'

મુમુક્ષુ :- સિદ્ધિ એટલે શું પણ?

ઉત્તર :- મોક્ષ ન થાય, મોક્ષ ન થાય, સંવર નિર્જરા ન થાય. એમ. 'અમરચંદભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- .. કરવામાં આવતા હશે.

ઉત્તર :- બંધનના ઉપાય છે, કહે છે.

'**દઢ કરનેકે લિયે કહતે હૈં કિ-જો આત્મા કે લિયે ઈષ્ટ નહીં હૈ....**' ભગવાન આનંદમૂર્તિ શુદ્ધ પુણ્ય-પાપના રાગરહિત પ્રભુ, એની જેને અંતર, પ્રેમ ને રુચિ ને દૃષ્ટિ નથી, આત્માને પ્રિય ન કરે અને પુણ્યના પરિણામને બધી જાતના કરે તોપણ એને મુક્તિ છે નહિ. આહાહા..! પરમાત્મા પોતે નિજ સ્વરૂપે આત્મા છે. એની પ્રીતિ, રુચિ, દૃષ્ટિ, અનુભવ એ ન કરે, એ પ્રીતિ ન કરે અને રાગની પ્રીતિ કરે અને પુણ્યના પરિણામ જેટલા શાસ્ત્રમાં કહ્યા એવા વ્યવહાર 'સમસ્ત...' શબ્દ છે ને? 'સમસ્ત પુણ્યકા આચરણ કરતા હૈ તો ભી સિદ્ધિકો નહીં પાતા હૈ :-'

**अह पुण अप्पा णिच्छदि पुण्णाइं करेदि णिरवसेसाइं।**
**तह वि ण पावदि सिद्धिं संसारत्थो पुणो भणिदो।।८६।।**

પહેલા ઘણું સ્થાપિત કર્યું છે. ૧૫ ગાથા. એમાં એ શબ્દ પડ્યો છે. ૧૫ ગાથા, સૂત્રપાહુડ. સૂત્રપાહુડની ૧૫મી ગાથા. ૬૬ પાનું છે. સૂત્રપાહુડની ૧૫મીં ગાથા. '**अह पुण अप्पा णिच्छदि पुण्णाइं करेदि णिरवसेसाइं।**' એ શબ્દ ત્યાં પડ્યો છે. શું કહે છે? '**अप्पा णिच्छदि**' જુઓ! સૂત્રપાહુડમાં એમ કહ્યું ભગવાને. અહીં પણ ઈ કીધું છે. '**अप्पा णिच्छदि**' જે આત્મા આનંદસ્વરૂપ છે તેની ઈચ્છા નથી, દૃષ્ટિ નથી, રુચિ નથી, અનુભવ નથી. '**धम्माइं करेइ णिवरसेसाइं**' ત્યાં '**धम्माइं करेइ णिवरसेसाइं**' એમ છે. અહીં '**पुण्णाइं करेदि णिरवसेसाइं**' એમ છે. ત્યાં ધર્મ શબ્દ વાપર્યો છે, અહીં પુણ્ય શબ્દ વાપર્યો છે. કહે છે... ૧૫મી ગાથા. સૂત્રપાહુડ. છે? '**अह पुण अप्पा णिच्छदि**' જે આત્માને ઈચ્છે નહિ '**धम्माइं करेइ णिवरसेसाइं**' અનેક પ્રકારના પુણ્યના પરિણામરૂપી ધર્મ જેને વ્યવહાર લોકો કહે છે, એ કરે '**तह वि ण पावदि सिद्धिं संसारत्थो पुणो भणिदो**' એ અહીં કહ્યું, લ્યો! અહીં શબ્દ એ છે. આ ૮૬માં પણ એ જ છે. એ

સૂત્રપાહુડની ૧૫મી ગાથા છે. સમજાણું કાંઈ?

જેને પુણ્યના પરિણામની પ્રીતિ અને રુચિ છે. આપણે અહીં છે. જેને પુણ્યની રુચિ તેને જડની રુચિ છે. અહીં એ કહે છે. જેને આત્માની રુચિ નથી. ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનનું ધામ, એનો જેને પ્રેમ નથી, પ્રીતિ નથી, રુચિ નથી, આશ્રય નથી, અવલંબન નથી, એને ઇચ્છતો નથી. અને જે કાંઈ '**णिवरसेसाइं**' બધા '**णिवरसेसाइं**' ત્યાં એમ છે ને? અહીં '**णिवरसेसाइं**' જેટલા પુણ્યની ક્રિયાઓ બધી આકરી કરે. મહિના-મહિનાના અપવાસ ને વ્રત ને તપ ને મહા. સમજાણું કાંઈ? તોપણ '**तह वि ण पावदि सिद्धिं**' તોપણ તે મુક્તિને પામતો નથી. '**संसारत्थो पुणो भणिदो**' સંસારમાં રહેલો દેખાય છે. એ તો સંસારી પ્રાણી છે. આત્મા આનંદમૂર્તિ પુણ્ય-પાપ વિકલ્પ વિનાનો, એની જેને રુચિ અને દૃષ્ટિ નથી, એની તો એકાગ્રતા અને ભાવના નથી, એ બધા પુણ્યના કરનારા જેટલા શાસ્ત્રમાં વ્યવહારનયના કથન છે-સમિતિ, ગુપ્તિ, વ્રત, તપ, નિયમ એ બધા નિર્વિશેષ, જેટલા કહ્યાં એટલા કરે, વ્યવહારે, પણ સંસાર ફળશે. સંસારમાં છે. એ સંસારમાં રહેવાનો છે. (એને) મુક્તિ-બુક્તિ છે નહિ.

**અર્થ :-** '**અથવા જો પુરુષ...**' પુરુષશબ્દે આત્મા. '**આત્માકા ઈષ્ટ નહીં કરતા હૈ,...**' દેખો! એ પુણ્ય પરિણામને ઇષ્ટ કરે અને આત્માને ઇષ્ટ કરતો નથી. બે ચાલે કે નહિ? આત્માને પણ ઇષ્ટ કરે અને પુણ્યને પણ ઇષ્ટ કરે. એક મ્યાનમાં બે તલવાર રહે કે નહિ? મ્યાનમાં બે તલવાર રહે કે નહિ? નહિ? ન રહે. એમ આત્માનો પ્રેમ રાખે અને પુણ્યનો પણ પ્રેમ રાખે તો બે ન ચાલે, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો માર્ગ આત્માનો છે, ભાઈ! આહાહા..! સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદના સ્વરૂપી પ્રભુ, એનો જેને પ્રેમ નથી, એને ઇષ્ટ કરતો નથી એટલે કે એને ઇચ્છતો નથી. એમ શબ્દ છે ને અહીં? **ण** '**णिच्छदि**' અને પુણ્યને ઇચ્છીને પુણ્યના કામ કરે છે બધા. આહાહા..! કહો, સમજાણું આમાં?

'**ઉસકા સ્વરૂપ નહીં જાનતા હૈ,...**' આત્માને ઇષ્ટ નથી કરતો. એટલે આત્માને ઇષ્ટ કરતો નથી. એના સ્વરૂપને જાણતો નથી કે ભગવાન તો આત્મા એ શુભ-અશુભના રાગના વિકલ્પથી રહિત છે. એવું સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે એમ જોયું, જાણીને પ્રગટ કર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર સબ પ્રકારકે સમસ્ત પુણ્યકો કરતા હૈ,...**' સર્વ પ્રકારે અને બધા પ્રકારના. જેટલા નમો અરિહંતાણં, નમો સિદ્ધાંણ, શ્રવણ, મનન, ચિંતવન બધા જેટલા શાસ્ત્રમાં વ્યવહાર છે એ બધો વ્યવહાર બરાબર કરે. સમજાણું કાંઈ? '**સબ પ્રકારકે સમસ્ત પુણ્યકો કરતા હૈ...**' શુભભાવની ક્રિયા કરે. આહાહા..! સર્વ અને સમસ્ત. આહાહા..! સમજાણું કાંઈ? 'શાંતિભાઈ'! '**તો ભી સિદ્ધિ (મોક્ષ) કો નહીં પાતા હૈ...**' એને આત્માના આનંદની પ્રાપ્તિ નહિ થાય. એને આનંદની પ્રાપ્તિ

નહિ થાય, દુઃખની પ્રાપ્તિ થશે. આહાહા..! એ બધા પ્રકારના પુણ્ય કરે તો એ પુણ્યનો ભાવ દુઃખરૂપ છે અને એના ફળ તરીકે સામગ્રી મળે આ બધી બહાર જડની. બહાર ઠાઠ-માઠમાં બાદશાહી લાગે કેટલી! નહિ? મેડી મોટી હોય આમ પચાસ હજારની. આમ .. ભાઈ બેઠા હોય, શેરો ને પૂરી ખાતા હોય. અને ભાઈ! ભાઈ! કરે. એ વખતે જોઈ લ્યો ગલગલિયા અંદરથી. આહાહા..! ભાઈ! આમાં શું કહે છે? એ તો સામગ્રી પુણ્યના ફળ છે. એમાં કાંઈ આત્મા છે નહિ. સમજાણું કાંઈ? 'વજુભાઈ'! 'વજુભાઈ' હોય ત્યારે 'મગનભાઈ'ને આમ .. આવે. મોટા દીકરા કેવા ભાઈ જેવા કહેવાય એમ નથી કહેતા લોકો?

મુમુક્ષુ :- ૧૬ વર્ષનો હોય તો ભાઈ જેવો.

ઉત્તર :- હા. આવે છે. ૧૬વર્ષનો હોય તો ભાઈ જેવો કહે. અરે..! કોના રૂપિયા? કોના ભાઈ? એ બાહ્યના સંયોગ તો પૂર્વ કોઈ પુણ્ય હોય તો મળે, એમાં આત્માને કાંઈ લાભ છે નહિ. આહાહા..! નરકની અંદર ગયો, પ્રતિકૂળ સંયોગનો પાર નથી. પણ સમ્યગ્દર્શન પામ્યો, થઈ ગયો સફળ અવતાર. ભલે બહારમાં રોટલી એક નથી, ચોખાનો દાણો નથી, ગરીબ, સોળ રોગ. ઊલટી, વમન... શું કહેવાય એ? કંઠમાળ. આ શું તમારે આ દર્દ નવું? કેન્સર. ભગંદર, પેટમાં કાણા, કાનમાં રસી, નાકમાં જીવડા, જીભમાં ચાંદા. એને એવું છે નરકમાં. નારકીના જીવને. પણ એનાથી ભિન્ન અંદરનો અનુભવ કરતાં એ ચીજ હું નહિ. એ રાગ પણ નહિ, દ્વેષ પણ નહિ અને આ ચીજ પણ નહિ. એવા દુઃખ પ્રતિકૂળતાના, (એમાં) અનુભવ સમકિત પામે. પ્રતિકૂળ ક્યાં નડતો હતો? સમજાણું કાંઈ? કાંઈક સરખું હોય તો કમાણી મળે, એમ કહે છે ને લોકો? રળવાનું સાધન હોય તો .. એય...! 'તુરખિયા'! અહીં ના પાડે છે. થોડું ખાવા-પીવાનું હોય, ચાલતું હોય ખાવાનું, છોકરાઓ .. તો આપણે નિરાંતે ધર્મ થાય. તદ્દન ખોટી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ખાતા ખાતા મરી જાય.

ઉત્તર :- ખાતા ખાતા મરી જાય આમ. ભાઈ! બાપુજી! એ.. બાપુજી ગયા. હાય.. હાય.. ભાઈ! બહારના સંયોગોમાં કાંઈ આત્માનું છે નહિ. અનુકૂળ હોય કે પ્રતિકૂળ, એ તો બહાર સંયોગના ઠાઠ છે. ભગવાનઆત્મા અંદર ચિદાનંદને જે ઇચ્છતો નથી એ પુરુષ સંસારમાં તિષ્ઠતો રહે. લ્યો! કહો, સમજાણું? એ 'પુરુષસં સારહીમેં ભ્રમણ કરતા હૈ.' ભાવાર્થ કહેવાશે, લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૧૨૬, ગાથા–૮૬–૮૭, બુધવાર, આસો વદ ૧૪, તા.૨૮–૧૦–૭૦

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ૮૬ ગાથાનો ભાવાર્થ. ૮૬ છે ને? શું કહે છે? જેને આત્માનું હિત કરવું હોય એણે તો પહેલો આત્મા શું છે અને શ્રદ્ધા શું છે એને જાણવું જોઈએ. એ આ અર્થ છે, જુઓ!

**ભાવાર્થ :-** '**આત્મિક ધર્મ ધારણ કિયે બિના...**' બહુ સરસ શબ્દ છે. અનાદિથી પાપના પરિણામ તો અનંતવાર અનંતકાળથી કરતો આવે છે, એને ધ્યેય કરીને. આત્માને ધ્યેય અનંતકાળમાં કોઈ દિ' બનાવ્યો નથી. અહીં તો પાપના પરિણામ ઉપરાંત '**આત્મિક ધર્મ ધારણ કિયે બિના...**' એમ કહે છે. આ આત્મા દેહમાં સચ્ચિદાનંદ આનંદસ્વરૂપ છે. એના સ્વભાવમાં શું છે એવું જેને જ્ઞાન નથી, શ્રદ્ધા નથી, એવો આત્માનો સ્વભાવ જેણે શ્રદ્ધામાં, જ્ઞાનમાં ધાર્યો નથી, એ વિના એ પુણ્યની ક્રિયાઓ અનેક વાર, અનેક કરે. '**સબ પ્રકારકે પુણ્યકા આચરણ કરે...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધા પુણ્યના આચરણ છે, એ કાંઈ આત્માનું આચરણ નથી. ઝીણી વાત છે, ભાઈ! એના જન્મ-મરણના આરા, ચોર્યાશીના અવતારમાં.. પાપને ધ્યેય બનાવી તો પાપ અનંતવાર કર્યા અને એમાં નરક આદિમાં ગયો, પણ પુણ્યને ધ્યેય બનાવી આત્માને ધ્યેય (બનાવવાનું) છોડી દઈને (સંસારમાં રખડ્યો છે). સમજાણું કાંઈ?

આ આત્મા.. એમ છે ને? '**આત્મિક ધર્મ ધારણ કિયે બિના...**' અને પછી કહેશે કે આત્માનો ધર્મ તો મોક્ષ છે. ૮૭મી ગાથામાં કહેશે. આહાહા..! આ દેહમાં ભગવાનઆત્મા,... આ તો હાડકા, માટી, ચામડા છે, એ તો અજીવતત્ત્વ છે, હવે એનું ધ્યેય કરીને એના આચરણમાં રાગ કરીશ તો એ તો સંસાર છે, દુઃખરૂપ દશા છે. અહીં તો એ ઉપરાંત '**આત્મિક ધર્મ ધારણ કિયે બિના...**' આ શબ્દ છે. આ દેહથી ભિન્ન ભગવાન અને પુણ્ય અને પાપના રાગના ભાવથી પણ જુદો, એવું જેણે આત્માનું સ્વરૂપ શ્રદ્ધામાં લીધું નથી, જ્ઞાનમાં લીધું નથી તે સ્થિરતા તો કરી શકતો નથી. એના આત્મિક ધર્મને ધાર્યા વિના '**સબ પ્રકારકે પુણ્યકા આચરણ કરે...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, યમ, નિયમ, સંયમ એ બધા આચરણ તો પુણ્યના છે, એમાં કાંઈ આત્મા છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**આત્મિક ધર્મ...**' એટલે શું? જેને આત્મા રુચતો નથી અને પુણ્ય રુચે છે, જેને આત્મા જ્ઞાનાનંદ છે એની ઇચ્છા નથી અને જેને પુણ્યભાવની ઇચ્છા છે, જેને આત્મિક આનંદના સ્વભાવનો પ્રેમ અને ભાવના નથી એને પુણ્યના પરિણામની ભાવના, ધર્મને નામે (છે). પાપને નામે તો પાપ કરે એ તો અનંતવાર કર્યા. એની વાત અત્યારે નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદની મૂર્તિ, જેમાં અતીન્દ્રિય આનંદ છે, અતીન્દ્રિય આનંદ છે જે સ્વર્ગના ઇન્દ્રોને પણ, સમકિત વિનાના જીવોને એની ગંધ નથી. અહંમિન્દ્ર આદિ જે છે ને? નવમી ગ્રૈવેયક. નવમી ગ્રૈવેયક અનંતવાર ૩૧ સાગરોપમની સ્થિતિએ અવતાર ધારણ કર્યા. પણ એને આત્મા શું ચીજ છે? આત્માની શું કિંમત અને કેટલો મોટો અને ઉત્તમ છે એની એને ખબર એક સેકન્ડ પણ લીધી નથી. કહે છે કે પાપના પરિણામ કરનારાઓ તો ચાર ગતિમાં નરકાદિ ઢોરમાં રખડે છે, પણ આત્માનો સ્વભાવ ધ્યેય, ચૈતન્ય આનંદનું ધ્યેય કર્યા વિના (પુણ્ય કરીને પણ રખડે છે). સમજાણું કાંઈ? એને ધ્યેય બનાવીને એની ભાવના કરવી, પૂર્ણ પ્રાપ્તિની, મોક્ષ એનો ધર્મ છે, મોક્ષ એનો સ્વભાવ છે. રાગ-દ્વેષાદિ એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા આનંદની પૂર્ણ દશા અને દુઃખનો અભાવ એવો જ એનો સ્વભાવ અને ધર્મ છે. એવા આત્માને મોક્ષરૂપી ધર્મને પ્રગટ કરવા માટે આત્માની ધારણા એટલે આત્મા શું ચીજ છે, એનું જ્ઞાન, એની શ્રદ્ધા, એના સ્વભાવનું અતીન્દ્રિય આનંદનું મહાત્મ્ય શ્રદ્ધા-જ્ઞાનમાં ધાર્યા વિના ગમે તેટલા પુણ્ય કરો, 'વજુભાઈ'! ભારે વાત. જુઓ! '**સબ પ્રકારકે સમસ્ત પુણ્યકો કરતા હૈ,...**' એમ શબ્દ છે ને? '**સબ પ્રકારકે...**' ભાવાર્થ. ૮૬નો ભાવાર્થ. 'ચંદુભાઈ'! તમારો શબ્દ આવ્યો છે. ઓલાને બીજું હતું. પુસ્તક નહોતું. આમાં તો આવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ!

આવો આત્મા મહા અમૂલ્ય જેનું મૂલ નથી, કિંમત નથી. જેની કિંમત આંકવા જાય તો એની કિંમત પોતાની, અજ્ઞાનની થઈ જાય છે. એવો મહા ભગવાન પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એવા આત્માને, એવા આત્માને અથવા એવા આત્માના સ્વભાવને એટલે કે એવા આત્માના ધર્મને એટલે કે એવા આત્માની મુક્તદશારૂપી એનો સ્વભાવ, એવો અંતરમાં ધાર્યા વિના, અંતર્મુખ થઈને તેને ધ્યયે બનાવ્યા વિના સર્વ પ્રકારના પુણ્યના આચરણ કરે. સર્વ પ્રકારમાં બધું લઈ લીધું. પંચમહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે, બ્રહ્મચર્ય શરીરથી પાળે, સત્ય બોલે, અસત્ય બોલે નહિ, ચોરી ન કરે, અચોરી રાખે, લંગોટી પરિગ્રહનો એક ન રાખે. પણ એ તો આચરણ બધા પુણ્યના, રાગના, વિકલ્પના છે, ભાઈ! આત્માનો રાગરહિત જે સ્વભાવ, એને શ્રદ્ધા-જ્ઞાનમાં ધાર્યા વિના.. સમજાણું કાંઈ? આહાહા..! ચોર્યાશીના અવતારમાં દુઃખી-દુઃખી થઈને રખડે છે.

કહે છે, '**સબ પ્રકારકે સમસ્ત પુણ્યકો કરતા હૈ,...**' સર્વ પ્રકારમાં તો બધું કાંઈ એક તીર્થંકરગોત્રના પુણ્ય તે બાકી રહી ગયા. એ એને હોય નહિ. નવમી ગ્રૈવેયકે આત્માને ધાર્યા વિના ગયો. મહાવ્રત પાળ્યા, મહિના-મહિનાના અપવાસ કર્યા. ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે. એવી ક્ષમા (રાખી). આત્માના ધારણ વિના, ધર્મના ભાન વિના એવી ક્રિયાઓ અનંતવાર (પાળી). યમ, નિયમ, સંયમ... આવે છે ને?

'શ્રીમદ્'માં એક આવે છે.

**યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો.**
**મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુતાર ભયો;**
**જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.**
**સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**

સમજાય છે કાંઈ? ૨૪મા વર્ષમાં છે. ૨૪મું વર્ષ છે ને? એમાં છે એ. .. નથી. એ આવ્યું. 'યમ નિયમ સંયમ આપ કિયો,...' ૨૨ ને ૨૪ વર્ષની ઉંમરે. 'પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો;' આત્માનો સ્વભાવ આનંદ અને શાંતમૂર્તિ વીતરાગપ્રભુ, એની મુક્તદશા પૂર્ણ આનંદ અને પૂર્ણ વીતરાગતા, એવો સ્વભાવ આત્માનો જેણે અંતરમાં ઓળખ્યો નહિ, જાણ્યો નહિ અને શ્રધ્યો નહિ, એ આત્માના આવા ધર્મને ધારણ કર્યા વિના સર્વ પ્રકારે પુણ્ય કરે એટલે? યમ-પંચમહાવ્રત પાળે, નિયમ-અભિગ્રહ ધારણ કરે, સંયમ-ઇન્દ્રિયોનું દમન કરે. 'પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો...' ત્યાગથી બધું છોડી દીધું. એક લંગોટી નહિ. નગ્ન મુનિ થઈ ગયો. 'ત્યાગ વૈરાગ્ય...' વૈરાગ્ય આ બહારનો વૈરાગ્ય, હોં! મૂળ વૈરાગ્ય નહિ. આહાહા..!

'**વનવાસ લિયો મુખ મૌન રહ્યો,...**' વનવાસમાં રહ્યો પણ આત્માનો ધર્મ શું ચીજ છે એને આનંદ મૂર્તિ ભગવાન છે, એવા અતીન્દ્રિય આનંદના સ્વાદની મહિમા વિના, એ અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાનઆત્મા અંતર, એના ધર્મને ધાર્યા (વિના) અને મહિમા વિના એ વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો. બાર-બાર મહિના સુધી જેને કાષ્ઠ મૌન કહે છે. કાષ્ટ મૌન એટલે લાકડું બોલે તો એ બોલે. ભાઈ! ત્યાં 'જામનગર'માં ઓલા 'રણછોડલાલજી' હતા ને? 'રાજકોટ'માં 'રાજકોટ'માં. 'રણછોડલાલ' હતા. એ મૌન બહુ પાળતા. કાષ્ઠ મૌન. શું ધૂળ કાષ્ઠ મૌન. સમજાય છે?

'**દઢ આસન પદ્મ લગાય દિયો.**' દઢ આસન. બોલવું નહિ, હાલવું નહિ. પણ એ બધી ક્રિયામાં આત્મા ચીજ આનંદકંદ છે એના ધ્યેય વિના અને એના શ્રદ્ધા અને જ્ઞાનના ભાન, ધર્મના ભાન વિના આ બધા તારા આચરણ ચાર ગતિમાં રખડવાના છે. 'નવનીતભાઈ'! આહાહા..! '**મન પૌન નિરોધ સ્વબોધ કિયો,...**' મન પૌન-બંધ કર્યો. કુંભક ને રેચક ને આમ ને તેમ. અને સ્વબોધ કિયો. પોતાની કલ્પનાએ આત્માને જાણ્યો. પણ આત્મા શું ચીજ છે એને પોતે જાણી નહિ. '**હઠજોગ પ્રયોગ સુતાર ભયો;...**' હઠયોગ કર્યો. બહારમાં આમ બોલવું ને... શું કહેવાય? ગુફા. ભોંયરું. ભોંયરામાં અંદરમાં રહ્યો.

**'જપ ભેદ...'** મહાવીર... મહાવીર.. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... એવા જાપમાં તલ્લીન થઈ ગયો. પણ એ તો રાગ છે. એ કાંઈ આત્માનો ધર્મ નથી. આહાહા..! 'જપ ભેદ જપે...' જપના ભેદ જેટલા હોય એ બધા કરે એમ કહે છે. 'તપ ત્યૌંહિ તપે,...' મહિના-મહિનાના અપવાસ, છ-છ મહિનાના અપવાસ. અપવાસને પારણે લુખ્ખું ખાય. 'ઉરસેંહિ ઉદાસી લહી સબપેં...' સારા જગતથી ઉદાસ... ઉદાસ... ઉદાસ... પણ અસ્તિપણું સત્ત્વપણું છે, જ્ઞાનાનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદના ધ્યેય અને ધ્યાન વિના તે બધી સર્વ પ્રકારની પુણ્યની ક્રિયાઓ ચાર ગતિમાં રખડવા માટે છે. આહાહા..! 'નવનીતભાઈ'! 'સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,...' ભણ્યો બધું. અગિયાર અંગ ભણ્યો, નવપૂર્વ ભણ્યો એથી શું થયું? આત્મા ભણ્યા વિના એ ભણતર તારા રણમાં પોક મૂકવા જેવા છે.

મુમુક્ષુ :- એટલું મોઢે હશે?

ઉત્તર :- મોઢે એટલે અહીં ને, પણ અંદરમાં? 'બલુભાઈ'! હવે 'બલુભાઈ' આવી ગયા છે ઝપટમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હળવે હળવે આવશે. હળવે હળવે ફરતા જાય છે ને. કહો, સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! 'બલુભાઈ'! એણે પહેલા ઓળખાણ તો કરવી પડશે કે નહિ? આહાહા..!

મુમુક્ષુઃ- ધંધામાંથી નવરા થાય તો ને?

ઉત્તર :- એ વળી જુદું છે ધંધો.. પણ છતાં એમને આ બાજુની જિજ્ઞાસા.. જિજ્ઞાસા હોય ને પહેલી?

મુમુક્ષુ :- પહેલી તો હોય પણ આગળ વધવું જોઈએ ને.

ઉત્તર :- એ આવ્યા પછી હોય અંદર. કહો, સમજાણું કાંઈ?

કહે છે, 'સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે; વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. અબ ક્યોં ન બિચારત હૈં મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં?' આ બધા સાધન નહિ. આહાહા..! પંચમહાવ્રત ને અઠ્યાવીશ મૂળગુણ ને બધું કીધું ને? સંયમ, નિયમ ને ત્યાગ ને વૈરાગ્ય ને.. એ બધા સાધન નહિ. 'બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે.' એ ભગવાન બિરાજે છે ત્યાં અંદરમાં. 'પરમ નિધાન પ્રગટ મુખ આગલ રે..' 'પરમ નિધાન પ્રગટ મુખ આગલ રે..' જગત ઓળંગી જાય રે જિનેશ્વર. જગત પોતાનું નિધાન આનંદનું ધામ તેને ઓળંગીને બહારની પ્રવૃત્તિની ક્રિયાકાંડમાં લોકો રોકાય જાય છે. સમજાણું કાંઈ?

'પરમ નિધાન પ્રગટ મુખ આગળ રે, જગત ઓળંગી જાય રે જિનેશ્વર.' જગત ઓળંગી જાય. આત્મા શું ચીજ છે? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, આત્મા કોને કહે છે અને આત્માનો ધર્મ સ્વભાવ ત્રિકાળી શું છે, એના ભાન વિના આત્માના નિધાનને ઓળંગીને બહાર ચાલ્યો જાય છે. 'બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈ...' અરે..! એ તો મુખ્ય પોતે છે. આહાહા..! કોઈપણ રાગ, કોઈપણ શરીરની ક્રિયાના જાણવામાં પોતે ભગવાન પહેલો હોય તો એ જણાય. પોતે ન હોય તે જણાય નહિ. એવો મુખ્ય તો પોતે છે પણ એને મુખ્ય ન કરતાં રાગને મુખ્ય કરી નાખે છે. સમજાણું કાંઈ? 'વજુભાઈ'! આહાહા..!

'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી;...' કહે છે કે એ તો વિકલ્પાતિત નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ છે. આહાહા..! એને મનને ઓળંગી, વિકલ્પને ઓળંગી, નિર્વિકલ્પ આનંદનું નિધાન એને પહોંચવા માટે કહે છે કે 'કરુણા હમ પાવત હૈ તુમકી,...' હે સર્વજ્ઞદેવ! આપની કરુણા અમારા ઉપર છે. આપના જ્ઞાનમાં અમારું ભાસ્યું છે કે અમે અત્યારે ધર્મ પામવાના છીએ અને પામ્યા છીએ. એમ આપે તમારા જ્ઞાનમાં અમને જોયા, (એ) આપની કરુણા છે, પ્રભુ! 'ભગવાનજીભાઈ'! 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી;...' એ તો સ્વસંવેદનજ્ઞાન-જ્ઞાનથી અનુભવાય એવી એ ચીજ છે. એ ચીજમાં કોઈ રાગ અને વિકલ્પ અને વ્યવહારના પક્ષની અપેક્ષાની, પક્ષની અપેક્ષાની જરૂર નથી. એવો એ આત્મા છે. પણ કોઈ દિ' એની દરકાર જ કરી નથી. એક તો જાણે હજી રળવા ને ખાવા ને ભોગ આડે નવરો નથી. એમ કરતાં નવરો થાય ત્યાં આવી બધી ક્રિયાઓમાં ઘૂંચી જાય. એય..! 'ભગવાનજીભાઈ'! પછી થાય બાળપણું ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધપણું દેખકે રોયા. હાય.. હાય.. હવે બધું ગયું.

અરે..! ભાઈ! આ આત્મા અંદર બિરાજે. મહા નિધાન પ્રભુ છે ને. આનંદ અને જ્ઞાનનું તો નિધાન છે. અનંત-અનંત જ્ઞાન અને અનંત અતીન્દ્રિય આનંદના સ્વાદના ઘૂંટડા લે એવો એ ભગવાન છે. આ રાગના અનુભવ એ તો ઝેરના અનુભવ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'પલમેં પ્રગટે મુખ આગલસે, જબ સદ્‌ગુરુચ્ચર્ન સુપ્રેમ બસેં. તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં. તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો.' આહાહા..! રસ અમૃત-આત્મા અનંતસ્વરૂપ અમૃતનો રસ છે. એની અંતર દૃષ્ટિ અનુભવ કરતાં એને અમૃતરસનો સ્વાદ આવે. પણ એ ગુરુગમે સમજાય એવું છે. એની મેળે એ કલ્પનાથી સમજે તો સમજાય એવું નથી. એય..! 'ભીખાભાઈ'! લ્યો, ઠીક! 'ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;...' આજ્ઞા ને? આજ્ઞા એટલે શું? ભગવાનની

આજ્ઞા એટલે શું? એ આ મર્યાદાએ જ્ઞ જાણવું. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એ દયા, દાનના, પુણ્યના પરિણામનો એ કર્તા ભગવાનઆત્મા નહિ. એ કર્તા માને તે આત્મા નહિ. અને આત્મા તે તેનો કર્તા નહિ. આહાહા..! સમજાણું કાંઈ ? આપણે તો અહીં ..ની વાત હતી ને થોડી?

**'આત્મિક ધર્મ ધારણ કિયે બિના સબ પ્રકારકે પુણ્યકા આચરણ કરે તો ભી મોક્ષ નહીં હોતા હૈ,...'** આત્માનો આનંદ ન આવે. ગમે તેટલી આવી પુણ્યની ક્રિયા ને આચરણ કરે, એમાંથી આત્માની શાંતિ, આનંદ ન પ્રગટે. કારણ કે એ રાગમાં કાંઈ આનંદ છે નહિ. આનંદ જ્યાં છે તેને તો પકડ્યો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'મોક્ષ નહીં હોતા હૈ, સંસારહીમેં રહતા હૈ. કદાચિત્ સ્વર્ગાદિક ભોગ પાવે...'** એવા પુણ્યના આચરણથી કદાચિત સ્વર્ગની, ધૂળાદિ મળે. **'તો વહાં ભોગોમેં આસક્ત હોકર રહે,...'** -કારણ કે ત્યાં તો આસક્ત જ થાય. રાગની રુચિ લઈને ગયો છે અને એના ફળમાં ત્યાં આસક્ત થાય. એ સ્વર્ગમાં પુણ્યના આચરણ કરીને જાય તો ત્યાં આસક્ત થઈ જશે.

**'વહાંસે ચય એકેન્દ્રિયાદિક હોકર સંસારહીમેં ભ્રમણ કરતા હૈં.'** આહાહા..! બીજા દેવલોકનો દેવ, બે સાગરની સ્થિતિ, એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. એવા બે સાગરની સ્થિતિએ પુણ્યનું આચરણ કરીને આત્માના ધર્મને ઓળખ્યા વિના, આત્માને જાણ્યા વિના એ સ્વર્ગમાં જાય, ત્યાંથી મરીને એકેન્દ્રિય થાય. એ દેવ મરીને પૃથ્વીમાં ઊપજે. આ હીરા ને છે ને? હીરા-માણેક પત્થર હોય ને? એ પણે ઊપજે, હોં! સાધારણ પૃથ્વીમાં ન ઊપજે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ. પૃથ્વી, પાણી અને વનસ્પતિ. એ પણ ઊંચા હીરા હોય ત્યાં બીજા દેવલોકનો દેવ એ મરીને હીરે જાય, એકેન્દ્રિય થાય. જેને આસક્તિ અંદર પૂર્ણ ત્યાં હતી. કેમકે જેને આત્માની ધર્મ ઓળખાણ વિના એવા પુણ્યના આચરણના ફળ તરીકે સ્વર્ગ મળ્યું. આસક્તિ કરીને, મરીને પૃથ્વીમાં જાય, એ પાણીમાં જાય. એકેન્દ્રિય પાણી. એક બિંદુ પાણી પણ ઊંચા પાણી, હોં! સુગંધી આવે છે ને ઓલા? સુગંધ કુંડ નથી નીકળતા? પાણીમાં સુગંધ કુંડ. કુંડમાં સુગંધી પાણી આવે ને. ઊના પાણી નીકળે છે. પણ આ તો સુગંધી પાણી, અંદરથી સુગંધ (આવે) એવા પાણીમાં ઊપજે, લ્યો. દેવ મરીને બે સાગરની સ્થિતિ અને મરીને એકેન્દ્રિય પાણી, વનસ્પતિ ફૂલમાં જાય. ત્યાં સ્વર્ગનો દેવ એ આત્માનો સ્વભાવ ચિદાનંદમૂર્તિ આનંદ, એની અંતરમાં રુચિ અને ભાન વિના આવા આચરણ પુણ્યના કરે, સ્વર્ગમાં જાય ત્યાંથી મરીને ફૂલમાં

ઊપજે. કહો, 'ભગવાનજીભાઈ'! આહાહા..!

**'એકેન્દ્રિયાદિક...'** છે ને? એકેન્દ્રિયમાં જાય, કોઈ પૃથ્વીમાં જાય, કોઈ માણસમાં જાય પણ મૂળ એકેન્દ્રિયાદિ લીધું. **'એકેન્દ્રિયાદિક હોકર સંસારહીમેં ભ્રમણ કરતા હૈ.'** લ્યો!

---

आगे इस कारणसे आत्माहीका श्रद्धान करो, प्रयत्नपूर्वक जानो, मोक्ष प्राप्त करो ऐसा उपदेश करते हैं :-

**एएण कारणेण य तं अप्पा सद्दहेह तिविहेण।**
**जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेण।।८७।।**

एतेन कारणेन च तं आत्मानं श्रद्धत्त त्रिविधेन।
येन च लभध्वं मोक्षं तं जानीत प्रयत्नेन।।८७।।

**આ કારણે તે આત્મની ત્રિવિધે તમે શ્રદ્ધા કરો,**
**તે આત્મને જાણો પ્રયત્ને, મુક્તિને જેથી વરો. ૮૭.**

अर्थ :- पहिले कहा था कि आत्माका धर्म तो मोक्ष है, उसी कारणसे कहते हैं कि-हे भव्यजीवो ! तुम उस आत्माको प्रयत्नपूर्वक सब प्रकारके उद्यम करके यथार्थ जानो, उस आत्माका श्रद्धान करो, प्रतीति करो, आचरण करो। मन-वचन-कायसे ऐसे करो जिससे मोक्ष पावो।

भावार्थ :- जिसको जानने और श्रद्धान करनेसे मोक्ष हो उसीको जानना और श्रद्धान करना मोक्षप्राप्ति कराता है, इसलिये आत्माको जाननेका कार्य सब प्रकारके उद्यमपूर्वक करना चाहिये, इसीसे मोक्षकी प्राप्ति होती है, इसलिये भव्यजीवोंको यही उपदेश है।।८७।।

---

## ગાથા-૮૭ ઉપર પ્રવચન

'ઈસ કારણસે...' હવે ૮૭મી. **'આગે, ઈસ કારણસે આત્માહીકા શ્રદ્ધાન કરો, પ્રયત્નપૂર્વક જાનો, મોક્ષ પ્રાપ્ત કરો ઐસા ઉપદેશ કરતે હૈં :-'** લ્યો! બહુ સરસ ગાથા છે. આ ગાથા પહેલી ૧૬મી સાથે છે. ૬૬ પાને. એ જ આ ગાથા. સૂત્રપાહુડમાં પહેલા આવી ગઈ છે.

**एएण कारणेण य तं अप्पा सद्दहेह तिविहेण।**
**जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेण।।८७।।**

આહાહા...! લ્યો! 'નવનીતભાઈ'! ગાથા બહુ સારી આવી છે આ. આહાહા..!

મોક્ષના માંડવા છે, બાપા! વાસ્તુ કર આત્મામાં એમ કહે છે. આત્મામાં વાસ્તુ કર તો વસીને મોક્ષ થશે તારો. બાકી બહારમાં વાસ્તુ તો અનંતવાર લીધા ને (છોડ્યા). આહાહા..! જુઓને! કાલે એક છોકરો બિચારો બાર વર્ષનો ગુજરી ગયો. ગરીબ સુથારનો ... થઈ ગયો. ગોળીએ રમતો હતો બે વાગ્યે તો હજી. ગોળીએ છોકરા રમે ને. એ ગોળી ગરી ગઈ દરમાં. ભોંણ-ભોંણ. એ સર્પનું ભોંણ એટલે ભવન. ભવનનું થઈ ગયું ભોંણ. અહીં માણસમાં ભવન કહે છે તમારે બંગલાને. એને ભોણ કહે. એમાં નાગણી બેઠી હશે. એ ગોળી બિચારાની ગરી ગઈ તો આમ ગોળી લેવા આમ ... માર્યો ઝપટ. .. .. લઈ જતા હતા ત્યાં રસ્તામાં ... કલ એક લડકા ચલ બસા. બારહ સાલ કા લડકા. સર્પ કરડી ગયો. નાગણી કરડી ગઈ. સ્થિતિ એટલી જ હતી. એમાં કોઈ એક સમય પણ વધારવા કે ઘટાડવાને સમર્થ નથી. એ નાગણી કરડી માટે દેહ છૂટી ગયો એમ નથી. એની સ્થિતિ જ એટલી હતી. આહાહા..!

મુમુક્ષુ :- એણે હાથ ન નાખ્યો હોત તો?

ઉત્તર :- એ હાથ ન નાખવાનો પ્રશ્ન જ ક્યાં છે? એ પરમાણુની પર્યાય તે પ્રકારે જ ગતિ ત્યાં થવાની હોય. આમ જ્યાં ઓલી ગોળી લેવા ગયો. ગરી ગઈ દરમાં. લેવા ગયો ત્યાં ઘા કર્યો. મરી ગયો. .. બે વાગતા સાંજે મરી ગયો. આહાહા..! આવા મૃત્યુ અનંતવાર થયા છે. એ કાંઈ નવા નથી. લોકો એમ જાણે છે કે એને થયું. મારે ક્યાં છે? અમે તો મકાન ચોખ્ખા રાખીએ. દર ન હોય સર્પના. કાંઈ દર રાખ્યા ન હોય તોપણ ક્યાંથી આવીને કરડે, એ આયુષ્યનું પૂરું થવાનું હોય તો. સમજાય છે કાંઈ? આહાહા..! ઉડકણા સર્પ થાય છે. સર્પ. ઊડે-ઊડે. એ આવીને ચોંટે માથે. અને ઝેર ચડે ને મરી જાય ત્યાં.

ભાઈ! આ આત્મા અંદર આનંદનું ધામ છે, પ્રભુ! પુણ્ય અને પાપના વિકલ્પની લાગણીમાં રાગથી તે પાર છે. ભાઈ! તારું નિધાન તો અલૌકિક છે. સર્વજ્ઞના જ્ઞાનમાં પણ એની મહિમા વાણી દ્વારા કહેવાણી નહિ. જણાણી બધી. સમજાણું કાંઈ? આવે છે ને 'શ્રીમદ્' માં?

**જે સ્વરૂપ સર્વજ્ઞે જાણ્યું જ્ઞાનમાં.**
**કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.**
**એ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**

એ આત્માના આનંદના અનુભવથી તે જણાય. બાકી કોઈ ક્રિયાકાંડ અને કોઈથી જણાય એવો નથી. આહાહા..! કહે છે...

**અર્થ :- 'પહિલે કહા થા કિ આત્માકા ધર્મ તો મોક્ષ હૈ,...'** લ્યો! શું કહ્યું? ખરેખર આત્માનો સ્વભાવ તો મોક્ષ જ એનો સ્વભાવ છે. રાગ અને બંધ એનો સ્વભાવ નથી. એમ સિદ્ધ કરવું છે, ભાઈ! આહાહા..! ભાઈ! તું ચૈતન્ય સનાથ-આનંદથી સનાથ છો. તારો ધર્મ એટલે સ્વભાવ તો મોક્ષ-પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ એવો મોક્ષ, એ તારો સ્વભાવ છે. રાગ તો તારો સ્વભાવ નથી પણ અપૂર્ણ પર્યાય એ પણ તારો મોક્ષસ્વભાવ નથી એમ કહે છે. 'અમરચંદભાઈ'! આહાહા..! રાગ અને મિથ્યાત્વ એવા જે પરિણામ એ તો તારો સ્વભાવ નથી. એ તો વિભાવ ઊભો કરીને તું એમાં રાચી રહ્યો છો. પણ ભગવાન તારો સ્વભાવ તો મોક્ષ છે. આહાહા..! જુઓ તો ખરા! 'આત્માકા ધર્મ તો મોક્ષ હૈ,...' એય..! 'ચંદુભાઈ'! શું હશે આત્માનો ધર્મ? કહે છે. મોક્ષ. ઓહોહો..! કારણ કે એ પવિત્રતા પૂર્ણ આત્માની પૂર્ણ પ્રગટ થાય એવી પર્યાય એ જ એનો ધર્મ અને મોક્ષ સ્વભાવ છે. આહાહા..! પુણ્યના આચરણમાં રહેવું એ એનો સ્વભાવ નથી, પણ અલ્પજ્ઞ પર્યાયમાં અલ્પમાં રહેવું એ પણ એનો મૂળ સ્વભાવ નથી. આહાહા..!

એ તો મુક્તસ્વરૂપ ભગવાન છે. કેમ બેસે? અહીં એક જ્યાં રોટલી સરખાયની આવે. પૂરણપોળીની ઘીમાં તળીને, ટપકતી ઘીમાં. એકાકાર થઈ જાય અંદરથી. આહાહા..! સમજાણું કાંઈ? પહેલા તો આપણે જુવાન માણસ મરતા તો સુખડી ન ખાય. સુખડી ન ખાય પણ થર કાઢી નાખે ઘીનો. આ તો અમારે ઘરે બન્યું હતું એની વાત છે. અમે તો નજરે જોયું. અમારા ભાઈ ગુજરી ગયા હતા. મોટા ભાઈ. 'દીપચંદભાઈ'. જુવાન અવસ્થા ૨૭ વર્ષની. રૂપાળા એટલા હતા જુવાન અને બહુ બુદ્ધિવાળા. મહેમાન આવે તો ઘી તપેલીમાં ભરી ઊની-ઊની રોટલી ઘીમાં નાખે અને ખાય. એલા..! સુખડી ન ખવાય અમારે. એય..! 'બલુભાઈ'!

મુમુક્ષુ :- ગળ્યુ ન ખાય.

ઉત્તર :- ગળ્યુ ન ખાય પણ મોળુ પણ થર કાઢી નાખે. અને ઘર હોય સાધારણ, ગરીબ ઘર હોય એને તો.. એય..! 'નવનીતભાઈ'! 'નવનીતભાઈ' જેવું ઘર હોય એને વળી જુદી વાત છે. પણ ઓલું સાધારણ ઘર હોય અને પાંચ શેર ઘી, દસ શેર ઘી એક ટંકે ઊડે. તે દિ' તો ભાઈ મોંઘું નહોતું ને.

અહીં કહે છે કે, ભાઈ! એમાં રોટલી ઊની-ઊની. એમાં ઓલી શું કહેવાય તમારે? પૂરણપોળી. પૂરણપોળી થઈ ગઈ હોય ઊની અને પોચી રૂ જેવી આમ સરખી. તપેલીમાં ઘી પાંચ શેર બોળી ચીપીયામાં. હાથે તો પકડાય નહિ. અને ચીપીયે પકડીને થાળીમાં નાખે. પડે ત્યાં તો આમ રસબસ થઈ જાય. આમ જાણે.. આહાહા..! ધૂળેય નથી, સાંભળને! એ તો વિષ્ટા છે. છ કલાકે એનું પરિણામ વિષ્ટા આવશે. એ તો પૂર્વની

તૈયારી અને પૂર્વની પર્યાય છે વિષ્ટાની. વિષ્ટા. પૂરણપોળી હોય કે તારો લાડવો હોય. આહાહા..! આ સંચો છે. વિષ્ટા કરવાનો આ સંચો છે. આવો માટીનો પિંડ હાડકા એ વિષ્ટાનું ઘર એકલું, પેશાબના સ્થાન છે આ તો બધા. ભગવાન ત્યાં શું છે? એ તારું નથી, તેમાં તું નથી, તારામાં તે નથી. તારામાં છે એ તો પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સ્વભાવ તારામાં છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**પહિલે કહા થા કિ આત્માકા ધર્મ...**' પૂર્વે કહ્યું હતું ને? '**अह पुण अप्पा णिच्छदि**' આત્મા કાંઈ ઈચ્છતો નથી. અને પુણ્યની ક્રિયાને ઈચ્છે, એના ફળને ઈચ્છે એમાં લીન થઈ જાય. મૂઢ મરીને એકેન્દ્રિય થાઈશ. સમજાણું કાંઈ? આહાહા..! એ સાધુ થયો હશે આત્માના ધર્મ અને ભાન વિના, તો એ મરીને સ્વર્ગમાંથી પછી એકેન્દ્રિય વનસ્પતિ આદિ થાશે. આહાહા..! બીજા જીવ આ જીવ છે એમ કબુલશે નહિ એમાં એના અવતાર થાશે. આહા..! ભગવાન વર્તમાન ન ભાળ. વર્તમાન દેખીને વર્તમાનમાં ન મુંઝા. એ ત્રિકાળી તારું તત્ત્વ અંદર પડ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? એનો સ્વભાવ તો મોક્ષ છે. આહાહા..! આવી બીજે વાત આવી નથી. અહીં આવી છે, જુઓ!

'**આત્મા કા ધર્મ તો મોક્ષ હૈ,...**' એમ અહીં આવ્યું છે. સમજાય છે? કેમકે પૂર્ણ નિર્મળ આનંદદશા, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ વીર્ય, પૂર્ણ શાંતિ, વીતરાગતા અને પૂર્ણ દર્શન, એવી જે દશા તે તારો ધર્મ અને તારો સ્વભાવ છે. કહો, 'ભીખાભાઈ'! આહાહા..! રાગ-પાપનો રાગ એ તો બાપુ નરકની ખાણના કારણો છે. એ નરકની ખાણને ખોલે છે. પુણ્યના પરિણામ પણ સરવાળે એકેન્દ્રિયની ખાણને ખોલે છે. ભગવાન આનંદની ખાણ છે. ભાઈ! તને તારો પ્રેમ નથી. પ્રેમ નથી તને તારો. તારા વિના બીજી ચીજનો પ્રેમ ગરી ગયો છે. એને કોઈ એમ કહે કે, એલા! પુણ્ય એ ધર્મ નહિ, હોં! હાય-હાય. પણ ભગવાનની ભક્તિ કરીએ ને આ? શેત્રુંજ્ય જઈને ભગવાન પાસે 'શિવપદ અમને દેજો રે મહારાજ!' એય..! 'કાંતિભાઈ'! 'દેજો દેજો રે મહારાજ. શિવપદ અમને દેજો.' ભગવાન કહે છે, તારું શિવપદ અમારી પાસે નથી. તારી પાસે છે. આ શિવપદ કીધું ને-મોક્ષ? મોક્ષ તો તારો સ્વભાવ છે. તને તો ખબર નથી અને અમારી પાસે માગવા આવ્યો. ભીખારી! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**આત્માકા ધર્મ તો મોક્ષ હૈ, ઉસી કારણસે કહતે હૈં કિ-હે ભવ્યજીવો!**' આહાહા..! ... '**તુમ ઉસ આત્માકો પ્રયત્નપૂર્વક...**' '**તુમ ઉસ આત્માકો પ્રયત્નપૂર્વક...**' કે જેનો મોક્ષ સ્વભાવ છે. પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ પરમેશ્વતા એવો એ આત્માનો સ્વભાવ છે. દૃષ્ટિ બીજેથી ફેરવી નાખ અને ત્યાં મૂક દૃષ્ટિને, એમ કહે છે. આ બધા લલચાવનારા બહારના

પદાર્થો એ મારી નાખશે. પંતગિયા રૂપ-અગ્નિ જોવે. જોવા આવે પડે અને બળે-મરે. અગ્નિના ધોળા તેજમાં તે પતંગિયું આમ દેખીને.. આહાહા..! ભારે રૂપાળું! ભારે તેજવાળું! જાય ત્યાં પડે-મરે. એમ આત્માના તેજ-આનંદ અને જ્ઞાનના તેજ વિના જેટલી ચીજો બહારની પુણ્ય-પાપથી માંડીને આ ફળો બધા આમ આમ દેખાય. લાગે આહાહા..! રૂપાળા શરીર, માખણ જેવા લાગે. એય..! મરી જઈશ, સાંભળને! એ બધા પતંગિયા જેમ દીવાના તેજમાં બળે છે, બાપુ! બળી જઈશ, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**ઉસી કારણસે...**' તે કારણે એટલે? એનો તો સ્વભાવ શુદ્ધ આનંદ અને જ્ઞાનનો ધામ પરિપૂર્ણ એવું તો એનું સ્વરૂપ અને સ્વભાવ છે. આહાહા..! 'શ્રીમદ્' નથી કીધું એકમાં? કે દિગંબરના આચાર્યોએ આત્માનો મોક્ષ થાય અને આત્મા મોક્ષસ્વરૂપ જ છે. એણે માન્યું હતું કે હું રાગવાળો છું, અલ્પજ્ઞ છું, એ માન્યતા એની એને રખડાવે છે. પણ એ પોતે તો મોક્ષસ્વરૂપ જ ભગવાન છે. આહાહા..! જીવનો મોક્ષ થતો નથી, એમ લખે છે એમાં. જીવનો મોક્ષ થતો નથી પણ જીવનો મોક્ષ સમજાય છે. સમજાણું કાંઈ? એમાં છે. 'શ્રીમદ્'માં છે. .. કયે ઠેકાણે હાથ આવે, કાંઈ હાથ આવે? એને આવવું હોય તો આવે. કેટલામું છે? છે ને ક્યાંક ? પાનું-બાનું .. હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સમજાય છે. તમને યાદ..

મુમુક્ષુ :- વર્ષ યાદ છે. વ્યાખ્યાનસાર.

ઉત્તર :- વ્યાખ્યાનસાર? ૩૨ વર્ષ. અમુક આચાર્ય એમ કહે છે કે દિગંબરના આચાર્યે એમ સ્વીકાર્યું છે કે જીવનો મોક્ષ થતો નથી પરંતુ મોક્ષ સમજાય છે. એય..! 'બલુભાઈ'! આ તો 'શ્રીમદ્'નું વચન. સાદી ભાષામાં શબ્દ છે. તે એવી રીતે કે જીવ શુદ્ધ સ્વરૂપી છે. એ તો શુદ્ધ પવિત્રનું ધામ અનંત આનંદનો એ પૂંજ છે. એમાંથી તો અતીન્દ્રિય આનંદ ઝરે. એમાં પુણ્ય-પાપના વિકલ્પો ઝેર ઝરે એ સ્થાન નથી. એ તો નવા ઊભા કરે છે. માળો. કહે છે, જીવ શુદ્ધ સ્વરૂપી છે. તેને બંધ થયો નથી. શુદ્ધ ચિદ્‌ઘન રસકંદ પવિત્ર જે છે, (એ) વસ્તુને બંધ શો? બંધ હોય તો અવસ્તુ થઈ જાય. આહાહા..! 'ચીમનભાઈ'! આહાહા..! પણ એના ઘરમાં શું છે એની એને ખબર નથી. 'અબ હમ કબહું ન નિજ ઘર આયે. પર ઘર ભમત નામ અનેક ધરાયે. અબ હમ કબહું ન નિજ ઘર આયે.' આ ઘર. હું તો મોક્ષસ્વરૂપ છું. આનંદથી રસકસ, રસબોળ, તરબોળ ભરેલો છું. આહાહા..! ત્યારે બંધ થયો નથી તો મોક્ષ થવાપણું ક્યાં રહે છે? વસ્તુ છે. રસકંદ શુદ્ધ. કીધું ને આત્માનો સ્વભાવ મોક્ષ છે. વિકલ્પ છે એ ભાવબંધ છે અને કર્મ છે એ દ્રવ્યબંધ છે. એ તો વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, પરંતુ તેણે માનેલું છે કે હું બંધાણો છું. માન્યતા છે કે આ રાગ તે હું છું, રાગ તે હું છું. એમ ભાવબંધમાં હું છું એમ માનેલું છે. તે માનવાપણું વિચાર વડે કરી સમજાય છે. એ જ્ઞાનને જ્યાં અંતર વાળતાં આખો જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ એમ ને એમ છે. એ જ્ઞાન વડે કરીને પોતાનું સ્વરૂપ સમજાય છે. બીજી કોઈ ક્રિયાકાંડથી સમજાય એવું નથી. મને બંધ નથી. વિચાર વડે સમજાય છે કે મને બંધ નથી. માત્ર માન્યું હતું. તે માનવાપણું શુદ્ધ સ્વરૂપ સમજવાથી રહેતું નથી. સમજાણું કાંઈ? અર્થાત્ મોક્ષ સમજાય છે. આ વાત શુદ્ધનયની નિશ્ચનયની છે. વાસ્તવિક તત્ત્વની છે. આ પર્યાયાર્થિકનયવાળાઓ એ નયને વળગી આચરણ કરે તો રખડી મરવાનું છે. રાગની રુચિવાળા હોય અને માને કે મોક્ષ મારો છે. ક્યાંથી લાવ્યો પણ તું? સમજાણું કાંઈ? એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ છે, રાગ ઉપર દૃષ્ટિ છે, પરમાં જેના પ્રેમ અર્પાઈ ગયા છે, એવા જીવો આવું માને કે અમે શુદ્ધ મોક્ષ છીએ. મરી જઈશ, કહે છે. વસ્તુમાં તો આવ્યો નથી, આત્મા કોણ છે એની તો તને ખબર નથી. સમજાણું કાંઈ? ૩૨ વર્ષમાં, હોં! ૮૦ મો બોલ છે.

**'પહિલે કહા થા કિ આત્માકા ધર્મ હો તો મોક્ષ હૈ, ઉસી કારણસે...'** એ કારણે એટલે? કે ભગવાનઆત્મા તો પવિત્રનો પિંડ મોક્ષસ્વરૂપ જ છે. એનો ધર્મ જ મોક્ષસ્વરૂપ છે. રાગનું બંધન ને કર્મનું બંધન એ એના સ્વરૂપમાં છે નહિ. આહાહા..! આ જુઓને! બહારથી થોડું કાંઈક સારું લાગે. આ સિનેમા ને ફલાણું ને ભપકા-ભપકા. આહાહા..! મરી ગયો. ચીતરાઈ ગયો ચોર્યાશીના અવતારમાં.

મુમુક્ષુ :- ખરી કરી.

ઉત્તર :- પણ જે કરી તેં કરી છે ને? તે તારી છે ને? કોઈએ પરાણે કરાવી છે કાંઈ? પાડી છે એણે. એ તો એમ ને એમ ચાલુ રાખે, ટેવ-અભ્યાસ. પણ અરે..! હું આત્મા! મારો આનંદ અને અતીન્દ્રિય આનંદથી ભરચક છલોછલ ભરેલું તત્ત્વ. જેમ પાણીથી સરોવર ભર્યું છે. સરોવર પાણીથી આમ ભર્યું છે. સ્વયંભુરમણસમુદ્ર જેમ પાણી અને રત્નથી ભર્યો છે, એમ ભગવાનઆત્મા અનંત આનંદાદિના ગુણોની શક્તિના રતનથી ભરેલો છે. એનામાં કોઈ પુણ્ય-પાપ વિકલ્પ-ફિકલ્પ છે નહિ. આહાહા..!

કહે છે, **'ઉસી કારણસે કહતે હૈં કિ- હે ભવ્યજીવો! તુમ ઉસ આત્માકો પ્રયત્નપૂર્વક...'** જેનો તને પરિપૂર્ણ સ્વભાવ પ્રાપ્ત કરવો છે એ આત્મા શું છે, એ આત્માનો પ્રયત્ન કરી **'સબ પ્રકારકે ઉદ્યમ કરકે...'** વર્તમાનમાં જેટલો પ્રયત્ન અને પુરુષાર્થ જાગેલો છે એથી વધારે પુરુષાર્થ જગાડીને યથાર્થ જાણો પહેલો તો. એ કોણ શું ચીજ છે પણ આ? આટલા-આટલા વખાણ! જેના ચક્રવર્તીના રાજ પણ થોથા! અરે..! તીર્થંકરની સંપદા સમવસરણ પણ જ્યાં ગણતરીમાં નહિ. આહાહા..! અચિંત્ય પ્રકૃતિ

જે છેલ્લામાં છેલ્લી પુણ્ય પ્રકૃતિ-તીર્થંકર, એના સમવસરણ અને એ ઠાઠ. ઈન્દ્રોએ બનાવેલા પણ ઈન્દ્રોને આશ્ચર્ય થાય. આ બની શું ગયું? 'વજુભાઈ'! .. એટલે ઈ યાદ આવી ગયું. ઈન્દ્રો સમવસરણ બનાવે અને પાછા એમ કહે, અરે..! આ બન્યું શું! આવું! એવું જ કોઈ પુણ્ય પ્રકૃતિનું ફળ સહજ એવું બની જાય. છતાં એ ભગવાનઆત્માના મહાત્મ્ય આગળ એનું મહાત્મ્ય છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**તુમ ઉસ આત્માકો પ્રયત્નપૂર્વક સબ પ્રકારકે ઉદ્યમ કરકે યથાર્થ જાનો,...**' સર્વ પ્રકારે ઉદ્યમ કરી યથાર્થ જાણો. એની ઉપર વજન છે. આમ તો અન્યમતિઓ આત્માને અનેક પ્રકારે કહે છે એ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવાધિદેવ, એણે જે આત્મા કેવળજ્ઞાને જોયો એ આત્મા, એને યથાર્થ જાણ. 'જયસુખભાઈ'! આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**યથાર્થ જાનો,...**' આમ તો જાણપણા તો અભવીએ કર્યા એને ખ્યાલ નહિ આવ્યો હોય? પણ જાણ્યું જ નથી. જ્ઞાનસ્વરૂપ ભગવાન આનંદની મૂર્તિ, જેની ધ્રુવતાના એક સમયમાં પર્યાયની નાસ્તિ. આહાહા..! રાગની તો નાસ્તિ, સંસારની તો નાસ્તિ. એમાં સંસાર છે જ નહિ. એનો અર્થ એ થયો કે એ મોક્ષસ્વરૂપ જ છે. સંસાર એટલે ઉદયભાવ. ઉદયભાવ એમાં નથી. એ તો પરમસ્વભાવભાવ પારિણામિકભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? સંસાર તો નથી પણ જેમાં એક સમયની પર્યાય પ્રગટ છે એ પણ ધ્રુવમાં નથી. આહાહા..! એના પ્રદેશભેદ છે, ભાવભેદ છે, કાળભેદ છે. સમજાણું કાંઈ? આવ્યું હતું ને ક્યાંક? પ્રદેશભેદનું નહિ? શેમાં આવ્યું તું? ક્ષેત્ર અપેક્ષાએ. કાલે આવ્યું હતું ક્ષેત્ર અપેક્ષાએ. અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. એની એક સમયની જે પર્યાય છે, એક સમયની પર્યાય એ ત્રિકાળી અસંખ્ય ક્ષેત્રમાં એ નથી. આહાહા..! તો આ બાયડી, છોકરા ને કુટુંબ ને મકાન ને હજીરા ક્યાં આવ્યા અને રાગ ક્યા આવ્યો અંદરમાં ? આહાહા..! સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશી ભગવાન ચૈતન્યઘન. ઘન છે એ. જેમાં રાગનો પ્રવેશ તો નથી પણ એના ક્ષેત્રની એક સમયની જે પર્યાય છે, એ ક્ષેત્રનો પ્રવેશ અંતર અસંખ્ય પવિત્ર ક્ષેત્રમાં એ નથી. ધ્રુવ ક્ષેત્રમાં એ પર્યાયનો પ્રવેશ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઉસ આત્માકો પ્રયત્નપૂર્વક સબ પ્રકારકે...**' જોયું! પ્રયત્ન કરી જાણો. પુરુષાર્થથી જાણો. એમ ને એમ જણાય જાય એવો નથી. એમ ને એમ જણાય જશે. નહોતું એક ફેરી કહ્યું તમારે? 'છોટાભાઈ'નું. એય..! તમારા 'છોટાભાઈ' એમ ને એમ જણાય ગયું. હું પૈસા લેવા ક્યાં ગયો હતો કહે. આ ૫૦-૬૦ લાખ થઈ ગયા. હું તો .. છું. ઓલી હતી ને? ... નળ-નળ. પાઈપ. પાઈપની સાથે ... છે ને /// એટલે રોકાઈ ગયું કાંઈક કેટલોક વખત. ૫૦ ગણો ભાવ થઈ ગયો. .. વાંધા ઊઠ્યા. એકદમ

વીસ લાખ. પછી તો .. ૫૦-૬૦... મરી પણ ગયા. સાથે ધૂળેય આવી નહિ કાંઈ. બૈરાએ કહ્યું કે મહારાજ કહે છે હવે તમે કાંઈક ધર્મનું સમજો, કરો. આ પૈસા કે દિ' લેવા હું ગયો હતો. એમ ધર્મ એની મેળે આવશે આવવું હશે ત્યારે. એમ કહેતા હતા.

મુમુક્ષુ :- કાળલબ્ધિ પાકે તો નહિ આવે?

ઉત્તર :- એને કાળલબ્ધિ ન પાકે. એમ કે જેમ પૈસા આવી ગયા એમ ધર્મ આવી જશે. કર્મમાં હશે તો ધર્મ આવશે. એમ. જેમ કર્મમાં હતું તો આ પૈસા આવ્યા એમ ધર્મ આવશે. ધૂળેય ધર્મ નથી કર્મમાં. કર્મમાં ધર્મ છે? ધર્મ તો આત્મામાં છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**આત્માકો પ્રયત્નપૂર્વક સબ પ્રકારકે ઉદ્યમ કરકે યથાર્થ જાનો, ઉસ આત્માકા શ્રદ્ધાન કરો,...**' એ જાણીને શ્રદ્ધો. વસ્તુ જ જ્યાં ખ્યાલમાં આવી નથી કે આ ચીજ શું છે તે આત્મા આત્મા કરે છે? આ આત્મા, એના વળી અનંત ગુણ, આનંદ ને અસંખ્ય પ્રદેશ શું કહે છે આ? એનું પહેલું જ્ઞાન કરી જાણવાના ભાવમાં, ભાવમાં જ્ઞાનને પકડી, ભાવને પકડી કે આ વસ્તુ આવી છે, આ વસ્તુ આવી છે. '**ઉસ આત્માકા શ્રદ્ધાન કરો,...**' એવા આત્માની પ્રતીત કરો. એ અનંત કાળે નહિ કરેલો એ ધર્મ છે.

'**પ્રતીતિ કરો,...**' અને પ્રતીતિ કરો. સમજાણું કાંઈ? '**આચરણ કરો.**' આચરણ કરો એટલે ઠરો એમાં. એ આનંદનું ધામ ભગવાન એને જાણી, શ્રદ્ધી, ઠરો એટલે ત્રણેય આવી ગયું. જ્ઞાન-દર્શન અને ચારિત્ર. કહો, સમજાણું કાંઈ? આવી વાત સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ત્રણકાળ ત્રણલોકમાં વીતરાગદેવ સિવાય ક્યાંય હોઈ શકતી નથી. ગપેગપ માર્યા છે બધાએ. કો'ક કહે, આમ કરું, ઢીંકણું કરું, ધ્યાન કરું, આ કરું, આ કરું. 'જયસુખભાઈ'! અત્યારે તો ઘણા ધતીંગ ચાલે છે. જુઓને! ઓલા 'રજનીશ'નું ચાલે છે, ફલાણાનું ચાલે છે, ચારે કોરનું ચાલે છે. આહાહા..!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ અનંતા થયા, વર્તમાનમાં લાખો, મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે કેવળી અને તીર્થંકર. એ 'સીમંધર' ભગવાન વગેરે. અનંતા થશે, તેણે આ આત્મા એકલો આનંદ અને પવિત્રતાનું ધામ, ભાવનો.. ભાવનો... સમજાણું કાંઈ? એ શુદ્ધભાવનું બંડલ છે આખું. ખોલ-ખોલ પર્યાયમાં, કહે છે. પહેલા જાણ, પછી શ્રદ્ધા કર, ઠર. '**મન-વચન-કાયસે ઐસે કરો...**' લ્યો! .. છે ને? મન-વચન-કાયાયે એને-આત્માને જાણો, શ્રદ્ધો અને ઠરો. '**ઐસે કરો જિસસે મોક્ષ પાવો.**' જેનાથી આત્માની મુક્તિ થાય એ આચરણ કરવાની વાત છે. એનું જ્ઞાન, એની શ્રદ્ધા અને એનું આચરણ. બાકી બધા થોથે થોથા. રખડી મર્યો ચોર્યાશીના અવતારમાં. ક્યાંય આત્માના

ચીજ વિના શરણ છે નહિ.

**ભાવાર્થ :- 'જિસકો જાનને ઔર શ્રદ્ધાન કરનેસે મોક્ષ હો...'** ભાષા જુઓ! **'જિસકો જાનને...'** એટલે જેને જાણવાથી, શ્રદ્ધાન કરે અને મોક્ષ હોય **'ઉસીકો જાનના ઔર શ્રદ્ધાન કરના મોક્ષપ્રાપ્તિ કરાતા હૈ,...'** આહાહા..! 'જયચંદ્ર પંડિત'નું છે. **'ઉસીકો જાનના ઔર શ્રદ્ધાન કરના...'** આ દુનિયાના જાણે અને આ બધા હીરા-માણેકની પરીક્ષા કરે, નોકરીયુંમાં હોશિયાર થાય અને પાંચ-પાંચ હજારના પગાર મળે મહિને. એ જાણવા? રખડવાના રસ્તા છે બધા. એય..! પ્લાસ્ટીકના જાણપણા, આવા જોડા, આવા જોડા ખાવા.

મુમુક્ષુ :- ખાવા નહિ બીજાને દેવા.

ઉત્તર :- બીજાને દેવા. જોડા દેવા. પણ જોડા રાખે એ દયે ને બીજાને? આહાહા..! અહીં તો કાંઈ આત્મામાં રાગ પણ નથી અને અલ્પજ્ઞતા પણ નથી. આહાહા..! 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' નિર્ગ્રંથ વીતરાગ પરમાત્મા રાગથી નીકળી ગયા, અસ્થિરતાથી નીકળી વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા થયા. એવા દેવાધિદેવ તીર્થંકરોએ આત્મા કહ્યો. એને તું ઓળખ પહેલો, કહે છે. ગુરુગમે શાસ્ત્રથી સમજી, સાંભળી, વિચારીને એને જાણીને શ્રદ્ધા કર. જાણ્યા વિના શેની શ્રદ્ધા? સસલાના શીંગડા જગતમાં નથી ને જાણ. શ્રદ્ધા કરો. શેની શ્રદ્ધા? પણ વસ્તુની ખબર નથી ને. આ આત્મા આવો છે. જ્ઞાન ચૈતન્ય સ્વભાવ પવિત્રભાવનો પિંડ છે એમ પહેલા ખ્યાલમાં, જ્ઞાનમાં લે અને એની શ્રદ્ધા કર.

**'મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ,...'** જેને જાણે શ્રદ્ધાન કરે મોક્ષ થાય **'ઉસીકો જાનના ઔર શ્રદ્ધાન કરના મોક્ષપ્રાપ્તિ કરાતા હૈ,...'** બરાબર છે? તેથી **'ઈસલિયે આત્માકો જાનનેકા કાર્ય સબ પ્રકારકે ઉદ્યમપૂર્વક કરના ચાહિયે,...'** લ્યો! આહાહા..! તેથી આત્માનું જાણવું.. પેલામાં પણ આવ્યું ને? વારંવાર કહ્યું છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' 'છ ઢાળા'માં આવે છે. 'છોડી જગત દ્વંદફંદ આતમ અંતર ઉર આણો.' ભગવાનઆત્મા પરમાનંદની કાતળી છે એ. માણસ ઓલા આઈસ્ક્રીમને શું કહે છે? ચૂસે છે ને? કુલ્ફી. આ આનંદની કુલ્ફી છે. એને જાણ, શ્રદ્ધ અને પછી આચરણ એટલે સુખ એમાં આનંદ તને આવશે. સમજાણું કાંઈ? આકુળતાને મટાડવી હોય અને અનાકુળતાની પ્રાપ્તિ કરવી હોય તો જેને જાણ્યે, શ્રદ્ધે મુક્તિ પ્રાપ્ત હોય તેને તું જાણ અને શ્રદ્ધા કર. આહાહા..!

તેથી **'આત્માકો જાનનેકા કાર્ય સબ પ્રકારકે ઉદ્યમપૂર્વક કરના ચાહિયે,...'** ક્યારે વખત મળે આમાં? 'બલુભાઈ'! ક્યારે આવો વખત મળે? .. પછી અમારે કરવું શું આ ધંધા-બંધાનું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ ન થાય. એ જાણવા માટે પૂછે ને. દઢ કરવા. પહેલું હતું. કહો, સમજાણું કાંઈ? આહાહા..! 'ભગવાનજીભાઈ'! અમારે 'ભગવાનજીભાઈ' પાકા થઈ ગયા છે હવે.

**'આત્માકો જાનનેકા કાર્ય સબ પ્રકારકે ઉદ્યમપૂર્વક કરના ચાહિયે, ઈસીસે મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ,...'** નથી પુણ્યના આચરણ વડે. કારણ કે એ આત્મા પુણ્યરૂપે છે નહિ. માટે જે રીતે નથી તેનું આચરણ કર્યે આત્માની મુક્તિ થાય નહિ. **'ઈસલિયે ભવ્યજીવોંકો યહી ઉપદેશ હૈ.'** લ્યો! ભગવાન સર્વજ્ઞ પરમાત્માનો આ ઉપદેશ છે. જુઓ! 'કુંદકુંદાચાર્ય'. ૮૭ પૂરી થઈ. દાખલો એનો આપશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे कहते हैं कि बाह्य-हिंसादिक क्रियाके बिना ही अशुद्ध भावसे तंदुल मत्स्यतुल्य जीव भी सातवें नरकको गया, तब अन्य बड़े जीवोंकी क्या कथा ?

**मच्छो वि सालिसित्थो असुद्धभावो गओ महाणरयं।**
**इय णाउं अप्पाणं भावह जिणभावणं णिच्चं।।८८।।**

मत्स्यः अपि शालिसिक्थः अशुद्धभावः गतः महानरकम्।
इति ज्ञात्वा आत्मानं भावय जिनभावनां नित्यम्।।१२।।

**અવિશુદ્ધ ભાવે મત્સ્ય તંદુલ પણ ગયો મહા નરકમાં,**
**તેથી નિજાત્મા જાણી નિત્ય તું ભાવ રે ! જિનભાવના. ૮૮.**

अर्थ :- हे भव्यजीव ! तू देख, शालिसिक्थ (तन्दुल नामका मत्स्य) वह भी अशुद्धभावस्वरूप होता हुआ महानरक (सातवें नरक) में गया, इसलिये तुझे उपदेश देते हैं कि अपनी आत्माको जाननेके लिए निरंतर जिनभावना कर।

भावार्थ :- अशुद्धभावके माहात्म्यसे तन्दुल मत्स्य जैसा अल्पजीव भी सातवें नरकको गया, तो अन्य बड़े जीव क्यों न नरक जावें? इसलिये भाव शुद्ध करनेका उपदेश है। भाव शुद्ध होने पर अपने और दूसरेके स्वरूपका जानना होता है। अपने और दूसरेके स्वरूपका ज्ञान जिनदेवकी आज्ञाकी भावना निरन्तर भानेसे होता है, इसलिये जिनदेवकी आज्ञाकी भावना निरन्तर भानेसे होता है, इसलिये जिनदेवकी आज्ञाकी भावना निरन्तर करना योग्य है।

तन्दुल मत्स्यकी कथा ऐसे है - काकन्दीपुरीका राजा सूरसेन था वह मांसभक्षी हो गया। अत्यन्त लोलुपी, निरन्तर मांस भक्षणका अभिप्राय रखता था। उसके 'पितृप्रिय' नामका रसोईदार था। वह अनेक जीवोंका मांस निरन्तर भक्षण कराता था। उसको

सर्प डस गया सो मरकर स्वयंभूरमण समुद्रमें महामत्स्य हो गया। राजा सूरसेन भी मरकर वहाँ ही उसी महामत्स्यके कानमें तंदुल मत्स्य हो गया।

वहाँ महामत्स्यके मुखमें अनेक जीव आवें, बाहर निकल जावें, तब तंदुल मत्स्य उनको देखकर विचार करे कि यह महामत्स्य अभागा है जो मुँहमें आये हुए जीवोंको खाता नहीं है। यदि मेरा शरीर इतना बड़ा होता तो इस समुद्रके सब जीवोंको खा जाता। ऐसे भावोंके पापसे जीवोंको खाये बिना ही सातवें नरकमें गया और महामत्स्य तो खानेवाला था सो वह तो नरकमें जाय ही जाय।

इसलिये अशुद्धभावसहित बाह्य पाप करना तो नरकका कारण है ही, परन्तु बाह्य हिंसादिक पापके किये बिना केवल अशुद्धभाव भी उसीके समान है, इसलिये भावोंमें अशुभ ध्यान छोड़कर शुभ ध्यान करना योग्य है। यहाँ ऐसा भी जानना कि पहिले राज पाया था सो पहिले पुण्य किया था उसका फल था, पीछे कुभाव हुए तब नरक गया इसलिये आत्मज्ञानके बिना केवल पुण्य ही मोक्षका साधन नहीं है।।८८।।

## પ્રવચન નં. ૧૨૭, ગાથા–૮૮–૮૯, શુક્રવાર, આસો વદ ૧૫, તા.૩૦–૧૦–૭૦

આ 'અષ્ટપાહુડ'. ભાવપાહુડની ૮૮મી ગાથા. આજ તો ભગવાનનો મોક્ષનો દિવસ છે. .. છે ને? કારતક વદ ૧૪ના પાછળના ભાગમાં ભગવાન મોક્ષ પધાર્યા. કારતક વદ ૧૪ હતી, કાલે ગઈ ઈ. આસો વદ ૧૪ એ કારતક વદ ૧૪ કહે શાસ્ત્રમાં. એના સવારના પાછળના ભાગમાં ભગવાન મોક્ષ પધાર્યા. એટલે આત્માની પવિત્રતા પૂર્ણ પ્રાપ્ત થઈ ગઈ. મોક્ષની વ્યાખ્યા ઈ. આત્માનો જે સ્વભાવ મોક્ષસ્વરૂપ જ ત્રિકાળ છે એવી પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ થઈ ગઈ એનું નામ વ્યવહાર બાહ્ય મોક્ષ કહેવામાં આવે છે. પર્યાયમાં મોક્ષ. દ્રવ્યમોક્ષ ત્રિકાળ છે. એવા ભગવાન અનાદિ જે સંસાર હતો એનો અંત આવી ગયો અને મોક્ષની પર્યાય સાદિ થઈ અને અનંત રહેશે. અનંત કાળ મોક્ષની પર્યાય અતીન્દ્રિય આનંદની દશા ચાલે છે. એનું નામ મોક્ષ કહેવામાં આવે છે. અહીંયાં ભાવ પણ એ આવ્યા છે. ભાવ જ જિનભાવનું. એમાં છે ને ચોથું પદ? કઈ ગાથા ચાલે છે? '...ભાઈ'! ૮૮.

**'આગે કહેત હૈં કિ બાહ્ય-હિંસાદિક બિના હી...'** હિંસાદિ ન કરે તોપણ **'અશુદ્ધ ભાવસે તંદુલ મત્સ્યતુલ્ય જીવ ભી...'** અશુદ્ધ ભાવથી તાંદુલ-ચોખા જેટલો મત્સ્ય પણ **'સાતવેં નરકકો ગયા, તબ અન્ય બડે જીવોંકી ક્યા કથા?'** ભાવપાહુડ છે ને એટલે ભાવની પ્રધાનતાથી કથન કહે છે. બાહ્યની ક્રિયાથી એનામાં કાંઈ સાધન છે નહિ.

**मच्छो वि सालिसित्थो असुद्धभावो गओ महाणरयं।**
**इय णाउं अप्पाणं भावह जिणभावणं णिच्चं।।८८।।**

**અર્થ :-** ‘**હે ભવ્યજીવ ! તૂ દેખ, શાલિસિક્થ (તન્દુલ નામકા મત્સ્ય)...**’ ચોખા જેટલો. ‘**વહ ભી અશુદ્ધભાવસ્વરૂપ હોતા હુઆ મહાનરક (સાતવેં નરક) મેં ગયા, ઈસલિયે તુજે ઉપદેશ દેતે હૈં...**’ એ હેતુથી તને ઉપદેશ કરે છે. ‘**અપની આત્માકો જાનનેકે લિયે નિરંતર જિનભાવના કર.**’ આ મહા સિદ્ધાંત છે. ‘**અપની આત્માકો જાનનેકે લિયે નિરંતર જિનભાવના કર.**’ એક શબ્દની અંદર અર્થ ચાલે છે. સમજાણું કાંઈ? અનંત તીર્થંકરો, અનંત વીતરાગો, અનંત કેવળીઓ, એનો જે સાર-જિનભાવના ભાવ, એમ કહે છે. એનો અર્થ એ થયો કે આત્મા જિનસ્વરૂપ જ છે. વીતરાગ સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ (છે). એની ભાવના શ્રદ્ધા અને જ્ઞાનમાં ત્રિકાળી ધ્રુવને વિષય બનાવી... સમજાય છે કાંઈ? આ સવારમાં કહ્યું હતું. ‘શશીભાઈ’ નહોતા. ...

આ આત્મા છે એ એક સમયમાં અંદર નિત્ય ધ્રુવ વસ્તુ છે. નિત્ય ભાવના પહેલી કહે છે ને અહીંયાં? પણ એ વસ્તુ પોતે ત્રિકાળ નિત્ય ધ્રુવ (છે). એ ધ્રુવની અપેક્ષાએ એક સમયની પર્યાય પણ પરદ્રવ્ય કહેવામાં આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને તીર્થંકરો તો પરદ્રવ્ય પૃથક્, પણ એક સમયમાં ભગવાનઆત્મા નિત્યાનંદ ધ્રુવ જેનો નિત્ય સ્વભાવ પિંડ એવો સ્વભાવ એ સ્વદ્રવ્ય છે અને એની એક સમયની અવસ્થા છે, રાગ વિનાની, નિમિત્ત વિનાની, સંયોગ વિનાની. પોતામાં થયેલી પર્યાય, નિર્મળ પર્યાય જે છે એ પણ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તેને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહાહા..! સવારે બીજું કહ્યું હતું. એ પછી આવશે. કાળમાં આવશે. સમજાણું કાંઈ?

હવે, એમ આત્મા શુદ્ધબુધ ચૈતન્યઘન એમ કહ્યું છે ને? તો ચૈતન્યઘન એ છે અસંખ્ય પ્રદેશી ધ્રુવ. શુદ્ધ બુદ્ધ એ ભાવ. અને ચૈતન્યઘન જે છે એ અસંખ્ય પ્રદેશી ધ્રુવ. એ ધ્રુવ અસંખ્ય પ્રદેશી તે સ્વક્ષેત્ર છે, સ્વક્ષેત્ર એટલે પોતાનું છે અને એ અસંખ્ય પ્રદેશમાં એક સમયની ક્ષેત્રમાં અવસ્થા થાય એ પણ પરક્ષેત્ર છે. શરીર, વાણી, મન એનું તો પરક્ષેત્ર ભિન્ન રહી ગયું. પણ આત્મામાં અસંખ્ય પ્રદેશ ધ્રુવ ચૈતન્ય ભગવાનઆત્મા, એના પવિત્ર પ્રદેશનો સ્કંધ પિંડ, એ સ્વક્ષેત્ર છે. અને એની એક સમયની ક્ષેત્રની અવસ્થાના પ્રદેશોનો અંશ એ પરક્ષેત્ર છે. એ પરદ્રવ્ય અને પરક્ષેત્રનો આશ્રય કરવા લાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ સર્વજ્ઞ પરમાત્મા અનંત વીતરાગો, કેવળીઓ, એનો આ સારમાં સાર આ ભાવ છે. એમાં સાર હોય એ કાળની વાત કરી. એ આત્મદ્રવ્ય... દિવાળી છે ને? ભગવાનનો કાળ પૂર્ણ થઈ ગયો શુદ્ધનો. સર્વજ્ઞપદ પામી મોક્ષ તો પહેલેથી પામ્યા હતા.

આ હવે એની પર્યાયનો કાળ શુદ્ધતાનો પૂર્ણ થઈ ગયો. પણ અહીં તો કહે છે, ભગવાનઆત્મા ત્રિકાળ ધ્રુવ તે સ્વકાળ એનો છે. ત્રિકાળ ધ્રુવ વસ્તુ તે દ્રવ્યનો તે સ્વકાળ તે સ્વસ્વરૂપ છે. એક સમયની જે પર્યાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિની જે પર્યાય (છે) એ પરકાળની અપેક્ષાએ પર્યાય સ્વકાળ છે, પણ ત્રિકાળી દ્રવ્યના સ્વકાળની અપેક્ષાએ એક સમયની પર્યાય પરકાળ છે. આહાહા..! એટલે કે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ આશ્રય કરવા જેવો નથી. ભાઈ! ગજબ વાત છે. 'નવરંગભાઈ'! સમજાણું કાંઈ?

જેને આત્મા વસ્તુ એની ભાવના એટલે શ્રદ્ધા-જ્ઞાન, એનો વિષય જે ત્રિકાળી ધ્રુવ એનો આશ્રય કરવા લાયક છે. જે ૧૧મી ગાથામાં 'સમયસાર'માં 'કુંદકુંદાચાર્ય' '**भूदत्थमस्सिदो खलु**' ભગવાન એક સમયમાં પૂર્ણ ધ્રુવ, તેનો આશ્રય કરવો. એ આશ્રયથી જીવને ધર્મની દશા પ્રગટ થાય છે. બાકી ધર્મની દશા કોઈ પરને આશ્રયે થતી નથી. ત્રિકાળ વસ્તુ ભગવાનઆત્મા, એનો એને સ્વકાળ એટલે વસ્તુ જે કાળ, વસ્તુ જ પોતે એવી છે. એક સમયની વીતરાગી પર્યાય એ પણ સ્વકાળના ત્રિકાળની અપેક્ષાએ પરકાળ છે, પરદ્રવ્ય છે, પરક્ષેત્ર છે. માટે તેને પરકાળ, પરદ્રવ્યનું પોતાના, હોં! પરક્ષેત્રનું જ્ઞાન જેને યથાર્થ કરવું હોય એને સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જે ત્રિકાળી એનો આશ્રય કરવો પડશે. 'નવરંગભાઈ'! આહાહા..!

એમ આત્મા ભાવસ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આદિ ભાવ ત્રિકાળ. ત્રિકાળ ભાવ છે તે પોતાનો સ્વભાવ છે. એની એક સમયની વીતરાગી પર્યાય એ ભાવ પણ પરભાવ છે. ભારે વાત, ભાઈ! દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ તો પરભાવ. એ તો ક્યાંય બહાર ગયો. આહાહા..! આ વીતરાગ માર્ગ! કહે છે કે જેને એક સમયમાં વીતરાગી દશા ક્ષાયિકસમકિત પ્રગટ્યું હોય અને ચારિત્રની પર્યાય પ્રગટી હોય, સ્વદ્રવ્યને આશ્રયે, છતાં તે પ્રગટેલો ભાવ ત્રિકાળ મહા કંદ ભાવ, આનંદના ત્રિકાળી ભાવની અપેક્ષાએ એક સમયનો ભાવ તેને પરભાવ કહેવામાં આવે છે. એટલે કે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ, ત્રિકાળી ક્ષેત્ર સ્વભાવ, ત્રિકાળી કાળ ભાવ અને ત્રિકાળી ભાવભાવ, એમાં પર્યાય પરદ્રવ્ય, ક્ષેત્ર પર્યાયનું પરદ્રવ્ય, એક સમયની પર્યાય પરકાળ અને એક સમયનો ભાવ પરભાવ. તે ચારેયની ત્રિકાળી દ્રવ્યમાં નાસ્તિ છે. આમાં બધું ઊંડું ઉતર્યા વિના સમજાય એવું નથી ઉપરટપકે. બહારમાં બધા પૈસા મળી જાય એમ મળી જાય (એમ નથી). એ તો પુણ્યના પરમાણુને લઈને દેખાય. મળે છે ક્યાં? દેખાય.

મુમુક્ષુ :- મળતા નથી?

ઉત્તર :- મળે કોને? ધૂળ મળે. અહીંયાં અંદર પરદ્રવ્ય મળે કોને? અહીં તો એક સમયની પર્યાય દ્રવ્યમાં ભળતી નથી. આહાહા..! અરે..! 'જયસુખભાઈ'! એક સમયની પર્યાય પણ દ્રવ્યમાં ભળતી નથી, તો વળી આ પરવસ્તુ આવે અને મળે

એ વાતમાં માલ કાંઈ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ત્રિકાળનું દ્રવ્ય, ત્રિકાળી ક્ષેત્ર, ત્રિકાળી કાળ અને ત્રિકાળી ભાવ એ ચાર ભેદ પાડ્યા એ પણ વ્યવહાર છે. એનું ચારનું એકરૂપ અભેદ, એનો આશ્રય કરવાથી ધર્મની પર્યાય સમ્યક્ પ્રગટ થાય છે. એ સિવાય કોઈ બીજો ઉપાય ત્રણકાળ ત્રણલોકમાં છે નહિ. 'અમરચંદભાઈ'! ત્યાં તો આવું નહિ આવતું હોય. પોણા ત્રણ મહિના ત્યાં રખડવામાં હશે કાંઈ?

મુમુક્ષુ :- હવા-પાણી બહુ સરસ છે.

ઉત્તર :- ધૂળમાં હવા-પાણી નથી. હવાપાણી ક્યાં..? આહાહા..! એ હવામાં વાયરા ધ્રુવમાં પડ્યા છે. એના વાયરા વાય એ હવા-પાણી છે. આહાહા..!

અહીં તો કહે છે, હે જીવ! '**અપની આત્માકો જાનનેકે લિયે નિરંતર જિનભાવના કર.**' એમાં એ જ વાત છે. '**અપની આત્માકો જાનને કે લિયે...**' આત્મા જે વસ્તુ ત્રિકાળ, જાણવાની પર્યાય વર્તમાન છે. સમજાણું કાંઈ? પણ ત્રિકાળી દ્રવ્ય જે છે એને જાણવાનો પ્રયત્ન કર. આહાહા..! જે વસ્તુ એક સમયની દશામાં આવતી નથી અને જે એક સમયની અવસ્થા ત્રિકાળીમાં ભળતી નથી, એવી જિન સ્વભાવ વસ્તુ આત્મા એને શ્રદ્ધા-જ્ઞાનમાં વિષય બનાવ, તે ત્રિકાળીને શ્રદ્ધા-જ્ઞાનમાં ધ્યેય બનાવ. એને જિનભાવના કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. આ દયા, દાન, ભક્તિ ભગવાનની એ વિકલ્પ તો ક્યાંય વિકાર, મેલમાં ગયા. કહો, સમજાણું આમાં?

'**અપની આત્માકો...**' આમાં એ આવશે. '**જાનનેકે લિયે નિરંતર જિનભાવના કર.**' એટલે? કે આત્માની એક સમયની પર્યાયનું, જેને પરદ્રવ્ય ત્રિકાળીની અપેક્ષાએ કહ્યું, એનું જ્ઞાન પણ સ્વદ્રવ્યનું જ્ઞાન કરે તો તેનું જ્ઞાન થાય. એક સમયની ક્ષેત્ર અવસ્થા અસંખ્ય પ્રદેશ, જેમાં અનંત આનંદ ભર્યો છે એવું જે સ્વક્ષેત્ર ભગવાન અસ્તિપણે, એની એક સમયની ક્ષેત્રની દશા જેમાં નિર્મળ પર્યાયનું રહેવું છે, એ પરક્ષેત્રનું જ્ઞાન પણ સ્વક્ષેત્રી આત્મા ત્રિકાળીનું જ્ઞાન કરે તો પરક્ષેત્રનું જ્ઞાન થાય. આવશે અર્થમાં. અપના અને પરકા શ્રુતજ્ઞાન. અર્થમાં આવશે આમાં. અપના અને પરકા શ્રુતજ્ઞાન '**જિનદેવકી આજ્ઞાકી ભાવના નિરંતર કરના યોગ્ય હૈ.**' આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે એક સમયની અવસ્થા જે છે, એનું જ્ઞાન. જે સમયે જે અવસ્થા તે કાળે તે દ્રવ્યની થવાની તે પર્યાયનો સ્વકાળ સ્વતંત્ર છે. એ સ્વકાળનું જ્ઞાન પણ ત્રિકાળી જ્ઞાયકભાવ જે કાળ વસ્તુ પોતે જ આખી વસ્તુ છે, એનું જ્ઞાન અને એના આશ્રયથી જ્ઞાન થાય ત્યારે પર્યાયનું જ્ઞાન, પરનું જ્ઞાન થાય. સ્વનું જ્ઞાન થાય ત્યારે પરનું જ્ઞાન થાય. આહાહા..! ભારે ઝીણું! સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા અનંત

ભાવસ્વરૂપ એકરૂપ.. આમાં ઠીક કર્યો છે. ભાઈ વાંચે છે ને પુસ્તકમાંથી અર્થમાં કરશે. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. ૬૭ છે. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ, એક સ્વભાવ. એને વિષય બનાવીને જે ધર્મ પર્યાય પ્રગટ થાય એનો પણ આશ્રય કરવા જેવો નથી. આહાહા..! 'નવરંગભાઈ'! બહુ આઘું ગયું આ તો. પાણી ગળીને પીવું ને એ તો ક્યાં અહીં વાત હતી. આ તો પાંચની સાલતી વાત છે હવે. ૨૧ વર્ષ થઈ ગયા. આહાહા..!

ભગવાન! અહીં કહે છે, આવા અશુદ્ધ ભાવથી જે તાંદુલ જેવો મત્સ્ય આટલો, એ સાતમી નરકમાં જાય. હિંસાદિની ક્રિયા કાંઈ નથી. જીવને મારવાનું નથી, જૂઠું બોલવાનું નથી, માંસ ખાવાનું નથી. ફક્ત અશુદ્ધ ભાવ. એ કથા છે મોટી. સમજાય છે કાંઈ? એ કથા અંદરમાં છે. રસોયો હતો અને એક રાજા હતો. તો રસોયો માંસ રાંધતો હતો અને એનો રાજા હતો એને માંસ ખાવાની બંધી હતી. પણ .. થયો. એટલે .. કાંઈક મંગાવીને રસોયા પાસે રંધાવતો અને રસોયો એને માંસ રાંધીને આપતો. એ રસોયો હતો એને કરડ્યો સર્પ. સમજાણું કાંઈ? કાલે છોકરાને કરડ્યો ને? પરમ દિ' ગુજરી ગયો ને. છોકરો કહે છે, ઓલામાં હાથ નાખતો હતો. બધા કહે નાખો હાથ, નાખો હાથ. હાથ નાખ્યો એમાં ઓલી નાગણી કરડી ગઈ. કરડી ને એને કાંઈ ખબર નહિ. (એને એમ કે) લોહી નીકળ્યું છે. મરી ગયો બાર વર્ષનો. ...

એ અહીં કહે છે કે રસોયાને સર્પ કરડ્યો. એ મરીને સ્વયંભૂરમણ સમુદ્રમાં મહામત્સ્ય હજાર યોજનનો થયો. .. સમજાણું? અને એનો જે ઓલો રાજા હતો એ મરીને પણ સાતમી નરકે ગયો. પણ એ સાતમી નરકે કેમ ગયો અહીંથી? કે તંદુલ મત્સ્યમાંથી .. તંદુલ મચ્છ થયો હતો. ચોખા જેટલો કાનનો. એવો મત્સ્ય હજાર યોજનનો. અને એ મોઢું આમ ફાડે તો કેટલાય મત્સ્ય અંદર આવે. ઓલો વિચારે કે આ મત્સ્ય આવે છે એને કાઢી કેમ નાખે છે આ? તંદુલ આટલો, હોં! ચોખા જેટલો. .. છે. વજ્રનારાચ સંઘયણ છે. વજ્રનારાચ સંઘયણ છે. આટલો મત્સ્ય છે. પહેલું સંઘયણ. ભાવના એવી. ઓલો હજાર યોજનનો મત્સ્ય હતો. આમ મોઢું ફાડે તો હજારો મચ્છ આવે. આમ કાઢી નાખે પાછું. અરે..! આવડો હું હોઉં તો તો ન જવા દઉં એકેયને. ભાવ-ભાવની અહીં વાત છે. ભાવપાહુડ છે ને? ક્રિયા ન હોય એની સાથે કાંઈ સંબંધ નથી. એ તો જડની ક્રિયા છે. પરના અસ્તિત્વમાં જડનું આ બધું આ પ્રકારે હાલવું-ચાલવું (થાય છે). એના ભાવમાં એવા ભાવ (થયા)... સમજાય છે કાંઈ? કે મરીને પાછા નરકે, બેય સાતમી નરકે ગયા. આહાહા..! પેલો મત્સ્ય તો જાય પણ ઓલો પણ તંદુલ મત્સ્ય પણ ગયો. ભાવ.

એ ભાવનાનો અહીં આધાર આપીને એવી અશુદ્ધ ભાવનાથી. અશુદ્ધ ભાવનાનો એક ભાવ અશુભભાવ. અશુદ્ધભાવનાનો એક ભાવ અશુભભાવ. અને અશુદ્ધ ભાવનાનો

બીજો ભાવ શુભભાવ. એ બે અશુદ્ધ ભાવ, બેય ચાર ગતિના કારણનું કારણ છે. શુભ હો કે અશુભ હો. આહાહા..! અહીં ભાવપાહુડ છે. શુદ્ધભાવ, શુદ્ધભાવનો અધિકાર મુખ્ય છે.

જે ભાવે સ્વર્ગ મળે એ ભાવ પણ શુભ છે, અશુદ્ધ છે. જે ભાવ તીર્થંકરગોત્ર બાંધવાનો છે એ ભાવ પણ અશુદ્ધ અને મેલો છે. તીર્થંકર ગોત્રકા ભાવ ભી અધર્મ હૈ. ધર્મ નહિ. એય..! એ બેય અશુદ્ધ ભાવની ભાવના છોડ, એમ કહે છે. આહાહા..! જિનભાવના વીતરાગમૂર્તિ પ્રભુ, જેમાં વીતરાગતા ભરી છે, પડી છે, સત્ત્વરૂપે બધું સત્ જ છે. એનો આશ્રય કર તો વીતરાગતા પ્રગટ થશે. નિમિત્તનો, રાગનો અને પર્યાયનો આશ્રય કરીશ તો રાગ ઉત્પન્ન થશે અને લાભ માનીશ તો મિથ્યાદષ્ટિ થશે. સમજાણું કાંઈ? માટે જિનભાવના (ભાવ). પરમાત્મા પોતે શુદ્ધ આનંદનું ધામ, જેમાં એક સમયની પર્યાયનો પણ અભાવ (છે), એવા ભાવની ભાવના કર. આહાહા..! ભારે વાત, ભાઈ! આ વીતરાગની આજ્ઞા છે. અનંત કેવળીઓ, તીર્થંકરો પરમાત્મા થયા, છે અને થશે એની આ આજ્ઞા છે. કહો, સમજાય છે કાંઈ?

'**અપની આત્માકો જાનનેકે લિયે...**' આત્મા દ્રવ્ય થયો ત્રિકાળી. એને જાણવાની '**નિરંતર જિનભાવના...**' વીતરાગભાવમાં, શુદ્ધભાવમાં એને ધ્યેય બનાવીને નિરંતર ભાવના ધ્રુવની કર. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ પકવાન છે આત્માના. બાકી તો બધા પકવાન છ કલાકે વિષ્ટા થઈને નીકળી જશે. આહાહા..! આ તો હાડકા, માંસના લોચા છે. વિષ્ટા બનવાનો સંચો છે. ગમે તે નાખો, મોસંબીના પાણી નાખો. શું કહેવાય? માવો-માવો. ઘુઘરા થાય છે ને માવાના? આ ઘુઘરા આમ તળેલા ઘીમાં અંદર માવો અને બદામ અને પિસ્તા. અને ઉપર જરી ચોડ્યા હોય પાછા. ચોડે છે કે નહિ? ધૂળેય નથી, ભાઈ! એ તો જડની અવસ્થાનું રૂપ છે. એ ચૈતન્ય નથી અને ચૈતન્યમાં એ નથી અને ચૈતન્યથી એ થતું નથી. ચૈતન્યથી થનાર હોય તો એ જિનભાવના કરી શકે, બસ! આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો ભાવ એ પરદ્રવ્યને લક્ષે થાય છે. એ આત્માનો સ્વભાવ નહિ. આહાહા..! ભગવાનની ભક્તિ અને ભગવાનનું સ્મરણ પણ પરદ્રવ્યને લક્ષે (થાય છે).

મુમુક્ષુ :- ભગવાન પરદ્રવ્ય છે?

ઉત્તર :- અહીં તો હજી પર્યાય પરદ્રવ્ય કીધી તો ભગવાન તો ક્યાંય પરદ્રવ્ય રહ્યા. એ ... કહેતા હતા (સંવત) ૨૦૧૦ની સાલમાં. ... એ કહેતા હતા. ૨૦૧૦ની સાલમાં મ્યુનિસીપાલટીમાં વ્યાખ્યાન ચાલતું હતું. તો કહે, દેવ-ગુરુ-શાસ્ત્ર પર? એ તો શુદ્ધ છે. દેવ અરિહંત પરમાત્મા શુદ્ધ દેવ, ગુરુ નગ્ન દિગંબર મુનિ આત્મધ્યાની જ્ઞાની અમૃતના રસમાં રેલમછેલા લેનારા અને શાસ્ત્ર. શાસ્ત્ર તો પર છે, એ તો વળી ઠીક.

પણ દેવ-ગુરુ પર? એ તો શુદ્ધ છે. અરે..! અનંતવાર પર. એકવાર શું. દેવ-ગુરુ પર છે. અહીં તો એ તો પર કહ્યું પણ પોતાની પર્યાય પર છે. આહાહા..! કેમકે જેનો આશ્રય કરવાથી જીવને લાભ નહિ એને અહીંયાં પર કહેવામાં આવે છે. 'જયસુખભાઈ'! બહુ ઝીણું. 'નવરંગભાઈ'! પર્યાયનો આશ્રય કરવાથી કાંઈ લાભ ન થાય માટે એ અપેક્ષાએ પરદ્રવ્ય. આહાહા..! ૫૦મી ગાથા છે ને, 'નિયમસાર'. મોક્ષનો માર્ગ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પરદ્રવ્ય. આહાહા..! પર્યાય છે ને? એનો આશ્રય કરવા જાય તો લાભ ક્યાં છે? એ તો વિકલ્પ ઊઠશે. 'બલુભાઈ'! આ બધું ઝીણું છે. દવા-બવા જેવું નથી આ કાંઈ.

મુમુક્ષુ :- આજે ..

ઉત્તર :- અરે..! જાડું થોર જેવું છે. આ તો અમૃતના ચોસલાની વાતું છે. આહાહા..!

'આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે. આશા ઓરન કી ક્યા કીજે.' ભગવાન અનંત આનંદનો નાથ, પૂર્ણ પરમબ્રહ્મ પરમાત્મા પોતે નિજ સ્વરૂપે દ્રવ્યપણે બિરાજે છે. એનો આશ્રય કરવાથી આત્માને આનંદ અને સમકિત થાય. બાકી બીજો કોઈપણનો આશ્રય કરવાથી આત્માનું સમકિત અને આનંદ થાય નહિ. સમજાણું કાંઈ? આહાહા..! 'કાંતિભાઈ'! બહુ આકરું. ભારે માર્ગ છે ને. આ અમે સામાયિક કરીએ છીએ, પોષા કરીએ છીએ, પડિક્કમણા કરી છીએ, ચોવિહાર કરીએ, એ કાંઈ ધર્મ ખરો? ધર્મ ધૂળમાંય નથી, સાંભળને! સામાયિક ક્યાંથી આવી?

આત્મા જ્ઞાયકભાવ આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વરૂપ, ધ્રુવ કંદ આત્મા, એનો જ્યાં સ્પર્શ નથી, અડ્યો નથી, આશ્રય લીધો નથી, જાણ્યો નથી. એને ધર્મ ક્યાંથી હોય? સમજાણું કાંઈ? .. આવે છે ને? 'દેવચંદજી'માં. 'મોટાને ઉછરંગ બેઠાને શી ચિંતા, તેમ પ્રભુ ચરણ પસાય સેવક થયા નિશ્ચિંતા.' પરની અપેક્ષાની વાત છે. ભક્તિનો વિકલ્પ છે ને? 'મોટાને ઉછરંગ...' ઉછરંગ એટલે ખોળો-ખોળો. ખોળો કહે છે ને? ગોદ. 'મોટાને ઉછરંગ બેઠાને શી ચિંતા.' માતાની ગોદમાં બેઠો હોય એને ચિંતા ન હોય કે .. આવશે મને .. કરશે, નુક્સાન કરશે. મારી મા રક્ષા કરશે. સમજાણું કાંઈ? 'તેમ પ્રભુચરણ પસાય સેવક થયા નિશ્ચિંતા.' પ્રભુ! તારો આશ્રય લીધો. એટલે કે તેં જે કીધું એવા દ્રવ્યનો આશ્રય લીધો. નિઃશંક થઈ ગયા. સમજાણું કાંઈ? ભગવાને આજ્ઞા કરી કે એક દ્રવ્ય સ્વભાવ તારો પૂર્ણ પરમાત્મા તે તારું સ્વદ્રવ્ય છે. એનો આશ્રય કર, એમાં દૃષ્ટિ પસાર, એને જ્ઞેય બનાવ. ખલાસ થઈ ગયું. મોટાને આશ્રયથી હવે ચિંતા શી? સંસાર જ નથી ને. ભવ જ નથી ને. ભવનો ભાવ જેમાં નથી ને. આહાહા..! અરે..! જેમાં મોક્ષની પર્યાય અથવા કેવળજ્ઞાનપર્યાય પણ જેમાં નથી ને. કેવળજ્ઞાન એ વ્યવહાર છે. સદ્ભુતવ્યવહારનો વિષય છે. નિશ્ચયનો વિષય નથી. આહાહા..!

'વજુભાઈ'! .. પીરસાય છે આ. દિવાળીના પકવાન. આહાહા..!

તારો પ્રભુ તો પૂર્ણાનંદ બિરાજે છે ને. એમાં તો કહ્યું છે ને? 'અલિંગગ્રહણ'માં. નહિ? 'અલિંગગ્રહણ'માં. તારું દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. આહાહા..! આલિંગન કરતું નથી. તારો વીતરાગી પર્યાય ધર્મ જે થયો એ દ્રવ્યને આશ્રયે થયો પણ એ વીતરાગી પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહાહા..! ગજબ વાત છે ને! વીતરાગના પેટ ઊંડા છે. મૂળ વીતરાગ પુરુષોનો ધર્મ આત્માના દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય, એ વીતરાગી પુરુષોનો ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! કાયરના તો કાળજા કંપી ઊઠે એવું છે. હાય..હાય.. હવે અમારે કરવું શું? એય..! આ બધું સમજવું. અંદરમાં વસ્તુ છે એને સમજવી એ કરવાનું નથી? એય..!

મુમુક્ષુ :- દેખતા નથી.

ઉત્તર :- દેખતા નથી. આહાહા..! દેખતા નથી એવો કોણ નક્કી કરનારો? દેખતા નથી એવો નિર્ણય કઈ ભૂમિકામાં થયો? કોની ભૂમિકામાં? દેખનારની ભૂમિકામાં છે. સમજાણું કાંઈ? આ 'જયસુખભાઈ'નો ભત્રીજો છે. છોકરો 'પરેશ'. વકીલ છે ને. સાત વર્ષ પહેલાં. અત્યારે ચૌદ વર્ષનો થઈ ગયો. સાત વર્ષ પહેલા પૂછ્યું હતું એણે. ત્યારે તો અહીંયાં .. 'વિરજીભાઈ'ને કારણે ગયા અને એમાં એને લાગી ગઈ. આવો માર્ગ આ!

એ 'પરેશે' પ્રશ્ન કર્યો હતો. કહ્યું હતું ને? એમના ભત્રીજા છે. છે તો હોંશિયાર. એના ઘરમાં વાંચન ઘણું છે. કહે કે, મહારાજ! તમે આત્મા દેખો... આત્મા દેખો... આત્મા દેખો... કર્યા કરો છો પણ આત્મા ક્યાં દેખવો અમારે? બહાર જોઈએ તો આ દેખાય, આંખ મીંચીએ તો અંધારું દેખાય. 'વજુભાઈ'! સાત વર્ષનો છોકરો હતો. આંખ બંધ કરો તો અંધારું દેખાય. આમ દેખે તો આ દેખાય. એમાં આત્મા જોવો ક્યાં અમારે? કીધું અંધારું દેખનાર કોણ છે? અંધારું દેખનાર અંધારા સ્વરૂપે નથી. અંધારું દેખનાર પ્રકાશસ્વરૂપે છે. અંધારામાં અંધારાનું જ્ઞાન થાતું નથી. જ્ઞાનમાં અંધારાનું જ્ઞાન થાય છે. આ સાત વર્ષ પહેલાં (કહ્યું હતું). તે દિ' તમે નહોતા આવતા. ... ... માર્ગ જ આ છે. સત્યને સમજવું અને હિત કરવું હોય તો. બાકી તો બધું છે, આખી દુનિયા ચાલે છે. રખડવાના. પૈસાવાળા હોય કે રાજા હોય, બધા દુઃખી-દુઃખીના દાળિયા છે બધા. એમ હશે કે નહિ? 'મલૂકચંદભાઈ'! ત્યાં જોયું હશે કે નહિ તમે ઓલા બાગ-બગીચાને બધા? છોકરાના બાગ-બગીચા જોવા ગયા હતા. કેવો? વૈભવ.

અરે..! વૈભવ તો તારો નાથ અંદરમાં પડ્યો એને જોને. એ તો હાડકાના વૈભવ બધા ધૂળના. એની સામું જોઈશ તો રાગ થાશે અને આકુળતા થાશે. તારો અંતર વૈભવ અનંત ગુણનો પિંડ પ્રભુ મહાવૈભવ. આત્મવૈભવ જેને કહ્યો. આહાહા..! એવા આત્મભાવના

વૈભવને તું જાણ અને એની ભાવના કર, એમ કહે છે. પૈસા માટે જુઓને ત્યાં રખડતા હતા ને 'બલુભાઈ'. ક્યાં ને ક્યાં ગયા હતા. 'આફ્રિકા' ને બધે. ઘરાક ગોતવા. એ તો વળી ત્યાં ગયા. બીજા ઘણા રખડે છે ને. આ 'અમેરિકા' સુધી જાય. આહાહા..! ભાઈ! તારી લક્ષ્મી તો અંદરમાં પડી છે, ભાઈ! તને કમાતા આવડતું નથી, રળતા આવડતું નથી. બહારમાં ભટક્યા ભટક (કરે છે).

'ભટકત દ્વાર દ્વાર લોકનકે કુકર આશા ધારી.' કૂતરાની જેમ. દસ વાગે ને એટલે ઘરે ઘરે કૂતરા .. સામું માથું નાખે. કાંઈક રોટલી મળશે. એમ જ્યાં ત્યાં ભટકે એવા એવા ઠેકાણા વિનાના આડતિયા હોય એને બહુમાને બોલાવવા પડે. ત્યાં એ છે ને ... દુકાનદારીમાં હોય તો (કહે), એ..! બેનબા! આવો-આવો. હોય ઠેકાણા વિનાની. એને રૂપિયો અડધો-આખો લાવને બેનબા બોલાવીએ તો આવે દુકાને. આહાહા..! ભિખારા છે. એ તે દિ કહેતો, હોં ! .. શું કહેવાય આ? ચીમની. .. પેસા પેદા કરે ... આવો બહેન, આવો બહેન લેવા. ઠેકાણા વિનાની હોય.

મુમુક્ષુ :- કમાવી દે ને.

ઉત્તર :- પણ કમાવાના ઓલા છ પૈસા, બે પૈસા કમાય. એવા આખો દિ' ઘરાક આવે. અરેરે..! ભિખારા તે કાંઈ ઓછા હશે આ? ભિખારાની નાત કાંઈ બીજી કહેવાતી હશે? 'ચંદુભાઈ'! અહીં કહે છે કે, અરે..! નાથ! જુઓ!

**ભાવાર્થ :- 'અશુદ્ધભાવકે માહાત્મયસે તંદુલ મત્સ્ય જૈસા અલ્પજીવ ભી...'** નાનો આવે. સાતમી (નરકમાં) ગયો.

મુમુક્ષુ :- અશુદ્ધભાવનું મહાત્મ્ય કીધું અહીં.

ઉત્તર :- છે ને મહાત્મ્ય છે ને એનું. આહાહા..!

મુમુક્ષુ :- રખડવું મહાત્મ્ય કીધું.

ઉત્તર :- મહાત્મ્ય એટલે કે આ અશુદ્ધ ભાવના ફળ તરીકે સાતમી નરક (ગયો). આટલો મત્સ્ય. કાનમાં (બેઠો હતો). હજાર યોજનના મત્સ્યના કાનમાં (બેઠો) કાનનો મેલ ખાય. કાનનો મેલ ખાય. ... જાવું ન પડે. એના .. મોઢામાં આવે... હોં! ચોખા જેટલો. આખો ચોખા જેટલો નહિ, ચોખાના અસંખ્યમાં ભાગ જેટલો હોય. શાસ્ત્ર એમ કહે છે. અંગુલના અસંખ્યમાં ભાગ જેટલો મત્સ્ય હોય છે. સાતમી નરકે જાય. પહેલું સંઘયણ હોય. ક્રિયા-ક્રિયા કાંઈ ન મળે. આહાહા..! એક જણો કહેતો હતો, ... એ મોઢું આમ કરે. ... ક્રિયા તો હોય, એમ કહે. ધૂળેય ક્રિયા ન હોય. આટલો નાનો મત્સ્ય છે. ભાવ અંદરમાં એટલી મલિનતા... આહાહા..! જે સાતમી નરકે બ્રહ્દત્ત ચક્રવર્તી રવરવ નરકે ગયો, એ મત્સ્ય ત્યાં ગયો. શરીરની મોટપની જરૂર નથી. સાધન ઘણા હોય તો પાપ ઘણા થાય એવું કાંઈ નથી. પરિણામ ઉપરની વાત

અહીં તો છે.

કહે છે, **'અલ્પજીવ ભી સાતવેં નરકકો ગયા, તો અન્ડ બડે જીવ ક્યોં ન નરક જાવે? ઈસલિયે ભાવ શુદ્ધ કરનેકા ઉપદેશ હૈ.'** દેખો! તેથી ભાવ શુદ્ધ કરવાનો ઉપદેશ છે, ભાઈ! ભગવાનઆત્મા પરમાત્મા શુદ્ધ ચૈતન્ય છો, એનું જ્ઞાન અને શ્રદ્ધા કર, તે શુદ્ધ કહેવામાં આવે છે. એ વિના શુદ્ધતા પ્રગટશે નહિ અને શુદ્ધતા વિના ધર્મ નથી. પુણ્ય-પાપના પરિણામ એ ધર્મ નથી. તેમ એ ધર્મનું કારણ પણ નથી. સમજાણું કાંઈ?

જુઓ! **'ઈસલિયે ભાવ શુદ્ધ કરનેકા ઉપદેશ હૈ. ભાવ શુદ્ધ હોને પર અપને ઔર દૂસરેકે સ્વરૂપકા જાનના હોતા હૈ.'** ભાવ ત્રિકાળી જ્ઞાયકભાવની શ્રદ્ધા-જ્ઞાન થાય ત્યારે તેને સ્વ દ્રવ્ય અને પર્યાયનું સાચું જ્ઞાન થાય. ત્યારે તેને રાગ હતો એનું જ્ઞાન થાય. દેવ-ગુરુ આ છે એનું એને જ્ઞાન થાય. પણ ભાવ શુદ્ધ સ્વને આશ્રયે પ્રગટ કરે તો. સમજાણું કાંઈ? **'ભાવ શુદ્ધ કરનેકા ઉપદેશ હૈ.'** પુણ્ય-પાપ ભાવ બેય અશુદ્ધ છે, મલિન છે. આહાહા..! ભગવાનની ભક્તિનો ભાવ પણ મલિન છે. પંચ મહાવ્રતના પરિણામ પણ મલિન છે, અચેતન છે, જડ છે. કારણ કે તેમાં ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવનો અંશ એમાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવ શુદ્ધ હોનેપર...'** એ શુદ્ધ ધર્મ તત્ત્વ ભગવાનઆત્મા, એની શ્રદ્ધા જ્ઞાન થયે **'અપને ઔર દૂસરેકે સ્વરૂપકા જાનના હોતા હૈ.'** આત્મા ત્રિકાળી એનું જ્ઞાન થાય, એક સમયની અવસ્થાનું જ્ઞાન થાય, રાગ બાકી રહ્યો એનું જ્ઞાન થાય, નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન પોતાથી પોતામાં થાય. પણ સ્વનું જ્ઞાન કરે તો. સમજાણું કાંઈ? ભાવપાહુડ છે ને? **'ભાવશુદ્ધ હોને પર અપને ઔર દૂસરેકે સ્વરૂપકા જાનના હોતા હૈ. અપને ઔર દૂસરેકે સ્વરૂપકા જ્ઞાન જિનદેવકી આજ્ઞાકી ભાવના નિરંતર ભાનેસે હોતા હૈ,...'** જિનદેવની આજ્ઞા એ છે કે ધ્રુવનો આશ્રય લે. આહાહા..! ભગવાન કહે છે કે તું મારી સામું જોવું મૂકી દે. આહાહા..! ભારે ગજબ! ભગવાનની આજ્ઞામાં એમ આવ્યું છે કે તું મારી સન્મુખનું જોવું મને ભૂલી જા. તારા ભગવાનની સામે જા તો તને જ્ઞાન થશે. આહાહા..! સૂક્ષ્મ શલ્યો હોય છે એની એને અનંત કાળની ખબર પડી નથી. સમજાણું કાંઈ? એવું લાગે અંદરથી કે આહાહા..! લાગણી ઋદ્ધિ થઈ જાય. એય..! 'કાંતિભાઈ'! ...

'શ્રીમદ્' કહે છે ને એક ઠેકાણે? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' રાડ નાખે કાયર લોકો. અર..ર..! હાય-હાય. આ તો બધો વ્યવહારનો લોપ-લોપ (થઈ જાય છે). લોપ નથી. છે તેમ જાણવા જેવું છે. પણ ક્યારે તેને જાણે? કે સ્વદ્રવ્યનું જ્ઞાન યથાર્થ કરે તે પરને યથાર્થ જાણે. કહો, સમજાણું કાંઈ? ...

'**જિનદેવકી આજ્ઞાકી ભાવના...**' આજ્ઞાની ભાવના કે આ મર્યાદાનું સ્વરૂપ જે ચૈતન્ય ભગવાનઆત્માનું, એની શ્રદ્ધા-જ્ઞાન કરવી, એમાં સ્વનો આશ્રય કરવો એવી વીતરાગની આજ્ઞા છે. અનંત તીર્થંકરો, અનંત વીતરાગો, અનંત કેવળીઓની એ આજ્ઞા છે કે તારું પૂર્ણ દ્રવ્ય ધ્રુવ છે તેનો આશ્રય લે. સમજાણું કાંઈ? આ છેલ્લામાં છેલ્લો ભગવાનના ઘરનો ચુકાદો છે. આહાહા..! 'અપને ઔર દૂસરેકે સ્વરૂપકા જ્ઞાન જિનદેવકી આજ્ઞાકી...' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે આજ્ઞા કરી કે સ્વરૂપનો આશ્રય લે. '**भूदत्थमस्सिदो खलू**' એ ભગવાનની આજ્ઞા. ૧૧મી ગાથા. ભૂતાર્થનો આશ્રય લે તો સમ્યગ્દર્શન થશે. ત્રિકાળનો આશ્રય લે તો સમ્યગ્જ્ઞાન થશે. ત્રિકાળનો આશ્રય ઠર, તો ચારિત્ર થશે. એવી વીતરાગની આજ્ઞા. કહો, 'ભીખાભાઈ'! આમાં કાંઈ રહેતું નથી, હોં! બહારનું.

'**અપને ઔર દૂસરેકે સ્વરૂપકા જ્ઞાન જિવદેવકી...**' પહેલું એમ કહ્યું કે '**ભાવ શુદ્ધ હોને પર અપને ઔર દૂસરેકે સ્વરૂપકા જાનના હોતા હૈ.**' એમ કહ્યું પહેલું. પહેલું એમ કહ્યું. પછી એમ કહ્યું કે '**અપને ઔર દૂસરેકે સ્વરૂપકા જ્ઞાન જિનદેવકી આજ્ઞાકી ભાવના...**' ભગવાન વીતરાગ સ્વભાવ આત્માનો, એની ઉપર મીટ માંડ, એને ધ્યેય બનાવ, એનો વિષય કર એ ભગવાનની આજ્ઞા છે. આહાહા..! 'આચારાંગ'માં એક આવે છે. તે દિ' એમાં બધા વાંધા ઉઠતા. ... એવો એક ટૂકડો છે. 'આચારાંગ'માં છે. .. કહેતા, ... કહે છે. ... શ્વેતાંબર શાસ્ત્રની ... છે ને? પહેલા આચાર્યે બનાવ્યું છે. કલ્પિત કરેલું (છે). સમજાણું કાંઈ? એય..! 'ફૂલચંદભાઈ'! એમાં એ શબ્દ આવ્યો છે. .. આજ્ઞામાં એક ઉપસ્થિત ... કરતા નથી અને ... આજ્ઞા વિનાનો પુરુષાર્થ જગતના પ્રાણીઓ કરે છે. તેથી અહીં કહે છે ... ત્યારે એમ કહે કે જુઓ! એમાં ભગવાને એમ નથી કહ્યું કે પુરુષાર્થ કર. અરે..! એનો અર્થ શું થયો? તમે આ શું (બોલો છો)? આજ્ઞા ભગવાનની છે કે આત્મા ત્રિકાળી છે તેનો આશ્રય લે. એનો ઉદ્યમ કરતા નથી, તેમ તને ન હશો. દ્રવ્યમાં ઉદ્યમ કરતો નથી તે તને ન હશો અને દ્રવ્યના આશ્રય વિનાનો બીજો બધો ઉદ્યમ કરે છો તે પણ તને ન હશો. ... એ તીર્થંકરોનો ઉપદેશ છે. આહાહા..! એ તીર્થંકરોનો અભિપ્રાય છે. અનંત તીર્થંકરોનો અભિપ્રાય (છે). સમજાણું કાંઈ? એ .. ટૂકડા આવતા, હોં! ... આ શૈલી નહોતી.

આજ્ઞા બહારનો ઉદ્યમ અને આજ્ઞામાં આળસ, હે શિષ્ય! બે તને ન હો. આજ્ઞા શું? પહેલા પંચ મહાવ્રત પાળવા ને ગુપ્તિ, સમિતિ, ભક્તિ આદિ, ઈ આજ્ઞા નહિ. જિનભાવના તે આજ્ઞા છે. આહાહા..! અમને ભૂલી જા અને તને સંભાર, એમ કહે છે. ભગવાન એમ કહે છે. તું તને ભૂલી ગયો છો અને અમને સંભારે છો એમાં માલ કાંઈ નથી.

કહે છે, '**જિનદેવકી આજ્ઞાકી ભાવના...**' છે પાઠ? '**णिच्चं**' છે, જુઓ! નિત્ય.

એટલે શું? કે જ્ઞાયકભાવ ત્રિકાળી છે તેની દૃષ્ટિ નિરંતર રહેવી જોઈએ. કોઈ સમય પણ પર્યાય અને વિકલ્પનો આશ્રય હોય એમ બને નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'અમરચંદભાઈ'! ભારે માર્ગ ભાઈ વીતરાગનો. આહાહા..! કહે છે, એ **'भावय' 'इति ज्ञात्वा आत्मानं भावय' 'आत्मानं भावय'** ભગવાનઆત્મા.. પણ એને વિશ્વાસમાં બેસતું નથી. આવો હું તો આત્મા છું એમ બેસતું નથી. રાંક થઈને થયો છે ને. મોટો બાદશાહ છું, ત્રણ લોકનો નાથ. એક સમયમાં મારી પર્યાય જાણે એવી અનંતી પર્યાયનો કંદ હું છું. કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એવડો પણ હું નથી.

મુમુક્ષુ :- એ તો સાવ નાનામાં નાનો અંશ છે.

ઉત્તર :- એ નાનો અંશ છે. કેવળજ્ઞાન તો એક અંશ છે, એક સમયની અવસ્થા છે. એવી અનંતી... અનંતી... અનંતી... અનંતી... અવસ્થાનો સાગર ભગવાનઆત્મા... આહાહા..! એનો આશ્રય કર.

**'જિનદેવકી આજ્ઞાકી ભાવના નિરંતર ભાનેસે હોતા હૈ,...'** લ્યો! શું કહે છે? સ્વ-પરનું જ્ઞાન યથાર્થ જિન આજ્ઞાની એટલે દ્રવ્યના સ્વભાવના નિરંતર આશ્રયથી સ્વ-પરનું સાચું જ્ઞાન થાય છે. નહિતર સ્વ-પરનું સાચું જ્ઞાન થતું નથી. **'ઈસલિયે જિનદેવકી આજ્ઞાકી ભાવના નિરંતર કરના યોગ્ય હૈ.'** લ્યો! જિનદેવની આજ્ઞા વીતરાગભાવ પ્રગટ કરવાની (છે) અને વીતરાગભાવનું પ્રગટપણું વીતરાગ સ્વભાવને આશ્રયે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? વચ્ચે કથા છે એક. કીધી ને હમણાં? એ કથા છે. છેલ્લો ... **'નરક ગયા ઈસલિયે આત્મજ્ઞાનકે બિના કેવલ પુણ્ય હી મોક્ષકા સાધન નહીં હૈ.'** લ્યો! છેલ્લો શબ્દ છે. આત્માના જ્ઞાન વિના કેવળ પુણ્ય-દયા, દાન, ભક્તિ, વ્રત, વિકલ્પ, શુભ એ કોઈ મોક્ષનું કારણ છે નહિ.

મુમુક્ષુ :- આત્માનું જ્ઞાન એ તો મોક્ષનું કારણ છે ને?

ઉત્તર :- ના, ના એ તો આરોપ કહેવાય છે. છે ક્યાં? વ્યવહારે કહેવાય. આરોપ દેવાય. આ સાધન કર્યું હોય, સ્વભાવનું સાધન કર્યું હોય (ત્યારે) રાગાદિ ભક્તિના વિકલ્પને, વ્રતના વિકલ્પને વ્યવહાર સાધનનો આરોપ દેવામાં આવે. સાધન નથી એને સાધન કહેવું એ વ્યવહાર. સાધન છે તેને સાધન જાણવું એનું નામ નિશ્ચય. 'અમરચંદભાઈ'! આહાહા..!

કહે છે, **'ઈસલિયે આત્મજ્ઞાનકે બિના કેવલ પુણ્ય હી મોક્ષકા સાધન નહીં હૈ.'** એવા પુણ્ય તો અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે કર્યા. અગિયાર અંગના જ્ઞાન કર્યા, નવ પૂર્વ ભણ્યો અને માસખમણના પારણા કરે અને આહાર લેવા જાય તો ફોતરા ખાય. મમરા ન ખાય. ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. એવી બહારની જિનદીક્ષાઓ અનંતવાર લીધી. એ કાંઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ?

आगे कहते हैं कि भावरहितके बाह्य परिग्रहका त्यागादिक सब निष्प्रयोजन हैः-

**बाहिरसंगच्चाओ गिरिसरिदरिकंदराइ आवासो।**
**सयलो णाणज्झयणो णिरत्थओ भावरहियाणं।।८९।।**

बाह्यसंगत्यागः गिरिसरिद्दरीकंदरादौ आवासः।
सकलं ज्ञानाध्ययनं निरर्थकं भावरहितानाम्।।८९।।

રે ! બાહ્યપરિગ્રહત્યાગ, પર્વત-કંદરાદિનિવાસ ને,
જ્ઞાનાધ્યયન સઘળું નિરર્થક ભાવવિરહિત શ્રમણને. ૮૯.

अर्थ :- जो पुरुष भाव रहित हैं, शुद्ध आत्माकी भावनासे रहित हैं और बाह्य आचरणसे सन्तुष्ट हैं, उनके बाह्य परिग्रहका त्याग है वह निरर्थक है। गिरि (पर्वत) दरी (पर्वतकी गुफा) सरित् (नदीके पास) कंदर (पर्वतके जलसे चीरा हुआ स्थान) इत्यादि स्थानोंमें आवास (रहना) निरर्थक है। ध्यान करना, आसन द्वारा मनको रोकना, अध्ययन (पढ़ना)-ये सब निरर्थक हैं।

भावार्थ :- बाह्य क्रियाका फल आत्मज्ञान सहित हो तो सफल हो, अन्यथा सब निरर्थक है। पुण्यका फल हो तो भी संसारका ही कारण है, मोक्षफल नहीं है।।८९।।

## ગાથા-૮૯ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ ભાવરહિતકે બાહ્ય પરિગ્રહકા ત્યાગાદિક સબ નિષ્પ્રયોજન હૈ :-**' આહાહા..!

**बाहिरसंगच्चाओ गिरिसरिदरिकंदराइ आवासो।**
**सयलो णाणज्झयणो णिरत्थओ भावरहियाणं।।८९।।**

આ જ્ઞાન ને અધ્યયન કરે એ બધું દ્રવ્યના શુદ્ધ ભાવની શ્રદ્ધા અને શુદ્ધ ભાવ વિના એ બધું નિરર્થક... નિરર્થક... નિરર્થક (છે). શાસ્ત્રના ભણતર નિરર્થક, શાસ્ત્રના અધ્યયન નિરર્થક, શાસ્ત્રનું વાંચવું નિરર્થક. આહાહા..! 'સુજાનમલજી'!

મુમુક્ષુ :- ગજબ ..

ઉત્તર :- ગજબ છે?

મુમુક્ષુ :- લોકો મરી ગયા બિચારા.

ઉત્તર :- મરી ગયા બિચારા મિથ્યાભાવમાં. સમજાણું કાંઈ?

**અર્થ :-** '**જો પુરુષભાવ રહિત હૈં,...**' ભાવ શબ્દે શુદ્ધ. '**શુદ્ધ આત્માકી ભાવનાસે રહિત હૈં...**' દેખો! જેને ભગવાનઆત્મા ધ્રુવ, એની ભાવના નથી એટલે શ્રદ્ધા નથી,

તેનું જ્ઞાન નથી, તેમાં એકાગ્રતા નથી, તેમાં સન્મુખતા નથી, એ વિનાના જીવો '**બાહ્ય આચરણસે સંતુષ્ટ હૈં, ઉનકે બાહ્ય પરિગ્રહકા ત્યાગ હૈ વહ નિરર્થક હૈ.**' નગ્નપણું ધારણ કરે, હજારો રાણીને છોડે એ નિરર્થક છે. માન્યતામાં છે. માન્યતામાં તો રાગ પોતાનો છે અને રાગનો આશ્રય તો પડ્યો છે અંદર. શ્રદ્ધામાં તો રાગથી લાભ થાય એ દૃષ્ટિ પડી જ છે. રાગનો જ સ્વામી છે અને રાગનો જ ધણી અને રાગનો જ કર્તા (થાય છે). આહાહા..! સમજાણું કાંઈ?

'**બાહ્ય પરિગ્રહકા ત્યાગ હૈ વહ નિરર્થક હૈ. ગિરિ (પર્વ) દરી (પર્વતકી ગુફા) સરિત (નદીકે પાસ)...**' એની નિકટ. .. નદી કે તટ. નિકટનો અર્થ તટ ... નદી કે તટ એટલે કાંઠે. આ કરે ને? તપસ્યા કરે મહિના-મહિનાના .. પવન-હવા ઠંડી લાગે (એ) સહન કરે છે. ધૂળમાંય નથી ત્યાં. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એનો આશ્રય લઈને શુદ્ધભાવરૂપી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરી નથી એને માટે આ બધું પર્વત, ગિરી અને નદી. '**(પર્વતકે જલસે ચીરા હુઆ સ્થાન)**' '**કંદર (પર્વતકે જલસે ચીરા હુઆ સ્થાન)...**' પર્વતના જળથી થયેલા નીચા સ્થાનક. '**ઈત્યાદિ સ્થાનોંમેં આવાસ (રહના) નિરર્થક હૈ.**' એ બધું રણમાં પોક મૂકવા જેવું છે. આહાહા..! '**ધ્યાન કરના,...**' ધ્યાન કરે બિચારા. પણ હવે વસ્તુની શ્રદ્ધા નથી, જ્યાં દ્રવ્યનો આશ્રય નથી ત્યાં તારા ધ્યાન કેવા? એકડા વિનાના મીંડા છે. આહા..!

'**ધ્યાન કરના, આસન દ્વારા મનકો રોકના,...**' લ્યો! આસન લગાવી અને મનને રોકે. '**અધ્યયન (પઢના)...**' ... એમ છે ને? '**णाणज्झयणो**' એમ છે. ધ્યાન અને અધ્યયન. ધ્યાનમાં મનને અશુભથી જરી રોકવું અને અધ્યયન કરી પઢના. '**યે સબ...**' વસ્તુના દ્રવ્ય સ્વભાવની શ્રદ્ધા, શુદ્ધતા વિના એ બધું નિરર્થક નિરર્થક છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**બાહ્ય ક્રિયાકા ફલ આત્મજ્ઞાન સહિત હો તો સફલ હો,...**' તો તો એ નિમિત્તપણે કહેવાય. '**અન્યથા સબ નિરર્થક હૈ.**' આત્માનું જ્ઞાન એટલે સ્વભાવ ભગવાનઆત્મા, એને અડ્યા વિના, સ્પર્શ્યા વિનાનું જ્ઞાન એ બધું નિરર્થક. એના ભણતર પણ નિરર્થક.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સફળ-સફળ ચાર ગતિ મળવા માટે.

મુમુક્ષુ :- તપ પણ નકામું?.

ઉત્તર :- તપ નકામું નહિ, ચાર ગતિમાં રખડવા માટે (સફળ). વર્ષીતપ કરી છે ને એણે? લાંઘણ કરી હતી ને? એણે લાંઘણ કરી હતી. હવે ભૂલી ગયા છો ને. ભલે કર્યું એનું કાંઈ નહિ. વર્ષીતપ કર્યું હતું, લ્યો! આવા હોંશિયાર માણસ થઈને.

... આહાહા..!

કહે છે, એ '**પુણ્યકા ફલ હો તો ભી સંસારકા હી કારણ હૈ,...**' ઠીક! રાગની મંદતા હોય તો સંસારનું કારણ છે. '**મોક્ષફલ નહીં હૈ.**' મોક્ષ ન મળે. સંસાર ફળશે. એ તો અનાદિથી ફળ્યો છે તે ફળશે. એમાં કાંઈ નવું છે નહિ. શુદ્ધભાવની શ્રદ્ધા જ્ઞાન વિના અને શુદ્ધભાવને પ્રગટ કર્યા વિના આ બધું નિરર્થક... નિરર્થક... નિરર્થક છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे उपदेश करते हैं कि भावशुद्धिके लिये इन्द्रियादिकको वश करो, भावशुद्धिके बिना बाह्यभेषका आडम्बर मत करो :-**

**भंजसु इन्द्रियसेणं भंजसु मणमक्कडं पयत्तेण।**
**मा जणरंजणकरणं बाहिरवयवेस तं कुणसु।।९०।।**
भंग्धि इन्द्रियसेनां भंग्धि मनोमर्कटं प्रयत्नेन।
मा जनरंजनकरणं बहिर्व्रतवेष! त्वंकार्षीः।।९०।।
**તું ઈન્દ્રિસેના તોડ, મનમર્કટ તું વશ કર યત્નથી,**
**નહિ કર તું જનરંજનકરણ બહિરંગ-વ્રતવેશી બની. ૯૦.**

**अर्थ :-** हे मुने ! तू इन्द्रियोंकी सेना है उसका भंजन कर, विषयोंमें मत रम, मनरूप बंदरको प्रयत्नपर्वक बड़ा उद्यम करके भंजन कर, वशीभूत कर और बाह्यव्रतका भेष लोकको रंजन करनेवाला मत धारण करे।

**भावार्थ :-** बाह्य मुनिका भेष लोकका रंजन करनेवाला है, इसलिये यह उपदेश है; सलोकरंजनसे कुछ परमार्थ सिद्धि नहीं है, इसलिये इन्द्रिय और मनको वशमें करनेके लिये बाह्य यत्न करे तो श्रेष्ठ है। इन्द्रिय और मनको वशमें किये बिना केवल लोकारंजनमात्र भेष धारण करनेसे कुछ परमार्थ सिद्धि नहीं है।।९०।।

---

## પ્રવચન નં. ૧૨૮, ગાથા–૯૦ થી ૯૨, રવિવાર, કારતક સુદ ૨, તા.૧–૧૧–૭૦

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ છે. ૯૦મી ગાથા. '**આગે ઉપદેશ કરતે હૈં કિ ભાવશુદ્ધિકે લિયે ઈન્દ્રિયાદિકકો વશ કરો, ભાવશુદ્ધિકે બિના બાહ્યભેષકા આડંબર મત કરો :-**' શું કહે છે?

**भंजसु इन्द्रियसेणं भंजसु मणमक्कडं पयत्तेण।**
**मा जणरंजणकरणं बाहिरवयवेस तं कुणसु।।९०।।**

મુનિની મુખ્યતાએ ઉપદેશ છે. કહે છે કે ભાવશુદ્ધિ એટલે આત્મા પાંચ ઈન્દ્રિયો,

એના વિષયો અને ઇન્દ્રિયની વિકલ્પની વાસના એનાથી પાર આત્મા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- ફરીને લઈએ છીએ. એક શબ્દે કાંઈ સમજાય એવું નથી. પહેલો આ આત્મા જે છે એ ભાવશુદ્ધિ કર્યા પછી કહે છે કે બધું તારું કામ સફળ થાય. ભાવશુદ્ધિ એટલે આત્મા, આ ઇન્દ્રિયો છે આ જડ, માટી એનાથી આત્મા પર વસ્તુ છે, અતીન્દ્રિય છે. એમ આ ઇન્દ્રિયના વિષયોને જાણનાર ખંડ-ખંડ ઇન્દ્રિય છે-ભાવઇન્દ્રિય-જ્ઞાનનો અંશ જે એક એક વિષય શબ્દ, રૂપ, રસ, ગંધને જાણે તે પણ ખંડ-ખંડ ભાવ છે. એનાથી પણ આત્મા જુદી ચીજ છે. અને ઇન્દ્રિયોના જે વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ તો જડ છે. તો કહે છે કે ઇન્દ્રિયથી પાર અતીન્દ્રિય આત્મા છે એની તું પહેલા શુદ્ધ શ્રદ્ધા અને સમ્યગ્દર્શન પ્રગટ કર. એ વિના તારું હિત એકેય અંશે છે નહિ. બાહ્ય વ્રત ધારણ કર, પૂજા-ભક્તિ કર, દાન-દયાના ભાવ કર એ બધું સંસારના સંયોગને આપનાર છે. આત્માની શાંતિ, આત્માના વાસ કર્યા વિના એની શાંતિ વળે એવું નથી. બહારની ચીજો બધી થોથા છે. 'મલૂકચંદભાઈ'! કેમ હશે? આ બધા તમે કરોડપતિઓને સુખી કહે છે ને?

મુમુક્ષુ :- આપ તો એમ જ કહો. અમારાથી કાંઈ એમ કહેવાય?

ઉત્તર :- ન કહેવાય ત્યારે શું કહેવાય? એ વાત કાંઈ ખોટી છે? આ ત્રણ ભાઈઓને લઈને આવ્યા છે, ત્રણ. એ તો એના મૂળ શેઠ કહેવાય. આ તો એના ઘરના ત્રણ માણસ. આહાહા..! કહે છે...

મુમુક્ષુ :- બહારમાં...

ઉત્તર :- એમ છે. પાછા એના અહીંયાં હોય ને કો'ક...

અહીં તો એકલો આત્મા છે, કોઈ છે નહિ, કહે છે. આહાહા..! ભગવાનઆત્મા આ દેહના રજકણોથી જડપણે રહેલા, જડપણે રહેલા રજકણોથી ભગવાન ચૈતન્યસ્વરૂપ તદ્દન જુદું છે. સમજાણું કાંઈ? એ શરીરના પાંચ ઇન્દ્રિયો તો એના અવયવો એના અંશ છે. શરીર છે અવયવી-આખી ચીજ અને એની પાંચ ઇન્દ્રિયો કાન એ તો એના અવયવો-અંશ એ જડના અંશો છે. એનાથી ભિન્ન ભગવાનઆત્મા અને એના વિષયોને જાણવાવાળું જે જ્ઞાન, વિષયોને. વિષય શબ્દે, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ તો જગતની ચીજ છે એ વિષય તો છે. આ તો એ ઉપરાંત વીતરાગની વાણી અને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ વિષય છે. આહાહા..! ગજબ વાત છે. એને 'પ્રવિણભાઈ'ને પાછળ બેસવાનું છે ને સૌથી? ત્યાં તડકો છે, અહીં જગ્યો છે. ન આવે એ અમારે, પાછળ બેસે ઈ. આજે આવ્યા. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- મંગળ મૂહૂર્ત થયું.

ઉત્તર :- ઠીક કર્યું. એના કાકા પણ ખુશી થયા ને.

અહીં કહે છે... આહાહા..! ભાઈ! તું કોણ છો? ક્યાં છો? કેમ છો? અને તારામાં શું નથી? અને તારામાં શું છે? એના ભાન વિના ચોર્યાશીના અવતારો અનંતવાર જન્મ-મરણ કર્યા. એ બધા દુઃખને પંથે પડેલા પ્રાણીઓ છે. 'પ્રવિણભાઈ'! આ દુઃખના પંથે પડેલા તમે બધા, એમ કહે છે અહીં તો. દુનિયા ગાંડી કહે. પૈસાવાળાને. એય..! 'મનસુખભાઈ'! લ્યો, એ પણ કરોડપતિ કહેવાય છે. બધા કરોડપતિના પતિ કહેવાય. ધૂળપતિ છે બધા. આહાહા..!

મુમુક્ષુ :- પણ ધૂળના પણ પતિ તો છે ને?

ઉત્તર :- ધૂળમાં અજીવ છે. એ તો કાલે કહ્યું હતું. અજીવનો સ્વામી થાય તે જડ અજીવ છે. 'નિર્જરા અધિકાર'માં લીધું છે. ધર્મી જીવ, જેને પંથ સુખના લાગ્યા હાથ, અરે..! હું તો આત્મા છું. ભલે ગૃહસ્થાશ્રમમાં હો. પણ મારું સ્વરૂપ તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. હું તો જ્ઞાનનો ભંડાર જ્ઞાનસ્વભાવ છું. એવું જેને ભાન છે એ સંસારમાં રહ્યા છતાં ક્યાંય તેની રુચિ જામતી નથી. સમજાય છે? કેમકે જ્ઞાની એમ વિચારે છે કે હું તો આત્મા છું. હું જો રાગને, શરીરને અને આ ચીજો જે બહાર છે એને જો મારી માનું તો હું તો અજીવ થઈ જાઉં. 'ન્યાલભાઈ'! બરાબર છે? અજીવ થઈ જતો હશે?

મુમુક્ષુ :- માન્યતામાં થઈ જાય.

ઉત્તર :- માન્યતામાં જડ જેવો થઈ ગયો છે એ. 'નવરંગભાઈ! એ 'નિર્જરા અધિકાર'માં વાત છે.

ભાઈ! હું તો આત્મા છું ને. જ્યાં હોઉં ત્યાં તો હું મારું જ્ઞાન, મારો આનંદ, મારી શાંતિ એટલે વીતરાગતા, એના સ્વભાવની સાથે હું છું. મારી સાથમાં કોઈ બીજી ચીજ છે નહિ. આહાહા..! સંયોગી ચીજ તો ક્યાંય એને કારણે ટકીને બદલી રહી છે. પુણ્ય અને પાપના વિકલ્પો અંદર રાગ થાય એ પણ વિભાવ ને દુઃખરૂપનું પરિણમન છે. ધર્મી છે સુખના પંથે પડેલો પ્રાણી પોતાના હિતને માટે એમ ભાવે છે કે, અરે..! હું જો રાગને, એ પુણ્યના પરિણામને, દયા, દાન, વ્રતાદિના ભાવને મારા માનું તો હું અજીવ થાઉં. કેમકે રાગ અજીવ છે. રાગ છે એમાં ચૈતન્યપણું નથી. ભગવાન ચૈતન્યનું નૂર છે, આત્મા ચૈતન્યનો પ્રકાશ છે. તો એના ચૈતન્યના પ્રકાશમાં તો એના કિરણો પ્રકાશ ચૈતન્યના જ્ઞાન ને આનંદના નીકળે. એથી આ રાગનો ભાવ અને રાગથી બંધાયેલું પુણ્ય અને પુણ્યથી ફળેલી આ બહારની ધૂળ, એને જો હું મારી માનું તો હું આત્મા જડ થઈ જાઉં. આહાહા..! 'ભગવાનજીભાઈ'!

મૂળ ભાવ શ્રદ્ધામાં જ આખો ફેર છે. મૂળ શ્રદ્ધાના ભાન વિના બધા રણમાં પોક મૂકવા જેવી બાહ્ય વ્રત અને ક્રિયા છે એમ કહે છે અહીં તો. બાહ્ય વ્રત પાળે, પૂજા કરે, ભક્તિ કરે... પાપના પરિણામની તો વાત જ શી કરવી? હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના અને જગતની ચીજોની મીઠાશ, બાહ્ય પદાર્થની હોંશથી અધિક છું એમ માને એણે પોતાના આત્માનો સંહાર કર્યો છે, હિંસા કરી છે. આહાહા..! બહુ કામ આકરું છે જગતને. અનંતકાળથી એનો અજાણ્યો પંથ એ પંથને જાણ્યા વિના (રખડી રહ્યો છે).

કહે છે કે હું આત્મા તો આનંદ અને જ્ઞાન (છું). મારા માટે રાગ પણ પર અને રાગને જાણનારું જ્ઞાન એનું એકલું, હોં! એ પણ પર. અને વિષય એ બહાર છે દેવ-ગુરુ-શાસ્ત્ર અને સ્ત્રી-કુટુંબ-પરિવાર એ બધા ઇન્દ્રિયોના વિષય છે. અરે અરે..! ગજબ વાત છે. આહાહા..! દેવ-ગુરુ ને શાસ્ત્ર, સમ્મેદશિખર ને શેત્રુંજય, અરિહંતનું શાસન એટલે સમવસરણ, એ પણ એક ઇન્દ્રિયનો વિષય છે. કેમકે અતીન્દ્રિય એવો જે ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ હું છું એની અપેક્ષાએ જેટલી ઇન્દ્રિયો ખંડ ખંડ, જ્ઞાનનો અંશ જે છે એ પણ હું નહિ. આ જડ નહિ હું અને એનાથી નિમિત્ત થઈને જણાતા પરપદાર્થો એ પણ હું નહિ. અને જો ત્યાં હું હોઉં તો એ ચીજ તો પર છે, અજીવ છે. તો હું અજીવ થઈ જાઉં. આહાહા..! 'નવનીતભાઈ'! આહાહા..!

કહે છે, ભાવશુદ્ધિને માટે તું ઇન્દ્રિયની સેનાને ભંજન કર. એટલે? અતીન્દ્રિય એવો ભગવાનઆત્મા એને અંતર જ્ઞાનની પર્યાયમાં ધ્યેય-વિષય બનાવીને અતીન્દ્રિય ભગવાનઆત્મા છે એની શ્રદ્ધા કર. એ શ્રદ્ધા શુદ્ધ શ્રદ્ધા કહેવાય છે. એ શ્રદ્ધાની શુદ્ધતા વિના જે કાંઈ કરવામાં આવે એ બધું સંસાર ખાતે રખડવાનું છે. આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્ર તો એમ કહે કે વર્તમાનમાં જેને પુણ્ય અને પાપના રાગનો પ્રેમ અને તેના ફળનો પ્રેમ છે એ ભવિષ્યમાં ઢોરાદિમાં જવાના છે તો અમે એને વર્તમાન ભવિદ્ર ઢોર કહીએ છીએ.

મુમુક્ષુ :- પશુ કહે છે.

ઉત્તર :- પશુ કહે છે ને પશુ, બાપુ! તને ખબર નથી. તું હરખના હડકે ચડ્યો છો. સમજાય છે કાંઈ? એ શરીર, વાણી, મન, પૈસા, પુણ્ય અને પાપના ભાવ એને હરખ ને હડકા તને લાગે છે એ બધા ઢોરના અવતારના લખણ તારા છે. 'બલુભાઈ'! ભારે કામ આકરું આ! એય..! 'ચીમનભાઈ'!

એ માટે અહીંયાં કહે છે, ભાઈ! તું આત્મા છો ને, પ્રભુ! અને આત્મા છે એ તો જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુત્વ પરમેશ્વર શક્તિથી ભરેલું એ તત્ત્વ છે. એ તત્ત્વને સાધવા માટે અથવા એ તત્ત્વને સિદ્ધ કરવા માટે, શ્રદ્ધામાં એ તત્ત્વને

સાબિત કરવા માટે ઇન્દ્રિયોના વિષયની રુચિ છોડી દે. સમજાણું કાંઈ? વાત તો આકરી છે, મોટી છે પણ આ છે માર્ગ. એ વિના બહારથી માની જાય, કાંઈ વ્રત કર્યા ને તપ કર્યા ને, આ બાહ્યથી ઇન્દ્રિયોને દમી, તત્ત્વની શુદ્ધિ દૃષ્ટિ વિના, એ બધા નિરર્થક, ચાર ગતિમાં રખડવા માટે છે. સમજાણું કાંઈ?

અરે..! એની એને દયા નથી આવતી. અરે..! હું રખડું છું આ. રખડાવ થઈને રખડું ચોર્યાશીમાં એ તે કાંઈ મારી ચીજ છે? નવા નવા ભેખ ધારણ કરવા, શરીરો નવા નવા ધારણ કરવા અને શરીરમાં રોગ આવે ત્યારે તરફડિયા મારવા. હાય-હાય આ શું? બાપુ! એ તો... શરીરમાં રોગ ન આવે ત્યારે ક્યાં આવે? ભીંતમાં આવે? જ્યાં આત્મા છે ત્યાં અશાતાનો ઉદય છે અને ત્યાં શરીરમાં રોગ હોય. એ કાંઈ તું નથી. આહાહા..! રોગ મને થયો એમ માનનાર જડ છે. જડની અવસ્થાને રોગ થયો છે. તું તેમાં નથી, તે તારામાં નથી. બરાબર હશે? બ્લડ પ્રેશર થાય ત્યારે હું..હું.. થઈ ગયું હતું નહિ? એક ફેરી. અહીંયા આહાર વખતે. ખબર છે ને? આહાર વખતનું ટાણું હતું. ખબર છે? અને બરાબર બ્લડ પ્રેશર થયેલું અને આવ્યા આમ.. પણ એ તો શરીરને હતું.

મુમુક્ષુ :- બ્લડપ્રેશર ઉતારવું પડશે ને?

ઉત્તર :- કોણ? એ કહે છે કે તું ઉતાર, ભગવાન! તું ચડ્યો છે અવળે રસ્તે અને તું હવે અવળા રસ્તા છોડ. જેણે ભૂલ કરી તે ભૂલ ભાંગે. કાંઈ સમજાવનારે ભૂલ તારી કરી નથી કે તારી ભૂલ એ ભાંગે. બરાબર છે? જેણે રાગ ને ઇન્દ્રિયની સાથે એકત્વબુદ્ધિ કરી છે, જેણે જોડી છે તે તોડે. આહાહા..!

અહીં કહે છે કે, અહીં તો '**भंजसु इन्द्रियसेणं**' પાંચ ઇન્દ્રિયની સેના, એનો વિષય.. આહાહા..! ભાંગ-તોડ કહે છે. અતીન્દ્રિય આનંદનો સ્વભાવ આત્માનો, એની દૃષ્ટિ કર. આહા..! સમજાણું કાંઈ? તારું વસવાનો વાસ તો આત્મા છે. આ કાંઈ રાગ ને પુણ્ય ને પાપ ને શરીર વસવાનું સ્થાન તારું નથી, પ્રભુ! એ તો વ્યભિચારી સ્થાનમાં તું ચાલ્યો ગયો છો. સમજાણું કાંઈ? કહે છે... ભારે વાત, ભાઈ! દેવ-ગુરુ ને શાસ્ત્ર પણ ઇન્દ્રિયના વિષય. ગજબ વાતું કરવી. લોકો તો રાડ નાખે કે નહિ? એય..! સમજાણું આમાં?

મુમુક્ષુ :-

ઉત્તર :- ના, એ તો ચાલી જશે. ઈ નડે નહિ. ઠંડી છે ને. ન હોય તોપણ ઈ નડે નહિ. ખ્યાલ કેમ આવ્યો? મને પણ ખબર છે .. ખ્યાલ આવ્યો કે શું કરે છે આ? ઈ તો ચાલ્યું જાય. કહો, સમજાણું આમાં?

કહે છે, ભાઈ! તારી હયાતીમાં શું છે? તારા મોજૂદગી તત્ત્વમાં શું છે? શું એ

પુણ્ય-પાપના ભાવ છે એમાં? શું આ ઇન્દ્રિયો છે? શરીર છે? આ બધી આબરૂ-કીર્તિની ધૂળ-ધાણીના જે જંપા-પાપ એ શું તારામાં છે? તારામાં નથી તેને પોતાના માનવા અને પોતામાં છે તેને પર તરીકે માનવા અથવા ભૂલી જવું, આ એક મહા મિથ્યાત્વનો દોષ એણે ઊભો કર્યો છે. સમજાણું કાંઈ?

**અર્થ :- 'હે મુને! તૂ ઇન્દ્રિયોંકી સેના હૈ ઉસકા ભંજન કર, વિષયોંમેં મત રમ,...'** એમાં રમણતાના પ્રેમ છોડી દે. આહાહા..! શું કહ્યું? તારું હિત કરવું હોય અને અહિત ટાળવું હોય તો ઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો, એની રુચિ છોડી દે. એ ઇન્દ્રિયને વશ કરી એમ પહેલું કહેવામાં આવે. અહીં તો મુનિને ઉદ્દેશીને છે એટલે પહેલી સમ્યગ્દર્શનની શુદ્ધિ થઈ છે. પછી એને ઇન્દ્રિયને વશ કરવાનું કહે છે. અસ્થિરતાની આસક્તિ ટાળવાનું કહેશે. અર્થમાં પણ છે ને અંદરમાં જરી? **'ઇન્દ્રિય ઔર મનકો વશમેં કરનેકે લિયે બાહ્ય યત્ન કરે...'** છે ને અંદર? એનો અર્થ કહેવું છે આ. પણ પહેલો તો અતીન્દ્રિય આત્મા છું. એ ઇન્દ્રિયથી જાણ્યો જણાય નહિ, એ ઈન્દ્રિયથી જણાય નહિ. આહાહા..! લ્યો! 'અલિંગગ્રહણ'નું આવ્યું વળી.

'અલિંગગ્રહણ'ના વીસ બોલ છે ને? એમાં પહેલો બોલ એ છે કે એ ઇન્દ્રિયથી જાણવાનું કામ કરનારો નથી. ઇન્દ્રિયથી જાણવાનું કામ કરે તે આત્મા નહિ. આહાહા..! ગજબ વાતું છે ને. અને ઇન્દ્રિયથી જણાય એવો નથી. બે બોલ. 'મનસુખભાઈ'! અહીં તો ભાઈ આવી વાતું છે. ત્યાં કાંઈ ઓલા ખજુરમાં ઓલા પાંચ-પાંચ લાખ રૂપિયા આવે કોટાના ને પેદાશું થાય ત્યારે એ વાતું અહીં નથી. અહીં તો ધોકા ઉપર છે.

મુમુક્ષુ :- કિંમત તો જાણે છે ને? ઓલાની કિંમત ક્યાં છે?

ઉત્તર :- કિંમત ધૂળની નથી. પણ બહારમાં એની ખુરશીયું મોઢા આગળ પડે. આહાહા..! અરે! મોઢા આગળ પડે એટલે? આ પાપના સ્થાનો ને પાપના ફળમાં બેસીને ગાદીપતી કહેવાય એ. મૂંઢ છે, અહીં તો કહે છે. એ કરોડોપતિઓ, અબજોપતિઓ મૂંઢના ધણી છે. આહાહા..!

મુમુક્ષુ :- મૂંઢના ધણી છે કે મૂંઢ જ છે?

ઉત્તર :- એ મૂંઢના ધણીનો અર્થ કે મૂંઢનો સ્વામી છે. આત્માનો સ્વામી નથી. આહાહા..!

ભાઈ! તને તારી ખબર નથી. તું અનાદિનો ક્યા ભાવની સાથે રહેલો છો અને બીજા ભાવ જે તારા નથી એના સાથમાં છે એમ માની રહ્યો છો. તને તારી ખબર નથી. તું દુઃખી છો... દુઃખી છો. આહાહા..! શરીરમાં દુઃખ આવે તો દુઃખી છો એમ નહિ, હોં! બ્લડ પ્રેશર આવે તો દુઃખી છે એમ નહિ. પણ શરીર નિરોગ છે, પૈસા

પાંચ-પચ્ચીસ લાખ, કરોડ, બે કરોડ,.. સમજ્યા? પાંચ-પચ્ચીસ લાખની ગણતરી હોય નહિ કાંઈ અત્યારે. ઘણા પૈસાવાળાને. બે-પાંચ-દસ કરોડ (હોય). સમજાય છે કાંઈ?

શું કહ્યું? એ પાનામાં છે. જુઓ! ૨૨૫. કહે છે કે અતીન્દ્રિય આનંદનું ધામ એવો આત્મા, એની દૃષ્ટિ અને શુદ્ધિ પ્રગટ કર્યા વિના તારા બાહ્ય વ્રત ને તપ ને દાનાદિ બધા ફોગટ છે. સંસારમાં રખડવા ખાતર છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એટલે કે ઇન્દ્રિયોની સેનાને વશ કર. એટલે કે અતીન્દ્રિય ભગવાનઆત્માની અંદર શુદ્ધિ પ્રગટ કર. આહાહા..! સમજાણું કાંઈ?

**'મનરૂપ બંદરકો પ્રયત્નપૂર્વક બડા ઉદ્યમ કરકે ભંજન કર,...'** આહાહા..! મનરૂપી વાંદરો. સમજાણું કાંઈ? આ વાંદરો છે ને? બંદર. વાંદર-બંદર. અમથો બેઠો-બેઠો આમ કર્યા કરે. કર્યા જ કરે. કાંઈ ન હોય તોપણ. એની ટેવ છે એને. એમાં વળી કહે છે કે વાંદરે પીધો હોય દારૂ. એક તો ચપળાઈનું પૂતળું અને એમાં પીધો હોય દારૂ અને એને પાછુ વળગ્યું હોય ભૂત. અને ચોથું કરડ્યો હોય વીંછી. પછી જોઈ લ્યો વાંદરાની રીતી. આહાહા..!

એમ આત્મા ચિદાનંદ સ્વરૂપને ભૂલી મિથ્યાત્વભાવમાં અભિમાન... અભિમાન... અભિમાન... અમે પૈસાવાળા, અમે શરીરવાળા, અમે આબરૂવાળા, અમે પુણ્યભાવના કરવાવાળા, એવું તો જાણે એને ચપળાઈ તો ચોંટી છે મિથ્યાત્વને લઈને. એમાં બહારની કાંઈ સરખાય આવે એનું એને ભૂત વળગ્યું. બાયડી સરખી, પૈસા સરખા, છોકારા સારા એનું ભૂત વળગ્યું. એમાં પણ કાંઈક વળી અધિકારનો હોદ્દો સરખો મળ્યો હોય, દારૂ પીધો પછી એણે. સમજાણું કાંઈ? એય..! 'ફૂલચંદભાઈ'! આહાહા..!

કહે છે, અરે..! ભગવાન! એકવાર તો ચૈતન્યને જો. આ ભૂત બધા વળગ્યા એ તારી ચીજ નથી. સમજાણું કાંઈ? મરકટનો દાખલો આપ્યો છે ને, જુઓ! **'मणमक्कडं'** મનરૂપી મરકટ છે, વાંદરો છે વાંદરો. આહાહા..! ભગવાન એ મનના વાંદરાથી પણ પાર જુદો છે. એવા આત્માની શ્રદ્ધા અને શુદ્ધિ સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે મનને અને ઇન્દ્રિયોને વશ ન થા. આત્માને વશ થા. આ હજી ધર્મની પહેલી વાત છે, હોં! સમ્યગ્દર્શનની વાત ચાલે છે આ. આહાહા..!

કહે છે, મન અને ઇન્દ્રિયોને વશ ન થા. પણ ચૈતન્યમૂર્તિ ભગવાન મન અને ઇન્દ્રિયથી પાર છે તેને વશ થા. તો તારો હિતનો અને સુખનો પંથ વહે. નહિતર તો દુઃખનો... છે એવો જાણ્યો નથી, છે એવો એમાં ઠર્યો નથી. એમાં નથી તેને પોતાનું જાણ્યું છે. એમાં નથી તેને પોતાનું માન્યું છે. એમાં નથી તેને પોતાના આચરણ તરીકે સ્વીકાર્યું છે. 'બલુભાઈ'! આહાહા..! માળે! બહારમાં ઓલા પૈસા ને બધા પેદા થતાં હોય અને ચારે કોરના કારખાના-બારખાના કર્યા હોય. પાંચ લાખની અહીં પેદાશ, દસ

લાખની અહીં પેદાશ, ખજુરમાં આટલી, કાજુ...માં આટલી, ખારેકુંમાં એટલી. સુકેલ ખારેકું. એય..! 'મનસુખભાઈ'! એને ઘરે ગયા હતા ત્યારે એક ફેરી ખારેકનું શાક હતું. ખારેકું બહુ હતી એને ઘરે, ઓલી સાકરું. તમારે સાકરનો વેપાર ખરો ને. સાકરિયા ખારેકું. એનું શાક હતું. નહિ? 'મનસુખભાઈ'! ખબર છે? ઘણી જાતની ખારેકું હતી. મોટા વેપારી. કેટલીય જાતની ખારેકું હતી. એમાં સાકરિયા ખારેકની, ખારેકને શું કહે? ખારેક ને? ભૂલી જઈએ તમારા નામ. સાકરીયા ખારેકનું શાક કર્યું છે, લ્યો. લાવો, કીધું. આહાહા..! સાકરી ખારેક ક્યાં હતી? સાકરી ખારેક તે આત્મા હશે? સમજાણું કાંઈ? ભિન્ન-ભિન્ન જાતના નમુના કાચની બરણીમાં રહે. 'હસુભાઈ'! એને એ રહે છે ધંધો મોટો છે. બરણીમાં રાખે દુકાનમાં બધી. આનો આ .. છે, આનો આ છે, ધૂળમાં બદામ ને... આહાહા..! એલા! પણ તારો નમુનો એકેય રાખ્યો તેં ઘરમાં? મારું જ્ઞાન, મારો આનંદ, મારી શાંતિ, મારી સ્વચ્છતા, મારી પ્રભુતા એ મારી ચીજ છે. સમજાણું કાંઈ? એમ આત્માને પરથી પાછો વાળી... છે ને?

**'બાહ્યવ્રતકા ભેષ લોકકો રંજન કરનેવાલા મત ધારણ કરે.'** આત્માની અંતર શ્રદ્ધા શુદ્ધ ચિદાનંદ છું એના ભાન વિના, આ બાહ્ય વ્રત અને બાહ્ય તપથી લોકરંજન છે. લોકો ખુશી થશે. તારા આત્માને એમાં ખુશીપણું મળશે નહિ. આહાહા..! છે? મૂળ પાઠ છે, જુઓ! **'बाहिरवयवेस तं कुणसु मा जणरंजणकरणँ'** લોકો ખુશી થાય એવા ભેખ ધારણ કરવા અને વ્રત ધારણ કરવા, પણ આત્મા શુદ્ધ ચૈતન્ય છે એનું સ્વભાવનું ભાન નથી, એની દૃષ્ટિ નથી, એ લોક રંજન માટે આ ન કર, ભાઈ! હવે. આહાહા..! દુનિયા તો ખુશી થઈ જાય કે આહાહા..! બાયડી છોડ્યા, છોકરા છોડ્યા, વ્રત કેટલા... પણ ધૂળેય છોડ્યું નથી, સાંભળને. જેને અંદરમાં રાગના નાનામાં નાના વિકલ્પની એકતાબુદ્ધિ છે એણે કાંઈ છોડ્યું નથી. એને બધો સંસાર ગળે વળગ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'લોકકો રંજન કરનેવાલા મત ધારણ કરે.'** આહાહા..! આચાર્યની કરુણા તો જુઓ! ભાઈ! બીજા રાજી થાય એમાં તને શું? બીજા ખુશી થાય. પૈસાવાળા દેખીને સગાવહાલા વેવાઈ પણ વખાણ કરે, લ્યો!

મુમુક્ષુ :- એને સોદરી (સંતોષ) ત્યારે વળે.

ઉત્તર :- સોદરી (સંતોષ) ત્યારે વળે. એક જણો કહેતો હતો અમારા વેવાઈ સુખી છે. આ 'નાનાલાલભાઈ' માટે. ઓલા હતા ને? 'વઢવાણ'થી કોઈક આવ્યું હતું. 'ચૂડગર-ચૂડગર'. અમારા વેવાઈ સુખી છે. ઓલા કરોડપતિ એટલે. સુખીની વ્યાખ્યા શું? કીધું. સુખીની વ્યાખ્યા શું? આ પૈસામાં સુખ છે? અમે તો ભાઈ આમ જાણીએ કે અમે તો સાધારણ માણસ અને આ કરોડપતિ હોય એ સુખી છે. અરે..! દુઃખના ઢગલામાં

માથા ફોડ્યા છે એણે તો. સાંભળને! આનંદનો સાગર ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એનો જેને પ્રેમ નથી, એની રુચિ નથી અને જેને પરનો પ્રેમ છે એણે આત્માને લૂંટી નાખ્યો છે. આત્માને હેરાન કરવાના પંથમાં એ પડ્યા છે. આહાહા..! એ 'મલૂકચંદભાઈ'! કહે છે...

**ભાવાર્થ :-** '**બાહ્ય મુનિકા ભેષ લોકકા રંજન કરનેવાલા હૈ,...**' અહીં તો મુનિને ઉદ્દેશીને વાત છે ને મૂળ. '**ઈસલિયે યહ ઉપદેશ હૈ; લોકરંજનસે કુછ પરમાર્થ સિદ્ધિ નહીં હૈ,...**' લોકો ખુશી થાય એમાં તને લાભ છે નહિ. આહાહા..! '**ઈસલિયે ઈન્દ્રિય ઔર મનકો વશમેં કરનેકે લિયે બાહ્ય યત્ન કરે..**' તને સ્વરૂપની દૃષ્ટિ તો શુદ્ધ થઈ છે. હવે અહીંયાં આત્મા શુદ્ધ આનંદ છે એવા પ્રેમની રુચિનું પરિણમન થયું છે. એ ઉપરાંત હવે કહે છે કે ભાઈ! હવે આસક્તિને છોડ. ઈન્દ્રિય પ્રત્યેની જે આસક્તિ અને વૃત્તિ સમકિતીને પણ હોય. સમજાય છે કાંઈ? એ આસક્તિ છોડવાની અહીં વાત કરે છે. મુનિને ઉપદેશ છે ને?

સમ્યગ્દૃષ્ટિને આસક્તિ હોય. 'ભરત' ચક્રવર્તી છન્નું કરોડ પાયદળનો સ્વામી હતો. છન્નું કરોડ પાયદળ અને છન્નું હજાર સ્ત્રી પદમણી જેવી, હોં! સોળ હજાર દેવ સેવા કરનારા. ઈન્દ્ર એકાવતારી ઈન્દ્ર જેના મિત્રો. ઈન્દ્ર જેના મિત્ર. હીરાના સિંહાસન ઉપર 'ભરત' જ્યારે બેસે ત્યારે ઈન્દ્ર આવીને મિત્ર તરીકે જોડે બેસે. અંતરમાં કંઈ પણ મારી મિત્રતા પરમાં ત્રણકાળમાં નથી એમ માને છે. અરે..! મારો આનંદ ને મારી શાંતિ સાગર તો હું છું. 'શાંતિસાગર' વયા ગયા, લ્યો! ગયા ને? 'દિલ્હી' ગયા. એ 'શાંતિભાઈ' છે ને? દીક્ષીત થવાના. દીક્ષા લઈ લેવાના છે, હોં! નગ્નમુનિ. એ કાલે ગયા. વૈરાગી માણસ, વૈરાગી છે. બૈરાં છે, છોકરા છે, મા-બાપ છે, પૈસાવાળા છે. તદ્દન દીક્ષા લઈ લેવાનું મન થઈ ગયું. નગ્નમુનિ થઈ જાઉં, બસ. પછી અહીંયાનું જ્યાં વાંચ્યું કાંઈક... ઓય મા! એકલા નગ્નમુનિમાં તો કાંઈ ન મળે. ... એકલા નગ્ન... આ ભેખ કીધોને એકલો? પાંચ મહાવ્રતના વિકલ્પ પણ ભેખ બહારનો, એ તો રાગ છે. બહારની નગ્ન દશા એ તો જડની છે. તારી દશા નહિ, તારામાં નહિ.

એટલે કહે છે કે હે મુનિ! '**લોકરંજનસે કુછ પરમાર્થ સિદ્ધિ નહીં હૈ, ઈન્દ્રિય ઔર મનકો વશમેં કરનેકે લિયે બાહ્ય યત્ન કરે તો શ્રેષ્ઠ હૈ.**' સ્વરૂપની શુદ્ધિની શ્રદ્ધા ઉપરાંત આસક્તિને છોડીને સ્વરૂપમાં સ્થિર થા તો તારી લક્ષ્મી તને મળે. સમજાણું કાંઈ? '**ઈન્દ્રિય ઔર મનકો વશમેં કિયે બિના કેવલ લોકરંજનમાત્ર ભેષ ધારણ કરનેસે કુછ પરમાર્થ સિદ્ધિ નહીં હૈ.**' છે ને? હવે ૯૧.

आगे फिर उपदेश करते हैं :-

णवणोकसायवग्गं मिच्छत्तं चयसु भावसुद्धीए।
चेइयपवयणगुरुणं करेहि भत्तिं जिणाणाए।।९१।।
नवनोकषायवर्गं मिथ्यात्वं त्यज भावशुद्धया।
चैत्यप्रवचनगुरूणां कुरु भक्ति जिनाज्ञया।।९१।।
મિથ્યાત્વ ને નવ નોકષાય તું છોડ ભાવવિશુદ્ધથી;
કર ભક્તિ જિન-આજ્ઞાનુસાર તું ચૈત્ય-પ્રવચન-ગુરુ તણી. ૯૧.

अर्थ :- हे मुने ! तू नव जो हास्य, रति, अरति, शोक, भय, जुगुप्सा, स्त्रीवेद, पुरुषवेद, नपुंसकवेद- ये नो कषायवर्ग तथा मिथ्यात्व इनको भावशुद्धि द्वारा छोड़ और जिनआज्ञासे चैत्य, प्रवचन, गुरु इनकी भक्ति कर।।९१।।

## ગાથા-૯૧ ઉપર પ્રવચન

णवणोकसायवग्गं मिच्छत्तं चयसु भावसुद्धीए।
चेइयपवयणगुरुणं करेहि भत्तिं जिणाणाए।।९१।।

સમકિત ઉપરાંત પણ શું કરવું એ કહે છે.

**અર્થ :- 'હે મુને ! તૂ નવ જો હાસ્ય,** રતિ,...' ખુશીપણું, '**અરતિ,...**' દિલગીરીપણું. '**શોક,...**' દુઃખના પ્રસંગે શોક. '**ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ-યે નો કષાયવર્ગ...**' સમૂહ, એને છોડ. વિકાર છે, ભાઈ! તને દુઃખરૂપ છે એ. આહાહા..! એની સાથે મિથ્યાત્વ છોડ તું. એ બહારના વૃત્તિ આદિ છોડ પણ મિથ્યાત્વ છૂટ્યા વિના એ વસ્તુ વાસ્તવિક છૂટે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આત્મામાં ઊંડે-ઊંડે રાગની વિકલ્પદશાનો મંદતાનો પુણ્યભાવ, એના પ્રત્યે પણ ઉલ્લસિત વીર્યથી એક્તાબુદ્ધિ (થવી) એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વને છોડ, ભાઈ! તારે સુખને પંથે જાવું હોય, રખડવું બંધ કરવું હોય તો આ કર. પણ જેને રખડવું જ પસંદ પડતું હોય... સમજાણું કાંઈ?

ઘણા વર્ષ પહેલા એક જણો કહેતો હતો. 'વડોદ' છે ને? 'વડોદ'. 'ઉમરાળા' પાસે. 'મુંબઈ'માં વ્યાખ્યાન ચાલતા હશે તો આવતો હશે 'મુંબઈ'માં. (સંવત) ૨૦૧૩ની સાલની વાત છે, હોં! આ મહારાજ કહે છે કે તમે દુઃખી છો, પણ અમને તો કાંઈ દુઃખ લાગતું નથી. આ બાર મહિને પાંચ-દસ હજાર પેદા કરીએ, આજીવિકા નીકળે, શરીર સારું છે. એમાં દુઃખ ક્યાં અમને છે? કહે. લ્યો ઠીક! પણ દુઃખ કોને કહેવું એનું તને ભાન નથી. અમે તો કાંઈ દુઃખી લાગતા નથી. પાંચ-દસ હજાર પેદા કરીએ.

પાંચ હજારનો ખર્ચ હોય, પાંચ હજાર વધે. આ મોટાની વાત જુદી રાખો. આ રખડવામાં મોટા. પણ આ તો ઓલા નાના-નાના માણસની વાત છે. એને દસ હજારની પેદાશ હોય એમાં ત્રણ હજારનો ખર્ચ હોય અને ત્રણ હજાર વધતા હોય. એટલે એ લાગે કે અમે સુખી છીએ. ધૂળેય નથી, સાંભળને! આ પર પદાર્થના આશ્રયે વિકલ્પ ઉઠાવવો એ બધું દુઃખ છે. ચાહે તો શુભ હો કે અશુભ હો, બેય ભાવ દુઃખ છે. તને ભાન નથી. એ તારો આત્મા આનંદનો એમાં લુંટાઈ જાય છે. આહાહા..! હરખ કરીને, હૈડે હરખ કરીને લુંટવા દે છે એને. ઠીક છે મને... ઠીક છે મને... ઠીક છે... બાદશાહી છે અમને. ધૂળેય નથી હવે, સાંભળને! સમજાણું કાંઈ?

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે છે કે મિથ્યાત્વને તો છોડ પહેલું. સમજાણું કાંઈ? એ ઉપરાંત અહીં મુનિની વાત છે ને? એટલે નોકષાયને પણ છોડ, એમ કહે છે. 'શ્રેણિક' રાજા પણ ગૃહસ્થાશ્રમમાં હતા, રાજ મોટું હતું, હજારો રાણીઓ હતી પણ આત્મજ્ઞાન અને ક્ષાયિક સમકિત હતું. ક્યાંય એનું મન ચોંટતું નહિ. ક્યાંય પ્રેમ ન મળે, ક્યાંય પ્રેમ ન મળે. રાગમાં પ્રેમ ન મળે, સ્ત્રીમાં પ્રેમ ન મળે. પ્રેમ લાગ્યો હતો આત્મામાં. એવા રાજપાટમાં રહ્યા છતાં પ્રેમ સ્વરૂપમાં લાગેલો, એ સ્વરૂપના પ્રેમીલા, રસીલા જીવો એ તીર્થંકરગોત્ર થશે. બાંધ્યું તીર્થંકર થવાના છે. સમજાણું કાંઈ? નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું પહેલું. સાધુની અશાતના કરેલી એટલે આયુષ્ય બંધાણું હોય તો લાડવો બંધાણો હોય તો ખાધે છૂટકો. લાડવો (થયા) પછી એમાંથી ઘી કાઢીને પૂરી થાય, લોટ કરીને રોટલી થાય. બને? એમ નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. રાજા 'શ્રેણિક'ને સાતમી નરકનું આયુષ્ય બંધાણું, હોં! પણ પછી પામ્યા આત્મધર્મ. સમ્યગ્દર્શન આત્મઆનંદનો અનુભવ (થયો). આહાહા..!

અતીન્દ્રિય પ્રભુ ઇન્દ્રિય અને રાગથી પાર એનું જ્યાં શ્રદ્ધા અને ભાન થયું, એના સ્વાદમાં આખી દુનિયાનો સ્વાદ અંદરમાંથી ઊઠી ગયો હતો. એ તીર્થંકર ગોત્રના ભાવ આવ્યા અને બંધાયું (ગોત્ર) તીર્થંકરનું, પણ નરકમાં ગયા અત્યારે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિ છે ત્યાં. હતી ૩૩ સાગરની સ્થિતિ પણ આત્મદર્શન અને સમ્યગ્દર્શન પામ્યા, રાગના પ્રેમને છોડ્યો, પરના પ્રેમને છોડ્યો, અર્પણતા એકલી આત્મામાં આપી. એવો ભગવાનઆત્મા, એને નરકનું આયુષ્ય હતું એટલે નરકમાં ગયા, પણ ત્યાંથી નીકળી આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થવાના છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણલોકના નાથ ઈન્દ્રો જેને ચરણમાં પડશે. એને ઇન્દ્રિયના વિષયો ને રાણીઓ છોડી નહોતી. વિકલ્પ. પણ વિકલ્પથી રહિત એવા આત્માની દૃષ્ટિથી વિકલ્પ પણ મારો નથી એમ દૃષ્ટિમાંથી છૂટી ગયું હતું. આહાહા..! સમજાણું કાંઈ?

જેની શ્રદ્ધામાં આખો આત્મા સંસાર મારો નહિ, વિકલ્પ મારો નહિ, ઉદય મારો

નહિ. એમાં બાયડી, છોકરા, પૈસા અને રાજપાટ મારા એ તો સમકિતીને હ્રદયમાં હોતું નથી. આહાહા..! એ જીવ મરીને પૂર્વનું આયુષ્ય હતું તો નરકમાં છે. પણ આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થવાના. જેવા 'મહાવીર' ભગવાન હતા. સમજાણું કાંઈ? એવા થવાના. જેના જન્મમાં ઇન્દ્રો આવીને જેનો જન્મ મહોત્સવ કરશે. એ સમકિતનો પ્રતાપ. 'બલુભાઈ'!

શું સમકિત અને શું મિથ્યાત્વ? લોકોને કિંમત નથી. ફક્ત બાહ્યના ત્યાગ અને વ્રત લે ત્યાં એમ થઈ જાય કે... આહાહા..! બહુ કર્યું. બાયડી-છોકરા છોડે, કાંઈ પાંચ-દસ લાખની મૂડી હોય અને છોડે. અમે આ છોડ્યા. શું ધૂળ છોડી? સમકિત છોડ્યું છે, સાંભળ! આહાહા..! પર વસ્તુ તો તારામાં નહોતી. નહોતી એને છોડી ક્યાંથી લાવ્યો? હા, તારી પર્યાયમાં રાગ હતો. એ રાગની દૃષ્ટિ છોડ્યા વિના રાગ મારો છે એમ માન્યતા એની ફરે નહિ કોઈ દિ'. હું તો આત્મા છું. એવા આત્માની શુદ્ધ શ્રદ્ધા સહિત મિથ્યાત્વ છોડ. અને જિનાજ્ઞા કરી પછી વિશેષ કહે છે.

આત્માનું ભાન થયું છે, સમ્યગ્દર્શન થયું છે પછી જિન આજ્ઞા કરી ચૈત્ય. વીતરાગની આજ્ઞાવાળી પ્રતિમાની પૂજા અને ભક્તિ કર. આ એ ઉપરાંત વાત કરે છે હવે. નિશ્ચય સહિતનો વ્યવહાર આવો ધર્મીને હોય છે. સમજાણું કાંઈ? જેને આત્માનું દર્શન થયું છે, આત્માની શ્રદ્ધા થઈ છે, સમ્યગ્દર્શન છે, એને કહે છે, તને હવે રાગની રુચિ તો નથી પણ રાગની આસક્તિ છે એમાં ચૈત્ય નામ પરમાત્માની આજ્ઞા પ્રમાણે પ્રતિમા... સમજાણું કાંઈ? આ 'કુંદકુંદાચાર્ય' કહે છે. એ પ્રતિમાની ભક્તિને શુભરાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ પાઠ છે જિન આજ્ઞાની પ્રતિમા.

વીતરાગ મુદ્રા, જેને માથે શણગાર નહિ, કપડા નહિ, દાગીનો નહિ. કાંઈ ન હોય. સમજાણું કાંઈ? જેના અભિષેકમાં પાણી સિવાય કાંઈ હોય નહિ. ઘી, દૂધ ને... શું કહેવાય? બધા પંચામૃત ને સાકર ને ફાકર ને. એવી પ્રતિમાનો... ભગવાનનો તને વિરહ છે અત્યારે, કહે છે. સમજાણું કાંઈ? પંચમકાળની વાત છે ને? તીર્થંકર સાક્ષાત્ વીતરાગદેવ, એના વિરહ પડ્યા અત્યારે. મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. પણ અહીંયાં વિરહ છે તો એની પ્રતિમાની પૂજા, ભક્તિનો ભાવ ધર્મીને પણ હોય છે. જાણે છે કે એ પુણ્ય હેય (છે). છતાં શુભભાવ પાપથી બચવા માટે કરવામાં આવે છે.

મુમુક્ષુ :- કરવામાં આવે છે.

ઉત્તર :- હા. કરવામાં આવે એટલે પરિણમનમાં આવે છે ને એટલે કરવામાં આવે એમ (કહેવાય). બાકી કર્તૃત્વબુદ્ધિ છે નહિ. આહાહા..! ભારે કામ આકરું.

'**ચૈત્ય, પ્રવચન,...**' ભગવાનની વાણી, ત્રિલોકનાથ પરમેશ્વરની વાણી, એની ભક્તિ કર. એ પરમેશ્વરની વાણી પરમાગમ 'સમયસાર' આદિ એ બધા પરમાગમ છે. સમજાણું

કાંઈ? એની ભક્તિ કર એમ કહે છે, જુઓ! આ પરમાગમ થાય છે ને આપણે? એમાં 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' લગભગ... આપણે 'વજુભાઈ' કરે છે બધું. ચાર લાખ અક્ષર કહેતા હતા. એ કહેતા હોય એ ખબર હોય. આપણને ક્યાં ખબર હોય છે. પોણા ચાર લાખ, ચાર લાખની અંદર. સમજાણું કાંઈ?

એવા સમ્યગ્દર્શન-આત્માની શ્રદ્ધા, શુદ્ધનું ભાન હોવા છતાં ધર્મીને એવા પ્રતિમા અને પ્રવચન પ્રત્યે ભક્તિનો ભાવ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? 'મનુભાઈ'! તમારે તો મંદિર છે. (શ્રોતા :- તેમના કાકાએ બનાવેલું) તમે ભાગ લીધો છે ને. (શ્રોતા :- ભૂરાભાઈએ પોતે જ બાંધેલું.) પાછળથી લીધો. તે વખતે નહિ પહેલા. કહો, સમજાણું કાંઈ? એ તો જાગે ત્યારથી સવાર. ભાઈ એ કાંઈ ત્યાં... 'મનસુખભાઈ'! આહાહા..!

જુઓ! આચાર્ય મહારાજ શું ફરમાવે છે? કે પહેલું તો મિથ્યાત્વને છોડ. એટલે આત્મા આનંદસ્વરૂપ એની દૃષ્ટિમાં રાગમાત્ર ચૈતન્યની પ્રતિમા, ભગવાનની પ્રતિમાનો રાગ જે છે એને પણ છોડવા લાયક (છે) એવી દૃષ્ટિ પહેલી કર. સમજાણું કાંઈ? આહાહા..! પછી સ્વરૂપમાં ઠરી શકે નહિ એથી એને વીતરાગની પ્રતિમા જિનેશ્વરનાથની પ્રતિમા, 'જિનપ્રતિમા જિનસારખી' 'જિન પ્રતિમા જિન સારખી' વીતરાગ મુદ્રા, એની ભક્તિનો ભાવ તું કર. ભક્તિ કર એમ કહેવાય ને અહીં તો? છે ને? પાઠમાં એમ છે ને? જુઓને! **'चेइयपवयणगुरुणं करेहि भत्तिं जिणाणाए'** વ્યવહારથી કથન હોય તો શું કથન હોય? એને એવો શુભભાવ હોય છે. કેટલાક આ પ્રતિમા ઉથાપે છે અને પ્રતિમા વંદનને (ઉથાપે) એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એમ કહે છે અહીંયાં. હોય છે. શુભભાવનું લક્ષ ત્યાં જાય છે. વસ્તુ હોય છે.

ભગવાન તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા વિગેરે પણ વીતરાગ મુદ્રા (હોય), જેના માથે કપડાનો તાણો ન મળે. સમજાય છે? માથે ચંદન ને ફૂલના લેપ ન મળે. એવી વીતરાગ મુદ્રા. એ તારો સ્વભાવ જ વીતરાગ મુદ્રા છે અંદર. એવું તને ભાન થયું હોય તો હવે તું આવા વીતરાગની પ્રતિમા, જિનાજ્ઞા પાઠ એવો લીધો છે ને? **'जिणाणाए'** એટલે બીજું છે એટલું લીધું છે. આચાર્ય તો... કારણ કે એ વખતે પણ શ્વેતાંબર પંથ નીકળી ગયેલો ને? ભગવાન 'કુંદકુંદાચાર્ય' પહેલા શ્વેતાંબર પંથ નીકળી ગયેલો. અને એમની પ્રતિમામાં બધું વિકૃત થઈ ગયેલું. સમજ્યા? આંગી કરવી, મુગટ ધરાવવા એ બધું. એથી કહે છે, જિનાજ્ઞા પ્રમાણે પ્રતિમાની ભક્તિ કર. 'ન્યાલભાઈ'! આ બધા એની મેળાએ (સમજાય એવું નથી). છે? પુસ્તક છે? ઘરે નહિ હોય ત્યાં. ઘરે-ઘરે છે?

મુમુક્ષુ :- પુસ્તક રાખે છે.

ઉત્તર :- આ રાખે છે પણ 'અષ્ટપાહુડ' છે? ત્યાં છે?

મુમુક્ષુ :- 'અષ્ટપાહુડ' નથી પણ બીજા છે.

ઉત્તર :- એ નહિ, હું તો 'અષ્ટપાહુડ'ની વાત કરું છું.

મુમુક્ષુ :- એના બાપુ પાસે છે.

ઉત્તર :- એના બાપુ પાસે બાપુને કામ આવે. એને શું ત્યાં? આહા..! પુસ્તકની ખબર નથી હજી? આ 'અષ્ટપાહુડ' જગતમાં છે એટલી ખબર નથી? પૈસાની બધી ખબર છે, ચારે કોર ઘડિયાળની ને... રાત્રે કાલ વાત કહેતા હતા. બપોરે ઘડિયાળ દેવા આવ્યા ત્યારે. આવી ઘડિયાળ કહેવાય, આવી ઘડિયાળ કહેવાય. શું કાંઈક નામ આપતા હતા જુદા-જુદા. બાપ-દીકરો વાતું કરતા હતા. આપણને તો કાંઈ સમજાય નહિ. રોમન ને રોલેક્ષ ને.એમાં બધા નામ આવડે. આ પુસ્તકનો ઘરે સંઘરો ન મળે હજી, કહે છે. વાંચવાનું પછી રહ્યું. એય..! 'હસમુખ'! છે કે નહિ આ 'અષ્ટપાહુડ' તારા ઘરે? ભાઈ પાસે છે. મોટા ભાઈ પાસે છે. આહાહા..!

અહીં તો ત્રણ વાત કરી. દેવ, ગુરુ ને શાસ્ત્ર. એ વાત કરી છે અહીંયાં. સમજાણું કાંઈ? કહે છે કે આત્માના ભાન સહિત, સમ્યગ્દર્શન અનુભવ સહિત શુદ્ધ શ્રદ્ધાના ભાનની ભૂમિકામાં દેવ એટલે ચૈતન્ય પ્રતિમા, (એની ભક્તિ કર). આહાહા..! અત્યારે અરિહંત દેવ તો છે નહિ. જુઓ! દેવ, શાસ્ત્ર અને ગુરુ. આવે છે ને ઓલામાં? દેવ, શાસ્ત્ર, ગુરુ તીન. ભક્તિમાં આવે છે. જુઓ! એ અહીં નામ ન લીધા, જુઓ! **'ચૈત્ય, પ્રવચન, ગુરુ...'** દેવ-શાસ્ત્ર અને ગુરુ એમ ત્રણ શબ્દ પડ્યા છે. 'ચીમનભાઈ'! ત્રણ નામ ક્રમ પડ્યા છે, બરાબર. આહાહા..! ભારે! દેવ, શાસ્ત્ર અને ગુરુ. દેવની પ્રતિમા અત્યારે દેવ નથી તો તે ભગવાનની જિનાજ્ઞા પ્રમાણે નિર્દોષ પ્રતિમા, એની ભક્તિ કર, બહુમાન કર. છે શુભભાવ એ, પણ એ અશુભથી બચવા અથવા એને કાળે એ ભાવ આવ્યા વિના રહે નહિ. છતાં સમ્યગ્દષ્ટિ જીવ વ્યવહારે તેને આદરણીય કહે છે, નિશ્ચયથી તે છોડવા લાયક માને છે. પણ આવ્યા વિના રહેતો નથી. આહાહા..! વ્યવહારે આદણીય છે. પૂજ્ય છે ને વ્યવહારે? ભગવાન પણ ત્રણલોકના નાથ પૂજ્ય છે કે નહિ? વ્યવહારે પૂજ્ય છે. નિશ્ચયથી તો પૂજ્ય આત્મા છે. સમજાણું કાંઈ? પણ જેને નિશ્ચય હોય-આત્માનો સમ્યક્ અનુભવ, એને આવો વ્યવહાર હોય એને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાનીના વ્યવહારને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી.

**'પ્રવચન,...'** શાસ્ત્ર, ભગવાનની વાણી, દિવ્યધ્વનિ. સમજાણું કાંઈ? ૐ ભગવાનની વાણી નીકળે છે. પરમાત્મા પૂર્ણ વીતરાગ થાય છે, સર્વજ્ઞ જ્યારે થાય છે ત્યારે ૐ ધ્વનિ ઊઠે છે અંદર. ૐ ધ્વનિ.

**ધન્ય દિવ્યવાણી ૐકારને રે.**
**જેણે પ્રગટાવ્યો આતમદેવ,**

**ધન્ય દિવ્યવાણી ૐકારને રે.**
**જયવંત વર્તો, જિનવાણી જયવંત વર્તો.**

એ જિનવાણી વીતરાગની આજ્ઞા પ્રમાણે શું છે એ એણે ઓળખવી પડશે. જેને-તેને જિનાજ્ઞા માને એ વાત નહિ ચાલે, એમ કહે છે. આહાહા..! જિનવાણી વીતરાગની કહેલી. સંતો(એ કહેલી). 'સમયસાર' 'કુંદકુંદાચાર્ય'ની જે છે એ જિનવાણી. બાકી બીજા કહે છે કે અમારા જૈન વાણિયા ૩૨ (સૂત્ર), એ જિનવાણી છે જ નહિ. એ જિનવાણી નથી અને પ્રતિમાને અંદર ફળ ને ફૂલ ને ચડાવે તે વીતરાગની પ્રતિમા નથી. આહાહા..! પણ ક્યાં એવા વિચાર કરવાને નવરા છે? આ હોળી સળગવામાં આખો દિ'. રાગ અને દ્વેષ, રાગ અને દ્વેષ આમ દાઝી રહ્યો છે આખો દિ'. એમાંથી જુદો છું એને ભાનનો વિચાર કરવાનો પણ વખત ન મળે. અને પછી ઠર્યા પછી પણ પાછું આવું કરવું હોય એ તો સમકિતીને એવું થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

'**જિનઆજ્ઞાસે ચૈતન્ય,...**' (પ્રતિમા) જિનઆજ્ઞાએ કરીને '**ચૈત્ય,...**' (શાસ્ત્ર) જિનઆજ્ઞાના વીતરાગના કહેલા શાસ્ત્ર. જુઓ! નાખ્યો વ્યવહાર. આહાહા..! સમજાણું કાંઈ? અને જિનઆજ્ઞાએ માનેલા '**ગુરુ...**'. જેને આત્મધ્યાન આનંદજ્ઞાન પ્રગટ્યું છે અને જેની બાહ્ય નગ્નદશા, દિગંબર દશા વર્તે છે. અંદરમાં ત્રણ કષાયનો જેને અભાવ વર્તે છે. ક્ષણે ને પળે જેને અતીન્દ્રિય આનંદના અનુભવના સડકા, ઓડકાર અંદરથી આવે છે. એને જિન આજ્ઞા પ્રમાણે ગુરુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'ઇનકી ભક્તિ કર.' બીજાની ભક્તિ તો શ્રદ્ધામાંથી તો પહેલી છૂટી ગઈ છે. સમજાણું? પણ શ્રદ્ધા સહિતમાં આવા પરમાત્માની આજ્ઞા પ્રમાણે એને દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. આવે છે ને એય? 'નાથુલાલજી'! વહ આતા હૈ કિ નહી ભક્તિમેં? શું આવે છે ભાષા પછી? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, અહીં એ કહે છે.

મુમુક્ષુ :- તીન રતન...

ઉત્તર :- હા. એ. એ ત્રણ આ. પાઠમાં પાછું એવું લખ્યું-'**जिणाणाए**'. પ્રતિમા. '**जिणाणाए**' શાસ્ત્રો '**जिणाणाए**' ગુરુ. આહાહા..! સમજાણું કાંઈ? એની ભક્તિનો ભાવ શુભભાવ છે. પરદ્રવ્ય અનુસારી એ શુભભાવ છે. એવો વ્યવહાર ધર્મીને હોય છે. સમજાણું કાંઈ? ત્યારે એને નિશ્ચયના અનુભવ સહિત આવું હોય એને વ્યવહાર કહેવામાં આવે છે. પછી કહે છે જરી, ૯૨ જુઓ!

आगे फिर कहते हैं :-

तित्थयरभासियत्थं गणहरदेवेहिं गंथियं सम्मं।
भावहि अणुदिणु अतुलं विसुद्धभावेण सुयणाणं।।९२।।
तीर्थंकरभाषितार्थं गणधरदेवैः ग्रथितं सम्यक्।
भावय अनुदिनं अतुलं विशुद्धभावेन श्रुतज्ञानम्।।९२।।
તીર્થેશભાષિત-અર્થમય ગણધરસુવિરચિત જેહ છે,
પ્રતિદિન તું ભાવ વિશુદ્ધભાવે તે અતુલ શ્રુતજ્ઞાનને. ૯૨.

अर्थ :- हे मुने ! तू जिस श्रुतज्ञानको तीर्थंकर भगवानने कहा और गणधर देवोने गूंथा अर्थात् शास्त्ररूप रचना की उसकी सम्यक् प्रकार भाव शुद्ध कर निरन्तर भावना कर। कैसा है वह श्रुतज्ञान ? अतुल है, इसके बराबर अन्य मतका कहा हुआ श्रुतज्ञान नहीं है।।९२।।

---

## ગાથા-૯૨ ઉપર પ્રવચન

तित्थयरभासियत्थं गणहरदेवेहिं गंथियं सम्मं।
भावहि अणुदिणु अतुलं विसुद्धभावेण सुयणाणं।।९२।।

આહાહા..! જુઓ શું કહે છે આ? '**તીર્થંકર ભગવાનને કહા...**' સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે કહી વાણી. સમજાણું? કલ્પિત અજ્ઞાનીઓએ બનાવેલી વાણી એ વાણી વીતરાગની નહિ. આહાહા..! કહો, 'ભીખાભાઈ'! જુઓ! હવે ન્યાય બતાવે છે, બહારનો વ્યવહાર. તીર્થંકર ત્રણ લોકના નાથની જે ૐ ધ્વનિ આવી. એમાંથી શાસ્ત્ર જે રચાણા 'સમયસાર', 'પ્રવચનસાર' 'નિયમસાર', 'પંચાસ્તિકાય' વગેરે. 'અષ્ટપાહુડ' વગેરે બધી જિનવાણી છે.

'**और ગણધર દેવોંને ગૂંથા...**' ભાષા, જુઓ! વચમાં બીજા કલ્પિત આચાર્યોએ ગૂંથ્યા એ શાસ્ત્ર નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન ત્રિલોકનાથની વાણી મુખમાંથી નીકળી અને એ વાણીને ગણધરે શાસ્ત્રમાં ગૂંથી. એવા શાસ્ત્ર. પણ એનો નિર્ણય કરવાનો અવસર ક્યાં છે? બધા દેવ સાચા. આ પણ દેવ સાચા, આ પણ ગુરુ સાચા, આ પણ શાસ્ત્ર સાચા ને આ પણ શાસ્ત્ર સાચા. એને માટે ના પાડે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનની આજ્ઞાએ નીકળેલા, ૐ ધ્વનિથી ઉઠેલા અને ગણધરોએ ગૂંથેલા, એને શાસ્ત્ર કહેવામાં આવે છે. એ '**શાસ્ત્રરૂપ રચના કી ઉસકી સમ્યક્ પ્રકાર ભાવ શુદ્ધ કર નિરંતર ભાવના કર.**' આહાહા..! સમ્યગ્જ્ઞાન માટે વારંવાર એની ભાવના કર. આહાહા..! ભગવાનની વાણી, એમાં શું કહે છે, એની ભાવનાથી ભાવશ્રુતજ્ઞાન માટે એની ભાવના

કર. '**ભાવશુદ્ધ કર નિરંતર ભાવના કર.**' જુઓ! પણ ભાવશુદ્ધિ કરી, હોં! સમ્યગ્દર્શનની પ્રતીત અને અનુભવ સહિત ભગવાનની કહેલી વાણીને વારંવાર ભાવ, એનું જ્ઞાન કર.

'**કૈસા હૈ વહ શ્રુતજ્ઞાન? અતુલ હૈ,...**' વીતરાગની વાણીનું જે જ્ઞાન છે એ અતુલ (છે), એની સાથે કોઈ ઉપમા હોય નહિ. એની તુલના કોઈ સાથે આપી શકાય નહિ એવી વાણી. આહા..! વાણી પણ પૂજ્ય છે વ્યવહારે, એમ કહે છે. 'સમયસાર'ના બીજા શ્લોકમાં પણ કીધું ને? પૂજ્ય છે. વ્યવહારે, હોં! નિશ્ચયથી તો પૂજ્ય આત્મા છે. નિશ્ચયથી ગુરુ આત્મા છે, નિશ્ચયથી દેવ આત્મા છે. પણ નિશ્ચય હોય ત્યારે વ્યવહાર ગુરુ અને વ્યવહાર શાસ્ત્ર આવા હોય. 'નવરંગભાઈ'! ઓહોહો..! ભારે વાત કરી, જુઓને!

'**ઈસકે બરાબર અન્ય મતકા કહા હુઆ શ્રુતજ્ઞાન નહીં હૈ.**' ભગવાને કહેલા શાસ્ત્રોનું જ્ઞાન એવું બીજા મતમાં છે નહિ. એમ કહે છે. શ્વેતાંબર મતમાં પણ આ જ્ઞાન નથી. શાસ્ત્ર ભગવાનના કહેલા નથી. એમ જરી કહે છે. સમજાણું કાંઈ? માટે શ્રુતજ્ઞાનની ભાવના કર, સ્વભાવના ભાન સહિત. એમ ભગવાન ત્રિલોકનાથનો ઉપદેશ 'કુંદકુંદાચાર્ય' જગતની પાસે મુકતા હતા. એ ભાવશુદ્ધિ માટે અને ભાવશુદ્ધિ સહિત આવો શુભભાવ પણ હોય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)